
Hindi / English / Gujarati

# श्रीमद्भागवत गीता



महाकाव्य

# ભગવદ્ગીતાનુક્રમણિકા


| | |
|---|---|
| | ૧ |
| અધ્યાય ૧ | ૭ |
| અધ્યાય ૨ | ૨૦ |
| અધ્યાય ૩ | ૪૫ |
| અધ્યાય ૪ | ૫૯ |
| અધ્યાય ૫ | ૭૬ |
| અધ્યાય ૬ | ૮૪ |
| અધ્યાય ૭ | ૯૫ |
| અધ્યાય ૮ | ૧૦૬ |
| અધ્યાય ૯ | ૧૧૪ |
| અધ્યાય ૧૦ | ૧૨૭ |
| અધ્યાય ૧૧ | ૧૩૮ |
| અધ્યાય ૧૨ | ૧૫૧ |
| અધ્યાય ૧૩ | ૧૫૮ |
| અધ્યાય ૧૪ | ૧૭૦ |
| અધ્યાય ૧૫ | ૧૭૮ |
| અધ્યાય ૧૬ | ૧૮૮ |
| અધ્યાય ૧૭ | ૧૯૮ |
| અધ્યાય ૧૮ | ૨૦૪ |

# ।। શ્રીમદ્ભગવદ્ગીતા ।।

## ।। અધ્યાય ૧ ।।

## અર્જુનવિષાદયોગ

**ધૃતરાષ્ટ્ર ઉવાચ**

**ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ ।**
**મામકાઃ પાંડવાશ્ચૈવ કિમકુર્વત સઞ્જય !।।૧।।**

**શ્લોકાર્થ :** હે સઞ્જય ! ધર્મના સ્થાન કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવાની ઈચ્છાથી ભેગા થયેલા મારા પુત્રો અને પાંડવોએ શું કર્યુ ?

**વિવેચન :** ધૃતરાષ્ટ્ર જાણતો હતો કે પાંડવો મોટે ભાગે ધર્મ પ્રમાણે જ આચરણ કરનારા હતા, છતાં તેમણે પોતાના બન્ધુ ( ભીષ્મ )ને મારવારૂપ અધર્મ કેમ કર્યો ? એવા અભિપ્રાયથી તે આ પ્રશ્ન કરે છે. ધર્મની ઉત્પત્તિના સ્થાન કુરુક્ષેત્રમાં આવો અધર્મ થવાનું કેમ સમ્ભવ્યું ? એવો આ પ્રશ્નનો અભિપ્રાય છે.

પાંડવોનું સૈન્ય તો થોડું હતું અને દુર્યોધનનું મોટું હતું. વળી દુર્યોધનના સૈન્યમાં શૈંરવીરો પણ ઘણા હતા. તે બધાના દેખતાં જ, તેમણે ભીષ્મની સંભાળ ન રાખવાથી, ભીષ્મનું રણમાં પતન થયું અથવા પાંડવોએ બળથી તેમને મારીને આવો અધર્મ કર્યો તે જાણવા ધૃતરાષ્ટ્ર પૈંછે છે કે હે સઞ્જય ! ધર્મની ઉત્પત્તિના સ્થાન કુરુક્ષેત્રમાં મારા પુત્રો અને પાંડવો એ યુદ્ધ કરવાની ઈચ્છાથી ભેગા થઈ શું કર્યું ? મારા પુત્રો અધર્મ કરવામાં રચ્યા-પચ્યા રહેનારા હોવાથી ત્યાં પણ તેમણે અધર્મ કર્યો અથવા ધર્મ કર્યો; અને પાંડવો ધર્મ પ્રમાણે આચરણ કરનારા હોવાથી તેમણે ગુરુને મારવારૂપ અધર્મ કેમ કર્યો. એકનું મરણ થયા પછી જ બીજાને રાજ્ય પ્રાપ્ત થાય એવો ધર્મ પ્રમાણે આચરણ કરનાર હોવાથી તેઓએ નિશ્ચય કરેલ હોવા છતાં

પણ તેમણે આ શું કર્યું? સઞ્જયને વ્યાસજીએ વરદાન આપી સર્વજ્ઞ કરેલ હોવાથી 'હે સઞ્જય!' એવું સમ્બોધન કરી તેને પ્રશ્ન કરેલ છે.

બલદેવજીની તીર્થયાત્રાના પ્રસંગમાં શ્રીભાગવત્ ૧૦।૭૮।૩ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**સઞ્જય ઉવાચ**

**દૃષ્ટ્વા તુ પાંડવાનીકં વ્યૈંઢં દુર્યોધનસ્તદા ।**
**આચાર્યમ્ ઉપસંગમ્ય રાજા વચનમ્ અબ્રવીત્।।૨।।**

**શ્લોકાર્થ :** તે સમયે પાંડવોના સૈન્યને વ્યૈંહમાં ગોઠવાએલું જોઈને રાજા દુર્યોધન આચાર્ય પાસે જઈ નીચે પ્રમાણે વચન બોલ્યો.

**વિવેચન :** યુદ્ધ કર્તવ્ય છે એવો બોધ ભગવાને કરેલો હોવાથી પાંડવોએ યુદ્ધ કર્યું, તેથી ભગવાનની આજ્ઞા પ્રમાણે આચરણ કરેલું હોવાથી પાંડવોએ અધર્મ કર્યો નથી એમ સઞ્જય ઉત્તર આપવા ઈચ્છતો હોવાથી ૧૮ (૨-૧૯) શ્લોકવડે સંગતિ કહે છે. ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન સાંભળી પ્રથમ તેણે પોતાના પુત્રોની વાત પૈંછેલી હોવાથી પહેલાં તેના પુત્રની જ વાત કહે છે. 'તે સમયે' એટલે ધર્મયુદ્ધનો પ્રારમ્ભ થતી વખતે રાજા દુર્યોધન વ્યૈંહમાં ગોઠવાએલું પાંડવોનું સૈન્ય જોઈને દ્રોણાચાર્યની સમીપ જઈને નીચે પ્રમાણે (શ્લોક ૩-૧૧) બોલ્યો. દશ શ્લોકથી( ૨-૧૧ ) પ્રથમ દુર્યોધનની કથા કહેલી છે, તેથી અપરાધી હોવા છતાં યુદ્ધમાં પ્રથમ પ્રવૃત્તિ તેની થઈ છે એવો બોધ થાય છે.

**પશ્યૈતાં પાણ્ડુપુત્રાણામ્ આચાર્ય! મહતીં ચમૈંમ્।**
**વ્યૈંઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા।।૩।।**

**શ્લોકાર્થ :** હે આચાર્ય! આપના બુદ્ધિશાળી શિષ્ય દ્રુપદપુત્રે વ્યૈંહમાં ગોઠવેલી પાણ્ડુપુત્રોની આ મોટી સેના જૈંઓ.

**વિવેચન :** આ શ્લોકથી આરમ્ભી નવ શ્લોકમાં દુર્યોધને દ્રોણાચાર્યને કહેલાં વચનો છે. ભીષ્મનો સેનાપતિ તરીકે અભિષેક થયેલો હોવાથી તેને સ્વતઃ ઉત્સાહ હોય જ; પરન્તુ દ્રોણને ઉત્સાહ હોવાનું કારણ નહિ હોવાથી તેમની ઉદાસીનતા જોઈ તેમનામાં ઉત્સાહ ઉત્પન્ન કરવા દુર્યોધન સામાવાળાનાં સૈન્યના ઉત્કર્ષનું વર્ણન કરે છે.

હે આચાર્ય! તમારે ઉભયપક્ષ સમાન છે તો પણ પાંડવોની સેના બહુ બલવતી છે. તેથી તમે અમારામાટે સારી રીતે યુદ્ધ કરો એમ સૈંચવવા 'અચાર્ય' સમ્બોધન કરેલું છે. પાણ્ડુપુત્રોની આપણા સૈન્યને ભય ઉતપન્ન કરે તેવી મોટી સેના બુદ્ધિશાળી, એટલે વ્યૈંહ રચનામાં કુશલ, તમારા શિષ્ય ધૃષ્ટદ્યુમ્ને વ્યૈંહમાં ગોઠવેલી છે તે જુઓ. યુધિષ્ઠિરને આ સમયે રાજ્ય નહિ હોવાથી અને તે જીતવી કઠણ છે એમ જણાવવા યુધિષ્ઠિરની સેના ન કહેતાં સામાન્ય રીતે સર્વ પાણ્ડુપુત્રોની સેના કહી છે. 'આ' એટલે સમીપ રહેલી. ''આપના શિષ્ય દ્રુપદપુત્રે ગોઠવેલી'' શબ્દોથી સેના ઘણી બલવતી હોવાનું કહેલ છે. તેથી તે આપથી જ જીતી શકાય તેવી અને એમને ભય કરાવે તેવી છે એમ સૈંચવ્યું છે.

**અત્ર શૈંરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ।**
**યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથઃ।।૪।।**

**ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કાશિરાજશ્ચ વીર્યવાન્ ।**
**પુરુજિત્-કુન્તિભોજશ્ચ શૈબ્યશ્ચ નરપુંગવઃ॥૫॥**
**યુધામન્યુશ્ચ વિક્રાન્ત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્ ।**
**સૌભદ્રૌ દ્રૌપદેયાશ્ચ સર્વ એવ મહારથાઃ॥૬॥**

**શ્લોકાર્થ :** અહીં યુદ્ધમાં ભીમ અને અર્જુન સમાન મોટા ધનુષવાળા શૈંરવીર યુયુધાન(સાત્યકી), વિરાટ, મહારથી દ્રુપદ, ધૃષ્ટકેતુ, ચેકિતાન, વીર્યવાન્, કાશિરાજ, પુરુજિત્, કુન્તિભોજ, મનુષ્યોમાં શ્રેષ્ઠ શૈબ્ય, પરાક્રમી યુધામન્યુ, વીર્યવાન્, ઉત્તમૌજા, સૌભદ્ર અને દ્રૌપદીના પુત્રો સર્વે મહારથીઓ છે.

**વિવેચન :** અહીં આ સેનામાં એટલે પાણ્ડુપુત્રોની સેનામાં, ભીમ અને અર્જુન જેવા અતિ બલવાન્ મોટા ધનુષ્યવાળા શૈંરવીર રાજાઓ અને યોદ્ધાઓ છે. ભીમ અને અર્જુન ઘણા બલવાન્ હોવાથી તેમની સમાન બીજાઓને કહેલા છે. તેઓ ઉપર – ઉપરથી તેવા જણાતા હોવા છતાં ભીમ અને અર્જુન ની સમાન છે એવો તેનો અર્થ છે. મોટા ધનુષ્યવાળા અને શૈંર એ બે વિશેષણો યોજેલા હોવાથી યુદ્ધમાં તેઓનું સામર્થ્ય કેળવણીથી પ્રાપ્ત થયેલું તેમજ સ્વતઃ એટલે નૈસર્ગિક છે એવો ભાવાર્થ છે.

આ પ્રમાણે પાંડવોની સેના દર્શાવી તે પ્રબલ છે એમ સ્પષ્ટ કરવા પાંડવોની સેનાના શૈંરવીરોનું વર્ણન કરી તેમને નામથી ગણાવે છે. 'યુયુધાન' એટલે સાત્યકિ, વિરાટ અને દ્રુપદ રાજાઓ છે. વિરાટ મહારથી છે. ધૃષ્ટકેતુ વિગેરે રાજાઓ પાંડવોના સમ્બન્ધી અને આપણા શત્રુઓ છે. 'સૌભદ્ર' એટલે અભિમન્યુ, પ્રતિવિધ્ય વિગેરે યુધિષ્ઠિર વિગેરેથી ઉત્પન્ન થએલા દ્રૌપદીના પાંચ પુત્રો. આ સર્વ જ મહારથીઓ છે. શસ્ત્ર-શાસ્ત્રમાં પ્રવીણ એક જ માણસ દશ હજાર યોદ્ધાઓની સાથે યુદ્ધ કરે તે 'મહારથી' કહેવાય છે.

આ પ્રમાણે પાંડવોની સેનાના યોદ્ધાઓને ગણાવી ઉત્સાહ ઉત્પન્ન કરવા પોતાના સૈનિકોની વાત કહે છે.

**અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્ નિબોધ દ્વિજોત્તમ!।**
**નાયકા મમ સૈન્યસ્ય સઞ્જ્ઞાર્થં તાન્ બ્રવીમિ તે॥૭॥**

**શ્લોકાર્થ :** હે દ્વિજોત્તમ! આપણામાં પણ જે મારા સૈન્યના પ્રસિદ્ધ નાયકો છે તે સાંભળો. આપને સંજ્ઞામાટે તેઓના નામ કહું છું.

**વિવેચન :** તમને સ્મરણ હોવાનું સમ્ભવે છે એમ જણાવવા 'હે દ્વિજોત્તમ!' એવું સમ્બોધન કરેલું છે. સઞ્જ્ઞામાટે, જ્ઞાન થવામાટે અથવા જાણવામાટે મારા સૈન્યના પ્રસિદ્ધ નેતાઓનાં નામ કહું છું, એટલે તેઓની સાથે રહી યુદ્ધ કરી શકાય.

**ભવાન્ ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિઞ્જયઃ।**
**અશ્વત્થામા વિકર્ણશ્ચ સોમદત્તિસ્તથૈવ ચ॥૮॥**

**શ્લોકાર્થ :** સંગ્રામ જીતનાર આપ, ભીષ્મ, કર્ણ અને કૃપાચાર્ય તેમજ અશ્વત્થામા, વિકર્ણ અને સોમદત્તિ.

**વિવેચન :** હવે પોતાના સૈન્યના નાયકોનાં નામ કહે છે. આપ દ્રોણાચાર્ય અમારા સર્વના આચાર્ય હોવાથી મુખ્ય છો, તેથી આપ જ અન્ય સર્વને યુદ્ધમાં પ્રેરજો એવો ભાવાર્થ છે. યુદ્ધ

કરવું અને બીજાઓને યુદ્ધમાં પ્રેરવા એ બન્ને શક્તિઓ આપમાં છે. ભીષ્મ પણ તેવા જ મુખ્ય છે, વળી ક્ષત્રિય છે. કર્ણ અને કૃપ પણ મુખ્ય છે. કર્ણને પહેલાં અર્ધરથીમાં ગણાવેલ હોવાથી તેને દુઃખ ન થાય તે માટે અહીં તેને મુખ્ય નાયક કહેલો છે. ''સંગ્રામ જીતનાર'' એ વિશેષણ સર્વની સાથે છૈંટું – છૈંટું લેવાનું છે. વળી આપનો પુત્ર અશ્વત્થામા તેમજ વિકર્ણ અને સોમદત્તિ પણ તેવા જ મુખ્ય નાયકો છે. જેમ આપને બન્ને પક્ષ સમાન હોવા છતાં આપ અમારા તરફ રહી યુદ્ધ કરો છો તેવી જ રીતે 'સોમદત્તિ' એટલે સોમદત્તનો પુત્ર ભૈંરિશ્રવા પણ બન્નેને સમાન હોવા છતાં અમારા તરફથી યુદ્ધ કરે છે.

**અન્યે ચ બહવઃ શૈંરા મદર્થે ત્યક્તજીવિતાઃ ।**
**નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધવિશારદાઃ॥૯॥**

**શ્લોકાર્થ :** મારામાટે જીવનો ત્યાગ કરનાર અન્ય બહુ શૈંરવીરો ભિન્ન – ભિન્ન શસ્ત્રથી પ્રહાર કરનાર છે. સર્વે યુદ્ધમાં કુશલ છે.

**વિવેચન :** મારામાટે જીવનો ત્યાગ કરનાર એટલે જીવવાની લાલસા તજી દઈ મારું કાર્ય સાધવા તત્પર થઈ રહેલા અન્ય બહુ શૈંરવીરો જીવ તજવાવાળા છે, અને તે સર્વ યુદ્ધમાં અતિનિપુણ છે. આપ વિગેરે સર્વ જીવનો ત્યાગ કરી મારું કાર્ય સાધવા ઉદ્યમ કરો છો, તેથી મારો નક્કી જય થશે એવો છેલ્લા બે શ્લોકનો અર્થ છે.

**અપર્યાપ્તં તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્ ।**
**પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્॥૧૦॥**

**શ્લોકાર્થ :** ભીષ્મથી અભિરક્ષિત આપણું આ સૈન્ય તેમને જીતવા અશક્ત છે, પરન્તુ ભીમથી અભિરક્ષિત તેઓનું આ સૈન્ય શક્તિશાળી છે.

**વિવેચન :** આ પ્રમાણે પોતાનાં સૈન્યનાં નાયકો ગણાવી પોતાનું ભીષ્મથી રક્ષાએલું સૈન્ય પાંડવોના સૈન્યને જીતવા અથવા તેની સાથે યુદ્ધ કરવા અસમર્થ છે જ્યારે કે પાંડવોનું ભીમથી રક્ષાએલું સૈન્ય પોતાના સૈન્ય સાથે યુદ્ધ કરવા સમર્થ છે એમ કહે છે. અહીં 'પર્યાપ્ત' શબ્દનો અર્થ શક્તિમત્ અથવા સમર્થ કરેલો છે. પોતાનું સૈન્ય ભીષ્મથી રક્ષાએલું હોઈ યુદ્ધ કરવા અસમર્થ હોવાનું જે કહ્યું છે તે દ્રોણને કોપ ન થાય તે માટે કહેલું છે. 'અપર્યાપ્તમ્' નો બીજો અર્થ એવો પણ થઈ શકે કે સૈન્ય ગણી શકાય તેવું અથવા નાનું છે. કૌરવ સૈન્ય અપર્યાપ્ત એટલે અગણિત ઘણું મોટું છે. અને પાંડવોનું સૈન્ય ગણિત અથવા નાનું છે, કારણ કે તે માત્ર ૭ અક્ષૌહિણી જ છે.

**અયનેષુ ચ સર્વેષુ યથાભાગમ્ અવસ્થિતાઃ ।**
**ભીષ્મમેવાભિરક્ષન્તુ ભવન્તઃ સર્વ એવ હિ॥૧૧॥**

**શ્લોકાર્થ :** તેથી તમે બધા વિભાગ પ્રમાણે સર્વ માર્ગમાં ઉભા રહીને ભીષ્મનું જ રક્ષણ કરો.

**વિવેચન :** પાંડવોનું સૈન્ય સમર્થ છે, આપણું સૈન્ય સમર્થ નથી. તેથી તમે સર્વ 'અયન' એટલે વ્યૈંહમાં પ્રવેશ કરવાના માર્ગમાં પોત-પોતાના વિભાગ પ્રમાણે ઉભા રહી ભીષ્મનું જ રક્ષણ કરો. મૈંલમાં 'અયનેષુ' પછી 'ચ' શબ્દ છે તેનો અયનથી અન્ય સ્થલોમાં પણ ઉભા રહી ભીષ્મનું રક્ષણ કરો એવો ભાવાર્થ છે. સેનાનું રક્ષણ કરવામાં અને યુદ્ધ કરવામાં ભીષ્મ રોકાએલા રહેવાથી પોતાનું રક્ષણ કરવામાં ઉદાસીન રહે તેવું સમ્ભવતું હોવાથી અને શત્રુઓ

નબળાઈ જોનારા હોવાથી તમે બધા ભીષ્મનું જ રક્ષણ કરો.

**સઞ્જય ઉવાચ**

**તસ્ય સઞ્જનયન્ હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ ।**
**સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શંખં દધ્મૌ પ્રતાપવાન્ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** તેને હર્ષ ઉત્પન્ન કરનાર કુરુવૃદ્ધ પ્રતાપી પિતામહે મોટેથી સિંહનાદ કરી શંખ વગાડ્યો.

**વિવેચન :** ''સેનાપતિ ભીષ્મનું જ સર્વ રક્ષણ કરો'' એમ દુર્યોધનનું પોતાને માન આપનારું વચન સાંભળી તેને હર્ષ ઉત્પન્ન કરવા ભીષ્મે શંખ વગાડ્યો. ભીષ્મ ભગવદ્ભક્ત હોવાથી પોતાનો પરાજય થનાર છે એમ જાણતા હતા તેથી પોતે આનન્દથી શંખનાદ કર્યો નથી, પરન્તુ દુર્યોધનનાં વચન સાંભળી તેને પોતે હર્ષ ઉત્પન્ન કરવો એવી પ્રભુની ઈચ્છા જાણી તેને હર્ષ ઉત્પન્ન કરવા શંખનાદ કર્યો. તે કુરુઓમાં વૃદ્ધ હોઈ, દેશ અને કાલ માં જે કરવા યોગ્ય હોય તે જાણતા હતા. 'પિતામહ' હતા તે દુર્યોધનને હર્ષ ઉત્પન્ન કરવાનું કારણ હતું. સિંહનાદથી જ જય થશે એમ સૈંચવતાં પોતાનું શૌર્ય દર્શાવવા તેમણે સિંહનાદ કર્યો.

**તતઃ શંખાશ્ચ ભેર્યશ્ચ પણવાનક-ગોમુખાઃ ।**
**સહસૈવાભ્યહન્યન્ત સ શબ્દઃ તુમુલોऽભવત્ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** પછી શંખો, ભેરીઓ, પણવ, આનક અને ગોમુખ એકદમ વાગ્યા. તે અવાજ તુમુલ થયો.

**વિવેચન :** યુદ્ધોત્સવમાં પ્રવૃત્તિ કરાવનાર સેનાપતિના શંખનો નાદ સાંભળી સર્વ સૈન્યને સાવધાન કરવા ભેરી વિગેરે વાજીંત્રો વગાડવામાં આવ્યાં. મૈંલમાં 'એવ' શબ્દ છે તેથી શંખનાદ સાંભળીને જ વાજીંત્રો વગાડવામાં આવ્યાં છે, પરન્તુ યુદ્ધના પ્રારમ્ભ સમયે પોતામાં શૌર્યનો આવિર્ભાવ થવાથી વાજીંત્ર વગાડવા જોઈએ તેમ વગાડેલ નથી. આ વાજીંત્રો વાગવાથી પાંડવોની સેનાને પણ યુદ્ધના પ્રારમ્ભની ખબર પડી.

એ પ્રમાણે યુદ્ધોત્સવદર્શક શંખધ્વનિ સાંભળી પાંડવોના સૈન્યમાં પણ યુદ્ધોત્સવ થયો એમ પાંચ શ્લોકથી ( ૧૪ - ૧૮ ) કહે છે.

**તતઃ શ્વૈતૈર્ હયૈર્ યુક્તે મહતિ સ્યન્દને સ્થિતૌ ।**
**માધવઃ પાંડવશ્ચૈવ દિવ્યૌ શંખૌ પ્રદધ્મતુઃ।।૧૪।।**

**શ્લોકાર્થ :** પછી શ્વેત અશ્વોથી જોડેલા મોટા રથમાં બેઠેલા માધવ અને પાંડવે દિવ્ય શંખો વગાડ્યા.

**વિવેચન :** કૌરવોના સૈન્યના શંખ વિગેરેના ધ્વનિ થયા પછી શુભ સૈંચવનાર શ્વેત અશ્વોથી જોડેલા, ત્રૈલોક્યનો વિજય કરવામાં સાધનભૈંત થએલા, અગ્નિએ આપેલા, ભગવાનને સ્થિતિ કરવા યોગ્ય, મોટા, 'નન્દિઘોષ' નામના રથમાં બેઠેલા ભૈંમિનો ભાર હરવા પ્રવૃત્તિ કરનાર નારાયણ અને નરે એટલે શ્રીકૃષ્ણ અને અર્જુને દિવ્ય શંખો વગાડ્યા. આ રથ ભગવાનનો નથી પણ ભગવાન્ સારથિ છે, એમ દર્શાવવા અશ્વોનું 'શ્વેત' વિશેષણ યોજેલું છે. ભગવાનના રથના અશ્વો ચિત્ર રંગના છે, શ્વેત નથી, પણ આ રથના અશ્વો શ્વેત છે. શ્રીકૃષ્ણમાટે અહીં 'માધવ' શબ્દ યોજેલો છે. 'મા' એટલે લક્ષ્મી અને 'ધવ' એટલે પતિ. 'માધવ' શબ્દ યોજેલો

હોવાથી તેઓને લક્ષ્મીની (વિજય લક્ષ્મીની) પ્રાપ્તિ અલ્પ સમયમાં જ થશે એવો અર્થ સૈંચવેલો છે. 'પાંડવ' શબ્દથી તેઓ ન્યાયી હોવાનું સૈંચવ્યું છે. 'અને' શબ્દથી એમ જણાવ્યું છે કે ભગવાનના શંખના અવાજ પેઠે અર્જુનના શંખનો અવાજ પણ સર્વનો ગર્વ હરનારો છે.

**પાઞ્ચજન્યં હૃષીકેશો દેવદત્તં ધનઞ્જયઃ।**
**પૌણ્ડ્રં દધ્મૌ મહાશંખં ભીમકર્મા વૃકોદરઃ।।૧૫।।**

**શ્લોકાર્થ:** હૃષીકેશ ભગવાન્ શ્રીકૃષ્ણે 'પાઞ્ચજન્ય' નામનો, ધનઞ્જય અર્જુને 'દેવદત્ત' નામનો અને ભયપર કર્મવાળા વૃકોદર ભીમે મોટો 'પૌણ્ડ્ર' નામનો શંખ વગાડ્યો.

**વિવેચન:** શ્રીકૃષ્ણ વિગેરેના શંખો પ્રસિદ્ધ અને માહાત્મ્યવાળા હતા એમ જણાવવા તેઓનાં નામ બે શ્લોક (૧૫-૧૬)થી આપે છે. 'હૃષીકેશ' એટલે ઈન્દ્રિયોના ઈશ. ઈન્દ્રિયોના ઈશ એવા શ્રીકૃષ્ણ યુદ્ધમાં પ્રવૃત્ત થયા એટલે સર્વ ઈન્દ્રિયો સ્વતઃ યુદ્ધમાં પ્રવૃત્ત થશે એમ દર્શાવવા અહીં 'હૃષીકેશ' શબ્દ યોજેલો છે. શ્રીકૃષ્ણે 'પાઞ્ચજન્ય' શંખ વગાડ્યો. પઞ્ચજન દૈત્યમાંથી થયેલો શંખ તે પાઞ્ચજન્ય. 'ધનઞ્જય' એટલે અર્જુને 'દેવદત્ત' નામનો અગ્નિએ આપેલો શંખ વગાડ્યો. અને ભયાનક કર્મ કરનાર ભીમે 'પૌણ્ડ્ર' નામનો મોટો શંખ વગાડ્યો.

**અનન્તવિજયં રાજા કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ।**
**નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ।।૧૬।।**

**શ્લોકાર્થ:** કુન્તીના પુત્ર રાજા યુધિષ્ઠિરે 'અનન્તવિજય' નામનો અને નકુલ તેમજ સહદેવે 'સુઘોષ' અને 'મણિપુષ્પક' નામના શંખો વગાડ્યા.

**વિવેચન:** અનન્ત અથવા અસંખ્યનો વિજય જેનાથી થાય તેવો 'અનન્તવિજય' શંખ કુન્તીપુત્ર રાજા યુધિષ્ઠિરે વગાડ્યો. 'કુન્તિપુત્ર' શબ્દથી એમ જણાવ્યું છે કે કુન્તીએ યુધિષ્ઠિરને યુદ્ધ કરવાની પ્રેરણા કરેલી. તે ભગવાન્‌ની કૃપાનો અધિકારી છે. યુધિષ્ઠિરની યુદ્ધમાં પ્રવૃત્તિ આવશ્યક છે એમ 'રાજા' શબ્દથી સૈંચવેલું છે. યુદ્ધમાં સ્થિર તે 'યુધિષ્ઠિર'. તે નામ સાર્થક છે અને તેથી તેમનું સામર્થ્ય સૈંચવેલું છે. નકુલે 'સુઘોષ' અને સહદેવે 'મણિપુષ્પક' શંખો વગાડ્યા.

**કાશ્યશ્ચ પરમેષ્વાસઃ શિખણ્ડી ચ મહારથઃ।**
**ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ સાત્યકિશ્ચાપરાજિતઃ।।૧૭।।**
**દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે!।**
**સૌભદ્રશ્ચ મહાબાહુઃ શંખાન્ દધ્મુઃ પૃથક્-પૃથક્।।૧૮।।**

**શ્લોકાર્થ:** હે પૃથિવીપતિ! શ્રેષ્ઠ ધનુષ્યવાળા કાશ્ય, મહારથી શિખણ્ડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, અપરાજિત સાત્યકિ, દ્રુપદ, દ્રૌપદીના પુત્રો અને મહાબાહુ સુભદ્રાના પુત્રે સર્વ બાજુથી જુદા-જુદા શંખો વગાડ્યા.

**વિવેચન:** મુખ્ય-મુખ્ય યોદ્ધાઓ તથા તેઓના શંખોના નામ દઈ અન્ય મુખ્ય સૈનિકોનાં નામ કહે છે. 'કાશ્ય' એટલે કાશિરાજ, શિખણ્ડી મહારથી છે એટલે કે શસ્ત્ર-શાસ્ત્રમાં પ્રવીણ, અને 'ચ'(અને) શબ્દ હોવાથી શ્રેષ્ઠ ધનુષ્યવાળો હતો. સુભદ્રાનો પુત્ર અભિમન્યુ મહાબાહુ છે એટલે કે યુદ્ધ કરવા સમર્થ છે. 'હે પૃથિવીપતિ' એ ધૃતરાષ્ટ્રનું સમ્બોધન એમ જણાવવા કરેલું છે કે આ બધો અનર્થ તેં કરેલો છે. 'જુદા-જુદા' એટલે દરેક જુદો-જુદો ઓળખાય તેવી રીતે

વગાડ્યા.

**સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હ્રદયાનિ વ્યદારયત્ ।**
**નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્।।૧૯।।**

**શ્લોકાર્થ:** આકાશ અને પૃથિવીમાંથી પ્રતિધ્વનિ કરાવતા તે તુમુલ અવાજે ધૃતરાષ્ટ્રના પુત્રોનાં હૃદયોને ચીરી નાખ્યાં.

**વિવેચન:** આકાશમાંથી અને પૃથિવીમાંથી મોટો પ્રતિધ્વનિ ઉત્પન્ન કરાવતા પાંડવ સૈન્યના સૈનિકોના પાઞ્ચજન્ય વિગેરે શંખોના પ્રચણ્ડ અવાજે ધૃતરાષ્ટ્રના પુત્રોનાં હૃદયો ચીરી નાખ્યાં. આ અવાજથી તેમના હૃદયના સર્વ ઉત્સાહનો ભંગ થયો અને તેમાં ભય ઉત્પન્ન થયો. આથી એમ સૈંચવ્યું છે કે સર્વ તરફ પ્રતિધ્વનિ થતો હોવાથી પલાયન કરવામાં પણ ભય છે.

આ પ્રમાણે અઢાર ( ૨-૧૯ ) શ્લોકથી પાંડવો ધર્મિષ્ઠ અને ભગવદ્ભક્ત છે એમ દર્શાવવા સંગતિ કહી.

**અથ વ્યવસ્થિતાન્ દૃષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્ કપિધ્વજઃ।**
**પ્રવૃત્તે શસ્ત્રસમ્પાતે ધનુર્ ઉદ્યમ્ય પાંડવઃ।।૨૦।।**
**હૃષીકેશં તદા વાક્યમ્ ઈદમ્ આહ મહીપતે !।**

**શ્લોકાર્થ:** હે મહીપતિ ! પછી જ્યારે શસ્ત્રસમ્પાતની તૈયારી થઈ ત્યારે ધૃતરાષ્ટ્રના પુત્રોને વ્યવસ્થિત જોઈને કપિધ્વજ પાંડવે ધનુષ ઊંચુ કરીને હૃષીકેશને આ ( નીચેનું ) વાક્ય કહ્યું.

**વિવેચન:** એવી રીતે શ્રીકૃષ્ણ અને અર્જુન ના સમાગમની વાત કહેવા ઉભય સૈન્યના યુદ્ધોત્સવનો વૃત્તાન્ત કહ્યો. હવે યુદ્ધમાં પ્રવૃત્ત થએલા અર્જુનને બન્ધુનાશના વિચારથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે તે કહેવા ભિન્ન પ્રક્રમથી આરમ્ભ કરે છે. અર્જુનને વૈરાગ્ય થવાનું કારણ ચાર ( ૨૦-૨૩ ) શ્લોકથી કહે છે. 'કપિધ્વજ' શબ્દથી અર્જુનની શસ્ત્રોનો પ્રયોગ કરવાની ચતુરાઈ જણાવી છે. 'હે મહીપતિ !' સમ્બોધન રાજાઓનો ધર્મ એવો જ હોવાનું જણાવવા કરેલું છે.

**અર્જુન ઉવાચ**

**સેનયોર્ ઉભયોર્ મધ્યે રથં સ્થાપય મેઽચ્યુત !।।૨૧।।**
**યાવદ્ એતાન્ નિરીક્ષ્યેઽહં યોદ્ધુકામાન્ અવસ્થિતાન્।**
**કૈર્ મયા સહ યોદ્ધવ્યમ્ અસ્મિન્ રણસમુદ્યમે।।૨૨।।**
**યોત્સ્યમાનાન્ અવેક્ષેઽહં ય એતેઽત્ર સમાગતાઃ।।**
**ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્ યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ।।૨૩।।**

**શ્લોકાર્થ:** હે અચ્યુત ! આ રણસંગ્રામમાં મારે કોની સાથે યુદ્ધ કરવાનું છે તે તેમજ દુષ્ટ બુદ્ધિવાળા કૌરવોનું પ્રિય કરવાની ઈચ્છાથી યુદ્ધ કરવામાટે તૈયાર થયેલાઓને હું જોઈ શકું તેવી રીતે બન્ને સેનાઓની મધ્યે આપ મારા રથને ઉભો રાખો.

**વિવેચન:** અર્જુને શ્રીકૃષ્ણને જે કહ્યું તે અહીં કહેલું છે. આ રણસંગ્રામમાં યુદ્ધનો પ્રારમ્ભ થયા પહેલાં જ માત્ર શંખનાદથી જ જેઓનાં હૃદયો ચીરાઈ ગયાં છે, વદન શુષ્ક થઈ ગયાં છે, તથા ભગવાનના પ્રતિપક્ષી હોવાથી પોતાના પરાજયનું પણ જેને અનુસન્ધાન રહેતું નથી એવા અન્ધ ધૃતરાષ્ટ્રના પુત્રોનું પ્રિય કરવા ઈચ્છનાર અને તેથી અન્ધજ બનેલા કૌરવસૈન્યના ક્યા નાયકોને મારી સાથે યુદ્ધ કરવાનું છે તે હું જોઉં તે રીતે મારો રથ ઉભય સેનાની મધ્યે ઉભો રાખો. આપ

અચ્યુત છો તેથી ઉભય સેનાની મધ્યે મારો રથ રહે તો પણ મને કોઈ પણ પ્રકારનો ભય નથી. એ પ્રમાણે ચાર ( ૨૦-૨૩ ) શ્લોકથી યુદ્ધ કરવાનો ઉદ્યમ જણાવ્યો.

શ્રીભાગવત્ ૧।૯।૪૪ ભીષ્મની સ્તુતિ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**સઞ્જય ઉવાચ**

**એવમ્ ઉક્તો હૃષીકેશો ગુડાકેશેન ભારત !।**
**સેનયોર્ ઉભયોર્ મધ્યે સ્થાપયિત્વા રથોત્તમમ્ ।।૨૪।।**
**ભીષ્મ-દ્રોણ-પ્રમુખતઃ સર્વેષાં ચ મહીક્ષિતામ્ ।**
**ઉવાચ પાર્થ પશ્યૈતાન્ સમવેતાન્ કુરૂન્ ઈતિ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! અર્જુને શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહ્યું ત્યારે શ્રીકૃષ્ણે ઉત્તમ રથને ઉભય સેનાની મધ્યે ભીષ્મ દ્રોણ અને સર્વ રાજાઓની સામે ઉભો રાખીને ''હે પાર્થ ! એ એકઠા થએલા કુરુઓને જો'' એમ કહ્યું.

**વિવેચન :** 'ગુડાકા' એટલે નિદ્રાના ઈશ અથવા નિદ્રાને જીતનાર અર્જુને 'હૃષીકેશ' એટલે ઈન્દ્રિયોના ઈશ અથવા ઈન્દ્રિયોના પ્રેરક શ્રીકૃષ્ણને એ પ્રમાણે કહ્યું ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનનો ઉત્તમ રથ ઉભય સેનાની મધ્યે યુદ્ધમાં પરમ કુશળ ભીષ્મ, દ્રોણ આદિ સર્વ રાજાઓની સમક્ષ ઉભો રાખ્યો અને એકઠા થએલા કુરુઓને જોવા માટે અર્જુનને કહ્યું.

**વિશેષ :** 'ગુડાકેશ' એટલે જેણે તામસ – નિદ્રા કબજે કરી છે. નિદ્રાના સામાન્ય રીતે ત્રણ પ્રકાર હોય છે. [1]તામસ નિદ્રા મિથ્યા મોહને વધારે છે અને આસુરભાવને કેળવે છે. [2]રાજસ નિદ્રા શરીર, મન વગેરેને સુરક્ષિત રાખીને શ્રમનું નિવારણ કરે છે. [3]સાત્ત્વિક નિદ્રાને ઘણી જગ્યાએ યોગનિદ્રા કહેવામાં આવે છે. આ પ્રકારની નિદ્રામાં શરીર, મન વગેરે નિશ્ચેષ્ટ દેખાય છે છતાં પણ આન્તરિક જાગૃતિ રહે છે. અને એ જાગૃતિ ભ્રમવિષયક શત્રુઓની સાથે વિલાસ કરવામાં મદદરૂપ થાય છે.

**તત્રાપશ્યત્ સ્થિતાન્ પાર્થઃ પિટન્ અથ પિતામહાન્ ।**
**આચાર્યાન્ માતુલાન્ ભ્રાટન્ પુત્રાન્ પૌત્રાન્ સખીંસ્તથા ।।૨૬।।**
**શ્વશુરાન્ સુહૃદશ્ચૈવ સેનયોર્ ઉભયોરપિ ।**

**શ્લોકાર્થ :** ત્યાં ઉભય સૈન્યમાં પિતરાઈઓ, પિતામહો, આચાર્યો, મામાઓ, ભાઈઓ, પુત્રો, પૌત્રો, સખાઓ, શ્વશુરો અને મિત્રો ને ઉભા રહેલા પાર્થે જોયા.

**વિવેચન :** ભગવાને અર્જુનને કુરુઓને જોવાનું કહ્યું ત્યારે અર્જુને તેઓને જોયા એમ આ દોઢ શ્લોકમાં કહેલું છે. 'ત્યાં' એટલે રણસંગ્રામમાં ઉભય સેનામાં ઉભા રહેલા પિતૃઓ વિગેરેને અર્જુને જોયા.

**તાન્ સમીક્ષ્ય સ કૌન્તેયઃ સર્વાન્ બન્ધૈંન્ અવસ્થિતાન્ ।૨૭।**
**કૃપયા પરયાવિષ્ટો વિષીદન્ ઈદમ્ અબ્રવીત્ ।**

**શ્લોકાર્થ :** તે સર્વ બન્ધુઓને ઉભા રહેલા જોઈને, ખેદ કરતો પરમ કૃપાવશ અર્જુન આ પ્રમાણે ( નીચેનું વચન ) બોલ્યો.

**વિવેચન :** અર્જુન ક્ષત્રિય છે. યુદ્ધોત્સવ જોઈને ક્ષત્રિયને ઉત્સાહ જ ઉત્પન્ન થવો જોઈએ. છતાં યુદ્ધના પ્રારમ્ભ સમયે અર્જુનને ઉત્સાહ ઉત્પન્ન ન થતાં ખેદ કેમ ઉત્પન્ન થયો તે સમજાવવા ''કૃપયા પરયાવિષ્ટઃ'' 'પરમ કૃપાવશ' એવું વિશેષણ યોજેલું છે. પરમ કૃપા એટલે ભક્તિરૂપ કૃપા.

અર્જુન કૃપાવશ થઈ યુદ્ધ ન કરે તો તેને રાજ્યની પ્રાપ્તિ થાય નહિ. રાજ્યની પ્રાપ્તિ ન થાય તો તે લોકની રક્ષા કરી શકે નહિ. તેથી તે કૃપાવશ થવાથી લોકરક્ષા થઈ શકે નહિ. લોકરક્ષા કરી ન શકાય તેવી રીતે અર્જુન કૃપાવશ કેમ થયો એવી શંકા થાય, તે દૈર કરવા 'બન્ધૈંન્' 'બન્ધુઓને' શબ્દ યોજેલો છે. જેમની પાસે રાજ્ય છે તે પણ પોતાના બન્ધુઓ છે, અને તેથી તે પણ લોકરક્ષા કરવા સમર્થ છે. તેથી અર્જુન કૃપાવશ થવાથી લોક રક્ષા થતી અટકવાની નથી.

**અર્જુન ઉવાચ**

**દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્ ।।૨૮।।**
**સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ ।**
**વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે ।।૨૯।।**

**શ્લોકાર્થ :** હે કૃષ્ણ ! આ સ્વજનોને યુદ્ધ કરવા ઊભેલા જોઈને મારા ગાત્રો શિથિલ થઈ જાય છે, મુખ સુકાઈ જાય છે, મારા શરીરમાં કમ્પ થાય છે અને રૂંવાડાં ઉભા થઈ જાય છે.

**વિશેષ :** અર્જુન પોતાની સાથે જુદા – જુદા પ્રકારના સગપણ ધરાવનારાઓને 'સ્વજન' શબ્દથી મિથ્યા મોહ ધારણ કરીને કલ્પના કરે છે. આ એનો શુદ્ધ અને વાસ્તવિક ભાવ નથી એ કારણે એને કલ્પિત મોહનો નાશ કરવા ભગવાન્ ''તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમ્ અવાપ્સ્યસિ'' ત્યારે તું યુદ્ધમાં સામેલ થઈ જા; તને પાપ નહિ લાગે–એવો ઉપદેશ આપે છે. કારણ કે, કલ્પિત ભાવનો નાશ થયા વિના શુદ્ધ ભાવ આવી શક્તો નથી. જીવને સ્વજન તો અન્તર્યામી જ બની શકે છે. કારણ જીવ અંશ છે; અન્તર્યામી અંશી છે. એટલે જીવના સ્વભાવધર્મથી જ અંશી સાથે એને નિત્ય સમ્બન્ધ છે. કાલ્પનિક સમ્બન્ધ કરતાં નિત્ય સમ્બન્ધને ટકાવવો જરૂરી છે. અને એ જ કારણે લોકવ્યવહારમાં પ્રચલિત શાસ્ત્રોને મોહશાસ્ત્રો કહેવામાં આવ્યા છે.

**ગાણ્ડીવં સ્રંસતે હસ્તાત્ ત્વક્ચૈવ પરિદહ્યતે ।**
**ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ।।૩૦।।**

શ્લોકાર્થઃ ગાણ્ડીવ હાથમાંથી સરી જાય છે અને ત્વચા બળે છે. ઉભો રહેવાની મારામાં શક્તિ નથી. મારું મન ભમતું હોય તેવું જણાય છે.

**નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ ! ।**
**ન ચ શ્રેયોઽનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે ।।૩૧।।**

**શ્લોકાર્થ :** હે કેશવ ! હું વિપરીત નિમિત્તો જોઉં છું. સ્વજનને યુદ્ધમાં હણીને હું કાંઈ શ્રેય જોતો નથી.

**વિવેચન :** દુર્ગુણથી ભરેલા પાપી જીવોને પણ મોક્ષ આપનાર હે કેશવ ! હું વિપરીત નિમિત્તો જોઉં છું. સ્વજનને યુદ્ધમાં હણી રાજ્ય પ્રાપ્ત કરીને રાજ્ય કરવું વિગેરે સર્વ વિપરીત પરિણામો છે. કારણ કે ભગવદીયને તેમ કરવું ઉચિત નથી. સ્વજનને યુદ્ધમાં હણવાથી શ્રેયઃ જણાતું

નથી. આપની કૃપારૂપ ભક્તિની પ્રાપ્તિ તેથી થવાની નથી. ભગવત્કૃપારૂપ ભક્તિ એ જ શ્રેય છે અને તેની પ્રાપ્તિ સ્વજનને યુદ્ધમાં હણવાથી થવાની નથી.

**ન કાંક્ષે વિજયં કૃષ્ણ ! ન ચ રાજ્યં સુખાનિ ચ ।**
**કિં નો રાજ્યેન ગોવિન્દ ! કિં ભોગૈર્ જીવિતેન વા ।।૩૨।।**

**શ્લોકાર્થ :** હે કૃષ્ણ ! હું વિજયની, રાજ્યની અને સુખની ઈચ્છા રાખતો નથી. હે ગોવિંદ ! અમારે રાજ્યથી, ભોગોથી અથવા જીવિતથી શું પ્રયોજન છે ?

**વિવેચન :** હે કૃષ્ણ ! મને આપની કૃપારૂપ ભક્તિની જ જરૂર છે, તે જ શ્રેય છે. તે વિના વિજય, રાજ્ય અને સુખ મારે જોઈતાં નથી. ગોવિન્દ ! અમારે રાજ્યનું, ભોગોનું અથવા જીવિતનું શું પ્રયોજન છે ? અમારે આપના વિના તેઓનું કાંઈ પણ પ્રયોજન નથી. 'હે ગોવિન્દ !' એ સમ્બોધનથી એવો ભાવ જણાવ્યો છે કે જેમ વ્રજવાસીઓના ઈન્દ્ર થઈ આપે તેમને સુખભોગ ( આનન્દ ) કરાવ્યો, તે જ પ્રમાણે ભક્તોને કરાવવું યોગ્ય છે.

**યેષામ્ અર્થે કાંક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ ।**
**ત ઈમેડવસ્થિતા યુદ્ધે પ્રાણાન્ ત્યક્ત્વા ધનાનિ ચ ।।૩૩।।**
**આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્ તથૈવ ચ પિતામહાઃ ।**
**માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સમ્બન્ધિનસ્ તથા।।૩૪।।**

**શ્લોકાર્થ :** જેઓને માટે અમારે રાજ્ય, ભોગ અને સુખની ઈચ્છા હતી તે આચાર્યો, પિતૃઓ, પુત્રો તથા પિતામહો, મામાઓ, શ્વશુરો, પૌત્રો, સાળાઓ અને સમ્બન્ધીઓ પ્રાણ અને ધન નો ત્યાગ કરીને યુદ્ધમાં ઉભા રહેલા છે ।।૩૩-૩૪।।

**વિવેચન :** તારે પોતાને રાજ્યની, ભોગની અને સુખની ઈચ્છા ન હોય તો કાંઈ નહિ પરન્તુ તારા સગાં-સમ્બન્ધીઓ વિગેરેને તેવી ઈચ્છા હોવાથી તેમને માટે યુદ્ધ કરી રાજ્ય વિગેરે પ્રાપ્ત કરવાં જોઈએ એવી શંકા થાય તો તેને દૈંર કરવા આ શ્લોકો યોજેલા છે. આચાર્યો, પિતૃઓ વિગેરે જે લોકોમાટે રાજ્યની ઈચ્છા હતી તે તો પ્રાણ અને ધન નો ત્યાગ કરીને યુદ્ધમાં મરવા આવી ઉભા છે. તેઓને મારીએ ત્યારે રાજ્યાદિ પ્રાપ્ત થાય અને તે પછી અમે જીવતા રહીએ અને રાજ્ય ભોગવી શકીએ. પરન્તુ અમારે તે જોઈતું નથી. તેથી રાજ્ય, ભોગ અને સુખનું કાંઈ પ્રયોજન નથી.

**એતાન્ ન હન્તુમ્ ઈચ્છામિ ઘ્નતોડપિ મધુસૈંદન !।**
**અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિન્નુ મહીકૃતે ।।૩૫।।**

**શ્લોકાર્થ :** હે મધુસૈંદન ! તેઓ મને હણતા હોય તોપણ ત્રૈલોક્યના રાજ્યમાટે પણ તેમને હણવા હું ઈચ્છતો નથી તો પૃથ્વીમાટે કેમજ ઈચ્છું ?

**વિવેચન :** તું તેઓને નહિ હણે તો પણ તેઓ તને તો હણશે જ, માટે તેઓને હણવા એ જ યોગ્ય છે એવી શંકા થાય તે દૈંર કરવા આ શ્લોક યોજેલો છે. તેઓથી હણાવું અથવા તેમને હણી ત્રૈલોક્યનું રાજ્ય ભોગવવું એ બેમાંથી મારી ઈચ્છામાં આવે તે પસન્દ કરવાનું મને કહેવામાં આવે તો પણ હું તેઓથી હણાવાનું જ પસંદ કરું, પરન્તુ તેમને હણીને ત્રૈલોક્યનું રાજ્ય પસંદ કરું નહિ. અહીં તો તેમને હણીને માત્ર પૃથ્વીનું અમુક વિસ્તારનું રાજ્ય મળવાનું છે. તે માટે હું તેઓને કેમ હણું ? 'હે મધુસૈંદન' સમ્બોધનથી એમ જણાવ્યું છે કે આપની સાહાય્યવાળા મને

તેઓ હણવા સમર્થ નથી જ. ('મધુ' નામનો દૈત્ય બ્રહ્માજી પાસેથી વેદોને છીનવી ગયો હતો. ભગવાને મત્સ્યનું રૂપ ધારણ કરીને તેને માર્યો અને વેદોનો ઉદ્ધાર કર્યો).

**નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્ નઃ કા પ્રીતિઃ સ્યાદ્ જનાર્દન !।**
**પાપમેવાશ્રયેદ્ અસ્માન્ હત્વૈતાન્ આતતાયિનઃ ।।૩૬।।**

**શ્લોકાર્થ:** હે જનાર્દન! ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમને શું આનન્દ થવાનો? આ આતતાયિઓને હણવાથી અમને પાપ જ થવાનું!

**વિવેચન:** સર્વ અવિદ્યા દૈર કરનાર હે જનાર્દન! અન્ધ ધૃતરાષ્ટ્રના પુત્રો જ્ઞાન રહિત હોવાથી તેઓ આચાર્ય, ગુરુ વિગેરેનો ઘાત થાય તેવા યુદ્ધમાં પ્રવૃત્ત રહે, પણ અમે આપના સેવકો હોવાથી જ્ઞાન રહિત નથી. અમે આપના ભક્તો હોવાથી યુદ્ધ કરવું એ અમારામાટે ઉચિત નથી એમ 'હે જનાર્દન' એ સમ્બોધનથી જણાવ્યું છે. અન્ધ ધૃતરાષ્ટ્રના જ્ઞાનદષ્ટિ વિનાના પુત્રોને મારવાથી અમને શું આનન્દ થવાનો? તેમ કરવાથી અમને કાંઈ પણ આનન્દ થવાનો નથી. 'ધૃતરાષ્ટ્રના પુત્ર' શબ્દથી એમ જણાવ્યું છે કે તેઓ આપને જાણતા નથી તેથી તેઓ તેમ કરે તે યોગ્ય છે. તેઓ આતતાયી છે. કારણ કે [૧]અગ્નિથી બાળનાર [૨]ઝેર આપનાર [૩]શસ્ત્ર હાથમાં લઈ મારવા આવનાર [૪]ધન લઈ લેનાર [૫]ક્ષેત્ર અથવા ભૈંમિ લઈ લેનાર અને [૬]સ્ત્રીને લઈ જનાર –એ છ આતતાયી કહેવાય છે. ધાર્તરાષ્ટ્ર દુર્યોધનને આ સર્વ કાર્ય કરેલાં છે. '''આતતાયિને આવતો જોઈ વિચાર કર્યા વિના હણવો. આતતાયિનો વધ કરનારને કાંઈ દોષ થતો નથી'' એવા ધર્મશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર ના નિયમો છે. તેથી ધાર્તરાષ્ટ્રને હણવો જોઈએ એમ કહેતા હો તો તે પણ ઉચિત નથી કારણ કે અમે ભક્તિ ઇચ્છીએ છીએ. અર્થશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર ભક્તિમાર્ગથી દુર્બલ છે. તેથી આતતાયીનો પણ વધ કરવાથી અમને પાપ જ થાય. પાપ થવાથી ભગવત્સમ્બન્ધમાં વિઘ્ન આવે.

**તસ્માન્ નાર્હા વયં હન્તું ધાર્તરાષ્ટ્રાન્ સ્વબાન્ધવાન્ ।**
**સ્વજનં હિ કથં હત્વા સુખિનઃ સ્યામ માધવ !।।૩૭।।**

**શ્લોકાર્થ:** તેથી આપણે સ્વબાન્ધવ ધાર્તરાષ્ટ્રોને હણવા યોગ્ય નથી. હે માધવ! સ્વજનોને હણીને અમે કેમ સુખી થઈએ ?

**વિવેચન:** ''આપણે ધાર્તરાષ્ટ્રોને હણવા યોગ્ય નથી'' એ વાક્યમાં 'આપણે' પદનો પ્રયોગ કરેલો છે. તેથી અમારે તો આપની સંગત જ સુખરૂપ છે, આપ જ અમારા સ્વજન છો એમ સૈંચવાય છે. 'હે માધવ' સમ્બોધનથી એમ જણાવ્યું છે કે અમારે લક્ષ્મી વિગેરેની જરૂર નથી( મા = લક્ષ્મીજી, ધવ = પતિ ).

**યદ્યપ્યેતે ન પશ્યન્તિ લોભોપહતચેતસઃ ।**
**કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્ ।।૩૮।।**
**કથં ન જ્ઞેયમ્ અસ્માભિઃ પાપાદ્ અસ્માન્ નિવર્તિતુમ્ ।**
**કુલક્ષયકૃતં દાષં પ્રપશ્યદ્ભિર્ જનાર્દન !।।૩૯।।**

**શ્લોકાર્થ :** હે જનાર્દન! લોભથી નષ્ટ થએલા ચિત્તવાળા આ કૌરવોને કુલક્ષયથી થતા દોષ અને મિત્રદ્રોહના પાતકનું જોકે ભાન નથી તો પણ કુલક્ષયથી થતા દોષને જાણનાર અમારે આ પાપથી દૈર રહેવાનું કેમ ન જાણવું ? ।।૩૮-૩૯।।

**કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।**
**ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમ્ અધર્મોઽભિભવત્યુત ॥૪૦॥**

**શ્લોકાર્થ :** કુલનો ક્ષય થાય ત્યારે સનાતન કુલધર્મોનો નાશ થાય છે. ધર્મનો નાશ થાય ત્યારે અધર્મ આખા કુલમાં વ્યાપી જાય છે.

**વિવેચન :** કુલક્ષયથી થતા પાપના ભયથી નહિ, પરન્તુ લૌકિક ભયથી જ આ યુદ્ધ કરવા ઇચ્છતો નથી એવી જો શંકા થાય તો તે દૈંર કરવા કુલક્ષયથી થતા દોષો અહીંથી પાંચ (૪૦-૪૪) શ્લોકોથી વર્ણવે છે. કુળનો ક્ષય થાય ત્યારે સનાતન એટલે પ્રાચીન પરમ્પરા પ્રાપ્ત કુલધર્મોનો પ્રણાશ થાય છે. 'પ્રણાશ' એટલે પુરો નાશ, સમ્પૈંર્ણ નાશ. કુલધર્મોનો સમ્પૈંર્ણ નાશ થાય છે એટલે ફરીથી કુલધર્મોનો ઉદય થવાનો સમ્ભવ પણ રહેતો નથી. અમે પાર્થ એટલે પૃથાના પુત્ર છીએ. પૃથાના સમ્બન્ધથી આપે અમારો અંગીકાર કરેલો હોવાથી અમારો કુલધર્મ આપની ભક્તિ જ છે. તેનો નાશ થાય તેવા આ પાપથી અમારે દૈંર રહેવું જ જોઈએ.

હાલ કુલધર્મનો નાશ થશે તો પણ ભવિષ્યમાં પ્રહ્લાદ જેવો ભક્તકુલમાં અવતરશે તો કુલનો ઉદ્ધાર કરશે, માટે ક્ષત્રિયોના ધર્મ શૌર્યનો આવિર્ભાવ કરીને યુદ્ધ કરવું ઉચિત છે એવી શંકા થાય તો તેને દૈંર કરવા કહે છે કે ધર્મનો નાશ થાય ત્યારે અધર્મ આખા કુળને વ્યાપી રહે છે તેથી ભવિષ્યમાં પણ એવો કોઈ ભક્ત કુલમાં અવતરવાનો સમ્ભવ રહેતો નથી એમ વિશેષ સ્પષ્ટ કરવા નીચેનો શ્લોક યોજે છે :

**અધર્માભિભવાત્ કૃષ્ણ! પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ ।**
**સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય! જાયતે વર્ણસંકરઃ ॥૪૧॥**

**શ્લોકાર્થ :** હે કૃષ્ણ! અધર્મ વ્યાપી રહેવાથી કુલસ્ત્રીઓ દૈંષિત થાય છે. હે વાર્ષ્ણેય! સ્ત્રીઓ દૈંષિત થાય ત્યારે પ્રજા વર્ણસંકર થાય છે.

**વિવેચન :** કુલમાં અધર્મ વ્યાપી રહે ત્યારે કુલની સ્ત્રીઓ વ્યભિચારિણી અને દોષવાળી થવાથી વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે. તેમાં પ્રહ્લાદ જેવો ભક્ત અવતાર લઈ કુલનો ઉદ્ધાર કરશે એવી આશા કેમ રહે ? 'હે વાર્ષ્ણેય!' સમ્બોધનથી એમ જણાવ્યું છે કે સારા કુલમાં ઉત્પન્ન થએલા હોય તેમના કુલમાં વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય તે યોગ્ય નથી.

**સંકરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।**
**પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિણ્ડોદકક્રિયાઃ ॥૪૨॥**

**શ્લોકાર્થ :** સંકર (પ્રજા) કુલનો નાશ કરનારાઓને અને કુલને નરકમાં જ મોકલે છે. તેમના પૈંર્વજોની પિણ્ડોદક ક્રિયાનો લોપ થવાથી તેઓનો પાત થાય છે.

**વિવેચન :** 'પિણ્ડોદક ક્રિયા' એટલે શ્રાદ્ધ વિગેરેના લોપ થાય છે, કારણ કે વર્ણસંકર પ્રજાથી શ્રાદ્ધ વિગેરે થતાં નથી. શ્રાદ્ધ વિગેરે ન થવાથી પૈંર્વજોએ ધર્મનું આચરણ કરી જે સ્વર્ગ વિગેરે લોકની પ્રાપ્તિ કરી હોય તેમાંથી તેઓનો પાત થાય છે. એવ = જ શબ્દથી એમ જણાવ્યું છે કે નરકમાં પડી પાપ ભોગવ્યા પછી પણ તેમાંથી તેઓનો ઉદ્ધાર થતો નથી.

**દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસંકરકારકૈઃ ।**
**ઉત્સાદ્યન્તે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્વતાઃ ॥૪૩॥**

**શ્લોકાર્થ :** કુલનો નાશ કરનારાઓના વર્ણસંકર ઉત્પન્ન કરનાર આ દોષોથી સનાતન કુલધર્મો

અને જાતિધર્મોનો નાશ થાય છે.

**વિવેચન:** મૈંલમાં 'ચ = અને' શબ્દ છે તેનો અર્થ કુલધર્મ અને જાતિધર્મ સાથે આશ્રમધર્મનો પણ નાશ થાય છે એવો છે.

**ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન !।**
**નરકે નિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ।।૪૪।।**

**શ્લોકાર્થ:** હે જનાર્દન ! જેઓના કુલધર્મોનો નાશ થએલો હોય તેવા મનુષ્યોનો નરકમાં નિયત વાસ થાય છે એમ અમે સાંભળ્યું છે. 'હે જનાર્દન !' સમ્બોધનથી એમ જણાવ્યું છે કે આપના સમ્બન્ધ વગરનાને અવિદ્યાનો સમ્બન્ધ થવાથી તેઓની એવી દશા થાય છે.

આ પ્રમાણે જ્ઞાન હતું તો યુદ્ધની તૈયારી જ શા માટે કરી, એવો પ્રશ્ન ઉદ્‌ભવે તે માટે કહે છે:

**અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્ ।**
**યદ્ રાજ્યસુખ-લોભેન હન્તું સ્વજનમુદ્યતાઃ ।।૪૫।।**

**શ્લોકાર્થ:** અહો ! અરે રાજ્યસુખના લોભથી સ્વજનને હણવા તૈયાર થયા તે અમે મોટું પાપ કરવાનો વ્યવસાય કરેલો.

**વિવેચન:** રાજ્યમાટે આવું પાપ કરવું પડશે એવું ભાન પહેલાં ન હતું. બહુ ખેદ થાય છે કે અમે આવું પાપ કરવા અજ્ઞાનથી તૈયાર થયેલા. ખેદ સાથે આશ્ચર્યની વાત છે કે અમે એવી તૈયારી કરી. કારણ કે જેને માટે રાજ્ય પ્રાપ્ત કરવાનું હતું તેઓને જ રાજ્ય પ્રાપ્ત કરવા મારવા તૈયાર થયા છીએ.

''તું તેમને નહિ હણે તો તેઓ તને હણશે'' એમ કહેવામાં આવે, તેથી નીચેનો શ્લોક કહે છે:

**યદિ મામ્ અપ્રતીકારમ્ અશસ્ત્રં શસ્ત્રપાણયઃ ।**
**ધાર્તરાષ્ટ્રા રણે હન્યુઃ તન્ મે ક્ષેમતરં ભવેત્ ।।૪૬।।**

**શ્લોકાર્થ:** જો હાથમાં શસ્ત્રવાળા ધાર્તરાષ્ટ્રો પ્રતીકારરહિત અને શસ્ત્રરહિત મને રણમાં હણે તો મારું વધારે શ્રેયઃ થાય.

**વિવેચન:** 'પ્રતીકાર' એટલે બદલો. બદલો નહિ આપનાર અથવા સામો પ્રહાર નહિ કરનાર એવા શસ્ત્રરહિત મને ધૃતરાષ્ટ્રના પુત્રો હણે તો મારું વધારે શ્રેય થાય, કારણ કે પ્રથમ બન્ધુઓને હણવાનો જે ઉદ્યમ મેં કર્યો તેનું પ્રાયશ્ચિત્ત થાય. વળી આપની સન્નિધિમાં મારું મરણ થાય એ જ મારું અધિક શ્રેયઃ

**સઞ્જય ઉવાચ**

**એવમ્ ઉક્ત્વાઽર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્ ।**
**વિસૃજ્ય સશરં ચાપં શોક-સંવિગ્ન-માનસઃ ।।૪૭।।**

**શ્લોકાર્થ:** આમ કહીને શોકથી ખિન્ન મનવાળો અર્જુન રણભૈંમિમાં બાણસહિત ધનુષ્ તજી દઈને રથમાં બેઠો.

**વિવેચન:** યુદ્ધ અને યુદ્ધ કરવાથી પ્રાપ્ત થવાનું રાજ્ય એ બન્ને ભક્તિમાં અન્તરાયરૂપ હોવાથી અર્જુનને તેમાંથી કોઈની ઈચ્છા ન હતી. તેથી આ પ્રમાણે યુદ્ધ નહિ કરવા તેણે કહ્યું.

છતાં ભગવાને કાંઈ ઉત્તર આપ્યો નહિ, તેથી ભક્તિજ્ઞાન પ્રાપ્ત કરવામાટે શોકથી મન ખિન્ન થયું, અને બાણ તથા ધનુષને તજી રથમાં બેઠો.

આ પ્રથમ અધ્યાય ઉપોદ્‌ઘાતરૂપ છે. આ અધ્યાયમાં અર્જુનના વિષાદનું વર્ણન કરેલું છે. અર્જુનને વિષાદ થવાનું કારણ કૃપા છે. લોક અને શાસ્ત્ર ના નિયમોનું અતિક્રમણ કરી તે કૃપાપરવશ થઈ યુદ્ધ કરવા ઈચ્છતો નથી. આ અર્જુનનું આર્તપણું અથવા આર્તિ દર્શાવે છે. બીજા અધ્યાયના આરમ્ભના શ્લોકોમાં પણ અર્જુન આર્ત છે એમ જણાય છે. તેથી આ પ્રથમ અધ્યાય પ્રયોજન રહિત છે એવી શંકા કરવી નહિ, કારણ કે આ પ્રથમ અધ્યાયમાં અર્જુનમાં કૃપાનો આવેશ કેવી રીતે થયો તે પણ કહેલું છે. તેથી આ અધ્યાય ઉપોદ્‌ઘાતરૂપ છે, પ્રયોજનરહિત નથી. તેથી જ પદ્મ પુરાણમાં ગીતા માહાત્મ્યમાં ''તેથી પ્રથમ અધ્યાયનો જે પાઠ કરે અને તેનું સ્મરણ કરે તેને ભવસાગર તરવો કઠિન રહેતો નથી'' એમ આ અધ્યાયના પાઠ વિગેરેના ફલનું નિરૂપણ કરેલું છે.

**ઈતિ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'અર્જુનવિષાદયોગો' નામ**
**પ્રથમઃ અધ્યાયઃ ।।૧।।**

# ।। અધ્યાય ૨ ।।

# સાંખ્ય-યોગ

પહેલા અધ્યાયમાં અર્જુનને થયેલ વૈરાગ્ય અને તેને થયેલ દુઃખ કહ્યું. આ દુઃખ અને વૈરાગ્યને લીધે તે સાંખ્ય અને યોગ શાસ્ત્ર જાણવાનો અધિકારી છે એમ સિદ્ધ થયું. વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ, અને કેશવની ભક્તિ એ પાંચ વિદ્યાના પર્વ (વિભાગ) છે (તત્ત્વદીપ૧।૪૫), અને તેથી પાછળથી ભગવાન્‌માં પ્રવેશ કરાવે તેવા છે, અને આત્માના સ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં બુદ્ધિને સ્થિર કરાવનારા છે. એ પ્રમાણે આત્માનું જ્ઞાન દઢ થતાં આપણે ભગવાન્‌ના અંશ છીએ એવું ભાન થાય અને તેથી ભગવાન્‌નો આશ્રય કરવામાં આદર થાય. ભગવાન્‌નો આશ્રય જેને હોય તેનું કાર્ય એ છે કે તેણે ભગવાન્‌ની આજ્ઞાનું પાલન કરવું, કારણ કે ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણે વર્તવું એ જ તેનો ધર્મ છે. તેથી જ અર્જુને પણ સાંખ્ય અને યોગ ના ઉપદેશ પછી ભગવાન્‌નો આશ્રય પ્રાપ્ત કરી તેમની આજ્ઞા પ્રમાણે યુદ્ધ કરેલું છે.

અર્જુન પુષ્ટિમિશ્ર મર્યાદાભક્ત છે. એવા ભક્તની માત્ર સાંખ્યમાંજ રુચિ થતી નથી, તેથી સાંખ્ય અને યોગ ના ઉપદેશની વચ્ચે ભગવાને તેને તેના ધર્મનો બોધ કરેલો છે. અર્જુનને પુષ્ટિમાર્ગનું ભાન થાય તે માટે ભગવાને તેને આ તેના ધર્મનો ઉપદેશ કરેલો છે.

આ બીજા અધ્યાયમાં અર્જુનનો શોક પ્રથમ વર્ણવેલો છે (શ્લો.૧।૯). પછી ભગવાને તેને કરેલ સાંખ્યનો ઉપદેશ જણાવેલો છે (શ્લો.૧૦।૩૦). ત્યાર પછી ભગવાન્ અર્જુનને તેના ધર્મનો ઉપદેશ કરે છે. (શ્લો.૩૧।૩૮), અને પછી યોગનો ઉપદેશ કરે છે (શ્લો.૩૯।૭૨). એવી રીતે શોકરૂપ સમુદ્રમાં ડૅબેલા અર્જુનને પોતાનો જાણી દયાળુ શ્રીકૃષ્ણે તેને સાંખ્ય અને યોગ નો ઉપદેશ કરી તેનો ઉદ્ધાર કર્યો.

ગયા અધ્યાયના અન્તે એમ કહેલું છે કે શોકથી ખિન્ન થએલ મનવાળો અર્જુન ધનુષ તથા બાણ તજી દઈ રથમાં બેઠો. ત્યાર પછી શું થયું તે સઞ્જય ધૃતરાષ્ટ્રને કહે છે :

**સઞ્જય ઉવાચ**

**તં તથા કૃપયાવિષ્ટમ્ અશ્રુપૈંર્ણાકુલેક્ષણમ્ ।**
**વિષીદન્તમ્ ઈદં વાક્યમ્ ઉવાચ મધુસૈંદનઃ ।।૧।।**

**શ્લોકાર્થ :** તેવી રીતે કૃપાવશ થએલા, અશ્રુપૈંર્ણ અને આકુલ નયનવાળા શોક કરતા અર્જુનને મધુસૈંદને આ વાક્ય કહ્યું.

**વિવેચન :** અશ્રુથી પૈંર્ણ અને આકુલ નયનવાળા, પ્રથમાધ્યાયમાં વર્ણન કર્યું તે પ્રમાણે કૃપાવશ થઈ શોક કરતા, અર્જુનને મોહરૂપી મધુ દૈત્યને મારનાર શ્રીકૃષ્ણે નીચે પ્રમાણે કહ્યું.

**વિશેષ :** વ્યાપક = સઘળી જગ્યાએ રહેલો અને વ્યાપ્ત ઘેરાયેલો. અમુક જગ્યાએ પુષ્કળ ધુમાડો હોય તો તે જગ્યા ધુમાડાથી ઘેરાયેલી છે, એટલે જગ્યા વ્યાપ્ત છે અને ધુમાડો વ્યાપક છે.

સાંખ્ય = ત્યાગ. સાંખ્યશાસ્ત્રદ્વારા કપિલદેવજી ત્યાગનો ઉપદેશ કરે છે. જ્યાં સુધી જીવ પોતાની મોહદશાનો ત્યાગ ન કરે ત્યાં સુધી તેને કોઈ પણ પ્રકારના જ્ઞાનનો સમ્ભવ નથી. અહીં 'મધુસૈંદન' શબ્દદ્વારા મોહનો ત્યાગ કરાવી શ્રીકૃષ્ણ પોતે પ્રથમ સાંખ્યનો ઉપદેશ કરી

કાંઈક જ્ઞાનના પગથિયા પર ચડાવે છે. સાંખ્યશાસ્ત્ર, પ્રકૃતિ–પુરુષ અને બીજાં ૨૪ તત્ત્વોને સ્વીકારે છે. તેમાં પુરુષને નિષ્ક્રિય અને અલિપ્ત માને છે. પ્રકૃતિ અને ૨૪ તત્ત્વોદ્વારા બધું થયા કરે છે; પણ ત્યાં પુરુષનો પ્રકૃતિ સાથે સમ્બન્ધ તો રહે છે. આ સમ્બન્ધ પૈંર્ણ જ્ઞાન થતાં છૈંટે ત્યારે પુરુષનો મોક્ષ થાય છે. તાત્પર્ય કે સાંખ્યશાસ્ત્રના મત પ્રમાણે એકત્વ આવતું નથી, પણ અનેકત્વ આવે છે. એટલે એ સાંખ્યશાસ્ત્ર અભેદદર્શન કરાવી શકે નહિ.

**શ્રીભગવાન્ ઉવાચ**

**કુતસ્તવા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્ ।**
**અનાર્યજુષ્ટમ્ અસ્વર્ગ્યમ્ અકીર્તિકરમર્જુન !।।૨।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! અનાર્યોએ સેવેલો, સ્વર્ગથી દૈંર રાખનાર, અકીર્તિ ઉત્પન્ન કરનાર આ મોહ અસમયે તને ક્યાંથી થયો ?

**વિવેચન :** હે અર્જુન ! આ યુદ્ધમાટે ઉત્સાહ કરવાનો સમય છે, દયા કરવાનો સમય નથી. આવા અસમયે તને મોહ ક્યાંથી થયો ? આ મોહ અનાર્યોએ સેવેલો છે, સ્વર્ગથી દૈંર રાખનાર હોવાથી ધર્મનો વિરોધી છે અને ક્ષાત્રધર્મનો નાશ કરનાર હોવાથી કુલધર્મનો પણ વિરોધી છે.

**ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ ! નૈતત્ ત્વય્યુપપદ્યતે।**
**ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ !।।૩।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! નપુંસકત્વ પ્રાપ્ત ન કર. આ તને યોગ્ય નથી. હે પરન્તપ ! ક્ષુદ્ર હૃદયદૌર્બલ્ય તજી ઉઠ.

**વિવેચન :** આ પ્રમાણે તને કરવું યોગ્ય નથી એમ કહે છે. હે પાર્થ ! ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થએલા અર્જુન ! નપુંસકત્વ પ્રાપ્ત ન કર. તું ક્ષત્રિય હોવાથી તને એ યોગ્ય નથી. હૃદયની દુર્બલતા ક્ષુદ્ર છે. એવી ક્ષુદ્ર હૃદયદુર્બલતા શત્રુઓને તપાવનાર તારા જેવાએ રાખવી યોગ્ય નથી. તેથી ઉઠ, યુદ્ધમાટે સાવધાન થા.

**અર્જુન ઉવાચ**

**કથં ભીષ્મમ્ અહં સંખ્યે દ્રોણં ચ મધુસૈંદન !।**
**ઈષુભિઃ પ્રતિયોત્સ્યામિ પૈંજાર્હાવરિસૈંદન !।।૪।।**

**શ્લોકાર્થ :** હે મધુસૈંદન ! સંગ્રામમાં ભીષ્મ અને દ્રોણ સામે હું બાણોથી કેમ લડીશ ? હે અરિસૈંદન ! તેઓ પૈંજ્ય છે.

**વિવેચન :** એવાં ભગવાન્નાં વચન સાંભળી, ''હું બીકથી યુદ્ધ કરતો નથી, એમ નથી, પરન્તુ ધર્મબુદ્ધિથી યુદ્ધ કરતો નથી'' એમ સ્નેહ અને દયા થી વ્યાકુલ થએલો અર્જુન ભગવાન્નાં વચનનો અર્થ ન સમજતાં ભગવાન્ને અહીંથી આરંભી છ શ્લોકથી વિનવે છે. હે મધુસૈંદન ! મધુ દૈત્યને મારી, મથુરાનું સ્થાપન કરી ભક્તોનું પાલન કરનાર ભગવાન્ ! ભીષ્મ આપના ભક્ત છે તેથી તેમને મારવા ઉચિત નથી. દ્રોણ મારા ગુરુ છે તેથી તેમને પણ મારવા ઉચિત નથી. હે શત્રુઓનો સંહાર કરનાર ભગવાન્ ! ભીષ્મ ભક્ત અને દ્રોણ ગુરુ છે, તેઓ મારા પૈંજ્ય છે, શત્રુ નથી, તેઓની સામે બાણોથી હું કેમ લડીશ તે વિચારો.

**ગુરૂન્ અહત્વા હિ મહાનુભાવાન્ શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે ।।**
**હત્વાર્થકામાંસ્તુ ગુરૂન્ ઈહૈવ ભુઞ્જીય ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્ ।।૫।।**

**શ્લોકાર્થ :** મહાનુભાવી ગુરુઓને હણ્યા વિના આ લોકમાં ભિક્ષાન્ન પણ ખાવું સારું, પરન્તુ અર્થની ઈચ્છાવાળા ગુરુઓને હણીને આ લોકમાં જ રુધિરથી ખરડાયેલા ભોગ મારે ભોગવવા પડે.

**વિવેચન :** ગુરુ વિગેરેને હણવા એ લોક અને વેદ થી વિરુદ્ધ છે. ભીષ્મ વિગેરે ગુરુઓને માર્યા વિના રાજ્ય ન મળે તો ભીખ માગીને ખાવું પડે, પણ તેમને મારીએ ને રાજ્ય પ્રાપ્ત કરીએ તો તેમના લોહીથી ખરડાએલા ભોગ ભોગવવા મળે. તેવા ભોગ ભોગવ્યા કરતાં ગુરુઓને માર્યા વિના ભીખ માગી ખાવું વધારે સારું, કારણ કે ગુરુઓ મહાનુભાવી છે. મહાન્ એટલે મોટા જે ભગવાન્ તેમનો અનુભવ કરાવનાર ગુરુઓ મહાનુભાવી છે. તેઓને માર્યા વિના આ લોકમાં ભીખ માંગીને ખાવું પડે, પણ પરલોકમાં અવશ્ય સુખ પ્રાપ્ત થાય એવો અર્થ 'લોકે' પદના પ્રયોગથી સૈંચવેલો છે. પણ જો મહાનુભાવી ગુરુઓને મારીએ તો પરલોકમાં અવશ્ય દુઃખી જ થઈએ. એટલું જ નહિ, પરન્તુ આ લોકમાં પણ તેઓના લોહીથી ખરડાએલા જ ભોગ ભોગવવા મળે. તેથી તેઓની સામે યુદ્ધ કરવું ઉચિત નથી.

**ન ચૈતદ્ વિદ્મઃ કતરન્નો ગરીયો યદ્વા જયેમ યદિ વા નો જયેયુઃ।।**
**યાનેવ હત્વા ન જિજીવિષામઃ તેડવસ્થિતાઃ પ્રમુખે ધાર્તરાષ્ટ્રાઃ।।૬।।**

**શ્લોકાર્થ :** વળી અમે જીતીએ અથવા તેઓ અમને જીતે એ બેમાં અમને શું શ્રેષ્ઠ છે તે અમે જાણતા નથી. જેમને, મારીને અમે જીવવાની આશા રાખતા નથી તે જ ધાર્તરાષ્ટ્રો સામા ઉભેલા છે.

**વિવેચન :** વળી જો આપણે એમ નિશ્ચયપૈંર્વક જાણતા હોઈએ કે આપણો જ વિજય થશે તો અધર્મનો સ્વીકાર કરીને પણ યુદ્ધ કરીએ. વળી અમારા માટે અમે જીતીએ તે શ્રેષ્ઠ છે કે તેઓ જીતે તે શ્રેષ્ઠ છે તે પણ અમે જાણતા નથી. અમારા વિચાર પ્રમાણે તો અમે જીતીએ તે કરતાં તેઓ જીતે તે જ શ્રેષ્ઠ છે; કારણ કે ધાર્તરાષ્ટ્રો જે સામે લડવા ઉભેલા છે તેઓને માર્યા વિના અમે જીતીએ નહિ, અને તેઓને અમે મારીએ તો પછી અમારે જીવવાની આશા પણ રહેશે નહિ. ત્યારે તેઓને મારી અમે જીતીએ તે શું કામનું ?

**કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ પૃચ્છામિ ત્વાં ધર્મસમ્મૈંઢચેતાઃ।।**
**યત્ શ્રેયઃ સ્યાત્ નિશ્ચિતં બ્રૈંહિ તન્ મે**
**શિષ્યસ્ તેડહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્।૭।**

**શ્લોકાર્થ :** કાર્પણ્ય દોષથી બગડેલા સ્વભાવવાળો ધર્મમાં મૈંઢ ચિત્તવાળો હું આપને પૈંછું છું કે જે નિશ્ચિત શ્રેય હોય તે મને કહો. હું આપનો શિષ્ય છું. આપને શરણ આવેલા મને ઉપદેશ કરો.

**વિવેચન :** બન્ધુઓને મારવા એ અનુચિત છે એવું જ મારું માનવું છે તેથી હું કૃપણ થયો છું. એવું મારું જ્ઞાન છે તે જ મારો કાર્પણ્યદોષ છે. આ દોષથી મારો ક્ષાત્ર સ્વભાવ બગડેલો છે, કારણ કે યુદ્ધ કરવાનો ઉત્સાહ મને થતો નથી. હું બગડેલા સ્વભાવવાળો વિકલ હોવા છતાં ધર્મમાં મારું ચિત્ત સમ્મૈંઢ હોવાથી આપને મારા શ્રેય સમ્બન્ધી પ્રશ્ન કરું છું. યુદ્ધ કરીને તેઓને મારું અથવા યુદ્ધ ન કરું અને તેઓને ન મારું એ બેમાં મારા માટે જે આપની પ્રસન્નતારૂપ શ્રેય હોય તે કહો. હું આપનો મિત્ર નથી, પણ શિષ્ય છું, ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી શરણે આવેલો છું, તેથી મને ઉપદેશ કરો.

**ન હિ પ્રપશ્યામિ મમાપનુદ્યાદ્ યત્ શોકમુચ્છોષણમિન્દ્રિયાણામ્।।**
**અવાપ્ય ભૈંમાવસપત્નમૃદ્ધં રાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ્ ।।૮।।**

**શ્લોકાર્થ :** કારણ કે ભૈંતલપર અદ્વિતીય સમૃદ્ધિમત્ રાજ્ય અને દેવોનું અધિપતિપણું પ્રાપ્ત કરીને પણ ઇન્દ્રિયોનું અતિશય શોષણ કરનાર મારા શોકને દૈંર કરે તેવું કાંઈ હું જોતો નથી.

**વિવેચન :** ''તું મારો મિત્ર છે અને શરણે આવેલો છે તેથી તું જેમ ઇચ્છે તેમ હું કરીશ'' એમ આપ કહેતા હો તોપણ ગુરુઓને મારી મને એવો ઇન્દ્રિયોનું અતિશય શોષણ કરનાર શોક થશે કે ભૈંતલ ઉપરનું અદ્વિતીય સર્વ સમૃદ્ધિવાળું રાજ્ય અને દેવોનું અધિપતિપણું મને મળે તોપણ તે શોકને દૈંર કરનાર કાંઈ મળશે નહિ. 'હિ – કારણ કે' શબ્દથી એમ જણાવ્યું છે કે ઇન્દ્રિયોને તૃપ્ત કરવી એ ઘણું કઠણ છે.

**સઞ્જય ઉવાચ**

**એવમ્ ઉક્ત્વા હૃષીકેશં ગુડાકેશઃ પરન્તપ !।**
**ન યોત્સ્ય ઈતિ ગોવિન્દમ્ ઉક્ત્વા તૈંષ્ણીં બભૈંવ હ ।।૯।।**

**શ્લોકાર્થ :** હે પરન્તપ ! ગુડાકેશ હૃષીકેશને એ પ્રમાણે કહી, ગોવિન્દને ''હું યુદ્ધ કરીશ નહિ'' એમ કહી બોલતો બંધ થયો !

**વિવેચન :** 'ગુડાકા' એટલે નિદ્રાનો ઈશ અથવા આલસ્યરહિત અર્જુને ઇન્દ્રિયોના ઈશ એટલે ઇન્દ્રિયોના પ્રેરક ભગવાન્‌ને એ પ્રમાણે કહી ભક્ત પરિપાલક ગોવિન્દને ''હું યુદ્ધ કરીશ નહિં'' એમ કહ્યું. અને પછી મૌન ધારણ કર્યું.

મૈંલમાં 'હ' શબ્દ છે તે આશ્ચર્ય દર્શાવે છે. ભગવાને અર્જુનને યુદ્ધ કરી રાજ્ય પ્રાપ્ત કરવા કહ્યું. તોપણ તેને રાજ્યની સ્પૃહા થઈ નહિ એ આશ્ચર્યની વાત છે. અહીં સઞ્જય ધૃતરાષ્ટ્રને 'પરન્તપ' કહે છે. 'પરં' એટલે મોટું, મોટું તપ છે જેનું તે પરન્તપ. ''તમારું તપ મોટું છે, ભાગ્યશાળી છો કે તમારા પુત્રો શ્રીકૃષ્ણની સન્નિધિમાં જીવનનો ત્યાગ કરી કૃતાર્થ થશે'' એવા ભાવાર્થથી અહીં ધૃતરાષ્ટ્રને 'પરન્તપ' સમ્બોધન કરેલું છે. તેથી જ ''અર્જુનના અસ્ત્રોથી પવિત્ર થએલાઓએ ભગવાન્‌ના ચરણની પ્રાપ્તિ કરી'' એવું વાક્ય છે.

**તમ્ ઉવાચ હૃષીકેશઃ પ્રહસન્નિવ ભારત !।**
**સેનયોર્ ઉભયોર્ મધ્યે વિષીદન્તમ્ ઈદં વચઃ ।।૧૦।।**

**શ્લોકાર્થ :** હે ભારત, ઉભય સેનાની મધ્યે શોક કરતા તેને હૃષીકેશે જાણે હસતા હોય તેમ આ (નીચેનું) વચન કહ્યું.

**વિવેચન :** અર્જુનને આત્મતત્ત્વ જ્ઞાન નહિં હોવાથી તે વિકલ થઈ ગયો છે એવા વિચારથી ભગવાન્ જાણે હસતા હોય તેમ શોક કરતા અર્જુનને, તે ધર્મિષ્ઠ હોવાથી આ પણ તેનામાં ઉચિત છે એમ વિચારી, નીચેનાં વચન કહે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે ।**
**ગતાસૈંન્ અગતાસૈંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ।।૧૧।।**

**શ્લોકાર્થ :** તેં શોક ન કરવા યોગ્યનો શોક કર્યો અને જ્ઞાનનાં વચનો બોલે છે. પણ્ડિતો મરેલા અથવા જીવતાઓનો શોક કરતા નથી.

**વિવેચન :** આ શ્લોકથી આરમ્ભી નર (અર્જુન)ના મોહ અને શોક દૈર કરવા ભગવાન્ તેને સાંખ્યનું જ્ઞાન આપે છે. ''સાંખ્યના ઘણા પ્રકારો છે, તે પેકી એક ઉત્તમ પ્રમાણરૂપ છે (તે અહીંથી ભગવાન્ તેને કહે છે.). આ સાંખ્ય પ્રમાણે તત્ત્વોની સંખ્યા અઠ્ઠાવીસ છે, અને તે બધાનું સ્વરૂપ ભગવાન્ જ છે. સત્પુરુષોએ આદર કરી માન્ય ગણેલો યોગ પણ એક છે. તે યોગમાં ભગવાન્નું ધ્યાન ધરવામાં આવે છે. વૈરાગ્ય, જ્ઞાન, યોગ, પ્રેમ અને તપ એ વિદ્યાના પાંચ સાધનો પૈકી હર એક સાધન પણ દૃઢ કરી ભગવાન્ને જે ભજે છે તે સિદ્ધિ પ્રાપ્ત કરે છે''. તેથી અર્જુનની કુમતિનો નાશ કરવા ભગવાન્ તેને ત્યાગ અને અત્યાગ ના વિભાગથી સાંખ્ય અને યોગ નો ઉપદેશ કરે છે. ''સાંખ્યમાં ત્યાગ કરવાનો ઉપદેશ છે. જ્યારે અહન્તા અને મમતા નો નાશ થાય, અને જીવમાં અહપાર જરાએ ન રહે અને તે પોતાનાં સ્વરૂપમાં સ્થિતિ કરે, ત્યારે ભગવાન્નો આશ્રય કરી તે કૃતાર્થ થાય છે. ત્યાગ ન કરવો હોય તેણે યોગનો માર્ગ ગ્રહણ કરવો. આ માર્ગમાં પણ મનથી તો ત્યાગ કરવાનો હોય જ છે, અને યમ-નિયમ વિગેરે (શ્રીમદ્‌ભાગવત સ્કન્ધ ત્રીજાના અઠ્ઠાવીસમા અધ્યાયમાં કહેલાં) યોગનાં સાધનો કરવાના હોય છે. એ સાધનો કરી યોગ સિદ્ધ થાય ત્યારે કૃતાર્થ થવાય છે. યોગમાં ઈશ્વરનો આધાર રાખવાથી તેવું ફલ પ્રાપ્ત કરી, ઘણાં જન્મો સુધી યોગની વૃદ્ધિ કરતાં તે ચોક્કસ ભક્તિ ઉત્પન્ન કરે છે. સાંખ્યમાં પણ જો ચિત્ત ભગવાન્માં રાખવામાં આવે તો આ ફલ પ્રાપ્ત થાય છે જ; પણ જો ચિત્ત ભગવાન્માં રાખવામાં ન આવે તો ભક્તિ પ્રાપ્ત થતી નથી. કર્મો પણ જો ભગવાન્ને સમર્પણ કરવામાં આવે તો તેથી પણ દૃઢ ભક્તિ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાન્ અર્જુનને પોતાના ભક્તિ માર્ગમાં ન સ્વીકારતાં ''આને આત્માના તત્ત્વનું વાસ્તવિક જ્ઞાન ન હોવાથી જ આ આવી રીતે શોક કરે છે'' એમ વિચારી, તેવા શાક દૈર કરવા તેને સાંખ્યનો બોધ કરે છે.

શાસ્ત્રાર્થના જ્ઞાનથી અર્જુનની બુદ્ધિ પ્રથમ સ્થિર કરી, પછી તેને ભક્તિનો ઉપદેશ કરવા ભગવાન્ ઈચ્છે છે. તેથી પ્રથમ શાસ્ત્રાર્થ જ્ઞાન અથવા આત્માના અને જડના જ્ઞાનનો ઉપદેશ કરે છે. અશોચ્ય અથવા શોક કરવા યોગ્ય નહિ તેવાનો તેં શોક કર્યો. આ સર્વ અશોચ્ય છે, શોક કરવા યોગ્ય નથી, કારણ કે તે મારા ભક્તો નથી, પણ અસુરના આવેશવાળા છે. ભૈંમિનો ભાર હરવા મારે તેઓને મારવાના જ છે. તેવા અશોચ્યનો તેં શોક કર્યો. વળી તું પણ્ડિતોના જેવાં વચન બોલે છે, પરન્તુ પણ્ડિત નથી, કારણ કે પણ્ડિતોને તો સર્વ મારી ઈચ્છા પ્રમાણે જ થાય છે તેવું જ્ઞાન હોય છે. આવું પણ્ડિતોને જ્ઞાન હોવાથી તેઓ મરેલાનો અથવા જીવતાંઓનો શોક કરતા નથી. મરી ગયા તેઓનું પરલોકમાં શું થશે એવો પણ્ડિતો મરેલાંઓનો શોક કરતા નથી. તેમજ જીવે છે તેઓનું ભરણપોષણ તથા રક્ષણ કેમ થશે એવો જીવતાંઓનો પણ શોક કરતા નથી. શ્રુતિ પણ કહે છે ''જેને ઉદ્ધાર કરવાની ઈચ્છા થાય તેની પાસે ભગવાન જ સારાં કર્મ કરાવે છે, જેનો અધઃપાત કરવાની ઈચ્છા થાય, તેની પાસે ભગવાન જ અધમ કર્મ કરાવે છે'' તે સર્વ મારી ઈચ્છા પ્રમાણે જ થાય છે. હું જે કરું તેમાં શોક કરવાનું શું ?

**ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ।**
**ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્‌।।૧૨।।**

**શ્લોકાર્થ :** કોઈ પણ સમયે હું, તું અથવા આ રાજાઓ ન હતા એમ નથી. વળી આપણે સર્વ

હવે પછી ન હોઈશું એમ પણ નથી.

**વિવેચન :** વળી જે ઉત્પન્ન થઈ મરણ પામે તે જ શોક કરવા યોગ્ય છે, પરન્તુ આ આત્મા હોવાથી તેની ઉત્પત્તિ જ સમ્ભવતી નથી. આ પ્રમાણે આત્મવાદથી ઉત્પત્તિનો નિરાસ કરી અશોચ્યતા દર્શાવે છે. મને તું જેવો જૈએ છે તેવો હું કોઈ પણ સમયે ન હતો એમ નથી, અર્થાત્ સર્વદા હું હતો. તેમજ તું અને આ રાજાઓ સદા હતા. હવે પછી ભવિષ્યમાં આપણે સર્વ નહિ હોઈશું એમ પણ નથી અર્થાત્ આપણે સર્વ હોઈશું. આત્માની ઉત્પત્તિ નથી તેમ નાશ પણ નથી. આત્મા નિત્ય, શુદ્ધ અને ચેતન છે. તેથી સર્વ નિત્ય હોવાથી કોઈનો શોક કરવો યોગ્ય નથી ''નિત્યોમાં નિત્ય, ચેતનોમાં ચેતન'' વિગેરે શ્રુતિ પ્રમાણે આત્માની ઉત્પત્તિ થતી નથી ( તેમ નાશરૂપ વિકાર પણ થતો નથી. ) એમ કહ્યું.

**દેહિનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા।**
**તથા દેહાન્તરપ્રાપ્તિઃ ધીરસ્તત્ર ન મુહ્યતિ।।૧૩।।**

**શ્લોકાર્થ :** દેહીને જેમ આ દેહમાં કૌમાર, યૌવન અને જરા પ્રાપ્ત થાય છે તેમ અન્ય દેહની પ્રાપ્તિ થાય છે, તેમાં ધીર પુરુષ મોહ પામતો નથી.

**વિવેચન :** આપણે સર્વ ભવિષ્યમાં હોઈશું ખરા, પરન્તુ આ દેહનું શું થશે અથવા આવો અલૌકિક દેહ પ્રાપ્ત થશે કે કેમ એવી શંકા થાય, તે માટે આ શ્લોક યોજેલો છે. જેમ સમય જતાં જીવને આ દેહમાં બાલ્ય યૌવન અને વૃદ્ધાવસ્થા એમ ત્રણ અવસ્થા પ્રાપ્ત થાય છે; તેમ સમય જતાં અન્ય દેહની પ્રાપ્તિ થવાની જ. તેથી ધીર પુરુષ આ વિષયમાં મોહ રાખતો નથી. અન્ય દેહની પ્રાપ્તિ સર્વને થવાની જ. ભગવાન્‌ની ઈચ્છાથી ભગવદીયને દ્વિતીય પણ અલૌકિક દેહની જ પ્રાપ્તિ થવાની. તેથી ધીર અથવા ભક્તને કેવા દેહની પ્રાપ્તિ થશે એ સમ્બન્ધમાં મોહ થતો નથી.

**માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણ-સુખદુઃખદાઃ।**
**આગમાપાયિનોઽનિત્યાઃ તાન્ તિતિક્ષસ્વ ભારત !।।૧૪।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય ! માત્રાના સ્પર્શો તો ટાઢ-તાપ, સુખ અને દુઃખ આપનાર, આવે-જાય તેવા અનિત્ય છે. હે ભારત ! તેઓને સહન કર.

**વિવેચન :** ધીરને મોહ ન થાય, પરન્તુ મારામાં ધૈર્ય ન હોવાથી મને શોક થાય છે તેનો શું ઉપાય એવી શંકા થાય, તે માટે ધૈર્ય પ્રાપ્ત કરવાનો ઉપાય આ શ્લોકમાં કહે છે. 'માત્રા' એટલે ઈન્દ્રિયોની વૃત્તિઓ. તેઓના પદાર્થો સાથેના સમ્બન્ધ ટાઢ-તાપ અને સુખ-દુઃખ આપનાર છે. જેમકે ત્વચાનો જલ સાથે સમ્બન્ધ થવાથી ટાઢ અથવા શીત થાય, તડકા અથવા અગ્નિ સાથે સમ્બન્ધ થવાથી તાપ લાગે. મિત્ર મળવાથી સુખ થાય, મિત્રનો વિયોગ થવાથી દુઃખ થાય. મિત્ર દર્શનથી સુખ થાય, શત્રુ દર્શનથી ઉદ્વેગ થાય વિગેરે. અથવા 'માત્રા' એટલે રૂપ વિગેરે ગુણવાળા પદાર્થો. તેઓનો ઈન્દ્રિયોની વૃત્તિઓ સાથેનો સ્પર્શ સુખ-દુઃખ વિગેરે આપનાર છે. આ માત્રાસ્પર્શો સ્થિર નથી, પરન્તુ આવે-જાય તેવા અસ્થિર છે, અનિત્ય છે. તેથી તેઓને સહન કર. તું ભરતકુલમાં ઉત્પન્ન થએલો હોવાથી તારે તેઓને સહન કરવા એ જ યોગ્ય છે. આ પ્રમાણે સહન કરવાની સાંખ્ય તથા યોગ ઉભયમાં આવશ્યકતા છે.

**યં હિ ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ !।**

**સમદુઃખસુખં ધીરં સોઽમૃતત્વાય કલ્પતે ।।૧૫।।**

**શ્લોકાર્થ :** હે પુરુષરત્ન ! દુઃખ અને સુખ ને સમાન જાણનાર જે ધીર પુરુષને માત્રાના સ્પર્શો વ્યથા કરતા નથી તે અમૃતત્વ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

**વિવેચન :** આ પ્રમાણે સહન કરવાથી અમૃતત્વની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. હે પુરુષોમાં શ્રેષ્ઠ અર્જુન ! સુખ અને દુઃખ જેને સમાન છે, એવા ધીર અર્થાત્ માત્રા સ્પર્શોને સહન કરવા સમર્થ જે માણસને એ સ્પર્શો પીડતા નથી તે માણસ અમૃતત્વ એટલે મોક્ષ પ્રાપ્ત કરવા યોગ્ય છે, અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનાર ભક્તિ પ્રાપ્ત કરવા યોગ્ય છે. સુખ અને દુઃખ ને સમાન ગણનારને ભગવાન્‌ની ઇચ્છાથી સર્વ આનન્દરૂપ જ જણાય છે એમ સૈંચવેલ છે.

**નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ ।**
**ઉભયોરપિ દૃષ્ટોન્તઃ ત્વનયોઃ તત્ત્વદર્શિભિઃ ।।૧૬।।**

**શ્લોકાર્થ :** અસત્‌નો ભાવ હોતો નથી. સત્‌નો અભાવ હોતો નથી. તત્ત્વદર્શીઓએ આ ઉભયનો પણ નિર્ણય કરેલો છે.

**વિવેચન :** આ શ્લોકમાં એમ જણાવે છે કે આત્માને અસ્તિત્વરૂપ ( થવાપણાનો ) વિકાર નથી, અને તેથી તે શોક કરવા યોગ્ય નથી. અસ્તિત્વરૂપ વિકાર તો પદાર્થની ઉત્પત્તિ થયા પછી તેનામાં થાય છે, પણ આત્માની તો ઉત્પત્તિ જ થતી ન હોવાથી તેનામાં એવો વિકાર નથી. ‘‘આ પહેલાં અસત્ હતું, તેમાંથી ખરેખર સત્ થયું’’ એ શ્રુતિથી અસદ્વાદ ( જગત્ અસત્ છે એવો વાદ ) ખોટો હોવાનું સિદ્ધ કરેલું છે, તેમ આ શ્લોકમાં ભગવાન્ અસદ્વાદ ખોટો હોવાનું જણાવે છે.

‘અસત્’ એટલે ત્રણે કાલમાં ન હોય તેવા પદાર્થ; જેમકે આકાશમાં ઉગેલું ફૂલ વિગેરે. આવા પદાર્થોનો ભાવ એટલે સત્તા હોતી નથી. તેમ જ ‘સત્’ એટલે ત્રણે કાલમાં જે હોય જ, કોઈ પણ સમયે ન હોય તેવું બને જ નહિ, તેવા પદાર્થ. આત્મા સત્ છે. તે ક્યારેય પણ ન હોય તેવું બને જ નહિ કારણ કે ‘‘આત્મા અમુક સમયે ન હતો’’ ‘‘આત્મા નથી’’ અથવા ‘‘આત્મા અમુક સમયે નહિ હોય’’ એવું જણાતું જ નથી. પરન્તુ દેહ વિગેરે પદાર્થ ‘‘અમુક સમય પછી હશે જ’’ એમ કહી શકાતું નથી, કારણ કે આવા પાદાર્થોનો નાશ થાય છે. તેથી તે ‘સત્’ નથી. વળી તે ‘અસત્’ છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે તેમની ઉત્પત્તિ થાય છે, અને ‘અસત્’ પદાર્થનો ભાવ ( એટલે ઉત્પત્તિ ) થતી નથી. તેથી આ દેહ વિગેરે જગત્ ‘સદ્સત્’ છે. તેથી જ આ પદાર્થો અનિત્ય છે, કારણ કે ઉત્પત્તિ થયા પહેલાં તે હોતા નથી અને નાશ થયા પછી પણ હોતા નથી. પ્રકૃતિમાંથી તેમની ઉત્પત્તિ થાય છે અને પ્રકૃતિ સચ્ચિદાનન્દ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે, તેથી બ્રહ્મથી આ પદાર્થો ભિન્ન નથી એવી દૃષ્ટિથી જ વિષ્ણુપુરાણમાં ‘‘હે ઉત્તમ મુનિ ! તેથી આ સર્વ જગત્ ક્ષય ન થાય તેવું નિત્ય છે !’’ એમ કહેલું છે. વેદસ્તુતિ ( ૧૦ ૮૭।૩૬ ) માં આ જગતને અસત્ જ કહેલું નથી, પરન્તુ ત્યાં તે સત્ નથી એમજ કહેલું છે. તે સત્ હોવાની કલ્પના વ્યવહારમાટે અંધપરમ્પરા પ્રમાણે કરાયેલી છે એમ તે સ્થળે જ કહેલું છે.

અથવા સત્ બે પ્રકારનું છે શુદ્ધ અને અશુદ્ધ. આત્મામાં રહેલું સત્ત્વ શુદ્ધ છે, જડ પદાર્થોમાં રહેલું સત્ત્વ અશુદ્ધ છે. અસત્ એટલે આત્મામાં જેવું શુદ્ધ સત્ત્વ જેમાં ન હોય તેવા

દેહ વિગેરે પદાર્થો. આવા પદાર્થોનો ભાવ હોતા નથી એટલે આવા પદાર્થોમાં શુદ્ધ સત્ત્વ હોતું નથી, પરન્તુ વિકાર પામે તેવું અસ્થિર સત્ત્વ હોય છે. (અશુદ્ધ સત્ત્વ હોય તે પદાર્થોનો વિકાર થાય છે. શુદ્ધ સત્ત્વવાળા આત્મામાં વિકાર થતો નથી. અશુદ્ધ સત્ત્વવાળા પદાર્થોમાં વિકાર થાય છે એટલે તેઓની આકૃતિ વિગેરે બદલાય છે, શુદ્ધ સત્ત્વવાળા આત્મામાં તેવો કાંઈ પણ વિકાર થતો નથી) તેમ જ સત્ એટલે શુદ્ધ સત્ત્વવાળા આત્માનો અભાવ હોતો નથી એટલે તેમાં વિકાર પામે તેવું અસ્થિર સત્ત્વ હોતું નથી. આવો સત્ અને અસત્ ઉભય પદાર્થોનો નિર્ણય તત્ત્વદર્શીઓએ કરેલો છે. આથી એમ કહેવાયું કે આત્માને વૃદ્ધિ અને વિપરિણામ (ફેરફાર) નામના વિકારો પણ થતા નથી.

**અવિનાશિ તુ તદ્ વિદ્ધિ યેન સર્વમ્ ઈદં તતમ્ ।**
**વિનાશમ્ અવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્ કર્તુમ્ અર્હતિ ॥૧૭॥**

**શ્લોકાર્થ :** આ સર્વ જેનાથી વ્યાપ્ત છે તે અવિનાશી જાણ. આ અવ્યયનો વિનાશ કરવા કોઈ સમર્થ નથી.

**વિવેચન :** આ શ્લોકમાં એમ કહે છે કે આત્માને ક્ષય અને વિનાશ નામના વિકારો પણ થતા નથી.

આ સર્વ દેહ વિગેરે જેનાથી વ્યાપ્ત છે, જે આ દેહ વિગેરે સર્વમાં વ્યાપી રહેલ છે, અસત્ અને નાશ પામે તેવી સ્થિતિમાં હોવા છતાં પણ જેને લીધે સર્વનો 'સત્' તરીકે વ્યવહાર થાય છે, તે આત્મા અવિનાશી છે એમ જાણ. આ અવ્યય અથવા જેનો ક્ષય ન થઈ શકે તેવા આત્માનો શસ્ત્ર અગ્નિ વિગેરે કોઈ પણ ઉપાયથી નાશ કરવા કોઈ સમર્થ નથી.

**અન્તવન્ત ઈમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ ।**
**અનાશિનોઽપ્રમેયસ્ય તસ્માદ્ યુધ્યસ્વ ભારત ! ॥૧૮॥**

**શ્લોકાર્થ :** હે ભારત ! નિત્ય, નાશરહિત, અપ્રમેય આત્માના આ દેહો અન્તવાળા કહેલા છે. તેથી યુદ્ધ કર.

**વિવેચન :** હે ભારત ! આત્મા નિત્ય છે, તેનો નાશ થતો નથી. આત્મા અપ્રમેય અથવા જાણી ન શકાય તેવો છે. તેના આ દેહો અન્તવાળા એટલે અસ્થિર કહેલા છે. તેથી તું શોક કર તે પણ ન કર્યા જેવો છે. તેથી શોક કરવો તજી દઈ યુદ્ધ કર.

**ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ ।**
**ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ॥૧૯॥**

**શ્લોકાર્થ :** જે એને હણનાર જાણે છે, અને જે એને હણાએલો જાણે છે તેઓ ઉભય જાણતા નથી કે આ હણતો નથી અને હણાતો નથી.

**વિવેચન :** આત્મા હણનાર અથવા હણાતો હોવાનું માનવાની અહીં નિન્દા કરે છે. આત્માનો અવયવોવાળા શરીરથી વિયોગ જ થાય છે તેથી તે હણાતો કે હણતો નથી. ''પ્રાણીમાત્રની હિંસા ન કરવી'' વિગેરે વચનો પણ શરીરની દૃષ્ટિથી કહેલા છે.

**ન જાયતે મ્રિયતે વા કદાચિત્ નાયં ભૈત્વા ભવિતા વા ન ભૈયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥૨૦॥**

**શ્લોકાર્થ :** આ કોઈ સમયે જન્મતો નથી તેમ મરતો નથી, થઈને પુનઃ થવાનો નથી. અજ,

નિત્ય, શાશ્વત અને પુરાતન આ આત્મા હણાતા શરીરમાં હણાતો નથી.

**વિવેચન :** જેનો જન્મ અથવા ઉત્પત્તિ હોય તેનું જ મૃત્યુ થઈ શકે, પરન્તુ આત્માની ઉત્પત્તિ જ નથી તો મૃત્યુ કેવી રીતે થાય એમ જણાવવા ઉત્પત્તિનો નિષેધ કરે છે. આત્મા કોઈ સમયે જન્મતો નથી; તેમજ કોઈ સમયે મરતો નથી. ''ભૈંત્વા ભૈંયો ન ભવિતા'' થઈને પુનઃ થવાનો નથી. આનો અર્થ એવો છે કે : ભગવાને પોતાની ક્રીડામાટે સૃષ્ટિ રચી છે. તેમાં એકવાર જે ભાવથી અમુક આત્મા થએલો તે ભાવથી ભવિષ્યમાં પુનઃ તે આત્મા થવાનો નથી. તેથી જે કાર્યમાટે આત્માને જે વખતે ભગવાને યોજેલો છે તે વખતે તે જ કાર્ય તેણે કરવું. એ પ્રમાણે કરવાથી ભગવાન્‌ની પ્રીતિ પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે ન થાય તો એની યોજના વ્યર્થ થાય છે. અહીં 'ભૈંત્વા=થઈને' શબ્દ યોજેલો છે તેથી આત્માની પણ ઉત્પત્તિ હોય છે એવી શંકા થાય, તે દૈંર કરવા આત્માને પુનઃ અજ કહેલો છે. જેનો જન્મ ન હોય તે 'અજ'. આત્મા ભગવાન્‌નો અંશ હોવાથી તેનો જન્મ હોતો નથી એટલે તે અજ છે. વળી આત્મા નિત્ય છે, શાશ્વત એટલે સદા એકભાવવાળો છે, આત્મા પુરાણ અથવા પુરાતન છે, સદા મારી સેવા કરનાર મારો દાસ છે. જે શરીરમાં તે હોય તે શરીર હણાય તોપણ આત્મા હણાતો નથી. આ શ્લોકમાં કઠોપનિષદ્ વિગેરેની શ્રુતિઓનો અર્થ કહેલો છે, અને આત્માને ઉત્પત્તિ વિગેરે વિકારો થતા નથી એમ જણાવેલ છે.

બ્રહ્મસૈંત્ર ૨।૩।૧૭ ઉપરના અણુભાષ્યમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**વેદાવિનાશિનં નિત્યં ય એનમ્ અજમવ્યયમ્ ।**
**કથં સ પુરુષઃ પાર્થ કં ઘાતયતિ હન્તિ કમ્ ।।૨૧।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! જે આને અવિનાશી, નિત્ય, અજ અને અવ્યય જાણે છે તે પુરુષ કેવી રીતે કોનો ઘાત કરાવે છે તથા કોને હણે છે ?

**વિવેચન :** આત્મા હણે છે અથવા હણાય છે એવી બુદ્ધિ થવાનું કારણ અજ્ઞાન જ છે એમ દર્શાવવા આત્માનું જ્ઞાન જેને હોય તેને એવી બુદ્ધિ થઈ શકે નહિ એમ કહે છે. જે આત્માને 'અવિનાશી' એટલે વિકાર રહિત, 'નિત્ય' એટલે સદા એકરૂપ, 'અજ' એટલે જન્માદિ રહિત, અને 'અવ્યય' એટલે નાશ રહિત જાણે તે પુરુષ ક્યા સાધનથી પોતે કોઈને હણે ? અર્થાત્ કોઈ પણ સાધનથી કોઈનો ઘાત કરાવી શકાતો નથી અને કોઈ પણ સાધનથી કોઈને હણી શકાતો નથી.

**વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ ।**
**તથા શરીરાણિ વિહાય જીર્ણાનિ અન્યાનિ સંયાતિ નવાનિ દેહી।૨૨।**

**શ્લોકાર્થ :** જેમ જૈંના વસ્ત્રોને તજી માણસ બીજાં નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેમ જૈંનાં શરીરો તજી દેહી બીજાં નવાં શરીરોમાં પ્રવેશ કરે છે.

**વિવેચન :** ''આત્મા ભલે અવિનાશી હો, પરન્તુ તેના ભોગના સાધનભૈંત દેહનો વિનાશ થશે એમ જાણી હું શોક કરું છું. વળી ''ભગવાન્‌ની ક્રીડામાટે રચાએલા દેહોને હણવાથી પણ દોષ જ થવાનો હોવાથી શોક કરવો જ યોગ્ય છે'' એવી શંકા થાય તે દૈંર કરે છે કે માણસ જેમ જૈંનાં અનુપયોગી વસ્ત્રો તજી બીજાં ઉપયોગી વસ્ત્રો ગ્રહણ કરે છે, તેવી જ રીતે આત્મા પણ મારી ક્રીડામાં અનુપયોગી થએલાં શરીરો તજી દઈ મારી ક્રીડામાં ઉપયોગી થાય તેવાં બીજાં નવીન

દેહોમાં મારી ઈચ્છા પ્રમાણે પ્રવેશ કરે છે, તેથી કર્મથી બંધાતા અન્ય નવીન શરીરો અવશ્ય પ્રાપ્ત થવાનાં હોવાથી જૈનાં શરીરોના નાશ વિષે શોક કરવો યોગ્ય નથી.

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ।**
**ન ચૈનં ક્લેદયુત્યાપો ન શોષયતિ મારુતઃ।।૨૩।।**

**શ્લોકાર્થ:** શસ્ત્રો આનો છેદ કરતા નથી, અગ્નિ આને બાળતો નથી, જલ આને ભીંજવતું નથી, અને વાયુ શોષતો નથી.

**વિવેચન:** સારી રીતે સમજી શકાય તે માટે આત્મા અવિનાશી છે એવો પુનઃ બોધ કરે છે. શાસ્ત્રો આત્માને છેદતાં નથી, અગ્નિ બાળતો નથી, જલ ભીંજવતુ નથી અને વાયુ શોષતો નથી. તેથી યુદ્ધમાં તું શસ્ત્ર વિગેરેનો પ્રયોગ કરીશ તો પણ તેને કાંઈ થવાનું નથી. શસ્ત્ર વિગેરે પણ જ્યાં મારી ઈચ્છા હોય ત્યાં જ પોતાનો પ્રભાવ દર્શાવી શકે છે. તેઓની પોતપોતાના ધર્મ પ્રમાણે કાર્ય કરવાની શક્તિ પણ મારી ઈચ્છાને જ આધીન છે. તેથી જ શ્રીમદ્‌ભાગવતમાં ‘‘મારા ભયથી આ વાયુ વાય છે’’ વિગેરે કહેલું છે. તેથી શસ્ત્ર વિગેરે આત્માને કાંઈ કરી શકતા નથી, અને મારી ઈચ્છાથી જ ત્યાજ્ય દેહોમાં તેઓનો પ્રભાવ ચાલે છે એમ જાણી યુદ્ધ કરવા તૈયાર થઈ જા.

**અચ્છેદ્યોઽયમ્ અદાહ્યોઽયમ્ અક્લેદ્યોઽશોષ્ય એવ ચ।**
**નિત્યઃ સર્વગતસ્થાણુઃ અચલોઽયં સનાતનઃ।।૨૪।।**

**શ્લોકાર્થ:** એ છેદી ન શકાય તેવો, બાળી ન શકાય તેવો, ભીંજવી ન શકાય તેવો અને વળી શોષી ન શકાય તેવો, નિત્ય, વ્યાપક, સ્થિર, અચલ અને સનાતન છે.

**વિવેચન:** આ આત્મા છેદી, બાળી, ભીંજવી અથવા શોષી ન શકાય તેવો છે. તે નિત્ય છે એટલે તેની ઉત્પત્તિ નથી. વ્યાપક છે. જીવસ્વરૂપથી વ્યાપક નથી, પરન્તુ તે બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મભાવના અભિપ્રાયથી અહીં તેને વ્યાપક કહેલો છે. ચૈતન્ય જીવનો ગુણ છે અને ચૈતન્ય વ્યાપક છે તેથી પોતાન ચૈતન્ય ગુણને લીધે જીવને વ્યાપક કહેલો છે. મૈંલમાં ‘સર્વગતઃ’ શબ્દ છે તેનો અર્થ વ્યાપક કહેલો છે. જીવનો ચૈતન્ય ગુણ સર્વ શરીરમાં વ્યાપી રહેલો હોવાથી જીવને સર્વગત અથવા વ્યાપક કહેલો છે. વળી તે સ્થિર છે અને અચલ અથવા ક્રિયારહિત છે. સનાતન અથવા નિત્ય છે. આકાશ પણ નિત્ય નથી, કારણ કે ‘‘તેથી આમાંથી ખરેખર આકાશ ઉત્પન્ન થયું’’ એમ આકાશની ઉત્પત્તિ થવાનું કહેલ છે.

શ્રીભાગવત્ ૨।૭।૪૯ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**અવ્યક્તોઽયમ્ અચિન્ત્યોઽયમ્ અવિકાર્યોઽયમ્ ઉચ્યતે।**
**તસ્માદ્ એવં વિદિત્વૈનં નાનુશોચિતુમ્ અર્હસિ।।૨૫।।**

**શ્લાકાર્થ:** આને અવ્યક્ત, અચિન્ત્ય, અને અવિકાર્ય કહે છે. તેથી આને તેવો જાણીને શોક કર નહિ.

**વિવેચન:** આ ‘અવ્યક્ત’ એટલે લૌકિક ઈન્દ્રિયોથી ગ્રહણ થઈ શકે નહિ તેવો, ‘અચિન્ત્ય’ એટલે મનથી પણ વિચારી શકાય નહિ તેવો, અને ‘અવિકાર્ય’ એટલે જેનામાં વિકાર કરી શકાય નહિ તેવો કહેવાય છે. પ્રકૃતિથી પર હોય તે મનથી પણ વિચાર ન કરી શકાય તેવો હોય છે. પ્રકૃતિમાં વિકાર થાય છે, આત્મામાં વિકાર થતા નથી. આત્માને આવો જાણીને તેનો શોક કરવો

તજી દે.

અહીં સુધી વિદ્વાનોએ નિર્ણય કરેલા સિદ્ધાન્ત પ્રમાણે આત્માનું સ્વરૂપ કહ્યું. એ પ્રમાણે આત્માના સ્વરૂપનું જ્ઞાન હોય તો યુદ્ધ કરવામાં કાંઈ શોક કરવા જેવું નથી એવો ઉપદેશ કરી, હવે અન્ય રીતે વિદ્વાનોનો સિદ્ધાન્ત ન રુચે તોપણ અજ્ઞાનીઓના મત પ્રમાણે પણ યુદ્ધ કરવામાં કાંઈ શોક કરવા જેવું નથી એમ કહે છે :

**અથ ચૈનં નિત્યજાતં નિત્યં વા મન્યસે મૃતમ્ ।**
**તથાપિ ત્વં મહાબાહો નૈનં શોચિતુમ્ અર્હસિ ।।૨૬।।**

**શ્લોકાર્થ :** હવે હે મહાબાહો ! જો તું આને નિત્ય જન્મતો અને નિત્ય મરતો માનતો હોય તો પણ આનો શોક કરવો તને યોગ્ય નથી.

**વિવેચન :** દેહની સાથે આત્માની પણ ઉત્પત્તિ થાય છે, અને દેહની સાથે આત્માનું પણ મૃત્યુ થાય છે એમ માનતો હોય, દેહને જ આત્મા માનતો હોય તો પણ તેનો શોક કરવો યોગ્ય નથી.

**જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।**
**તસ્માદ્ અપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમ્ અર્હસિ ।।૨૭।।**

**શ્લોકાર્થ :** કારણ કે જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે, અને મરેલાનો જન્મ નિશ્ચિત છે. તેથી ફેરવી ન શકાય તેવી બાબતમાં તારે શોક કરવો યોગ્ય નથી.

**વિવેચન :** કારણ કે આ સિદ્ધાન્ત પ્રમાણે જેનો જન્મ થયો તે મરવાનો જ. અને જેનું મરણ થયું તેનો જન્મ પણ થવાનો જ. મૃત્યુ અને જન્મ ટાળી શકાય તેમ નથી તો પછી તે બાબતમાં શોક કરવો શું કામનો ?

**અવ્યક્તાદીનિ ભૈંતાનિ વ્યક્તમધ્યાનિ ભારત ।**
**અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ।।૨૮।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! ભૈંતો અવ્યક્તમાંથી ઉત્પન્ન થાય છે, મધ્યમાં વ્યક્ત હોય છે અને અવ્યક્તમાં જ લય પામે છે. તેમાં ચિન્તા શી ?

**વિવેચન :** પુનઃ સાંખ્યરીતિથી ઉપદેશ કરે છે. હે ભારત ! સર્વ ભૈંતો અવ્યક્તમાંથી ઉત્પન્ન થાય છે. મધ્યે વ્યક્ત હોય છે ને પાછા અવ્યક્તમાંજ તેઓનો લય થાય છે તેમાં ચિન્તા શી ? તેથી તું શત્રુઓને મારીશ તો પણ તારો પણ ઉત્પત્તિસ્થાનમાં જ લય થશે, તેથી શોક કરવાનું કારણ નથી.

આ શ્લોકમાં ‘ભૈંત’ શબ્દના બે અર્થ સમ્ભવે છે. ૧. ભૈંત = શરીરો. શરીરો ‘અવ્યક્ત’ એટલે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે, મધ્યે જગતમાં વ્યક્ત હોય છે એટલે જોઈ શકાય છે, પુનઃ તેઓનો લય અવ્યક્ત પ્રકૃતિમાં થાય છે. ૨. ભૈંત = જીવ. ‘અવ્યક્ત’ એટલે અક્ષર. અક્ષરબ્રહ્મમાંથી જીવોનું વ્યુચ્ચરણ થાય છે. જેમ અગ્નિમાંથી તણખાઓ નીકળે છે તેમ અક્ષરમાંથી જીવો વ્યુચ્ચરે છે, મધ્યમાં તેઓ દેહો ધારણ કરે છે એટલે વ્યક્ત થાય છે, અને પુનઃ અક્ષરમાં તેઓનો સમાવેશ થાય છે.

શ્રીભાગવત્ ૧૦।૧૩।૪૭ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે ।।૨૮।।

**આશ્ચર્યવત્ પશ્યતિ કશ્ચિદ્ એનમ્ આશ્ચર્યવદ્ વદતિ તથૈવ ચાન્યઃ ।**

**આશ્ચર્યવત્ ચૈનમ્ અન્યઃ શ્રૃણોતિ શ્રૃત્વાપ્યેનં વેદ ન ચૈવ કશ્ચિત્॥૨૯॥**

**શ્લોકાર્થ :** કોઈ આને આશ્ચર્યવત્ જૈંએ છે, તેમ જ બીજો આશ્ચર્યવત્ કહે છે. અન્ય આને આશ્ચર્યવત્ સાંભળે છે, અને સાંભળીને પણ કોઈ આને જાણતું નથી.

**વિવેચન :** એ પ્રમાણે કાંઈ શોક કરવા જેવું ન હોય તો વિદ્વાનો પાપ કરવાથી નરકની પ્રાપ્તિ થશે એમ શોક શા માટે કરતા હશે ? એવી શંકા થાય, તે માટે આ શ્લોક યોજેલો છે. કોઈ આને આશ્ચર્યવત્ જુએ છે. આત્મા નિત્ય છે, અવ્યક્ત છે, વિગેરે જ્ઞાન શાસ્ત્રમાંથી પ્રાપ્ત થાય છે, છતાં જન્મ વિગેરેના અનુભવ થાય છે. તેથી ઈન્દ્રજાલ પેઠે આ સર્વ માયાથી થતું હોય તેમ જૈંએ છે. તેવી જ રીતે માયાથી મોહિત થઈ બીજા તેને આશ્ચર્યવત્ કહે છે, એટલે આત્મા આશ્ચર્યવત્ છે એવો લોકોને બોધ કરે છે, અને જ્ઞાન રહિત શ્રોતાઓ તેને આશ્ચર્યવત્ સાંભળે છે. એ પ્રમાણે સાંભળવા છતાં આ ત્રણમાંથી કોઈ ''આત્મા આવો છે'' એમ નિશ્ચયપૈંર્વક જાણતું નથી, તેથી સર્વ અજ્ઞાનને લીધે જ શોક કર્યા કરે છે એમ જાણ.

**દેહી નિત્યમ્ અવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત !।**
**તસ્માત્ સર્વાણિ ભૈંતાનિ ન ત્વં શોચિતુમર્હસિ ।।૩૦।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! સર્વના દેહમાં આ દેહી નિરન્તર અવધ્ય છે. તેથી સર્વ ભૈંતોનો શોક કરવો તને યોગ્ય નથી.

**વિવેચન :** પાછળના સર્વ ઉપદેશનો ઉપસંહાર કરે છે. સર્વના અનેક પ્રકારના દેહોમાં રહેલો દેહી જીવ સદા અવધ્ય છે. તેનો વધ થઈ શકે તેમ નથી, તેથી કોઈ પ્રાણીનો શોક કરવો યોગ્ય નથી.

**સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમ્ અર્હસિ ।**
**ધર્મ્યાદ્ધિ યુદ્ધાત્ શ્રેયોઽન્યત્ ક્ષત્રિયસ્ય ન વિદ્યતે ।।૩૧।।**

**શ્લોકાર્થ :** સ્વધર્મને જોઈને પણ તારે કમ્પવું યોગ્ય નથી, કારણ કે ક્ષત્રિયને ધર્મ્ય યુદ્ધથી અન્ય કાંઈ શ્રેયઃ નથી.

**વિવેચન :** તારા ક્ષત્રિય ધર્મ પ્રતિ દષ્ટિ કરીને પણ તારે કમ્પવું યોગ્ય નથી, કારણ કે ક્ષત્રિયનો ઉત્તમ ધર્મ ધાર્મિક યુદ્ધ જ છે. આવા યુદ્ધથી અન્ય કાંઈ ક્ષત્રિયોમાટે શ્રેયસ્કર છે જ નહિ. કારણ કે ક્ષત્રિયોને પરલોક વિગેરેની પ્રાપ્તિ પણ આવા યુદ્ધથી જ થાય છે.

**યદચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમ્ અપાવૃતમ્ ।**
**સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ લભન્તે યુદ્ધમ્ ઈદશમ્ ।।૩૨।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! ઉઘાડાં સ્વર્ગદ્વારરૂપ અકસ્માત પ્રાપ્ત થતું આવું યુદ્ધ ભાગ્યશાળી ક્ષત્રિયોને મળે છે.

**વિવેચન :** પાર્થ ! અકસ્માત્ ભગવદિચ્છાથી પ્રાપ્ત થતું આ યુદ્ધ ઉઘાડાં સ્વર્ગદ્વારારૂપ છે. આવું યુદ્ધ સુખી અથવા ભાગ્યશાળી ક્ષત્રિયોને જે પ્રાપ્ત થાય છે. આવું યુદ્ધ જેને પ્રાપ્ત થાય તે અવશ્ય ભાગ્યશાળી છે, કારણ કે ભગવદિચ્છા પ્રમાણે થતાં આ યુદ્ધમાં ભગવાન્‌ની સન્નિધિ પણ છે.

**અથ ચેત્ ત્વમ્ ઈમં ધર્મ્યં સઙ્ગ્રામં ન કરિષ્યસિ ।**
**તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા પાપમ્ અવાપ્સ્યસિ ।।૩૩।।**

**શ્લોકાર્થ :** વળી જો તું આ ધાર્મિક યુદ્ધ નહિ કરે તો સ્વધર્મ અને કીર્તિ ગુમાવી પાપ મેળવીશ.

**વિવેચન :** તારા ક્ષત્રિય ધર્મ પ્રતિ લક્ષ્ય રાખી મારી સમીપ થતું મારી આજ્ઞારૂપ આ યુદ્ધ નહિ કરે તો તું લૌકિક અને વૈદિક ગૈંમાવીશ, ક્ષત્રિયધર્મથી ભ્રષ્ટ થઈશ, તારી કીર્તિ ગુમાવીશ અને તને પાપ થશે.

**અકીર્તિં ચાપિ ભૈંતાનિ કથયિષ્યન્તિ તેઽવ્યયામ્ ।**
**સમ્ભાવિતસ્ય ચાકીર્તિઃ મરણાદ્ અતિરિચ્યતે ।।૩૪।।**

**શ્લોકાર્થ :** વળી પ્રાણીઓ તારી અવ્યય અપકીર્તિ ગાશે. સમ્ભાવિતને કીર્તિ મરણથી પણ અધિક દુઃખદ છે.

**વિવેચન :** પાપથી પરલોકનો નાશ થશે એટલું જ નહિ, પરન્તુ આ લોકમાં પણ તારી અપકીર્તિ થશે એમ આ શ્લોકથી કહે છે. પ્રાણીઓ તારી અવ્યય એટલે નિરન્તર રહેનારી અપકીર્તિ ગાશે. અહીં 'ભૈંતાનિ = પ્રાણીઓ' નપુંસકલિંગવાળા શબ્દનો પ્રયોગ કરેલો છે, તેથી નપુંસકો જે બીજાના ભીરુત્વની વાત કરવા યોગ્ય નથી તેઓ પણ તારી અપકીર્તિ ગાશે એવો અર્થ થાય છે. તું યુદ્ધમાં 'શૈંર' તરીકે પ્રસિદ્ધ થઈ માન પામેલો છે. આવા સમ્ભાવિતને અપકીર્તિ મરણથી પણ અધિક દુઃખદ હોય છે.

શ્રીભાગવત્ ૧૦।૪૪।૬૨ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અવતરણ કરેલું છે.

**ભયાદ્ રણાદ્ ઉપરતં મુસ્યન્તે ત્વાં મહારથાઃ ।**
**યેષાં ચ ત્વં બહુમતો ભૈંત્વા યાસ્યસિ લાઘવમ્ ।।૩૫।।**

**શ્લોકાર્થ :** મહારથીઓ તને ભયને લીધે રણમાંથી પાછો ફરેલો માનશે. તેઓમાં તું ઘણું માન પામેલો હોવા છતાં અપમાન પ્રાપ્ત કરીશ.

**વિવેચન :** તું ''બન્ધુઓની હિંસા થશે'' એવા ભયથી યુદ્ધ કરવા ઇચ્છતો નથી છતાં આ સર્વ મહારથીઓ અર્જુનને યુદ્ધમાં મરણનો ભય લાગવાથી તે યુદ્ધમાંથી પાછો ફર્યો એમ માનશે. તેઓમાં તું આજ દિવસ સુધી માન મળેલો છે છતાં અપમાન પ્રાપ્ત કરીશ.

**અવાચ્યવાદાંશ્ચ બહૂન્ વદિષ્યન્તિ તવાહિતાઃ ।**
**નિન્દન્તસ્ તવ સામર્થ્યં તતો દુઃખતરં નુ કિમ્ ।।૩૬।।**

**શ્લોકાર્થ :** તારા શત્રુઓ તારું સામર્થ્ય નિન્દતાં ન બોલાય તેવા બહુ વચનો બોલશે જ. તેથી વધારે દુઃખકારી શું ?

**હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ ।**
**તસ્માદ્ ઉત્તિષ્ઠ કૌન્તેય ! યુદ્ધાય કૃતનિશ્ચયઃ ।।૩૭।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય ! તું હણાઈશ તો સ્વર્ગ પ્રાપ્ત કરીશ અને જીતીશ તો પૃથ્વીનો ભોગ કરીશ. તેથી યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને ઉઠ.

**વિવેચન :** યુદ્ધમાં મરીશ તો સ્વર્ગ મળશે, જીતીશ તો રાજ્ય પ્રાપ્ત થશે. યુદ્ધ કરવાથી હર કોઈ પરિણામ આવે તે લાભકારી છે. તેથી યુદ્ધ કરવાનો નિશ્ચય કર.

**સુખ-દુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ ।**
**તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમ્ અવાપ્સ્યસિ ।।૩૮।।**

**શ્લોકાર્થ :** સુખ અને દુઃખ, લાભ અને હાનિ અને જય અને પરાજય ને સમાન જાણી પછી યુદ્ધ કર. એમ કરવાથી પાપ થશે નહિ.

**વિવેચન :** આતતાયિઓને મારવાથી પાપ થાય તેથી હું યુદ્ધ કરીશ નહિ એમ તું કહેતો હતો, તેના સમ્બન્ધમાં પાપ ન થાય તેવો ઉપાય કહું છું. દેહના સુખ અને દુઃખ, રાજ્યનો લાભ અને હાનિ, અને યશ માટે જય અને પરાજય એ સર્વને સમાન જાણી મારી આજ્ઞાથી યુદ્ધ કરે છે એમ વિચારી, યુદ્ધ કરવામાં પ્રવૃત્ત થા. આ શ્લોકમાં યોગનું સ્મરણ કરી સાંખ્ય અને યોગ નો એકાર્થ કરેલો છે. સુખ અને દુઃખ, લાભ અને હાનિ, જય અને પરાજય વિગેરે ફલની આકાંક્ષા રાખ્યા વિના, જે ફલ પ્રાપ્ત થવાનું હોય તે સમાન જ છે એમ માની યુદ્ધ કર. આ પ્રમાણે યુદ્ધ કરવામાં ફલનો ઉપદેશ નહિ હોવાથી પાપ થશે નહિ.

અર્જુનનો શોક દૈર કરી તેની યુદ્ધમાં પ્રવૃત્તિ કરાવવા સાઙ્ખ્ય રીતિથી જ્ઞાનનો ઉપદેશ અહીં સુધી કર્યો. હવે યોગનો અથવા કર્મયોગનો ઉપદેશ કરવાનો આરમ્ભ કરે છે.

**એષા તેઽભિહિતા સાંખ્યે બુદ્ધિર્યોગે ત્વિમાં શૃણુ।**
**બુદ્ધ્યા યુક્તો યયા પાર્થ ! કર્મબન્ધં પ્રહાસ્યસિ ।।૩૯।।**

**શ્લોકાર્થ :** સાંખ્ય પ્રમાણે આ બુદ્ધિ તને કહી. હવે યોગ પ્રમાણે આ બુદ્ધિ સાંભળ. હે પાર્થ ! તે બુદ્ધિથી યુક્ત થઈ તું કર્મબન્ધનનો ત્યાગ કરીશ.

**વિવેચન :** 'સાંખ્ય' એટલે આત્માનું અને અનાત્માનું જ્ઞાન. આ અધ્યાયના ૧૨ શ્લોકથી આરમ્ભી સાંખ્યજ્ઞાનનો ઉપદેશ કરેલો છે. શ્લોક ૩૦ સુધી સાંખ્યનો ઉપદેશ છે, પછી ક્ષત્રિય ધર્મ પ્રમાણે શું કરવું જોઈએ તે ૩૧ થી ૩૭ શ્લોક સુધી દર્શાવેલ છે. ૩૮ શ્લોકમાં પુનઃ સાંખ્ય અને યોગ નો એકાર્થ કરી ઉપદેશ કરેલો છે. હવે અહીંથી યોગનો ઉપદેશ કરવાનો પ્રારમ્ભ કરે છે.

**નેહાભિક્રમ-નાશોઽસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે ।**
**સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ।।૪૦।।**

**શ્લોકાર્થ :** અહીં આરમ્ભેલાનો નાશ નથી, વિઘ્ન હોતું નથી. સ્વલ્પ પણ આ ધર્મ મોટા ભયમાંથી રક્ષણ કરે છે.

**વિવેચન :** ''કર્મ બહુ છે અને ઘણા કાળ પછી જ સિદ્ધ થઈ શકે તેવા હોવાથી અપૈર્ણ જ રહી જાય, અથવા વિઘ્ન આવી પડે તેથી ફલની પ્રાપ્તિ પણ થાય નહિ અને ઉલટો બંધ થાય'' એવી શંકા થાય, તેનો આ શ્લોકથી નિરાસ કરે છે. આ ભગવન્માર્ગમાં જે કર્મ કરવાનાં છે તે ભગવાન્‌ના અર્થે ભગવાન્‌ની આજ્ઞાથી કરવાનાં છે, ફલ પ્રાપ્ત કરવા કરવાનાં નથી. ભગવદર્થ ભગવાન્‌ની આજ્ઞાથી જે કર્મ કરવામાં આવે તેમાં એવો કોઈ દોષ સમ્ભવતો નથી. મારી આજ્ઞાથી આ માર્ગમાં જે કર્મ કરવામાં આવે છે તેના આરમ્ભનો નાશ થતો નથી. આરમ્ભેલું કર્મ અપૈર્ણ રહે તો પણ અપૈર્ણ રહેલું કર્મ પણ નિષ્ફળ થતું નથી. આ કર્મમાં વિઘ્ન પણ આવતાં નથી, કારણ કે આવું સ્વલ્પ કર્મ કરેલું હોય તો તે પણ મોટા ભયમાંથી રક્ષણ કરે છે. અન્યત્ર પણ જે કાંઈ કર્મ કરવામાં આવે છે તે સમ્પૈર્ણ થાય અને સફલ થાય તે માટે ભગવાનનું જ સ્મરણ મંગલાચરણ વિગેરેમાં કરવામાં આવે છે, તો પછી જે કર્મ સાક્ષાત્ ભગવાન્‌ના માટેજ કરવામાં આવતાં હોય તેમાં વિઘ્ન થવાની અથવા વિફળ રહેવાની ભીતિ જ ક્યાંથી સમ્ભવે ?

**વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ એકેહ કુરુનન્દન ! ।**
**બહુશાખા હ્યનન્તાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્ ।।૪૧।।**

**શ્લોકાર્થ :** હે કુરુનન્દન! અહીં નિશ્ચયરૂપ એક બુદ્ધિ છે. નિશ્ચય રહિતોની બુદ્ધિઓ ઘણી શાખાઓવાળી અને અનન્ત હોય છે.

**વિવેચન :** અહીં અથવા આ માર્ગમાં નિશ્ચયરૂપ એક જ બુદ્ધિ છે. મારી આજ્ઞાથી કર્મ કરવાનું હોવાથી તેઓની બુદ્ધિ મારામાં જ હોય છે. ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણે કર્મ કરીશ જ એવો જ તેઓનો નિશ્ચય હોય છે. ફલની તેઓને આકાંક્ષા અથવા અભિલાષા હોતી નથી. આવી બુદ્ધિનો વિષય માત્ર હું જ હોવાથી તેઓની એક જ બુદ્ધિ છે. નિશ્ચયરહિત ફલની આકાંક્ષાવાળા બહિર્મુખોની અનન્ત બુદ્ધિઓ હોય છે અને તે બુદ્ધિઓની શાખાઓ પણ ઘણી હોય છે, કારણ કે તેઓ ફલની ઈચ્છા રાખતા હોવાથી ભિન્ન-ભિન્ન ફલની તેઓને અભિલાષા હોય છે.

**યામ્ ઈમાં પુષ્પિતાં વાચં પ્રવદુત્યવિપશ્ચિતઃ ।**
**વેદવાદરતાઃ પાર્થ નાન્યદ્ અસ્તીતિ વાદિનઃ ।।૪૨।।**
**કામાત્માનઃ સ્વર્ગપરા જન્મ-કર્મ-ફલ-પ્રદામ્ ।**
**ક્રિયાવિશેષબહુલાં ભોગૈશ્વર્યગતિં પ્રતિ ।।૪૩।।**
**ભોગૈશ્વર્ય-પ્રસકતાનાં તયાડપહૃતચેતસામ્ ।**
**વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ સમાધૌ ન વિધીયતે ।।૪૪।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ! વેદવાદમાં રતિવાળા, ''અન્ય કાંઈ નથી'' એમ કહેનારા, કામનાવાળા, સ્વર્ગને પર(ફલ) જાણનારા અવિદ્વાનો ભોગ અને ઐશ્વર્ય ની પ્રાપ્તિમાટે અમુક ક્રિયાઓથી ભરપુર, જન્મ અને કર્મ ફલ આપનારી આ જે પુષ્પિત વાણી વદે છે તેનાથી હરાએલ ચિત્તવાળા, ભોગ અને ઐશ્વર્ય માં આસક્ત રહેલાની સમાધિમાં નિશ્ચયાત્મક બુદ્ધિ થતી નથી.

વિવેચન : જો એ પ્રમાણે વ્યવસાયાત્મિક બુદ્ધિ ઉત્તમ હોય તો સર્વ એવી બુદ્ધિ કેમ રાખતા નથી ? એવી શંકા થાય, તે દૈર કરવા વ્યવસાયાત્મક બુદ્ધિ કેમ થતી નથી તે દર્શાવે છે. જેઓ વેદવાદમાં રતિવાળા છે, વેદમાં કરેલું કર્મ તેમાં કહેલા ફલ પ્રાપ્ત કરવા અવશ્ય કરવું જોઈએ પરન્તુ ફલની ઈચ્છા વિના કરવું યોગ્ય નથી એવા મતવાળા છે, તેથી જ ''વૈદિક કર્મના ફલ વિના અન્ય કાંઈ ફલ છે જ નહિ'' એમ જેઓ કહ્યા કરે છે, જેઓ કામનાવાળા છે, અટલે જેમને નિરન્તર કર્મનાં ફલ પ્રાપ્ત કરવાની કામના હોય છે, જેઓ સ્વર્ગને જ ઉત્તમ ફલ માને છે તેવા અવિદ્વાનો વેદોનું તાત્પર્ય નહિ જાણનાર મૈંર્ખ અજ્ઞાનીઓ ''વૈદિક ફલ વિના અન્ય કાંઈ નથી'' એવી પુષ્પિત વાણી વદે છે. આ વાણી માત્ર પુષ્પવાળી છે, પરન્તુ ફલરહિત છે. પુષ્પવાળી લતાની પેઠે દેખાવમાં રમ્ય લાગે છે પરન્તુ ફલહીન છે. માત્ર ગન્ધના લોભથી જ તેઓનાં ચિત્ત આવી વાણીથી ભ્રાન્ત થએલાં છે એવો ભાવાર્થ છે. આ વાણી જન્મ અને કર્મ રૂપ ફલ આપનારી છે, અર્થાત્ આ વાણીનું ફલ ઉત્તમ યોનિમાં જન્મ અને ઉત્તમ કર્મજ છે. વળી ભોગ અને ઐશ્વર્ય પ્રાપ્ત કરવામાટે આ વાણીમાં બહુ ક્રિયાઓ કરવાની છે. આ વાણી ભોગ અને ઐશ્વર્ય પ્રાપ્ત કરવામાટે અનેક ક્રિયાઓથી ભરપુર છે.

અથવા 'ભોગૈશ્વર્યગતિં પ્રતિ' 'ક્રિયાવિશેષબહુલાં' સાથે નહિ લેતાં 'કામાત્માનઃ' સાથે લેવું. એટલે ભોગ અને ઐશ્વર્ય ની પ્રાપ્તિની કામનાવાળાઓ અવિદ્વાનો આવી પુષ્પિત વાણી વદે છે. વળી 'જન્મકર્મફલપ્રદામ્' વાણીનું વિશેષણ નહિ લેતાં 'ભોગૈશ્વર્યગતિમ્'' નું

વિશેષણ પણ લઈ શકાય. તેથી જન્મ અને કર્મ ના ફલ આપનાર ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિની કામનાવાળા અવિદ્વાન લોકો આવી પુષ્પિત વાણી વદે છે એવો અર્થ થાય છે.

આવી પુષ્પિત વાણીથી આવા અજ્ઞાનીઓનાં ચિત્ત હરાએલાં છે અને તેઓ ભોગ અને ઐશ્વર્ય માં આસક્તિવાળા હોય છે. તેથી તેઓનું ચિત્ત વ્યગ્ર રહેવાથી સમાધિ અથવા ભગવાન્‌નું ચિન્તન કરવામાં તેવી નિશ્ચયાત્મક બુદ્ધિ તેઓની થતી નથી.

**ત્રૈગુણ્યવિષયા વેદા નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન!।**
**નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થો નિર્યોગક્ષેમ આત્મવાન્ ।।૪૫।।**

**શ્લોકાર્થ :** વેદો ત્રૈગુણ્યવિષય છે. હે અર્જુન! તું નિસ્ત્રૈગુણ્ય, નિર્દ્વન્દ્વ, સત્વમાં રહેનાર, યોગ-ક્ષેમરહિત અને આત્મવાન્ થા.

**વિવેચન :** સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ પ્રાકૃત ગુણ છે. આ છે. આ ત્રણ ગુણની અથવા ત્રિગુણ સૃષ્ટિમાં જે જીવો સરજાએલા છે તે ત્રૈગુણ્ય છે. વેદો આવા ત્રૈગુણ્ય જીવોના વિષયવાળા છે, એટલે આવા ત્રૈગુણ્ય જીવોને પ્રાપ્ત કરવાના સ્વર્ગ વિગેરે ફલો આપનાર કર્મોનું પ્રતિપાદન કરનાર છે, પરન્તુ ગુણાતીત સાક્ષાત્ ભગવાન્‌ની ક્રીડામાં ઉપયોગી ભગવદીય સૃષ્ટિમાં રહેલા ભગવદ્ ભક્તોને માટે નથી. ભગવાન્‌ની લીલાસૃષ્ટિ ત્રિગુણાત્મક નથી, પરન્તુ નિર્ગુણ છે. તેથી જ શ્રીવરાહ પણ ''એ અન્ય જ કોઈ સૃષ્ટિ બ્રહ્માની સૃષ્ટિથી ભિન્ન છે'' એમ કહે છે. શ્રીપુરુષોત્તમ ગુણાતીત છે. ગુણાતીત પુરુષોત્તમનું સ્વરૂપ વેદનો વિષય નથી. શ્રુતિ પણ ''નેતિ નેતિ'' ''વાણીઓ મન સાથે જ્યાં પહોંચ્યા વિના પાછી ફરે છે'' એમ કહે છે. તેથી વેદો માત્ર ત્રિગુણાત્મક સૃષ્ટિમાં રહેલા ત્રૈગુણ્ય જીવોને કરવાનાં કર્મનું પ્રતિપાદન કરે છે. હે અર્જુન! તું નિસ્ત્રૈગુણ્ય થા. અથવા ત્રણ ગુણથી પર નિસ્ત્રિગુણ ભગવાન્‌નો આશ્રય કરી રહેલ હોય તેવો નિસ્ત્રૈગુણ્ય થા. ત્રણ ગુણનો આશ્રય કરી રહેલા ત્રૈગુણ્ય જીવોથી ભિન્ન હોય તે નિસ્ત્રૈગુણ્ય એટલે ભગવદ્‌ભક્ત હે અર્જુન! તું મારો ભક્ત થા. ભક્ત થવા શું સાધન કરવાં તે કહે છે. તું નિર્દ્વન્દ્વ થા. સુખ-દુઃખ, અહન્તા-મમતા વિગેરે દ્વન્દ્વ રહિત થા. વળી નિત્ય સત્ત્વમાં રહેનાર થા. નિત્ય સત્ત્વ જેમાંથી નીકળે છે તે નિત્યસત્ત્વ ભગવાન્. નિત્યસત્ત્વમાં રહેનાર અથવા ભગવન્નિષ્ઠ થા. જે વસ્તુ પ્રાપ્ત થએલ ન હોય તેને પોતાના બલથી પ્રાપ્ત કરવી તે યોગ. પ્રાપ્ત થએલી વસ્તુનું પરિપાલન કરવું તે ક્ષેમ. યોગ અને ક્ષેમ રહિત થા. આત્મવાન્ થા. 'આત્મા' એટલે મન જેને વશ છે તે આત્મવાન્, મનને વશ રાખનાર.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૧।૪।૨૨ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**યાવાન્ અર્થ ઉદપાને સર્વતઃ સમ્પ્લુતોદકે ।**
**તાવાન્ સર્વેષુ વેદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ ।।૪૬।।**

**શ્લોકાર્થ :** સર્વતઃ પરિપૈંર્ણ જલવાળા સરોવરમાં જેટલો અર્થ હોય છે તેટલો જ વિદ્વાન્ બ્રાહ્મણને સર્વ વેદોમાં હોય છે.

**વિવેચન :** વેદોમાં કહેલું હોય તે સર્વ સગુણ અને ગુણાતીત સર્વ લોકોને ગ્રહણ કરવાનું નથી, પરન્તુ જેને ઉપયોગી હોય તેટલું જ તેને ગ્રહણ કરવાનું છે એવો દષ્ટાન્તથી બોધ કરે છે. સર્વ અર્થ પરિપૈંર્ણ કરી શકે તેવા સર્વતઃ જલથી પરિપૈંર્ણ અગાધ સરોવરમાંથી જલપાન કરવાને ઇચ્છનાર જેટલો અર્થ અથવા પ્રયોજન હોય તેટલું જ ગ્રહણ કરે છે, તે પ્રમાણે સર્વ વેદોમાંથી

વેદાધિકારી વેદને વિવેકથી જાણનાર વિદ્વાન્ બ્રાહ્મણ આત્માની સંસિદ્ધિમાટે જેટલા સાધનોની જરૂર હોય તેટલાં જ ગ્રહણ કરે છે, પરન્તુ વેદોક્ત સર્વ સાધનોનું ગ્રહણ કરતો નથી.

આ શ્લોકનું પણ શ્રીભાગવત્ ૧૧।૪।૨૨ ઉપરનાં સુબોધિનીમાં અનુસન્ધાન કરેલું છે.

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન ।**
**મા કર્મફલહેતુર્ ભૈર્ મા તે સંગોઽસ્ત્વકર્મણિ ।।૪૭।।**

**શ્લોકાર્થ :** કર્મમાં જ તારો અધિકાર છે, ફલમાં કદાપિ ન હો. કર્મફલના પ્રયોજનવાળો ન થા. અકર્મમાં તારો સંગ ન હો.

**વિવેચન :** વેદરૂપી સમુદ્રમાંથી મારે શું ગ્રહણ કરવું એવી આકાંક્ષા થાય તે માટે આ શ્લોક યોજેલો છે. તારો કર્મમાં જ અધિકાર છે એટલે તારે કર્મ જ કરવું, પરન્તુ કર્મફલમાં તારો કદાપિ અધિકાર ન હો. તેથી જ કર્મફલ જેનો હેતુ અથવા પ્રયોજન છે તેવો તું ન થા, એટલે કર્મમાં ફલપ્રાપ્તિનું પ્રયોજન રાખીશ નહિ. 'અકર્મ' એટલે નિષિદ્ધ કર્મમાં અથવા પરધર્મમાં તારો સંગ ન હો.

**યોગસ્થઃ કુરુ કર્માણિ સંગં ત્યક્ત્વા ધનઞ્જય !।**
**સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમો ભૈત્વા સમત્વં 'યોગ' ઉચ્યતે ।૪૮।**

**શ્લોકાર્થ :** ધનઞ્જય ! યોગમાં રહી, સંગ તજી, સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન રહી કર્મ કર, સમપણું યોગ કહેવાય છે.

**વિવેચન :** કર્મ કેવી રીતે કરવું તે અહીં કહેલું છે. યોગમાં રહી અથવા ભગવાન્માં જ ચિત્ત રાખીને, સંગ તજી કર્મ કરવાં. 'સિદ્ધિ' એટલે કર્મના ફલની પ્રાપ્તિ. 'અસિદ્ધિ' એટલે વિપરીત ફલની પ્રાપ્તિ. સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન રહી અર્થાત્ ઉભયને સમાન ગણી પ્રથમ મેં કહ્યાં તેવાં મારી આજ્ઞારૂપ કર્મ કર. સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન રહી કર્મ કરવાં તે 'યોગ' કહેવાય છે. ભગવાન્ની આજ્ઞા હોવાથી જ જે કર્મ કરે છે તેમનો કર્મના ફલ પ્રતિ સમાનભાવ જ હોય છે આ સમપણું જ કર્મ કરનાર ભગવત્પરાયણ છે એમ દર્શાવતું હોવાથી યોગરૂપ છે.

**દૈંરેણં હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ ધનઞ્જય !।**
**બુદ્ધૌ શરણમ્ અન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ।।૪૯।।**

**શ્લોકાર્થ :** હે ધનઞ્જય! બુદ્ધિયોગથી કર્મ ઘણું જ હલકું છે. બુદ્ધિમાં શરણ કર, ફલ કામનાવાળા કૃપણ છે.

**વિવેચન :** ફલની અપેક્ષા વિના, સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન રહી કર્મ કરવામાં આવે તે બુદ્ધિયોગ. આ બુદ્ધિયોગથી કર્મ ઘણું જ હલકું છે. બુદ્ધિયોગથી ફલની આકાંક્ષા રાખી કર્મ કરવામાં આવે તે ઘણું જ હલકું છે. આવું હલકું ફલની કામનાથી કરવામાં આવતું કર્મ પ્રાકૃત લોકો જ કરે, તારા જેવાએ કરવા જેવું નથી એમ દર્શાવવા 'ધનઞ્જય' પદ યોજેલું છે તેથી તું બુદ્ધિમાં એટલે બુદ્ધિયોગના નિમિત્ત ઈશ્વરમાં શરણ કર, અર્થાત્ ઈશ્વરનું શરણ રાખ. ફલની કામનાવાળા અર્થાત્ ફલની કામનાથી કર્મ કરનાર કૃપણ એટલે લોભી છે. ફલ પ્રાપ્ત થાય તોપણ પુનઃ તેઓને ફલની તૃષ્ણા થાય છે.

**બુદ્ધિયુકતો જહાતીહ ઉભે સુકૃત-દુષ્કૃતે ।**
**તસ્માદ્ યોગાય યુજ્યસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્ ।।૫૦।।**

**શ્લોકાર્થ :** બુદ્ધિવાળો આ લોકમાં સુકૃત અને દુષ્કૃત ઉભયનો ત્યાગ કરે છે. તેથી તું યોગમાટે તૈયાર થા. યોગ કર્મોનું કૌશલ છે.

**વિવેચન :** બુદ્ધિવાળો; અથવા ભગવાન્‌ની આજ્ઞા હોવાથી જ કર્મ કરવાં જોઈએ એમ વિચારી ફલની કામના વિના કર્મ કરનાર બુદ્ધિયોગવાળો; સુકૃત અને દુષ્કૃત તેમ જ તેઓનાં ફલ સ્વર્ગ અને નરક વિગેરેનો આ લોકમાં જ ત્યાગ કરે છે. હું આ સુકૃત અથવા દુષ્કૃત કરું છું તેનું મને આ પુણ્ય અથવા પાપ થશે એવો તેને વિચાર આવતો નથી, પરન્તુ જેવી ઈશ્વર મને પ્રેરણા કરે છે તેવું કાર્ય કરું છું એમ વિચારી કાર્ય કરે છે. તેથી તે પુણ્ય-પાપનો ત્યાગ કરે છે, અને બુદ્ધિયોગથી કરેલું કાર્ય ભક્તિનું સાધન થાય છે. તેથી તું પણ યોગ અર્થાત્ બુદ્ધિયોગમાટે તૈયાર થા. યોગ એ કર્મોનું કૌશલ અથવા ચાતુર્ય છે. કારણ કે બુદ્ધિયોગવાળો ભગવન્નિષ્ઠ છે, અને યોગ ભગવાન્‌ના દર્શનાર્થ મનને સ્થિર કરવાનું મુખ્ય સાધન છે.

**કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યક્ત્વા મનીષિણઃ।**
**જન્મ-બન્ધ-વિનિર્મુક્તાઃ પદં ગચ્છત્યનામયમ્ ।।૫૧।।**

**શ્લોકાર્થ :** બુદ્ધિયોગવાળા જ્ઞાનીઓ કર્મથી થતાં ફલનો ત્યાગ કરી, જન્મબન્ધનથી વિમુક્ત થઈ અનામય પદ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** કર્મ સ્વતન્ત્રતાથી પોતાનાં ફલ આપે છે તે ભક્તિનું સાધન કેમ થાય, એવી શંકા થાય તે માટે આ શ્લોક યોજેલો છે. શાસ્ત્રાર્થને જાણનાર પુરુષો ઉપર વર્ણવ્યો તેવા બુદ્ધિયોગવાળા થઈ જન્મના બન્ધનથી વિમુક્ત થઈ અનામય પદ અર્થાત્ ભગવાન્‌નાં ધામને પ્રાપ્ત કરે છે. 'અનામય' એટલે રોગરહિત. અનામય અથવા રોગરહિત પદ માત્ર ભગવાન્‌નું ધામ જ છે. અન્યત્ર સર્વ સ્થળે રોગનો ભય રહે છે, પરન્તુ અક્ષરબ્રહ્મમાં ભય હોતો નથી.

**યદા તે મોહકલિલં બુદ્ધિર્ વ્યતિતરિષ્યતિ ।**
**તદા ગન્તાસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ ।।૫૨।।**

**શ્લોકાર્થ :** જ્યારે તારી બુદ્ધિ મોહકલિલને તરી જશે ત્યારે શ્રવણ કરવાનાનો અને શ્રવણ કરેલાનો તને વૈરાગ્ય થશે.

**વિવેચન :** આવો બુદ્ધિયોગ ક્યારે પ્રાપ્ત થશે એવી જીજ્ઞાસા થાય તે માટે અહીંથી બે શ્લોક (૫૨-૫૩) યોજેલા છે. તારી બુદ્ધિ જ્યારે મોહકલિલને તરી જશે. જ્યારે લૌકિક દેહાદિ પદાર્થોમાં તને મોહ નહિ રહે, ત્યારે શ્રવણ કરવાના અને શ્રવણ કરેલા ત્રૈગુણ્યના ધર્મોનો વૈરાગ્ય તને પ્રાપ્ત થશે. જ્યારે લૌકિક દેહાદિ પદાર્થમાંથી તારો મોહ દૈંર થશે ત્યારે એવા પદાર્થની પ્રાપ્તિની કામના પણ નહિ રહે. ફલની કામના નહિ રહેવાથી અમુક ફલ પ્રાપ્ત કરવા અમુક કર્મ કરવું જોઈએ એવું જે કાંઈ શ્રવણ કરેલું છે અને કરવાનું છે તેનો વૈરાગ્ય થશે.

**શ્રુતિવિપ્રતિપન્ના તે યદા સ્થાસ્યતિ નિશ્ચલા ।**
**સમાધાવચલા બુદ્ધિઃ તદા યોગમ્ અવાપ્સ્યસિ ।।૫૩।।**

**શ્લોકાર્થ :** શ્રુતિથી વિક્ષિપ્ત થએલી તારી બુદ્ધિ જ્યારે નિશ્ચલ અને સમાધિમાં અચલ રહેશે ત્યારે તું યોગ પ્રાપ્ત કરીશ.

**વિવેચન :** શ્રુતિથી એટલે ત્રૈગુણ્યોએ ફલ પ્રાપ્તિમાટે કયાં કર્મ કરવા જોઈએ વિગેરે જે શ્રવણ કરેલું છે તેનાથી વિક્ષિપ્ત થએલી તારી બુદ્ધિ જ્યારે નિશ્ચલ એટલે ભિન્ન-ભિન્ન પ્રકારના

ધર્મનું શ્રવણ કરવાની ઈચ્છારહિત થશે, અને સમાધિમાં એટલે મારું ચિન્તન કરતી વખતે અચલ એટલે ભિન્ન – ભિન્ન ધર્મોનું શ્રવણ થાય તો પણ ચાલે નહિ તેવી સ્વતઃ દૃઢ થશે ત્યારે તને બુદ્ધિયોગ પ્રાપ્ત થશે.

**અર્જુન ઉવાચ**

**સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ !।**
**સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્।।૫૪।।**

**શ્લોકાર્થ :** હે કેશવ ! સમાધિસ્થ સ્થિતપ્રજ્ઞનું લક્ષણ શું ? સ્થિતધી કેમ બોલે ? કેમ બેસે ? કેમ ચાલે ?

**વિવેચન :** સમાધિમાં રહેનાર 'સ્થિતપ્રજ્ઞ' એટલે નિશ્ચયાત્મક બુદ્ધિવાળો. તેની ભાષા એટલે પરિભાષા શું ? કઈ પરિભાષાથી અથવા ક્યા લક્ષણથી સ્થિતપ્રજ્ઞ ઓળખાય ? તે કેમ બોલે ? બેસે કેમ ? ચાલે કેમ ? આ પ્રમાણે સ્થિતપ્રજ્ઞનું સ્વરૂપ જાણવા અર્જુન પ્રશ્ન કરે છે.

ભગવાન્ અહીંથી આ અધ્યાયની સમાપ્તિ સુધી અર્જુનના પ્રશ્નોનો ઉત્તર આપે છે. અહીંથી બે શ્લોકમાં ( ૫૫ – ૫૬ ) સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કહેલું છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થાન્ મનોગતાન્।**
**આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞઃ તદોચ્યતે ।।૫૫।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! જ્યારે મનમાં થતી સર્વ કામનાઓનો ત્યાગ કરે છે, અને આત્મામાં જ આત્માથી સન્તુષ્ટ રહે છે ત્યારે 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે.

**વિવેચન :** જ્યારે મનમાં ઉત્પન્ન થતી સર્વ કામનાઓનો સારી રીતે ત્યાગ કરે છે, પુનઃ એવી કામનાનું સ્મરણ પણ ન થાય એવી રીતે જ્યારે કામનાઓનો ત્યાગ કરે છે, અને પોતાના આત્માના સ્વરૂપભૈંત આત્મામાં, પોતાના જીવાત્મા સ્વરૂપથી જ સન્તુષ્ટ રહે છે, અર્થાત્ પોતાના સ્વરૂપભૈંત આત્માનું ઐક્ય સ્ફુરવાથી પોતાની મેળે સન્તુષ્ટ રહે છે, ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

**દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।**
**વીતરાગ-ભય-ક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ।।૫૬।।**

**શ્લોકાર્થ :** જેનું મન દુઃખમાં ઉદ્વેગ પામતું નથી, સુખમાટે જેને સ્પૃહા નથી, જેના રાગ ભય અને ક્રોધ દૈંર થએલા છે, તેવો મુનિ 'સ્થિતધી' કહેવાય છે. વિવેચન : આ શ્લોકમાં સ્થિતપ્રજ્ઞને ઓળખવાના ચિહ્ન કહેલા છે.

**યઃ સર્વાત્રાનભિસ્નેહઃ તત્-તત્ પ્રાપ્ય શુભાશુભમ્।**
**નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ।।૫૭।।**

**શ્લોકાર્થ :** જે સર્વત્ર સ્નેહરહિત છે, તે – તે શુભ અથવા અશુભ પ્રાપ્ત કરી આનન્દ પામતો નથી અથવા દ્વેષ કરતો નથી, તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે.

**વિવેચન :** સ્થિતપ્રજ્ઞ કેમ બોલે ? એ પ્રશ્નનો આ શ્લોકમાં ઉત્તર આપેલો છે. તે સંસારમાં સર્વત્ર સ્નેહરહિત હોય છે, તેથી ભિન્ન – ભિન્ન 'શુભ' એટલે લૌકિકને અનુૈંળ અથવા 'અશુભ' એટલે લૌકિકને પ્રતિૈંળ પ્રાપ્ત કરી આનન્દ પામતો નથી અથવા દ્વેષ કરતો નથી. લૌકિકમાં કોઈ

સ્થલે સ્નેહ નહિ હોવાથી, શુભ પ્રાપ્ત થવાથી તેને આનન્દ થતો નથી, તેમ જ અશુભ પ્રાપ્ત થવાથી દ્વેષ થતો નથી. શુભ પ્રાપ્ત થાય ત્યારે તે આનન્દનાં વચન બોલતો નથી, અશુભ પ્રાપ્ત થાય ત્યારે દ્વેષનાં વચન બોલતો નથી. આવા પુરુષની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે.

**યદા સંહરતે ચાયં કૈંર્મોઽંગાનીવ સર્વશઃ ।**
**ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યઃ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ।।૫૮।।**

**શ્લોકાર્થ :** કાચબો ચારે બાજુએથી અવયવો અંદર ખેંચી લે છે તેમ જ્યારે આ ઇન્દ્રિયોના અર્થોમાંથી ઇન્દ્રિયોને ખેંચી લે ત્યારે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે.

**વિવેચન :** સ્થિતપ્રજ્ઞ કેમ બેસે ? એ પ્રશ્નનો ઉત્તર અહીંથી ચાર શ્લોકથી ( ૫૮ થી ૬૧ ) આપે છે. જ્યારે આ ઇન્દ્રિયોના અર્થોમાંથી એટલે ઇન્દ્રિયોના ભોગ્ય પદાર્થોમાંથી ઇન્દ્રિયોને ખેંચી લે ત્યારે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે. ભોગ્ય પદાર્થોમાંથી ઇન્દ્રિયોને કેવી રીતે ખેંચી લે એ જણાવવા કૈંર્મનું દષ્ટાન્ત આપે છે. જેમ કાચબો પોતાના કર, ચરણ, વિગેરે સર્વ અવયવોને સ્વભાવથી જ ખેંચી લે છે તે પ્રમાણે ઇન્દ્રિયોને સ્વભાવથી જ ભોગ્ય પદાર્થોમાંથી ખેંચી લે, ભોગ્ય પદાર્થોનું દર્શન થતાં જ ઇન્દ્રિયો સ્વભાવિક રીતે જ તેમાંથી નિવૃત્ત થાય ત્યારે બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે.

**વિષયાઃ વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।**
**રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ।।૫૯।।**

**શ્લોકાર્થ :** નિરાહાર દેહીના વિષયો રસ સિવાય દૈંર થાય છે. આનો રસ પણ પરનાં દર્શન થવાથી દૈંર થાય છે ।।૫૯।।

**વિવેચન :** કાચબાની પેઠે ઇન્દ્રિયોને ભોગ્ય પદાર્થમાંથી ખેંચી લેવાનો ઉપદેશ ગયા શ્લોકમાં કર્યો. તેમાં શંકા થાય કે જે દેહી અથવા માણસ આહાર ન લે તેની ઇન્દ્રિયોમાં શક્તિ જ નહિ રહેવાથી ઇન્દ્રિયાર્થોમાં પ્રવૃત્ત થઈ શકે નહિ, તેથી તેને જ સ્થિતપ્રજ્ઞ કહેવો યોગ્ય છે. આવી શંકા આ શ્લોકથી દૈંર કરે છે. જે માણસ આહાર ન લે તેની ઇન્દ્રિયો વિષયોમાં પ્રવૃત્ત થઈ શક્તી નથી એ ખરું, પરન્તુ તેને રસ રહી જાય છે. 'રસ' એટલે વિષયોને અનુભવ કરવાની અથવા વિષયો ભોગવવાની ઇચ્છા. નિરાહાર દેહીને આ ઇચ્છા રહે છે. અહીં 'દેહી' શબ્દ યોજેલો હોવાથી તેને દેહનું અભિમાન પણ રહે છે એવો ભાવાર્થ નીકળે છે. આનો એટલે સ્થિતપ્રજ્ઞનો, રસ એટલે વિષયો ભોગવવાની ઇચ્છા પણ દૈંર થાય છે. સ્થિતપ્રજ્ઞને પર રસ અથવા પરમ ઉત્કૃષ્ટ ભગવદીય રસનો અનુભવ થવાથી લૌકિક ઇન્દ્રિયોના ભોગ ભોગવવાની તેને ઇચ્છા ન જ રહે એ સ્વાભાવિક જ છે, કારણ કે મહાનન્દ હોય ત્યારે અલ્પાનન્દમાં કોઈની પ્રવૃત્તિ ન જ થાય. નિરાહાર દેહી અને સ્થિતપ્રજ્ઞમાં આ ભેદ છે.

શ્રીભાગવત્ ૧।૧૧।૪ તથા ૧૦।૧૦।૧૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।**
**ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ।।૬૦।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય ! ક્ષોભ કરનારી ઇન્દ્રિયો યત્ન કરતા વિદ્વાન્ પુરુષના મનને પણ બલાત્કારે હરી જાય છે.

**વિવેચન :** ઇન્દ્રિયોનો નિગ્રહ સર્વ લોકોએ કરવો જોઈએ. તેથી સ્થિતપ્રજ્ઞમાં વિશેષ શું ? એવી શંકા થાય, તે માટે આ શ્લોક યોજેલો છે. ઘણો વિદ્વાન્ માણસ ઇન્દ્રિયોને વિષયોમાંથી દૈંર રાખવા પ્રયત્નો કરતો હોય તો પણ મનનું મથન અથવા મનનો ક્ષોભ કરનારી ઇન્દ્રિયો તેના યત્નો છતાં બલાત્કારે તેના મનને હરી જાય છે. ઇન્દ્રિયો મનને વિષયો પ્રતિ લઈ જાય છે, એટલે તેવો માણસ પણ વિષયોનું ચિન્તન કરે છે.

**તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।**
**વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ।।૬૧।।**

**શ્લોકાર્થ :** યોગીએ તો સર્વનો સંયમ કરી મત્પર થઈ રહેવું, કારણ કે જેને ઇન્દ્રિયો વશ છે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે.

**વિવેચન :** હું જ જેને પર છું તે મત્પર. ભગવાન્‌ને જ પર જાણનાર થઈ સર્વ ઇન્દ્રિયોનો સંયમ કરી રહેવું. જેને ઇન્દ્રિયો વશ છે તેની જ પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. અથવા જેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે તેને જ ઇન્દ્રિયો વશ રહે છે, અન્યને રહેતી નથી. તેથી જ ગયા શ્લોકમાં વિદ્વાનો પણ પ્રયત્ન કરવા છતાં ઇન્દ્રિયોને વશ કરી શકતા નથી એમ કહેલ છે.

**વિશેષ :** મત્પરઃ, કૃષ્ણપરઃ, બ્રહ્મપરઃ, નાદપરઃ, રસપરઃ, શબ્દપરઃ, અર્થપરઃ. તાત્પર્ય એ કે જીવ તો એકલો કોઈ પણ સ્થિતિમાં અને કોઈ પણ સ્થળે ટકી શક્તો નથી. તેથી કોઈ યોગ્ય સહાય અને આધાર જોઈએ છે. આ સહાય અને આધારમાં પરતાદ્વારા એ જીવનું આશ્રયસ્થાન બને છે. જ્યાં સુધી આશ્રયસ્થાન શુદ્ધ, સત્ય અને કેવળભાવે હોતું નથી ત્યાં સુધી પરતા અથવા આશ્રયસ્થાન જીવનેમાટે આ શ્લોકમાં કૃષ્ણ પોતે પોતાને જ બતાવે છે. એટલે સમ્પૈંર્ણ ભાવાત્મક કૃષ્ણ જો જીવને માટે આશ્રયસ્થાન બની જાય, તો પછી એના પ્રત્યેક ધર્મ નિર્દોષ અને બ્રહ્મમય બની જાય. જીવને કૃષ્ણ સાથે અંશઅંશી ભાવ હોવાથી જીવ કૃષ્ણની સાથે તત્પર રહી શકે છે. આ સ્થિતિમાં જ્યાં સુધી મન બરાબર પરોવાતું નથી ત્યાં સુધી અગવડતા તો રહે છે. એ અગવડતા મટાડવા જીવની ફરજ છે કે આસપાસના ઇન્દ્રિયોના વિષય સંસર્ગમાં ન જતાં કૃષ્ણ પરાયણ થવું જોઈએ. અને સાથે – સાથે બુદ્ધિને પણ તેમાં યોજવી જોઈએ.

**વિવેચન :** અહીં સુધી બાહ્ય ઇન્દ્રિયો વશ ન હોય તો શું થાય તે કહ્યું. હવે મન વશ ન હોય તો પણ બુદ્ધિયોગથી ભ્રંશ થાય છે એમ કહે છે. તેમાં પ્રથમ બે શ્લોકથી ( ૬૨।૬૩ ) મનનો સંયમ ન કરવાથી થતા દોષનું વર્ણન કરે છે.

**ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્ તેષૈંપજાયતે ।**
**સંગાત્ સઞ્જાયતે કામઃ કામાત્ ક્રોધોઽભિજાયતે ।।૬૨।।**

**શ્લોકાર્થ :** વિષયોનું ધ્યાન કરતા પુરુષનો વિષયોમાં સંગ થાય છે. સંગમાંથી કામ ઉત્પન્ન થાય છે. કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે.

**વિવેચન :** વિષયોનું ચિન્તન કરનાર પુરુષને વિષયોમાં આસક્તિ થાય છે. વિષયોમાં આસક્તિ થવાથી વિષયો ભોગવવાની કામના થાય છે. કામના પરિપૈંર્ણ ન થાય અથવા કામના પરિપૈંર્ણ થવામાં વિઘ્ન આવે એટલે ક્રોધ થાય છે.

**ક્રોધાદ્ ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્ સ્મૃતિવિભ્રમઃ ।**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ।।૬૩।।**

**શ્લોકાર્થ :** ક્રોધમાંથી સમ્મોહ થાય છે, સમ્મોહમાંથી સ્મૃતિવિભ્રમ થાય છે. સ્મૃતિનો ભ્રંશ થવાથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિનો નાશ થવાથી વિનાશ થાય છે.

**વિવેચન :** ક્રોધ થવાથી મોહ વિશેષ થાય છે, એટલે વિવેક જતો રહે છે. મોહ થવાથી શાસ્ત્રોમાંથી અથવા ગુરુદ્વારા જે ઉપદેશ શ્રવણ કર્યો હોય તેમાં વિભ્રમ થાય છે. આવી રીતે સ્મૃતિનો ભ્રંશ થવાથી વ્યવસાયાત્મક બુદ્ધિનો નાશ થાય છે. આવી બુદ્ધિનો નાશ થવાથી તેનો પોતાનો વિનાશ થાય છે અર્થાત્ તે પ્રાકૃત અવિશુદ્ધ પુરુષ થઈ રહે છે. વિષયોનું ધ્યાન કરવાથી આ પ્રમાણે વિનાશ થાય છે, તેથી વિષયોનું ધ્યાન કરવું નહિ. આ ( ૬૨,૬૩ ) બે શ્લોકોથી સ્થિતપ્રજ્ઞ કેમ ચાલે તેનો ઉત્તર આપેલો છે. સ્થિતપ્રજ્ઞ વિષયોનું ધ્યાન કર્યા વિના ચાલે છે.

**રાગ-દ્વેષ-વિયુક્તૈસ્તુ વિષયાન્ ઇન્દ્રિયૈશ્ચરન્ ।**
**આત્મવશ્યૈર્ વિધેયાત્મા પ્રસાદમ્ અધિગચ્છતિ ।।૬૪।।**

**શ્લોકાર્થ :** કર્તવ્યમાં ચિત્ત રાખનાર રાગ-દ્વેષરહિત પોતાને વશ રહેલી ઇન્દ્રિયોથી વિષયોનો ભોગ કરતાં પ્રસાદ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** ઇન્દ્રિયોનો સ્વભાવ જ વિષયો પ્રતિ ગમન કરવાનો હોવાથી ઇન્દ્રિયોનો નિગ્રહ અશક્ય જ છે, તેથી પ્રજ્ઞા કેવી રીતે પ્રતિષ્ઠિત રહી શકે ? એવી શંકા થાય, તે માટે કહે છે કે 'વિધેય' એટલે કર્તવ્યમાં ચિત્ત રાખનાર માણસ રાગ-દ્વેષરહિત થઈ ઇન્દ્રિયોને પોતાને વશ રાખી વિષયોનો ભોગ કરે તો તેનું ચિત્ત પ્રસન્ન રહે છે.

**પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે ।**
**પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ।।૬૫।।**

**શ્લોકાર્થ :** પ્રસાદ થવાથી આના સર્વ દુઃખોનો નાશ થાય છે, કારણ કે પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ એકદમ સારી રીતે પ્રતિષ્ઠિત થાય છે. 'પ્રસાદ' એટલે ચિત્તની પ્રસન્નતા.

**વિશેષ :** ચિત્તનો પ્રસાદ પ્રાપ્ત થતાં સર્વ દુઃખોનો નાશ થાય છે. જ્યાં સુધી ચિત્ત બ્રહ્મપરાયણ થતું નથી, ત્યાં સુધી ચિત્તની પ્રસન્નતા બનતી નથી, કારણ કે બ્રહ્મ સિવાય બધા પદાર્થો કંઈ ને કંઈ દોષમય હોય છે. નિર્દુષ્ટ ચિત્ત જ બ્રહ્મની સાથે સહભાવને પામે છે. અને આ પ્રકારના સહભાવદ્વારા જ બ્રહ્મ સાથે સમાનતા થતાં લીલાનો આસ્વાદ લઈ શકે છે.

**નાસ્તિ બુદ્ધિઃ અયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના ।**
**ન ચાભાવયતઃ શાન્તિઃ અશાન્તસ્ય કુતઃ સુખમ્ ।।૬૬।।**

**શ્લોકાર્થ :** અયુક્તને બુદ્ધિ હોતી નથી અને તેને ભાવના પણ હોતી નથી. ભાવના ન કરનારને શાન્તિ હોતી નથી. શાન્તિ ન હોય તેને સુખ ક્યાંથી હોય ?

**વિવેચન :** મનને સંયમમાં રાખવાથી બુદ્ધિયોગ પ્રાપ્ત થાય છે એમ ઉપર કહ્યું. હવે મનને સંયમમાં ન રાખે તેને બુદ્ધિયોગ પ્રાપ્ત થતો નથી એમ વ્યતિરેકથી મનનો નિગ્રહ બુદ્ધિયોગ પ્રાપ્ત કરવાનું સાધન છે એમ કહે છે. 'અયુક્ત' એટલે મનનો નિરોધ નહીં રાખનાર, મનનો સંયમ નહીં રાખનાર. મનના નિરોધરૂપી યોગરહિત. આવા અયુક્તને વ્યવસાયાત્મિકા બુદ્ધિ અથવા બુદ્ધિયોગ ઉપર વર્ણવ્યો તે હોતો નથી, અને તેને ભાવના પણ હોતી નથી. 'ભાવના' એટલે તત્ત્વનું ચિન્તન, અથવા ભગવાનનું ચિન્તન. તેનાથી તે પણ થઈ શકતું નથી. ભાવના જેને ન હોય તેને શાન્તિ હોતી નથી, અને શાન્તિ ન હોય તેને સુખ ક્યાંથી જ હોય ?

**ઇન્દ્રિયાણાં હિ ચરતાં યન્ મનોઽનુવિધીયતે ।**
**તદ્ અસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમ્ ઇવામ્ભસિ ।।૬૭।।**

**શ્લોકાર્થ :** ચરતી ઇન્દ્રિયોમાંથી જેની પાછળ મન જાય છે તે જલમાં જેમ વાયુ નાવને લઈ જાય તેમ આની બુદ્ધિને હરી જાય છે.

**વિવેચન :** પાછલા શ્લોકમાં અયુક્તને અથવા મનનો નિગ્રહ નહીં રાખનારને બુદ્ધિ હોતી નથી એમ કહ્યું તેનું આ શ્લોકમાં કારણ આપેલું છે. રાગ-દ્વેષરહિત વશ રહેલી ઇન્દ્રિયોથી વિષયોપભોગ કરવામાં આવે તો બુદ્ધિયોગ પ્રાપ્ત કરવામાં કાંઈ વિઘ્ન થતું નથી, પણ જો ઇન્દ્રિયો વશ ન હોય અને લૌકિક વિષયમાં ઇચ્છા પ્રમાણે ચરતી હોય તો જે ઇન્દ્રિય પાછળ મન જાય તે ઇન્દ્રિય આ માણસની ભાવનાત્મક અથવા વ્યવસાયાત્મક બુદ્ધિ હરી જાય છે. જેમ વાયુ જલમાં તરવાના સાધનરૂપ નૌકાને ખેંચી જઈ ડૂબાડી દે છે તેમ આ ઇન્દ્રિય આ માણસના તરવાના સાધનરૂપ વ્યવસાયાત્મિકા બુદ્ધિને હરી જઈ તેનો અધઃપાત કરાવે છે. તેથી તેને બુદ્ધિયોગ ન હોય તે યોગ્ય જ છે.

**તસ્માત્ યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ ।**
**ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યઃ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ।।૬૮।।**

**શ્લોકાર્થ :** તેથી હે મહાબાહો ! જેની ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોમાંથી સર્વ તરફથી નિગ્રહમાં રખાએલી છે તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે.

**વિવેચન :** હવે ઉપસંહાર કરે છે. હે મહાબાહો ! મોટા બાહુવાળા અર્જુન ! તારા બાહુ મોટા હોવાથી તું પણ ક્રિયા કરવા સમર્થ છે, તેથી તું પણ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવા યોગ્ય છે એવો ભાવાર્થ છે. ઇન્દ્રિયોનો નિગ્રહ ન હોય તેની પ્રજ્ઞાનો નાશ થાય છે. તેથી જેની ઇન્દ્રિયોનો નિગ્રહ થયેલો છે, તેની જ પ્રજ્ઞા પ્રતિષ્ઠિત થાય છે.

**યા નિશા સર્વભૈતાનાં તસ્યાં જાગર્તિ સંયમી ।**
**યસ્યાં જાગ્રતિ ભૈતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ।।૬૯।।**

**શ્લોકાર્થ :** જે સર્વ પ્રાણીઓની નિશા છે તેમાં સંયમી જાગે છે. જેમાં પ્રાણીઓ જાગે છે તે દેખતા મુનિની નિશા છે.

**વિવેચન :** ઇન્દ્રિયોના સંયમથી જેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થએલી છે તેનું લક્ષણ આ શ્લોકમાં આપે છે. આત્મવિષયી બુદ્ધિ એટલે ભગવાન્ સમ્બન્ધી બુદ્ધિ જે સર્વ પ્રાણીઓની નિશા છે અર્થાત્ જેનો પ્રકાશ સર્વ સંસારી પ્રાણીઓને જાણે તે ઊંઘતા હોય તેમ પડતો નથી, અથવા અજ્ઞાનરૂપી અન્ધકારથી મુંઝાએલી મતિવાળા સંસારી પ્રાણીઓ જેનો અનુભવ કરી શકતા નથી, તેમાં ઇન્દ્રિયોનો સંયમ રાખનાર પ્રતિષ્ઠિત બુદ્ધિવાળો જાગે છે, અર્થાત્ તેનો સાક્ષાત્કાર કરે છે. જે સંસારી વ્યવહારોમાં સર્વ પ્રાણીઓ જાગે છે અથવા મચ્યા રહે છે, તે આવા સંયમ રાખનાર મુનિની રાત્રિ છે, એટલે તેવા વ્યવહારોનો આવા મુનિને કાંઈ સમ્બન્ધ હોતો નથી. આ પ્રમાણે સંસારી પ્રાણીઓથી સંયમી મુનિનાં લક્ષણો ભિન્ન જ હોય છે.

**આપૈર્યમાણમ્ અચલપ્રતિષ્ઠિતં સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્ ।**
**તદ્વત્ કામા યં પ્રવિશન્તિ સર્વે સ શાન્તિમાપ્નોતિ ન કામકામી ।।૭૦।।**

**શ્લોકાર્થ :** જેમ જલો ભરાતાં અચળ પ્રતિષ્ઠિવાળા સમુદ્રમાં પ્રવેશ કરે છે તેવી રીતે સર્વ

કામનાઓ જેનામાં પ્રવેશ કરે છે તે શાન્તિ પ્રાપ્ત કરે છે, કામનાઓની ઈચ્છા રાખનાર પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન :** સંયમી પ્રતિષ્ઠિત બુદ્ધિવાળાનું આ શ્લોકમાં બીજું લક્ષણ કહેલું છે. જેમ સમુદ્ર કોઈ જલ પ્રતિ પ્રયાણ કરતો નથી, પરન્તુ સર્વ જલો અથવા નદીઓ સમુદ્ર પ્રતિ પ્રયાણ કરે છે, તેમ સર્વ કામનાઓ જે સંયમીમાં પ્રવેશ કરે છે, પરન્તુ જેને કોઈ પણ કામના થતી નથી તે શાન્તિ પ્રાપ્ત કરે છે. કામનાઓ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાને શાન્તિ પ્રાપ્ત થતી નથી.

**વિહાય કામાન્ યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ।**
**નિર્મમો નિરહપારઃ સ શાન્તિમ્ અધિગચ્છતિ ।।૭૧।।**

**શ્લોકાર્થ :** જે પુરુષ સર્વ કામનાઓનો ત્યાગ કરી નિઃસ્પૃહી મમતા રહિત અને અહપારરહિત રહે છે તે શાન્તિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** આમ હોવાથી જે પુરુષ સર્વ પ્રાકૃત કામનાઓનો ત્યાગ કરી, આત્મામાં જ રમણ કરનાર થઈ, બીજા કોઈ પણ પદાર્થની કોઈ પણ પ્રકારની સ્પૃહા રાખતો નથી અને અહન્તા-મમતારહિત થાય છે તે શાન્તિ પ્રાપ્ત કરે છે. ''જ્યારે અહન્તા અને મમતા નો નાશ થાય, સર્વથા અહપૃતિ દૈંર થાય, અને જીવ સ્વરૂપસ્થ થાય ત્યારે તે કૃતાર્થ થએલો કહેવાય છે'' એ સિદ્ધાન્ત પ્રમાણે તેને શાન્તિ પ્રાપ્ત થાય છે.

**એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ ! નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ।**
**સ્થિત્વાઽસ્યામ્ અન્તકાલેઽપિ બ્રહ્મનિર્વાણમ્ ૠચ્છતિ ।।૭૨।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! આ બ્રાહ્મી સ્થિતિ છે આને પ્રાપ્ત કરી કોઈ મોહ પામતો નથી. અન્તકાલે પણ આમાં રહીને બ્રહ્મસુખ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** આ યોગની સ્તુતિ કરતા ઉપસંહાર કરે છે. હે પાર્થ ! આ બ્રાહ્મી સ્થિતિ તને કહી. બ્રહ્મ નિર્દોષ અને સમ છે તેવી સ્થિતિ બ્રાહ્મી, અથવા બ્રહ્મસમ્બન્ધી સ્થિતિ બ્રાહ્મી. સ્થિતધી અથવા પ્રતિષ્ઠિત બુદ્ધિરૂપી બ્રાહ્મી સ્થિતિ તને કહી. આ સ્થિતિ જેણે પ્રાપ્ત કરી હોય તેને કોઈ સમયે મોહ થતો નથી. અન્તકાલ સમયે પણ આ સ્થિતિમાં જે રહે તેને બ્રહ્મસુખ પ્રાપ્ત થાય છે. તો જે આખી જીંદગી સુધી આ સ્થિતિમાં રહે તેને બ્રહ્માનન્દ પ્રાપ્ત થાય તેમાં સંશય જ શું ?

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'સાંખ્ય-યોગ'નામ**
**દ્વિતીયોઽધ્યાયઃ ।।૨।।**

# ।। અધ્યાય ૩ ।।
# કર્મયોગ

અહીંથી આઠ અધ્યાયથી ( ૩ થી ૧૦ ) ભગવાન્ અર્જુનને વૈદિક ધર્મનો ઉપદેશ કરે છે. આ વૈદિક ધર્મથી ભગવાન્નાં માહાત્મ્યજ્ઞાનનું ભાન થાય છે અને તેથી ભક્તિ પ્રાપ્ત થાય છે. અહીં વૈદિક ધર્મ કહેલા હોવાથી આને 'મર્યાદા' કહે છે, અર્થાત્ આ આઠ અધ્યાયમાં મર્યાદામાર્ગનો બોધ કરેલો છે.

દ્વિતીય અધ્યાયમાં સાંખ્ય અને યોગ નું નિરૂપણ કરેલું છે. હવે આ તૃતીય અધ્યાયમાં ધર્મ અથવા કર્મ નો નિર્ણય કરે છે. ૧. 'ત્યાગ' એટલે કર્મનો ત્યાગ કરવો, એટલે કર્મ ન કરવાં અને ૨. 'અત્યાગ' એટલે કર્મ કરવાં. અહીં એ ઉભય ભેદથી કર્મનો નિર્ણય કરેલો છે. તેમાં ત્યાગ કરતાં અત્યાગ ઉત્તમ છે, અર્થાત્ કર્મનો ત્યાગ કરવા કરતાં અત્યાગ ઉત્તમ છે. કારણ કે શરીરનો સમ્બન્ધ હોય ત્યાં સુધી કર્મનો ત્યાગ કરી શકાતો નથી. તેથી ભગવાન્ની આજ્ઞા પ્રમાણે ભગવદર્થ કર્મ કરવાં એ જ ઉત્તમ છે એવો નિર્ણય કરેલો છે.

દ્વિતીયાધ્યાયમાં કર્મમાર્ગ યોગનો ઉપદેશ કરેલો છે. તેમાં અન્તે ''વિહાય કામાન્–સર્વ કામનાને તજી'' વિગેરે કીધેલું હોવાથી સાંખ્યવત્ કર્મત્યાગનો જ ઉપદેશ કર્યો હોય નહીં એમ લાગવાથી કોઈ પ્રકારનો નિશ્ચય કરી નહીં શકવાથી અર્જુન પુનઃ પ્રશ્ન કરે છે.

**અર્જુન ઉવાચ**

**જ્યાયસી ચેત્ કર્મણસ્તે મતા બુદ્ધિર્ જનાર્દન!।**
**તત્ કિં કર્મણિ ઘોરે માં નિયોજયસિ કેશવ!।।૧।।**

**શ્લોકાર્થ :** હે જનાર્દન! હે કેશવ! આપ કર્મ કરતાં બુદ્ધિ ઉત્તમ માનતા હો તો ઘોર કર્મમાં મને શા માટે યોજો છો ?

**વિવેચન :** સર્વ અવિદ્યાને દૈંર કરનાર હે જનાર્દન! કર્મ કરતાં બુદ્ધિયોગ ઉત્તમ હોય તો કર્મમાં મને શા માટે યોજો છો ?

**વ્યામિશ્રેણેવ વાકયેન બુદ્ધિં મોહયસીવ મે।**
**તદ્ એકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમ્ આપ્નુયામ્।।૨।।**

**શ્લોકાર્થ :** વ્યામિશ્ર જેવા વાક્યથી મારી બુદ્ધિને મોહ કરતા હો તેમ જણાય છે. તેથી હું જેનાથી શ્રેયઃ પ્રાપ્ત કરું તે એક નિશ્ચય કરી કહો.

**વિવેચન :** કોઈ સ્થળે કર્મની પ્રશંસા કરનાર, કોઈ સ્થળે કર્મત્યાગની પ્રશંસા કરનાર તથા કોઈ સ્થળે જ્ઞાનની પ્રશંસા કરનાર વાક્યો કહ્યાં. તેવા વ્યામિશ્ર અથવા મિશ્રિત વાક્યોથી મારી બુદ્ધિને આપ મોહ કરતા હો તેમ જણાય છે. ભગવાન્નાં વાક્યો મોહક હોતાં નથી. પરન્તુ જીવોથી સમજી શકાતાં નહીં હોવાથી મોહ થાય છે, એમ દર્શાવવા 'ઇવ' શબ્દનો પ્રયોગ કરેલો છે. ''મોહ કરો છો'' એમ નહીં કહેતાં ''મોહ કરતા હો તેમ જણાય છે'' એવો અર્થ થાય છે. તેથી મારી બુદ્ધિનો મોહ દૈંર થાય તેવી રીતે જેનાથી મારું શ્રેય અથવા કલ્યાણ થાય તેવો ઉપદેશ નિશ્ચય કરીને કહો.

**શ્રીભગવાન્ ઉવાચ**

**લોકેઽસ્મિન્ દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોક્તા મયાનઘ!।**
**જ્ઞાનયોગેન સાંખ્યાનાં કર્મયોગેન યોગિનામ્।।૩।।**

**શ્લોકાર્થ:** હે અનઘ! આ લોકમાં મેં પહેલાં બે પ્રકારની નિષ્ઠા કહેલી છે ૧. સાંખ્યોની જ્ઞાનયોગથી ૨. યોગીઓની કર્મયોગથી.

**વિવેચન:** મેં પહેલાં તને જે કહ્યું તેનું તેં ચિત્ત રાખી શ્રવણ કરેલું જણાતું નથી. મેં બે પ્રકારની નિષ્ઠા કહી: ૧. સાંખ્યોની જ્ઞાનયોગથી નિષ્ઠા. આમાં સર્વનો ત્યાગ આવશ્યક છે. ૨. યોગીઓની મેં યોગનું વર્ણન કર્યું તેવા કર્મયોગથી નિષ્ઠા. પોત-પોતાના અધિકાર પ્રમાણે આ ઉભય યોગ્ય જ છે. જેનો જે નિષ્ઠાનો અધિકાર તેણે તેનું ગ્રહણ કરવું. અધિકાર ભેદ સર્વ સમ્મત છે. તેથી જ શાસ્ત્રમાં પણ કોઈ સ્થળે જ્ઞાનને અને કોઈ સ્થળે ભક્તિને પુરુષાર્થસાધક કહેલાં છે. આમાં મોહ કરવાનું કાંઈ કારણ નથી.

**ન કર્મણામ્ અનારમ્ભાત્ નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે।**
**ન ચ સંન્યસનાદેવ સિદ્ધિં સમધિગચ્છતિ।।૪।।**

**શ્લોકાર્થ:** કર્મનો આરમ્ભ નહિ કરવાથી પુરુષ નૈષ્કર્મ્ય પ્રાપ્ત કરતો નથી, તેમજ કર્મના સંન્યાસથી જ સિદ્ધિ પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન:** યોગમાર્ગવાળા કર્મનો આરમ્ભ જ ન કરે તો તેથી તેઓને નૈષ્કર્મ્ય પ્રાપ્ત થતું નથી, પરન્તુ બુદ્ધિયોગથી કર્મ કરે તો જ તેઓનું અન્તઃકરણ શુદ્ધ થાય છે અને પુરુષાર્થ સિદ્ધ થાય છે. તેવી જ રીતે સાંખ્યમાર્ગવાળા માત્ર કર્મનો ત્યાગ કરે તેથી જ તેઓને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, પરન્તુ આગળ આ અધ્યાયના ૧૭-૧૮ શ્લોકમાં વર્ણન કરેલું છે તે પ્રમાણે રહેવાથી તેઓને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી તારા જેવા કર્મના અધિકારીઆને કર્મનો ત્યાગ કરવાથી અથવા સાંખ્યથી પણ સિદ્ધિ થવાની નથી.

**ન હિ કશ્ચિત્ ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્।**
**કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ ગુણૈઃ।।૫।।**

**શ્લોકાર્થ:** કોઈ સમયે ક્ષણ પણ કર્મ કર્યા વિના કોઈ પણ રહેતો નથી, કારણ કે પ્રકૃતિના ગુણો સર્વને પરવશ કરી કર્મ કરાવે છે.

**વિવેચન:** પ્રારબ્ધ કર્મનો આશ્રય દેહ હોય ત્યાં સુધી જીવન્મુક્ત પણ કરે છે તો પછી અન્યની વાત જ શી! પ્રકૃતિના સત્ત્વાદિ ગુણો સર્વને પરવશ કરી તેઓની પાસે કર્મ કરાવે છે. તેથી કોઈ પણ સમયે એક ક્ષણ પણ કર્મ કર્યા વિના કોઈ રહી શકતો નથી.

શ્રીભાગવત્ ૧।૧।૧૧ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**કર્મેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્।**
**ઇન્દ્રિયાર્થાન્ વિમૈંઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે।।૬।।**

**શ્લોકાર્થ:** જે મૈંઢ અન્તઃકરણવાળો કર્મેન્દ્રિયોનો સંયમ કરી મનથી ઇન્દ્રિયોના અર્થોનું સ્મરણ કરતો રહે છે તે મિથ્યાચારી કહેવાય છે.

**વિવેચન:** કોઈ કર્મ કર્યા વિના રહી શકતો નથી. છતાં કોઈ એવા મૈંઢ અન્તઃકરણવાળા હોય છે કે હાથ-પગ વિગેરે કર્મેન્દ્રિયોનો સંયમ કરી મનથી જ વિષયોનું સ્મરણ કર્યા કરે છે. કર્મનો અમે

ત્યાગ કર્યો છે એવો ડોળ કરવા આ પ્રમાણે જેઓ મનથી ઈન્દ્રિયોના વિષયનું સ્મરણ કર્યા કરે છે તેઓ મિથ્યાચારી-દામ્ભિક છે. તેથી જ કહેલું છે કે ''સાંખ્યમાં ત્યાગ કહેલો છે ત્યાં મનથી પણ ત્યાગ જ છે. ત્યાગ ન થાય તો યોગમાર્ગ ( યોગ્ય છે ). યોગ સિદ્ધિ થાય ત્યારે કૃતાર્થતા થાય છે. તે માટે કાંઈ પ્રક્રિયા પુરાણમાં પણ કહેલી છે. ઋષિઓએ બહુ પ્રકારે કહેલી છે, સાંખ્ય અને યોગ નું ફલ એક જ છે. કર્મનો ત્યાગ થતાં સંન્યાસ પ્રાપ્ત થાય છે. ( આ ઉભયનું ફલ છે ) પરન્તુ મનથી જો પુનઃ ( વિષયોનું ) સ્મરણ થાય તો વિઘ્નો ઉત્પન્ન થાય છે. તેથી કર્મ કરવાં એ ( યોગમાર્ગ ) ઉત્તમ છે'' તેથી કર્મનો ત્યાગ કરી મનથી ઈન્દ્રિયોના અર્થોનું સ્મરણ કરવું એ બહુ જ અનર્થકારક છે. એમ કરનાર મૈંઢાત્મા મિથ્યાચારી કહેવાય છે.

**યસ્ત્વિન્દ્રિયાણિ મનસા નિયમ્યારભતેઽર્જુન !।**
**કર્મેન્દ્રિયૈઃ કર્મયોગમ્ અસક્તઃ સ વિશિષ્યતે ।।૭।।**

**શ્લોકાર્થ :** પણ હે અર્જુન ! જે ઈન્દ્રિયોને મનથી નિયમમાં રાખી આસક્તિ વિના કર્મેન્દ્રિયોથી કર્મયોગ આરમ્ભે છે તે ઉત્તમ છે.

**નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ ।।**
**શરીરયાત્રાઽપિ ચ તે ન પ્રસિદ્ધ્યેદ્ અકર્મણઃ ।।૮।।**

**શ્લોકાર્થ :** તું અવશ્ય કર્મ કર, કારણ કે અકર્મ કરતાં કર્મ ઉત્તમ છે. તું કર્મ ન કરે તો તારી શરીરયાત્રા પણ સિદ્ધ ન થાય.

**વિવેચન :** તું કર્મનો અધિકારી હોવાથી અવશ્ય કર્મ કર. અકર્મથી કર્મ ઉત્તમ છે. કર્મ કર્યા વિના શરીરયાત્રાદિ પણ સિદ્ધ ન થાય. તેથી ભગવદીઓએ આસક્તિ રાખ્યા વિના કર્મ કરવું એ જ ઉત્તમ છે.

**યજ્ઞાર્થાત્ કર્મણોઽન્યત્ર લોકોઽયં કર્મબન્ધનઃ ।**
**તદર્થં કર્મ કૌન્તેય ! મુકતસંગઃ સમાચર ।।૯।।**

**શ્લોકાર્થ :** યજ્ઞાર્થ કર્મથી અન્યત્ર આ લોકને કર્મથી બન્ધન થાય છે. હે કૌન્તેય ! સંગથી મુક્ત રહી યજ્ઞાર્થ કર્મ કર.

**વિવેચન :** સાંખ્યવાળા ''આત્મા વિના અન્ય સર્વ બન્ધનકર્તા છે'' એમ માની કર્મ ન કરવાનું કહે છે, પણ તે મત શાસ્ત્રાનુસાર નથી. ''યજ્ઞો વૈ વિષ્ણુઃ–યજ્ઞ વિષ્ણુ છે'' એ શ્રુતિ પ્રમાણે યજ્ઞનો અર્થ ભગવાન્ થાય છે. યજ્ઞાર્થ કર્મ એટલે ભગવદર્થ કર્મ, ભગવત્સેવા વિગેરે. ભગવદર્થ કર્મ સિવાયના બીજાં કર્મ; જેવા કે કામ્ય કર્મ, પરધર્મ વિગેરે આ લોકમાં બન્ધન કરાવનારાં છે, પરન્તુ યજ્ઞાર્થ કર્મથી બન્ધન થતું નથી. તેથી હે કૌન્તેય ! યજ્ઞાર્થ કર્મ કર. કોઈ પદાર્થમાં આસક્તિ રાખ્યા વિના યજ્ઞાર્થ કર્મ કર.

**સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ ।**
**અનેન પ્રસવિષ્યધ્વમ્ એષ વોઽસ્ત્વિષ્ટકામધુક્ ।।૧૦।।**

**શ્લોકાર્થ :** પહેલાં યજ્ઞ સાથે પ્રજા ઉત્પન્ન કરી પ્રજાપતિએ કહ્યું ''આથી તમે વૃદ્ધિ પામો. આ તમને ઈષ્ટ કામ આપનાર થાઓ''.

**વિવેચન :** વળી સર્ગપ્રકરણમાં શાસ્ત્રોમાં જણાવેલ છે કે બ્રહ્માએ યજ્ઞ અને પ્રજા ઉત્પન્ન કર્યા તેથી પણ કર્મ અવશ્ય કરવાં જોઈએ એમ દર્શાવવા અહીંથી ચાર શ્લોક યોજેલા છે. પહેલાં યજ્ઞ

અને યજ્ઞના અધિકારી બ્રાહ્મણ વિગેરે પ્રજા બ્રહ્માએ ઉત્પન્ન કરી અને પ્રજાને કહ્યું કે યજ્ઞથી તમે વૃદ્ધિ પામો. યજ્ઞ તમને ઈષ્ટ કામ આપનાર થાઓ. આવું વરદાન બ્રહ્માએ પ્રજાને આપેલ છે. અહીં કામ્ય કર્મની પ્રશંસા કરી છે એમ માનવાનું નથી, કારણ કે અહીં યજ્ઞને કામધેનુરૂપ કહેલ છે. તેથી યજ્ઞ વિગેરે અવશ્ય કરવાયોગ્ય વિહિત કર્મ કોઈ પણ પ્રકારની કામના વિના કરવાથી મોક્ષ પણ આપી શકે છે. તેથી એ પ્રમાણે યજ્ઞ સર્વ પુરુષાર્થ આપી શકનાર હોવાથી તેને કામધેનુ કહેલ છે. આજ આગળ કહે છે.

**દેવાન્ ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વઃ।**
**પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ।।૧૧।।**

**શ્લોકાર્થ :** તમે આનાથી દેવોની વૃદ્ધિ કરો અને તે દેવો તમારી વૃદ્ધિ કરો. પરસ્પર વૃદ્ધિ કરતાં પરમ શ્રેયઃ પ્રાપ્ત કરશો.

**વિવેચન :** આ યજ્ઞથી તમે દેવોને સમૃદ્ધિમાન કરો. દેવો તમને સમૃદ્ધિમાન કરો. દેવોને હવિષ આપી તમે તેઓને સમૃદ્ધિમાન કરો, અને દેવો તમને યજ્ઞ કરવાના સાધનો આપી તમને સમૃદ્ધિમાન કરો. એમ કરતાં પરમશ્રેય અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરશો.

**ઈષ્ટાન્ ભોગાન્ હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ।**
**તૈર્ દત્તાન્ અપ્રદાયૈભ્યો યો ભુંક્તે સ્તેન એવ સઃ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** "કારણ કે યજ્ઞથી વૃદ્ધિ પામેલા દેવો તમને ઈષ્ટ ભોગ આપશે. તેમણે આપેલાનો તેમને આપ્યા વિના જે ભોગ કરે તે ચોર જ છે.

**વિવેચન :** વૃષ્ટિ વિગેરેથી દેવો જે પદાર્થો આપે છે તે પદાર્થોનો તેમને આપ્યા વિના જે ભોગ કરે છે તે ચોર જ છે. બીજાની અને બીજામાટે જ મુકરર થયેલી વસ્તુમાં "આ મારી છે" એવી બુદ્ધિ રાખી તેનાથી પોતાનું પોષણ કરવું તે ચોરી. એમ કરવાથી પરમ પુરુષાર્થની પ્રાપ્તિમાં અયોગ્ય થવાય છે એટલું જ નહિ પણ નરમાં પડાય છે. (રામાનુજ)

**યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બષૈઃ।**
**ભુઞ્જતે તે ત્વઘં પાપા યે પચુત્યાત્મકારણાત્ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલાનો ભોગ કરતાં સર્વ પાપોથી મુક્ત થાય છે. જે પાપીઓ પોતાન માટે જ અન્ન રાંધે છે તેઓ પાપનો જ ભોગ કરે છે.

**વિવેચન :** પાંચ પ્રકારના યજ્ઞ ભગવાનનું જ સ્વરૂપ છે. તેથી યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલાં અન્નાદિ ભગવાન્‌ની જ પ્રસાદી હોવાથી તેનો ભાગ કરતાં સર્વ પાપોથી મુક્ત થાય છે. પરન્તુ જે પાપીઓ તે પ્રમાણે નહિ કરતાં પોતે જ પ્રથમ ભોગવે છે તેઓ પાપ જ ભોગવે છે. આવા ભોગનું પરિણામ પાપ થતું હોવાથી આવા ભોગને 'પાપ' કહેલ છે. (રામાનુજ)

**અન્નાદ્ ભવન્તિ ભૈંતાનિ પર્જન્યાદ્ અન્નસમ્ભવઃ।**
**યજ્ઞાદ્ ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદ્‌ભવઃ ।।૧૪।।**

**શ્લોકાર્થ :** અન્નથી પ્રાણીઓ થાય છે, પર્જન્યથી અન્ન થાય છે. યજ્ઞથી પર્જન્ય થાય છે. યજ્ઞ કર્મથી થાય છે.

**વિવેચન :** અહીંથી બે શ્લોકથી (૧૪,૧૫) ઉત્પત્તિપ્રકાર લક્ષમાં લઈએ તો પણ કર્મ કરવાં જોઈએ એવો ઉપદેશ કરે છે. પ્રાણીમાત્ર અન્નથી નભે છે. વરસાદ થવાથી અન્ન પાકે છે. યજ્ઞ

કરવાથી વરસાદ થાય છે. યજ્ઞાત્મક ભગવદ્રૈંપની ઉત્પત્તિ કર્મથી સારી રીતે થાય છે, અર્થાત્ દ્રવ્ય કમાવું વિગેરે પુરુષનાં કાર્યરૂપ કર્મ કરવાથી યજ્ઞાત્મક ભગવાનનું પ્રાકટ્ય થાય છે.

**કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ બ્રહ્માક્ષરસમુદ્ભવમ્ ।**
**તસ્માત્ સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્ ।।૧૫।।**

**શ્લોકાર્થ :** કર્મનો ઉદ્ભવ બ્રહ્મમાંથી થાય છે એમ જાણ. બ્રહ્મનો ઉદ્ભવ અક્ષરમાંથી થાય છે. તેથી વ્યાપક બ્રહ્મ યજ્ઞમાં નિત્ય રહેલું છે.

**વિવેચન :** કર્મનો ઉદ્ભવ બ્રહ્મ એટલે વેદમાંથી થાય છે, અથવા કર્મનો ઉદ્ભવ બ્રહ્મા-પ્રજાપતિથી થએલો છે. બ્રહ્મ એટલે વેદ અક્ષરબ્રહ્મમાંથી ઉત્પન્ન થએલા છે. આ વ્યાપક અક્ષરબ્રહ્મ યજ્ઞમાં નિત્ય રહેલું છે. પ્રજાપતિએ બ્રહ્મથી અભિન્ન જ યજ્ઞ પ્રથમ કરેલા છે અને ઉપર જણાવ્યા પ્રમાણે યજ્ઞ કરવાનો ઉપદેશ કરેલો છે. તેથી યજ્ઞમાં નિત્ય બ્રહ્મ રહેલું છે.

**એવં પ્રવર્તિતં ચક્રં નાનુવર્તયતીહ યઃ ।**
**અઘાયુરિન્દ્રિયારામો મોઘં પાર્થ ! સ જીવતિ ।।૧૬।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! આવી રીતે પ્રવર્તિત ચક્રને જે અહીં અનુસરતો નથી તે ઈન્દ્રિયોમાં સુખ માનનાર પાપી આયુષ્યવાળો વૃથા જીવે છે.

**વિવેચન :** આવી રીતે પ્રજાપતિએ ઉપદેશ કરી પ્રવર્તાવેલા કર્મના ચક્રને અથવા કર્મના અનુશાસનને જે પુરુષ અનુસરતો નથી એટલે જ યજ્ઞાર્થ કર્મ કરતો નથી તે ઈન્દ્રિયોમાં અથવા ઈન્દ્રિયોના વિષયોમાં જ રમણ કરનારનું આયુષ્ય પાપમય છે, તેથી તેનું જીવન વ્યર્થ છે.

**યસ્ત્વાત્મરતિરેવ સ્યાદ્ આત્મતૃપ્તશ્ચ માનવઃ ।**
**આત્મન્યેવ ચ સન્તુષ્ટઃ તસ્ય કાર્યં ન વિદ્યતે ।।૧૭।।**

**શ્લોકાર્થ :** પરન્તુ જે મનુષ્ય આત્મતૃપ્ત અને આત્મરતિ જ છે અને આત્મમાં જ સન્તુષ્ટ રહે છે તેને કાંઈ કરવાનું નથી.

**વિવેચન :** એવી રીતે યોગમાર્ગીય પુરુષને સ્વાર્થની સિદ્ધિમાટે કર્મ કરવાનું છે એમ ઉપદેશ કરી, હવે સાંખ્યમાર્ગવાળાને જ્ઞાનની જ આવશ્યકતા છે, કર્મ કરવાનું નથી એમ અહીંથી બે શ્લોકથી ( ૧૭।૧૮ ) કહે છે. 'પરન્તુ' શબ્દ હવે જુદા માર્ગની વાત કરવામાં આવે છે એમ દર્શાવે છે. જે મનુષ્ય આત્મતૃપ્ત, આત્મામાં જ રમણ કરનાર હોય અને આત્માથી જ સન્તુષ્ટ રહેતો હોય તેને કાંઈ પણ કાર્ય કરવાનું નથી.

**નૈવ તસ્ય કૃતેનાર્થો નાકૃતેનેહ કશ્ચન ।**
**ન ચાસ્ય સર્વભૈંતેષુ કશ્ચિદ્ અર્થવ્યપાશ્રયઃ ।।૧૮।।**

**શ્લોકાર્થ :** તેને કર્મ કરવાથી અથવા નહિ કરવાથી અહીં કોઈ પણ અર્થ નથી, અને આને સર્વ પ્રાણીઓમાં કોઈનો પણ અર્થમાટે આશ્રય નથી.

**વિવેચન :** તેને કર્મ કરવાથી પુણ્ય વિગેરે અર્થ પ્રાપ્ત કરવાનો નથી, તેમજ કર્મ નહિ કરવાથી પાપ વિગેરે કાંઈ પ્રત્યવાય થવાનો નથી. દેવાદિ સર્વ પ્રાણીઓમાંથી કોઈ પણ પ્રાણીનો કોઈ અર્થ પ્રાપ્ત કરવા તેને આશ્રય કરવાનો નથી.

**તસ્માદ્ અસક્તઃ સતતં કાર્યં કર્મ સમાચર ।**
**અસક્તો હ્યાચરન્ કર્મ પરમાપ્નોતિ પુરુષઃ ।।૧૯।।**

**શ્લોકાર્થ :** તેથી અસક્ત રહી નિરન્તર કાર્ય કર્મ કર, કારણ કે અસક્ત રહી કર્મ કરનાર પુરુષ પર પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** તને સાંખ્યજ્ઞાન નથી તેથી તારે આસક્તિ રાખ્યા વિના કર્મ કરવું એ જ ઉત્તમ છે. એ પ્રમાણે આસક્તિ વિના કર્મ કરવાથી પર પદની પ્રાપ્તિ થાય છે. અથવા 'અસક્ત રહી' એટલે ભગવાન્ માટે કર્મ કરનાર થઈ. આવો અર્થ કરવાનું પ્રયોજન એ છે કે કોઈ પણ દેહના અભિમાનવાળો પુરુષ કોઈ પણ કર્મ કામના વિના કરતો જ નથી.

**શંકા :** ''પ્રતિદિન સુધ્યા કરવી'' એવાં નિત્ય કર્મોના કોઈ ફલ શાસ્ત્રમાં કહેલા નથી, તેથી કામના વિના કોઈ કર્મ કરતું જ નથી એમ ન કહેવાય.

**સમાધાન :** એવું ન માનવું. કારણ કે તેવા પણ કર્મો કરવાની શાસ્ત્રમાં આજ્ઞા હોવાથી તેવા કર્મોનું પણ કામનાવાળું ફલ છે એવી કલ્પના કરી શકાય. વળી તેવાં નિત્ય કર્મો કરવાથી વિઘ્નો દૈર થાય છે. એ પણ ફલ જ છે. જેમ જ્યોતિષ્ટોમ યજ્ઞનું ફલ સ્વર્ગ છે, તેમ વિઘ્નોનો નાશ થવો એ આવા નિત્ય કર્મોનું ફલ છે. તેવું ફલ ન હોય તો કોઈ નિત્યકર્મ કરવાની પ્રવૃત્તિ પણ ન કરે. તેથી આ શ્લોકમાં એમ જ કહ્યું છે કે ભગવાન્‌ની પ્રાપ્તિની કામનાથી કર્મ કરવાં. આ વિષય આગળ સ્પષ્ટ કરવામાં આવશે.

**કમણૈવ હિ સંસિદ્ધિમ્ આસ્થિતા જનકાદયઃ।**
**લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્ કર્તુમ્ અર્હસિ ।।૨૦।।**

**શ્લોકાર્થ :** જનક વિગેરેએ કર્મથી જ સંસિદ્ધિ પ્રાપ્ત કરી છે. લોકસંગ્રહ પ્રતિ પણ દૃષ્ટિ રાખી તારે કર્મ કરવાં ઉચિત છે.

**વિવેચન :** કર્મ કરવામાં સદાચાર પણ પ્રમાણ છે એમ જણાવવા કહે છે કે જનક વિગેરેએ પણ અનાસક્ત રહી કર્મ કરવાથી સંસિદ્ધિ અથવા જીવન્મુક્તાવસ્થા પ્રાપ્ત કરેલી છે. અથવા જનકાદિએ કર્મથી સંસિદ્ધિ એટલે જ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત કરેલી છે, એટલે તને જ્ઞાનસિદ્ધિનું અભિમાન હોય તો પણ તારે કર્મ કરવાં યોગ્ય છે. લોકસંગ્રહ પ્રતિ દૃષ્ટિ રાખી તે માટે કર્મ કરવાં પણ યોગ્ય છે. આનું કારણ નીચેના શ્લોકમાં આપે છે.

**યદ્-યદ્ આચરતિ શ્રેષ્ઠઃ તત્-તદેવેતરો જનઃ।**
**સ યત્ પ્રમાણં કુરુતે લોકસ્ તદનુવર્તતે ।।૨૧।।**

**શ્લોકાર્થ :** શ્રેષ્ઠ પુરુષ જેનું-જેનું આચરણ કરે છે તે-તે અન્ય લોકો કરે છે. તે જેને પ્રમાણ કરે છે તેને લોકો અનુસરે છે.

**વિવેચન :** શ્રેષ્ઠ પુરુષના આચરણનું લોકો અનુકરણ કરતા હોવાથી તથા તે પ્રમાણ કરે તેને અનુસરતા હોવાથી એવા પુરુષે લોકસંગ્રહમાટે એટલે લોકો પણ તે પ્રમાણે આચરણ કરે તે માટે કર્મ કરવાં ઉચિત છે.

શ્રીભાગવત્ ૧।૧૯।૮ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિઞ્ચન।**
**નાનાવાપ્તમ્ અવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ ।।૨૨।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ! ત્રણ લોકમાં મારે કાંઈ પણ કર્તવ્ય નથી, કાંઈ નહિ પ્રાપ્ત કરેલું પ્રાપ્ત કરવાનું નથી છતાં હું કર્મમાં પ્રવર્તું છું.

**વિવેચન :** લોકસંગ્રહમાટે કર્મ કરનારાઓમાં પોતાનું જ દષ્ટાન્ત અહીંથી ત્રણ શ્લોકથી ( ૨૨-૨૪) આપે છે. મારે કાંઈ કર્તવ્ય નથી તેમજ કાંઈ કર્મ કરવાની આવશ્યકતા નથી, છતાં લોકસંગ્રહમાટે કર્મમાં પ્રવૃત્તિ કરું છું.

**વિશેષ :** આ શ્લોક સિદ્ધ પુરુષનો પ્રકાર બતાવે છે. જેને પરમસિદ્ધિ પ્રાપ્ત થઈ છે તેને કાંઈ કર્તવ્ય રહેતું નથી. તેને કાંઈ પણ પ્રાપ્તિ નહિ થાય તેવી વસ્તુ નથી. કારણ કે સમસ્ત વસ્તુનો અન્તર્ભાવ તો પરમતત્ત્વ કૃષ્ણરૂપે એને પ્રાપ્ત થયા કરે છે. તો પણ એ ( સિદ્ધ ) એનાં કર્મોને વહ્યા કરે છે. કારણ માત્ર કે એના આધાર પર રહી અન્ય જીવો પ્રવૃત્તિ કરે અને આગળ વધ્યા કરે. ક્રિયા હંમેશા ઉપકારક હોવી જોઈએ. જો ઉપકારક ક્રિયા ન થાય તો તે ક્રિયા દોષવાન્ છે. સ્વાર્થ સિદ્ધ કરવામાટે કરેલી ક્રિયા પાપમય છે. દેખાવમાં કદાચ લાભ દેખાય છે પણ બારીક તપાસ કરીએ છીએ તો ત્યાં ફલાસક્તિ હોવાને કારણે દોષવાન્ બને છે અને દોષમય હોવાથી અન્યને ઉપકારક નથી.

**યદિ હ્યયં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ ।**
**મમ વર્ત્માનુવર્તતે મનુષ્યાઃ પાર્થ! સર્વશઃ ।।૨૩।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! હું આલસ્યરહિત થઈ કોઈ સમયે કર્મમાં પ્રવૃત્ત ન થાઉં તો મનુષ્યો સર્વ તરફથી મારા માર્ગને અનુસરે.

**વિવેચન :** શ્રીભાગવત્ ૧૦।૭૭।૩૦ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ઉત્સીદેયુર્ ઈમે લોક ન કુર્યાં કર્મ ચેદ્ અહમ્ ।**
**સંકરસ્ય ચ કર્તા સ્યામ્ ઉપહન્યામ્ ઈમાઃ પ્રજાઃ ।।૨૪।।**

**શ્લોકાર્થ :** જો હું કર્મ ન કરું તો આ લોકોનો નાશ થાય, હું સંકરનો કર્તા થાઉં અને આ પ્રજાનો નાશ કરું.

**વિવેચન :** હું કર્મ ન કરું તો મનુષ્યો કર્મ કરે નહિ, તેથી આ લોકોનો નાશ થાય વિગેરે આ શ્લોકમાં વર્ણવેલા પરિણામ આવે.

**સક્તાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત ! ।**
**કુર્યાદ્ વિદ્વાન્ તથાऽસક્તઃ ચિકીર્ષુઃ લોકસંગ્રહમ્ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! અવિદ્વાનો જેમ કર્મમાં આસક્ત થઈ કર્મ કરે છે તેમ લોકસંગ્રહ કરવાની ઈચ્છાથી વિદ્વાને આસક્તિ રાખ્યા વિના કરવું.

**વિવેચન :** બ્રહ્મસૈંત્ર ૩।૩।૪૨ ઉપરનાં અણુભાષ્યમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

હે ભારત ! જેમ અવિદ્વાનો અથવા મૈંર્ખ લોકો કર્મમાં આસક્ત થઈ તેના ફલની ઈચ્છા રાખી વિષયોનો ત્યાગ કરવાની શક્તિ નહિ હોવાથી કર્મ કરે છે તેમ વિદ્વાનોએ એટલે આત્મા અને અનાત્મા અથવા જડનું સ્વરૂપ જાણનાર લોકોએ પણ કર્મ કરવું. પરન્તુ કર્મમાં આસક્તિ રાખ્યા વિના કર્મ કરવું. કર્મ અવિદ્વાન અને વિદ્વાન ઉભય કરે, પરન્તુ અવિદ્વાન કર્મમાં આસક્તિ રાખે છે અને વિદ્વાને આસક્તિ રાખ્યા વિના લોકસંગ્રહમાટે કર્મ કરવું.

**ન બુદ્ધિભેદં જનયેદ્ અજ્ઞાનાં કર્મસઙ્ગિનામ્ ।**
**જોષયેત્ સર્વકર્માણિ વિદ્વાન્ યુક્તઃ સમચારન્ ।।૨૬।।**

**શ્લોકાર્થ :** કર્મસંગી અજ્ઞોની બુદ્ધિનો ભેદ વિદ્વાને કરવો નહિ, પણ યુક્ત રહી કર્મ કરતાં સર્વ

કર્મો શીખવવાં.

**વિવેચન :** અજ્ઞ પુરુષો કર્મના સંગી છે અથવા તેઓ કર્મમાં આસક્ત છે તેથી તેઓને અન્ય ઉપદેશ આપવો નહિ, કારણ કે તેમ કરવાથી તેમની બુદ્ધિનો ભેદ થાય એટલે તેઓ ઉપદેશ ગ્રહણ કરી શકે નહિ, અને કર્મ પણ તજી દે. તેઓ ચિત્તની શુદ્ધિ થાય તે માટે કર્મ કરતા નથી, પરન્તુ બીજા પણ્ડિતને કર્મ કરતો જોઈ, ફલ પ્રાપ્ત કરવા જ કર્મ કરતા હોય છે. તેથી વિદ્વાને પોતે બુદ્ધિયોગથી કર્મ કરતાં-કરતાં અજ્ઞોને સર્વ કર્મ કરતાં ધીરે-ધીરે શીખવવું.

**પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ ।**
**અહપાર-વિમૈંઢાત્મા 'કર્તાહમ્' ઈતિ મન્યતે ।।૨૭।।**

**શ્લોકાર્થ :** સર્વ તરફથી પ્રકૃતિના ગુણો કર્મ કરે છે. અહપારથી વિમૈંઢ અન્તઃકરણવાળો ''હું કર્તા છું'' એમ માને છે.

**વિવેચન :** વિદ્વાન્ અને અવિદ્વાન્ ઉભય કર્મ કરે તો પણ તેમાં શું ભેદ છે એ અહીંથી બે શ્લોકથી (૨૭,૨૮) વધારે સ્પષ્ટ કરે છે. અહીં રીતિથી વિચાર કરતાં પણ એ જ નિર્ણય આવે છે એમ અહીં કહે છે. બ્રહ્મવાદિ સાંખ્યમત પ્રમાણે જગતના કર્તા ભોક્તા સર્વ ધર્મના આશ્રય પુરૂષોત્તમ જ છે. શ્રીપુરૂષોત્તમ અંશવડે અક્ષર, કાલ, પ્રકૃતિ, પુરુષ, આત્મા રૂપ થાય છે. શ્રુતિ પણ કહે છે કે ''તેણે પોતાના બે વિભાગ કર્યા, પતિ અને પત્ની થયા'' તેમાં કાર્ય કરનારી પ્રકૃતિ છે. પુરુષ માત્ર પ્રકૃતિના સમ્બન્ધથી ભોક્તા થાય છે. તેથી કર્મ કરનાર પ્રકૃતિના ગુણો જ છે, પરન્તુ અહપારથી મૈંઢ થએલા અન્તઃકરણવાળો જીવ ''હું કર્તા છું'' એમ પોતાની વિપરીત મતિથી માને છે. વાસ્તવિક રીતે તો કમલના અને ખાખરાના પાન જલથી ભીંજાતા નથી તેમ પુરુષ પ્રકૃતિના ગુણોથી લેપાતો નથી, છતાં ઇન્દ્રિયોના ગુણો કર્મ કરે છે તે કર્મ હું કરું છું એમ વિપરીત મતિથી માને છે.

**તત્ત્વવિત્તુ મહાબાહો ગુણ-કર્મવિભાગયોઃ ।**
**ગુણા ગુણેષુ વર્તન્તે ઈતિ મત્વા ન સજ્જતે ।।૨૮।।**

**શ્લોકાર્થ :** પરન્તુ હે મહાબાહો ! ગુણ અને કર્મ ના વિભાગોના તત્ત્વને જાણનાર ગુણો ગુણોમાં વર્તે છે એમ માની આસક્ત થતો નથી.

**વિવેચન :** ગુણ અને કર્મ ના વિભાગને જાણનાર અર્થાત્ ગુણો જ કર્મ કરે છે, કેવલ આત્માથી કર્મ થતું જ નથી એમ જાણનાર કર્મમાં આસક્ત થતો નથી, કારણ કે ઇન્દ્રિયોના ગુણો જ વિષયમાં રહેલા ગુણોમાટે પ્રવર્તે છે, આત્મા પ્રવર્તતો નથી એમ તેઓ માને છે.

**પ્રકૃતેર્ ગુણસમ્મુઢા સજ્જન્તે ગુણકર્મસુ ।**
**તાન્ અકૃત્સ્નવિદો મન્દાન્ કૃત્સ્નવિન્ ન વિચાલયેત્ ।।૨૯।।**

શ્લોકાર્થ : પ્રકૃતિના ગુણોથી મૈંઢ થએલા ગુણોના કર્મમાં આસક્ત થાય છે. તેવા પૈંર્ણ નહિ જાણનાર મન્દોને પૈંર્ણ જાણનારે ચલાવવા નહિ.

**વિવેચન :** પ્રકૃતિના ગુણોથી મૈંઢ થએલા અજ્ઞાનીઓ ગુણોના કાર્ય કર્મમાં આસક્ત થાય છે, કારણ કે તેઓને પૈંર્ણ જ્ઞાન નથી અને તેઓની મતિ મન્દ છે. એવા લોકોને પૈંર્ણ જાણનારે ચલાવવા નહિ. અહીં ૨૬ મા શ્લોકમાં કહેલો અર્થ વિશેષ દઢ થવા પુનઃ કહેલ છે.

**મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા ।**

**નિરાશીર્ નિર્મમો ભૈંત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ।।૩૦।।**

**શ્લોકાર્થ :** અધ્યાત્મ ચિત્તથી સર્વ કર્મો મારા વિષે અર્પણ કરી, આશારહિત, મમતારહિત, તાપરહિત થઈ યુદ્ધ કર.

**વિવેચન :** અધ્યાત્મ ચિત્તથી સર્વ કર્મો મુખ્ય સાક્ષાત્કર્તા દેવદેવ પ્રભુ મારા વિષે સમર્પણ કરી યુદ્ધ કર. ફલની આશા રાખ્યા વિના, કાર્યથી પ્રાપ્ત થતા ફલમાં મમતા રાખ્યા વિના અને ''હું કર્તા છું'' એવો કોઈ પ્રકારનો તાપ અથવા ઉચાટ રાખ્યા વિના યુદ્ધ કર. અહીં કર્મના ફલનો, મમતાનો અને કર્તાપણાનો એવા ત્રણ પ્રકારનો ત્યાગ કરવાનો કહેલ છે. નિબન્ધ ૨।૨૭૫ માં પણ આજ અર્થ કહેલો છે.

**વિશેષ :** જીવનો સ્વભાવ તો કરેલાં કર્મનો ઉપભોગ કરવાનો હોય છે. જીવ વાસનામય છે એટલે એનાં કર્મો સામાન્ય રીતે દોષમય હોય છે. દોષમય કર્મનાં ફળ પણ દોષમય બને છે. એથી જીવ હંમેશા દોષબદ્ધ જ રહે. જ્યાં સુધી જીવ દોષબદ્ધ હોય ત્યાં સુધી મુક્ત થવાની આશા રાખવી વ્યર્થ છે એ કારણે જીવ કોઈ પણ જાતની આશા રાખ્યા વિના; તેમજ મમત્વનો ત્યાગ કરીને શુદ્ધ – નિખાલસ ચિત્તથી પોતાનાં કરેલાં કર્મને ભગવાન્‌ને સમર્પણ કરે તો દોષરહિત બની શકે છે અને કર્મ બન્ધનમાંથી મુક્ત થાય છે. સન્તાપ હંમેશા કર્મમાંથી ઉભો થાય છે. કર્મ અર્પણ કર્યા પછી સન્તાપ રહેતો નથી; કારણ કે કર્મ દેવાધિદેવને અર્પણ કરેલ છે. દેવાધિદેવ શુદ્ધ ચિત્તવાળાના સમસ્ત દોષ દૈંર કરવા સામર્થ્ય ધરાવે છે. જીવ પરતન્ત્ર છે પણ ભગવાન્ સ્વતન્ત્ર છે. પરતન્ત્રનો ધર્મ માત્ર સ્વતન્ત્રને સર્વનિવેદન કરવાનો છે.

**યે મે મતમિદં નિત્યમ્ અનુતિષ્ઠન્તિ માનવાઃ ।**
**શ્રદ્ધાવન્તોઽનસૈંયન્તો મુચ્યન્તે તેઽપિ કર્મભિઃ ।।૩૧।।**

**શ્લોકાર્થ :** જે શ્રદ્ધાવાળા અસૈંયારહિત માણસો મારા આ મત પ્રમાણે નિત્ય ચાલે છે તેઓ પણ કર્મથી મુક્ત થાય છે.

**વિશેષ :** સંશયવાળા ચિત્તથી કરેલું સમર્પણ શુભફલનું જનક બનતું નથી. શ્રદ્ધાથી સંશય દૈંર થાય છે. શ્રદ્ધા વિશ્વાસને ઉભો કરે છે. વિશ્વાસ દેવાધિદેવ પર મૈંકવો. બધી રીતે શુભ ભાવનાવાળો બનતાં ક્રિયાના પરિણામમાં મદદરૂપ બને છે ।।૩૧।।

**યે ત્વેતદભ્યસૈંયન્તો નાનુતિષ્ઠન્તિ મે મતમ્ ।**
**સર્વજ્ઞાનવિમૈંઢાંસ્તાન્ વિદ્ધિ નષ્ટાન્ અચેતસઃ ।।૩૨।।**

**શ્લોકાર્થ :** પરન્તુ જે અસૈંયાવાળા મારા આ મત પ્રમાણે ચાલતા નથી તે સર્વજ્ઞાનમાં વિમૈંઢ શૈંન્ય હૃદયોને નાશ પામેલા જાણ.

**વિવેચન :** જેઓ ઉપર જણાવ્યા પ્રમાણે મારા મત અનુસાર ચાલતા નથી અને કર્મ કરતા નથી તેઓ નષ્ટ જ છે.

**વિશેષ :** આ શ્લોકમાં ભગવાન્ જીવને પોતાનો જાણી કાંઈક વિશેષ પ્રકારે બોધ કરે છે. જીવમાં સ્વાભાવિક દોષ તરીકે આશા, મમતા અને અસૈંયા છે. એ સિવાય બીજા દોષો પણ ખરા. પરન્તુ આ ત્રણે દોષ એને આગળ વધવાની સામગ્રી તૈયાર કરવામાં નડતરરૂપ બને છે. તે કારણે અહીં ભગવાન્ કહે છે કે આ ત્રણ દોષને જીવે દૈંર કરવા જોઈએ અને મારામાં અચળ શ્રદ્ધા રાખી પોતાનું સ્વાભાવિક કામ કરતાં–કરતાં જો દોષ થઈ જશે તો પણ તેને દૈંર કરવા શ્લોક ૩૧

માં કહેલી પ્રતિજ્ઞા પ્રમાણે કર્મ સમર્પિત થતાં ભગવાન્ સમર્થ બને છે.

**સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્ જ્ઞાનવાનપિ ।**
**પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ ।।૩૩।।**

**શ્લોકાર્થ :** જ્ઞાનવાળો પણ પોતાની પ્રકૃતિ અનુસાર ચેષ્ટા કરે છે. પ્રાણીઓ પ્રકૃતિ પ્રમાણે ચાલે છે. નિગ્રહ શું કરશે ?

**વિવેચન :** આપના મત પ્રમાણે ચાલવાથી આવું ઉત્તમ ફલ પ્રાપ્ત થતું હોય તો સર્વ એ પ્રમાણે કેમ ચાલતા નથી એવી શંકા થાય, તે અહીં દૂર કરેલી છે. સાધારણ માણસો તો શું, પરન્તુ શાસ્ત્રના જ્ઞાનવાળો સાત્ત્વિક પુરુષ પણ પોતાની પ્રકૃતિને અનુસાર ચેષ્ટા કરે છે. અમુક પ્રકારની ચેષ્ટા થવામાં પ્રકૃતિ જ કારણરૂપ છે. પ્રકૃતિથી જ મોહિત થએલો મનુષ્ય ''હું જ જ્ઞાની છું'' એમ માની બીજા કહે તે સાંભળતો પણ નથી. જ્ઞાનીઓને પણ પ્રકૃતિ આ પ્રમાણે વશ કરે છે તો અજ્ઞાનીઓની એવી દશા થાય તેમાં કહેવું જ શું ? તેથી સાત્ત્વિક, રાજસ અને તામસ સર્વ પ્રાણીઓ જેમ તણખલું વાયુને અનુસરે તેમ પોતપોતાની પ્રકૃતિને અનુસરે છે. પ્રકૃતિ આવી પ્રબલ હોવાથી 'નિગ્રહ' એટલે ઉપદેશ અથવા ઇન્દ્રિયોનો સંયમ શું કરી શકે તેમ છે ? અર્થાત્ કાંઈ જ કરી શકે તેમ નથી.

**વિશેષ :** ક્રિયાભાવના કરતાં શરણભાવના જેટલા પ્રમાણમાં વધારે હોય છે તેટલા પ્રમાણમાં પ્રકૃતિ – સ્વભાવ ઉપર નિગ્રહ મૂકી શકાય છે. શરણભાવના વિના પ્રકૃતિ ઉપર મૂકેલો નિગ્રહ નિરુપયોગી બને છે; એટલું જ નહિ પણ પ્રકૃતિ પોતાની બલવત્તર સત્તા જીવ પર મૂકી જીવને વધારે પ્રમાણમાં હંફાવે છે. શરણભાવના – ભગવત્શરણભાવના ''ભગવાન્‌ને શરણે હું છું'' એ પ્રકારની ભાવના કર્યા કરવી ।।૩૩।।

**ઇન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગ-દ્વેષૌ વ્યવસ્થિતૌ ।**
**તયોર્ ન વશમાગચ્છેત્ તૌ હ્યસ્ય પરિપન્થિનૌ ।।૩૪।।**

**શ્લોકાર્થ :** ઇન્દ્રિયના ઇન્દ્રિયાર્થ પ્રતિ રાગદ્વેષ નિર્માણ થએલા છે. તેમને વશ ન થવું, કારણ કે તે આને વિઘ્નકારક છે.

**વિવેચન :** દરેક ઇન્દ્રિયને પોતાના ઇષ્ટ અર્થ પ્રતિ રાગ અને અનિષ્ટ અર્થ પ્રતિ દ્વેષ થાય છે. આ રાગ અને દ્વેષ જ વિવેકી પુરુષને વિઘ્નકારક છે, આડે રસ્તે દોરનાર છે. તેથી રાગ અને દ્વેષ ને વશ ન થવું.

**વિશેષ :** જીવના બે શત્રુઓ રાગ અને દ્વેષ પ્રકૃતિના ગુણભાવે ઉભા થાય છે. આ રાગ અને દ્વેષ નો ઉપયોગ પોતાના ઐહિક ઇન્દ્રિયોના હિતને માટે ઉપયોગમાં લે છે. જીવ એમ માને છે કે રાગથી હું ઇન્દ્રિયસુખ મેળવી શકું છું અને બીજાનાં સુખને પોતાની પાસે રહેલા દ્વેષ નામના શત્રુથી બીજાનું સુખ છીનવી લઈ પોતે વધારે સુખી થઈ શકે છે. આ પ્રકારે પ્રાપ્ત કરેલા સુખમાં રાગ અને દ્વેષ કારણભૂત થાય ખરા, પણ એ સુખ એનું ક્ષણિક હોવાથી તેમજ એના હવે પછીના માર્ગમાં અવરોધ કરનારું હોવાથી સુખ પોતે પણ દુઃખરૂપ થાય છે. એ કારણે રાગ અને દ્વેષ ને જીવના શત્રુરૂપે અહીં વર્ણવેલા છે. અન્તઃકરણમાં મોહ, કામ અને ક્રોધ રહેલા છે. કામને 'મોહ' નામે પણ ઓળખી શકાય છે. ક્રોધને 'રોષ' નામથી પણ ઓળખાય છે. ઇન્દ્રિયોના ધર્મો તો ઇન્દ્રિયોના પ્રયોજનમાં ઉપયોગમાં આવે છે. તાત્પર્ય કે ઇન્દ્રિયોનો સ્વાભાવિક ધર્મ તો

ચાલુ રહેવાનો. અને એ ચાલુ રહેતા જે વસ્તુની સાથે ક્રિયાધર્મ યોજાય છે તે વસ્તુ સાથે રાગ અથવા દ્વેષ ઉભો થાય છે. રાગ અને દ્વેષ બાહ્યભાવ છે. એ અન્તઃકરણમાં રહેલા કામ અને ક્રોધ ને સતેજ કરે છે. આ રીતે ગુણક્ષોભ થતાં જીવ સ્વભાવતઃ ઉન્નતિમાર્ગમાં જનાર હોવા છતાં આ બે (રાગ અને દ્વેષ અથવા કામ અને ક્રોધ) અટકાવનાર બને છે. તે કારણે તેઓ જીવના શત્રુ છે. પ્રકૃતિ અને તેના ગુણો પણ જીવના શત્રુરૂપે બને છે.

**શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્।**
**સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ।।૩૫।।**

**શ્લોકાર્થ :** સારી રીતે આચરેલા પરધર્મ કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. સ્વધર્મમાં નિધન પણ શ્રેયઃ છે, પરધર્મ ભયકારક છે.

**વિવેચન :** જીવ પ્રકૃતિને વશ હોવાથી રાગ-દ્વેષ તજી વિહિત ધર્મમાં પ્રવૃત્તિ કરી શક્તો નથી તોપણ પ્રાકૃત જીવે પણ રાગ-દ્વેષ તજી પરધર્મનું આચરણ ન કરવું અને સ્વધર્મ તજવો નહિ એમ કહે છે. સર્વ અંગ સહિત પરધર્મનું સારી રીતે આચરણ કરવામાં આવે તોપણ તે કરતાં અંગરહિત સ્વધર્મનું આચરણ કરવું સારું. સ્વધર્મનું આચરણ કરતાં મરણ થાય તો તે પણ સારું છે, પરન્તુ પરધર્મ તો ભય ઉત્પન્ન કરે છે.

રાગ-દ્વેષને વશ થવું નહિ એમ ઉપર ૩૪માં શ્લોકમાં કહ્યું. ૩૫ મા શ્લોકમાં પરધર્મનું આચરણ નહિ કરતાં સ્વધર્મનું આચરણ કરવું એમ કહ્યું. આ સર્વ અશક્ય છે, કારણ કે જીવને પ્રકૃતિને અનુસાર કાર્ય કરવાં પડે છે, તે પોતે સ્વતન્ત્ર નથી. જેમ રોગી શક્તિહીન હોવાથી પરતન્ત્ર હોઈ પોતાની ઈચ્છા હોવા છતાં કાર્ય કરવા શક્તિમાન નથી, સ્વધર્મનું આચરણ કરી શક્તો નથી, પરધર્મ તજી શક્તો નથી. આનું શું કારણ ? કોણ બલાત્કારે તેને આડે રસ્તે લઈ જાય છે ? એવી શંકા થવાથી અર્જુન પૈંછે છે–

**વિશેષ :** અર્જુનનો દેહ ક્ષત્રિય હોવાથી ક્ષત્રિયધર્મ કરતાં પણ કાંઈક સારો ધર્મ બ્રાહ્મણનો અથવા સંન્યાસીનો જણાય છે. તો પણ તે ધર્મનો અંગીકાર કરવાની જરૂર નથી એવું સૈંચન થાય છે ખરું. ઉપલક દૃષ્ટિએ જોતાં આ અર્થ નીકળે છે પણ વસ્તુતઃ વિચારીએ તો અર્જુન નર-જીવ છે અને તેનો ઉપદેષ્ટા વાસુદેવ-નારાયણ છે. એટલે અર્જુનનો સ્વધર્મ તો જીવ-અંશ થાય છે. એટલે વાસુદેવ-ગુરુ એને પ્રાકૃત (પ્રકૃતિવશ) શિષ્ય તરીકે ન ગણતાં અપ્રાકૃત ભાવમાં લઈ જવા તેને આજ્ઞા કરે છે કે તું તારા જીવધર્મ (ભગવદ્ધર્મ) બરાબર રીતે સાંચવી અંશી સાથેનો તારો સમ્બન્ધ કાયમ રાખ અને તેની આજ્ઞાનુસાર, યોગ્યાયોગ્યનો વિચાર કર્યા વિના, વર્તન કર. કદાચ તારા પ્રકૃતિધર્મના યોગે અયુક્ત લાગે છતાં પણ વર્તન કર.

**શ્રીઅર્જુન ઉવાચ**

**અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પુરુષઃ।**
**અનિચ્છન્નપિ વાર્ષ્ણેય ! બલાદિવ નિયોજિતઃ ।।૩૬।।**

**શ્લોકાર્થ :** ત્યારે હે વાર્ષ્ણેય ! ઈચ્છા ન હોવા છતાં પણ બલાત્કારે યોજાએલો ન હોય તેમ આ પુરુષ કોનાથી યોજાઈ પાપ કરે છે ?

**વિશેષ :** જીવનું આચરણ પોતાની ઈચ્છાથી બનતું નથી. તેનું આચરણ પ્રકૃતિના ગુણભાવથી બને છે. પ્રકૃતિ અને તેના ગુણભાવ સામાન્યતઃ દોષમય હોવાને કારણે જીવ દોષમય કર્મ તરફ

આસક્તિ ધરાવે છે.

અર્જુનના આ પ્રશ્નનો ભગવાન્ ઉત્તર આપે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।**
**મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમ્ ઇહ વૈરિણમ્ ।।૩૭।।**

**શ્લોકાર્થ :** રજોગુણથી ઉત્પન્ન થએલો, બહુ ખોરાકવાળો, મહાપાપી એ કામ છે. એ ક્રોધ છે. તેને અહીં વૈરી જાણ.

**વિવેચન :** રાગ ઉત્પન્ન કરનાર કામ છે. ભિન્ન – ભિન્ન પદાર્થની ઈચ્છારૂપી કામ એ જ રાગ ઉત્પન્ન થવાનું કારણ છે. દ્વેષ ઉત્પન્ન કરનાર ક્રોધ પણ કામનું પરિણામ છે. કામ એ જ ક્રોધ છે પરન્તુ કામ પ્રથમ થાય છે. કામના પૈંર્ણ નહિ થવાથી ક્રોધ થાય છે. તેથી ક્રોધ કામનું પરિણામ છે. કામથી બુદ્ધિનો નાશ થાય છે. કામ દુષ્પૈંર છે, અને મહાપાપ કરાવે છે. કામ ભોગથી પણ શાન્ત થતો નથી, તેથી તેને બહુ ખાનારો કહેલો છે. શ્રીમદ્‌ભાગવતમાં પણ કહેલું છે કે ''કામ ઈચ્છિત પદાર્થોના ભોગથી કદાપિ શાન્ત થતો નથી, પણ બલિથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે તેમ પુનઃ વૃદ્ધિ પામે છે''. કામ દુષ્પૈંર હોવાથી મહાપાપ કરાવે છે. તેથી પોતાની ઈચ્છા ન હોવા છતાં પુરુષને રાગ – દ્વેષમાં પ્રવૃત્ત કરી પાપનું આચરણ બલાત્કારે કરાવનાર આ કામ જ છે. તેને વૈરી જાણ.

**ધૈંમેનાવ્રિયતે વહ્નિર્ યથાઽઽદર્શો મલેન ચ ।**
**યથોલ્બેનાવૃતો ગર્ભઃ તથા તેનેદમ્ આવૃતમ્ ।।૩૮।।**

**શ્લોકાર્થ :** જેમ ધૈંમાડાથી અગ્નિ છવાય છે, જેમ મેલથી આદર્શ ઢંકાય છે, જેમ ઓરથી ગર્ભ વીંટાએલો હોય છે તેમ તેનાથી આ જગત્ છવાએલું છે.

**વિવેચન :** 'તેનાથી' એટલે કામથી. સર્વ જગત્ કામથી છવાઈ રહેલું છે. કેવી રીતે છવાએલું છે તે જણાવવા ત્રણ દષ્ટાન્ત આપેલાં છે.

**વિશેષ :** જે જેનો અંશ હોય છે તેને તેનું જ્ઞાન સ્વાભાવિક રીતે હોય જ. કારણ કે અંશનો તેના અંશી સાથે નિત્ય સમ્બન્ધ છે. આ સમ્બન્ધ બધી રીતે છે એ કારણે નવો સમ્બન્ધ કાંઈ ઉત્પન્ન કરવાનો નથી. માત્ર કોઈક આસપાસના અજ્ઞાનથી પોતાના નિત્ય સમ્બન્ધનું ભાન જીવને રહેતું નથી. પણ જ્યારે તેને ખબર પડે છે કે માત્ર અજ્ઞાનના થરથી તેનું સ્વાભાવિક જ્ઞાન લુપ્ત થઈ ગયું છે ત્યારે એ લુપ્ત થઈ ગયેલા જ્ઞાનને મેળવવા પ્રયત્ન કરી લે છે અને પોતાનો સમ્બન્ધ સુધારી લે છે.

**આવૃતં જ્ઞાનમ્ એતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા ।**
**કામરૂપેણ કૌન્તેય ! દુષ્પૈંરેણાનલેન ચ ।।૩૯।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય ! જ્ઞાનીના નિત્ય વૈરી આ કામરૂપી દુષ્પૈંર અગ્નિએ જ્ઞાનીનું જ્ઞાન ઢાંકેલું છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં કામને વૈરી કહ્યો છે. અહીં તેનું વૈરીપણું દર્શાવે છે. કામ દુષ્પૈંર છે એ ઉપર જણાવેલું છે. શોક અને સન્તાપ ઉત્પન્ન કરનાર કામ હોવાથી તેને અગ્નિ કહેલો છે. અગ્નિવત્ દુષ્પૈંર હોવાથી પણ તેને અગ્નિ કહેવો ઉચિત છે. કામથી જ્ઞાનીનું જ્ઞાન ઢંકાઈ જાય છે.

**ઇન્દ્રિયાણિ મનો બુદ્ધિઃ અસ્યાધિષ્ઠાનમ્ ઉચ્યતે।**
**એતૈર્ વિમોહયત્યેષ જ્ઞાનમ્ આવૃત્ય દેહિનમ્ ।।૪૦।।**

**શ્લોકાર્થ :** ઇન્દ્રિયો મન અને બુદ્ધિ આનું અધિષ્ઠાન કહેવાય છે. આ આથી જ્ઞાનને ઢાંકી દેહીને મોહ કરે છે.

**વિવેચન :** કામનું સ્થાન અથવા રહેવાનું સ્થળ કહે છે. ઇન્દ્રિયો, મન અથવા અન્તઃકરણ અને બુદ્ધિ એ કામના રહેવાનાં સ્થળ છે. આ ઇન્દ્રિયો-મન-બુદ્ધિ જ્ઞાનને ઢાંકી દઈ, દેહી અથવા જીવને મોહ ઉત્પન્ન કરે છે.

**વિશેષ :** કામ શબ્દ 'કમ્' ધાતુથી બનેલો છે. 'કમ્' ધાતુનો અર્થ ચાહવું થાય છે. 'કામ' શબ્દનો અર્થ ચાહના અથવા પ્રેમ. એને શરીરરૂપી ઘરમાં સ્થાન લેવું છે ત્યારે એ પાંચ જ્ઞાનેન્દ્રિય અને છઠ્ઠા મનમાં સ્થાન કરે છે. આ પ્રકારે સ્થાન પ્રાપ્ત થયા પછી અનલની ભાવના ધારણ કરે છે અને જે જે શુભાશુભ ભાવ આવે છે તે બધાને ખાઈ જાય છે અને તેના ફલમાં જેમ અગ્નિ અન્તમાં રાખોડી આપે છે તેમ એ પણ કોઈ પણ જાતના વિકાસમાં સહાય કર્યા વિના પ્રત્યેક ઇન્દ્રિયને આસક્ત બનાવે છે.

હવે કામને જીતવાનો ઉપાય કહે છે :

**તસ્માત્ ત્વમ્ ઇન્દ્રિયાણ્યાદૌ નિયમ્ય ભરતર્ષભ!।**
**પાપ્માનં પ્રજહિ હ્યેનં જ્ઞાન-વિજ્ઞાન-નાશનમ્ ।।૪૧।।**

**શ્લોકાર્થ :** તેથી યે ભરતર્ષભ! આરમ્ભમાં ઇન્દ્રિયોને નિયમમાં રાખી જ્ઞાન અને વિજ્ઞાન નો નાશ કરનાર આ પાપીને તું હણ.

**વિવેચન :** ઇન્દ્રિયોમાં એ રહે છે, અને ઇન્દ્રિયોથી મોહ કરે છે. તેથી તેને જીતવા પ્રથમ તેના અધિષ્ઠાનરૂપ અને કાર્ય સાધવામાં સહાયભૈત ઇન્દ્રિયોને નિયમમાં રાખ અથવા વશ કર; પછી શાસ્ત્રીય જ્ઞાન અને વિજ્ઞાન ઉભયનો નાશ કરનાર આ પાપી કામને હણ.

**વિશેષ :** ઇન્દ્રિયોનું નિયમન કહ્યું; દમન કહ્યું નથી; છતાં દમનની જરૂર છે, એમ જણાય છે. કારણ કે કામનું નિર્વહન ઇન્દ્રિયોદ્વારા થાય છે. ઇન્દ્રિયો કામનાનિર્વાહક હોવાથી ઇન્દ્રિયોને રોકવાથી કામને પણ રોકી શકાય છે. એને રોકવામાં મનોનિગ્રહની વધુ પ્રમાણમાં જરૂર છે. જ્યાં મનોનિગ્રહ ઓછા પ્રમાણમાં હોય ત્યાં નિયમનની જરૂર છે. કોઈ પણ રસ્તે ઇન્દ્રિયોના નિગ્રહની આવશ્યક્તા તો છે જ. હઠયોગમાં દમન છે અને રાજયોગમાં નિયમન છે. અર્જુન ક્ષત્રિય એટલે રજોગુણી અર્થાત્ વિલાસી હોવાથી 'દમન' શબ્દનો ઉપયોગ ન કરતાં 'નિયમન' શબ્દનો ઉપયોગ કર્યો છે.

**ઇન્દ્રિયાણિ પરાણ્યાહુઃ ઇન્દ્રિયેભ્યઃ પરં મનઃ।**
**મનસસ્તુ પરાબુદ્ધિઃ યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ।।૪૨।।**

**શ્લોકાર્થ :** ઇન્દ્રિયોને પર કહે છે. ઇન્દ્રિયોથી પર મન છે, મનથી પણ પર બુદ્ધિ છે અને બુદ્ધિથી પણ પર તે છે.

**વિવેચન :** અહીં જ્ઞાનના વિરોધી તરીકે બળવાન કોણ છે તે કહે છે. ઇન્દ્રિયોને જ્ઞાનના વિરોધીઓમાં પર અથવા બલવતી કહેલી છે. ઇન્દ્રિયોથી પર અથવા બલવત્તર મન છે, મનથી પણ અધિક બળવતી બુદ્ધિ છે, અને બુદ્ધિથી પણ વધારે બલવાન તે કામ છે. એટલે ઇન્દ્રિયો

જ્ઞાનની વિરોધી છે, મનથી બુદ્ધિ વધારે વિરોધી છે અને બુદ્ધિથી પણ કામ વધારે વિરોધી છે.(શ્રીવલ્લભજી)

**વિશેષ :** ઇન્દ્રિયોન શ્રેષ્ઠ કહે છે. ઇન્દ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે. મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે. બુદ્ધિથી શ્રેષ્ઠ છે તે આત્મા છે.

આ શ્લોકમાં શ્રેષ્ઠતા આત્માની બતાવી છે. આત્માને સાધનરૂપે મન, બુદ્ધિ ઇન્દ્રિયો અને દેહ આપવામાં આવ્યાં છે. દેહ કરતાં ઇન્દ્રિયો પ્રબળ છે અને ઇન્દ્રિયો કરતાં મન પ્રબળ છે અને મન કરતાં બુદ્ધિ પ્રબળ છે. બુદ્ધિ કરતાં આત્મા પ્રબળ છે. અધિકાધિક પ્રાબલ્યનો વિચાર કરી તેમાં ચિત્તને રોકવું જરૂરનું હોવાથી આત્મનિગ્રહ વધારે ઉપયોગી છે. આત્માને જો ભગવત્સંગ બને તો જ તેનો નિગ્રહ થાય. આ નિગ્રહદ્વારા સર્વ નિગ્રહ આવી જાય છે.

**એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમ્ આત્મના।**
**જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્।।૪૩।।**

**શ્લોકાર્થ :** હે મહાબાહો ! એવી રીતે કામરૂપી દુર્જય શત્રુને બુદ્ધિથી પર જાણી, આત્માથી મનને સ્થિર કરી કામરૂપી શત્રુનો ત્યાગ કર.

**વિશેષ :** આ શ્લોકમાં કામરૂપી શત્રુનો નાશ કરવામાં મુખ્ય સાધનરૂપ આત્માને માને છે અને તેની મદદમાં બુદ્ધિ ઇત્યાદિને ગણે છે. આત્માને ભગવત્સંગ થવાથી આત્મા નિગ્રહ કરી શકે છે. આ રીતે નિગ્રહદ્વારા કામ નામના મુખ્ય શત્રુ પર જય પ્રાપ્ત કરી શકાય છે. ભગવત્સંગ જેટલા અંશે તેટલા અંશે જય.

આ અધ્યાયમાં કર્મયોગનો ઉપદેશ કરેલો છે. કામ અને ક્રોધ બુદ્ધિનો નાશ કરનાર હોવાથી તેઓનો ત્યાગ કરવાનો અહીં ઉપદેશ કરેલો છે. તેઓનો ત્યાગ કરવામાટે સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ પણ આવશ્યક હોવાથી સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાનો ઉપદેશ કરેલો છે. તેથી હરિની એવી ઇચ્છા હોવાથી કર્મનો ત્યાગ કરાવવાની હોય ત્યાં કર્મનો ત્યાગ કરવો ઉત્તમ છે, તેથી જ એવો ઉપદેશ પણ હોય છે; પણ જ્યાં ભગવાન્ પોતે કર્મ કરાવતા હોય ત્યાં કર્મ કેમ બન્ધનકારક થઈ શકે ? તેથી તેવે પ્રસંગે કર્મ કરવું જ યોગ્ય છે. ભક્તિમાર્ગરૂપી આત્મયોગમાં ભગવાન્‌ની જેવી ઇચ્છા જણાય તેમાં ભક્તોએ કોઈ પ્રકારનો વિચાર કરવાનો નથી, પરન્તુ વિચાર કર્યા વિના ભગવાન્‌ની ઇચ્છા પ્રમાણે જ આચરણ કરવાનું છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૈંપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'કર્મયોગો' નામ**
**તૃતીયોऽધ્યાયઃ।।૩।।**

# ।। અધ્યાય ૪ ।।

# જ્ઞાનકર્મસંન્યાસયોગ

ત્રીજા અધ્યાયમાં યોગીઓએ કર્મ કરવું એવો ઉપદેશ કર્યો છે. હવે આ કર્મયોગ ઉત્તમ છે એમ દર્શાવવા તેની પરમ્પરા કહે છે. પ્રાચીન પરમ્પરા હોવાથી કર્મયોગ પણ નિત્ય છે એવો ઉપદેશ થાય છે. કર્મયોગ નિત્ય હોવાથી તેનું આચરણ કરવું જોઈએ. સર્વત્ર બ્રહ્મભાવ રાખી ફલનાં અનુસન્ધાન વિના કર્મયોગનો જ આશ્રય કરવાથી યોગી વિદ્યાવડે મોક્ષ પ્રાપ્ત કરે છે. ગયા બે અધ્યાયમાં (૨ – ૩) યોગબુદ્ધિથી સ્વધર્મનું આચરણ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ કહેલ છે. એ જ કર્મયોગનું અહીં ભગવાન્ બ્રહ્મભાવથી નિરૂપણ કરે છે, અને તેવી રીતે નિરૂપણ કરવામાટે તે પરમ્પરાથી પ્રાપ્ત થએલ છે એમ પ્રથમ ત્રણ શ્લોકથી દર્શાવતા તેની સ્તુતિ કરે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઈમં વિવસ્વતે યોગં પ્રોક્તવાન્ અહમ્ અવ્યયમ્।**
**વિવસ્વાન્ મનવે પ્રાહ મનુરિક્ષ્વાકવેઽબ્રવીત્।।૧।।**

**શ્લોકાર્થ :** મેં આ અવ્યય યોગ સૈંર્યને કહ્યો, સૈંર્યે મનુને કહ્યો, અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો.

**વિવેચન :** યોગનું ફલ અવ્યય હોવાથી યોગને અહીં અવ્યય કહેલો છે. આ અવ્યય યોગ મેં, વિષ્ણુ ભગવાને, પ્રથમ સૈંર્યને કહ્યો. યુદ્ધ કરવાનો ઉત્સાહ તને થાય તે માટે જ આ યોગ તને કહું છું એમ નથી, પરન્તુ મન્વન્તરના આરમ્ભમાં જ આખા જગતનો ઉદ્ધાર થાય તે માટે મેં સૈંર્યને કહેલો. સૈંર્યે મનુને કહ્યો અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો.

**વિશેષ :** જીવ વિખુટો પડેલો 'વિસ્ફુલ્લિંગ' એટલે તણખો છે. અગ્નિનો સમૈંહ ભગવાન્ છે. સ્વાભાવિક રીતે જ અગ્નિ પોતાનો ભાવ જીવને આપે અને પ્રકાશમાન જીવને પોતાનો ભાવ આપવાની વિશેષ ઈચ્છા કરે. એ કારણે આ જ્ઞાન વિવસ્વાનને આપે છે. 'વિવસ્વાન' એટલે સૈંર્ય. સૈંર્ય કાલાધિપતિ છે અને એ કારણે તેને જ્ઞાન આપવામાં આવે છે. આ પ્રકારે શિષ્ય પરમ્પરાએ અથવા પુત્રપરમ્પરાએ એ જ્ઞાન આગળ ઉપર ચાલ્યા કર્યું; પણ પછી કાલક્રમે લુપ્ત થયું. અર્જુનને એ જ્ઞાન કહેવામાં આવતા શંકા થાય છે. અર્જુન માને છે કે કૃષ્ણ એના જેવા અને સરખી વયના છે. એટલે એ સૈંર્યને જ્ઞાન ક્યાંથી આપી શકે ? કારણ સૈંર્યનો જન્મ ઘણો જ પહેલાંનો છે અને કૃષ્ણજન્મ અર્જુનના માનવા પ્રમાણે સમકાલીન છે. અર્જુન સખા ખરો, ભક્ત ખરો પણ એનામાં લૌકિકભાવ (દેહભાવ) હોવાથી તે આ મુજબ માને છે. જો એને ભગવદ્ભાવ સ્ફુર્યો હોત તો આ પ્રશ્ન ઉપસ્થિત થાત નહિ. ખુલાસો તો શ્રીકૃષ્ણ આપે છે ખરા; પરન્તુ એનામાં ભગવદ્ભાવ સ્ફુરે એવા લક્ષણોનું દાન આ જગ્યાએ ભગવાન્ કરતા નથી. વિરાટ સ્વરૂપનું દર્શન ભગવન્માહાત્મ્ય સૈંચક છે. એ માહાત્મ્ય ભાવ અને સખામય સ્નેહભાવ ભગવદ્સ્વરૂપનું કાંઈ વિશેષ દર્શન કરાવે છે. આ સ્વરૂપ દૃષ્ટ થાય છે અને ધ્યાનમાં પણ ઉતારી શકાય છે. યોગમાં પ્રવેશનારને આ સ્વરૂપની ખાસ જરૂર છે.

**એવં પરમ્પરાપ્રાપ્તમ્ ઈમં રાજર્ષયો વિદુઃ।**
**સ કાલેનેહ મહતા યોગો નષ્ટઃ પરન્તપ!।।૨।।**

**શ્લોકાર્થ :** એવી રીતે પરમ્પરાથી પ્રાપ્ત થએલા આ યોગને રાજર્ષિઓ જાણતા હતા. હે

પરન્તપ ! તે યોગ લાંબા સમયે અહીં નષ્ટ થયો.

**સ એવાયં મયા તેઽદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ ।**
**ભક્તોઽસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદ્ ઉત્તમમ્ ।।૩।।**

**શ્લોકાર્થ :** તું મારો ભક્ત અને સખા છે તેથી તે જ આ પુરાતન યોગ મેં આજે તને કહ્યો, કારણ કે આ ઉત્તમ રહસ્ય છે.

**વિવેચન :** આ યોગ યુદ્ધ કરવામાટે ઉત્સાહ ઉત્પન્ન કરવાજ તને આજે હું નવો કહું છું એમ નથી, પરન્તુ બીજા મન્વન્તરોમાં પણ આખા જગતનો ઉદ્ધાર કરવા મેં આ યોગનો ઉપદેશ કરેલો. તે જ પરમ્પરા પ્રાપ્ત યોગ મેં તને આજે કહ્યો છે. આ યોગ ઉત્તમ રહ્સ્ય છે, પણ તું મારો ભક્ત અને સખા છે તેથી તને કહેલો છે.

**અર્જુન ઉવાચ**

**અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ ।**
**કથમ્ એતદ્ વિજાનીયાં ત્વમાદૌ પ્રોક્તવાન્ ઈતિ ।।૪।।**

**શ્લોકાર્થ :** આપનો જન્મ પછી છે, સૈંર્યનો જન્મ પહેલાં છે. પહેલાં આપે યોગ કહ્યો એ હું કેમ જાણી શકું ?

**વિવેચન :** ભગવાન્‌ના અવતારનાં યાથાત્મ્યનો બોધ થાય એવો પ્રશ્ન અસમ્ભવના મિષથી અર્જુન પૈંછે છે. આપનો જન્મ તો આધુનિક સમયમાં થયો. સૈંર્યનો જન્મ ઘણાં કાલ પૈંર્વે થઈ ગયો. ત્યારે આપે પ્રથમ સૈંર્યને એવો ઉપદેશ કર્યો તે કેમ સમ્ભવે ? અહીં એવી શંકા થાય છે ''આ કર્મયોગ પોતાના પહેલાનાં બીજા જન્મમાં ભગવાને સૈંર્યને કહેલ હોય અને ઉત્તમ પુરુષોને પોતાનાં બીજા જન્મોનું સ્મરણ હોવાનું સમ્ભવે છે, તેથી ભગવાને પહેલા શ્લોકમાં જે કહ્યું, તેમાં વિરોધ નથી. વળી અર્જુન જાણતો જ હતો કે જે તે તેને ઉપદેશ કરે છે તે વસુદેવના પુત્ર સર્વના ઈશ્વર છે, કારણ કે તે પોતે અ. ૧૦ શ્લો.૧૨।૧૩ માં કહે છે કે ''બધા ઋષિઓ અને દેવર્ષિ નારદ, અસિત, દેવલ અને વ્યાસ આપને શાશ્વત દિવ્ય પુરુષ આદિદેવ, અજ, અને વિભુ કહે છે'' વળી યુધિષ્ઠિરના રાજસૈંય યજ્ઞ વિગેરે પ્રસંગોમાં ભીષ્મ વિગેરે પાસેથી વારંવાર તેણે શ્રવણ કરેલું કે ''શ્રીકૃષ્ણ જ લોકોની ઉત્પત્તિ, પ્રભવ અને લય નું સ્થાન છે. શ્રીકૃષ્ણમાટે જ આ સ્થાવર તથા જંગમ સર્વ જગત્ ઉત્પન્ન થએલું છે'' (મહાભા.સભાપર્વ ૩૮।૨૩). તેથી આ સર્વ જગત્ શ્રીકૃષ્ણના અંગનું છે એમ તે જાણતો હતો, છતાં આવો પ્રશ્ન તેણે કેમ કર્યો ?''

એવી શંકા થાય તો જાણવું કે વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ અર્જુન જાણતો જ હતો. જાણવા છતાં, પોતે ન જાણતો હોય તેવી રીતે આ પ્રશ્ન કરવામાં તેનો આશય એવો હતો કેઃ સર્વ તજવા યોગ્ય પદાર્થોના વિરોધી, માત્ર સર્વનું કલ્યાણ કરવામાં તત્પર રહેતા સર્વના ઈશ્વર, સર્વ જાણનાર, સત્યસંકલ્પ, જેમના સર્વ કામો પોતાની મેળે જ પ્રાપ્ત થએલા છે તેવા ભગવાન્‌નો, કર્મને વશ રહેલા દેવો મનુષ્યો વિગેરેના જેવો જન્મ ઈન્દ્રજાલ વિગેરેની પેઠે ખોટો જ હોય છે કે સાચો ? જો સાચો હોય, તો જન્મ કેવા પ્રકારે થાય છે ? તેમનો દેહ શેનો બનેલો હોય છે ? જન્મનું પ્રયોજન શું ? જન્મ ક્યારે થાય છે ? અને કોને માટે જન્મ થાય છે ? આવા સર્વ પ્રશ્નોનું સમાધાન થાય તે માટે અર્જુને આ પ્રશ્ન કર્યો એમ

જણાય છે. (રામાનુજ)

**શ્રીભગવાન્ ઉવાચ**

**બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન !।**
**તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરન્તપ ।।૫।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! મારા અને તારા અનેક જન્મો થઈ ગયા. હે પરન્તપ ! હું તે સર્વ જાણું છું, તું જાણતો નથી.

**વિવેચન :** મારા બહુ જન્મો અથવા અવતારો થઈ ગયા. તેથી મેં પૈર્વે જ્યારે મારો અવતાર થએલો તે સમયે સૈર્યને કર્મયોગ કહેલો. અહીં મારા બહુ અવતારો થઈ ગયા એમ કહેલું છે. તેથી સર્વ અવતારોના હેતુભૈત શ્રીકૃષ્ણ અવતારી પૈર્ણ છે. આ સર્વ અવતારો હું જાણું છું, કારણ કે નિત્યસિદ્ધ જ્ઞાન વગેરે સર્વ શક્તિઓ મારામાં છે. તું જાણતો નથી. હું ઈશ્વર હોવાથી સર્વજ્ઞ છું તેથી સર્વ જાણું છું. તું જીવ હોવાથી સર્વજ્ઞ નથી તેથી જાણતો નથી. ઈશ્વર સર્વજ્ઞ છે, જીવ સર્વજ્ઞ નથી. એવી રીતે જીવ અને ઈશ્વરના સ્વરૂપમાં બ્રહ્મવાદ પ્રમાણે ભેદ છે એમ દર્શાવેલ છે. ભગવાને પોતાના ઘણા જન્મો થયાનું કહ્યું અને અર્જુનના જન્મોનું દષ્ટાન્ત કહ્યું, તેથી પોતાના જન્મો સત્ય હોવાનું જણાવ્યું. (રામાનુજ)

**અજોઽપિ સન્ અવ્યયાત્મા ભૈતાનામ્ ઈશ્વરોઽપિ સન્ ।**
**પ્રકૃતિં સ્વામ્ અધિષ્ઠાય સમ્ભવામ્યાત્મમાયયા ।।૬।।**

**શ્લોકાર્થ :** હું અજ, અવ્યયાત્મા, અને પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં મારી પ્રકૃતિનું અધિષ્ઠાન કરી મારી માયાથી અવતરું છું.

**વિવેચન :** ભગવાન્ અનાદિ અને અવિનાશી છે તો જીવ પેઠે તેમનો જન્મ કેમ કહ્યો ? એવી શંકા થાય, તે માટે આ શ્લોક યોજેલો છે. હું અજ અથવા જન્મરહિત છું, હું 'અવ્યયાત્મા' એટલે વિકારરહિત છું, હું પ્રાણીઓનો ઈશ્વર છું તેથી કર્મને પરતન્ત્ર નથી. તો પણ મારી માયાથી અવતાર લઉં છું. મારા અવતારનું કારણ મારી સ્વતન્ત્ર માયા. 'માયા' શબ્દના ઘણા અર્થ થાય છે. હરિસામર્થ્ય, અવિદ્યા, મિથ્યા, કૃપા, કપટ વિગેરે ઘણા અર્થ થાય છે. અહીં 'માયા' શબ્દનો અર્થ કૃપા છે. આગળનો (૭) શ્લોક વાંચવાથી આ અર્થ જ યોગ્ય છે એમ જણાય છે. અથવા અહીં 'માયા' શબ્દનો અર્થ હરિસામર્થ્ય લઈ શકાય. અપ્રચ્યુત જ્ઞાન, બલ, ઐશ્વર્ય વિગેરે શક્તિઓથી સર્વભવનસામર્થ્ય એ માયા. આવી મારી માયાથી હું અવતાર લઉં છું. ભગવાન્ ભલે પોતાની માયાથી અવતાર લેતા હોય તો પણ જીવની પેઠે તેમનો પણ જન્મ થવાથી તે જીવતુલ્ય ગણાય એવી શંકા થાય, તે દૈર કરવા "પ્રકૃતિં સ્વામ્ અધિષ્ઠાય – પોતાની પ્રકૃતિનું અધિષ્ઠાન કરીને" શબ્દો યોજેલા છે. પોતાની પ્રકૃતિ એટલે પોતાનો અસાધારણ સ્વભાવ અથવા નિત્યસિદ્ધ જ્ઞાન અને ક્રિયાશક્તિ ના આશ્રયરૂપ તથા ઐશ્વર્ય વિગેરે છ ગુણના આશ્રયરૂપ સચ્ચિદાનન્દરૂપ. આવા રૂપનું અધિષ્ઠાન કરીને એટલે આ રૂપ પોતાની સાથે લઈને જ હું મારો પ્રાદુર્ભાવ કરું છું, પરન્તુ જીવની પેઠે સ્વરૂપથી ચ્યુત થઈ અવતરતો નથી. જીવનું ભગવાન્માંથી વ્યુચ્ચરણ થાય છે કે તરત જ ભગવાન્ની ઈચ્છાથી તેનો આનન્દ અને ઐશ્વર્ય આદિ છ ગુણ તિરોહિત થાય છે. આનન્દ અને ઐશ્વર્ય વિગેરે છ ગુણ તિરોહિત થવાથી જીવ જગતમાં જન્મમરણના ફેરા ફરે છે. મારો એવો જન્મ નથી, કારણ કે હું અજ છું તેમજ

અવ્યયાત્મા અથવા વિકાર રહિત છું. તેથી મારામાં છ ભાવવિકારમાંથી એક પણ નથી. જો કે જીવમાં પણ આ ભાવવિકાર નથી પણ પ્રકૃતિના પરિણામરૂપ દેહમાં જ છે, તો પણ શરીર આવિર્ભાવ અને તિરોભાવ થી જન્મ અને મરણ ની પ્રતીતિ કરાવે છે. તેથી જીવમાં ભાવવિકાર ન હોવા છતાં શરીર તેમાં પ્રાકૃત પેઠે ભાવવિકાર હોવાની પ્રતીતિ કરાવે છે. તેથી જ સૈંત્રકારે ''પરાભિધ્યાનાત્ તુ તિરોહિતં તતો હિ અસ્ય બન્ધ-વિપર્યયૌ'' (બ્રહ્મસૈંત્ર ૩।૨।૫) સૈંત્ર યોજેલું છે. 'પર' એટલે ભગવાન્‌ની 'અભિધ્યાન' એટલે પોતાના અને જીવ (ના સર્વતઃ ભોગ) ની ઈચ્છા (થઈ). તેથી ઈશ્વરની ઈચ્છાથી ભગવાન્‌માંથી વ્યુચ્ચરણ કરી બહાર નીકળેલા જીવમાંથી ભગવાન્‌ના ગુણોનો તિરોભાવ થયો. ૧. ઐશ્વર્યનો તિરોભાવ થતાં, જીવ લાચાર અને પરાધીન થયો. ૨. વીર્યનો તિરોભાવ થતાં તેને સર્વ દુઃખ સહન કરવા પડ્યાં. ૩. યશનો તિરોભાવ થતાં તે સર્વથી હલકો થયો. ૪. શ્રીનો તિરોભાવ થતાં તેને જન્મ મરણ વિગેરે આપત્તિ થઈ. ૫. જ્ઞાનનો તિરોભાવ થતાં તેને દેહ વિગેરેમાં 'આ હું છું' એવી બુદ્ધિ થઈ, અને જેમ અપસ્મારના રોગીને સર્વ વિપરીત જણાય છે તેવું તેને વિપરીત જ્ઞાન થવા લાગ્યું અને ૬. વૈરાગ્યનો તિરોભાવ થતાં તે વિષયોમાં રચ્યો-પચ્યો રહેવા લાગ્યો. આ ભગવાન્‌ના છ ગુણોનો તિરોભાવ થતાં જીવને બંધન અને ઉલટું જ્ઞાન થવા લાગ્યાં 'આનન્દ' અંશનો તો પહેલાં જ તિરોભાવ થએલો, અને તેથી જ તેને જીવની સ્થિતિ પ્રાપ્ત થએલી, અને તે કામમય (કામનાઓથી ભરપૈંર) થએલો, કારણ કે આનન્દ હોય ત્યાં કામનાઓ હોતી નથી. તેથી દેહ ધારણ કરનાર જીવના જન્મ અને મરણ થાય છે. પરન્તુ બ્રહ્મ અથવા ભગવાન્‌ના આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે એવા અભિપ્રાયથી એમ કહેલું છે કે 'હું અવતરું છું' એટલે મારા નિત્ય અને હદ વિનાના દેહ પ્રકટ થાય છે. આથી એમ કહેલું છે કે: હું અવતારી પુરુષોત્તમ જ બીજે અવતાર લઉં છું. વળી હું અજ હોવા છતાં અવતાર લઉં છું, બાલ હોવા છતાં કિશોર હોઉં છું, એક હોવા થતાં અનેક થાઉં છું. હું સર્વ વિરૂદ્ધ ધર્મનો આશ્રય હોવાથી એમાં કાંઈ પણ અનુપપત્તિ નથી.

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ ભવતિ ભારત!।**
**અભ્યુત્થાનમ્ અધર્મસ્ય તદાઽઽત્માનં સૃજામ્યહમ્।।૭।।**

**શ્લોકાર્થ :** હે ભારત! જ્યારે-જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું પોતે અવતરું છું.

**વિવેચન :** અહીંથી બે શ્લોકથી (૭-૮) ભગવાન્ પોતે ક્યારે અવતાર લે છે એ કહે છે. જ્યારે ધર્મનો ક્ષય થાય અને અધર્મનું અભ્યુત્થાન એટલે વૃદ્ધિ અથવા ઉત્પત્તિ થાય છે ત્યારે હું પોતે અવતરું છું.

શ્રીભાગવત્ ૧।૧।૨૩; ૧।૧૦।૨૪ તથા ૧૦।૪૭।૧૦ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**પરિત્રાણાય સાધૈંનાં વિનાશાય ચ દુષ્કૃતામ્।**
**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે।।૮।।**

**શ્લોકાર્થ :** સાધુઓનું રક્ષણ કરવા, પાપીઓનો વિનાશ કરવા, અને ધર્મનું સંસ્થાપન કરવા હું દરેક યુગમાં અવતરું છું.

**વિવેચન :** સાધુ અથવા ધર્મી પુરુષોનું રક્ષણ કરવા, તેઓના પ્રતિપક્ષી દુષ્ટ કર્મ કરનાર પાપીઓનો વિનાશ કરવા અને ધર્મનું સારી રીતે સ્થાપન કરવા હું દરેક યુગમાં અવતરું છું. સાધુ પુરુષોનું ઈશ્વર રક્ષણ કરે છે અને પાપીઓનો સંહાર કરે છે, તેથી ઈશ્વર પક્ષપાતી છે એમ કહેવું યોગ્ય નથી, કારણ કે જેમ પુત્રને માતા લાલન કરે અથવા દોષ આવે ત્યારો મારે તેમાં માતા દયાહીન નથી, તેમજ ગુણીને ઉત્તેજન આપે અને પાપીઓને શિક્ષા કરે તેમાં ઈશ્વર પણ પક્ષપાતી થતા નથી.

**જન્મ કર્મ ચ મે દિવ્યમ્ એવં યો વેત્તિ તત્ત્વતઃ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોऽર્જુન॥૯॥**

**શ્લોકાર્થ :** હે અજુર્ન ! એવી રીતે મારા જન્મ અને કર્મ ને જ તત્ત્વથી દિવ્ય જાણે છે તે દેહને તજી પુનઃ જન્મતો નથી. તે મને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** વૈષ્ણવ તન્ત્રોમાં કહેલું છે તે પ્રમાણે ઉત્પત્તિ પણ વળી ત્રણ પ્રકારની છે. અનિત્ય પદાર્થની ઉત્પત્તિને 'જન્મ' કહે છે. નિત્ય પદાર્થના બે પેટા વિભાગ પરિચ્છિન્ન અને અપરિચ્છિન્ન છે. 'પરિછિન્ન' એટલે હદવાળાં અમુક કદના. 'અપરિચ્છિન્ન' એટલે હદ વિનાના અર્થાત્ વ્યાપક. નિત્યપરિચ્છિન્ન પદાર્થનો અન્ય સાથે સમાગમ થાય તે જ ઉત્પત્તિ. નિત્ય અને અપરિચ્છિન્ન પદાર્થનો પ્રાદુર્ભાવ થાય તે 'ઉત્પત્તિ'. ભગવાન્ નિત્ય અને અપરિચ્છિન્ન હોવાથી ભગવાન્‌નો જન્મ તે પ્રાદુર્ભાવ જ છે. ભગવાન્‌નો જન્મ પ્રાદુર્ભાવરૂપી હોવાથી દિવ્ય છે. જન્મ દિવ્ય છે ત્યારે વપુઃ અથવા શરીર દિવ્ય હોય તેમાં આશ્ચર્ય જ શું ? ભગવાન્‌નું કર્મ પણ દિવ્ય અથવા અલૌકિક જ છે. મારા જન્મ અને કર્મ આવી રીતે દિવ્ય છે એમ જે તત્ત્વથી જાણે છે તે પ્રાકૃત દેહ તજી પુનઃ જન્મતો નથી, પરન્તુ મને પ્રાપ્ત કરે છે.

કેટલાક વાદીઓ ભગવાન્‌નો દેહ જન્મતો હોવાથી તે પ્રાકૃત અનિત્ય છે એમ માને છે તે યોગ્ય નથી, કારણ કે ભગવાન્‌નો દેહ અને આત્મા સર્વ આનન્દમય આનન્દસ્વરૂપ જ છે. ભગવાન્‌માં દેહ અને દેહી એવો વિભાગ જ નથી. સર્વ જીવોના દેહ જન્મતા હોવાથી અનિત્ય છે તેમ ભગવાન્‌નો દેહ પણ અનિત્ય છે એમ પણ ધારી શકાય નહિ, કારણ કે એમ માનીએ તો સર્વ જીવોનું જ્ઞાન-ઈચ્છા વિગેરે અનિત્ય છે, તેથી ભગવાન્‌નું જ્ઞાન ભગવાન્‌ની ઈચ્છા વિગેરે પણ અનિત્ય જ છે એમ માનવું પડે. "ભગવાન્ જગતના કર્તા હોવાથી તેમનું જ્ઞાન નિત્ય માનવું પડે, કારણ કે નિત્યજ્ઞાન ન હોય તો જગત્ રચી શકાય નહિ" એમ કહો, તો તે જ કારણથી ભગવાન્‌નો દેહ પણ આનન્દમય અને નિત્ય છે એમ માનો, કારણ કે નિત્ય આનન્દમય દેહ ન હોય તો પણ જગત્ રચી શકાય નહિ. વળી ભગવાન્‌નો દેહ નિત્ય અને અપરિચ્છિન્ન હોવાથી તેનો પ્રાદુર્ભાવ એ જ જન્મ છે. સાધારણ જીવો જેવો ભગવાન્‌નો જન્મ નથી, તેથી ભગવાન્‌નો દેહ પણ સાધારણ જીવોના દેહ પેઠે અનિત્ય નથી. "માત્ર આનન્દના જ કર પાદ મુખ ઉદર વિગેરે જેનાં છે" વિગેરે શાસ્ત્ર વચનોથી જેના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, આત્મા સર્વ આનન્દમય આનન્દ સ્વરૂપ છે એવા સદાનન્દરૂપ જ્ઞાનરૂપ પુરુષોત્તમ છે, માત્ર આત્મરૂપ નથી એમ નિઃશંક જાણો. "એમ હોય તો આનન્દપણું અને દેહપણું એ બેમાં વિરોધ રહે" એવી શંકા પણ યોગ્ય નથી, કારણ કે પ્રમાણોથી પોતપોતાના આધારમાં એક સાથે તે બન્ને હોવાનું સિદ્ધ થાય છે, એટલે વિરોધ રહેતો નથી. છતાં આનન્દ ધર્મીરૂપ

(ગુણવાળો પદાર્થ) હોવાથી તે ધર્મરૂપ (ગુણ) પણ કેમ હોઈ શકે ? એવી શંકા પણ ન કરવી, કારણ કે ''જે સર્વજ્ઞ છે'' શ્રુતિ પ્રમાણે ભગવાન્ જ્ઞાનના આધાર છે અને સચ્ચિદાનન્દરૂપ હોઈ જ્ઞાનરૂપ પણ છે. તેવી જ રીતે ભગવાન્ આનન્દરૂપ હોય અને આનન્દના આધાર હોય તેમાં પણ વિરોધ નથી. ભગવાન્ વિરુદ્ધ ધર્મોના આશ્રય હોવાથી આનન્દવાળા પણ છે. આ યથાર્થ ઉપદેશ કરનારાં ભગવાન્નાં વચનોથી એવો નિશ્ચય થાય છે કે જે ભગવાન્નું રૂપ જોવામાં આવે છે, તે જ ભગવાને પોતાની ઈચ્છાથી ધારણ કરેલ દેહવાળા આનન્દમય પુરુષોત્તમ જ છે. આ ગોપાલનન્દન હરિ પ્રભુ પુરુષોત્તમ જ છે અને પોતાના ભક્તોનો વિશ્વાસ થાય તે માટે પોતાન ઐશ્વર્ય વિગેરેવાળાં, અક્ષર, વિરુદ્ધ ધર્મોના આધારરૂપ, વેદમાં જણાવેલ પોતાનાં જોવાય તેવા શરીરનાં કોઈ-કોઈ વાર દર્શન કરાવે છે.

**વીતરાગભયક્રોધા મન્મયા મામ્ ઉપાશ્રિતાઃ ।**
**બહવો જ્ઞાન-તપસા પૈંતા મદ્ભાવમ્ આગતાઃ ।।૧૦।।**

**શ્લોકાર્થ :** જેઓના રાગ, ભય અને ક્રોધ દૈંર થએલા છે તેવા મન્મય, મારો આશ્રય કરનાર, જ્ઞાન અને તપથી પવિત્ર થએલા ઘણા લોકો મારા ભાવને પામેલા છે.

**વિવેચન :** જો મારા જન્મ અને કર્મ પ્રાકૃત્ત હોય તો મારો આશ્રય કરનાર કોઈ મુક્તિ ન પામે, પરન્તુ મારો આશ્રય કરેલા ઘણા મુક્ત થએલા છે. તેઓના રાગ, ભય અને ક્રોધ દૈંર થાય છે.

**યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્ ।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ।।૧૧।।**

**શ્લોકાર્થ :** જેઓ મને જેવી રીતે ભજે છે તેઓને હું તેવી જ રીતે ભજું છું. હે પાર્થ! સર્વ તરફથી મનુષ્યો મારા માર્ગને અનુસરે છે.

**વિવેચન :** આપનો જે આશ્રય કરે તેમને મુક્તિ આપ આપો અને આશ્રય ન કરે તેને મુક્તિ ન આપો, તો આપનામાં પણ વૈષમ્ય (પક્ષપાત) દોષ આવે, એવી શંકા થાય, તે દૈંર કરવા કહે છે કે પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા વિગેરે માર્ગના જેવા અધિકારીઓ સકામ રીતે, નિષ્કામ રીતે જેમ મને ભજે છે તેઓને હું તેવી જ રીતે ફલ આપું છું. સર્વ તરફથી મનુષ્યો મારા માર્ગને અનુસરે છે, કારણ કે જેઓ ઈન્દ્રાદિ દેવોનું ભજન કરે છે, તેઓ પણ ઈન્દ્રાદિ દેવો મારી વિભૈંતિ જ હોવાથી મારા માર્ગને અનુસરે છે, પરન્તુ મારું ભજન કરતા નથી. આ ભજન કરવાની ખરી રીત નથી એ આગળ કહેવામાં આવશે (અધ્યાય ૯ શ્લોક ૨૩).

બ્રહ્મસૈંત્ર ૩।૩।૩૦ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત્ ૧।૧।૨૩, ૧।૯।૨૪, ૧।૧૦।૨૪, ૧।૧૧।૮, ૧।૧૧।૨૮, ૧૦।૨૮।૬, ૧૦।૩૧।૧૮, ૧૦।૩૩।૧૩, ૧૦।૩૫।૨૨, ૧૦।૪૭।૭, ૧૦।૬૮।૨૯, ૧૦।૮૧।૩૦ તથા ૧૦।૮૩।૫૬ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**કાંક્ષન્તઃ કર્મણાં સિદ્ધિં યજન્ત ઇહ દેવતાઃ ।**
**ક્ષિપ્રં હિ માનુષે લોકે સિદ્ધિર્ ભવતિ કર્મજા ।।૧૨।।**

**શ્લોકાર્થ :** કર્મની સિદ્ધિની આકાંક્ષા રાખનાર આ લોકમાં દેવતાઓનું યજન કરે છે, કારણ કે માનુષ લોકમાં કર્મથી સત્ત્વર સિદ્ધિ થાય છે.

**વિવેચન :** ત્યારે આ લોકમાં અન્ય દેવોને લોકો કેમ ભજે છે ? એવી શંકા થાય, તે માટે આ

શ્લોક કહે છે. અન્ય દેવતાઓનું ભજન કરવાથી આ લોકમાં કર્મનું ફલ તરત જ પ્રાપ્ત થાય છે. કર્મનું ફલ પ્રાકૃત છે. આવું પ્રાકૃત ફલ ઇન્દ્રાદિ દેવો તરત જ આપે છે. તેથી એવા પ્રાકૃત ફલની ઇચ્છાવાળા આ લોકમાં ઇન્દ્રાદિ દેવોનું યજન કરે છે, પરન્તુ મારું ભજન કરતા નથી.

**ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણ-કર્મ-વિભાગશઃ ।**
**તસ્ય કર્તારમપિ માં વિદ્ધ્યકર્તારમ્ અવ્યયમ્ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** ગુણ અને કર્મ ના વિભાગ પ્રમાણે ચાર વર્ણો મેં સર્જેલા છે. અકર્તા અને અવ્યય મને તેઓનો કર્તા પણ જાણ.

**વિવેચન :** કેટલાક કામનાઓથી દેવોને ભજે, કેટલાક નિષ્કામ રહી આપને ભજે. એ પ્રમાણે ભિન્ન – ભિન્ન કર્મ કરે અને જેવાં કર્મ કરે તેને અનુસરી બ્રાહ્મણ વિગેરે ઉત્તમ-અધમ વર્ણના લોકો થાય એમ આપે રચેલું હોવાથી આપ પણ અમુક જીવો ઉપર કૃપા રાખો છો અને અમુક ઉપર અકૃપા રાખો છો. એમ થવાથી વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય દોષ આપને પણ કેમ લાગે નહિ એવી શંકા થાય, તે માટે કહે છે કે મેં જગતમાં ચાર વર્ણ ગુણ અને કર્મ ના વિભાગ પ્રમાણે રચેલા છે.

સત્વ, રજઃ અને તમઃ ત્રણ ગુણ છે. સત્ત્વપ્રધાન બ્રાહ્મણો, સત્ત્વરજઃપ્રધાન ક્ષત્રિયો, રજસ્તમઃપ્રધાન વૈશ્યો, અને તમઃપ્રધાન શૈદ્રો રચેલા છે, અને ગુણને અનુસાર શમ-દમાદિ, શૌર્યાદિ, કૃષિ-વાણિજ્યાદિ, તથા દ્વિજસેવા એ તેઓના અનુક્રમે ધર્મ કરેલા છે. ચાર વર્ણના જીવોને પ્રકૃતિ સાથે સમ્બન્ધ થએલો હોવાથી તેઓને ઇન્દ્રિયો સાથે જ ગુણ અને કર્મ પણ આપેલા છે, તેથી તેઓ જેવાં કર્મ કરે છે તેવા જ ફલ તેમને મળે છે. તેથી ચારે વર્ણનો હું કર્તા અથવા જનક હોવાં છતાં વસ્તુતઃ હું અકર્તા છું એમ જાણ. હું અકર્તા છું, કારણ કે હું અવ્યય છું. અહપાર વિગેરે મારામાં નથી. તેથી જ મને વૈષમ્ય – નૈર્ઘૃણ્ય દોષ થતો નથી. ''વૈષમ્યનૈર્ઘૃણ્યે ન સાપેક્ષત્વાત્ તથાહિ દર્શયતિ'' બ્રહ્મસૈત્રમાં પણ આજ બોધ કરેલો છે. ભગવાન્ જીવના કર્મ પ્રમાણે સુખ – દુઃખ વિગેરે આપતાં હોવાથી તેમનામાં વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષ નથી. ભગવાન્ ફલદાન કરવામાં કર્મની અપેક્ષા રાખે છે એમ પણ વાદીને સન્તોષ કરવા જ કહેલું છે. વસ્તુતઃ સર્વ જીવો ભગવાન્માંથી જ વ્યુચ્ચરેલા હોવાથી, ભગવાન્ના અંશ જ હોવાથી ભગવાન્થી ભિન્ન નથી. તેથી સર્વ જીવો એ ભગવાન્ની જ સૃષ્ટિ અથવા આત્મસૃષ્ટિ થઈ, તેથી સર્વ જીવો આત્મસૃષ્ટિ જ હોવાથી વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષનો સમ્ભવ જ રહેતો નથી.

**ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા ।**
**ઇતિ માં યોઽભિજાનાતિ કર્મભિર્ ન સ બધ્યતે ।।૧૪।।**

**શ્લોકાર્થ :** મને કર્મ લેપતા નથી, મારે કર્મફલની સ્પૃહા નથી. એમ જે મને જાણે છે તે કર્મથી બંધાતો નથી.

**વિવેચન :** મને કર્મ લેપતા નથી, કારણ કે મારે કર્મફલની સ્પૃહા નથી. આ જ જીવ અને ઈશ્વર માં મુખ્ય વિલક્ષણતા છે. આ પ્રમાણે મને જે જાણે છે તેને પણ કર્મનુ બન્ધન થતું નથી.

**એવં જ્ઞાત્વા કૃતં કર્મ પૈર્વૈરપિ મુમુક્ષુભિઃ ।**
**કુરુ કર્મૈવ તસ્માત્ ત્વં પૈર્વૈઃ પૈર્વતરં કૃતમ્ ।।૧૫।।**

**શ્લોકાર્થ :** પૈર્વના મુમુક્ષુઓએ પણ આમ જાણીને કર્મ કરેલું છે. તેથી પૈર્વજોએ પૈર્વના સમયમાં કરેલું કર્મ જ તું કર.

**વિવેચન :** આ પ્રમાણે પ્રાસગિક કહી પુનઃ કર્મ કરવાનું સ્મરણ કરાવે છે. ભગવદર્થ કરેલું કર્મ બન્ધન કરતું નથી એમ જાણીને પૈર્વના સમયના મુમુક્ષુઓ કક્ષીવાન્, નારદ, મનુ વિગેરેએ પણ પોત-પોતાના ધર્મને અનુસાર કર્મ કરેલું છે. તેથી કર્મ આધુનિક નથી પરન્તુ પ્રાચીન સમયથી છે અને પૈર્વજોએ કરેલું છે. તેથી કર્મ કરવાનો શિષ્ટાચાર હોવાથી પણ કર્મ કરવું યોગ્ય છે. તેથી કર્મ કર.

**કિં કર્મ કિમ્ અકર્મેતિ કવયોઽપ્યત્ર મોહિતાઃ।**
**તત્ તે કર્મ પ્રવક્ષ્યામિ યજ્ જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ॥૧૬॥**

**શ્લોકાર્થ :** કર્મ શું અને અકર્મ શું ? એમાં અહીં કવિઓ પણ મોહ પામી ગયા છે. હું તને એવું કર્મ કહીશ કે તે જાણી તું અશુભથી મુક્ત થઈશ.

**વિવેચન :** 'કર્મ' એટલે વિહિત કર્મ અથવા કરવા યોગ્ય કર્મ. કર્મ ક્યું અને 'અકર્મ' એટલે અવિહિત કર્મ અથવા કરવા યોગ્ય નહિ તેવું કર્મ ક્યું એ પ્રશ્ન ગમ્ભીર છે. આનો નિર્ણય કરવામાં કવિઓ પણ મોહ પામી ભૈલ કરી ગએલ છે. તેથી કર્મ વિચાર કરી કરવા યોગ્ય છે, લોક પરમ્પરાથી જ કરવા જેવું નથી. તેથી હું તને કર્મ શું તે સારી રીતે સમજાવીશ એટલે તેનું જ્ઞાન પ્રાપ્ત થવાથી તું અશુભ કર્મ અથવા વિકર્મથી મુક્ત રહીશ.

**કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ।**
**અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ॥૧૭॥**

**શ્લોકાર્થ :** કર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ, વિકર્મનું પણ જાણવું જોઈએ અને અકર્મનું પણ જાણવું જોઈએ. કર્મની ગતિ ગહન છે.

**વિવેચન :** વિહિત કર્મ, વિકર્મ અથવા નિષિદ્ધ કર્મ અને અકર્મ અથવા અવિહિત કર્મ સર્વનું સ્વરૂપ જાણવું જોઈએ. વિહિત કર્મનું સ્વરૂપ જાણ્યા વિના ક્યું કર્મ કરવા યોગ્ય છે તે જણાય નહિ. વિકર્મ અને અકર્મ નું સ્વરૂપ જાણ્યા વિના ક્યું કર્મ તજવા યોગ્ય છે તે જણાય નહિ. તેથી સર્વનું સ્વરૂપ જાણવું જોઈએ. કર્મની ગતિ ગહન છે, તેથી કર્માદિનું સ્વરૂપ જાણવું કઠિન છે.

**કર્મણ્યકર્મ યઃ પશ્યેદ્ અકર્મણિ ચ કર્મ યઃ।**
**સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥૧૮॥**

**શ્લોકાર્થ :** જે કર્મમાં અકર્મ જૈંએ અને અકર્મમાં કર્મ જૈંએ તે મનુષ્યોમાં બુદ્ધિમાન્ યુક્ત (યોગવાળો) સર્વ કર્મ કરનાર છે.

**વિવેચન :** જે કર્મ અથવા વિહિત કર્મમાં અકર્મ એટલે કર્મના બન્ધનનો અભાવ જૈંએ છે અર્થાત્ વિહિત કર્મ કરવાથી કર્મબન્ધન થતું નથી એમ જે જાણે છે, અને અકર્મમાં એટલે નિષિદ્ધ કર્મમાં અથવા કરવા યોગ્ય નહિ એવા કર્મમાં કર્મ એટલે કર્મબન્ધન જુએ અર્થાત્ નિષિદ્ધ અથવા કરવા યોગ્ય નહિ એવું કર્મ કરવાથી કર્મબન્ધન પ્રાપ્ત થાય છે એમ જે જાણે છે તે સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન્ છે, યુક્ત એટલે કર્મયોગવાળો છે અને સર્વ કર્મ કરનાર છે.

**યસ્ય સર્વે સમારમ્ભાઃ કામસંકલ્પવર્જિતાઃ।**
**જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પણ્ડિતં બુધાઃ॥૧૯॥**

**શ્લોકાર્થ :** જેના સર્વ સમારમ્ભો કામ અને સંકલ્પ થી રહિત છે તેને જ્ઞાનીઓ જ્ઞાનાગ્નિ દગ્ધ થએલાં કર્મવાળો પણ્ડિત કહે છે.

**વિવેચન :** જેના કર્મના સર્વ સમારમ્ભો 'કામ' એટલે ફલ અને '**સંકલ્પ**' એટલે ફલપ્રાપ્ત કરવા ની ઇચ્છા ઉભયથી રહિત છે, અર્થાત્ જે કર્મના સર્વ સમારમ્ભો ફલની અથવા ફલ પ્રાપ્ત કરવાની ઇચ્છાની અપેક્ષા વિના કરે છે, તેનાં કર્મ જ્ઞાનરૂપી અગ્નિથી દગ્ધ થએલા છે. કર્મ દગ્ધ થએલ હોવાથી તેનાં બીજ પુનઃ વૃદ્ધિ પામતાં નથી, તેથી તેને કદાપિ કર્મબન્ધન થવાની ભીતિ જ નથી. આવા પુરુષને જ્ઞાનીઓ પણ્ડિત કહે છે.

**ત્યક્ત્વા કર્મફલાસંગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ ।**
**કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ નૈવ કિઞ્ચિત્ કરોતિ સઃ ।।૨૦।।**

**શ્લોકાર્થ :** કર્મના ફલ અને આસંગને તજી નિત્યતૃપ્ત અને નિરાશ્રય રહી કર્મમાં પ્રવૃત્ત રહેવા છતાં તે કાંઈ પણ કરતો જ નથી.

**વિવેચન :** અહીંથી ચાર શ્લોકથી ( ૨૦ - ૨૩ ) ઉપર અઢારમાં શ્લોકમાં કહેલા અર્થનું ભગવાન્ પોતે વિવેચન કરે છે. ક્રિયાથી થતાં યજ્ઞાદિ કર્મના સ્વર્ગાદિ ફલ અને 'હું કર્તા છું' એવી પ્રાકૃત આસક્તિ તજી. નિત્ય તૃપ્ત રહી, કર્મથી બંધાતા અને કર્મનું ફલ આપવામાં સાધનભૈંત અદષ્ટ વિગેરેનો આશ્રય કર્યા વિના, કર્મના સાધન વિગેરે સર્વમાં રહેલ અપ્રાકૃત વસ્તુની યથાર્થ રીતે ભાવના રાખી કર્મમાં મચી રહે તે પણ કાંઈ કર્મ કરતો જ નથી. આવો પુરુષ નિત્યાનન્દમાં તૃપ્ત હોવાથી, પ્રાકૃત આશ્રયરહિત હોવાથી, કર્મના ફલની ઇચ્છારહિત હોવાથી તથા કર્મમાં આસક્તિરહિત હોવાથી તેને કર્મબન્ધન થતું નથી.

**નિરાશીર્યતચિત્તાત્મા ત્યકતસર્વપરિગ્રહઃ ।**
**શારીરં કેવલં કર્મ કુર્વન્ આપ્નોતિ કિલ્બિષમ્ ।।૨૧।।**

**શ્લોકાર્થ :** જે આશારહિત છે, જેણે ચિત્ત અને દેહ ને વશ કરેલા છે અને સર્વ પરિગ્રહનો ત્યાગ કરેલો છે તે કેવલ શારીર કર્મ કરતાં પાપ પામતો નથી.

**વિવેચન :** જે સ્વર્ગ વિગેરે કર્મફલની આશા અથવા ઇચ્છા રહિત હોય, જેણે યોગથી ચિત્ત અને દેહ ને પોતાને વશ કરેલા છે અને પશુપુત્રાદિ પોતાના સર્વ પરિગ્રહનો ત્યાગ કરેલો છે, તે કેવલ શારીરિક કર્મ કરવાથી પાપ પામતો નથી; કારણ કે 'હું કર્તા છું' એવો તેને અહપાર નથી.

વિશેષ : આરૂઢ જ્ઞાની, આરૂઢ ભક્ત અને આરૂઢ કર્મઠ આ ત્રણે પોત-પોતાનાં ક્ષેત્રમાં— તાત્પર્ય કે જ્ઞાન-ભક્તિ-કર્મમાં પ્રવર્તે છે; પણ એ આરૂઢ હોવાથી એમની પ્રવૃત્તિ લૌકિક આશા વિનાની; અન્તઃકરણની ભાવના નિર્દોષ અને શુભ કરનારી અને માત્ર શરીરના સામાન્ય નિર્વાહ સિવાય બીજું કાંઈ પણ વધારે પડતું ઉપાર્જન નહિ કરનારી અને સામાન્ય શરીરવ્યવહારમાં રહેનારી હોવાથી સામાન્ય કર્મો કરનારી હોવા છતાં પણ તેઓ ( ત્રણે આરૂઢ ) નિર્દોષ રહે છે.

**યદચ્છા-લાભ-સન્તુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ ।**
**સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાપિ ન નિબધ્યતે ।।૨૨।।**

**શ્લોકાર્થ :** જે યદચ્છાલાભથી સન્તુષ્ટ છે, દ્વન્દ્વાતીત, મત્સરરહિત અને સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન છે તે કર્મ કરીને પણ બંધાતો નથી.

**વિવેચન :** જે ભગવદિચ્છાથી જે લાભ પ્રાપ્ત થાય તેથી સન્તોષમાં રહેનાર, સુખ અને દુઃખ રૂપી દ્વન્દ્વથી અતીત, મત્સરરહિત અને કર્મની સિદ્ધિ અથવા અસિદ્ધિ ઉભયમાં સમાન

રહેનાર છે, તે કર્મ કરવા છતાં કર્મથી બંધાતો નથી. કર્મની સિદ્ધિ અથવા અસિદ્ધિમાં સમતા કહેવાથી પૈર્વે નિરૂપણ કરેલા સાંખ્ય અને યોગ નો અર્થ જણાવેલ છે.

**ગતસંગસ્ય મુકતસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ ।**
**યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવિલીયતે ।।૨૩।।**

**શ્લોકાર્થ :** સંગરહિત, મુક્ત, જ્ઞાનથી સ્થિર ચિત્તવાળો યજ્ઞમાટે કર્મ કરે તેનું સર્વ કર્મ લય પામે છે.

**વિવેચન :** જે લૌકિક પશુપુત્રાદિ સર્વ પરિગ્રહમાં આસક્તિરહિત હોય, જે કર્મફલથી મુક્ત હોય, જ્ઞાનથી જેનું ચિત્ત સ્થિર થએલું હોય અને જે યજ્ઞ અથવા વિષ્ણુમાટે કર્મ કરતો હોય, તેનું સર્વ કર્મ લય પામે છે અથવા અકર્મ થાય છે.

**બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્ બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।**
**બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ।।૨૪।।**

**શ્લોકાર્થ :** બ્રહ્મ અર્પણથી બ્રહ્મ હવિઃ બ્રહ્માગ્નિમાં બ્રહ્મે (યજ્ઞકર્તાએ) હોમેલું છે. તે બ્રહ્મકર્મની સમાધિથી પ્રાપ્ત થવાનું પણ બ્રહ્મ જ છે.

**વિવેચન :** કર્મનો લય કેવી રીતે થાય છે તે અહીં કહેલું છે. 'અર્પણ' એટલે હોમ કરવાનું સાધન કાષ્ઠનો ચાટવો વિગેરે બ્રહ્મ છે. એવા બ્રહ્મ અર્પણથી જે 'હવિઃ' ઘી વિગેરેનો હોમ કરવાનો છે તે પણ બ્રહ્મ જ છે. જે અગ્નિમાં હોમ થવાનો છે તે પણ બ્રહ્મ જ છે. યજ્ઞકર્તા હોમ કરનાર પણ બ્રહ્મ જ છે. આ પ્રમાણે કર્મ બ્રહ્મ છે. એ બ્રહ્મકર્મની સમાધિથી પ્રાપ્ત કરવાનું પણ બ્રહ્મ જ છે. આ પ્રમાણે અર્પણ, હવિઃ, અગ્નિ, હોમકર્તા વિગેરે સર્વમાં બ્રહ્મની ભાવનાથી જે બ્રહ્મરૂપ કર્મ કરવામાં આવે તેથી બંધન પ્રાપ્ત થાય જ નહિ. આવી રીતે સર્વ કર્મનો લય થાય છે. અનેક પ્રકારની બ્રહ્મની ઉપાસના કરતાં અભેદની ભાવના રાખતાં ભગવાન્‌ના સત્, ચિત્ અને આનન્દ અંશમાંથી ઉત્પન્ન થએલું જગત્, કાર્ય તરીકે જુદું જણાતાં છતાં, કારણ(બ્રહ્મ) સાથે તેનો અભેદ જોવામાં આવે તે જ બ્રહ્મવાદીઓ અથવા જ્ઞાનીઓ નો બ્રહ્મયજ્ઞ હોવાનું અહીં કહેલ છે.

બ્રહ્મસૈંત્ર ૧।૧।૩૩ ઉપરના અણુભાષ્યમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ।**
**બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** કોઈ યોગીઓ દૈવ યજ્ઞની જ ઉપાસના કરે છે. બીજા યજ્ઞને બ્રહ્માગ્નિમાં યજ્ઞથી જ હોમે છે.

**વિવેચન :** એવી રીતે બ્રહ્મકર્મ બ્રહ્મભાવનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન છે એમ દર્શાવી જુદા-જુદા અધિકારીઓ જુદા-જુદા યજ્ઞો કરે છે એમ કહે છે. જુદા-જુદા દેવોનું આરાધન કરનાર યોગીઓ જુદા-જુદા દેવતાઓના યજ્ઞો કરે છે. જ્ઞાની બ્રહ્મવાદીઓ, ઉપર જણાવ્યું તેવા, બ્રહ્માગ્નિમાં બ્રહ્મરૂપી યજ્ઞનો બ્રહ્મરૂપી યજ્ઞથી હોમ કરે છે.

**વિશેષ :** ઉપરના શ્લોકમાં બતાવેલી પ્રક્રિયા કોઈક વિલક્ષણ પ્રકારના ટોચ ઉપર આવી રહેલા આરૂઢ જ્ઞાનીને માટે જણાય છે. આરૂઢ ભક્તની સ્થિતિ તેમજ આરૂઢ કર્મીની સ્થિતિ આ શ્લોકમાં સમજાવે છે. આરૂઢ ભક્ત ઉપાસનામાર્ગમાં પ્રવેશી કોઈ ને કોઈ દેવના અર્ચન-

પૈંજનદ્વારા પોતાની સમસ્ત ક્રિયા તેને અર્પણ કરે છે. આરૂઢ કર્મી સામાન્યતઃ પોતાનાં નિત્યકર્મ અને નૈમિત્તિકકર્મ વેદાદિ મન્ત્રોદ્ધારા કરે છે. એ કર્મોમાં પણ જુદા–જુદા સમયે જુદા–જુદા દેવો નિમિત્ત આહૂતિ પોતાના ઠેરવેલા અગ્નિમાં પઞ્ચવિધિથી પોતાની ક્રિયા પૈંર્ણ કરે છે અને શિષ્ટ આહૂતિ અચ્યુતના ભાવથી અગ્નિને અર્પણ કરે છે. કર્મમાં કોઈ જાતની ખામી ન આવે એ હેતુથી આ શિષ્ટ આહૂતિ અપાય છે. આ પ્રકારે પોતાની ક્રિયા ચાલુ રાખતાં યજ્ઞભગવાન્ સાથે નિકટ પરિચયમાં આવી જાય છે અને પછી એ રીતે ધીમે–ધીમે મુક્ત પણ થાય છે. આ બધાની આરૂઢ દશા હોવાથી પૈંર્ણભાવે પોતાની ક્રિયા કરે છે ।।૨૫।।

**શ્રોત્રાદીન્ ઇન્દ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ ।**
**શબ્દાદીન્ વિષયાન્ અન્યે ઇન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ ।।૨૬।।**

**શ્લોકાર્થ :** બીજા શ્રોત્ર વિગેરે ઇન્દ્રિયોને સંયમાગ્નિમાં હોમે છે. કેટલાક બીજા શબ્દ વિગેરે વિષયોને ઇન્દ્રિયાગ્નિમાં હોમે છે.

**વિવેચન :** શ્રોત્ર વિગેરે ઇન્દ્રિયોને સંયમાગ્નિમાં હોમે છે એટલે યોગથી મને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પ્રાપ્તિમાં પ્રતિબન્ધ કરનાર ઇન્દ્રિયોનો સંયમ કરે છે. બીજા શબ્દ વિગેરે વિષયોને તે–તે ઇન્દ્રિયરૂપી અગ્નિમાં હોમે છે.

**વિશેષ :** આ શ્લોક યોગ પરિચર્યાનો વિષય સમજાવે છે. એ વર્ગનો સ્વીકૃત પક્ષ એવો હોય છે કે શરીરના પ્રત્યેક વિભાગો તેમજ આન્તર ઇન્દ્રિયોના સંયમદ્વારા પોતાની ઇષ્ટ સિદ્ધિ કરવામાં તે–તે દેવો મદદરૂપ થાય છે અને પોતાના નિત્ય વ્યવહાર તેમજ નૈમિત્તિક વ્યવહારમાં તે દેવોની સહાયતા લેવામાં આવે છે. ઇષ્ટ સિદ્ધિ જ્યારે પૈંર્ણભાવે આવે છે ત્યારે આ બધા દેવો મુખ્યદેવ બ્રહ્મના અંગભાવે હોવાથી બ્રહ્મમાં યોગની પૈંર્ણતા થાય છે.

શ્લોક ૨૫ થી ૩૦ યોગવિષયક છે. જુદા – જુદા પ્રકારે તેમાં પ્રવૃત્ત થતાં યોગીઓની પરિસ્થિતિ સમજાવે છે. જો કે પ્રકાર તો જુદા – જુદા જણાય છે પણ વાસ્તવિક રીતે દરેક પ્રકાર બ્રહ્મની સાથે સમ્બન્ધ કરવામાં ઉપયોગી નીવડે છે. આ વર્ગને કોઈ પણ બાહ્ય પદાર્થની અપેક્ષા પડતી જણાતી નથી. માત્ર નિયમન ઉપર વિશેષ ભાર મૈંકવામાં આવે છે અને એ નિયમનદ્વારા અન્તઃકરણની શુદ્ધિ થતાં – થતાં પરમાત્મભાવને અંગીકાર કરવો પડે છે. અહીં પરમાત્મા બ્રહ્મવાચક છે. યજ્ઞના અનેક પ્રકાર છે. યજ્ઞનો ઉપયોગ માત્ર પરમાત્માની સન્તુષ્ટિ માટે છે એટલે જેવી જેની શક્તિ અને ગતિ તે પ્રમાણે તે તેની નિયત યજ્ઞક્રિયામાં જોડાઈ પૈંર્ણભાવે યજ્ઞરૂપ પરમાત્મામાં પોતાનો વિનિમય કરે છે. ધ્યાનમાં એટલું જ રાખવાની જરૂર છે કે : ૧. ભૈંત ૨. માત્રા ૩. ઇન્દ્રિય ૪. ક્રિયા ૫. મનચતુષ્ટય અને ૬. જીવ આ ૬ નો વિનિયોગ પરમાત્મામાં કરવાનો છે. આટલું થયે સર્વકાર્ય સિદ્ધ થાય છે.

૧. ભૈંતમાં પઞ્ચમહાભૈંત ૨. માત્રામાં પઞ્ચતન્માત્રા ૩. ઇન્દ્રિયમાં પઞ્ચકર્મેન્દ્રિય ૪. ક્રિયામાં પઞ્ચપરિણામભાવો ૫. મનચતુષ્ટયમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહપાર ૬. જીવ – જીવનભાવ ૭. ગુણત્રય ૮. પ્રકૃતિ ૯. ઈશ્વર ૧૦. ગુણાધિષ્ઠાત્રી દેવતા ।।૨૬।।

**સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે ।**
**આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ।।૨૭।।**

**શ્લોકાર્થ :** બીજાઓ સર્વ ઇન્દ્રિયોના કર્મોને તથા પ્રાણકર્મોને, જ્ઞાનથી પ્રદીપ્ત થયેલા

આત્મસંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે.

**દ્રવ્યયજ્ઞાઃ તપોયજ્ઞા યોગયજ્ઞાઃ તથાઽપરે ।**
**સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ।।૨૮।।**

**શ્લોકાર્થ :** બીજા વ્રત પાળનારા યતિઓ દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ કરનારા હોય છે.

**વિવેચન :** દ્રવ્યયજ્ઞ કરનાર ગૃહસ્થાશ્રમીઓ, તપોયજ્ઞ કરનાર વાનપ્રસ્થો, યોગયજ્ઞ કરનાર યોગીઓ, સ્વાધ્યાયયજ્ઞ કરનાર બ્રહ્મચારીઓ, જ્ઞાનયજ્ઞ કરનાર જ્ઞાનીઓ હોય છે. સર્વ પોત-પોતાના અધિકાર પ્રમાણે યજ્ઞ કરે છે.

**અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણેઽપાનં તથાઽપરે ।**
**પ્રાણાપાનગતી રુદ્ધ્વા પ્રાણાયામપરાયણાઃ ।।૨૯।।**

**શ્લોકાર્થ :** કોઈ અપાનમાં પ્રાણ હોમે છે. બીજા પ્રાણમાં અપાન હોમે છે. કોઈ પ્રાણ અને અપાનની ગતિ રોકી પ્રાણાયામ પરાયણ હોય છે.

**વિવેચન :** અપાનમાં એટલે નીચે રહેતા પ્રાણમાં, પ્રાણ એટલે ઉપર રહેલો પ્રાણ હોમે છે. આને 'પૈંરક' વિધિ કહે છે. બીજા પ્રાણમાં અપાન હોમે છે. આને 'રેચક' વિધિ કહે છે. બીજા કુમ્ભક વિધિથી પ્રાણ અને અપાન ઉભયની ગતિ રોકી 'પ્રાણાયામપરાયણ' કહે છે.

**અપરે નિયતાહારાઃ પ્રાણાન્ પ્રાણેષુ જુહ્વતિ ।**
**સર્વેઽપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ ।।૩૦।।**

**શ્લોકાર્થ :** બીજા નિયત આહારવાળા પ્રાણને પ્રાણમાં હોમે છે. આ સર્વે પણ યજ્ઞ જાણનાર છે. તેઓના પાપનો યજ્ઞથી ક્ષય થયેલો છે.

**વિવેચન :** બીજા નિયત ખોરાક લે છે અને આહારથી તૃપ્ત થનારી પ્રાણની વૃત્તિઓનો પ્રાણમાં જ હોમ કરે છે. આ ઉપર જુદા-જુદા યજ્ઞ કરનાર વર્ણવ્યા તે સર્વ યજ્ઞ જાણનાર છે, અને તે સર્વના પાપનો યજ્ઞથી ક્ષય થાય છે.

**યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્ ।**
**નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય કુતોઽન્યઃ કુરુસત્તમ !।।૩૧।।**

**શ્લોકાર્થ :** યજ્ઞના અવશિષ્ટ અમૃતનો ભોગ કરનાર સનાતન બ્રહ્મ પ્રાપ્ત કરે છે. હે કુરુસત્તમ ! યજ્ઞ ન કરનારને આ લોક પણ નથી. તો અન્ય તો ક્યાંથી જ હોય ?

**વિવેચન :** યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલા અમૃતનો જે ભોગ કરે છે તેને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. યજ્ઞ ન કરે તેને આ લોક પણ સુખરૂપ થતો નથી. યજ્ઞ ન કરનારને આ અલ્પાનન્દ લોકમાં અલ્પ આનન્દની પણ પ્રાપ્તિ થતી નથી તો અન્ય લોકની એટલે દિવ્ય લોકની પ્રાપ્તિ ક્યાંથી જ થાય ? તેથી યજ્ઞ અવશ્ય કરવા જોઈએ. બ્રહ્મજ્ઞાનીઓએ કર્મનો ત્યાગ કરવાનો છે તેઓ પણ ઉપર વર્ણવેલ બ્રહ્મયજ્ઞ કરે છે. તેથી કર્મ કર્યા વિના કોઈ ક્ષણ પણ રહી શકતું નથી એ પણ સ્પષ્ટ થાય છે. તેથી યજ્ઞ અવશ્ય કરવા.

**વિશેષ :** યજ્ઞ ક્રિયાત્મક અને જ્ઞાનાત્મક હોય છે. ક્રિયાત્મક યજ્ઞમાં ક્રિયાનું પ્રાધાન્ય છે અને તેમાં જુદા-જુદા દેવોનું યજન થાય છે અને તે જ પ્રકારે આહૂતિ પણ અપાય છે. આ બધા જુદા-જુદા દેવતાઓ પરમાત્માના જુદા-જુદા અંગરૂપે છે અને એ કારણે પરમાત્માને પૈંજન અને

નિવેદન પહોંચે છે. ત્યાર પછીનો અવશિષ્ટ પદાર્થ નિષ્પાપ બને છે. નિષ્પાપ પદાર્થનું સેવન, અંતઃકરણને શુદ્ધ બનાવતાં બ્રહ્મરસનું પાન કરવા લાયક ઠરે છે.

જ્ઞાનાત્મક યજ્ઞ સ્વાધ્યાયદ્વારા અન્તરવિચારોને શુદ્ધભાવ તરફ લઈ જાય છે. આ રીતે પણ અન્તઃકરણ શુદ્ધ થાય છે. તાત્પર્ય કે ક્રિયાત્મક યજ્ઞ અથવા જ્ઞાનાત્મક યજ્ઞ બ્રહ્મરસનું પાન કરાવી શકે છે. આને જ 'અમૃત' સંજ્ઞા આપવામાં આવી છે. આ પ્રકારના અમૃતનો ઉપભોગ કરતાં-કરતાં બ્રહ્મની સાથે ઐક્યભાવ પામી શકાય છે. કેટલાક આને મોક્ષ પણ કહે છે. વસ્તુતઃ આનન્દમય સ્વરૂપ સાથેનો સમ્બન્ધ સનાતનબ્રહ્મ કહેવાય છે. આ પ્રકારના અમૃતનો ઉપભોગ જેને મળતો નથી તેનું જીવન કેવળ ભારરૂપ છે. એટલે આ લોક પણ નિરુપયોગી થાય છે અને તેવી જ રીતે પરલોક પણ નિરુપયોગી બને છે. જો કે એના જીવનમરણનો વિષય તો ચાલુ રહે છે.

**એવં બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે ।**
**કર્મજાન્ વિદ્ધિ તાન્ સર્વાન્ એવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે ।।૩૨।।**

**શ્લોકાર્થ :** આવી રીતે વેદમાં બહુ પ્રકારના યજ્ઞો વિસ્તારથી કહેલા છે. તે સર્વ કર્મથી થતા જાણ. એમ જાણીને તું મુક્ત થઈશ.

**વિવેચન :** વેદમાં ઉપર કહ્યા તેવા બહુ પ્રકારના યજ્ઞો વિસ્તારપૈંર્વક કહેલા છે. તે સર્વ યજ્ઞો કર્મથી અથવા ક્રિયાથી સિદ્ધ થાય છે એમ જાણ. એમ જાણવાથી તને મોક્ષ પ્રાપ્ત થશે.

**વિશેષ :** વેદમાં અનેક પ્રકારના યજ્ઞો બતાવવામાં આવેલા છે. એ બધા યજ્ઞો રજોગુણમય છે. છતાં પણ જો નિષ્કામ ભાવે કરવામાં આવે તો ઘણા લાંબા કાળે ભાવનાઓ બદલાય છે ખરી; અને અન્તઃકરણમાં સાત્ત્વિક ભાવનાઓનો ઉદય થાય છે ખરો. સાત્ત્વિક ભાવનાઓ સાત્ત્વિક વિચારોને જાગૃત કરે છે અને એ રીતે જે - જે જ્ઞાનપોષક ભાવોનું પ્રાકટ્ય હૃદયમાં થાય તે - તે પ્રકારનાં સાધનો તરફ ચિત્ત અવલમ્બે છે. આ અવલમ્બનને આધારે પોતાના વિચારો પરમાત્મા તરફ યોજે છે અને બ્રહ્મભાવ ઉભો કરે છે.

**શ્રેયાન્ દ્રવ્યમયાદ્ યજ્ઞાત્ જ્ઞાનયજ્ઞઃ પરન્તપ !।**
**સર્વં કર્માખિલં પાર્થ! જ્ઞાને પરિસમાપ્યતે ।।૩૩।।**

**શ્લોકાર્થ :** હે પરન્તપ ! દ્રવ્યમય યજ્ઞથી જ્ઞાનયજ્ઞ વધારે સારો છે. હે પાર્થ ! સર્વ કર્મ જ્ઞાનમાં સમ્પૈંર્ણ સમાપ્ત થાય છે.

**વિવેચન :** એ પ્રમાણે ભિન્ન-ભિન્ન યજ્ઞોનો બોધ કરી, અન્ય સર્વ યજ્ઞ કરતાં સાંખ્ય અને યોગના એકાર્થરૂપ બ્રહ્માત્મક જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે એમ કહે છે, કારણ કે તેમાં સર્વ કર્મ જ્ઞાનમાં સમ્પૈંર્ણ એટલે ફલસહિત સમાઈ જાય છે.

શ્રીભાગવત ૧૦।૮૧।૩૮ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**તદ્ વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ ।।૩૪।।**

**શ્લોકાર્થ :** દણ્ડવત્ પ્રણામદ્વારા, નિષ્કપટ ભાવથી પૈંછેલા પ્રશ્નોવડે અને સેવાવડે તે જ્ઞાનને તું જાણ; તત્ત્વને જોનારાઓ ( સમજનારાઓ ) તને જ્ઞાનનો ઉપદેશ કરશે.

**વિવેચન :** પ્રણિપાત અથવા પોતાનું અમાનિપણું દર્શાવનાર કાયિક પ્રણામ કરવા, પરિપ્રશ્ન એટલે પ્રણય પૈર્વક વારંવાર પ્રશ્ન કરવા અને સેવા કરવા વડે તું તે જ્ઞાન જાણ. જ્ઞાનની પ્રાપ્તિ પ્રણામ અને પ્રણય પૈર્વક પ્રશ્ન પૈંછવાથી તથા જ્ઞાનીઓની સેવા કરવાથી થાય છે એમ જાણ. તને તત્ત્વદર્શી જ્ઞાનીઓ જ્ઞાનનો ઉપદેશ કરશે.

**યજ્ જ્ઞાત્વા ન પુનર્ મોહમ્ એવં યાસ્યસિ પાંડવ !।**
**યેન ભૈંતાન્યશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ ।।૩૫।।**

**શ્લોકાર્થ :** હે પાંડવ ! તે જાણીને તને પુનઃ આવી રીતે મોહ થશે નહિ. તેથી સર્વ ભૈંતોને તારા પોતામાં તેમજ મારામાં તું જોઈશ.

**વિવેચન :** અહીંથી સાડાત્રણ શ્લોકથી જ્ઞાનનું ફલ કહે છે. સાંખ્ય અને યોગ ના એકાર્થરૂપ બ્રહ્માત્મક જ્ઞાન તને પ્રાપ્ત થશે. ત્યાર પછી તને આવી રીતે મોહ થશે નહિ, અને ચિદંશભૈંત સર્વ પ્રાણીઓને તું ચેતન પુરુષમાં અને મારામાં જોઈશ. આ શ્લોક ''તત્ ત્વમ્ અસિ'' નામના મહાવાક્યને સમજાવે છે.

**અપિ ચેદ્ અસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ।**
**સર્વં જ્ઞાનપ્લવેનૈવ વૃજિનં સન્તરિષ્યસિ ।।૩૬।।**

**શ્લોકાર્થ :** વળી જો સર્વ પાપીઓથી વધારે પાપી હોઈશ તો પણ જ્ઞાનરૂપી નૌકાથી જ સર્વ પાપને સહેલથી તરી જઈશ.

**યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિઃ ભસ્મસાત્કુરુતેઽર્જુન !।**
**જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્ કુરુતે તથા ।।૩૭।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! જેમ પ્રજ્વલિત અગ્નિ કાષ્ઠને ભસ્મસાત્ કરે છે તેમ જ્ઞાનાગ્નિ સર્વ કર્મને ભસ્મસાત્ કરે છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં પાપને સમુદ્ર ગણી જ્ઞાનને નૌકા કહી, પરન્તુ સમુદ્ર આગાધ વિસ્તૃત હોવાથી અને નૌકા નાની હોવાથી કદાચ નૌકા સમુદ્રમાં ડૈંબી જાય તેવો ભય રહે, તેથી પુનઃ જ્ઞાનનું પ્રાબલ્ય દર્શાવનાર બીજું દષ્ટાન્ત કહે છે. જેમ પ્રજ્વલિત અગ્નિ કાષ્ઠને ભસ્મસાત્ કરે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મને બાળીને ભસ્મસાત્ કરે છે.

બ્રહ્મસૈંત્ર ૪।૧।૧૩ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત ૧।૫।૨૫, ૧૦।૬૧।૩૨ અને ૧૦।૭૧।૩૩ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

વિશેષ : આ શ્લોકમાં જ્ઞાનરૂપી નૌકાવડે તું તરી જશે એ પ્રમાણે ગયા શ્લોકમાં જણાવ્યું. એ હકીકતને વધારે સ્પષ્ટ આ શ્લોકમાં કરી છે. જીવને આત્મા સાથે શાશ્વત સમ્બન્ધ છે; પરન્તુ એ સમ્બન્ધ કર્મવશાત્ ઓછો થઈ ગયો છે. એટલે એના પૈંર્વસ્વરૂપમાં હીનતા પ્રાપ્ત થઈ છે. એ હીનતા અને મોહને વશ થઈને કાંઈ ને કાંઈ ફળની આશાએ તે કર્મ કરે જાય છે અને પોતાનો ભગવત્સમ્બન્ધ – બ્રહ્મ સાથેનો સમ્બન્ધ ભૈંલી જાય છે. એ સમ્બન્ધ બતાવવા એને જ્ઞાનની જરૂર પડે છે. જ્ઞાન સમ્બન્ધ બતાવે છે; એટલું જ નહિ પણ જણાવે છે કે જીવ બ્રહ્મનો અંશ છે; તાત્પર્ય કે બ્રહ્મ જેવો જ છે. આ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થતાં સઘળાં કર્મો ભસ્મ થઈ જાય છે એટલે કર્મ ફળ આપવા સમર્થ બનતા નથી.

**ન હિ જ્ઞાનેન સદશં પવિત્રમ્ ઈહ વિદ્યતે ।**

**તત્ સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ ।।૩૮।।**

**શ્લોકાર્થ :** જ્ઞાનસમાન પવિત્ર અહીં કાંઈ નથી. પોતે યોગથી સિદ્ધ થએલો પુરુષ તે (જ્ઞાન) સમય જતાં પોતામાં પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** તપ, ધ્યાન વિગેરે સાધનોમાં કોઈ જ્ઞાન સમાન પવિત્ર સાધન નથી. સાંખ્યરૂપ જ્ઞાન પણ યોગથી સિદ્ધ થએલો પુરુષ સમય જતાં પોતામાં પ્રાપ્ત કરે છે. કોઈ એકલા સાંખ્યને પ્રાપ્ત કરે છે, કોઈ એકલા યોગને પ્રાપ્ત કરે છે, પરન્તુ સાંખ્ય અને યોગ ના એકાર્થરૂપ આ જ્ઞાન પ્રાપ્ત થવું કઠિન છે.

**વિશેષ :** જ્ઞાનને પવિત્ર માનવામાં આવ્યુ છે. એથી એવો અર્થ નથી થતો કે લોકસમ્બન્ધી વ્યવહારવાળું જ્ઞાન પવિત્ર છે. આ પ્રકારનું જ્ઞાન તો કોઈ પણ જીવની અધોગતિ જ કરે છે. તાત્પર્ય કે વાસનામાં બદ્ધ ને બદ્ધ જ રાખે છે.

સમભાવવાળું જ્ઞાન એટલે બ્રહ્મજ્ઞાન અથવા શ્રીવાસુદેવ સિવાય બીજું કાંઈ નથી એ પ્રકારનું જ્ઞાન. આ જ્ઞાન જે માર્ગે તૈયાર થાય એ માર્ગને યોગ નામની સંજ્ઞા અપાય છે. આ પ્રકારના યોગનું કેટલાય કાળ સુધી સેવન કરવાથી પરાગતિ અથવા પરમજ્ઞાન અથવા ઉત્કૃષ્ટ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અવિદ્યા, પ્રકૃતિ, અજ્ઞાન આ ત્રણ માયાના સમ્બન્ધે પોત-પોતાનાં નિરાળાં કાર્ય બજાવે છે. એક જીવની સાથે અવિદ્યા અને માયા નો સમ્બન્ધ થાય છે. આ સ્થિતિમાં જીવ કર્મપરાયણ બને છે. તાત્પર્ય કે એને જુદા-જુદા કર્મ કરવાનું મન અવાર-નવાર થયા કરે છે અને એ દ્વારા લાભ શોધવાનો પ્રયત્ન કરે છે.

પ્રકૃતિ એ જીવનો કાંઈક મેંળભાવ જણાય છે અને એ મેંળભાવના હિસાબે એની પ્રવૃત્તિ ચાલુ રહે છે. માયાનો એની સાથે સમ્બન્ધ થાય છે. તે કાંઈક જુદા-જુદા પ્રપઞ્ચ બતાવે છે; પણ પ્રવૃત્તિમાં માયા કરતાં કાંઈક વિશેષ સામર્થ્ય જણાય છે. એ કારણે એની પ્રવૃત્તિ પોતાની સામાન્ય સ્થિતિમાં જ ચાલુ રહે છે. કોઈ પણ વિશેષ પક્ષ અંગીકાર કરતો નથી.

કોઈ એક જીવ કેવળ અજ્ઞાનનું જ ગ્રહણ કરી રહે છે. એવા જીવ પાસે તામસભાવ અથવા જડભાવ વધારે છે. આ પ્રકારનો બુદ્ધિનો જડભાવ તેને શું કરવું અને શું ન કરવું તેનો વિચાર થવા દેતો નથી એટલે એને પોતાના હિતાહિતની સમજ પડતી નથી. આ પરિસ્થિતિ ગમ્ભીર છે કેમકે એ અન્ધકારમાં પડેલી અવસ્થા જ ભોગવે છે. એની અજ્ઞાનતા બીજાને લાભકારક થાય છે. આ પ્રકારની મૈંઢદશા વિષમતાને જ તૈયાર કરે છે.

**શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમ્ અચિરેણાધિગચ્છતિ ।।૩૯।।**

**શ્લોકાર્થ :** શ્રદ્ધાવાન્, જ્ઞાનપરાયણ, અને ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને જ્ઞાન પ્રાપ્ત કરી થોડા સમયમાં પરા શાંતિ પામે છે.

**વિવેચન :** ઉત્તમ જ્ઞાનનું દાન કોને કરવું તેની પરીક્ષા કરવા ગુરુ શિષ્યની શ્રદ્ધા જુએ છે. તેથી શ્રદ્ધાવાન્ હોય તેને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાવાન્ જ્ઞાનપરાયણ અને ઈન્દ્રિયોનો સંયમ કરનાર પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી પરા શાન્તિ અથવા ચિત્તની શાન્તિ તે મેળવે છે.

**વિશેષ :** શ્રદ્ધા, સંકલ્પ અને ધૈર્ય આ ત્રણની ખાસ જરૂર છે. ગુરુવાક્ય, પ્રમાણવાક્ય અને

શાસ્ત્રવાક્યમાં શ્રદ્ધા જોઈએ. **'સંકલ્પ'** એટલે નિશ્ચય – વિચાર. ધૈર્યદ્વારા જીવના કોઈ પણ કાર્યમાં આવતી મુશ્કેલીઓ સહન કરવાની શક્તિ કેળવાય છે. સહનશક્તિ વધતાં લાલચો દૈર થઈ લોલુપતા ઘટે છે. લોલુપતા ઓછી થતાં પઞ્ચ જ્ઞાનેન્દ્રિય અને પઞ્ચ કર્મેન્દ્રિય પર કાબુ મેંકી શકાય છે. આ પ્રકારનો કાબુ સ્થિર થતાં સમ (શાન્તિ), દમ, તિતિક્ષા અને ઉપરતિ પ્રાપ્ત થાય છે. આ પ્રકારની સ્થિતિને ઈન્દ્રિયજય કહેવાય છે. અભ્યાસમાં પણ આ પ્રકારના જયની આવશ્યકતા છે. આ સ્થિતિ ક્રમેક્રમે જ્ઞાનને સિદ્ધ કરે છે જેથી પરમ શાન્તિ મળે છે. સમ – શાન્તિ (ચિત્તની શાન્તિ), દમ – દમન (ઈન્દ્રિયો પર કાબુ), તિતિક્ષા – સારાસારનો વિચાર કરી સાર ગ્રહણ કરવાની શક્તિ કેળવવી. ઉપરતિ – સાંસારિક પદાર્થોમાં ક્લેશભાવ જ ઉત્પન્ન થાય છે એમ માની એ તરફની (સાંસારિક પદાર્થો તરફની) મમતા કાઢી નાખવી.

**અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।**
**નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ।।૪૦।।**

**શ્લોકાર્થ :** અજ્ઞ, શ્રદ્ધારહિત અને સંશયવાળો વિનાશ પામે છે. સંશયવાળાને આ લોક પરલોક અથવા સુખની પ્રાપ્તિ થતી નથી.

**વિવેચન :** શ્રદ્ધા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી એમ કહ્યું, તેથી શ્રદ્ધારહિત હોય તે અધિકારી નથી એમ સિદ્ધ થયું. બીજા પણ અનધિકારીઓ કોણ છે તે કહે છે. અજ્ઞ એટલે ઉપદેશ કરેલ અર્થ પણ જે જાણતો ન હોય તે અજ્ઞાની પણ અધિકારી નથી. જ્ઞાન હોય તો પણ શ્રદ્ધા ન હોય તે પણ અધિકારી નથી. સંશયવાળો હોય તે પણ અધિકારી નથી. સંશયવાળાને કોઈ પણ પ્રકારનો નિશ્ચય થતો નહિ હોવાથી તે જ્ઞાનનો અનધિકારી જ છે. તેને આલોક – પરલોક અથવા સુખ પ્રાપ્ત થતું નથી. તેથી સંશયવાળા નહિ થતાં નિશ્ચયાત્મક બુદ્ધિ રાખવી ઉચિત છે.

**યોગસંન્યસ્તકર્માણં જ્ઞાનસંછિન્નસંશયમ્ ।**
**આત્મવન્તં ન કર્માણિ નિબધ્નન્તિ ધનઞ્જય ! ।।૪૧।।**

**શ્લોકાર્થ :** હે ધનઞ્જય ! યોગથી જેણે કર્મનો ત્યાગ કરેલો છે, જ્ઞાનથી જેના સંશયો છેદાઈ ગએલા છે તેવા આત્મવાન્‌ને કર્મ બન્ધન કરતાં નથી.

**વિવેચન :** સાંખ્ય અને યોગ ઉભયના એકાર્થમાં જે તત્પર હોય તેને કર્મ બન્ધન થતું નથી એમ કહે છે. બહારથી ક્રિયા કરતો હોય છતાં પાછળ યોગનું વર્ણન કર્યું તેવા યોગથી ક્રિયાની સિદ્ધિ અથવા અસિદ્ધિ ઉભયમાં સમાન ચિત્ત રાખી અન્દરથી જેણે કર્મનો ત્યાગ કરેલો છે અર્થાત્ અન્દરથી જેને કર્મનો કાંઈ પણ સમ્બન્ધ નથી, અને સાંખ્ય જ્ઞાનથી જેના સર્વ સંશયો છેદાઈ ગયા છે અને તેથી આત્મા અથવા અનાત્મા સમ્બન્ધી સર્વ સંશયો દૈર થવાથી જેને અનાત્માનું અલ્પ પણ અભિમાન નથી અને જે માત્ર આત્મવાન્ જ છે તેવા પુરુષને તે જે કર્મ કરે તે બન્ધન કરતાં નથી.

**તસ્માદ્ અજ્ઞાનસમ્ભૈતં હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ ।**
**છિત્ત્વૈનં સંશયં યોગમ્ આતિષ્ઠોત્તિષ્ઠ ભારત ! ।।૪૨।।**

**શ્લોકાર્થ :** તેથી હે ભારત ! ઉઠ અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા, હૃદયમાં રહેલા તારા આ સંશયને જ્ઞાનરૂપી તલવારથી છેદીને યોગ કર.

**વિવેચન :** તેથી હે ભારત ! તું ઉઠ, સાંખ્ય બુદ્ધિ પ્રમાણે અનાત્મરૂપ સંશયને જ્ઞાનરૂપી અસિથી

છેદી યોગ કર. તારા ક્ષત્રિયના કર્મયુદ્ધમાટે તૈયાર થા.

**વિશેષ :** આ શ્લોકમાં જીવને કર્તવ્યપરાયણ થવાનો ઉપદેશ આપે છે. જીવનો ધર્મ તો માત્ર કર્તવ્ય – કર્મ કર્યા જ કરવાં અને તે ફરજરૂપે જ કરવાં. તેમાં ફળની આશા રાખવી નહિ. ફળની આશાએ કરેલાં કર્મ વાસનાઓને ઉભી કરે છે કોઈ પણ પ્રકારની આશા વિના કરેલાં કર્મ બુદ્ધિનું સમત્વ રાખી બ્રહ્મ સાથે સમ્બન્ધ રાખવામાં સહાયક થાય છે.

જીવનો મિત્ર અન્તર્યામી – આત્મા છે. એની દોરવણીથી જીવ પોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય તો કોઈ પણ જાતના સંશય ઉભા થતા નથી. સંશય માત્ર અજ્ઞાનથી ઉભા થાય છે. એ કારણે આ શ્લોકમાં કહે છે કે તુ સંશય – અજ્ઞાનને છોડી દઈ તારા યુદ્ધકાર્યમાં પ્રવૃત્ત થા. આમ કરવાથી તુ તારી કીર્તિ સાચવશે અને નિષ્પાપ રહેશે; વિશેષમાં તુ જ્ઞાનનિષ્ઠ થશે અને બ્રહ્મ સાથે એકભાવને પણ પામશે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'કર્મબ્રહ્માર્પણયોગો' નામ**
**ચતુર્થોઽધ્યાયઃ ।।૪।।**

# ।। અધ્યાય ૫ ।।

# કર્મસંન્યાસયોગ

પોતાનું કર્મ બહારથી કરવું પરન્તુ ફલમાં આસક્તિ ન રાખવી તેમજ કોઈ રીતે અન્દરથી કર્મનો સમ્બન્ધ ન રાખવો એ સાંખ્ય અને યોગ ઉભયનો એકાર્થ છે એમ પાછળ ચતુર્થ અધ્યાયમાં સારી રીતે પ્રતિપાદન કર્યું, તે નહિ સમજવાથી અર્જુન પુનઃ પોતાના શ્રેય સંબંધી પ્રશ્ન કરે છે.

**અર્જુન ઉવાચ**

**સંન્યાસં કર્મણાં કૃષ્ણ! પુનર્યોગં ચ શંસસિ।**
**યચ્છ્રેય એતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્ ।।૧।।**

**શ્લોકાર્થ :** હે કૃષ્ણ! સંન્યાસનો અને પુનઃ યોગનો ઉપદેશ કરો છો. આ બેમાંથી જે એક શ્રેયઃ હોય તે સારી રીતે નિશ્ચય કરી મને કહો.

**વિવેચન :** કર્મના સંન્યાસ અથવા ત્યાગ નો આપ ઉપદેશ કરો છો, વળી કર્મયોગનો પણ ઉપદેશ કરો છો. કર્મયોગ આચરે અથવા કર્મ કરે તેનાથી કર્મનો સમ્બન્ધ તજાય નહિ, તેથી સંન્યાસ થઈ શકે નહિ. કર્મનો સમ્બન્ધ તજી સંન્યાસ રાખે તો કર્મયોગ થઈ શકે નહિ. કર્મસંન્યાસ અને કર્મયોગ આવી રીતે પરસ્પર વિરુદ્ધ સ્વરૂપવાળા હોવાથી એક જ માણસ એક જ વખતે ઉભય કરી શકે નહિ. તેથી બેમાંથી જે એક શ્રેયસ્કર હોય તેનો મને સારી રીતે નિશ્ચય કરી આપ ઉપદેશ કરો.

**શ્રીભગવાન્ ઉવાચ**

**સંન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ ।**
**તયોસ્તુ કર્મસંન્યાસાત્ કર્મયોગો વિશિષ્યતે ।।૨।।**

**શ્લોકાર્થ :** સંન્યાસ અને કર્મયોગ ઉભય નિઃશ્રેયસ્કર છે, પણ તે બેમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગ વધારે સારો છે.

**વિવેચન :** સાંખ્યનો કર્મસંન્યાસ અને કર્મયોગ ઉભય શ્રેયસ્કર છે. ઉભય મુખ્ય સાધન છે અને સ્વતન્ત્રતાથી પુરુષાર્થના સાધન છે. આ બેમાંથી કોઈ એકબીજાનું અંગ નથી. આ બેમાંથી હરકોઈ એકનું આચરણ કરે તેને મોક્ષરૂપ શ્રેયઃ પ્રાપ્ત થાય છે. તથાપિ સંન્યાસ કરતાં કર્મયોગ વધારે સારો છે. સંન્યાસમાં બહારથી પણ સર્વ કર્મનો ત્યાગ કરવાનો છે. કર્મયોગમાં બહારથી કર્મનો ત્યાગ ન કરતાં માત્ર મનથી જ ત્યાગ કરવાનો છે. કર્મયોગ સંન્યાસ કરતાં ઉત્તમ છે, કારણ કે તત્ત્વજ્ઞાનીઓ પણ લોકાનુગ્રહ માટે કર્મ કરે છે. તેથી મનથી જ કર્મનો ત્યાગ કરવો અને બહારથી ત્યાગ ન કરતાં કર્મ કરવું એ તારે માટે પણ ઉત્તમ છે.

**જ્ઞેયઃ સ નિત્યસંન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ।**
**નિર્દ્વન્દ્વો હિ મહાબાહો! સુખં બન્ધાત્ પ્રમુચ્યતે ।।૩।।**

**શ્લોકાર્થ :** હે મહાબાહો! જે દ્વેષ કરતો નથી અને ઈચ્છા રાખતો નથી તેને નિત્યસંન્યાસી જાણવો, કારણ કે દ્વન્દ્વરહિત તે સહેલાઈથી બન્ધનમાંથી મુક્ત થાય છે.

**વિવેચન :** યોગમાર્ગ પ્રમાણે કર્મ કરતો હોય તો પણ દ્વેષ કરતો ન હોય, ઈચ્છા રાખતો ન હોય

અને દ્વન્દ્વરહિત હોય તે નિત્યસંન્યાસી જ છે. જે દ્વેષ કરતો ન હોય, કર્મફલની ઈચ્છા રાખતો ન હોય, અને લાભ અને હાનિ, જય અને પરાજય વિગેરે દ્વન્દ્વોથી રહિત હોય, તેણે દ્વન્દ્વનો ત્યાગ કરેલો હોવાથી તે નિત્ય સંન્યાસી જ છે. તે બંધમાંથી સહેલાઈથી મુક્ત થાય છે. તું મહાબાહુવાળો હોવાથી તારે પણ એમજ કરવું ઉચિત છે.

**સાંખ્ય-યોગૌ પૃથગ્ બાલાઃ પ્રવદન્તિ ન પણ્ડિતાઃ।**
**એકમપ્યાસ્થિતઃ સમ્યગ્ ઉભયોર્ વિન્દતે ફલમ્।।૪।।**

**શ્લોકાર્થ :** સાંખ્ય અને યોગ ને બાલકો જુદાં કહે છે, પણ્ડિતો કહેતા નથી. એકને પણ સારી રીતે આચરવાથી ઉભયનું ફલ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** સાંખ્ય અને યોગ ભિન્ન - ભિન્ન શાસ્ત્ર હોવા છતાં તેમનો એક જ અર્થ કેમ કહો છો ? એવી શંકા થાય, તે માટે ઉભય શાસ્ત્રો પણ એક જ ફલ પ્રાપ્ત કરાવનાર હોવાથી તથા તેઓનો એક જ અર્થ હોવાથી ઉભય શાસ્ત્રો એક જ છે એમ કહે છે. સાંખ્યમાં કર્મનો ત્યાગ કરવાનો છે અને યોગમાં કર્મ કરવાનાં છે, એવો ભેદ હોવા છતાં યોગમાં પણ લાભ અને હાનિ, જય અને પરાજય વિગેરે દ્વન્દ્વનો ત્યાગ કરીને અન્દરથી કર્મ સાથે કંઈ પણ સમ્બન્ધ રાખ્યા વિના કર્મ કરવાનાં હોવાથી ઉભયનો એક જ અર્થ છે. તેથી બાલક અથવા મૈંર્ખ જ સાંખ્ય અને યોગ ને જુદાં કહે છે, પણ્ડિતો જુદાં કહેતા નથી. આ બેમાંથી એકનું પણ આચરણ કરવાથી સારી રીતે ફલની પ્રાપ્તિ થાય છે.

**યત્ સાંખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનં તદ્ યોગૈરપિ ગમ્યતે।**
**એકં સાંખ્યં ચ યોગં ચ યઃ પશ્યતિ સ પશ્યતિ।।૫।।**

**શ્લોકાર્થ :** સાંખ્યોને જે સ્થાન પ્રાપ્ત થાય છે તે યોગોથી પણ પ્રાપ્ત થાય છે. જે સાંખ્ય અને યોગ ને એક જાણે છે તે ખરું જાણે છે.

**વિવેચન :** સાંખ્ય રીતિથી કર્મનો ત્યાગ કરનારને જે મોક્ષરૂપી સ્થાન પ્રાપ્ત થાય છે તે જ સ્થાન યોગનું આચરણ કરનારાઓને પણ પ્રાપ્ત થાય છે. સાંખ્ય અને યોગ ઉભય સ્વતન્ત્રતાથી તે જ ફલ આપનાર હોવાથી એક જ છે. એક જ ફલ આપનાર સાંખ્ય અને યોગ ને જે એક જ જાણે છે તે સત્ય જાણે છે.

**સંન્યાસસ્તુ મહાબાહો દુઃખામ્ આપ્તુમ્ અયોગતઃ।**
**યોગયુક્તો મુનિર્ બ્રહ્મ ન ચિરેણાધિગચ્છતિ।।૬।।**

**શ્લોકાર્થ :** હે મહાબાહો ! યોગ વિના સંન્યાસ પ્રાપ્ત કરવો બહુ કઠિન છે, પરન્તુ યોગયુક્ત મુનિ અલ્પ સમયમાં બ્રહ્મ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** સાંખ્યથી સિદ્ધ થતું કાર્ય સંન્યાસ વિના યોગથી થઈ શકે છે, પરન્તુ યોગ વિના સંન્યાસીની સિદ્ધિ થતી નથી એમ કહે છે. યોગ વિના સંન્યાસ પ્રાપ્ત કરવો એ બહુ કઠિન છે. કાર્યની સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન રહેવું તે યોગ. આ યોગનું આચરણ કર્યા વિના સંન્યાસ પ્રાપ્ત થવો કઠિન છે, કારણ કે બહારથી પણ જે કર્મ કરતો જ ન હોય તે કોનો સંન્યાસ અથવા ત્યાગ કરે ? જે કર્મ કરેલાં નથી તેનો ત્યાગ કરે એમ કહી શકાય નહિ, કારણ કે, નહિ કરેલાંનો ત્યાગ સ્વતઃ છે જ, તો સંન્યાસીને ત્યાગ કરવાનું શું ? તેથી યોગ વિના સંન્યાસ પ્રાપ્ત થવો બહુ કઠિન છે, પરન્તુ યોગયુક્ત સાંખ્ય આચરનાર મુનિ-સંન્યાસી અલ્પ સમયમાં જ બ્રહ્મ

પ્રાપ્ત કરે છે.

**યોગયુક્તો વિશુદ્ધાત્મા વિજિતાત્મા જિતેન્દ્રિયઃ।**
**સર્વભૈંતાત્મભૈંતાત્મા કુર્વન્નપિ ન લિપ્યતે ।।૭।।**

**શ્લોકાર્થ:** યોગયુક્ત, વિશુદ્ધ અન્તઃકરણવાળો, જેણે મનને જીતેલું છે, જેણે ઇન્દ્રિયોને જીતેલી છે અને જેનો આત્મા પ્રાણીમાત્રના આત્મારૂપ છે તે કર્મ કરવા છતાં લેપાતો નથી.

**વિવેચન:** અહીંથી ત્રણ શ્લોકથી યોગીના સ્વરૂપનું વર્ણન કરે છે. યોગ આચરનાર, શુદ્ધ અન્તઃકરણવાળો, મન અને ઇન્દ્રિયોને જેણે જીતેલી છે તેવો અને જેનો આત્મા પ્રાણીમાત્રના આત્મારૂપ છે અર્થાત્ જે પ્રાણીમાત્રના આત્માને પોતાના આત્મારૂપ જાણે છે તેવો યોગી કર્મ કરવાં છતાં કર્મથી લેપાતો નથી.

**નૈવ કિઞ્ચિત્ કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્।**
**પશ્યન્શૃણ્વન્સ્પૃશન્જિઘ્રન્ અશ્નન્ગચ્છન્સ્વપન્શ્વસન્।।૮।।**
**પ્રલપન્ વિસૃજન્ ગૃહ્ણન્ ઉન્મિષન્ નિમિષન્નપિ।**
**ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઇતિ ધારયન્।।૯।।**

**શ્લોકાર્થ:** જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સૈંઘતાં, ખાતાં, જતાં, ઉંઘતા, શ્વાસ લેતાં, બોલતાં, આપતા, લેતાં, આંખ ઉઘાડતાં અથવા મીંચતા પણ ‘‘ઇન્દ્રિયો ઇન્દ્રિયોના અર્થોમાં પ્રવર્તે છે’’ એમ ધારણા રાખીને ‘‘હું કોઈ કરતો જ નથી’’ એમ તત્ત્વ જાણનાર યોગી માને છે.

**વિવેચન:** ગયા શ્લોકમાં કર્મ કરવા છતાં યોગી કર્મથી લેપાતો નથી એમ કહ્યું, એ નિયત ફલવાળા કર્મનું ફલ અવશ્ય પ્રાપ્ત થવું જોઈએ એ સિદ્ધાન્તથી વિરુદ્ધ હોવાથી ઉચિત નથી, એવી શંકા થાય તે દૈંર કરે છે. જોતાંથી આરમ્ભી આંખ મીંચતાં સુધી મન અને ઇન્દ્રિયોના ભિન્ન-ભિન્ન વ્યાપાર વર્ણવ્યા તે સર્વ વ્યાપાર કરવા છતાં ‘‘હું કર્તા છું’’ એવું અભિમાન નહિ હોવાથી, પ્રત્યુત ‘‘ઇન્દ્રિયો ઇન્દ્રિયોના કાર્યોમાં પ્રવર્તે છે, હું કર્તા નથી’’ એવી પ્રતીતિ હોવાથી, કર્તૃપણાનું અલ્પ પણ અભિમાન નહિ હોવાથી, તથા લાભ અને હાનિ, જય અને પરાજય વિગેરે દ્વન્દ્વથી રહિત હોવાથી, સર્વ કર્મ કરવા છતાં કર્મનું બન્ધન ન થાય એમાં કાંઈ વિરોધ નથી. આવા પુરુષને કર્મબન્ધન નહિ હોવાથી તે કેવલ સાંખ્યમાર્ગીય મુનિ છે એમ માનવાનું નથી, પરન્તુ તે કર્મ કરતો હોવાથી યોગમાર્ગીય તત્ત્વવેત્તા જ છે એમ નીચેના શ્લોકથી વિશેષ સ્પષ્ટ કરે છે.

**બ્રહ્મણ્યાધાય કર્માણિ સંગં ત્યક્ત્વા કરોતિ યઃ।**
**લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમ્ ઇવામ્ભસા।।૧૦।।**

**શ્લોકાર્થ:** બ્રહ્મમાં કર્મોનું અનુસન્ધાન કરી, સંગ તજી જે કર્મ કરે છે તે જલથી જેમ કમલ પત્ર લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી.

**વિવેચન:** બ્રહ્મ એટલે ઉપર બ્રહ્મયજ્ઞનું વર્ણન ચતુર્થ અધ્યાયમાં કર્યું તેવા બ્રહ્મયજ્ઞનો વિષય. તેમાં પોતાથી થતાં સર્વ કર્મનું અનુસન્ધાન રાખી, કર્મમાં ફલની ઇચ્છા અથવા મમતાનો ત્યાગ કરી જે યોગી કર્મ કરે છે તે પાપથી લેપાતો નથી. જેમ કમલપત્ર જલમાં રહેવા છતાં તેનાથી લેપાતું નથી તેમ યોગ કર્મના બન્ધનથી લેપાતો નથી.

શ્લોક ૮ થી ૧૦ નું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૧।૧।૧ ઉપરનાં અણુભાષ્યમાં કરેલું છે.

**કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈઃ ઇન્દ્રિયૈરપિ।**
**યોગિનઃ કર્મ કુર્વન્તિ સંગં ત્યક્ત્વાત્મશુદ્ધયે।।૧૧।।**

**શ્લોકાર્થ :** કાયાથી, મનથી, બુદ્ધિથી અને માત્ર ઇન્દ્રિયોથી પણ યોગીઓ ચિત્તની શુદ્ધિ માટે સંગ તજી કર્મ કરે છે.

**વિવેચન :** આસન વિગેરે કર્મ કાયાથી, ધ્યાન વિગેરે મનથી, તત્ત્વનિશ્ચય વિગેરે બુદ્ધિથી અને શ્રવણ-દર્શન-કીર્તન વિગેરે કર્મો આસક્તિ રહિત ઇન્દ્રિયોથી નારદાદિક યોગીઓ કરે છે. આત્મા એટલે મનની શુદ્ધિ એટલે સમપણામાટે યોગીઓ આવી રીતે આસક્તિ તજી કર્મ કરે છે. તેથી જે સાંખ્યમતને અનુસરનારા છે તેઓ કર્મત્યાગને જ સિદ્ધાન્ત માને છે અને જે યોગમાર્ગને અનુસરનારા છે તેઓ કર્મ કરવું એને જ સિદ્ધાન્ત માને છે. અહિ દર્શાવેલ સદાચારથી પણ કર્મ કર્તવ્ય છે.

**યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા શાન્તિમ્ આપ્નોતિ નૈષ્ઠિકીમ્।**
**અયુક્તઃ કામકારેણ ફલે સક્તો નિબધ્યતે।।૧૨।।**

**શ્લોકાર્થ :** યોગ યુક્ત મનુષ્ય કર્મનાં ફલ તજી નૈષ્ઠિકી શાન્તિ પ્રાપ્ત કરે છે. અયુક્ત મનુષ્ય ફલમાં આસક્ત હોઈ કામનાથી બંધાય છે.

**વિવેચન :** યોગ પ્રમાણે કર્મ કરવાથી નૈષ્ઠિક શાન્તિ અથવા મોક્ષ પ્રાપ્ત થાય છે, પરન્તુ તેથી વિપરીત રીતે ફલમાં આસક્ત રહી કર્મ કરવાથી બંધ પ્રાપ્ત થાય છે.

**સર્વકર્માણિ મનસા સંન્યસ્યાસ્તે સુખં વશી।**
**નવદ્વારે પુરે દેહી નૈવ કુર્વન્ ન કારયન્।।૧૩।।**

**શ્લોકાર્થ :** ઇન્દ્રિયોને વશ રાખનાર દેહી સર્વ કર્મનો મનથી ત્યાગ કરી નવદ્વારવાળા પુરમાં કાંઈ નહિ કરતાં અને નહિ કરાવતાં સુખમાં રહે છે.

**વિવેચન :** યોગમાં મનથી કર્મનો ત્યાગ કરી બહારથી કર્મ કરવાનાં છે. તેથી યોગથી સમ થએલા મનવડે સર્વ કર્મનો ત્યાગ કરી યોગી સુખમાં રહે છે. આ નવદ્વારવાળા પુરમાં એટલે શરીરમાં તે કાંઈ કરતો નથી, કારણ કે મનથી સર્વ કર્મનો તેણે ત્યાગ કરેલો છે, તેમજ ઇન્દ્રિયો પાસે પણ તે કાંઈ કરાવતો નથી.

**વિશેષ :** જે કર્મ કરવામાં આવે તે સમસ્ત દેવના અધિપતિ દેવ ( બ્રહ્મ )ને અર્પણ કરવાની જરૂર છે. કર્માંગ દેવને કર્મ અર્પણ થતાં ફળ વાસનામય થશે અને બ્રહ્મને અર્પણ થતાં જ્ઞાનમય થશે. વાસનામય કર્મ ફરીથી સંસાર ઊભો કરશે અને જ્ઞાનમય કર્મ મોક્ષને પ્રાપ્ત કરાવશે. સાંખ્યના મતે પણ જે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે નિર્લેપ ભાવનામય છે. કર્મયોગદ્વારા છેવટે પ્રાપ્ત કરવાનો મોક્ષ જ્ઞાનમાં પરિસમાપ્ત થાય છે. આ બન્નેથી જીવ પોતાનો અહંભાવ છોડી દે છે અને બ્રહ્મભાવ તૈયાર કરે છે.

**ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ।**
**ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે।।૧૪।।**

**શ્લોકાર્થ :** પ્રભુ લોકના કર્તૃપણાને અથવા કર્મોને અથવા કર્મફલના સંયોગને સર્જતા નથી, પરન્તુ સ્વભાવ પ્રવર્તે છે.

**વિવેચન :** પ્રભુ-ઈશ્વર પ્રાકૃત શરીરના અભિમાનવાળા લોકના કર્તાપણાને અથવા કર્મોને તેમજ

કર્મફલના સંયોગને સર્જતા નથી, પરન્તુ લોકનો સ્વભાવ જ એવો છે કે તે ''હું કર્તા છું'' એવું અભિમાન ધરાવે છે, કર્મોમાં મચ્યા રહે છે અને કર્મફલની અભિલાષા રાખે છે.

**વિશેષ:** પ્રભુ પણ છે અને પ્રકૃતિ(સ્વભાવ) પણ છે. આ બન્ને જુદાં-જુદાં કામ કરતાં જણાય છે. આવો પ્રકાર ક્યાં સુધી બની રહે છે એટલું જ આપણે તપાસવાની જરૂર છે. જ્યાં સુધી જીવમાં હુંપણું વિશેષ પ્રમાણમાં પ્રવૃત્ત થાય છે ત્યાં સુધી સ્વભાવ અને પ્રભુ નિરનિરાળા રહે છે.

**નાદત્તે કસ્યચિત્ પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ।**
**અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ।।૧૫।।**

**શ્લોકાર્થ:** પરન્તુ જેઓનું તે અજ્ઞાન જ્ઞાનથી નાશ પામ્યું છે તેઓનું તે આત્મજ્ઞાન સૈંર્ય પેઠે પરબ્રહ્મને પ્રકાશે છે.

**વિવેચન:** ભગવાન્ જેમને આત્મવિદ્યાનું દાન કરે છે તેઓને તેવો મોહ થતો નથી. જે ભગવાન્ના કૃપાપાત્ર છે અથવા જેઓ સાધનવડે ભગવાન્ને પ્રસન્ન કરે છે તેઓનું સ્વરૂપાજ્ઞાન ભગવાને આપેલા આત્મજ્ઞાનથી નાશ પામે છે, અને ભગવાને આપેલું આત્મજ્ઞાન જેમ સૈંર્ય સર્વ વસ્તુઓનો પ્રકાશ કરે છે તેમ પરને એટલે ''બ્રહ્મ જાણનારને પરની પ્રાપ્તિ થાય છે'' એ શ્રુતિમાં કહેલા પરબ્રહ્મને પ્રકાશે છે. આ જ્ઞાન ભગવાને આપેલું હોવાથી તે પોતે જ પરબ્રહ્મને પ્રકાશે છે. પરબ્રહ્મનો પ્રકાશ થવામાં આ જ્ઞાન માત્ર કરણરૂપ નથી, પરન્તુ કર્તૃ છે.

**તદ્બુદ્ધયસ્ તદાત્માનઃ તન્નિષ્ઠાઃ તત્પરાયણાઃ।**
**ગચ્છન્ત્યપુનરાવૃત્તિં જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ।।૧૭।।**

**શ્લોકાર્થ:** તેમાં બુદ્ધિવાળા, તેમાં ચિત્તવાળા, તેમાં નિષ્ઠાવાળા, તેને પરાયણ, જ્ઞાનથી ધોવાએલ પાપવાળા અપુનરાવૃત્તિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** આવા જ્ઞાનવાળાને મુક્તિ પ્રાપ્ત થાય છે એમ કહે છે. 'તેમાં' એટલે પરબ્રહ્મમાં બુદ્ધિવાળા, પરબ્રહ્મમાં ચિત્તવાળા, પરબ્રહ્મમાં નિષ્ઠા અથવા ભાવવાળા, પરબ્રહ્મ પરાયણ પુરુષોના પાપ તેનાં જ્ઞાનથી ધોવાઈ જાય છે, અને તેઓ અપુનરાવૃત્તિ એટલે મોક્ષ પ્રાપ્ત કરે છે.

**વિદ્યા-વિનયસમ્પન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ।**
**શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ।।૧૮।।**

**શ્લોકાર્થ:** વિદ્યા અને વિનય સમ્પન્ન બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરા તેમજ ચાણ્ડાલ પ્રતિ પણ્ડિતો સમદર્શી હોય છે.

**વિવેચન:** તે જ્ઞાનીઓ કેવા હોય છે તેમ જણાવવા તેઓનું લક્ષણ કહે છે. બ્રાહ્મણ વિગેરે વિષમ પદાર્થોમાં પણ એક જ બ્રહ્મને તેઓ જુએ છે અને તેથી સર્વ પદાર્થો પ્રતિ સમદર્શી હોય છે.

શ્રીભાગવત્ ૧।૧૮।૪૫ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ઇહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ।**
**નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ।।૧૯।।**

**શ્લોકાર્થ:** જેઓનું મન સામ્યમાં રહેલું છે તેઓએ અહીં જ સર્ગ જીતેલો છે, કારણ કે બ્રહ્મ નિર્દોષ અને સમ છે. તેથી તેઓ બ્રહ્મમાં રહેલા છે.

**વિવેચન:** બ્રહ્મ સમ છે તેથી જે-જે સમ હોય તે બ્રહ્મરૂપ છે એમ માનવું જોઈએ. મન પણ

જો નિરોધથી સમ થએલું હોય તો બ્રહ્મરૂપ જ થાય છે. તેથી જેઓનું મન સામ્યમાં રહેલું છે એટલે સમ છે તેઓએ અહીં જ 'સર્ગ' એટલે પ્રવાહમાર્ગ જીતેલો છે. બ્રહ્મ નિર્દોષ અને સમ હોવાથી અને તેઓનું મન સમ હોવાથી તેઓ બ્રહ્મમાં જ રહેલા છે.

શ્રીભાગવત્ ૧।૮।૨૭ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ન પ્રહૃષ્યેત્ પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્ પ્રાપ્ય ચાપ્રિયમ્।**
**સ્થિરબુદ્ધિઃ અસમ્મૂઢો બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ ।।૨૦।।**

**શ્લોકાર્થ :** સ્થિરબુદ્ધિવાળો, મોહરહિત, બ્રહ્મમાં સ્થિતિવાળો, બ્રહ્મવિત્ પ્રિયને પ્રાપ્ત કરી હરખાય નહિ અને અપ્રિયને પ્રાપ્ત કરી ઉદ્વેગ કરે નહિ.

**વિવેચન :** આવા જ્ઞાનીને પરમાનન્દની પ્રાપ્તિ કરાવનાર લક્ષણ અહીંથી બે શ્લોકથી કહે છે. તે સ્થિર બુદ્ધિવાળો હોય છે. મોહ આસુરી હોવાથી તે મોહરહિત હોય છે. તે બ્રહ્મ જાણનાર અને બ્રહ્મમાં સ્થિતિવાળો હોય છે, તેથી પ્રિય પદાર્થ પ્રાપ્ત કરવાથી હર્ષ અથવા અપ્રિય પ્રાપ્ત થવાથી ઉદ્વેગ તેને થતો નથી.

**બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિન્દત્યાત્મનિ યત્ સુખમ્।**
**સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમ્ અક્ષય્યમ્ અશ્નુતે ।।૨૧।।**

**શ્લોકાર્થ :** બાહ્ય સ્પર્શમાં આસક્તિરહિત અન્તઃકરણવાળો આત્મામાં જે સુખ પ્રાપ્ત કરે છે તે અક્ષય્ય સુખ બ્રહ્મયોગમાં યુક્ત આત્માવાળો પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** બહારના વિષયોમાં આસક્તિ ન હોય તેને આત્મામાં જે સુખ પ્રાપ્ત થાય છે, તે જ અખૂંટ સુખ બ્રહ્મયોગથી બ્રહ્મ સાથે ઐક્ય જેના આત્માને પ્રાપ્ત થયેલું હોય તે પણ ભોગવે છે.

**યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે।**
**આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ।।૨૨।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય ! સંસ્પર્શથી થતાં ભોગો દુઃખ ઉત્પન્ન કરાવનાર જ છે, અને આદિ તથા અન્તવાળા છે. વિદ્વાન્ તેઓમાં રમણ કરતો નથી.

**વિવેચન :** 'સંસ્પર્શ' એટલે ઇન્દ્રિયોના વિષયોથી જે ભોગ ઉત્પન્ન થાય છે તે ભોગ આદિ અને અન્તવાળા છે એટલે નિત્ય નથી, અને તેથી તે દુઃખ જ ઉત્પન્ન કરનાર છે. આમ હોવાથી વિદ્વાન્ આવા ભોગોમાં રમતો નથી. આવા ભોગ વિદ્વાન્ ભોગવતો નથી તેમ ભોગવવાની ઇચ્છા પણ રાખતો નથી.

**શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્ શરીરવિમોક્ષણાત્।**
**કામ-ક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ।।૨૩।।**

**શ્લોકાર્થ :** શરીર તજતાં પહેલા અહીં જ કામ અને ક્રોધ થી થતા વેગને સહન કરવાને જે શક્તિમાન હોય છે તે જ પુરુષ યુક્ત અને સુખી છે.

**વિવેચન :** યોગીનો પુરુષાર્થ મોક્ષ જ છે. મોક્ષના વિરોધી સર્વ દુઃખને તે સહન કરે ત્યારે જ તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. કામ અને ક્રોધ ના વેગને શરીર તજતાં પહેલાં સહન કરે, તે સહન કરવા પડે તો પણ મોક્ષ સાધન કર્યા વિના ન રહે, તે જ ખરો યોગી અને સુખી છે.

**યોન્તઃ સુખોઽન્તરારામઃ તથાન્તર્જ્યોતિરેવ યઃ।**
**સ યોગી બ્રહ્મનિર્વાણં બ્રહ્મભૂતોઽધિગચ્છતિ।।૨૪।।**

**શ્લોકાર્થ :** જે અન્તઃ સુખવાળો, અન્તઃ આરામવાળો અને અન્તઃ જ્યોતિઃવાળો હોય તે બ્રહ્મભૈંત યોગી બ્રહ્મ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** અન્તરાત્મામાં જ સુખી, અન્તરાત્મામાં રમણ કરનાર, અને અન્તરાત્મામાં પ્રકાશવાળો યોગી હોય, તેને બ્રહ્મનિર્વાણ એટલે મોક્ષ અથવા બ્રહ્માનન્દની પ્રાપ્તિ થાય છે. માત્ર કામ ક્રોધના વેગને સહન કરવાથી જ બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત થતું નથી, પરન્તુ તે ઉપરાન્ત અહીં કહેલા ગુણોની પણ આવશ્યક્તા છે.

**લભન્તે બ્રહ્મનિર્વાણમ્ ઋષયઃ ક્ષીણકલ્મષાઃ ।**
**છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૈંતહિતે રતાઃ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** જેઓના પાપ ક્ષીણ થયેલા છે, જેઓનો દ્વૈતભાવ (સંશય) દૈંર થએલો છે, જેઓનું અન્તઃકરણ નિયત છે અને જેઓ પ્રાણીમાત્રના હિતમાં રમણ કરે છે તેવા ઋષિઓ બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** અહીં સત્પુરુષોનું આચરણ પ્રમાણ કહેલું છે, મન્ત્રદષ્ટા ઋષિઓ જેઓના પાપ ક્ષીણ થએલાં છે, જેઓના સંશયો કપાઈ ગયા છે, અને જેઓ પ્રાણીમાત્રના હિતમાં રમણ કર્યા કરે છે તેઓને બ્રહ્મનિર્વાણ અથવા બ્રહ્માનન્દ મળે છે.

**કામક્રોધવિયુકતાનાં યતીનાં યતચેતસામ્ ।**
**અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્ ।।૨૬।।**

**શ્લોકાર્થ :** કામક્રોધરહિત, ચિત્તને નિયમમાં રાખનાર, આત્માને જાણનાર યતિઓને અભિતઃ બ્રહ્મનિર્વાણ છે.

**વિવેચન :** કામક્રોધરહિત વિગેરે ગુણવાળા યતિઓને અભિતઃ અર્થાત્ જીવતાં તેમજ મરણ પછી બ્રહ્માનન્દ છે જ. તેઓને જીવતાં પણ બ્રહ્મનિર્વાણ છે તેથી બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત કરવામાટે દેહાન્તરની કાંઈ પણ આવશ્યકતા નથી.

**સ્પર્શાન્ કૃત્વા બહિર્બાહ્યાન્ ચક્ષુશ્ચૈવાન્તરે ભ્રુવોઃ ।**
**પ્રાણાપાનૌ સમૌ કૃત્વા નાસાભ્યન્તરચારિણૌ ।।૨૭।।**
**યતેન્દ્રિય-મનો-બુદ્ધિઃ મુનિર્ મોક્ષ-પરાયણઃ ।**
**વિગતેચ્છા-ભય-ક્રોધો યઃ સદા મુક્ત એવ સઃ ।।૨૮।।**

**શ્લોકાર્થ :** બાહ્ય સ્પર્શોને બહાર રાખીને, ચક્ષુને બે ભ્રુકુટિની મધ્યમાં રાખીને, પ્રાણ અને અપાન ને નાસિકામાં ફરતાં સમાન રાખી જે મોક્ષપરાયણ મુનિએ ઇન્દ્રિયો મન અને બુદ્ધિ ને નિયમમાં રાખેલા છે અને જેની ઇચ્છા, ભય અને ક્રોધ દૈંર થયેલા છે તે સદા મુક્ત જ છે.

**વિવેચન :** હવે બે શ્લોકથી યોગનું વર્ણન કરે છે. આ યોગ ઈશ્વરનું આલમ્બન કરનાર છે. ઈશ્વરનું આલમ્બન કરનાર યોગનું સ્વરૂપ બે શ્લોકથી કહે છે. બાહ્ય સ્પર્શો એટલે રૂપ, રસ વિગેરે બહારના પદાર્થો. આ પદાર્થોનું માત્ર ચિન્તન કરવામાં આવે તો તરત જ અન્તઃપ્રવેશ કરે છે. તેથી તેઓના ચિન્તનનો ત્યાગ કરી તેઓને અન્તઃપ્રવેશ કરવા નહિ દેતાં બહાર જ રાખી, જ્ઞાનપ્રધાન નેત્રને બે ભ્રુકુટિ મધ્યે રાખી અર્થાત્ ચક્ષુઃ અર્ધ બંધ રાખી, એકાગ્ર મન કરી, ઉર્ધ્વ અને અધઃગતિવાળા પ્રાણ અને અપાન ઉભયને સમાન રાખી એટલે પ્રાણ અને અપાન ઉભયનો પ્રાણાયામની કુમ્ભક વિધિથી સંયમ કરી તેઓને નાસિકામાં રાખી, પોતાના કાર્યની

સિદ્ધિપરાયણ નહિ પરન્તુ મોક્ષપરાયણ એટલે મોક્ષ માટે ઈશ્વરનું અવલમ્બન કરનાર જે મુનિ પોતાની ઈન્દ્રિયો, પ્રાણ મન અને બુદ્ધિ નો સંયમ કરે છે અને જેની ઈચ્છાં, ભય ક્રોધ વિગેરે, દૈંર થએલા છે તે સદા મુક્ત જ છે; અર્થાત્ પ્રપઞ્ચમાં પણ તે જીવન્મુક્ત જ છે.

**ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્ ।**
**સુહ્રદં સર્વભૈંતાનાં જ્ઞાત્વા માં શાન્તિમ્ ઋચ્છતિ ।।૨૯।।**

**શ્લોકાર્થ :** મને યજ્ઞ અને તપ નો ભોક્તા, સર્વ લોકનો મહેશ્વર, અને પ્રાણીમાત્રનો સુહ્રત જાણીને તે શાન્તિ પામે છે.

**વિવેચન :** ઈન્દ્રિય આદિના સંયમ માત્રથી મુક્તિ કેમ પ્રાપ્ત થાય એવી શંકા થાય તે દૈંર કરે છે. માત્ર સંયમથી મુક્તિ પ્રાપ્ત થતી નથી, પરન્તુ મારા એટલે ભગવાન્નાં માહાત્મ્યજ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે. હું યજ્ઞ અને તપનો ભોક્તા છું અર્થાત્ વેદના કર્મકાણ્ડનું તાત્પર્ય હું જ છું. હું સર્વ લોકોનો મહેશ્વર છું, અર્થાત્ વેદના ઉપાસનાકાણ્ડનું તાત્પર્ય પણ હું જ છું. હું પ્રાણીમાત્રનો મિત્ર અને આત્મા છું અર્થાત્ વેદના જ્ઞાનકાણ્ડનું તાત્પર્ય પણ હું જ છું. આ પ્રમાણે મારા માહાત્મ્યનું જ્ઞાન એવા યોગીને થાય છે, તેથી તે શાન્તિ પ્રાપ્ત કરે છે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'કર્મસંન્યાસયોગો' નામ**
**પઞ્ચમોऽધ્યાય ।।૫।।**

# ।। અધ્યાય ૬ ।।
# આત્મસંયમયોગ

**શ્રીભગવાન્ ઉવાચ**

**અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ ।**
**સ સંન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્ ન ચાક્રિયઃ ।।૧।।**

**શ્લોકાર્થ :** કર્મફલનો આશ્રય કાર્ય વિના જે કાર્ય કર્મ કરે છે તે સંન્યાસી છે અને યોગી છે. નિરગ્નિ અથવા અક્રિય ( સંન્યાસી અથવા યોગી ) નથી.

**વિવેચન :** આત્મસંયમ કરી તે વડે ઉપર વર્ણન કર્યું તેમ સંન્યાસ અને યોગ ઉભયના એકાર્થની સિદ્ધિ થાય છે. તેથી જે કર્મફલનો ત્યાગ કરી, માત્ર કર્તવ્ય હોવાથી જ અગ્નિહોત્ર વિગેરે કર્મ કરે છે, તેણે કર્મફલનો આશ્રય રાખેલ નહિ હોવાથી અથવા કર્મફલ સ્વર્ગ વિગેરેનો ત્યાગ કરેલો હોવાથી તે સંન્યાસી છે, અને કર્તવ્ય કર્મ કરતો હોવાથી તે યોગી પણ છે. આ રીતે સંન્યાસ અને યોગ ઉભયના એકાર્થની સિદ્ધિ તેનામાં થાય છે. પરન્તુ જે નિરગ્નિ છે અર્થાત્ અગ્નિથી કરવાના અગ્નિહોત્રાદિ કર્મ કરતો નથી, તે સંન્યાસી નથી. યોગી તો હોઈ શકે જ નહિ. તેમજ જે અક્રિય છે અર્થાત્ જે અગ્નિ વિના કરવાનાં કર્મ જેવાં કે વાવ-કૈંવા વિગેરે ખોદાવવા, દાન કરવું વિગેરે કરતો નથી તે પણ સંન્યાસી નથી, યોગી તો હોઈ શકે જ નહિ. તેથી ફલની ઈચ્છા વિના માત્ર કર્તવ્ય હોવાથીજ જે કર્મ કરે છે તે જ સંન્યાસી છે, તે જ યોગી પણ છે.

**યં સંન્યાસમ્ ઈતિ પ્રાહુઃ યોગં તં વિદ્ધિ પાંડવ!।**
**ન હ્યસંન્યસ્ત-સંકલ્પો યોગી ભવતિ કશ્ચન।।૨।।**

**શ્લોકાર્થ :** હે પાંડવ! જેને સંન્યાસ એમ કહે છે તેને યોગ જાણ, કારણ કે સંકલ્પનો સંન્યાસ કર્યા વિના કોઈ પણ યોગી થતો નથી.

**વિવેચન :** ઋષિઓ જેને 'સંન્યાસ' એમ કહે છે તે જ યોગ છે, કારણ કે તેમાં પણ ફલના સંકલ્પનો ત્યાગ કરવાનો ઉપદેશ છે. તેવા સંકલ્પનો ત્યાગ કર્યા વિના કોઈ પણ યોગી થઈ શકતું નથી. તેથી સંન્યાસ અને યોગ ઉભયમાં કર્મફલના સંકલ્પનો ત્યાગ કરવાનો હોવાથી ઉભય એક જ છે.

**વિશેષ :** સામાન્ય જગત્ એવું માને છે કે સંન્યાસી અગ્નિ વગરનો અને કર્મ વિનાનો હોવો જોઈએ. તાત્પર્ય એ કે તે અગ્નિ સાથે સમ્બન્ધ રાખી શકે નહિ અને કર્મ સાથે સમ્બન્ધ રાખી શકે નહિ એટલે કે વૈદિક અગ્નિ અને વૈદિક કર્મ એ રાખી શકે નહિ. જો કે આ પ્રકારની રીત શિષ્ટ પુરુષોએ બતાવી છે ખરી પણ આ શ્લોક એ તરફ બહુ દરકાર ન કરતાં કોઈ જુદી રીતે સંન્યાસીનું લક્ષણ આપે છે. કેવળ ત્યાગને સંન્યાસ માનવા કરતાં કર્મના ફળ તરફ અનાસક્તિ રાખી કર્મ કર્યા જવાં એને પણ સંન્યાસ તરીકે ઓળખાવે છે. સંન્યાસી = ઉત્પન્ન થતી વૃત્તિઓનો ત્યાગ કરનાર અથવા તેના તરફ અંકુશ મૈંકી નિર્લેપ રહી આગળ વધનાર; નહિ કે વિહિત કર્મનો ત્યાગ કરનાર. કર્મ કરતો છતાં પણ તેના ફળ તરફ આશા નહિ રાખનાર. આ પ્રકારનો કર્મ સંન્યાસ યોગમાર્ગમાં અતિ સાધનરૂપે કામ કરે છે અને બ્રહ્મ સાથે સમ્બન્ધ કરવામાં

પણ સહાયક બને છે. યોગનો અર્થ ભગવાન્‌ની સાથે જોડાણ. જોડાણ કર્મદ્વારા અગર જ્ઞાનદ્વારા ભક્તિદ્વારા થઈ શકે છે. દરેકમાં ત્યાગની જરૂર છે ત્યાગ મનથી હોવો જોઈએ.

**આરુરુક્ષોર્મુનેર્યોગં કર્મ કારણમ્ ઉચ્યતે ।**
**યોગારૂઢસ્ય તસ્યૈવ શમઃ કારણમ્ ઉચ્યતે ।।૩।।**

**શ્લોકાર્થ :** યોગ આરોહ કરવાની ઈચ્છાવાળા મુનિને કર્મ સાધન છે. તે જ યોગારૂઢ થાય ત્યારે શમ સાધન છે.

**વિવેચન :** યોગ અથવા આત્મસંયમ કરવાની ઈચ્છાવાળા મુનિને તે પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન ઉપર કહ્યું તેવું કર્મ છે. એટલે ફલની ઈચ્છા વિના સ્વધર્મનું આચરણ સાધન છે. તે જ મુનિ યોગારૂઢ થાય અર્થાત્ તેને આત્મસંયમ સિદ્ધ થાય, ત્યારે તેને 'શમ' એટલે સર્વ સંકલ્**પ**નો ત્યાગ સાધન છે. સર્વ સંકલ્**પ**નો ત્યાગ કરવાથી આત્મસંયમ દૃઢ થાય. તેથી શમ એટલે સર્વ સંકલ્**પ**નો ત્યાગ એ યોગારૂઢ મુનિને સ્થૈંણાખનન પેઠે આત્મસંયમ વિશેષ દૃઢ કરવાનું સાધન છે.

**યદા હિ નેન્દ્રિયાર્થેષુ ન કર્મસ્વનુષજ્જતે ।**
**સર્વસંકલ્પસંન્યાસો યોગારૂઢસ્ તદોચ્યતે ।।૪।।**

**શ્લોકાર્થ :** જ્યારે ઈન્દ્રિયોના અર્થોમાં અથવા કર્મમાં આસક્ત થતો નથી અને સર્વ સંકલ્**પ**નો ત્યાગ કરે છે ત્યારે યોગારૂઢ કહેવાય છે.

**વિવેચન :** જ્યારે ઈન્દ્રિયોના અર્થમાંથી આસક્તિ ટળી જાય અને પોતાની ક્રિયાથી થતાં કર્મમાં પણ આસક્તિ રહે નહિ અને સંકલ્**પ**નો ત્યાગ થાય, ત્યારે યોગારૂઢ કહેવાય છે.

**વિશેષ :** યોગરૂઢ એટલે યોગમાં આરૂઢ. એનું ચિત્ત બ્રહ્મમાં જ રહેતું હોવાથી લોકધર્મ એની પાસે નથી. એથી ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષય સાથે સમ્બન્ધ થવાનો સમ્ભવ નથી. માત્ર દેહના નિર્વાહ પૈંરતું સામાન્ય ધ્યાન અપાય તેમાં દોષ ગણાતો નથી. દેહને ટકાવવા પૈંરતું જ ધ્યાન અપાય છે, નહિ કે દેહના આરામ અથવા સુખ પૈંરતું ધ્યાન.

**ઉદ્ધરેદ્ આત્મનાત્માનં નાત્માનમ્ અવસાદયેત્ ।**
**આત્મૈવ હ્યાત્મનો બન્ધુઃ આત્મૈવ રિપુરાત્મનઃ ।।૫।।**

**શ્લોકાર્થ :** આત્માથી આત્માનો ઉદ્ધાર કરવો, પણ આત્માનો નાશ ન કરવો, કારણ કે આત્મા જ આત્માનો બન્ધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે.

**વિવેચન :** વિષયોમાં આસક્તિ ન રાખવારૂપ કર્મ કરી પોતે જ આત્માનો ઉદ્ધાર કરવો, પરન્તુ વિષયોમાં આસક્તિ રાખી આત્માનો વિનાશ ન કરવો, કારણ કે આત્મા એટલે કર્તા પોતે જ આત્માનો બન્ધુ છે, અર્થાત્ ફલની ઈચ્છા રાખ્યા વિના કર્તવ્ય હોવાથી જ કર્મ કરી પોતાનો ઉદ્ધાર કરે છે; અને આત્મા એટલે કર્તા પોતે જ આત્માનો શત્રુ છે અર્થાત્ વિષયોમાં આસક્તિ રાખી પોતાનો વિનાશ કરે છે.

**વિશેષ :** આત્મા આત્માનો ઉદ્ધાર કરે છે અને આત્મા આત્માનો નાશ કરે છે. તાત્પર્ય કે 'આત્મા'નો એક અર્થ જીવ થાય છે અને બીજા અર્થમાં જીવને મદદમાં આપેલી સામગ્રી– મન, બુદ્ધિ, ચિત્ત, અહપાર, દેહ, પ્રાણ અને ઈન્દ્રિય–ને પણ આત્મારૂપ કહેવામાં આવે છે. હવે જીવે પોતાનો ઉદ્ધાર કરવો છે તેથી આ સામગ્રીની યથાયોગ્ય મદદ લે તો ઉદ્ધાર થાય અને જો

એ સામગ્રી તરફ બેદરકાર રહે તો જીવનો અધઃપાત થાય. દષ્ટાન્તમાં ઘોડેસવાર જો ઘોડા પર કાબુ ન રાખે તો ઘોડો સ્વછન્દતા ધારણ કરી ઘોડેસવારને પાડી નાખે અને જો કાબુમાં રાખે તો નિયત સ્થળે લઈ જાય. એ રીતે પોતાનો મિત્ર પણ બની શકે અને શત્રુ પણ બની શકે. ઈન્દ્રિયો અશ્વરૂપે છે. મન તેની લગામ છે. બુદ્ધિ સારથીનું કામ કરે છે. રથરૂપે દેહ છે. રથી તરીકે જીવ છે. જો આ બધાં પોતપોતાનાં કામો નિયમિત આપે તો રથીને સુખકર પણ થાય અને નિયત સ્થળે લઈ જાય.

**બન્ધુરાત્માત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ ।**
**અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્ ।।૬।।**

**શ્લોકાર્થ :** જેણે આત્માથી આત્માને જ જીત્યો છે તેનો આત્મા આત્માને બન્ધુ છે, પરન્તુ અનાત્મા શત્રુ હોવાથી આત્મા જ શત્રુની પેઠે વર્તે છે.

**વિવેચન :** જેણે આત્માથી એટલે વિવેકબુદ્ધિથી પોતાના આત્માને એટલે કર્તાપણાના અભિમાનીને જ જીત્યો છે તેનો આત્મા આત્માનો એટલે પોતાનો બન્ધુ છે, અર્થાત્ જેને ''હું કર્તા છું'' એવું અભિમાન નથી તેનો આત્મા પોતાનો બન્ધુ છે. પરન્તુ 'અનાત્મા' એટલે વિવેકરહિત બુદ્ધિ, હું કર્તા છું એવું અભિમાન રખાવનારી બુદ્ધિ સદા શત્રુ હોવાથી, જેને એવી બુદ્ધિ હોય તેનો આત્મા પોતાના શત્રુ પેઠે જ વર્તે છે.

**જિતાત્મનઃ પ્રશાન્તસ્ય પરમાત્મા સમાહિતઃ ।**
**શીતોષ્ણ-સુખ-દુઃખેષુ તથા માનાપમાનયોઃ ।।૭।।**

**શ્લોકાર્થ :** જેણે આત્માને જીતેલો છે અને જે શીત અથવા ઉષ્ણ, સુખ અથવા દુઃખ અને માન અથવા અપમાન માં ઘણો શાન્ત છે તેને પરમાત્મા સમાહિત છે.

**વિવેચન :** ઉપર કહ્યું તેવી રીતે જેણે આત્માને જીતેલો છે અને જે શીતાદિ સર્વ અવસ્થામાં ઘણો શાન્ત રહે છે, તેનો પરમાત્મા સમાહિત છે અર્થાત્ અન્તર્યામીની પેઠે સમાધિમાં રહેલા છે.

**જ્ઞાન-વિજ્ઞાન-તૃપ્તાત્મા કૈંટસ્થો વિજિતેન્દ્રિયઃ ।**
**'યુક્ત' ઈત્યુચ્યતે યોગી સમલોષ્ઠાશ્મકાઞ્ચનઃ ।।૮।।**

**શ્લોકાર્થ :** જેનું અન્તઃકરણ જ્ઞાન અને વિજ્ઞાન થી તૃપ્ત છે, જે નિર્વિકાર છે, જેણે ઈન્દ્રિયોને જીતેલી છે અને જેને લોષ્ઠ, પથ્થર અને સુવર્ણ સમાન છે, તેવો યોગી 'યુક્ત' કહેવાય છે.

**વિવેચન :** અહીંથી બે શ્લોકથી યોગારૂઢ મુનિનું સ્વરૂપ તથા ઉત્તમપણું દર્શાવે છે. જેનું અન્તઃકરણ ઉપદેશથી પ્રાપ્ત થયેલાં જ્ઞાનથી તથા સાક્ષાત્ થએલા અનુભવથી તૃપ્ત થએલું છે, જે વિકારરહિત છે, જેણે ઈન્દ્રિયોને જીતેલી છે અને માટીના ઢેફામાં, પથ્થરમાં તથા સુવર્ણમાં જેની સમાન બુદ્ધિ છે તેવો યોગી યુક્ત અથવા યોગારૂઢ છે.

**સુહૃન્-મિત્રાર્યુદાસીન-મધ્યસ્થ-દ્વેષ્ય-બન્ધુષુ ।**
**સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્ વિશિષ્યતે ।।૯।।**

**શ્લોકાર્થ :** સુહૃત્, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય, બન્ધુ, સાધુઓ અને પાપીઓમાં પણ જેની બુદ્ધિ સમાન છે તે ઉત્તમ છે.

**વિવેચન :** 'સુહૃત્' એટલે સર્વ હિત ઉપદેશ કરનાર. 'મિત્ર' એટલે સ્નેહથી પરવશ રહેનાર.

'ઉદાસીન' એટલે શત્રુ પણ નહિ અને મિત્ર પણ નહિ તેવો. 'મધ્યસ્થ' એટલે વાદ કરનાર ઉભય પક્ષના સદ્ અથવા અસદ્ વાક્યનો નિર્ણય કરનાર. 'દ્વેષ્ય' એટલે સદ્ભાવ રહિત. 'બન્ધુ' એટલે સમ્બન્ધી. 'સાધુ' એટલે સદાચારવાળા અને 'પાપી' એટલે ધર્મના વિરોધી. સુહૃદ્ વિગેરે સર્વમાં જેની બુદ્ધિ સમાન છે તે ઉત્તમ યોગી છે.

**યોગી યુઞ્જીત સતતમ્ આત્માનં રહસિ સ્થિતઃ।**
**એકાકી યતચિત્તાત્મા નિરાશીરપરિગ્રહઃ ।।૧૦।।**

**શ્લોકોર્થ :** યોગીએ એકાન્તમાં રહી, ચિત્ત અને બુદ્ધિ ને નિયમમાં રાખી, ઈચ્છારહિત અને પરિગ્રહરહિત રહી નિરન્તર આત્માને ( પરમાત્મામાં ) યોજવો.

**વિવેચન :** યોગારૂઢ મુનિનું સ્વરૂપ કહી, અહીંથી છ શ્લોકથી ( ૧૦ થી ૧૫ ) અંગસહિત યોગની સિદ્ધિ કેવી રીતે થાય છે તે કહે છે. યોગીએ એકાન્તમાં યોગ અહીં જણાવ્યું તેમ સાધવો.

**શુચૌ દેશે પ્રતિષ્ઠાપ્ય સ્થિરમ્ આસનમાત્મનઃ।**
**નાત્યુચ્છ્રિતં નાતિનીચં ચૈલાજિનકુશોત્તરમ્ ।।૧૧।।**

**શ્લોકાર્થ :** બહુ ઊંચુ નહિ તેમ બહુ નીચું નહિ એવું, પોતાનું સ્થિર આસન જેમાં કુશ ઉપર મૃગચર્મ અને વસ્ત્ર હોય તેવું, પવિત્ર દેશમાં સ્થાપન કરી ત્યાં આસન ઉપર બેસી યોગ કરવો.

**તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યત-ચિત્તેન્દ્રિય-ક્રિયઃ।**
**ઉપવિશ્યાસને યુઞ્જ્યાદ્ યોદ્યોગમ્ આત્મવિશુદ્ધયે ।।૧૨।।**
**સમં કાય-શિરો-ગ્રીવં ધારયન્ અચલં સ્થિરઃ।**
**સમ્પ્રેક્ષ્ય નાસિકાગ્રં સ્વં દિશશ્ચાનવલોકયન્ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** મનને એકાગ્ર કરી કાયા, શિર અને ગ્રીવા ને સરખી રીતે અચલ રાખીને પોતાના નાકના ટેરવાને જોઈ, અને દિશાઓ જોયા વિના સ્થિર રહી, ચિત્ત અને ઇન્દ્રિયો ની ક્રિયાઓનો નિગ્રહ કરી આત્માની શુદ્ધિ માટે યોગ કરવો.

યોગ કેવી રીતે કરવો તેનો અહીં ( ૧૧-૧૩ શ્લોકોમાં ) ઉપદેશ કરેલો છે.

**પ્રશાન્તાત્મા વિગતભીર્બ્રહ્મચારિવ્રતે સ્થિતઃ।**
**મનઃ સંયમ્ય મચ્ચિત્તો યુક્ત આસીત મત્પરઃ ।।૧૪।।**

**શ્લોકાર્થ :** યોગીએ શાન્ત આત્માવાળા, ભયરહિત બ્રહ્મચારિવ્રતમાં રહેનાર થઈ, મનનો સંયમ કરી, મારામાં ચિત્ત રાખી, સાવધાન થઈ મને પરાયણ થઈ રહેવું.

**વિવેચન :** મનનો સંયમ કરી, ભગવાન્માં ચિત્ત રાખી, સાવધાન થઈ, ભગવત્પરાયણ રહેવું એ સમ્પ્રજ્ઞાત સમાધિનો પ્રકાર કહેલો છે.

**યુઞ્જન્ એવં સદાત્માનં યોગો નિયતમાનસઃ।**
**શાન્તિં નિર્વાણપરમાં મત્સંસ્થામ્ અધિગચ્છતિ ।।૧૫।।**

**શ્લોકાર્થ :** આત્માને સદા એ પ્રમાણે યોજતાં મનને નિયમમાં રાખનાર યોગી નિર્વાણથી ઉત્તમ મારા વિષે સ્થિતિરૂપી શાન્તિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** એવી રીતે સદા આત્માને મારા વિષે યોજતાં નિર્વાણ એટલે મોક્ષ અથવા અક્ષરબ્રહ્મ

સાથે તાદાત્મ્ય નહિ, પરન્તુ તેથી પણ અધિક મારામાં લય અથવા સ્થિતિ રૂપી શાન્તિ પ્રાપ્ત કરે છે.

**નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાન્તમ્ અનશ્નતઃ।**
**ન ચાતિ સ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન!॥૧૬॥**

**શ્લોકાર્થ :** હે અર્જુન! બહુ ખાનારને યોગ પ્રાપ્ત થતો નથી, તેમ તદ્દ નહિ ખાનારને પણ પ્રાપ્ત થતો નથી. બહુ નિદ્રા કરનારને તેમજ જાગરણ કરનારને પણ પ્રાપ્ત થતો નથી.

**વિવેચન :** યોગ કરવાની ઈચ્છાવાળાએ કેવા આહાર વિગેરે કરવા તે કહે છે. પ્રથમ બહુ આહાર અથવા બહુ ઉપવાસ તેમજ બહુ નિદ્રા અથવા જાગરણ કરવાં નહિ એમ કહે છે.

કેવા આહાર વિગેરે કરવા તે નીચેના શ્લોકથી કહે છે :

**યુકતાહાર-વિહારસ્ય યુકતચેષ્ટસ્ય કર્મસુ ।**
**યુક્ત-સ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા॥૧૭॥**

**શ્લોકાર્થ :** યોગ્ય આહાર અને યોગ્ય વિહારવાળાને, કર્મમાં યોગ્ય ચેષ્ટાવાળાને, યોગ્ય નિદ્રા અને યોગ્ય જાગરણ વાળાને દુઃખ હરનાર યોગ પ્રાપ્ત થાય છે.

**યદા વિનિયતં ચિત્તમ્ આત્મન્યેવાવતિષ્ઠતે ।**
**નિઃસ્પૃહઃ સર્વકામેભ્યો 'યુક્ત' ઈત્યુચ્યતે તદા॥૧૮॥**

**શ્લોકાર્થ :** જ્યારે નિયમમાં રહેલું ચિત્ત આત્મામાં જ રહે છે અને સર્વ કામનાઓથી નિઃસ્પૃહ થાય છે ત્યારે 'યુક્ત' કહેવાય છે.

**વિવેચન :** પુરુષ સિદ્ધયોગવાળો ક્યારે થાય તે અહીં કહે છે. જ્યારે નિયત ચિત્ત આત્મામાં જ રહે છે, અને યોગનું ઐશ્વર્ય વિગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થતી હોય તેને માટે પણ સ્પૃહા રહે નહિ, ત્યારે સિદ્ધયોગવાળો એટલે દઢયોગી અથવા અસમ્પ્રજ્ઞાત સમાધિવાળો યોગી કહેવાય છે.

વિશેષ : આ શ્લોક યોગમાં સ્થિરભાવ ક્યારે થાય છે તેનું લક્ષણ આપે છે. ૧. ચિત્ત નિયમિત રહે છે. ૨. નિઃસ્પૃહતા - તાત્પર્ય કે કોઈ પણ પ્રકારની લોભમય પ્રવૃત્તિ ન થવી. આ બે પ્રકાર પર જો બરાબર ધ્યાન આપવામાં આવશે તો ચિત્ત સ્થિર થતાં અન્તઃકરણના દોષો નાશ પામશે અને ત્યાં બ્રહ્મનો બોધ થતાં બ્રહ્મમયતાનો અનુભવ કરાશે. કોઈક સ્થિર સ્વરૂપનો ચિત્તમાં આવિર્ભાવ થાય ત્યારે તે સ્વરૂપને બરાબર ધારણાપૈર્વક ધ્યાનમાં ઉતારી લેવું. કેટલાએ વખત સુધી આ પ્રકારના સ્વરૂપનું ધ્યાન થયા કરશે અને પછી તે તેજના રૂપમાં ફેરવાઈ જશે. આ જગ્યા ઉપર ''બ્રહ્મજ્યોતિઃ સનાતનમ્'' નો અનુભવ થશે.

**યથા દીપો નિવાતસ્થો નેંગતે સોપમા સ્મૃતા।**
**યોગિનો યતચિત્તસ્ય યુઞ્જતો યોગમ્ આત્મનઃ॥૧૯॥**

**શ્લોકાર્થ :** જેમ પવનરહિત પ્રદેશમાં રહેલો દીપક હાલતો નથી એ ઉપમા નિયતચિત્તવાળા યોગ આચરતા યોગીના મનને માટે કહેલી છે.

**વિવેચન :** જેનું ચિત્ત આત્મા સાથે એક થઈ રહેલ છે તેવા યોગીનાં ચિત્તને પવનરહિત પ્રદેશમાં રહેલા દીપક સાથે સરખાવે છે. એવો દીપ જેમ હાલતો નથી તેમ યોગીનું ચિત્ત પણ ચઞ્ચલ નહિ થતાં સ્થિર રહે છે.

**યત્રોપરમતે ચિત્તં નિરુદ્ધં યોગસેવયા।**

**યત્ર ચૈવાત્મનાત્માનં પશ્યન્ આત્મનિ તુષ્યતિ ।।૨૦।।**

**શ્લોકાર્થ :** યોગસેવાથી નિરુદ્ધ ચિત્ત જેમાં ઉપરમે છે, તથા જેમાં આત્માથી આત્માને જોઈને આત્મામાં સન્તોષ પામે છે.

**વિવેચન :** યોગનું જ સ્વરૂપ અને ફલ સાડાત્રણ શ્લોકથી કહે છે. જે અવસ્થામાં યોગતન્ત્ર પ્રમાણે સેવા કરવાથી નિરુદ્ધ થએલું ચિત્ત ઉપરમે છે અથવા સર્વ તરફથી શાન્ત થઈ રહે છે, તે અવસ્થાને 'યોગ' કહે છે. આ યોગનું સ્વરૂપલક્ષણ છે. પાતઞ્જલ સૈંત્રમાં પણ ચિત્તની વૃત્તિઓનો નિરોધ એ જ 'યોગ' એમ કહેલું છે. આ અવસથામાં ચિત્તનો નિરોધ હોવાથી આત્માને આત્માથી એટલે મનથી જોઈ આત્મામાં જ સન્તોષ પામે છે.

**સુખમ્ આત્યન્તિકં યત્તદ્ બુદ્ધિગ્રાહ્યમ્ અતીન્દ્રિયમ્ ।**
**વેત્તિ યત્ર ન ચૈવાયં સ્થિતશ્ચલતિ તત્ત્વતઃ ।।૨૧।।**
**યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।**
**યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે ।।૨૨।।**
**તં વિદ્યાદ્ દુઃખસંયોગ--વિયોગં યોગસઞ્જ્ઞિતમ્ ।**

**શ્લોકાર્થ :** જેમાં આત્યન્તિક સુખ કે જે બુદ્ધિગ્રાહ્ય અને અતીન્દ્રિય છે તેનો અનુભવ કરે છે, અને જેમાં રહેલો યોગી તત્ત્વથી ચલતો નથી. જેને પ્રાપ્ત કરીને બીજા લાભને તેનાથી અધિક માનતો નથી, જેમાં રહીને મોટા દુઃખથી પણ ડગતો નથી તે દુઃખના સંયોગના વિયોગને યોગસંજ્ઞાવાળો જાણવો.

**વિવેચન :** આત્યન્તિક અથવા નિત્યનું સુખ જેનો બુદ્ધિથી જ અનુભવ થાય છે અને જે ઈન્દ્રિયોથી અતીત છે તે સુખનો જે અવસ્થામાં અનુભવ થાય છે, અને જે અવસ્થામાં રહેલો યોગી સુખરૂપ આત્મસ્વરૂપથી ચલતો નથી તે યોગ છે. અહીં યોગનું ફલથી નિરૂપણ કરેલું છે. આ ફલનું જ વિશેષ વર્ણન કરે છે કે જે પ્રાપ્ત કરીને બીજા કોઈ પણ લાભને તેનાથી અધિક યોગી માનતો નથી અને જેમાં રહેલો યોગી મોટા દુઃખથી પણ ડગતો નથી. તે દુઃખસંયોગના વિયોગને એટલે દુઃખનો નાશ કરનારને યોગ જાણવો.

અહીંથી યોગ આવો ઉત્તમ હોવાથી આચરવો એમ ઉપદેશ કરે છે.

**સ નિશ્ચયેન યોક્તવ્યો યોગોઽનિર્વિણ્ણચેતસા ।।૨૩।।**

**શ્લોકોર્થ :** ખિન્ન નહિ થયેલા ચિત્તથી તે યોગ નિશ્ચય આચરવો.

**સંકલ્પપ્રભવાન્ કામાન્ ત્યક્ત્વા સર્વાન્ અશેષતઃ ।**
**મનસૈવેન્દ્રિયગ્રામં વિનિયમ્ય સમન્તતઃ ।।૨૪।।**
**શનૈઃ શનૈઃ ઉપરમેદ્ બુદ્ધ્યા ધૃતિગૃહીતયા ।**
**આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિઞ્ચિદપિ ચિન્તયેત્ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** સંકલ્પથી ઉત્પન્ન થતી સર્વ કામનાઓને તદ્દન તજી, સર્વ તરફથી ઈન્દ્રિયોના સમૈંહને મનથી જ નિયમમાં રાખી, ધૃતિવાળી બુદ્ધિથી ધીરે-ધીરે ઉપરમવું. મનને આત્મામાં સ્થિર કરી કોઈનું પણ ચિન્તન ન કરવું.

**યતો યતો નિશ્ચરતિ મનશ્ચઞ્ચલમ્ અસ્થિરમ્ ।**
**તતસ્તતો નિયમ્યૈતદ્ આત્મન્યેવ વશં નયેત્ ।।૨૬।।**

**શ્લોકાર્થ :** ચઞ્ચલ અને અસ્થિર મન જ્યાં – જ્યાં બહાર જાય ત્યાં–ત્યાંથી નિયમન કરી તેને આત્માને જ વશ કરવું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૮૪।૩૩ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**વિશેષ :** યોગના અભ્યાસીએ બુદ્ધિની સ્થિરતા રાખવી જોઈએ. મનને વશ કરવું જોઈએ અને ચિત્તવ્યાપાર બ્રહ્મ તરફ રાખવો જોઈએ. બુદ્ધિની સ્થિરતા કેળવવા ધૈર્યની જરૂર છે. જ્યાં સુધી દુઃખ સહન કરાતું નથી ત્યાં સુધી ધૈર્ય પ્રાપ્ત થતું નથી. દુઃખ ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક હોય છે. આ પ્રકારનાં ત્રણે પ્રકારનાં દુઃખ પ્રભુનો દૃઢ આશ્રય રાખી સહન કરવાની ટેવ પાડવાથી બુદ્ધિ સ્થિર થાય છે. બુદ્ધિ સ્થિર થયા પછી મનને અને ઇન્દ્રિયોને વશ કરવાની ટેવ પાડવી. બુદ્ધિ અને મન ને નિયમનમાં રાખતાં ચિત્તનો વ્યાપાર પણ ધીમે – ધીમે ઓછો થતો જશે અને છેવટે બ્રહ્મમાં લય પામશે ।।૨૬।।

**પ્રશાન્તમનસં હ્યેનં યોગિનં સુખમુત્તમમ્ ।**
**ઉપૈતિ શાન્તરજસં બ્રહ્મભૈંતમ્ અકલ્મષમ્ ।।૨૭।।**

**શ્લોકાર્થ :** અતિ શાન્ત મનવાળા અને જેનો રજોગુણ શાન્ત થયો છે તેવા બ્રહ્મભૈંત પાપરહિત આ યોગીને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે.

**યુઞ્જન્ એવં સદાત્માનં યોગી વિગતકલ્મષઃ ।**
**સુખેન બ્રહ્મસંસ્પર્શમ્ અત્યન્તં સુખમશ્નુતે ।।૨૮।।**

**શ્લોકાર્થ :** આ પ્રમાણે સદા આત્માને મારામાં યોજનાર પાપરહિત યોગી બ્રહ્મસંસ્પર્શ અત્યન્ત સુખથી ભોગવે છે.

**વિવેચન :** આ પ્રમાણે કરવાથી કૃતાર્થ થાય છે એમ કહે છે. આવી રીતે આત્માને પરબ્રહ્મમાં સદા જોડનાર અથવા યોજનાર યોગીના સર્વ પાપ નાશ પામે છે અને તે સુખથી અથવા અનાયાસે બ્રહ્મ સંસ્પર્શ સુખ ભોગવે છે. બ્રહ્મ અથવા અક્ષર બ્રહ્મનો સંસ્પર્શ એટલે અત્યન્ત ભેદ દૈંર કરનાર સાક્ષાત્કાર જેમાં થાય તે બ્રહ્મસંસ્પર્શ સુખ. અક્ષરબ્રહ્મના સાક્ષાત્કારરૂપ સુખ લોકોત્તર છે. આવું લોકોત્તર અત્યન્ત સુખ યોગી ભોગવે છે. 'અશ્નુતે' માં 'અશ્' ધાતુ છે તે પરસ્મૈપદનો હોવા છતાં યોગીને પોતાને સુખરૂપ ફલ પ્રાપ્ત થતું હોવાથી તેનું આત્મનેપદનું રૂપ યોજેલું છે. આવો યોગી લોકોત્તર સુખ ભોગવતો હોવાથી જીવન્મુક્ત છે એમ સૈંચવેલું છે.

**સર્વભૈંતસ્થમ્ આત્માનં સર્વભૈંતાનિ ચાત્મનિ ।**
**ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શનઃ ।।૨૯।।**

**શ્લોકાર્થ :** સર્વત્ર સમદર્શનવાળો યોગયુક્ત પુરુષ સર્વ ભૈંતોમાં રહેલા પોતાને અને પોતામાં સર્વ ભૈંતોને જૈંએ છે.

**વિવેચન :** આવા યોગીને બ્રહ્મસુખનો આવિર્ભાવ થવાથી વામદેવ પેઠે સર્વાત્મભાવ સિદ્ધ થાય છે તે કહે છે. ગુહ્ય અસમ્પ્રજ્ઞાત સમાધિ બે પ્રકારની છે. ૧. અક્ષરબ્રહ્મના સમ્બન્ધવાળી. ૨. ભગવાન્ના સમ્બન્ધવાળી. તેમાં પહેલા પ્રકારનું ફલ આ શ્લોકમાં કહે છે. તે સર્વ ભૈંતોમાં પોતાને જૈંએ છે, અને પોતામાં સર્વ ભૈંતોને જૈંએ છે. અક્ષરબ્રહ્મ કારણ છે અને ભૈંતો કાર્ય છે. તેથી કારણ અને કાર્ય એક જ હોવાથી અથવા સર્વ ભૈંતમાત્રની અક્ષરબ્રહ્મમાં સ્થિતિ હોવાથી તે સર્વ ભૈંતોને પોતામાં જૈંએ છે; અર્થાત્ તેનામાં આનન્દ અંશનો આવિર્ભાવ થએલો છે તેથી તે

પોતે ભગવદાત્મક થવાથી તેનું વ્યાપકપણું પ્રકટ થાય છે. તેથી તે સર્વ ભૈંતોને પોતામાં જૈંએ છે. આ ગુહ્ય ફલ કહ્યું. હવે બીજા પ્રકારનું તેથી પણ વિશેષ ગુહ્ય ફલ કહે છે.

**યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।**
**તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ।।૩૦।।**

**શ્લોકાર્થ :** જે મને સર્વત્ર જુએ છે અને મારામાં સર્વ જુએ છે તેને હું અદશ્ય થતો નથી, અને તે મને અદશ્ય થતો નથી.

**વિવેચન :** મને વાસુદેવને જે સર્વત્ર જુએ છે, અને સર્વભૈંતો તથા પોતે પણ મારામાં રહેલા હોવાથી સર્વને મારામાં જૈંએ છે તેને હું અદશ્ય થતો નથી, અર્થાત્ હું તેના ઉપર નિરન્તર કૃપાદષ્ટિથી અનુગ્રહ કરું છું.

**સર્વભૈંતસ્થિતં યો માં ભજત્યેકત્વમ્ આસ્થિતઃ ।**
**સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે ।।૩૧।।**

**શ્લોકાર્થ :** એકપણામાં રહીને જે સર્વ ભૈંતોમાં રહેલા મને ભજે છે તે યોગી સર્વ પ્રકારે વર્તન કરવા છતાં મારામાં રહેલો છે.

**વિવેચન :** આવી રીતે એકપણામાં રહેલો પણ જે યોગી પ્રાણીમાત્રમાં રહેલા મને વાસુદેવને ભજે તે ગમે તે પ્રકારે વ્યવહાર કરવા છતાં મારામાં રહેલો છે અર્થાત્ તેનો મારા ઉપર આધાર છે, એટલે શુકદેવજી અને ઉદ્ધવ પેઠે તે મારો સેવક છે.

**આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોઽર્જુન ! ।**
**સુખં વા યદિ વા દુઃખં સ યોગી પરમો મતઃ ।।૩૨।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! જે પોતાના દષ્ટાન્તથી સુખ અથવા દુઃખ ને સર્વત્ર સમાન જૈંએ છે તે યોગી શ્રેષ્ઠ માનેલો છે.

**અર્જુન ઉવાચ**

**યોઽયં યોગસ્ત્વયા પ્રોક્તઃ સામ્યેન મધુસૈંદન ! ।**
**એતસ્યાહં ન પશ્યામિ ચઞ્ચલત્વાત્ સ્થિતિં સ્થિરામ્ ।।૩૩।।**

**શ્લોકાર્થ :** હે મધુસૈંદન ! સામ્યથી જે આ યોગ આપે કહ્યો તેની સ્થિતિ ( મનની ) ચઞ્ચલતાને લીધે સ્થિર હું જોઈ શક્તો નથી.

**વિવેચન :** ઉપર વર્ણવેલો યોગ અસમ્ભવિત જ છે, કારણ કે મન ઘણું ચઞ્ચલ હોવાથી સુખ – દુઃખ વિગેરેમાં સ્થિર અને એક સરખું રહી શકે જ નહિ, એમ માની અર્જુન બે શ્લોકથી પ્રશ્ન કરે છે. હે મધુસૈંદન ! મન બહુ ચઞ્ચલ હોવાથી મનને સમાન રાખી સામ્યથી સિદ્ધ થતાં જે આ યોગનું આપે વર્ણન કર્યું તે યોગની સ્થિતિ સ્થિર દેખાતી નથી, કારણ કે અગ્નિધ્ર અને સૌભરિ જેવાનાં મન પણ સ્થિર રહ્યાં નથી.

**ચઞ્ચલં હિ મનઃ કૃષ્ણ ! પ્રમાથિ બલવદ્ દઢમ્ ।**
**તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્ ।।૩૪।।**

**શ્લોકાર્થ :** કારણ કે, હે કૃષ્ણ ! મન ચઞ્ચલ, ઇન્દ્રિયોનો ક્ષોભ કરનારું, બલવાળું અને દઢ છે. વાયુની પેઠે તેનો નિગ્રહ હું દુષ્કર માનું છું.

**વિવેચન :** આવા યોગની સ્થિતિ સ્થિર હોઈ શકે નહિ, કારણ કે મન બહુ ચઞ્ચલ છે, ઈન્દ્રિયોનો ક્ષોભ કરી મૈંકે તેવું છે, બલવાળું છે એટલે જ્ઞાનના બોધ વિગેરેથી સાધ્ય નથી, અને દઢ છે તેથી પોતાનો જે વિષયમાં અનુરાગ હોય તેનો ત્યાગ કરે તેવું નથી. જેમ આકાશમાં સુસવાટ કરતા વાયુનો ઘડા વિગેરેમાં નિગ્રહ થવો અશક્ય છે તેમજ આવા મનનો નિગ્રહ પણ અશક્ય જ છે એમ હું માનું છું.

**શ્રીભગવાન્ ઉવાચ**

**અસંશયં મહાબાહો ! મનો દુર્નિગ્રહં ચલમ્ ।**
**અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ।।૩૫।।**

**શ્લોકાર્થ :** હે મહાબાહુવાળા ! નક્કી, મન દુર્નિગ્રહ અને ચઞ્ચલ છે, પણ હે કૌન્તેય ! અભ્યાસ અને વૈરાગ્ય થી તેનો નિગ્રહ થાય છે.

**વિવેચન :** અર્જુને કહ્યું તે બરાબર હોવાથી હવે ભગવાન્ મનનો નિગ્રહ કરવાનો ઉપાય કહે છે. મનનો નિગ્રહ થવો બહુ કઠિન છે કારણ કે તે ચઞ્ચલ છે તો પણ અભ્યાસથી અને વૈરાગ્યથી તેનો નિગ્રહ થવો બહુ કઠિન છે કારણ કે તે ચઞ્ચલ છે તો પણ અભ્યાસથી અને વૈરાગ્ય થી તેનો નિગ્રહ થઈ શકે છે.

**અસંયતાત્મના યોગો દુષ્પ્રાપ ઈતિ મે મતિઃ ।**
**વશ્યાત્મના તુ યતતા શક્યોઽવાપ્તુમ્ ઉપાયતઃ ।।૩૬।।**

**શ્લોકાર્થ :** જેને મન વશ નથી તેનાથી યોગ દુષ્પ્રાપ છે એવો મારો મત છે, પરન્તુ જેને મન વશ છે તેવા યત્ન કરનારને ઉપાયથી પ્રાપ્ત થઈ શકે તેવો છે.

વિવેચન : મનનો નિરોધ કરી મનને સમ રાખવાથી યોગ પ્રાપ્ત થઈ શકે છે. બીજી કોઈ રીતે તે પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

**અર્જુન ઉવાચ**

**અયતિઃ શ્રદ્ધયોપેતો યોગાત્ ચલિતમાનસઃ ।**
**અપ્રાપ્ય યોગસંસિદ્ધિં કાં ગતિં કૃષ્ણ ! ગચ્છતિ ।।૩૭।।**

**શ્લોકાર્થ :** હે કૃષ્ણ ! અલ્પ પ્રયત્નવાળો શ્રદ્ધાળુ જેનું મન યોગથી ચલિત થએલું છે તે સિદ્ધિ ન પામતાં કઈ ગતિને પ્રાપ્ત કરે છે ?

**વિવેચન :** આ યોગ કરવાની અભિલાષવાળો હોય પરન્તુ જેને મન વશ ન હોય અને પ્રયત્ન પણ કરી શક્તો ન હોય તેની શી ગતિ થાય છે તેવી જીજ્ઞાસા થવાથી અર્જુન પુનઃ પ્રશ્ન કરે છે. હે કૃષ્ણ ! યોગ સાધવાના સાધનરૂપ અભ્યાસ અને વૈરાગ્ય માં જે અલ્પ પ્રયત્નવાળો જ હોય અને શ્રદ્ધાવાળો હોય, પરન્તુ જેને મન વશ થતું ન હોય અને યોગથી ચલિત થતું હોય તેને યોગની સિદ્ધિ થાય નહિ ત્યારે તેની શી ગતિ થાય ?

**કચ્ચિન્ નોભયવિભ્રષ્ટઃ છિન્નાભ્રમિવ નશ્યતિ ।**
**અપ્રતિષ્ઠો મહાબાહો વિમૈંઢો બ્રહ્મણઃ પથિ ।।૩૮।।**

**શ્લોકાર્થ :** હે મહાબાહો ! અપ્રતિષ્ઠિત હોવાથી અને બ્રહ્મમાર્ગમાં વિમૈંઢ હોવાથી ઉભયથી ભ્રષ્ટ થએલો તે છૈંટાં પડેલાં વાદળાં પેઠે નાશ પામતો નથી ને ?

**વિવેચન :** અર્જુન પોતાના સન્દેહનું વિવેચન કરે છે. હે સર્વ સન્દેહ દૈંર કરવા સમર્થ મહાબાહો !

આવો પુરુષ અપ્રતિષ્ઠિત છે, કારણ કે પૈંર્વે જ કર્મ વિગેરે કરતો હતો તેનો ત્યાગ કરી યોગમાર્ગમાં પ્રવૃત્ત થએલો, અને યોગમાર્ગ પ્રાપ્ત કરવા મનના નિગ્રહમાટે અભ્યાસ થઈ નહિ શકવાથી તથા વૈરાગ્ય પ્રાપ્ત નહિ થવાથી એ બ્રહ્મમાર્ગ અર્થાત્ બ્રહ્મ પ્રાપ્ત કરવાના ઉપાયરૂપ યોગમાર્ગમાં પણ મૈંઢ થએલો છે. તેથી ઉભયમાર્ગથી ભ્રષ્ટ થવાથી બીજાં વાદળાંઓથી છૈંટાં પડેલાં વાદળો પેઠે તેનો નાશ થતો નથી ને ?

**એતન્ મે સંશયં કૃષ્ણ છેત્તુમ્ અર્હસ્યશેષતઃ ।**
**ત્વદન્યઃ સંશયસ્યાસ્ય છેત્તા ન હ્યુપપદ્યતે ।।૩૯।।**

**શ્લોકાર્થ :** હે કૃષ્ણ ! આ મારા સંશયને સમ્પૈંર્ણ રીતે દૈંર કરવા આપ યોગ્ય છો, કારણ કે આપ વિના આ સંશય દૈંર કરનાર બીજો કોઈ નથી.

**શ્રીભગવાન્ ઉવાચ**

**પાર્થનૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે ।**
**ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત ! ગચ્છતિ ।।૪૦।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! આ લોકમાં અથવા પરલોકમાં તેનો વિનાશ થતો જ નથી, કારણ કે હે વહાલા ! કોઈ પણ કલ્યાણ કરનારની દુર્ગતિ થતી નથી.

**વિવેચન :** હે પાર્થ ! કોઈ પણ કલ્યાણ અથવા શુભ કર્મ કરનારની દુર્ગતિ થતી નથી. આવો પુરુષ કલ્યાણ કર્મમાં પ્રવૃત્ત થએલો હોવાથી તેની દુર્ગતિ કેમ થાય ? આ લોકમાં અથવા પરલોકમાં કોઈ સ્થળે તેનો નાશ થતો નથી.

**પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાન્ ઉષિત્વા શાશ્વતીઃ સમાઃ ।**
**શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોऽભિજાયતે ।।૪૧।।**

**શ્લોકાર્થ :** પુણ્ય કરનારના લોક પ્રાપ્ત કરી, ત્યાં ઘણા વર્ષો રહી, યોગભ્રષ્ટ થએલો શુચિ શ્રીમન્તોને ઘેર અવતરે છે.

**વિવેચન :** તેણે શુભ અથવા કલ્યાણ કર્મ કરેલ હોવાથી તે યોગભ્રષ્ટ પુરુષ પુણ્ય કરનારના લોકને પ્રાપ્ત કરે છે અને તેણે કરેલાં કલ્યાણ કર્મનાં ફલ ભોગવે ત્યાં સુધી ઘણાં વર્ષો ત્યાં રહી, પછી શુચિ અર્થાત્ પવિત્ર અથવા સદાચારવાળા શ્રીમન્તોને ત્યાં અવતરે છે, પરન્તુ તેણે અશુભ કર્મો કરેલાં નહિ હોવાથી તેની દુષ્ટ ગતિ થતી નથી એવો ભાવ છે.

**અથવા યોગિનામેવ કુલે ભવતિ ધીમતામ્ ।**
**એતદ્ધિ દુર્લભતરં લોકે જન્મ યદ્ ઈદશમ્ ।।૪૨।।**

**શ્લોકાર્થ :** અથવા બુદ્ધિશાળી યોગીઓના કુલમાં જ અવતરે છે; કારણ કે લોકમાં આવો જન્મ થાય તો તે બહુ દુર્લભ છે.

**વિવેચન :** અથવા તેણે યોગનો આરમ્ભ કરેલો તેમાંથી તે ભ્રષ્ટ થએલો હોવાથી પુનઃ તે યોગ સાધે તે માટે તેના પૈંર્વના યોગના સંસ્કારને લીધે તે બુદ્ધિવાળા અથવા યોગબુદ્ધિવાળા યોગીઓના જ કુલમાં અવતરે છે. આવો જન્મ આ લોકમાં થાય તે બહુ દુર્લભ છે. ગયા શ્લોકમાં શુચિ શ્રીમન્તોને ત્યાં યોગભ્રષ્ટ અવતરે છે એમ કહ્યું, ત્યાં તે પૈંર્વના સંસ્કારથી ભરતરાજા ની પેઠે યોગ સાધવા પ્રયત્ન કરે છે, અને પ્રયત્ન કરતાં યોગ તેને સિદ્ધ થાય છે. આ શ્લોકમાં યોગીઓને ત્યાં તેનો જન્મ થાય છે તેમ કહ્યું, તેથી આવો જેનો જન્મ થાય તેને પ્રયત્ન વિનાજ

જડભરત પેઠે યોગ સિદ્ધ થાય છે. આવો જન્મ બહુ દુર્લભ છે.

**તત્ર તં બુદ્ધિસંયોગં લભતે પૌર્વદેહિકમ્ ।**
**યતતે ચ તતો ભૈંયઃ સંસિદ્ધૌ કુરુનન્દન ! ।।૪૩।।**

**શ્લોકાર્થ :** હે કુરુનન્દન ! ત્યાં તે પૈંર્વદેહનો બુદ્ધિસંયોગ પ્રાપ્ત કરે છે, અને પછી પુનઃ સંસિદ્ધિમાટે યત્ન કરે છે.

**વિવેચન :** પૈંર્વદેહમાં યોગબુદ્ધિ થઈ હતી તે યોગબુદ્ધિ પુનઃ તેને પ્રાપ્ત થાય છે, અને તેથી પુનઃ યોગસિદ્ધ કરવા પ્રયત્ન કરે છે.

**પૈંર્વાભ્યાસેન તેનૈવ હ્રિયતે હ્યવશોઽપિ સઃ ।**
**જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દબ્રહ્માતિવર્તતે ।।૪૪।।**

**શ્લોકાર્થ :** પૈંર્વજન્મના તે જ અભ્યાસથી અવશ છતાં પણ તે વિષયોથી નિવૃત્ત થાય છે. એ યોગનો જીજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મને અતિવર્તે છે.

**વિવેચન :** પૈંર્વજન્મનો તેને યોગનો અભ્યાસ હોવાથી વિષયોરૂપી અન્તરાયને લીધે યોગ સાધવાની ઈચ્છા થતી ન હોય તો પણ તે જ અભ્યાસથી તે વિષયોથી નિવૃત્ત થાય છે અને યોગ સાધવામાં તત્પર રહે છે. આમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી, કારણ કે માત્ર યોગનું સ્વરૂપ જાણવાની ઈચ્છા હોય તે પણ શબ્દબ્રહ્મને અતિવર્તે છે અર્થાત્ યોગના પ્રભાવથી શબ્દબ્રહ્મના તાત્પર્યભૈંત પરબ્રહ્મનું પણ જ્ઞાન પ્રાપ્ત કરે છે, તો પછી જેણે યોગ સાધવા યત્ન કરેલો હોય તેને આવું ફલ પ્રાપ્ત થાય તેમાં આશ્ચર્ય શું ?

**પ્રયત્નાદ્ યતમાનસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃ ।**
**અનેકજન્મસંસિદ્ધઃ તતો યાતિ પરાં ગતિમ્ ।।૪૫।।**

**શ્લોકાર્થ :** પ્રયત્નથી અભ્યાસ કરતો યોગી તો પાપથી વિશુદ્ધ થઈ અનેક જન્મથી સંસિદ્ધ થઈ પછી પરાગતિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** યોગભ્રષ્ટની ગતિ ઉપર કહી, હવે જે યોગથી ભ્રષ્ટ ન થતાં પ્રયત્ન કરી મનનો નિગ્રહ કરી યોગનો અભ્યાસ કરે તેની ગતિ કહે છે. તેના સર્વ પાપો નાશ થાય છે તેથી તે વિશુદ્ધ થાય છે, અને પછી અનેક જન્મ સુધી તત્ત્વજ્ઞાનવાળો રહી યોગ સિદ્ધ કરી પરાગતિ અર્થાત્ મારા સ્વરૂપ અક્ષરને પ્રાપ્ત કરે છે, અથવા અનેક જન્મના યોગથી ભક્તિ પ્રાપ્ત કરે છે અને ભક્તિવડે વૈઙ્કુણ્ઠરૂપી પરાગતિ પ્રાપ્ત કરે છે. નિબન્ધમાં પણ શ્રીમદાચાર્યચરણ ઉપદેશ કરે છે કે ''ઈશ્વરના આલમ્બનરૂપ યોગ બહુ જન્મના વિપાકથી ભક્તિ ઉત્પન્ન કરે છે''.

આ અધ્યાયના ૪૧ થી ૪૫ સુધીના અને ૪૬ મા શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૨।૧।૬ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**તપસ્વિભ્યોઽધિકો યોગી જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ ।**
**કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્ યોગી ભવાર્જુન ! ।।૪૬।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! યોગી તપસ્વીઓથી અધિક છે, જ્ઞાનીઓથી પણ અધિક મનાએલો છે, કર્મવાળાઓથી પણ યોગી અધિક છે. તેથી તું યોગી થા.

**વિવેચન :** કાયાના ક્લેશ વિગેરે સહન કરનાર તપસ્વીઓ કરતાં (તપો)યોગી અધિક છે, સાંખ્યવાળા જ્ઞાનીઓ કરતાં પણ (સાંખ્ય)યોગી અધિક છે અને માત્ર કર્મ કરનાર કર્મવાળાઓથી

પણ (કર્મ)યોગી અધિક છે. તેથી તું મનના નિગ્રહરૂપ યોગ સાધનાર યોગી થા. તને તો બાહ્ય યોગનો ઉપદેશ કર્યો નથી, પરન્તુ અનિષિદ્ધ ઉત્તમ યોગનો ઉપદેશ કરેલો છે, કારણ કે તે તારા ચિત્તનો નિરોધ મારામાં–શ્રીવાસુદેવમાં કરવાનો છે. તેથી તને ઉત્તમ ભક્તિરૂપ યોગનો ઉપદેશ કરેલો છે. તું યોગી થા.

**યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના ।**
**શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ।।૪૭।।**

**શ્લોકાર્થ :** સર્વ યોગીઓમાં પણ મારામાં અન્તરાત્મા યોજી, શ્રદ્ધાળુ થઈ જે મને ભજે છે તેને હું ઉત્તમ યોગી ગણું છું.

**વિવેચન :** સર્વ યોગીઓમાં પણ પુષ્ટિભક્તિપરાયણ યોગી ઉત્તમ છે. તે પોતાનાં ચિત્તનો મારામાં–શ્રીવાસુદેવમાં જ નિરોધ કરે છે. આવી રીતે ચિત્તનો મારામાં નિરોધ કરી, શ્રીમદાચાર્યચરણના ઉપદેશ ઉપર શ્રદ્ધા રાખી જે મારું શ્રીવાસુદેવનું ભજન કરે છે તે ઉત્તમ યોગી છે. તેથી જે યોગનું ફલ શરણ ભક્તિ પ્રાપ્ત થાય છે તે યોગ સાધનાર યોગી થા એવો ગૈંઢ આશય છે. તેથી જ આચાર્યશ્રીએ કહેલું છે કે ( ભગવાને ભગવદ્ગીતામાં ) આરમ્ભમાં સાઙ્ખ્ય અને યોગ નું નિરૂપણ કરી, અર્જુનનો મોહ દૈંર કરી, પછી તેને ભક્તિરૂપ અમૃતનું પાન કરાવ્યું એવો સાર છે. આ પહેલા છ અધ્યાયોમાં સાંખ્યમાં તથા યોગમાં વિવેકથી અને ધૈર્યથી પોતાના ધર્મનું આચરણ ભક્તિથી કરવાનું કહેલું છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'આત્મસંયમયોગો' નામ**
**ષષ્ઠોઽધ્યાયઃ ।।૬।।**

# ।। અધ્યાય ૭ ।।
# જ્ઞાનવિજ્ઞાનયોગ

પ્રથમ છ અધ્યાયમાં સાંખ્ય અને યોગ નું ફલ આત્મજ્ઞાન છે એમ દર્શાવ્યું. અહીંથી ભગવાન્‌ના માહાત્મ્યજ્ઞાનપૈર્વક ભક્તિનું નિરૂપણ કરવામાં આવે છે.

''માહાત્મ્યજ્ઞાનપૈર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહને 'ભક્તિ' કહે છે. તેનાથી મુક્તિ થાય છે, અન્ય રીતે થતી નથી'' તેથી ભગવાન્ વાસુદેવનાં માહાત્મ્યનું જ્ઞાન યોગીઓને સિદ્ધિ પ્રાપ્ત કરાવનાર હોવાથી, અને સિદ્ધિ પ્રાપ્ત કરવાનો અન્ય ઉપાય નહિ હોવાથી અહીં ભગવાન્ વાસુદેવના માહાત્મ્યનું નિરૂપણ કરવામાં આવે છે.

જે ભક્ત પ્રયાણકાલે ભગવાન્‌નું સ્મરણ કરે છે, તેને અંગસહિત શ્રીપુરુષોત્તમના માહાત્મ્યનું વિજ્ઞાન પ્રાપ્ત થાય છે. આરમ્ભમાં યોગધર્મનું આચરણ કરવાથી ભગવાન્‌ના માહાત્મ્યનું વિજ્ઞાન પ્રાપ્ત થાય છે. ભગવાન્‌ના માહાત્મ્યનું જ્ઞાન થવાથી ભગવાન્‌નો આશ્રય થાય છે. આશ્રય થવાથી ભગવાન્‌નું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ ઉત્તમ જ્ઞાન છે. આવું જ્ઞાન હોવાથી જ જ્ઞાનીઓની શ્રેષ્ઠતા કહેલી છે, કારણ કે ભગવાન્‌નું જેને જ્ઞાન હોય તે જ ઉત્તમ છે, માત્ર આત્મજ્ઞાન હોય તે ઉત્તમ નથી. આવા જ્ઞાનીઓ ભગવાન્‌ની નિરન્તર સેવા કરે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**મય્યાસક્તમનાઃ પાર્થ! યોગં યુઞ્જન્ મદાશ્રયઃ।**
**અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તત્ શ્રુણુ।।૧।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ! મારામાં મન આસક્ત રાખી, મારો આશ્રય રાખી યોગ આચરતાં જે પ્રકારે તું સમ્પૈર્ણતાથી મને નિઃસંશય જાણીશ તે સાંભળ.

**વિવેચન :** ભગવાન્, સ્વધર્મના આશ્રય, ઉત્તમ અલૌકિક લીલાવાળા મોટામાં મોટા નિયન્તા, કરુણાલુ, પરમાત્મા એવા મારામાં મનને આસક્ત રાખી, મારો આશ્રય રાખી, પાછળ વર્ણન કર્યું તેવા યોગનું આચરણ કરતાં નિરુપધિ માહાત્મ્યવાળા અને ઉત્તમ અલૌકિક ગુણથી પૈર્ણ મારું તને જે પ્રકારે જ્ઞાન થશે તે તને હું કહું છું તે સાંભળ.

**જ્ઞાનં તેઽહં સવિજ્ઞાનમ્ ઇદં વક્ષ્યામ્યશેષતઃ।**
**યજ્જ્ઞાત્વા નેહ ભૈંયોઽન્યજ્ જ્ઞાતવ્યમ્ અવશિષ્યતે।।૨।।**

**શ્લોકાર્થ :** હજારો મનુષ્યોમાં કોઈક જ સિદ્ધિમાટે પ્રયાસ કરે છે, પ્રયાસ કરનાર સિદ્ધોમાં પણ કોઈક જ મને તત્ત્વથી જાણે છે.

**વિવેચન :** હજારો મનુષ્યોમાં કોઈક જ આત્મતત્ત્વના જ્ઞાનમાટે પ્રયાસ કરે છે. અને જે પ્રયાસ કરનારને તેવું જ્ઞાન સિદ્ધ થએલું હોય છે તેઓમાંથી કોઈક જ ભગવાન્ પરમાત્મા સર્વ ધર્મોના આશ્રય ઈશ્વર એવા મને તત્ત્વથી એટલે મારા નિરતિશય માહાત્મ્યપૈર્વક જાણે છે. આવા વ્યાસ, વામદેવ, શુક જેવા મને તત્ત્વથી જાણનાર કોઈક જ હોય છે. તેથી મારું આ જ્ઞાન બહુ જ ઉત્તમ છે તે હું તને કહીશ.

**ભૈંમિરાપોઽનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ।**
**અહપાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા।।૪।।**

**શ્લોકાર્થ :** ભૈંમિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહપાર એવા આઠ પ્રકારની આ મારી ભિન્ન પ્રકૃતિ છે.

**વિવેચન :** અહીંથી ભગવાન્ બ્રહ્મવાદ પ્રમાણે પોતાનો મહિમા પોતે જ કહે છે. સર્વ ધર્મોનું આશ્રય પરબ્રહ્મ જેને 'પુરુષોત્તમ' પણ કહેવામાં આવે છે તે પોતાની ઇચ્છાથી સર્વ ચિત્-અચિત્ વિગેરે થાય છે. એમ ''ક્ષીરવદ્ધિ'' ''આત્મકૃતેઃ પરિણામાત્'' વિગેરે બ્રહ્મસૈંત્રોમાં પણ ઉપદેશ કરેલો છે. તેથી આ જગતનું અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણ બ્રહ્મ છે. તેથી અહીં પણ પરા અને અપરા એવી બે પ્રકારની પ્રકૃતિથી અસાધારણ સૃષ્ટિ વિગેરે કાર્ય ભગવાન્ કરે છે એમ માહાત્મ્ય દર્શાવવા કહે છે. પ્રથમ અપરા પ્રકૃતિના આઠ પ્રકાર કહ્યા છે. મારી નિરતિશય અનન્ત મહિમાવાળા ભગવાન્ની સદંશ થએલી છતાં અજ પ્રકૃતિ ભૈંમિ વિગેરે આઠ પ્રકારની છે. ભૈંમિ, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૈંતો છે, મન, બુદ્ધિ અને અહપાર એ ત્રણ અનિરુદ્ધ પ્રદ્યુમ્ન અને સપર્ષણ ના અધિષ્ઠાનરૂપ છે. એમ આઠ પ્રકાર કહ્યા. નવમું 'ચિત્ત' શ્રીવાસુદેવનું અધિષ્ઠાન હોવાથી પોતાથી અભિન્ન હોવાથી અને પોતાને અર્જુન જોતો હોવાથી કહ્યું નથી. અથવા ચિત્ત ભાગવત્ છે, પ્રાકૃત નથી તેથી અહીં કહેલું નથી. આ ભગવાન્ની સદંશભૈંત પ્રકૃતિ કહી, તેને અચિત્ પણ કહે છે. તેને ચિત્તનો સમ્બન્ધ થાય ત્યારે જ સર્વ કાર્ય કરવા સમર્થ થાય છે, તે વિના કાંઈ કાર્ય તેનાથી થતું નથી. તેથી તેને 'અપરા' કહે છે.

**અપરેયમ્ ઈતસ્ ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્ ।**
**જીવભૈંતાં મહાબાહો ! યયેદં ધાર્યતે જગત્ ।।૫।।**

**શ્લોકાર્થ :** આ અપરા પ્રકૃતિ છે. પણ હે મહાબાહો ! આથી અન્ય મારી જીવભૈંત પરા પ્રકૃતિ જાણ. તેનાથી આ જગત્ ધારણ થયેલું છે.

**વિવેચન :** આ એટલે ગયા શ્લોકમાં કહેલી પ્રકૃતિ અવશ્ય અપરા અથવા નીચી પ્રકૃતિ છે. પણ હે મહાબાહો ! આ અપરા પ્રકૃતિથી ભિન્ન મારી બીજી જીવભૈંતા પરા પ્રકૃતિ છે. આ પરા પ્રકૃતિ ચિદ્રૈંપ હોવાથી જડ નથી. ભોક્ત્રી હોવાથી પ્રધાનભૈંત અથવા મુખ્ય પરા છે. તેને ઘણે સ્થળે 'પુરુષ' પણ કહે છે. અહિં 'જીવભૈંતામ્' શબ્દ યોજેલો છે. પરન્તુ 'જીવીભૈંતામ્' શબ્દ નથી, તેથી જીવ અવિદ્યાથી થએલ નથી. પરન્તુ ભગવાન્ની સહજ ઇચ્છાથી થએલ છે એમ સિદ્ધ થાય છે. આ જીવભૈંત ભગવદંશથી આ જગત્ એટલે જડરૂપ શરીર સત્ અને અસત્ના મિશ્રણવાળું વિરાટરૂપ ધારણ થએલું છે. આ મારી પ્રકૃતિ જાણ.

**એતદ્ યોનીનિ ભૈંતાનિ સર્વાણીત્યુપધારય ।**
**અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા ।।૬।।**

**શ્લોકાર્થ :** સર્વ ભૈંતો આ બે માંથી જ ઉત્પન્ન થાય છે એમ જાણ. હું સર્વ જગતનો પ્રભવ અને પ્રલય છું.

**વિવેચન :** આ બે પ્રકૃતિ સર્વ પ્રાણીમાત્રની ઉત્પત્તિનું કારણ છે એમ કહી તે બે દ્વારા ભગવાન્ પોતે અસાધારણ કાર્ય કરે છે એમ કહે છે. સ્થાવર-જંગમાત્મક સર્વભૈંતોની ઉત્પત્તિ આ બે પ્રકૃતિમાંથી થાય છે એમ જાણ. તેમાં જડ અપરા પ્રકૃતિમાંથી દેહ વિગેરે થાય છે. અને ચેતન પરા પ્રકૃતિમાંથી ભોક્તા-ક્ષેત્રજ્ઞ-જીવ થાય છે. તે દેહાદિમાં પ્રવેશ કરી તેને ધારણ કરે છે. આ બન્ને પ્રકૃતિ મારામાંથી ઉત્પન્ન થયેલી છે ને તેથી હું જ છું. તેથી જેમ ઘટ – પટ વિગેરેનું કારણ

ભૈંમિ છે તે પ્રમાણે આ સર્વ ભૈંતમાત્રનું પ્રકૃતિ અને પુરુષ દ્વારા હું જ કારણ છું. તેથી આ સર્વ જગતની ઉત્પત્તિ તથા પ્રલય મારામાંથી જ છે.

**મત્તઃ પરતરં નાન્યત્ કિઞ્ચિદ્ અસ્તિ ધનઞ્જય!।**
**મયિ સર્વમ્ ઈદં પ્રોતં સૈંત્રે મણિગણા ઈવ।।૭।।**

**શ્લોકાર્થ :** હે ધનઞ્જય! મારાથી પર બીજું કાંઈ નથી. સૈંત્રમાં મણિઓના સમૈંહ પેઠે આ સર્વ મારામાં પરોવાયેલું છે.

**વિવેચન :** મારું આ માહાત્મ્ય જાણવા જેવું છે. સર્વ જગતની ઉત્પત્તિ તથા પ્રલય મારાથી થાય છે તેથી મારાથી બીજું કાંઈ પણ નથી. હું જ સર્વથી પર છું. ઉત્પત્તિ અને પ્રલય જેમ મારામાંથી થાય છે તેમજ સર્વ જગતની સ્થિતિ પણ મારામાં જ છે. જેમ સૈંત્રમાં મણિઓ પરોવેલાં હોય છે તે પ્રમાણે સર્વ જગત્ મારામાં પરોવાએલું છે અર્થાત્ મારો આશ્રય કરી રહેલું છે. અહીં સૈંત્ર અને મણિ નું દૃષ્ટાન્ત આપેલું છે તેથી જડ અને જીવ અવિદ્યાથી કલ્પેલા નથી, પરન્તુ સત્ય છે અને શરીરમાં જેમ જીવ રહે છે તે પ્રમાણે ઈશ્વર તેમાં રહેલા છે એમ સિદ્ધ થાય છે. ''જેનું પૃથિવી શરીર છે, જેનું આત્મા શરીર છે'' વિગેરે સ્થળે પણ આજ અર્થનું પ્રતિપાદન કરેલું છે.

**રસોઽહમ્ અપ્સુ કૌન્તેય! પ્રભાસ્મિ શશિ-સૈંર્યયોઃ।**
**પ્રણવઃ સર્વવેદેષુ શબ્દઃ ખે પૌરુષં નૃષુ।।૮।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય! જલોમાંનો રસ હું છું, ચંદ્ર અને સૈંર્ય માંની પ્રભા, સર્વ વેદોમાં પ્રણવ, આકાશમાં શબ્દ અને પુરુષોમાં પૌરુષ હું છું.

**વિવેચન :** એક ભગવાન્ જ સર્વ જગતનું કારણ છે એમ કહ્યું તો ભગવાન્ જગત્નુ ઊપાદાન કારણ છે કે નિમિત્ત કારણ ? તેમાં પણ ભગવાન્ મુખ્ય કારણ છે કે ગૌણ ? એવી શંકા થાય તે માટે ભગવાન્ સર્વ જગત્નું ઉપાદાન અને નિમિત્ત કારણ પણ છે અને તે પણ મુખ્ય કારણ છે. ગૌણ કારણ નથી, કારણ કે ભગવાન્ સર્વરૂપ છે, સર્વ શક્તિવાળા છે, અને તેમને કારણ થવામાં બીજા કોઈની ગરજ નથી. શ્રુતિ, સ્મૃતિ તથા શ્રીમદ્ભાગવત્ માં ભગવાન્ને મુખ્ય જ કારણ કહેલા છે. તેથી ભગવાન્ અહીં પણ તેવી જ રીતે ચાર ( ૮ – ૧૧ ) શ્લોકથી પોતાની વિભૈંતિના માહાત્મ્યને સ્પષ્ટ કરી પોતાના મુખ્ય કારણપણાને દર્શાવે છે. હે કૌન્તેય! જલોમાં રસ હું છું, તેમજ સૈંર્ય અને ચન્દ્ર માં પ્રભા હું છું. સર્વ વેદોમાં પ્રણવ, આકાશમાં શબ્દ અને પુરુષોમાં પૌરુષ અથવા વીર્ય હું છું.

**પુણ્યો ગન્ધઃ પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસૌ।**
**જીવનં સર્વભૈંતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિષુ।।૯।।**

**શ્લોકાર્થ :** પૃથિવીમાં પુણ્ય ગન્ધ, અગ્નિમાં તેજ, સર્વભૈંતોમાં જીવન અને તપસ્વીઓમાં તપ હું છું.

**બીજં માં સર્વભૈંતાનાં વિદ્ધિ પાર્થ! સનાતનમ્।**
**બુદ્ધિઃબુદ્ધિમતામ્અસ્મિ તેજસ્તેજસ્વિનામહમ્।।૧૦।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ! મને સર્વ ભૈંતોનું સનાતન બીજ જાણ. બુદ્ધિવાળાઓની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ હું છું.

**વિવેચન :** પ્રાણીમાત્રનું કારણભૈંત ચૈતન્ય બીજ હું છું એમ જાણ. બુદ્ધિવાળાઓની બુદ્ધિ અને

તેજસ્વીઓનું તેજ પણ હું છું.

**બલં બલવતાં ચાહં કામ-રાગ-વિવર્જિતમ્ ।**
**ધર્માવિરુદ્ધો ભૈંતેષુ કામોડસ્મિ ભરતર્ષભ!।।૧૧।।**

**શ્લોકાર્થ :** હે ભરતર્ષભ! કામ અને રાગ વિનાનું બલવાળાઓનું બલ હું છું. પ્રાણીઓમાં ધર્મથી અવિરુદ્ધ કામ હું છું.

**વિવેચન :** બલવાળાઓનું ક્રિયાશક્તિરૂપ બલ હું છું, પરન્તુ પ્રવૃત્ત્યાત્મક હું નથી એમ જણાવવા કામ અને રાગ રહિત બલ હું છું એમ કહેલું છે. તેવી જ રીતે પ્રાણીઓનો કામ હું છું, પણ ધર્મથી અવિરુદ્ધ કામ હું છું, ધર્મથી વિરુદ્ધ કામ હું નથી.

**યે ચૈવ સાત્ત્વિકા ભાવા રાજસાઃ તામસાશ્ચ યે।**
**મત્ત એવેતિ તાન્ વિદ્ધિ ન ત્વહં તેષુ તે મયિ।।૧૨।।**

**શ્લોકાર્થ :** વળી જે સાત્ત્વિક ભાવો છે, જે રાજસ અને તામસ ભાવો છે તે મારામાંથી જ છે એમ જાણ. પરન્તુ હું તેઓમાં નથી, તેઓ મારામાં છે.

**વિવેચન :** મારાથી પર અન્ય કાંઈ નથી એમ પાછળ કહ્યું. તે અહીં વધારે સ્પષ્ટ કરે છે. સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવો જે પ્રકૃતિમાંથી થએલા પ્રાકૃત ભાવો છે તે પણ મારામાંથી જ થએલા છે એમ જાણ, કારણ કે તેઓ મારી ઉપર વર્ણવેલી પ્રકૃતિમાંથી થયેલા છે. આ પ્રકૃતિ પણ સત્ છે, અસત્ નથી. સાત્ત્વિક વિગેરે ભાવો પ્રકૃતિના ગુણના કાર્યો હોવાથી અને પ્રકૃતિ વિગેરેનું કારણ પણ હું જ હોવાથી આ ભાવોનો પણ મુખ્ય કર્તા હું જ છું. છતાં તેઓમાં હું નથી, એટલે જીવની પેઠે હું તેઓને આધીન થતો નથી, પરન્તુ તેઓ મારામાં છે અર્થાત્ તેઓ મારો આશ્રય કરી રહેલા છે. મારી આશ્રિત પ્રકૃતિના તેઓ આશ્રિત હોવાથી તેઓનો પણ પરમ્પરાથી હું જ આશ્રય છું.

**ત્રિભિર્ ગુણમયૈર્ ભાવૈઃ એભિઃ સર્વમ્ ઈદં જગત્।**
**મોહિતં નાભિજાનાતિ મામેભ્યઃ પરમવ્યયમ્।।૧૩।।**

**શ્લોકાર્થ :** તે ત્રણ ગુણમય ભાવોથી મોહ પામેલું આ સર્વ જગત્ તેનાથી પર અવ્યય મને જાણતું નથી.

**વિવેચન :** આ ત્રણ ગુણોના પદાર્થો હોય છે. જગતના પદાર્થો આ ત્રણ ગુણોવાળા હોય છે. આવા પદાર્થોથી મોહ પામેલું જગત્ એ ગુણોથી પર અવ્યય અથવા વિકારરહિત મને ભગવાન્‌ને જાણતું નથી.

**દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા।**
**મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે।।૧૪।।**

**શ્લોકાર્થ :** આ મારી ગુણમયી દૈવી માયા દુસ્તર છે. જેઓ મારો જ આશ્રય કરે છે તેઓ આ માયાને તરે છે.

**વિવેચન :** પ્રકૃતિના ગુણો જ બંધ કરાવનાર છે. તે જ માયાના ગુણો સર્વ જગતને મોહ કરે છે અને ઈશ્વરના સ્વરૂપને જાણવા દેતા નથી એટલું જ નહિ, પરન્તુ જીવનો અવિદ્યાથી થતો અધ્યાસ વધારે દઢ કરાવે છે અને તેથી જીવને બન્ધનરૂપ છે. તેથી મારી આ દૈવી ગુણમયી માયા તરવી કઠિન છે. પરન્તુ જેઓ મારો જ આશ્રય કરે છે તેઓ એ માયાને તરે છે. અહીં

'એવ-જ' શબ્દ યોજેલો છે, તેથી બીજો માયાને તરવાનો ઉપાય નથી એવો ભાવાર્થ સ્પષ્ટ થાય છે. મારો શ્રીકૃષ્ણ પુરુષોત્તમનો જ જેઓ આશ્રય કરે છે, તેઓ આ માયાને તરે છે. આ દૈવી માયા છે, આસુરી નથી. આસુરી માયા પ્રયાસ કરી અમુક જ્ઞાન પ્રાપ્ત કરવાથી દૈર થઈ શકે છે, પરન્તુ આ દૈવી માયા તરવામાટે શ્રીકૃષ્ણનો જ આશ્રય કરવાની આવશ્યકતા છે. આ માયા મારી છે એટલે મારો આશ્રય કરી રહેલા ભક્તોનું હિત કરનારી છે.

બ્રહ્મસૈંત્ર ૩।૪।૨૭ પરના અણુભાષ્યમાં અને ભાગવત્ ૧।૭।૬, ૧।૮।૪૦, તથા ૧૧।૩।૧૮ પરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ન માં દુષ્કૃતિનો મૈંઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ।**
**માયયાऽપહૃતજ્ઞાના આસુરં ભાવમ્ આશ્રિતઃ।।૧૫।।**

**શ્લોકાર્થ :** દુષ્ટકર્મવાળા, મૈંઢ, માયાથી હરાએલ જ્ઞાનવાળા, અને આસુર ભાવનો આશ્રય કરેલા અધમ લોકો મારો આશ્રય કરતા નથી.

**વિવેચન :** આપનો આશ્રય કરવાથી માયા તરાતી હોય તો સર્વ આપનો આશ્રય કેમ કરતા નથી? એવી શંકા થાય તે દૈર કરે છે. દુષ્ટકર્મ કરનારા લોકો, જેઓનું દુષ્ટકર્મ મારો આશ્રય કરવામાં પ્રતિબન્ધક છે તેવા, મૈંઢ અથવા પશુ પેઠે વિવેકરહિત, જેઓનું ગુરુએ આપેલું જ્ઞાન માયાથી હરાઈ ગયેલું છે તેવા, અને આસુર ભાવનો આશ્રય કરી રહેલા અધમ લોકો મારો આશ્રય કરતા નથી. આવા અધમ લોકો મારો આશ્રય કરતા નથી એટલું જ નહિ, પરન્તુ ભગવાન્નો દ્વેષ કરે છે એમ આગળ ભગવાન્ કહેશે.

**ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોऽર્જુન!।**
**આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ!।।૧૬।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન! હે ભરતર્ષભ! સત્કર્મવાળા ચાર પ્રકારના પુરુષો મને ભજે છે ૧. આર્ત ૨. જીજ્ઞાસુ ૩. અર્થાર્થી અને ૪. જ્ઞાની.

**વિવેચન :** હે અર્જુન! હે ભરતર્ષભ! જેમણે સત્કાર્ય કરેલાં છે એવા ચાર પ્રકારના પુરુષો મને ભજે છે

૧. ગજેન્દ્ર જેવા આર્ત અથવા દુઃખી પુરુષો સંસારનો પોતાનો કલેશ દૈર કરવાના હેતુથી મને ભજે છે. પૈંર્વના સત્કાર્યને લીધે મારું ભજન કરવામાં તેઓની પ્રવૃત્તિ થાય છે.
૨. શૌનક જેવા જીજ્ઞાસુ અથવા મારા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા.
૩. અર્થની ઈચ્છાવાળા અર્થાર્થી. ધન વિગેરે પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા.
૪. શુકદેવ જેવા જ્ઞાની મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ભજન કરે છે.

આ ચારે પ્રકારના ભજન કરનાર પુરુષો પૈંર્વના સુકૃત હોવાથી ભજન કરે છે. તેઓની ભજનમાં પ્રવૃત્તિ કરાવનાર પૈંર્વ જન્મના સુકૃત છે. પરન્તુ જેઓ ભજન કરે છે, અને ભજનમાં પ્રવૃત્તિ કરાવનાર પૈંર્વ જન્મના સુકૃત વિગેરે જેઓના નથી તેવો ગોપીજનો વિગેરે પુષ્ટિભક્તો છે. આવા ભક્તોનો અહીં સમાવેશ થતો નથી. કોઈ 'ચ-અને' શબ્દમાં ગોપિકાઓનો સમાવેશ કરે છે, પરન્તુ તે યોગ્ય નથી, કારણ કે પૈંર્વના સુકૃતવાળા ભજન કરનાર અહીં કહેલા છે. ગોપીઓને પૈંર્વના સુકૃત ન હતા એમ પણ શ્રીમદ્ ભાગવત્માં કહેલું છે. દષ્ટ અથવા અદષ્ટ કોઈ પણ પ્રકારનું સાધન ન હોવા છતાં સાધનરૂપ અને ફલરૂપ ભગવાન્ના સ્વરૂપાનુગ્રહના

બલથી તેઓનો ભગવાન્‌માં અલૌકિક સ્નેહ થએલો હોવાથી આ ચાર પ્રકારના ભક્તોમાં તેઓનો સમાવેશ થઈ શક્તો નથી.

શ્રીભાગવત્ ૧૦।૮૪।૨૪ તથા ૧૦।૮૪।૩૦ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે ।**
**પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમ્ અહં સ ચ મમ પ્રિયઃ ।।૧૭।।**

**શ્લોકાર્થ :** તેઓમાં જ્ઞાની નિત્યયુક્ત અને એકમાં જ ભક્તિવાળો હોવાથી ઉત્તમ છે. કેમકે જ્ઞાનીને હું ઘણોજ પ્રિય છું અને તેઓ મને પ્રિય છે.

**વિવેચન :** આ ચાર પ્રકારના ભક્તોમાં મોક્ષની ઈચ્છાવાળો જ્ઞાની ઉત્તમ છે એમ કહે છે. જ્ઞાની ઉત્તમ છે કારણ કે આગળ જે યોગનું વર્ણન કર્યું તેવા યોગવાળો તે સદા હોય છે. વળી મારા માહાત્મ્યનું તેને જ્ઞાન હોવાથી સર્વ વ્યાપક પુરુષોત્તમ પરમાત્મા એવો હું, તેમાં એકલામાં તેની એકાન્ત અથવા નિરપેક્ષ-અપેક્ષારહિત ભક્તિ હોય છે. બીજા ભક્તો પોતપોતાની ઈચ્છેલી વસ્તુમાં પ્રીતિવાળા હોય છે અને મારામાં તો માત્ર તે વસ્તુઓ આપનાર તરીકે જ તેઓની પ્રીતિ હોય છે, પરન્તુ જ્ઞાનીની મારામાં અત્યન્ત પ્રીતિ હોય છે, કારણ કે જે – જે પદાર્થોની મમતા હોય છે તેમાં પોતાનો આત્મા આનન્દરૂપ હોવાથી તેને વધારે પ્રિય હોય છે અને તે આત્મા પરમાનન્દ પરમાત્માને અંશ હોવાથી તેની પરમાત્મામાં એટલે મારામાં અત્યન્ત પ્રીતિ હોય છે. તેથી તે મને પણ પ્રિય હોય છે.

શ્રીભાગવત્ ૧૦।૮૪।૨૪ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ઉદારાઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ ।**
**આસ્થિતઃ સ હિ યુક્તાત્મા મામેવાનુત્તમાં ગતિમ્ ।।૧૮।।**

**શ્લોકાર્થ :** આ સર્વે ઉદાર છે, પણ જ્ઞાનીભક્ત તો આત્મા જ છે એવો મારો મત છે, કારણ કે યુક્તાત્મા તે અનુત્તમગતિવાળા મારો જ આશ્રય કરી રહેલો છે.

**વિવેચન :** ચતુર્થ પ્રકારના ભક્ત જ્ઞાનીને ઉત્તમ કહ્યો. તેને મોક્ષ પ્રાપ્ત થાય છે ત્યારે બીજા ત્રણ પ્રકારના ભક્તો સંસારમાં જ મચ્યા રહે છે એવી શંકા થાય તે દૈર કરે છે. આ ચારે પ્રકારના સર્વે ભક્તો બીજા દેવોના ભક્તો કરતાં ઉત્તમ છે. માત્ર તેઓનું ભજન વ્યાવહારિક રીતિ પ્રમાણે હોવાથી પ્રાકૃત છે તેથી તેઓને પ્રિય કહ્યા નથી, પરન્તુ પ્રાકૃત જીવોની પેઠે તેઓ સંસારમાં મચ્યા રહેતા નથી, પરન્તુ ''હરિમાં કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐક્ય અથવા સૌહૃદ નિત્ય રાખતાં તેઓ તન્મય થાય છે'' એમ શ્રીમદ્‌ભાગવતમાં કહેલું છે, તે પ્રમાણે હરકોઈ રીતે પ્રભુનો સમ્બન્ધ થવાથી પણ તન્મયતા થતી હોવાથી તેઓને પણ એ જ ફલ પ્રાપ્ત થવાનું; પરન્તુ જ્ઞાની ભક્ત તો આત્મા જ છે અર્થાત્ મારો આત્મા છે. તેને હું આત્મા જ માનું છું. અથવા જ્ઞાની ભક્ત આત્મા જ છે, એટલે મદાત્મક અથવા મુક્ત જ છે એમ હું માનું છું, કારણ કે જેનાથી કાંઈ પણ ઉત્તમ નથી એવા અનુત્તમગતિવાળા મારો જ તે આશ્રય કરી સદા રહેલો છે.

**બહૂનાં જન્મનામ્ અન્તે જ્ઞાનવાન્ માં પ્રપદ્યતે ।**
**'વાસુદેવઃ સર્વમ્' ઈતિ સ મહાત્મા સુદુર્લભઃ ।।૧૯।।**

**શ્લોકાર્થ :** ઘણા જન્મોના અન્તે 'સર્વ વાસુદેવ છે' એવા જ્ઞાનવાળો મને શરણ આવે છે. એવો

મહાત્મા બહુ જ દુર્લભ છે.

**વિવેચન :** આત્મજ્ઞાન કદાચ અલ્પ સમયમાં અથવા એકાદ જન્મમાં સિદ્ધ થાય, પરન્તુ ભગવાન્‌નું જ્ઞાન પ્રાપ્ત થવું કઠિન છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી ભગવત્પ્રપત્તિ જેને થઈ હોય તેવો જ્ઞાની મહા દુર્લભ છે. બહુ જન્મો પછી છેલ્લા જન્મમાં ભગવાને પોતે સન્તુષ્ટ થઈ પોતાનાં જ્ઞાનનું જેને દાન કરેલું છે તેવો જ્ઞાની દુર્લભ છે. તેવા જ્ઞાનીમાં પણ જેને ભગવાન્‌ની પ્રપત્તિ થઈ હોય તેવો અતિ દુર્લભ છે.

શ્રીભાગવત્ ૨।૧।૬ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**કામૈસ્તૈસ્તૈર્ હૃતજ્ઞાનાઃ પ્રપદ્યન્તેઽન્યદેવતાઃ ।**
**તં-તં નિયમમાસ્થાય પ્રકૃત્યા નિયતાઃ સ્વયા ।।૨૦।।**

**શ્લોકાર્થ :** જુદી-જુદી કામનાઓથી જેઓનું જ્ઞાન હરાએલું છે તેવા પોતાની પ્રકૃતિને અધીન થએલા જુદા-જુદા નિયમો પાળી અન્ય દેવતાઓને શરણે જાય છે.

**વિવેચન :** અલૌકિક મહિમાવાળા મને જેઓ હરકોઈ પ્રકારે ભજે છે તેઓ અન્તે સિદ્ધિ પ્રાપ્ત કરી સંસાર તરી જાય છે એમ કહ્યું. હવે જેઓ મારું ભજન કરતાં નથી પરન્તુ પ્રાકૃત કામો કરવામાટે અન્ય દેવતાઓનું ભજન કરે છે તેઓ સંસારમાં બુડ્યા રહે છે એમ અહીંથી સાડાત્રણ (૨૦-૨૨।।) શ્લોકથી કહે છે. જુદી-જુદી કામનાઓથી જેઓનું જ્ઞાન હરાએલું છે અને જેઓ પોતાના રાજસ અથવા તામસ સ્વભાવને વશ થઈ રહેલા છે તેઓ ભિન્ન-ભિન્ન દેવતાઓને પ્રસન્ન કરવા ઉપવાસ વિગેરે વ્રતો કરે છે અને મારું ભજન નહિ કરતાં આવા દેવતાઓનું ભજન કરે છે.

**યો યો યાં યાં તનું ભક્તઃ શ્રદ્ધયાઽર્ચિતુમ્ ઇચ્છતિ ।**
**તસ્ય તસ્યાં ચલાં શ્રદ્ધાં તામેવ વિદધામ્યહમ્ ।।૨૧।।**

**શ્લોકાર્થ :** જે-જે ભક્ત જે-જે મૈંર્તિનું શ્રદ્ધાથી પૈંજન કરવા ઇચ્છે છે તેની-તેની તે જ શ્રદ્ધાને હું અચલ કરું છું.

**વિવેચન :** દેવતાઓ પણ મારું શરીર છે. શ્રુતિ પણ કહે છે કે ''જે આદિત્યમાં રહે છે, જેને આદિત્ય જાણતો નથી, જેનું આદિત્ય શરીર છે'' વિગેરે. તેથી જે અન્ય દેવતાઓનું ભજન કરે છે તે પણ દેવો મારું શરીર છે એમ જાણ્યા વિના, તેમનું શ્રદ્ધાથી પૈંજન કરવા જેઓ ઇચ્છે છે, તેઓની તે-તે દેવતાઓમાં રહેલી શ્રદ્ધાને હું અચલ કરું છું.

**સ તયા શ્રદ્ધયા યુક્તઃ તસ્યારાધનમ્ ઈહતે ।**
**લભતે ચ તતઃ કામાન્ મયૈવ વિહિતાન્ હિ તાન્ ।।૨૨।।**

**શ્લોકાર્થ :** શ્રદ્ધાથી યુક્ત ભક્ત તે દેવતાનું આરાધન કરે છે. અને તેની પાસેથી મેં જ નિર્માણ કરેલા કામ્ય-ફળોને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** પછી મારા અંગભૈંત જે દેવતાની તે ઉપાસના કરે છે. તેની પાસેથી તે પોતાના ઇચ્છેલા પદાર્થ પ્રાપ્ત કરે છે. આ પદાર્થો પણ મેં જ નિર્માણ કરેલા છે. જો કે ઉપાસના કરવાના સમયે પણ દેવતાની ઉપાસના કરનાર જાણતો નથી કે હું અવયવી છું અને તે દેવતા તો મારું અંગ જ છે, અને તે દેવતાની જ ઉપાસના કરે છે, છતાં પણ વાસ્તવિક રીતે દેવતા મારું અંગ હોવાથી તે મારી જ ઉપાસના ગણાય, અને તેથી મેં જ નિર્માણ કરેલું ફલ તે ઉપાસના કરનારને

પ્રાપ્ત થાય છે.

શ્રીભાગવત્ ૧૦।૩૭।૯ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**અન્તવત્તુ ફલં તેષાં તદ્ ભવત્યલ્પમેધસામ્ ।**
**દેવાન્ દેવયજો યાન્તિ મદ્ભક્તા યાન્તિ મામપિ ।।૨૩।।**

**શ્લોકાર્થ :** પરન્તુ તે અલ્પબુદ્ધિવાળાઓને તત્તત્ દેવતાઓ પાસેથી પ્રાપ્ત થતું ફલ વિનાશી હોય છે. દેવોના પૈંજકો દેવોને પામે છે અને મારા ભક્તો દેવાધિદેવ એવા મને પામે છે.

**વિવેચન :** ભાવભેદથી ફલભેદ થાય છે એમ કહે છે. ઈન્દ્ર વિગેરે અન્ય દેવતાઓનું ભજન કરનાર અલ્પ બુદ્ધિવાળાઓને શાખા અથવા ફલ અથવા પત્રને જલનું સિંચન કરનારની પેઠે અલ્પ, વિનાશી અને અન્તવાળું ફલ પ્રાપ્ત થાય છે. દેવોના પૈંજકો તે – તે દેવોને પામે છે, મારા ભક્તો મને પામે છે. તેથી અન્ય દેવતાઓના ભક્તોનું ફલ વિનાશી છે. શ્રૌતયજ્ઞમાં તો ભગવાન્‌ના અંગરૂપ દેવો છે એમ જાણીને તેમની આરાધના થાય છે. ભક્તિમાં તો માત્ર અંગી ભગવાન્‌ની આરાધના જ થાય છે. જે જેને શ્રદ્ધાથી ભજે છે તે તેને પ્રાપ્ત કરે છે. તેથી મારા ભક્તો મને પ્રાપ્ત કરી, અક્ષય્ય ફલ પ્રાપ્ત કરે છે.

ભાગવત્ ૧૧।૧૮।૨૨ પરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**વિશેષ :** ત્રણ પ્રકારના ભજન કરનારાઓ છે; ૧. અલ્પબુદ્ધિવાળા ક્ષુદ્ર સાંસારિક લાભને માટે ભજન કરે છે. ૨. ભજનદ્વારા દેવને પ્રાપ્ત કરવાની બુદ્ધિવાળા દેવનું ભજન કરે છે. ૩. ત્રીજા વર્ગના ભજન કરનારાઓ કૃષ્ણનું ભજન કરવા પ્રવૃત્ત થાય છે અને તે દ્વારા કૃષ્ણને પ્રાપ્ત કરે છે.

...જેમ – જેમ વાસનામય વિભાવો ઓછા થતા જશે તેમ – તેમ ઉત્કૃષ્ટ ભાવોનું ગ્રહણ થતું જશે. સર્વોત્કૃષ્ટ ભાવ જ્યાં સુધી તૈયાર થતો નથી ત્યાં સુધી કૃષ્ણાશ્રય અને કૃષ્ણસેવન બનતું નથી. આ પ્રાપ્ત કરવા ભગવત્શાસ્ત્રનો અભ્યાસ કરવાની જરૂર છે. ભગવત્શાસ્ત્ર = ગીતા, ભાગવતાદિ.

**અવ્યક્તં વ્યક્તિમાપન્નં મન્યન્તે મામ્ અબુદ્ધયઃ ।**
**પરં ભાવમ્ અજાનન્તો મમાવ્યયમ્ અનુત્તમમ્ ।।૨૪।।**

**શ્લોકાર્થ :** બુદ્ધિરહિત લોકો મારો અવ્યય અનુત્તમ પર ભાવ જાણતા નહિ હોવાથી અવ્યક્ત એવા મને વ્યક્તિ પામેલો માને છે.

**વિવેચન :** મારું ભજન કરનારને અવિનાશી અક્ષય્ય ફલ પ્રાપ્ત થાય છે અને અન્ય દેવતાઓનું ભજન કરનારને વિનાશી ફલ પ્રાપ્ત થાય છે, તો પણ મારું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી બુદ્ધિરહિત લોકો મારું ભજન નહિ કરતાં દેવતાઓનું ભજન કરે છે એમ કહે છે. બુદ્ધિરહિત લોકો જેઓનું જ્ઞાન વિવિધ કામનાઓથી હરાઈ ગયેલું છે તેઓ મારા ઉત્તમ અવ્યય પર ભાવથી અર્થાત્ અંશાંશિભાવથી સર્વ જગત્ મારામાં રહેલું છે એ ભાવથી અજાણ્યા હોવાથી મને અવ્યક્ત પુરુષોત્તમને સાધારણ લોક પેઠે અથવા દેવતાઓ પેઠે આ લોકમાં વ્યક્ત થએલો અથવા જન્મેલો માને છે.

**નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ ।**
**મૈંઢોડયં નાભિજાનાતિ લોકોમામ્ અજમ્ અવ્યયમ્ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** યોગમાયાથી ઢંકાએલો હું સર્વને દેખાતો નથી. આ મૈંઢલોકો મને અજ અને અવ્યય જાણતા નથી.

**વિવેચન :** સર્વભવનસામર્થ્યરૂપ મારી યોગમાયાથી હું સારી રીતે ઢંકાએલો હોવાથી માત્ર મારા ભક્તો જ મને જોઈ શકે છે પરન્તુ સર્વ કોઈ લોક મને દેખી શક્તા નથી. તેથી આ સંસારના મૈંઢ ભક્તિરહિત લોક હું અજ છું તથા અવ્યય છું તે જાણી શક્તા નથી.

**વેદાહં સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન !।**
**ભવિષ્યાણિ ચ ભૈંતાનિ માં તુ વેદ ન કશ્ચન ।।૨૬।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન! જેઓ થઈ ગયેલા છે, જેઓ છે તે અને જઓ થનારાં છે તે સર્વ પ્રાણીઓને હું જાણું છું, પરન્તુ મને કોઈ જાણતું નથી.

**વિવેચન :** હું ભૈંત, વર્તમાન અને ભવિષ્ય ના સર્વ પ્રાણીઓને જાણુ છું, પરન્તુ ત્રણે કાલના પ્રાણીઓમાં કોઈ અવ્યય અજ તથા અનન્ત મહિમાવાળા અને સર્વને મુક્તિનું દાન કરવા અવતરેલ મને વાસુદેવ જાણી મારું જ ભજન કરનાર જણાતો નથી.

**ઈચ્છા-દ્વેષ-સમુત્થેન દ્વન્દ્વમોહેન ભારત !।**
**સર્વભૈંતાનિ સમ્મોહં સર્ગે યાન્તિ પરન્તપ !।।૨૭।।**

**શ્લોકાર્થ :** હે ભારત! હે પરન્તપ! ઈચ્છા અને દ્વેષ થી ઉત્પન્ન થતા દ્વન્દ્વના મોહથી સર્વ પ્રાણીઓ સંસારમાં મોહ પામે છે.

**વિવેચન :** પોતાને પ્રિય વસ્તુની ઈચ્છાથી, અને અપ્રિય વસ્તુના દ્વેષથી સુખ તથા દુઃખ રૂપ દ્વન્દ્વ ઉત્પન્ન થાય છે. તે દ્વન્દ્વથી મોહ ઉત્પન્ન થાય છે. સંસારમાં સર્વ પ્રાણીઓ આ મોહને વશ થાય છે, તેથી તેઓને મારું જ્ઞાન થતું નથી.

**યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્ ।**
**તે દ્વન્દ્વ-મોહ-નિર્મુક્તા ભજન્તે માં દ્દઢવ્રતાઃ ।।૨૮।।**

**શ્લોકાર્થ :** પરન્તુ જે પુણ્યકર્મવાળા લોકોનાં પાપ નષ્ટ થએલા છે તેઓ દ્વન્દ્વના મોહથી મુક્ત થએલા દ્દઢવ્રત થઈ મને ભજે છે.

**વિવેચન :** પરન્તુ કેટલાક દુર્લભ ભાગ્યશાળી પુણ્ય કર્મ કરનાર લોકો, જેઓ મારાં દર્શન વિગેરે પુણ્ય કર્મ કરે છે અને વિનયવાળા હોય છે, તેઓના પાપ પુણ્યકર્મથી નષ્ટ થતાં, મારા સ્વરૂપનું જ્ઞાન થવામાં પ્રતિબન્ધરૂપ પાપ દૈંર થવાથી તેઓ સુખ-દુઃખ વિગેરે દ્વન્દ્વના મોહથી મુક્ત થાય છે અને પછી દ્દઢ સંકલ્પથી મને જ ભજે છે.

**જરા-મરણ-મોક્ષાય મામ્ આશ્રિત્ય યતન્તિ યે।**
**તે બ્રહ્મ તદ્વિદુઃ કૃત્સ્નમ્ અધ્યાત્મં કર્મ ચાખિલમ્ ।।૨૯।।**

**શ્લોકાર્થ :** જેઓ મારો આશ્રય કરી જરા તથા મરણ થી મુક્ત થવા યત્ન કરે છે તેઓ તે સર્વ બ્રહ્મને, અધ્યાત્મને તથા સર્વ કર્મને જાણે છે.

**વિવેચન :** પાછળ ચાર પ્રકારના ભક્તો કહેલા છે : ૧. આર્ત ૨. જીજ્ઞાસુ ૩. અર્થાર્થી અને ૪. જ્ઞાની. તેમાં જ્ઞાનીભક્ત સર્વથી ઉત્તમ છે તેમ કહ્યું. આર્ત અને અર્થાર્થી ભક્તો ભગવાન પાસેથી પોતાનાં ઈચ્છેલાં ફલ પ્રાપ્ત કરી મુમુક્ષુ થઈ જીજ્ઞાસુ થાય છે. તેથી જીજ્ઞાસુ ભક્તો અને જ્ઞાની ભક્તો ઉભયને શું ફલ પ્રાપ્ત થાય છે તે કહેતાં, તે પ્રાપ્ત કરવાના સાધનરૂપ જ્ઞાન પ્રાપ્ત

કરવાની અર્જુનને જીજ્ઞાસા ઉત્પન્ન કરવા તે ઉભય પ્રકારના ભક્તોની અહીંથી બે શ્લોકથી ( ૨૯ - ૩૦ ) પ્રશંસા કરે છે. જરા અને મરણ થી બ્રહ્માત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી મુક્ત થવા મારો આશ્રય કરી જે પ્રયત્ન કરે છે તેઓ બ્રહ્મ અર્થાત્ પરબ્રહ્મ નું સર્વ જ્ઞાન પ્રાપ્ત કરે છે, 'તત્' અર્થાત્ અક્ષરબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને અધ્યાત્મ એટલે આત્માને પ્રાપ્ત થએલ સ્વભાવનું અને સર્વ કર્મનું જ્ઞાન પણ પ્રાપ્ત કરે છે.

**સાધિભૈંતાધિદૈવં માં સાધિયજ્ઞં ચ યે વિદુઃ।**
**પ્રયાણકાલેડપિ ચ માં તે વિદુર્ યુક્તચેતસઃ।।૩૦।।**

**શ્લોકાર્થ :** જેઓ અધિભૈંત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મને જાણે છે તેઓ યુક્તચિત્તવાળા થઈ પ્રયાણ કાલે પણ મને જાણે છે.

**વિવેચન :** 'યે=જેઓ' એમ પુનઃ અહીં કહેલ છે, તેથી આ શ્લોકમાં પૈંર્વ શ્લોકમાં કહેલ જ્ઞાની ભક્તથી અન્ય જીજ્ઞાસુ ભક્તની વાત કહે છે એવો નિશ્ચય થાય છે. જેઓ અધિભૈંત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મને જાણે છે તેઓ યુક્તચિત્તવાળા થઈ પ્રયાણકાલે એટલે પ્રાણોના પ્રયાણ કાલે પણ મને તેવી જ રીતે જાણે છે. અહીં 'યુક્તચિત્તવાળા થઈ' એમ કહેલ હોવાથી તેઓને અન્તે યોગસિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે એમ સૈંચવેલું છે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપષિત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'જ્ઞાનવિજ્ઞાનયોગો' નામ**
**સપ્તમોડધ્યાયઃ।।૭।।**

# ।। અધ્યાય ૮ ।।

# અક્ષરબ્રહ્મયોગ

**અર્જુન ઉવાચ**

**કિં તદ્બ્રહ્મ કિમ્ અધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ!।**
**અધિભૂતં ચ કિં પ્રોક્તમ્ અધિદૈવં કિમ્ ઉચ્યતે।।૧।।**

**શ્લોકાર્થ :** હે પુરુષોત્તમ! તે બ્રહ્મ શું? અધ્યાત્મ શું? કર્મ શું? અધિભૂત કોને કહ્યું? અધિદૈવ શું કહેવાય છે?

**વિવેચન :** સપ્તમ અધ્યાયના અન્તના બે શ્લોકમાં ભગવાને બ્રહ્મ, અધ્યાત્મ વિગેરે કહ્યાં. તેના સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન થવા માટે અર્જુન બે શ્લોકથી (૧।૨) પ્રશ્ન કરે છે.

**અધિયજ્ઞઃ કથં કોઽત્ર દેહેઽસ્મિન્ મધુસૂદન!।**
**પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોઽસિ નિયતાત્મભિઃ।।૨।।**

**શ્લોકાર્થ :** હે મધુસૂદન! અધિયજ્ઞ કોણ? આ દેહમાં તે કેવી રીતે જણાય? આત્માને નિયમમાં રાખનારાઓથી પ્રયાણકાલે આપ કેવી રીતે જણાઓ?

પ્રશ્નના અનુક્રમે ભગવાન્ અહીંથી ત્રણ શ્લોકમાં (૩-૫) ઉત્તર આપે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોઽધ્યાત્મમ્ ઉચ્યતે।**
**ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસઞ્જ્ઞિતઃ।।૩।।**

**શ્લોકાર્થ :** પરમ અક્ષર બ્રહ્મ છે; સ્વભાવ અધ્યાત્મ કહેવાય છે. ભૂતભાવનો ઉદ્ભવ કરનાર વિસર્ગ કર્મ કહેવાય છે.

**વિવેચન :** જે બ્રહ્મ કહ્યું તે પરમ અક્ષર છે. પરમ એટલે પ્રધાન, ઉત્કૃષ્ટ, ક્ષરે નહિ અર્થાત્ જેનો વિકાર થાય નહિ તે અક્ષર. આને ભગવાન્ બ્રહ્મ-પરમાત્મા કહે છે. શ્રીમદ્ભાગવત્ ૧।૨।૧૧ માં આનું નિરૂપણ કરેલું છે. આ સમષ્ટિ અને વ્યષ્ટિનું મૂલ છે. સમષ્ટિનું મૂલ હોવાથી આખા બ્રહ્માણ્ડમાં વ્યાપી રહેલું છે. વ્યષ્ટિનું મૂલ હોવાથી પ્રાણીમાત્રમાં રહેલું છે. તે વિકારરહિત છે, ભગવાનનું ગણિતાનન્દવાળું અધ્યાત્મ સ્વરૂપ છે. ભગવાન્થી જુદું ન હોવા છતાં ભગવાન્નું ધામ હોવાથી જુદું કહેવામાં આવે છે. સાત્વતતન્ત્રમાં કહેલું છે કે : 'પુરુષ' નામથી ઓળખાતાં વિષ્ણુના ત્રણ રૂપ છે. ૧. મહત્ તત્ત્વને ઉત્પન્ન કરનારું (અક્ષર), ૨. સમષ્ટિરૂપ (બ્રહ્માણ્ડમાં વ્યાપી રહેલું) અને ૩. વ્યષ્ટિરૂપ (પ્રાણીમાત્રમાં રહેલું).

'અધ્યાત્મ' એટલે સોળ કળાવાળું, આત્મામાં જણાતું, સૂક્ષ્મ, ઇન્દ્રિયો સાથેના મનનું રૂપ અથવા સ્વભાવ. સ્વભાવને 'અધ્યાત્મ' કહે છે. આત્મામાં જણાતું તે અધ્યાત્મ. સ્વભાવની આત્મામાં સ્થિતિ હોવાથી તે અધ્યાત્મ કહેવાય છે. પઞ્ચ મહાભૂતોના ભાવ એટલે ભૌતિક શરીર, તેનો ઉદ્ભવ અથવા ઉત્પત્તિ કરનાર વિસર્ગ અથવા આહુતિ તે કર્મ કહેવાય છે. ''અગ્નિમાં નાખેલી આહુતિ સારી રીતે આદિત્યને પહોંચે છે''. ''પઞ્ચમ આહુતિમાં પાણી પુરુષરૂપ થાય છે'' વિગેરે શ્રુતિઓમાં આહુતિથી ઉત્પત્તિ થાય છે એમ કહેલું હોવાથી, ઉત્પત્તિ

કરવાનો તેનો સ્વભાવ હોવાથી તેને કર્મ કહેલું છે.

**અધિભૈંતં ક્ષરોભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્ ।**
**અધિયજ્ઞોઽહમેવાત્ર દેહે દેહભૃતાં વર ।।૪।।**

**શ્લોકાર્થ :** ક્ષર ભાવ અધિભૈંત છે અને પુરુષ અધિદૈવત છે. હે પ્રાણીઓમાં શ્રેષ્ઠ ! અહીં દેહમાં અધિયજ્ઞ હું જ છું.

**વિવેચન :** ક્ષર ભાવ અથવા 'ક્ષરણ' એટલે નાશ પામવાનો અથવા વિકાર થવાનો જેનો સ્વભાવ છે તે ભૌતિક પદાર્થ, તૃણથી આરમ્ભી વિરાટ્પર્યન્ત સર્વ પદાર્થ જે વારંવાર ઉત્પત્તિ વિગેરે વિકાર અનુભવે છે, તે અધિભૈંત છે. વળી પુરુષ એટલે જીવ-આત્મા તે સર્વત્ર અધિદૈવ છે. શબ્દાદિનો ભોક્તા હોવાથી આત્મા અધિદૈવ છે. 'ચ=અને' શબ્દથી સૈંર્ય વિગેરે અધિદેવોનો સમાવેશ થાય છે. અધિયજ્ઞ કોણ ? એમ પૈંછ્યું તેનો ઉત્તર કહે છે : અધિયજ્ઞ હું છું. યજ્ઞોનો અધિષ્ઠાતા અવયવી, યજ્ઞોથી આરાધ્ય પરમાત્મા હું અધિયજ્ઞ છું. સર્વના દેહમાં 'હું' અધિયજ્ઞ છું. દેહમાં એટલે સર્વ પ્રાણીઓના શરીરમાં અન્તર્યામી હું રહેલો છું.

**અન્તકાલે ચ મામેવ સ્મરન્ મુક્ત્વા કલેવરમ્ ।**
**યઃ પ્રયાતિ સ મદ્ભાવં યાતિ નાસ્ત્યત્રસંશયઃ ।।૫।।**

**શ્લોકાર્થ :** અન્તકાલે મારું જ સ્મરણ કરતાં જે શરીર તજી જાય છે તે મારા ભાવને પામે છે. આમાં સંશય નથી.

**વિવેચન :** "પ્રયાણકાલે આપ કેવી રીતે જણાઓ?" પ્રશ્નનો હવે ઉત્તર આપે છે. મન્ત્ર ઉપાસના વિગેરેથી જેનો સ્પર્શ પણ હોઈ શકે નહિ તેવો પૈંર્ણાનન્દ લીલાપુરુષોત્તમ હું છું. તેનું જ અન્તકાલે જે ભક્તિવાળો યોગી સ્મરણ કરે, બીજા કોઈમાં ચિત્ત નહિ રાખતાં મારું જ સ્મરણ કરતાં-કરતાં દેહ તજે, તે મારા ભાવને પામે છે તેમાં કાંઈ પણ સંશય નથી.

**યં યં વાપિ સ્મરન્ ભાવં ત્યજત્યન્તે કલેવરમ્ ।**
**તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવભાવિતઃ ।।૬।।**

**શ્લોકાર્થ :** અથવા હે કૌન્તેય ! અન્તે જે - જે ભાવનું સ્મરણ કરતાં શરીર તજે છે તે સદા તે ભાવની ભાવનાવાળો હોવાથી તેને જ પામે છે.

**વિવેચન :** અન્તકાલે મારું જ સ્મરણ કરનારા મારા ભાવને પામે છે. એટલો જ નિયમ નથી, પરન્તુ જે-જે માણસ જે-જે ભાવનું અન્તકાલે સ્મરણ કરતાં શરીરને તજે છે તે-તે માણસ સદા તે જ ભાવની ભાવનાવાળો હોવાથી તે ભાવને પામે છે. જેમ ભરતે મૃગનું સ્મરણ કરતાં શરીર તજેલું હોવાથી મૃગ થયા હતા તેવી રીતે સામાન્ય નિયમ છે. તેથી અન્તકાલે બીજા કોઈનું સ્મરણ નહિ કરતાં મારું જ સ્મરણ કરતાં શરીર તજવું ઉત્તમ છે.

શ્રીભાગવત્ ૨।૧।૬ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**તસ્માત્ સર્વેષુ કાલેષુ મામ્ અનુસ્મર યુદ્ધ્ય ચ ।**
**મય્યર્પિત-મનો-બુદ્ધિઃ મામેવૈષ્યસ્યસંશયમ્ ।।૭।।**

**શ્લોકાર્થ :** તેથી સર્વ કાલમાં મારું સ્મરણ કર અને યુદ્ધ કર. મારામાં મન અને બુદ્ધિ નું અર્પણ કરી તું મને જ પામીશ તેમાં સંશય નથી.

**વિવેચન :** આ પ્રમાણે નિયમ હોવાથી તું સર્વ કાલમાં ''શ્રી કૃષ્ણઃ શરણં મમ'' એમ મારું જ સ્મરણ કર. આ પ્રમાણે મારું સ્મરણ કરતાં તારું સ્વકર્મ કર તે પણ ઉત્તમ છે. તેથી યુદ્ધ કર. મારામાં મન તથા બુદ્ધિ અર્પણ કરી એટલે મારા માં જ સંકલ્પ તથા વ્યવસાય રાખી તું મને જ પ્રાપ્ત કરીશ તેમાં કાંઈ સંશય નથી.

**અભ્યાસયોગયુકતેન ચેતસા નાન્યગામિના ।**
**પરમં પુરુષં દિવ્યં યાતિ પાર્થાનુચિન્તયન્ ।।૮।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! અન્યત્ર નહિ જનાર અને અભ્યાસ તથા યોગથી યુક્ત ચિત્તથી પરમ દિવ્ય પુરુષનું ચિન્તન કરનાર તેને પામે છે.

**વિવેચન :** અન્યત્ર એટલે વિષય અથવા અક્ષર વિગેરે બીજા કોઈ સ્થળે નહિ જનાર, પરન્તુ અભ્યાસથી થતા યોગથી સ્થિર થએલા ચિત્તથી માત્ર પરમ દિવ્ય પુરુષનું ચિન્તન કરનાર તેને પામે છે.

**કવિં પુરાણમ્ અનુશાસિતારમ્ અણોરણીયાન્ સમનુસ્મરેદ્ યઃ ।**
**સર્વસ્ય ધાતારમચિત્યરૂપમ્ આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્।૯।**
**પ્રયાણકાલે મનસાડચલેન ભક્ત્યા યુક્તો યોગબલેન ચૈવ ।**
**ભ્રૈંવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક્ સ તં પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ ।।૧૦।।**

**શ્લોકાર્થ :** જે પ્રયાણ કાલે ભક્તિ તથા યોગબલથી યુક્ત થઈ બે ભ્રમરો મધ્યે પ્રાણને સારી રીતે રાખી અચલ મનથી પુરાણ કવિ, અનુશાસન કરનાર, અણુથી પણ અણુ, સર્વને ધારણ કરનાર, અચિત્યરૂપવાળા, તમઃથી પર, આદિત્યવર્ણવાળાનું સ્મરણ કરે તે – તે પર દિવ્ય પુરુષને પામે છે. તે પર દિવ્ય પુરુષને પામે છે અર્થાત્ તેના સામીપ્યને પ્રાપ્ત કરે છે. સામીપ્યરૂપ મુક્તિ પ્રાપ્ત કરે છે.(૯-૧૦)

**યદક્ષરં વેદવિદો વદન્તિ વિશન્તિ યદ્યતયો વીતરાગાઃ ।**
**યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ તત્તે પદં સંગ્રહેણ પ્રવક્ષ્યે ।।૧૧।।**

**શ્લોકાર્થ :** વેદ જાણનારો જેને અક્ષર કહે છે, જેનો રાગ દૈંર થએલો છે તેવા યતિઓ જેમાં પ્રવેશ કરે છે, જેની ઈચ્છા રાખનાર બ્રહ્મચર્ય પાળે છે તે પદ તને સંક્ષેપમાં કહીશ.

**વિવેચન :** ગયા શ્લોકમાં કહ્યા પ્રમાણે યોગથી અધિયજ્ઞની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીઓને પણ તેની જ પ્રાપ્તિ થાય છે એમ કહેવા તેના ઉપાસકો કહે છે. તે મારા અક્ષરનું સ્વરૂપ હું તને સૂંપથી કહીશ. તેને વેદ જાણનાર 'અક્ષર' કહે છે. ''હે ગાર્ગિ ! આ તે અક્ષર છે'' વિગેરે શ્રુતિઓમાં તેને અક્ષર કહેલું છે. વેદ જાણનાર ઘણું કરી અક્ષર સુધી પહોંચી શકે છે એવો ભાવાર્થ આમાંથી નીકળે છે. જેનો રાગ દૈંર થએલો છે તેવા યતિઓ તેમાં પ્રવેશ કરે છે. અર્થાત્ તે પદ પ્રાપ્ત કરે છે. તેની જ ઈચ્છાથી બ્રહ્મચારીઓ બ્રહ્મચર્ય પાળે છે. મારા ચરણરૂપ હોવાથી અક્ષરને અહીં 'પદ' કહેલું છે.

બ્રહ્મસૈંત્ર ૩।૩।૩૩ ઉપરના અણુભાષ્યમાં આ શ્લોક તથા આની પછીના ૧૨, ૧૩ અને ૧૪ મા શ્લોકોનું અનસન્ધાન કરેલું છે.

**સર્વદ્વારાણિ સંયમ્ય મનોહૃદિ નિરુધ્ય ચ ।**
**મૈંર્ધ્યાધાયાત્મનઃ પ્રાણમ્ આસ્થિતો યોગધારણામ્ ।।૧૨।।**

**ઓમ્ ઈત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્ મામ્ અનુસ્મરન્।**
**યઃ પ્રયાતિ ત્યજન્ દેહં સ યાતિ પરમાં ગતિમ્।।૧૩।।**

**શ્લોકાર્થ :** સર્વ દ્વારોનો સંયમ કરી, મનનો હૃદયમાં નિરોધ કરી, પોતાના પ્રાણને મસ્તકમાં રાખી, યોગધારણા કરતાં, ૐ એ એકાક્ષર બ્રહ્મ ઉચ્ચારતાં અને મારું સ્મરણ કરતાં જે દેહ તજી જાય છે તે પરમ ગતિ પામે છે.

**વિવેચન :** 'અક્ષર' પદ પ્રાપ્ત કરવાનો ઉપાય અંગસહિત આ બે શ્લોકમાં કહે છે. આ પ્રમાણે આચરણ કરનાર ગયા શ્લોકમાં 'પદ' કહ્યું તે ઉત્તમ ગતિને અર્થાત્ અક્ષરને પામે છે( ૧૨-૧૩).

**અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ।**
**તસ્યાહં સુલભઃ પાર્થ ! નિત્યયુક્તસ્ય યોગિનઃ।।૧૪।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! જે અનન્ય ચિત્તવાળો રહી નિત્ય મારું સતત સ્મરણ કરે છે તે નિત્યયુક્ત યોગીને હું સુલભ છું.

**વિવેચન :** ૮ (૯,૧૦), ૧૧, (૧૨,૧૩) શ્લોકથી પરમાત્માનું ચિન્તન કરનારને અક્ષરની પ્રાપ્તિ થવાના ત્રણ પ્રકાર કહ્યા. હવે ભક્તોને ભગવાન્‌ની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે કહે છે. ભગવાન્ સિવાય અન્ય સ્ત્રી-પુત્ર વિગેરે લૌકિક વિષય અથવા અક્ષર વિગેરે અલૌકિક વિષયમાં પણ ચિત્ત નહિ રાખતાં જે માત્ર ભગવાનમાં જ અર્થાત્ મારામાં જ ચિત્ત રાખે છે અને સદા નિરન્તર મારું જ સ્મરણ કરે છે, તેવા નિત્યયુક્ત અથવા મારામાં નિત્ય અનુરાગ રાખનાર યોગીને નિરુપમ મહિમાવાળો પુરુષોત્તમ ભગવાન વાસુદેવ હું પણ સુલભ છું.

ભગવાન્ વાસુદેવની જેને પ્રાપ્તિ થાય તેને પુનર્જન્મ થતો નથી એમ સદાચારથી દર્શાવે છે :

**મામ્ ઉપેત્ય પુનર્જન્મ દુઃખાલયમ્ અશાશ્વતમ્।**
**નાપ્નુવન્તિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ।।૧૫।।**

**શ્લોકાર્થ :** પરમ સંસિદ્ધિને પામેલા મહાત્માઓને મને પ્રાપ્ત કર્યા પછી દુઃખના સ્થાનરૂપ અનિત્ય પુનર્જન્મ થતો નથી.

**વિવેચન :** ભગવાન્‌ના ભક્તો અને અન્ય દેવતાઓના ઉપાસકોમાં આ મુખ્ય ભેદ છે. ભગવાન્‌ના ભક્તોને ભગવાન્‌ની પ્રાપ્તિ થાય છે અને ત્યાર પછી તેમને પુનર્જન્મ થતો નથી. અન્ય સર્વને પુનર્જન્મ થાય છે.

**આબ્રહ્મભુવનાત્ લોકાઃ પુનરાવર્તિનોઽર્જુન !।**
**મામ્ ઉપેત્ય તુ કૌન્તેય ! પુનર્જન્મ ન વિદ્યતે।।૧૬।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! બ્રહ્મલોક પર્યન્ત સર્વ લોકોની પુનરાવૃત્તિ થાય છે, પરન્તુ હે કૌન્તેય ! મને પ્રાપ્ત કર્યા પછી પુનર્જન્મ થતો નથી.

**વિવેચન :** બ્રહ્મભુવન સુધીના સર્વે લોકોને પુનર્જન્મ થાય છે પરન્તુ જે મને પ્રાપ્ત કરે છે તેમને પુનર્જન્મ થતો નથી. આ વાત નિશ્ચિત છે એમાં કાંઈ સંશય નથી એમ દર્શાવવા આ પુનઃ કહેલ છે.

બ્રહ્મસૈત્ર ૪।૧।૨ તથા ૪।૩।૧ ઉપરના અણુભાષ્યમાં અને શ્રીભાગવત્ ૧।૭।૨૨, ૨।૨।૮, ૨।૨।૩૧, ૩।૧૯।૧૫ તથા ૧૦।૨૦।૨૯ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**સહસ્રયુગપર્યન્તમ્ અહર્ યદ્ બ્રહ્મણો વિદુઃ।**
**રાત્રિં યુગસહસ્રાન્તાં તેઽહોરાત્રવિદો જનાઃ।।૧૭।।**

**શ્લોકાર્થ :** જેઓ સહસ્ર મહાયુગ સુધીનો બ્રહ્માનો દિવસ અને તે સહસ્ર મહાયુગની રાત્રિ જાણે છે તેઓ અહોરાત્રને જાણનાર છે.

**વિવેચન :** બ્રહ્મભુવન સુધીના લોકોની પુનરાવૃત્તિ કેમ થાય ? એવી શંકા થાય, તે દૈંર કરવા બ્રહ્માના દિવસ તથા રાત્રિ નું પરિમાણ કહે છે. મનુષ્યના ૪,૩૨,૦૦૦ વર્ષનો કલિયુગ છે. તેથી બમણો દ્વાપરયુગ, ત્રણગણો ત્રેતાયુગ અને ચારગણો કૃતયુગ છે. તેથી ચારે યુગ મળી મનુષ્યનાં ૪૩,૨૦,૦૦૦ વર્ષ થાય છે. તેને મહાયુગ કહે છે. આવા ૧૦૦૦ મહાયુગનો બ્રહ્માનો દિવસ અને તેટલી જ બ્રહ્માની રાત્રિ છે. રાત્રિ દિવસ મળી એક દિવસ થયો. એ પ્રમાણે દિવસ ગણી ૧૦૦ વર્ષનું બ્રહ્માનું આયુષ્ય પુરું થતાં બ્રહ્માનો પણ લય થઈ જાય છે ત્યારે બ્રહ્મલોક પ્રાપ્ત કરનારોનો લય થઈ જાય છે તેમા આશ્ચર્ય શું ?

આ શ્લોકથી આરમ્ભી ૨૨ મા સુધીના શ્લોકોનું અનુસન્ધાન બ્રહ્મસૈત્ર ૩।૩।૩૩ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**અવ્યક્તાદ્ વ્યક્તયઃ સર્વાઃ પ્રભવન્ત્યહરાગમે।**
**રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસઞ્જ્ઞકે।।૧૮।।**

**શ્લોકાર્થ :** દિવસ થાય ત્યારે વ્યક્તિઓનો અવ્યક્તમાંથી પ્રભવ થાય છે. રાત્રિ થાય ત્યારે તે જ અવ્યક્તમાં તેઓનો લય થાય છે.

**વિવેચન :** જ્યારે બ્રહ્માનો દિવસ થાય ત્યારે ભગવાન્ના ચરણરૂપ અવ્યક્ત અક્ષરમાંથી સમષ્ટિના મૈંલભૈંત અને તેમની પ્રકૃતિ સાથે ઉત્પન્ન થએલ પરમેષ્ઠી બ્રહ્મામાંથી દેવ, મનુષ્ય, કીટ, તૃણ વિગેરે સ્થાવર જંગમ સર્વ વ્યક્તિઓ પ્રકટ થાય છે, અને જ્યારે બ્રહ્માની રાત્રિ થાય છે ત્યારે તે જ અવ્યક્ત અક્ષરમાં તે સર્વ વ્યક્તિઓ લીન થઈ જાય છે.

**ભૈંતગ્રામઃ સ એવાયં ભૈંત્વા-ભૈંત્વા પ્રલીયતે।**
**રાત્ર્યાગમેઽવશઃ પાર્થ ! પ્રભવત્યહરાગમે।।૧૯।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! તે જ આ ભૈંતોનો સમૈંહ પ્રકટ થઈ રાત્રિ થાય ત્યારે પરવશ હોઈ લીન થાય છે અને દિવસ થાય ત્યારે પ્રકટ થાય છે.

**વિવેચન :** આ જ ભૈંતોનો સમૈંહ પ્રકૃતિના ગુણોને પરવશ હોવાથી જ્યારે-જ્યારે બ્રહ્માનો દિવસ થાય ત્યારે-ત્યારે પ્રકટ થાય છે અને જ્યારે-જ્યારે બ્રહ્માની રાત્રિ થાય ત્યારે-ત્યારે લય પામે છે.

**પરસ્તસ્માત્તુ ભાવોઽન્યોઽવ્યક્તો વ્યક્તાત્ સનાતનઃ।**
**યઃ સ સર્વેષુ ભૈંતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ।।૨૦।।**

**શ્લોકાર્થ :** પણ તે વ્યક્તથી પર અન્ય સનાતન અવ્યક્ત ભાવ છે જે સર્વ ભૈંતોનો નાશ થવા છતાં નાશ પામતો નથી.

**વિવેચન :** વારંવાર વ્યક્ત અથવા પ્રકટ થતો હોવાથી આને વ્યક્ત ભાવ કહ્યો. તેમાં બ્રહ્મલોક પર્યન્ત સર્વ લોકોનો સમાવેશ થાય છે. આ ભાવ ક્ષર છે, કારણ કે તેનો વારંવાર લય થાય છે. આ વ્યક્ત ક્ષર ભાવથી પર અથવા ગુણાતીત અન્ય સનાતન અવ્યક્ત ભાવ છે. સર્વભૈંતોનો નાશ થવા છતાં ગુણાતીત અવ્યક્ત ભાવનો નાશ થતો નથી. આ અવ્યક્ત ભાવ સનાતન હોવાથી અનાદિસિદ્ધ છે, પર એટલે ગુણાતીત અથવા સર્વોત્તમ છે. સર્વ ભૈંતોનો નાશ થવાં છતાં આ સર્વોત્તમ ભાવમાં કોઈ પ્રકારનો વિકાર થતો નથી.

**અવ્યક્તો'ઽક્ષર' ઈત્યુક્તઃ તમાહુઃ પરમાં ગતિમ્।**
**યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ।।૨૧।।**

**શ્લોકાર્થ :** અવ્યક્તને 'અક્ષર' કહે છે. તેને પરમ ગતિ કહે છે. તેને પ્રાપ્ત કરી પાછા ફરતા નથી. તે મારું પરમ ધામ છે.

**વિવેચન :** આ અવ્યક્તને 'અક્ષર' કહે છે, કારણ કે તે મારા ચરણાંશરૂપ હોવાથી તેનામાં વિકાર થતો નથી. તેને જ પરમ ગતિ કહે છે, કારણ કે તે અક્ષરને પ્રાપ્ત કર્યા પછી કોઈ સંસારમાં પાછું આવતું નથી. આ અક્ષરનું માહાત્મ્ય મારા સમ્બન્ધને લઈને છે એમ દર્શાવવા તે અક્ષર મારું પરમ ધામ છે એમ કહે છે. મારા ધામમાંથી પુનઃ સંસારમાં આવવાનું હોય નહિ.

અહીં 'અવ્યક્ત' અક્ષરબ્રહ્મને કહેલ છે, તેનો અર્થ જીવ અથવા પ્રકૃતિ થઈ શકે નહિ; કારણ કે જીવ અથવા પ્રકૃતિ પરમ ગતિ કહેવાય નહિ. તેમજ જીવ અથવા પ્રકૃતિને પ્રાપ્ત કરી પુનઃજન્મ ન થાય એમ પણ કહી શકાય નહિ.

આ અક્ષરની પ્રાપ્તિ કરવા ઉપર પ્રમાણે સાધન આવશ્યક છે, પરન્તુ મારી પ્રાપ્તિ માત્ર અહૈતુકી ભક્તથી જ થાય છે એમ કહે છે :

**પુરુષઃ સ પરઃ પાર્થ! ભક્ત્યા લભ્યઃ ત્વનન્યયા।**
**યસ્યાન્તઃ સ્થાનિ ભૈંતાનિ યેન સર્વમ્ ઈદં તતમ્।।૨૨।।**

**શ્લોકાર્થ :** પરન્તુ હે પાર્થ! અનન્ય ભક્તિથી લભ્ય પુરુષ પર છે. તેની અન્દર ભૈંતો રહેલા છે. તેનાથી આ સર્વ વ્યાપેલું છે.

**વિવેચન :** તે અક્ષર જેનું ધામ છે તે પર પુરુષ અનન્ય ભક્તિથી પ્રાપ્ય છે. તેથી જ્ઞાનીઓને માત્ર અક્ષરની જ પ્રાપ્તિ થાય છે, પણ પર પુરુષની પ્રાપ્તિ થતી નથી. માત્ર અનન્ય ભક્તોને જ પર પુરુષ પ્રાપ્ત થાય છે. આ પરપુરુષનું લક્ષણ કહે છે કે તે પરપુરુષની અંદર સર્વ ભૈંતો રહેલાં છે. અક્ષર સહિત સર્વ ભૈંતો તેની અન્દર રહેલાં છે. આ મૃદ્ભક્ષણ પ્રસંગમાં સિદ્ધ થએલું છે. વળી તે પરપુરુષથી આ સર્વ વ્યાપી રહેલું છે. હું તે પરપુરુષ છું. પરિચ્છિન્ન દેખાઉં છું છતાં આ સર્વવ્યાપી રહેલો છું તે દામોદરલીલાથી સિદ્ધ થએલું છે.

**યત્ર કાલે ત્વનાવૃત્તિમ્ આવૃત્તિં ચૈવ યોગિનઃ।**
**પ્રયાતા યાન્તિ તં કાલં વક્ષ્યામિ ભરતર્ષભ!।।૨૩।।**

**શ્લોકાર્થ :** હે ભરતર્ષભ! જે કાલમાં પ્રયાણ કરનાર યોગીઓ અનાવૃત્તિ તથા આવૃત્તિ પામે છે તે કાલ કહું છું.

**વિવેચન :** ક્યારે ક્યા માર્ગે જનાર યોગીઓને પુનર્જન્મ થતો નથી, અને ક્યારે ક્યા માર્ગે જનાર યોગીઓને પુનર્જન્મ થાય છે તે કહે છે. જે કાલમાં પ્રયાણ કરનાર એટલે પ્રાણ ત્યાગ કરનાર

યોગીઓ અનાવૃત્તિ પામે છે એટલે પુનર્જન્મથી મુક્ત થાય છે, અને જે કાલમાં પ્રાણ ત્યાગ કરનાર યોગીઓ આવૃત્તિ પામે છે એટલે પુનર્જન્મ પામે છે તે કહું છું. અહીં કાલ શબ્દથી ૧. સમય તેમજ ૨. દિવસથી આરમ્ભી સંવત્સર સુધીના કાલના અભિમાની દેવતાઓ જે માર્ગે જીવને લઈ જાય છે તે માર્ગ સમજવાના છે.

**અગ્નિજર્યોતિરહઃ શુક્લઃ ષણ્માસા ઉત્તરાયણમ્ ।**
**તત્ર પ્રયાતા ગચ્છન્તિ બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ ।।૨૪।।**

**શ્લોકાર્થ :** અગ્નિ, જ્યોતિઃ, દિવસ, શુક્લપક્ષ અને ઉત્તરાયણના છ માસમાં પ્રયાણ કરનાર બ્રહ્મ જાણનાર લોકો બ્રહ્મ પામે છે.

**વિવેચન :** આ સમયે પ્રયાણ કરનાર નિષ્કામ કર્મ કરનાર બ્રહ્મ જાણનાર યોગીઓને અક્ષરબ્રહ્મ ક્રમમુક્તિ પ્રકારથી પ્રાપ્ત થાય છે.

**ધૈંમો રાત્રિસ્તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્ ।**
**તત્ર ચાન્દ્રમસં જ્યોતિર્ યોગી પ્રાપ્ય નિવર્તતે ।।૨૫।।**

**શ્લોકાર્થ :** ધૈંમ, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયન ના છ માસમાં પ્રયાણ કરનાર યોગી ચન્દ્રમાની જ્યોતિ પ્રાપ્ત કરી પાછો ફરે છે.

**વિવેચન :** આ સમયે પ્રયાણ કરનાર સકામ કર્મ કરનાર યોગી ચન્દ્રલોકમાં સુખ ભોગવી પુનઃ જન્મે છે. તેથી ભગવાન્‌ને અર્પણ કરી નિષ્કામતાથી કર્મ કરનારને ભગવાન્‌ની સાત્ત્વિક ઉપાસનાથી સાત્ત્વિક ક્રમમુક્તિ થાય છે. કામ્ય કર્મ કરનારને ચન્દ્રલોકની પ્રાપ્તિ થાય છે. ત્યાં સુખ ભોગવી પુનઃ તેની આવૃત્તિ થાય છે. નિષિદ્ધ કર્મ કરનારને નરકની પ્રાપ્તિ થાય છે. ત્યાં દુઃખ ભોગવી પુનઃ તેની આવૃત્તિ થાય છે; અને ક્ષુદ્ર કર્મ કરનાર જન્તુઓને અહીં જ પુનઃ-પુનઃ જન્મ થયા કરે છે.

બ્રહ્મસૈંત્ર ૩।૧।૧ ઉપરના અણુભાષ્યમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**શુક્લ-કૃષ્ણે ગતી હ્યેતે જગતઃ શાશ્વતે મતે ।**
**એકયા યાત્યનાવૃત્તિમ્ અન્યયાઽઽવર્તતે પુનઃ ।।૨૬।।**

**શ્લોકાર્થ :** જગતની આ શુક્લ અને કૃષ્ણ ગતિઓ શાશ્વત મનાએલી છે. એકથી અનાવૃત્તિ પામે છે અને અન્યથી પુનઃ આવર્તન થાય છે.

**વિવેચન :** ઉભય માર્ગનો ઉપસંહાર કરે છે. જગતની આ શુક્લ અને કૃષ્ણ ગતિ નિત્ય છે શુક્લ માર્ગથી અનાવૃત્તિ પ્રાપ્ત થાય છે અને કૃષ્ણ માર્ગથી પુનઃ આવૃત્તિ થાય છે.

**વિશેષ :** કેટલાએકનું એવું માનવું છે કે મરણ પોતાના હાથમાં છે અને તે પ્રમાણે તે સાધક કાલ સિદ્ધ કરી લે છે. આ બાબત વિચારવા જેવી છે. સર્વત્ર આવો અનુભવ જણાતો નથી; પણ એવું સમજાય છે કે કોઈક નિગ્રહિતા હોવો જોઈએ જે જીવોના કર્મો ઉપર દેખરેખ રાખે અને ફળ પણ આપે. આ નિગ્રહિતાને ઈશ્વર ભાવથી ઓળખવામાં આવે છે. મરણ સમયે ઈશ્વર પોતાનો ભાવ યમસ્વરૂપે બનાવે છે, એ કારણે યમને નિયન્તા તરીકે માનવામાં આવ્યો. કાલને પણ નિયમન કરવાની સત્તા હોય એવું પણ સમજાય છે. આથી સુયોગ કાલમાં મરણ થાય તેને કાલ સાધક બને છે અને વિપરીત કાલમાં મરણ થાય તેને કાલ બાધક બને છે.

દૈવી કાલ ઉત્તરાયણથી છ મહિના સુધીનો ગણવામાં આવે છે અને પિતૃકાલ

દક્ષિણાયનના છ મહિનાનો ગણ્યો છે.

દેવકાલમાં પ્રકાશનાં તત્ત્વો વધારે પ્રમાણમાં હોય છે તેથી તેને સુયોગ માન્યો છે અને દક્ષિણાયનમાં પ્રકાશનાં તત્ત્વો ઓછાં હોવાથી તેને વિપરીત કાલ કહેવામાં આવે છે. આથી ઉત્તરાયણ એટલે દેવગતિ અને દક્ષિણાયન એટલે પિતૃગતિ એવો અર્થ સિદ્ધ થાય છે.

વિશેષમાં નિષ્કામ કર્મ કરનારની અર્ચિદાદિ (અર્ચિષ્ = પ્રકાશ = દેવગતિ) માર્ગમાં એની ગતિ થાય છે. સકામ કર્મ કરનારની ગતિ સોમ અથવા પિતૃ માર્ગમાં થાય છે. પિતૃમાર્ગમાં એને સ્વર્ગપર્યન્તનું સુખ ભોગવી પાછા આવવાની જરૂર પડે છે.

નિષ્કામ કર્મ કરનારને ફળની લાલસા ન હોવાથી મોક્ષ પર્યન્ત જાય છે. એટલે બ્રહ્મલોક પર્યન્ત જાય છે. જો કે કોઈનું પણ જવું નિશ્ચયરૂપે આંકી શકાતું નથી, છતાં પણ કાંઈક સાધારણ સમજ પૈરતું જ્ઞાન આ શ્લોકો આપે છે. જેને કોઈ પણ પ્રકારની કામના નથી એવો જ્ઞાની અથવા ભક્ત ચાહે તો શુક્લપક્ષમાં મરણ થાય; ચાહે તો કૃષ્ણપક્ષમાં મરણ થાય તો પણ તેની ગતિ તો માત્ર ભગવદધીન હોવાથી એની વ્યવસ્થા તો ભગવાન્ જ કરી લેશે. એને પોતાને કોઈ પણ જાતનો મોહ ન હોવાથી હંમેશા એની સદ્ગતિ જ બની રહે છે.

કાલ ભગવાન્ દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મ પ્રકારમાં પોતાની યોજના કર્યા કરે છે. તાત્પર્ય કે કાલની અસર આ છ ઉપર લાગે છે. જેવો – જેવો કાલ તેવા આ છ બને છે. સારા કાલમાં આ બધા સારા થઈ જાય છે અને નબળા કાલમાં આ બધા નબળા બને છે.

**નૈતે સૃતી પાર્થ જનાન્ યોગી મુહ્યતિ કશ્ચન।**
**તસ્માત્ સર્વેષુ કાલેષુ યોગયુક્તો ભવાર્જુન!॥૨૭॥**

**શ્લોકાર્થ :** હે પાર્થ! આ બે માર્ગને જાણનાર કોઈ પણ યોગીને મોહ થતો નથી. તેથી હે અર્જુન! સર્વ કાલમાં યોગયુક્ત થા.

**વિવેચન :** આ બે માર્ગના જ્ઞાનનું ફલ કહી યોગનો ઉપદેશ કરે છે. માત્ર પ્રયાણ કાલે જ યોગ ધારણ નહિ કરતાં સદા યોગ કરવો, કારણ કે યોગની નિત્ય અપેક્ષા છે.

**વેદેષુ યજ્ઞેષુ તપઃસુ ચૈવ દાનેષુ યત્ પુણ્યફલં પ્રદિષ્ટમ્।**
**અત્યેતિ તત્ સર્વમિદં વિદિત્વા યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ્।૨૮।**

**શ્લોકાર્થ :** વેદોમાં, યજ્ઞોમાં, તપોમાં, અને દાનોમાં પુણ્યનું જે ફલ કહેલું છે તે સર્વનું, આ જાણી યોગી અતિક્રમણ કરે છે અને પર આદ્યસ્થાન પામે છે.

**વિવેચન :** વેદો વગેરેમાં પુણ્યનું ઐહિક અથવા પારલૌકિક ફલ કહેલું છે તેનું યોગી આ અધ્યાયમાં કરેલા ઉપદેશને જાણી અતિક્રમણ કરે છે. અર્થાત્ તે ફલથી અધિક ફલ તેને પ્રાપ્ત થવાથી તેની તે ઈચ્છા કરતો નથી, અને આ અધ્યાયમાં આઠ પ્રશ્નનો નિર્ણય કરી જે કહેલું છે તેનું જ્ઞાન પ્રાપ્ત થવાથી તે આદ્ય એટલે જગતના મૈંલભૈંત પર સ્થાન ભગવદ્ધામને પ્રાપ્ત કરે છે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે ‘અક્ષરબ્રહ્મયોગો’ નામ**
**અષ્ટમોઽધ્યાયઃ॥૮॥**

# ।। અધ્યાય ૯ ।।
# રાજવિદ્યારાજગુહ્યયોગ

મહાપતિતને પણ પાવન કરનાર ભગવાન્ આ નવમા અધ્યાયમાં ઉત્તમ ભક્તિ જેમાં રહેલી છે એવું પોતાના અક્ષરના ઐશ્વર્યનું જ્ઞાન, વિજ્ઞાનસહિત કહે છે. આઠમા અધ્યાયમાં ભગવાને પોતાનો મહિમા કહ્યો તથા પોતે સર્વથી ઉત્તમ છે એમ કહી યોગનિષ્પન્ન જ્ઞાનીને પણ માત્ર ભક્તિથી જ પોતાની પ્રાપ્તિ થાય છે એમ સૈંચવેલું છે. હવે આ નવમા અધ્યાયમાં પોતાના અક્ષરના ઐશ્વર્યના મહિમાના જ્ઞાનદ્વારા પોતાની ભક્તિનું અસાધારણ માહાત્મ્ય તથા મહાપતિતને પણ પાવન કરવાની શક્તિ જણાવે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઈદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૈંયવે ।**
**જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્ જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ ।।૧।।**

**શ્લોકાર્થ :** પરન્તુ અસૈંયારહિત તને આ અત્યન્ત ગુહ્ય જ્ઞાન વિજ્ઞાન સહિત કહીશ. તે જાણી તું અશુભથી મુક્ત થઈશ.

**વિવેચન :** આઠમા અધ્યાયમાં જે જ્ઞાન કહ્યું તેથી આ જ્ઞાન ભિન્ન છે એમ દર્શાવવા 'તુ=પરન્તુ' શબ્દ યોજેલો છે. આઠમા અધ્યાયમાં કહેલું જ્ઞાન ચાર પ્રકારના ઉપાસકોનો ભેદ જણાવનાર હતું, પરન્તુ આ અત્યન્ત ગુહ્ય જ્ઞાન ભજનીય ભગવાન્‌ની ભક્તિનું માહાત્મ્ય દર્શાવનાર છે. તું અસૈંયારહિત છે તેથી મારા અપરિમિત ગુણોનું માહાત્મ્ય સાંભળી ''એમજ સમ્ભવે છે'' એમ માને છે, તેથી તને આ મારા માહાત્મ્યનું જ્ઞાન વિજ્ઞાનસહિત અર્થાત્ મારી ભક્તિના વિશેષ જ્ઞાનસહિત કહીશ. તો સાંભળી તુ અશુભ અથવા મોહમાંથી મુક્ત થઈશ.

**રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમ્ ઈદમુત્તમમ્ ।**
**પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમ્ અવ્યયમ્ ।।૨।।**

**શ્લોકાર્થ :** આ રાજવિદ્યા છે, રાજગુહ્ય છે, પવિત્ર છે, ઉત્તમ છે. વિષયને પ્રત્યક્ષ કરાવનાર છે, ધર્મ્ય છે, સુખથી સધાય તેવું અને અવ્યય છે.

**વિવેચન :** આ જ્ઞાન રાજવિદ્યા અર્થાત્ વિદ્યાઓનો રાજા એટલે વિદ્યાઓમાં ઉત્તમ છે. રાજગુહ્ય અર્થાત્ ગુહ્યનો રાજા એટલે ગુહ્યતમ છે. અથવા આ જ્ઞાન વિદ્યાઓનો રાજા એટલે ઉત્તમ વિદ્યા અને અત્યન્ત ગોપ્ય છે. પવિત્ર અર્થાત્ પરમ પાવન કરનાર છે. સર્વથી ઉત્તમ છે. પોતાનો અવગમ એટલે વિષય જેનાથી પ્રત્યક્ષ થાય તેવું અર્થાત્ તેના વિષય ભગવાન્‌ને પ્રત્યક્ષ કરાવનાર છે. વળી ધર્મ્ય અથવા ધર્મ ઉત્પન્ન કરનાર છે. સુખથી સાધી શકાય તેવું અને અવ્યય એટલે અવિનાશી છે, એટલે મારી પ્રાપ્તિરૂપ ફલ પ્રાપ્ત કરાવીને પણ તેનો નાશ થતો નથી. એમાં જણાવ્યા પ્રમાણે ઉપાસના કરનારને મારા સ્વરૂપનું દાન કરવા છતાં પણ ''આનું મેં કાંઈ કર્યું નથી'' એમજ મને જણાય છે ( રામાનુજાચાર્ય ).

**અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરન્તપ ! ।**

**અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ ।।૩।।**

**શ્લોકાર્થ :** હે પરન્તપ ! આ ધર્મમાં શ્રદ્ધા નહિ રાખનારા પુરુષો મને પ્રાપ્ત કર્યા વિના મૃત્યુરૂપ સંસારના માર્ગમાં નિરન્તર ભટકે છે.

**મયા તતમિદં સર્વં જગદ્ અવ્યકતમૈર્તિના ।**
**મત્સ્થાનિ સર્વભૈંતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ ।।૪।।**

**શ્લોકાર્થ :** મેં અવ્યક્ત સ્વરૂપથી આ સર્વ જગત્‌ને વ્યાપેલું છે. સર્વભૈંતો મારામાં રહેલાં છે, પણ હું તેઓમાં રહેલો નથી.

**વિવેચન :** આ પ્રમાણે જ્ઞાનની સ્તુતિ કરી અર્જુનને તેનું શ્રવણ કરવા તત્પર કરી પોતાના માહાત્મ્યનો બોધ કરે છે. 'અવ્યક્ત' એટલે અધ્યાત્મસ્વરૂપ અક્ષર. અક્ષરમૈર્તિથી મેં જડ તથા ચેતનાત્મક આ સર્વ પ્રાકૃત જગતને વ્યાપેલું છે. તેથી સર્વભૈંતો પઞ્ચમહાભૈંતો તથા પ્રાણીમાત્ર મારામાં રહેલા છે, એટલે તેઓનું ઉપાદાન સર્વનું અન્તર્યામિ મારું અક્ષરસ્વરૂપ જ છે. તેમાં તેઓ રહેલાં છે અથવા તેઓ મારામાં રહેલા છે એટલે તેઓની સ્થિતિ મને અધીન છે, પરન્તુ હું તેઓમાં રહેલો નથી અર્થાત્ મારી સ્થિતિ તેઓને અધીન નથી.

**ન ચ મત્સ્થાનિ ભૈંતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્ ।**
**ભૈંતભૃન્ન ચ ભૈંતસ્થો મમાત્મા ભૈંતભાવનઃ ।।૫।।**

**શ્લોકાર્થ :** વળી ભૈંતો મારામાં રહેલા નથી. મારો ઈશ્વરનો યોગ જો. મારો આત્મા ભૈંતોને ધારણ કરે છે તથા ભૈંતોનો ઉદ્ભવ કરે છે છતાં ભૈંતોમાં રહેલો નથી.

**વિવેચન :** અખિલ ધર્મોના આશ્રય, મૈંલભૈંત, ક્ષર અને અક્ષરથી પણ અતીત ભગવાન્ શ્રીકૃષ્ણ આ શ્લોકમાં પોતાનો ઐશ્વર-મહિમા કહે છે. ગયા શ્લોકમાં ''સર્વ ભૈંતો મારામાં રહેલા છે'' એમ કહેલું છે, છતાં જેમ ઘટમાં રહેલા જલથી ઘટ લેપાય છે તેમ તે ભૈંતોથી હું લેપાતો નથી, એમ જણાવવા ''ભૈંતો મારામાં નથી'' એમ કહે છે. આ પ્રમાણે ભૈંતોથી હું લેપાતો નથી છતાં મારી આધારશક્તિથી જ ભૈંતોની સ્થિતિ છે, અન્યથા તેઓની સ્થિતિ પણ સમ્ભવતી નથી એ મારું ઐશ્વર્ય અથવા ઈશ્વરનો યોગપ્રભાવ જો. માત્ર મારો મનોમય સંકલ્પ જ સર્વ કરવા શક્તિમાન છે એ મારો અલૌકિક-અચિંત્ય પ્રભાવ છે. મારો આત્મા સર્વભૈંતોને ધારણ કરનાર છે તથા તેઓનો ઉદ્‌ભવ કરનાર છે છતાં તે ભૈંતોમાં નથી, તે ભૈંતોનો સજાતીય નથી, પરન્તુ ભૈંમિ વિગેરે ભૈંતોની અંદર રહી તેઓનું પાલન કરનાર છે અને તેઓનો ઉદ્‌ભવ પણ કરે છે.

**યથાડડકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્ ।**
**તથા સર્વાણિ ભૈંતાનિ મત્સ્થાનીત્યુપધારય ।।૬।।**

**શ્લોકાર્થ :** જેમ સર્વત્ર જનાર મહાન્ વાયુ નિત્ય આકાશમાં રહેલો છે તેમ સર્વ ભૈંતો મારામાં રહેલા છે એમ સમજ.

**વિવેચન :** સંશ્લેષ વિના પણ આધાર અને આધેય હોઈ શકે છે, એમ દૃષ્ટાન્ત આપે છે. સર્વત્ર જનાર મહાન્ વાયુ નિત્ય આકાશમાં રહેલો છે. આકાશ વાયુનો આધાર છે, કારણ કે અવકાશ વિના વાયુ રહે ક્યાં ? તેથી અવકાશ અથવા અકાશ વાયુનો આધાર છે, અને વાયુ આધેય છે છતાં તેઓમાં સંશ્લેષ નથી, કારણ કે આકાશ અવયવરહિત હોવાથી તેનો સંશ્લેષ શી રીતે થઈ શકે ? તેથી જેમ વાયુ આકાશમાં રહેલો છે તે પ્રમાણે સર્વ ભૈંતો પણ મારામાં રહેલા છે, હું સર્વ

ભૈંતોનો આધાર છું, છતાં સંશ્લેષ નહિ હોવાથી હું ભૈંતોથી લેપાતો નથી એમ સમજ. આકાશ વિગેરે સર્વ મહાભૈંતોનો હું આધાર છું. હું જ તેઓને મારા અક્ષરસ્વરૂપથી ધારણ કરું છું. શ્રુતિ પણ કહે છે કે ''હે ગાર્ગિ! આ અક્ષરના જ પ્રશાસનમાં આકાશ અને પૃથિવી, સૈંર્ય અને ચન્દ્ર ધારણ કરેલાં રહે છે'' વિગેરે.

**સર્વભૈંતાનિ કૌન્તેય! પ્રકૃતિં યાન્તિ મામિકામ્।**
**કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્॥૭॥**

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! કલ્પના અન્તે સર્વભૈંતો મારી પ્રકૃતિમાં લય પામે છે. કલ્પના આરમ્ભમાં હું પુનઃ તેઓને સરજું છું.

**વિવેચન:** એ પ્રમાણે સંગ અથવા સંશ્લેષ વિના પોતાની યોગૈશ્વર્ય શક્તિ અથવા માયાથી ભગવાન્ સર્વભૈંતોનો ઉદ્‌ભવ કરે છે તથા તેઓને ધારણ કરે છે એમ કહ્યું. હવે સર્ગ તથા પ્રલય પણ પોતે જ કરે છે એમ કહે છે. કલ્પના અન્તે અર્થાત્ બ્રહ્માનાં ૧૦૦ વર્ષ પુરાં થાય ત્યારે આકાશ વિગેરે સર્વભૈંતો મારી ક્રિયાશક્તિના અંશરૂપ ત્રિગુણાત્મક પ્રકૃતિ, જેને શ્રુતિ તમઃ કહે છે, તેમાં લય પામે છે. વળી બીજા કલ્પના આરમ્ભમાં હું મારા અક્ષરસ્વરૂપથી પ્રકૃતિ તથા પુરુષ દ્વારા તેઓને પુનઃ સરજું છું.

**પ્રકૃતિં સ્વામ્ અવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ।**
**ભૈંતગ્રામ્ ઈમિમં કૃત્સ્નમ્ અવશં પ્રકૃતેર્વશાત્॥૮॥**

**શ્લોકાર્થ:** પ્રકૃતિને અધીન હોવાથી પરવશ થએલા આ સર્વ ભૈંતસમૈંહને મારી પ્રકૃતિનું અવલમ્બન કરી હું પુનઃ-પુનઃ સરજું છું.

**વિવેચન:** પ્રકૃતિ મારા સદંશરૂપ છે. તે પોતાના ગુણોથી મોહ ઉત્પન્ન કરતી હોવાથી 'માયા' પણ કહેવાય છે. તે આઠ પ્રકારે પરિણામ પામે છે એમ પાછળ કહેલું છે. તે પ્રકૃતિનું અવલમ્બન કરી તેમાં લીન થએલા આ સર્વ ભૈંતસમૈંહને પુરુષરૂપ અક્ષરસ્વરૂપ હું પુનઃ સરજું છું. તેથી આ વિભાગ હું પોતે જ પ્રકૃતિદ્વારા કરું છું. આ વિભાગ કરનાર બીજું કોઈ નથી એમ સૈંચવેલું છે.

**ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ ધનઞ્જય!।**
**ઉદાસીનવદ્ આસીનમ્ અસક્તં તેષુ કર્મસુ॥૯॥**

**શ્લોકાર્થ:** હે ધનઞ્જય! તે કર્મોમાં આસક્તિરહિત ઉદાસીન પેઠે રહેલા મને કર્મ બન્ધન કરતા નથી.

**વિવેચન:** હું ભૈંતોને સરજું છું અને પ્રાણીઓને સુખ-દુઃખ વિગેરે હોય છે તેથી કોઈને સુખ અને કોઈને દુઃખ હોવાથી પક્ષપાત અથવા વૈષમ્ય અને નિર્દયતા અથવા નૈર્ઘૃણ્ય દોષ મને લાગે એવી શંકા કરવી નહિ, કારણ કે મને આ કર્મમાં આસક્તિ નથી. આ સર્જન કર્મ મારો અસાધારણ મહિમા દર્શાવે છે, પરન્તુ મારી કર્મમાં આસક્તિ નહિ હોવાથી તે મને બન્ધન કરતું નથી. જીવોનાં પોતાનાં પ્રાકૃત કર્મોથી તેઓ દેવ-મનુષ્ય વિગેરે થાય છે અને આ પ્રાકૃત કર્મો પ્રતિ પણ હું ઉદાસીન છું તેથી મને કર્મ બન્ધન કરતાં નથી. તેથી મને કોઈ દોષ નથી.

**મયાઽધ્યક્ષેણ પ્રકૃતિઃ સૈંયતે સચરાચરમ્।**
**હેતુનાઽનેન કૌન્તેય! જગદ્ વિપરિવર્તતે॥૧૦॥**

**શ્લોકાર્થ:** મારી અધ્યક્ષતામાં પ્રકૃતિ જડ-ચેતન જગત્ સરજે છે. હે કૌન્તેય! આ હેતુથી

જગતનું પરિવર્તન થાય છે.

**વિવેચન :** કેવલ પ્રકૃતિ કાંઈ કાર્ય કરી શક્તી નથી, કારણ કે તે અચેતન છે. તેથી પુરુષરૂપ હું અધ્યક્ષ અથવા અધિષ્ઠાતા થાઉં ત્યારે તે ચેતન અને જડ રૂપ જગત્ સરજે છે. તેમાં પણ ચેતન જીવોનો પોતાના પૈર્વના કર્મને અનુરૂપ જન્મ આપે છે, અને તેને અનુગુણ પદાર્થો સાથે જ તેઓનો સમ્બન્ધ થાય છે. આવી રીતે આ કારણથી એટલે હું અધ્યક્ષ થવાથી પ્રકૃતિથી વારંવાર જગત્નું પરિવર્તન થયા કરે છે.

**અવજાનન્તિ માં મૈંઢા માનુષીં તનુમ્ આશ્રિતમ્।**
**પરં ભાવમ્ અજાનન્તો મમ ભૈંતમહેશ્વરમ્ ।।૧૧।।**
**મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ।**
**રાક્ષસીમ્ આસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** વ્યર્થ આશાવાળા, વ્યર્થ કામવાળા, વ્યર્થ જ્ઞાનવાળા, રાક્ષસી તથા આસુરી મોહિની પ્રકૃતિને પ્રાપ્ત થએલા, ભ્રાન્તમનવાળા મૈંઢો મારો પર ભાવ નહિ જાણવાથી માનુષ શરીર ધારણ કરેલાની મારી ભૈંતોના મહેશ્વરની અવજ્ઞા કરે છે ।।૧૧-૧૨।।

**વિવેચન :** ભગવાન્નો આવો અલૌકિક અચિંત્ય મહિમા હોવા છતાં કેટલાક લોકો ભગવાન્ની અવજ્ઞા કેમ કરે છે ? તે શંકાનું સમાધાન કહે છે. સર્વ પ્રાણીમાત્રના નિયન્તા સર્વજ્ઞ સત્યસંકલ્પ અચિંત્ય મહિમાવાળા, સર્વ જગતનું એક જ કારણ એવા મેં ભગવાને પરમ કૃપાથી સર્વ લોકો મારો આશ્રય કરી શકે તે માટે માનુષ શરીર ધારણ કરેલું હોવાથી મને મૈંઢ લોકો સાધારણ મનુષ્યો જેવો માને છે અને મારું આનન્દમાત્ર અચિંત્ય મહિમાવાળું સ્વરૂપ જાણતા નહિ હોવાથી મારી અવજ્ઞા કરે છે, કારણ કે તેઓ વ્યર્થ આશાવાળા છે. પરમાત્મા ભગવાન્ વિના માત્ર કર્મ જ ફલ આપશે એવી તેઓને વ્યર્થ આશા હોય છે તેઓ વ્યર્થ કર્મવાળા છે, તેઓનું જ્ઞાન પણ વ્યર્થ છે. તેઓનું જ્ઞાન આસુર હોવાથી વ્યર્થ છે તેથી જ તેઓનું ચિત્ત પણ વિક્ષિપ્ત હોય છે. તેનું કારણ એ છે કે તેઓ રાક્ષસી તથા આસુરી મોહિની પ્રકૃતિને પ્રાપ્ત થએલા છે. રાક્ષસી પ્રકૃતિ માત્ર પોતાના દેહનું જ પોષણ કરવામાં તેઓને તત્પર રાખે છે. આસુરી પ્રકૃતિ તેઓને અન્ય પ્રાણીઓને ઉપદ્રવ કરવા પ્રેરે છે. મોહિની પ્રકૃતિથી તેઓને મોહ થવાથી મારું સ્મરણ થઈ શક્તું નથી. તેથી જ માનુષ દેહ ધારણ કરેલા મને સાધારણ મનુષ્ય જાણી તેઓ મારી અવજ્ઞા કરે છે.

આ અગીયારમાં શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૩।૨।૧૭ ઉપરનાં શ્રીસુબોધિનીમાં કરેલું છે ।।૧૧-૧૨।।

**મહાત્માનસ્તુ માં પાર્થ! દૈવીં પ્રકૃતિમ્ આશ્રિતાઃ।**
**ભજત્યનન્યમનસો જ્ઞાત્વા ભૈંતાદિમવ્યયમ્ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** પરન્તુ હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ મને ભૈંતોના આદિ અને અવ્યય જાણી અનન્ય મનથી ભજે છે.

**વિવેચન :** તેથી ઉલટું, મહાત્માઓ મારું અનન્ય મનથી ભજન કરે છે. તેઓ આ દૈવી પ્રકૃતિ એટલે દૈવી સ્વભાવરૂપ પ્રકૃતિનો આશ્રય કરી રહેલા છે, તેથી અનેક જન્મ-જન્માન્તરમાં કરેલાં પુણ્યકર્મના સઞ્ચયથી પાપરહિત થઈ અન્તિમ જન્મમાં આવેલા હોવાથી તેઓને અહીં

'મહાત્મા' કહેલા છે. તેઓ મારું ભજન અનન્ય મનથી કરે છે, પરન્તુ કદાપિ મારી અવજ્ઞા કરતા નથી. તેઓ મને સર્વભૈંતોનો 'આદિ' એટલે સર્વનું કારણ જાણીને તથા 'અવ્યય' એટલે અવિકૃત અર્થાત્ વિકાર રહિત માત્ર આનન્દનાં જ કર-પાદ-મુખ-ઉદર વિગેરે વાળો જાણી ભગવન્માર્ગીય આચાર્યના ઉપદેશ અનુસાર મારું પુરુષોત્તમનું જ ભજન કરે છે, પરન્તુ અક્ષર આદિ અન્ય કોઈ સ્થળે મન રાખતા નથી.

આ તેરમા તથા ચૌદમા શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૩।૪।૩૩ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દઢવ્રતાઃ ।**
**નમસ્યન્તશ્ચ માં ભક્ત્યા નિત્યયુક્તા ઉપાસતે ।।૧૪।।**

**શ્લોકાર્થ :** નિરન્તર મારું કીર્તન કરતાં, તથા યત્ન કરતાં અને મને નમન કરતાં, દઢવ્રતવાળા નિત્યયુક્ત થઈ ભક્તિથી મને સેવે છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં કહેલા મહાત્માઓ બે પ્રકારના છે. ૧. ભક્તો અને ૨. જ્ઞાનીઓ. તેમાં પ્રથમ આ શ્લોકમાં ભક્તોના ભજનનો પ્રકાર કહે છે. ભક્ત મહાત્માઓ નિરન્તર મારું કીર્તન કર્યા કરે છે, અર્થાત્ શ્રીમદ્ભાગવતમાં કહેલા પ્રકારે મારા ગુણોનું ગાન કર્યા કરે છે, અને સર્વત્ર મારો ઉત્કર્ષ ગાય છે. વળી તેઓ મારું કીર્તન કરવા યત્ન કર્યા કરે છે, અથવા ઈન્દ્રિયોનો નિગ્રહ કરવા યત્ન કર્યા કરે છે, અથવા મારા ગુણગાનનું શ્રવણ અને મારું અર્ચન કરવા યત્ન કર્યા કરે છે. વળી મોહક શાસ્ત્રોથી પણ પરિભવ ન થાય તેવું દઢ તેઓનું આ લોક તથા પરલોક સર્વ મને સમર્પણ કરવાનું વ્રત છે, એટલે આ લોક તથા પરલોક વિગેરે કોઈની દરકાર નહિ કરતાં માત્ર મારામાં ચિત્ત રાખવાનો તેઓને દઢ નિશ્ચય હોય છે. પોતાનું દૈન્ય પ્રકટ થાય તેવી રીતે તેઓ મને નમન કરે છે તથા નિત્યયુક્ત એટલે માત્ર મારામાં જ ચિત્ત રાખવામાં તેઓ સદા સાવધાન રહે છે. વળી તેઓ ભક્તિ અથવા સ્નેહ થી જ મારી સેવા કરે છે પરન્તુ વિધિ તેવી હોવાથી સેવા કરવી જોઈએ, એમ માની સેવા કરતા નથી.

**જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજન્તો મામ્ ઉપાસતે ।**
**એકત્વેન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્ ।।૧૫।।**

**શ્લોકાર્થ :** અને બીજાઓ વળી જ્ઞાનયજ્ઞથી યજન કરતાં એકપણાથી, પૃથક્પણાથી અથવા બહુ પ્રકારથી વિશ્વ થઈ રહેલાની મારી ઉપાસના કરે છે.

**વિવેચન :** ભક્તોનો ભજન પ્રકાર કહી હવે જ્ઞાનીઓનો પ્રકાર કહે છે. જ્ઞાનયજ્ઞનું પાછળ અધ્યાય ૪।૨૪માં નિરૂપણ કરેલું છે. તેવા જ્ઞાનયજ્ઞથી જ્ઞાનીઓ મારી અક્ષરસ્વરૂપની ઉપાસના કરે છે. તેઓ પણ જુદા-જુદા પ્રકારથી મારી ઉપાસના કરે છે. કેટલાક એકપણાથી એટલે અભેદભાવથી અર્થાત્ ''તે હું છું'' એમ અભેદપણાથી ઉપાસના કરે છે. બીજાઓ પૃથક્પણાથી એટલે ભેદની ભાવનાથી અર્થાત્ ''હું પ્રભુનો દાસ છું'' એવા ભાવથી ઉપાસના કરે છે. હું વિશ્વરૂપે રહેલો છું તેની બીજાઓ બહુ ભિન્ન-ભિન્ન પ્રકારથી એટલે શિવ, શક્તિ, ગણેશ, સૈંર્ય વિગેરે ભિન્ન-ભિન્ન રૂપથી ઉપાસના કરે છે. અથવા ઘટ-પટ વગેરે ભિન્ન-ભિન્ન આકારોથી જગત્ થઈ રહેલા હોવા છતાં 'અવિકૃત' એટલે વિકારરહિત મારી વિશ્વ તરીકે રહેવાની એટલે જેમના પાણિ અને પાદના અન્ત સર્વત્ર છે, જેમની અક્ષિ, શિરઃ મુખ સર્વત્ર છે

તેવાની મારી ઉપાસના કરે છે.

**અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાઽહમ્ અહમ્ ઔષધમ્।**
**મન્ત્રોઽહમ્ અહમેવાજ્યમ્ અહમ્ અગ્નિરહં હુતમ્॥૧૬॥**

**શ્લોકાર્થ:** હું ક્રતુ છું, હું યજ્ઞ છું, હું સ્વધા છું, હું ઔષધ છું, હું મન્ત્ર છું, હું જ ઘી છું, હું અગ્નિ છું, અને હોમવાનું પણ હું જ છું.

**વિવેચન:** જ્ઞાનીઓના પ્રકારમાં જે છેલ્લો પ્રકાર કહ્યો તે બ્રહ્મવાદીઓનો ઉપાસનાનો પ્રકાર છે. તેનું વિવરણ ચારે પ્રકારની પુરુષાર્થની સિદ્ધિ થાય તે માટે ચાર શ્લોકથી (૧૬ - ૧૯) કરે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ પોતે સર્વરૂપ છે તેથી સર્વ હું છું એટલું જ નહિ કહેતાં, જુદા - જુદા પદાર્થોનાં નામ આપી ''તે હું છું'' એમ કહે છે. તેનો હેતુ એમ દર્શાવવાનો છે કે જેઓ મારું તે રૂપથી ભજન કરે છે તેઓને તે રૂપથી ફલદાન કરનાર હું જ છું.

'ક્રતુ' એટલે શ્રૌતકર્મોમાં કરવાનો સંકલ્પ હું છું. અથવા 'ક્રતુ' એટલે યજ્ઞની અધિષ્ઠાત્રી દેવતા. યજ્ઞનું ફલ આપનાર આધિદૈવિક દેવતા હું છું. અગ્નિહોત્ર વગેરે ધર્મરૂપ યજ્ઞ હું છું. 'સ્વધા' અર્થાત્ પિતૃઓને આપવાનું અન્ન પણ હું છું એટલે પિતૃયજ્ઞરૂપ પણ હું છું. 'ઔષધ' એટલે સર્વ રોગને દૈંર કરનાર દવારૂપી અન્ન અથવા વ્રીહિ વગેરે અન્ન પણ હું છું. 'મન્ત્ર' એટલે ઋચા. ગાયત્રી વિગેરે મન્ત્ર પણ હું છું. અગ્નિમાં હોમવાનું ઘી પણ હું છું. આહવનીય ભિન્ન-ભિન્ન પ્રકારનો અગ્નિ પણ હું છું. 'હુત' એટલે હોમવાનું અન્ન અથવા હોમ પણ હું છું.

**પિતાઽહમ્ અસ્ય જગતો માતા ધાતા પિતામહઃ।**
**વેદ્યં પવિત્રમ્ ઓંકાર ઋક્ સામ યજુરેવ ચ॥૧૭॥**

**શ્લોકાર્થ:** હું આ જગતનો પિતા, માતા, ધાતા, તથા પિતામહ છું, હું વેદ્ય, પાવન કરનાર, ઓંકાર, ઋક્, સામ અને યજુઃ પણ છું.

**વિવેચન:** આ જગતનો પિતા અથવા ઉત્પાદક હું છું. જગતની માતા પણ હું છું. ધાતા એટલે કર્મના ફળને આપનાર પણ હું છું. તેમજ જગતનો પિતામહ અથવા બ્રહ્મા પણ હું છું. 'વેદ્ય' એટલે સર્વ જ્ઞાનમાં સાધનોથી જાણવા યોગ્ય પણ હું છું તેમજ પાવન કરનાર પણ હું છું. હું 'ઓંકાર' એટલે પ્રણવ છું. તેમજ ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ પણ હું છું. 'ચ=અને' શબ્દથી આમાં અથર્વવેદનો પણ સમાવેશ થાય છે. ઋગ્વેદના મન્ત્રો પાદવાળા છે, સામવેદના મન્ત્રા ગીતવાળા છે અને યજુર્વેદના મન્ત્રો પાદવાળા નથી તેમ ગીતવાળા પણ નથી. આ સર્વ પ્રકારના વેદ હું છું.

**ગતિર્ ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્।**
**પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમ્ અવ્યયમ્॥૧૮॥**

**શ્લોકાર્થ:** ગતિ, ભર્તા, પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણ, સુહૃત્, પ્રભવ, પ્રલય, સ્થાન, નિધાન અને અવ્યય બીજ હું છું.

**વિવેચન:** 'ગતિ' એટલે મોક્ષ વિગેરે ફલરૂપ હું છું. 'ભર્તા' એટલે ભરણ અથવા પોષણ કરનાર. 'પ્રભુઃ' એટલે સર્વનો નિયન્તા. 'સાક્ષી' એટલે દ્રષ્ટા. 'નિવાસ' એટલે સ્થાન અથવા યાગભૈંમિ. 'શરણ' એટલે અભય આપનાર; મૃત્યુ વિગેરે સર્વ ભયોમાંથી રક્ષણ કરનાર.

'સુહૃત્' એટલે પ્રાર્થના વિના હિત કરનાર. 'પ્રભવ' એટલે ઉત્પત્તિ કરનાર જગત્ સરજનાર. 'પ્રલય' એટલે જગતનું લયસ્થાન. 'સ્થાન' એટલે જગતની સ્થિતિ રાખનાર. 'નિધાન' એટલે રક્ષક. અને અવ્યય બીજ એટલે વિનાશરહિત મૈળ કારણ હું છું.

**તપામ્યહમ્ અહં વર્ષં નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ ।**
**અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદ્-અસચ્ચાહમ્ અર્જુન !।।૧૯।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! હું તપું છું, હું વરસાદને ખેંચું છું અને છોડું છું. હું અમૃત છું તેમજ મૃત્યુ છું, સત્ છું અને અસત્ છું.

**વિવેચન :** હે અર્જુન ! હું સૈર્યરૂપે તપું છું ને તેથી વરસાદમાટે જળ ખેંચું છું ને પાછું તે જ જળ છોડી વૃષ્ટિ કરું છું. આ વરસાદના જળથી અન્ન વિગેરે ઉત્પન્ન થતું હોવાથી સૃષ્ટિનો આધાર હું હોવાથી ઉપાસ્ય છું. હું અમૃત એટલે જીવન અથવા જીવાડનાર છું, કારણ કે વરસાદથી સર્વ જગતની સ્થિતિ છે તેમજ વરસાદ રોકી રાખવાથી હું મૃત્યુરૂપ પણ છું. તેમજ સત્ એટલે ભાવપદાર્થ અને અસત્ એટલે અભાવ પણ હું છું. આ સર્વ હું હોવાથી મારી બહુ પ્રકારથી જ્ઞાનીઓ ઉપાસના કરે છે.

એવી રીતે બહુ પ્રકારથી ભગવત્સ્વરૂપનું વર્ણન કર્યું તે નહિ જાણતાં, ભગવત્સ્વરૂપ છે એમ નહિ જાણતા માત્ર કામનાથી જેઓ યજ્ઞ વિગેરે કર્મ કરે છે તેઓ જન્મ-મરણરૂપ આ સંસારમાં આથડ્યા કરે છે એમ બે શ્લોકથી ( ૨૦।૨૧ ) કહે છે.

**ત્રૈવિદ્યા માં સોમપાઃ પૈતપાપા યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે ।**
**તે પુણ્યમ્ આસાદ્ય સુરેન્દ્રલોકમ્ અશ્નન્તિ દિવ્યાન્ દિવિ દેવભોગાન્।૨૦।**

**શ્લોકાર્થ :** સોમપાન કરનાર, નિષ્પાપ થએલા, ત્રયી વિદ્યાના જાણનાર લોકો યજ્ઞોથી મારું યજન કરી સ્વર્ગની ગતિ માગે છે. તેઓ પુણ્યશાલી સુરેન્દ્રલોક પ્રાપ્ત કરી સ્વર્ગમાં દિવ્ય દેવોના ભોગો ભોગવે છે.

**વિવેચન :** ત્રણ ગુણાત્મક ત્રણ વેદોમાં પ્રવીણ થએલા અને તેથી ત્રિગુણાત્મક કર્મ કરાવનાર સોમપાન કરનાર અને સોમપાન યજ્ઞકરણ વિગેરેથી નિષ્પાપ થએલા પુરુષો યજ્ઞોમાં તે-તે દેવતાઓનું યજન કરે છે, અને સ્વર્ગાદિ ફલમાટે પ્રાર્થના કરે છે. જો કે યજ્ઞાદિમાં સર્વત્ર હું જ રહેલો છું તે નહિ જાણવાથી તેઓ જુદા - જુદા દેવતાઓનું યજન કરે છે, પરન્તુ વસ્તુતઃ ત્યાં હું જ રહેલો હોવાથી અહીં 'મારું' યજન કરે છે એમ કહેલું છે. તેઓ પુણ્યશાળી સુરેન્દ્રલોક પ્રાપ્ત કરી ત્યાં સ્વર્ગમાં દિવ્ય દેવોના ભોગો ભોગવે છે.

આ તથા એકવીસમા શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈત્ર ૪।૧।૨ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ ।**
**એવં ત્રયીધર્મમ્ અનુપ્રપન્ના ગતાગતં કામકામા લભન્તે ।।૨૧।।**

**શ્લોકાર્થ :** તેઓ તે વિશાળ સ્વર્ગલોકનો ભોગ કરી પુણ્ય ક્ષીણ થતાં મર્ત્યલોકમાં આવે છે. આવી રીતે ત્રયીધર્મને વળગનાર કામોની ઈચ્છાવાળાઓને જન્મ-મરણ પ્રાપ્ત થયા કરે છે.

**વિવેચન :** ઉપર કહેલા કામની ઈચ્છાવાળા ત્રયીધર્મને અનુસરનાર લોકો સ્વર્ગ પ્રાપ્ત થતાં સ્વર્ગના વિશાળ ભોગો ભોગવે છે. ભોગો ભોગવવાથી તેઓનું પુણ્ય ક્ષીણ થતાં તેઓ પુનઃ આ

મર્ત્યલોકમાં અવતરે છે. આ પ્રમાણે તેઓનાં જન્મ-મરણ થયા જ કરે છે. આ જન્મ-મરણરૂપી અધમ તૃતીય ગુણપ્રવાહ માર્ગ કહેલો છે. આ માર્ગમાં રહેલા જીવોનો ભગવાન્ કોઈ પણ સ્વરૂપથી અંગીકાર કરતા નથી, પરન્તુ તેઓને ભગવાન્નું ભાન નહિ થતાં તેઓ સદા માયામાં જ રહે છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૩।૧।૧ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગ-ક્ષેમં વહામ્યહમ્ ।।૨૨।।**

**શ્લોકાર્થ :** જે અનન્ય લોકો મારું ચિન્તન કરતાં મારું સર્વ પ્રકારે ભજન કરે છે તે નિત્ય અભિયુક્તના યોગ અને ક્ષેમ હું જાળવું છું.

**વિવેચન :** એ પ્રમાણે અન્ય માર્ગની વાત કહી હવે પોતાના ભક્તોનો વૃત્તાન્ત કહે છે. ભક્તિના મુખ્ય બે પ્રકાર છેઃ ૧. મર્યાદાભક્તિ અને ૨. પુષ્ટિભક્તિ. જે દૈવી જીવોનો પ્રભુએ મર્યાદા માર્ગમાં અંગીકાર કરેલો છે તેઓને ક્રમે-ક્રમે સાધનદ્વારા ભગવાન્ની પ્રાપ્તિ થાય છે. જે દૈવી જીવોનો ભગવાને પુષ્ટિભક્તિમાર્ગમાં અંગીકાર કરેલો છે તેઓને સાધનની કાંઈ પણ અપેક્ષા નથી, અને માત્ર ભગવાન્ના અનુગ્રહથી જ ભગવાન્ની પ્રાપ્તિ થાય છે. ક્યા જીવનો ક્યા માર્ગમાં અંગીકાર કરવો એ ભગવાન્ની ઇચ્છાને જ અધીન છે. ભગવાન્ સ્વતન્ત્ર છે તેથી ક્યા જીવનો ક્યા માર્ગમાં અંગીકાર કરવો તે વિષયમાં પોતાની ઈચ્છા સિવાય કોઈ નિયામક સમ્ભવતો જ નથી. તેથી જ્યાં-જ્યાં સાધન કરવાનાં કહેલાં હોય તે વાક્યો મર્યાદામાર્ગને ઉદ્દેશી યોજેલાં છે, કારણ કે જે જીવોનો એ માર્ગમાં અંગીકાર થએલો છે તેઓની તેવી જ પ્રવૃત્તિ થવાની અને ફલ પણ તે માર્ગનું જ તેઓને પ્રાપ્ત થવાનું. જેઓનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થએલો છે તેઓને જ્ઞાન વિગેરે સાધન વિના જ ભક્તિ પ્રાપ્ત થાય છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૩।૪।૨૭ ઉપરનાં અણુભાષ્યમાં કરેલું છે.

જે મારા સિવાય અન્ય દેવની, અન્ય ફલની, અથવા અન્ય માર્ગની ભાવના પણ રાખતા નથી તેવા અનન્ય લોકો મારું પુરુષોત્તમનું જ ચિન્તન કરતાં મેં કહેલા પ્રકારથી મારી સેવા કરે છે. તેવા નિત્ય અભિયુક્ત એટલે મારી સાથે નિત્ય સમ્બન્ધવાળા લોકોના યોગ અને ક્ષેમ હું જાળવું છું. 'યોગ' એટલે ભગવાન્ની સેવામાં ઉપયોગી ધન-ધાન્ય-વસ્ત્ર વિગેરે પદાર્થોની આ લોકમાં પ્રાપ્તિ. 'ક્ષેમ' એટલે આત્યન્તિક શ્રેયઃ અથવા મોક્ષ. આવા ભક્તોને હું સેવોપયોગી સર્વ પદાર્થોની આ લોકમાં પ્રાપ્તિ કરાવું છું અને પરલોકમાં મોક્ષ આપું છું.

**યેડપ્યન્યદેવતાભકતા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ ।**
**તેડપિ મામેવ કૌન્તેય! યજુત્યવિધિપૈંર્વકમ્ ।।૨૩।।**

**શ્લોકાર્થ :** વળી હે કૌન્તેય ! જે અન્ય દેવતાઓના ભક્તો શ્રદ્ધાપૈંર્વક તેઓનું યજન કરે છે તેઓ પણ અવિધિપૈંર્વક મારું જ યજન કરે છે.

**વિવેચન :** બ્રહ્મવાદ પ્રમાણે સર્વ ભગવાન્ હોવાથી, જે લોકો ઈન્દ્ર, રવિ વિગેરે દેવોનું યજન કરે છે તેઓ પણ વસ્તુતઃ ભગવાન્નું જ યજન કરે છે છતાં તેઓને ભગવાન્ની ભક્તિનું ફલ કેમ પ્રાપ્ત થતું નથી ? એવી શંકા થાય તે દૈંર કરે છે. હે કૌન્તેય ! મારા સિવાય રવિ વિગેરે અન્ય દેવોનું જેઓ શ્રદ્ધાપૈંર્વક યજન કરે છે તેઓ પણ વસ્તુતઃ મારું જ યજન કરે છે, પરન્તુ તેઓ

મારું યજન અવિધિપૈર્વક કરે છે. વેદોમાં જ્યાં-જ્યાં અન્ય દેવનું યજન કરવાનું કહેલું છે ત્યાં-ત્યાં તેઓના આત્મા ભગવાન્ એટલે હું છું એવા જ્ઞાનપૈર્વક તેઓ યજન કરતા નહિ હોવાથી અવિધિપૈર્વક અર્થાત્ વિધિ વિના મારું યજન કરે છે. તેથી જ તેઓને ભગવત્પ્રાપ્તિ થતી નથી, પરન્તુ તેઓના જન્મ-મરણ જ થયા કરે છે.

આ તથા ચોવીસમા શ્લોકોનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૩૭।૯ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ।**
**ન તુ મામ્ અભિજાનન્તિ તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે।।૨૪।।**

**શ્લોકાર્થ :** કારણ કે સર્વયજ્ઞોનો ભોક્તા અને પ્રભુ હું જ છું. પરન્તુ તેઓ મને તત્ત્વથી જાણતા નથી તેથી તેઓનો પાત થાય છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં કહેલા અર્થનું જ વિસ્તારથી નિરૂપણ કરે છે. સર્વયજ્ઞોનો ભોક્તા અને પ્રભુ એટલે યજ્ઞફલનું દાન કરનાર તેમજ યજ્ઞરૂપ અને યજ્ઞોના સાધનરૂપ જુદા-જુદા દેવોમાં તેઓના આત્મા તરીકે રહેલો હું જ છું. પરન્તુ તેઓને મારું યથાર્થ જ્ઞાન નથી તેથી તેઓ એ સર્વ હું જ છું, અથવા એ સર્વનો આત્મા હું છું અને તેઓ માત્ર મારા અંગભૈંત છે એમ જાણતા નથી, તેથી મારા યથાર્થ જ્ઞાન વિના તેઓ અવિધિપૈર્વક યજન કરતા હોવાથી સુકૃતનું ફલ ભોગવી પુનઃ અવતરે છે. તેથી તેઓ પણ વસ્તુતઃ મારું જ યજન કરતા હોવા છતાં તેઓનો ભાવ ભિન્ન પ્રકારનો હોવાથી તેઓને મારા ભક્તોના જેવું ફલ પ્રાપ્ત થતું નથી. અર્થાત્ જેનો જેવો ભાવ તેવું તેને ફલ પ્રાપ્ત થાય છે. ભાવમાં ભેદ હોવાથી જ ફલ પણ ભિન્ન પ્રાપ્ત થાય છે.

**યાન્તિ દેવવ્રતા દેવાન્ પિતૄન્ યાન્તિ પિતૃવ્રતાઃ।**
**ભૈંતાનિ યાન્તિ ભૈંતેજ્યા યાન્તિ મદ્યાજિનોડપિ મામ્।।૨૫।।**

**શ્લોકાર્થ :** દેવોનું વ્રત કરનારા દેવોને પામે છે, પિતૃઓનું વ્રત કરનારા પિતૃઓને પામે છે, ભૈંતોનું યજન કરનાર ભૈંતોને પામે છે અને મારું યજન કરનારા મને પામે છે.

**વિવેચન :** વ્રત એટલે સંકલ્પ અથવા માનસિક કર્મ, તેને જ 'ભાવ' પણ કહે છે. જેઓ દર્શ પૈંર્ણમાસ વિગેરે કર્મ કરતાં "ઇન્દ્ર દેવનું યજન કરીએ છીએ" એવો સંકલ્પ કરે છે તેઓ ઇન્દ્રને પામે છે. એ પ્રમાણે જે-જે દેવનો સંકલ્પ કરીને કર્મ કરે છે તે-તે દેવને પામે છે. પિતૃઓનો સંકલ્પ કરનારને પિતૃની પ્રાપ્તિ થાય છે. તેવી જ રીતે યક્ષ-રાક્ષસ-પિશાચ વિગેરે ભૈંતોનો સંકલ્પ કરી કર્મ કરનારને ભૈંતોની પ્રાપ્તિ થાય છે, અને મારો પરમાત્મા શ્રીવાસુદેવનો સંકલ્પ કરી કર્મ કરનારને મારી પ્રાપ્તિ થાય છે. તેથી જેવો ભાવ તેવું ફલ પ્રાપ્ત થાય છે એમ યોગ્ય જ છે.

**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ।**
**તદહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ।।૨૬।।**

**શ્લોકાર્થ :** જે મને ભક્તિથી પત્ર, પુષ્પ, ફલ અને જલ અર્પે છે તે પ્રયતાત્માવાળાનું ભક્તિથી અર્પેલું હું આરોગું છું.

**વિવેચન :** ભક્તોને ભગવત્પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે કહી, એ ભગવાન્‌ની ભક્તિ સર્વથી ઉત્તમ છે તથા તેમાં શ્રમ પણ નથી એમ કહે છે. ક્ષુદ્ર દેવતાઓની પેઠે બહુ ઉપચાર અને મોટા

આડમ્બરથી પૈંજા કરવાથી મને સન્તોષ થતો નથી, પરન્તુ પ્રયતાત્માવાળા એટલે મારી સાથે સમ્બન્ધવાળા અથવા મને જેમણે સર્વસ્વ નિવેદન કરેલું છે તેવા ભક્તો પત્ર, પુષ્પ, અને જલ જે કાંઈ મને અર્પણ કરે તે તેમણે ભક્તિથી અર્પેલું હું આરોગું છું. જેમ વિદુરને ત્યાં ભાજી મેં આરોગી હતી તેવી રીતે પત્ર-પુષ્પ વિગેરે ભક્તિથી મને અર્પણ થાય તેથી હું પ્રસન્ન થાઉં છું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૮।૩૫ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**યત્ કરોષિ યદ્ અશ્નાસિ યજ્ જુહોસિ દદાસિ યત્।**
**યત્ તપસ્યસિ કૌન્તેય! તત્ કુરુષ્વ મદર્પણમ્।।૨૭।।**

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! તું જે કરે છે, જે ભોગ કરે છે, જે હોમે છે, જે દાન કરે છે, અને જે તપ કરે છે તે મને અર્પણ કર.

**વિવેચન:** લૌકિક, વૈદિક, નિત્ય, નૈમિત્તિક જે કાંઈ કર્મ તું કરે છે તે મને અર્પણ કરવાથી કર્મના બન્ધનથી મુક્ત થઈ તું મને પ્રાપ્ત કરીશ એમ બે શ્લોકથી ( ૨૭-૨૮ ) કહે છે. હે કૌન્તેય! તું જે ધનસઞ્ચય વિગેરે કરે છે, તું અન્ન વિગેરેનો જે ભોગ કરે છે, જે હોમ, દાન અથવા તપ કરે છે તે સર્વ કર્મ મને અર્પણ કર. આમ કરવાથી તું સર્વ દોષથી મુક્ત થઈશ. સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં શ્રીમદાચાર્યચરણે આ ભક્તિમાર્ગના સિદ્ધાન્તનો ઉપદેશ કરેલો છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧૧।૨।૩૬ ઉપરના સુબોધિનીમાં કરેલું છે. તેમજ આ તથા ૨૮મા શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧૧।૨।૩૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**શુભાશુભ ફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ।**
**સંન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામ્ ઉપૈષ્યસિ।।૨૮।।**

**શ્લોકાર્થ:** એવી રીતે સંન્યાસ તથા યોગ થી યુક્ત અન્તઃકરણવાળો થઈ કર્મના બન્ધન શુભ અને અશુભ ફલથી તું મુક્ત થઈશ, અને મુક્ત થએલો મને પામીશ.

**વિવેચન:** એવી રીતે સર્વ કર્મ મને અર્પણ કરવાથી તને સંન્યાસ તથા યોગ પ્રાપ્ત થશે. ભગવાન્નું ભજન સારી રીતે થઈ શકે તે માટે ભજનના વિરોધી સર્વ પદાર્થનો ત્યાગ તે સંન્યાસ. અથવા સર્વ કર્મ ભગવાન્ને સમર્પણ કરવાં તે સંન્યાસ. ભક્તિરૂપ યોગ. આ સંન્યાસ તથા યોગ થી યુક્ત અન્તઃકરણવાળો થઈ કર્મના બન્ધન, શુભ અથવા અશુભ કર્મનાં ફલ, થી મુક્ત થઈશ. એમ કર્મબન્ધથી મુક્ત થએલો તું સંસારના બન્ધનથી લિપ્ત નહિ થતાં મને પુરુષોત્તમને પ્રાપ્ત કરીશ અર્થાત્ સેવોપયોગી દેહ ધારણ કરી વ્યાપિ વૈકુણ્ઠમાં મારી સમીપમાં રહીશ.

આ શ્લોકનું અનુસન્ધાન ભાગ. ૧૧।૨।૩૬ પરના શ્રીસુબોધિનીમાં કરેલું છે.

**સમોઽહં સર્વભૈંતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ।**
**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્।।૨૯।।**

**શ્લોકાર્થ:** હું સર્વ ભૈંતોમાં સમ છું, મારે કોઈ દ્વેષ્ય નથી, કોઈ પ્રિય નથી. પરન્તુ જેઓ મને ભક્તિથી ભજે છે તેઓ મારામાં છે અને હું તેઓમાં છું.

**વિવેચન:** આપના ભક્તોને જ આપ મુક્તિનું દાન કરો છો, બીજાઓને મુક્તિનું દાન કરતા નથી તો આપનામાં પણ વૈષમ્ય એટલે પક્ષપાતરૂપ દોષ થયો જ, એવી શંકા થાય તે દૈંર કરે છે. નીચ - ઉચ્ચ અથવા સર્વે ભૈંતો મને સમાન છે, મારે કોઈ દ્વેષ્ય નથી તેમજ કોઈ મને પ્રિય નથી.

છતાં જેઓ ભક્તિથી મારું ભજન કરે છે તેઓ મારામાં છે અર્થાત્ હું તેઓનો આધાર છું, અને હું પણ તેઓમાં છું અર્થાત્ હું પણ તેઓને અધીન છું. આ ભક્તિનું વિશેષ મહાત્મ્ય છે કે મને સર્વનિયન્તા પરમેશ્વરને પણ અસ્વતન્ત્ર જેવો બનાવે છે. ભગવાન્ પોતે શ્રીમદ્ભાગવતમાં કહે છે કે ''હે દ્વિજ ! હું અસ્વતન્ત્ર હોઉં તેમ ભક્તોને પરાધીન છું. સારી સ્ત્રીઓ જેમ સારા પતિને વશ કરે છે તેમ ભક્તો મને ભક્તિથી વશ કરે છે''. હું ભક્તોને વશ થઈ તેઓને મુક્તિનું દાન કરું તેમાં વૈષમ્યદોષ નથી. જેમ કલ્પતરુ તેનો આશ્રય કરનાર પ્રાણીમાત્રને તેઓના ઈચ્છેલા પદાર્થ આપે છે, પરન્તુ તેનો આશ્રય ન કરે તેઓને કાંઈ આપતું નથી તેમાં તેને વૈષમ્યદોષ નથી, તેમ જ જેઓ મારો આશ્રય કરી મારી ભક્તિ કરે છે તેઓને હું મુક્તિનું દાન કરું અને મારી ભક્તિ ન કરે તેઓને મુક્તિનું દાન ન કરું તેમાં કાંઈ પણ વૈષમ્ય નથી. આ સર્વ જગત્ અને ભૈંતો મેં મારી ક્રીડામાટે રચેલા છે. જેઓ મારી ક્રીડારૂપ પ્રયોજનને જાણતા નથી, પાપ કર્મ કરે છે અને મારામાં વૈષમ્ય વિગેરે દોષ જુએ છે તેઓ મને, સર્વ પ્રાણીઓ સમાન હોવા છતાં, પોતાના જ દોષથી બન્ધન પામે છે અને જેઓ મારું ક્રીડારૂપ પ્રયોજન જાણી ભક્તિ અથવા સ્નેહ થી મારું ભજન કરે છે તેઓનું હું સદા રક્ષણ કરું છું તેમાં મને કાંઈ વૈષમ્યદોષ નથી.

**અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્।**
**સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ।।૩૦।।**

**શ્લોકાર્થ :** જો અત્યન્ત દુષ્ટ આચારવાળો પણ મને અનન્યતાથી ભજે તો તેને સારો જ માનવો, કારણ કે તે સારા નિશ્ચયવાળો છે.

**વિવેચન :** મારી ભક્તિ પ્રાપ્ત કરવા અમુક અધિકાર હોવો જ જોઈએ એવું કાંઈ નથી અર્થાત્ મહાપતિતને પણ મારી ભક્તિ પાવન કરે છે. અત્યન્ત દુષ્ટ આચારવાળો માણસ પણ જો મને અનન્યતાથી ભજે, અર્થાત્ મને એકલાને જ ભજે અને મારા સિવાય અન્ય કોઈ દેવનું ભજન અથવા સેવા અથવા આશ્રય કરે નહિ તો તે સારો વૈષ્ણવોનો અગ્રણી જ માનવો. શ્રીમદ્ભાગવતમાં પણ ભગવાન્ કહે છે કે ''બાર સદ્ગુણ યુક્ત બ્રાહ્મણ ભગવાન્ની ભક્તિથી વિમુખ હોય તે કરતાં ભગવાન્ને મન, વચન, કર્મ, અર્થ, પ્રાણ જેણે અર્પણ કરેલા છે તેવો ચાણ્ડાલ પણ ઉત્તમ છે'' આમ હોવાનું પ્રયોજન એ છે કે દુરાચારી હોવા છતાં સારા નિશ્ચયવાળો છે, તેણે મારી અનન્ય ભક્તિ કરવાનો કરેલો નિશ્ચય ઉત્તમ છે.

આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે વિષય વિગેરે મહાપાપ નિરન્તર કર્યા કરનાર જે માણસ તેવા પાપની નિવૃત્તિમાટે અન્ય દેવનું ભજન અથવા પ્રાયશ્ચિત વગેરે ઉપાયો બરાબર નથી એમ જાણે છે, અન્ય કોઈ દેવનું ભજન કરતો નથી, અને વિષય વિગેરે પાપી આચરણનો ત્યાગ કરવા શક્તિમાન નથી, પરન્તુ તેનો ત્યાગ કરવાની ઈચ્છા રાખે છે અને તેથી પોતાના દૈન્યનો આવિર્ભાવ કરી મારી જ અનન્ય ભક્તિ કરે છે તે સાધુ છે; કારણ કે તેનો નિશ્ચય ઉત્તમ છે. ભક્ત હોય તે ગમે તેવો દુરાચારી હોય તો પણ સારો જ છે એમ અહીં કહેલું હોવાથી ભક્તોને દુષ્ટ આચરણ બાધ કરતું નથી, તેથી ભક્તોએ દુષ્ટ આચરણ કરવામાં કાંઈ સઙ્કોચ રાખવો નહિ એમ માનવાનું નથી.

આ વિષયનું તત્ત્વદીપ નિબન્ધના બીજા સર્વ નિર્ણય પ્રકરણમાં શ્લોક ૨૩૬ ની ટીકામાં વિસતારથી વિવેચન કરેલું હોવાથી અહીં વિશેષ લખવું આવશ્યક નથી.

**ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વત્ શાન્તિં નિગચ્છતિ।**
**કૌન્તેય ! પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ।।૩૧।।**

**શ્લોકાર્થ :** તે તરત જ ધર્માત્મા થાય છે, અને સદાની શાન્તિ પામે છે. હે કૌન્તેય! મારા ભક્તનો નાશ થતો નથી એવી પ્રતિજ્ઞા જાણ.

**વિવેચન :** એવો અત્યન્ત દુરાચારી માત્ર સારા નિશ્ચયને લીધે સારો કેમ થાય ? એવી શંકા થાય, તે માટે તેના દુરાચારનો તરત જ નાશ થાય છે એમ કહે છે. તે તરત જ ધર્માત્મા થાય છે, પાપ કરતો અટકે અને ઉત્તમ આચરણ કરે છે. તેનાં પાપ નિર્મૈલ ઉખડી જાય છે. તેને સદાની શાન્તિ પ્રાપ્ત થાય છે. હે કૌન્તેય! તું મારી પ્રતિજ્ઞા જાણ કે મારા ભક્તનો કદાપિ નાશ થતો નથી. અથવા મારા ભક્તનો કદાપિ નાશ થતો નથી એવી તું સભાઓમાં પ્રતિજ્ઞા કર. તેથી અતિતામસ, રાજસ, મહાપતિત લોકોને પણ ભગવત્સમ્બન્ધ થતાં ભગવાન્ તેઓને પાવન કરે છે અને તેઓનો કૃપાથી નિરોધ કરે છે.

આ શ્લોકનું અનુસન્ધાન ભાગ.૧૦।૨।૨૬ પરનાં સુબોધિનીમાં કરેલું છે.

**માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેડપિ સ્યુઃ પાપયોનયઃ।**
**સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૈંદ્રાઃ તેપિ યાન્તિ પરાં ગતિમ્ ।।૩૨।।**

**શ્લોકાર્થ :** કારણ કે હે પાર્થ! જે કોઈ પાપીઓ, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૈંદ્રો હોય તે પણ મારો આશ્રય કરીને પરમ ગતિ પામે છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં કહી તેવી પ્રતિજ્ઞા કરવાનું કારણ એ છે કે મારો આશ્રય જેણે કરેલો છે તે પછી ગમે તેવા, પૈંતના જેવા, પાપી હોય, ગોપીઓ પેઠે માત્ર અભણ, શાસ્ત્રની અનધિકારી સ્ત્રીઓ હોય, તુલાધાર અથવા નન્દ વિગેરે જેવા વૈશ્યો હોય અથવા વિદુર જેવા શૈંદ્રો હોય તો પણ તેઓ પરમ ગતિ પામે છે.

**કિં પુનર્ બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા।**
**અનિત્યમ્ અસુખં લોકમ્ ઈમં પ્રાપ્ય ભજસ્વ મામ્ ।।૩૩।।**

**શ્લોકાર્થ :** તો પછી પુણ્યવાન્ બ્રાહ્મણો તથા રાજર્ષિ ભક્તોનું તો કહેવું જ શું? અનિત્ય સુખરહિત આ લોક પ્રાપ્ત કરી મારું ભજન કર.

**વિવેચન :** જ્યારે એવા અનધિકારીઓને પણ મારો આશ્રય કરવાથી પરમ ગતિની પ્રાપ્તિ થાય છે તો પછી વેદાધ્યયનના અધિકારી પવિત્ર બ્રાહ્મણો, અને પ્રજાપાલન વગેરે શુભ આચરણવાળા રાજર્ષિ ભક્તોને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય તેમાં આશ્ચર્ય જ શું? પરન્તુ આવા ઉત્તમ સાધનવાળા બ્રાહ્મણો યજ્ઞ કરવા બેઠાં ત્યારે ભગવાન્ શ્રીકૃષ્ણે ગોપદ્વારા કરેલ અન્નની યાચનાની અવગણના કરનારા વિપ્રોની પેઠે મારી ભક્તિથી વિમુખ થાય છે અને મારી ભક્તિ કરતા નથી. આવા ઉત્તમ સાધનવાળા મારી ભક્તિ કરનાર નારદ શ્રુતદેવ સુદાસ અને બહુલાશ્વ જેવા કોઈ વિરલા જ હોય છે. તેથી હે પાર્થ! અનિત્ય અને સુખરહિત આ લોક પ્રાપ્ત કરેલ તું પણ મારું ભજન કર.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૨।૧।૫ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

પોતાનું ભજન કેવા પ્રકારથી કરવું તે કહે છે.

**મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।**

**મામેવૈષ્યસિ યુક્ત્વૈવમ્ આત્માનં મત્પરાયણઃ ।।૩૪।।**

**શ્લોકાર્થ :** મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારું યજન કરનાર થા. મને નમન કર. મને પરાયણ રહી આત્માને એવી રીતે યોજવાથી તું મને જ પ્રાપ્ત કરીશ.

**વિવેચન :** નીલવ્યોમ જેવી મૈર્તિવાળા, સર્વજ્ઞ, સર્વશક્તિમાન્, માત્ર પરમ આનન્દના જ કર-પાદ-મુખ-ઉદર વિગેરે જેમનાં છે તેવા, સર્વ અલૌકિક ગુણોના ભંડાર, અચિંત્ય, સર્વવેદાન્તોથી વેદ્ય, પોતાની ઈચ્છાથી જ પોતાનાં અશેષ સૌન્દર્યનો આવિર્ભાવ કરી ભૈંતલ ઉપર પ્રકટ થએલા ભગવાન્ શ્રીપુરુષોત્તમ એવા ''મારામાં જ તું મન રાખનાર થા''. આ ઉપર કહેલા સાંખ્ય અને યોગ ના તાત્પર્યરૂપ સ્મરણરૂપ ભક્તિ કહી, તેથી જ્ઞાનકાણ્ડના અર્થની સિદ્ધિ થાય છે. ''મારો ભક્ત થા'' અર્થાત્ મારી પુરુષોત્તમસ્વરૂપની જ સેવા કર. આથી ઉપાસનાકાણ્ડની સિદ્ધિ થાય છે. ''મારું જ યજન કરનાર થા''. આથી કર્મકાણ્ડના અર્થની સિદ્ધિ થાય છે. મને જ નમસ્કાર કર. ''હું આપનો દાસ છું'' એમ અનન્ય ભાવથી સાષ્ટાંગદણ્ડવત્ કરી તારા અહપારાદિ સર્વ દોષનો ત્યાગ કરી મારે શરણે આવ. મને પરાયણ રહી આત્માને આવી રીતે યોજવાથી તું મને જ પ્રાપ્ત કરીશ. અહીં છેવટે 'એવ=જ' યોજેલો છે તેનો સર્વ વાક્યમાં સમ્બન્ધ છે. તેથી મારું જ ભજન વિગેરે કર એટલે અન્ય દેવનું ભજન અથવા દેવને નમસ્કાર વિગેરે કરીશ નહિ એવો બોધ છે. ભગવાન્‌ના અનુગ્રહાત્મક પુષ્ટિમાર્ગનો આ મુખ્ય સિદ્ધાન્ત છે. આ માર્ગમાં ભગવાન્‌નો આશ્રય જ મુખ્ય છે તથા ભક્તોના સર્વસાધનરૂપ તથા ફલરૂપ ભગવાન્ પોતે જ છે. તેથી જ ભગવાન્ ''મને જ પ્રાપ્ત કરીશ'' એમ કહે છે. મારી ભક્તિથી પ્રાપ્ય ફલ હું જ છું. આના સમ્બન્ધમાં શ્રીમદાચાર્યચરણવિરચિત સેવાફલ ગ્રન્થનું અવલોકન કરવું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૩।૯।૧૭ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'રાજવિદ્યારાજગુહ્યયોગો' નામ નવમોઽધ્યાયઃ ।।૯।।**

# ।। અધ્યાય ૧૦ ।।
# વિભૂતિયોગ

નવમા અધ્યાયમાં ભક્તિનું સ્વરૂપ કહ્યું અને ભગવાન્‌ને સર્વ કર્મ સમર્પણ કરવાનો તથા ભક્તિ કરવાનો બોધ દીધો; પરન્તુ ભગવાન્‌નું સ્વરૂપ જાણ્યા વિના ભક્તિ સમ્ભવતી નથી, તેથી ભગવત્સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તે માટે ભગવાન્ પોતાના સ્વરૂપનું તથા પોતાની વિભૂતિઓનું આ અધ્યાયમાં નિરૂપણ કરે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**ભૂય એવ મહાબાહો શૃણુ મે પરમં વચઃ ।**
**યત્ તેઽહં પ્રીયમાણાય વક્ષ્યામિ હિતકામ્યયા ।।૧।।**

**શ્લોકાર્થ :** હે મહાબાહો ! પ્રસન્ન થતા તને (તારા) હિતની ઈચ્છાથી જે પરમ વચન હું કહું છું તે પુનઃ પણ સાંભળ.

**વિશેષ :** વાસુદેવ ભગવાને અર્જુનને ઉપદેશ તો આપ્યો અને એના હિતનું ઘણું–ઘણું કહ્યું; પણ અર્જુન ઉપર કૃષ્ણ પ્રીતિ કરે છે એવું કોઈ શ્લોક પરથી નિશ્ચય કહી શકાતું નથી. આ શ્લોકમાં તેમની પ્રીતિ અર્જુન પર છે તે ખુલ્લેખુલ્લું જણાવે છે. જીવભાવે અર્જુન ભગવદંશ તો છે; પરન્તુ તે વ્યામોહ દશામાં પડેલો હોવાથી સામાન્ય લોક તરફ એની પ્રીતિ ઢળે છે. નવ અધ્યાય સુધીમાં પ્રભુનાં વચનદ્વારા એનો વ્યામોહ ઓછો થયેલો જણાતાં પ્રભુ પણ એના તરફ પ્રીતિમય વચન સાથે કાંઈક વધારે રહસ્યમય ઉપદેશ આપે છે.

**ન મે વિદુઃ સુરગણાઃ પ્રભવં ન મહર્ષયઃ ।**
**અહમ્ આદિર્હિ દેવાનાં મહર્ષીણાં ચ સર્વશઃ ।।૨।।**

**શ્લોકાર્થ :** દેવોના ગણો અથવા મહર્ષિઓ મારો પ્રભવ જાણતા નથી; કારણ કે દેવોનું તથા મહર્ષિઓનું હું સર્વ પ્રકારે આદિ કારણ છું.

**વિવેચન :** મારાં સ્વરૂપ તથા વિભૂતિ ના જે પરમ વચન હું તને કહેવાનો છું તે બહુ ગૂઢ છે. દેવો અથવા મહર્ષિઓ પણ મારા પ્રભવને એટલે પ્રાદુર્ભાવને જાણતા નથી. તેઓ દેવ અને મહર્ષિ હોવાથી મેં ભૂમિનો ભાર હરવા ધર્મનું તથા તેઓનું રક્ષણ કરવા અવતાર ધારણ કરેલો છે એમ જાણે છે, પરન્તુ હું પૂર્ણરૂપ સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ અવતરેલો છું અને ભક્તિનો પ્રચાર કરવાનું મારા અવતારનું મુખ્ય પ્રયોજન છે એમ તેઓ પણ જાણતા નથી. મારી કૃપા વિના કોઈ મારા અવતારનું પ્રયોજન અથવા મારું સ્વરૂપ જાણી શકે નહિ. દેવોનું તથા મહર્ષિઓનું સર્વ પ્રકારે આદિ કારણ હું છું, તેથી તેઓ મારા આવિર્ભાવના પ્રયોજન તથા મારા સ્વરૂપને શી રીતે જાણે ?

**યો મામ્ અજમ્ અનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્ ।**
**અસમ્મૂઢઃ સમર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે ।।૩।।**

**શ્લોકાર્થ :** મર્ત્યોમાં જે મોહથી રહિત પુરુષ મને અજ, અનાદિ અને લોકોનો મહેશ્વર જાણે છે તે સર્વ પાપોથી મુક્ત થાય છે.

**વિવેચન :** મન્ત્રદ્રષ્ટા ઋષિઓ પણ મારા આવિર્ભાવને જાણતા નથી. તેથી જ હું અજ છું. અન્ય સર્વ ગુણ, પ્રકૃતિ, આકાશ વિગેરેનો જન્મ થાય છે, પરન્તુ હું અજ છું. હું અનાદિ છું. મુક્ત જીવોનો પણ જન્મ થતો ન હોવાથી, તેઓ પણ 'અજ' જન્મરહિત છે, પરન્તુ તેમનાં જન્મરહિતપણાને આદિ( આરમ્ભ ) હોવાથી તેઓ 'અનાદિ' નથી. તેથી તેમનાથી પણ પોતે 'પર' છે એમ જણાવવા 'અનાદિ' શબ્દ યોજેલ છે. તેથી 'અજ' અને 'અનાદિ' એ શબ્દો એક જ અર્થવાળા નથી. સર્વ લોકોનો નિયન્તા છું, મર્ત્યોમાં અસમ્મૈંઢ એટલે પ્રમાદરહિત જે કોઈ પુરુષ મને એવો જાણે છે, તે સંસારહેતુભૈંત ભક્તિવિરોધી સર્વ પાપોથી મુક્ત થાય છે.

**બુદ્ધિર્જ્ઞાનમ્ અસમ્મોહઃ ક્ષમા સત્યં દમઃ શમઃ ।**
**સુખં દુઃખં ભવોઽભાવો ભયં ચાભયમેવ ચ ।।૪।।**
**અહિંસા સમતા તુષ્ટિઃ તપો દાનં યશોઽયશઃ ।**
**ભવન્તિ ભાવા ભૈંતાનાં મત્તએવ પૃથગ્વિધાઃ ।।૫।।**

**શ્લોકાર્થ :** બુદ્ધિ, જ્ઞાન, અસમ્મોહ, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુઃખ, ભવ, અભાવ, ભય અને અભય, અહિંસા, સમતા, તુષ્ટિ, તપ, દાન, યશ, અને અપયશ એ બધા જાતજાતના પ્રાણીઓના ભાવો મારાથી જ થાય છે.

**વિવેચન :** પ્રાણીઓના સર્વ ભાવો મારાથીજ થાય છે. ભાવો વર્ણવે છે. અધ્યવસાય અથવા નિશ્ચયરૂપ 'બુદ્ધિ'. ઉપદેશથી ઉત્પન્ન થતું 'જ્ઞાન'. 'અસમ્મોહ' એટલે માયાના વિલાસમાં મોહ ન થાય તે. 'ક્ષમા' અથવા સહનશીલતા. 'સત્ય' એટલે પ્રમાણથી જેવા અર્થનો નિર્ણય થાય તેવું જ ભાષણ. બાહ્ય ઈન્દ્રિયોને તેઓના વિષયોથી દૈંર રાખવી તે 'દમ'. 'શમ' એટલે અન્તઃકરણની શાન્તિ, આત્માને અનુકૈંળ અનુભવ તે 'સુખ'. આત્માને પ્રતિકૈંળ અનુભવ તે 'દુઃખ'. સુખ અને દુઃખ પણ મારાથી જ થાય છે, કારણ કે હું ત્રણે માર્ગનો અધિષ્ઠાતા છું અને જીવ પોત – પોતાના અધિકાર પ્રમાણે ત્રણ માર્ગમાં જે માર્ગને અનુસરે તેના પ્રમાણમાં તેને સુખ અથવા દુઃખ આપુ છું. 'ભવ' એટલે ઉત્પત્તિ. 'અભાવ' એટલે નાશ, 'ભય' એટલે મૃત્યુ; કાલ વિગેરેનો ભય. 'અભય' એટલે મારા ચરણની પ્રાપ્તિ થવાથી કાલ મૃત્યુ વગેરેના ભયનો અભાવ, 'અહિંસા' અર્થાત્ દયા. 'સમતા' એટલે સર્વત્ર ભગવદ્બુદ્ધિ. 'તુષ્ટિ' એટલે સન્તોષ. તે જ પ્રમાણે તપ, દાન, યશ, અને અપયશ વગેરે સર્વ પ્રાણીમાત્રના ભાવો મારાથી થાય છે; તેથી મુખ્ય કર્તા તથા સર્વનું કારણ હું છું. પ્રકૃતિ વિગેરે માત્ર કરણ છે, કારણ નથી; તેથી મારો મહિમા મહાન છે.

આ બે શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૩।૨।૩૯ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત્ ૧૦।૧૩।૫૯ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**મહર્ષયઃ સપ્ત પૈંર્વે ચત્વારો મનવસ્તથા ।**
**મદ્ભાવા માનસા જાતા યેષાં લોક ઈમાઃ પ્રજાઃ ।।૬।।**

**શ્લોકાર્થ :** સપ્ત મહર્ષિઓ તથા પ્રથમના ચાર મનુઓ મારા પ્રભાવવાળા મારા મનમાંથી ઉત્પન્ન થએલા છે. તેઓની લોકમાં આ પ્રજાઓ છે.

**વિવેચન :** મહર્ષિઓ તથા દેવોના આદિકારણ પોતે કેવી રીતે છે તે જણાવે છે. સાતે મહર્ષિઓ તથા ૧૪ મનુ માંહેના પ્રથમ ચાર મનુઓ મારા મનમાંથી ઉત્પન્ન થએલા છે અને તેઓમાં મારો

પ્રભાવ છે. મહર્ષિઓ તથા મનુઓ ભગવાન્‌ના મનમાંથી ઉત્પન્ન થએલા છે, કારણ કે ભગવાન્ મનની જ સૃષ્ટિ રચે છે. ''તેણે ઈચ્છા કરી, હું બહુ થાઉં, પ્રજા ઉત્પન્ન કરું'' વિગેરે શ્રુતિ પણ મનથી જ સૃષ્ટિ રચાએલી છે એવો બોધ કરે છે. આ મહર્ષિઓ અને મનુઓ ની આ લોકમાં સર્વ પ્રજા છે. તેથી સર્વ પ્રજાનાં કારણરૂપ મહર્ષિ તથા મનુઓ ના પણ કારણ હોવાથી ભગવાન્ અનાદિ છે.

**એતાં વિભૈંતિં યોગં ચ મમ યો વેત્તિ તત્ત્વતઃ।**
**સોઽવિકમ્પેન યોગેન યુજ્યતે નાત્ર સંશયઃ॥૭॥**

**શ્લોકાર્થ :** જે મારી આ વિભૈંતિ અને યોગ ને તત્ત્વથી જાણે છે તે નિશ્ચલ યોગથી યુક્ત થાય છે. આમાં સન્દેહ નથી.

**વિવેચન :** જે મારી આ મહર્ષિ તથા મનુરૂપ વિભૈંતિ તથા મારો ઉપર કહ્યો તેવો યોગ અથવા પ્રભાવ તત્ત્વથી જાણે છે, તેને નિશ્ચલ ભક્તિરૂપ યોગ પ્રાપ્ત થાય છે તેમાં કાંઈ પણ સન્દેહ નથી.

**અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે ।**
**ઈતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતાઃ॥૮॥**

**શ્લોકાર્થ :** હું સર્વનો પ્રભવ છું. મારાથી સર્વ પ્રવર્તે છે એમ જાણી ભાવવાળા બુદ્ધિમાનો મને ભજે છે.

**વિવેચન :** અહીંથી ચાર શ્લોકથી ( ૮ - ૧૧ ) ભગવાન્‌ની વિભૈંતિ તથા યોગના જ્ઞાનથી પ્રાપ્ત થએલી ભક્તિ કેવી રીતે વૃદ્ધિ પામે છે તે કહે છે. હું સર્વ જગતનો પ્રભવ અથવા ઉત્પત્તિસ્થાન છું, ઉપર કહ્યું તે પ્રમાણે સર્વ જગત્ મારાથી પ્રવર્તે છે એમ જાણી મારા માહાત્મ્યનું જ્ઞાન થવાથી મારામાં ભાવવાળા બુદ્ધિમાન લોકો મને ભજે છે.

**મચ્ચિત્તા મદ્‌ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્ ।**
**કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ॥૯॥**

**શ્લોકાર્થ :** મારામાં ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, મારો પરસ્પર બોધ કરતા તથા નિત્ય મારી કથા કરતા સન્તોષ પામે છે અને રમે છે.

**વિવેચન :** મારામાં ચિત્તવાળા એટલે મને જેઓએ ચિત્ત અર્પણ કરેલું છે તેવા, તથા મારામાં પ્રાણવાળા અર્થાત્ પ્રાણ તથા ઈન્દ્રિયો જેઓએ મને અર્પણ કરેલ છે તેવા, પરસ્પર મારો બોધ કરે છે તથા નિત્ય મારી કથા કરે છે. આવી રીતે નિત્ય મારું સેવામાર્ગની રીતથી ભજન કરે છે તથા મારી કથા કરે છે અને તેમાં સન્તોષ પામી આનન્દ કરે છે. મને ચિત્ત, પ્રાણ, તથા ઈન્દ્રિયો અર્પણ કરેલી હોવાથી તેઓને મારો સમ્બન્ધ થએલો છે. આજ બ્રહ્મસમ્બન્ધ છે. ભગવાન્ શ્રીકૃષ્ણને આત્મા સાથે દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ તથા તેઓના ધર્મનું અર્પણ કરવું તે 'બ્રહ્મસમ્બન્ધ'. આ પ્રમાણે દેહ, ઈન્દ્રિય, પ્રાણ વિગેરે મને અર્પણ કરી મારા દાસ થઈ મારી સેવા કરે છે તથા મારી કથા કરી આનન્દ પામે છે.

**તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૈંર્વકમ્ ।**
**દદામિ બુદ્ધિયોગં તં યેન મામ્ ઉપયાન્તિ તે॥૧૦॥**

**શ્લોકાર્થ :** તેવા નિરન્તર યુક્ત અને પ્રીતિપૈંર્વક ભજનારાઓને હું તે બુદ્ધિયોગ આપું છું જેથી

તેઓ મારી સમીપમાં આવે છે.

**વિવેચન :** તેવા નિરન્તર મારી સાથે યુક્ત અર્થાત્ જેમણે દેહ પણ મને અર્પણ કરેલો છે તેવા, અથવા જેઓ નિરન્તર મારી કૃપાથી યુક્ત છે તેવા અને પ્રીતિથી એટલે સ્નેહપૈર્વક મારું ભજન કરનારાઓને હું મારી સ્વરૂપાત્મક ભક્તિના ઉપાયરૂપ બુદ્ધિયોગ આપું છું, તેથી તેઓ મારી સમીપમાં આવે છે, અર્થાત્ આ યોગથી તેઓને નિર્ગુણ મુક્તિ પ્રાપ્ત થાય છે.

**તેષામેવાનુકમ્પાર્થમ્ અહમ્ અજ્ઞાનજં તમઃ ।**
**નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ।।૧૧।।**

**શ્લોકાર્થ :** તેઓ ઉપર જ કૃપા કરવા તેઓના આત્મભાવમાં રહીને પ્રકાશમાન જ્ઞાનરૂપી દીપકથી હું તેઓના અજ્ઞાનથી ઉત્પન્ન થએલા અન્ધકારને દૈર કરું છું.

**વિવેચન :** તેઓને આત્મજ્ઞાનનું દાન પણ હું જ કરું છું એમ કહે છે. તેઓના આત્મભાવમાં રહીને અર્થાત્ તેઓનાં અન્તરાત્મત્વનો અંગીકાર કરી હું રહું છું, અને તેથી જ્ઞાનરૂપી પ્રકાશમાન દીપકથી તેઓના દેહાધ્યાસ વિગેરે અજ્ઞાનરૂપી અન્ધકારનો હું નાશ કરું છું અર્થાત્ મારા ભગવદીઓના યોગ અને ક્ષેમ હું જ સાચવું છું.

**અર્જુન ઉવાચ**

**પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્ ।**
**પુરુષં શાશ્વતં દિવ્યમ્ આદિદેવમ્ અજં વિભુમ્ ।।૧૨।।**
**આહુસ્ત્વામ્ ઋષયઃ સર્વે દેવર્ષિર્નારદસ્તથા ।**
**અસિતો દેવલો વ્યાસઃ સ્વયં ચૈવ બ્રવીષિ મે ।।૧૩।।**

**શ્લોકાર્થ :** આપ પરબ્રહ્મ છો, પરધામ છો, અને પરમ પવિત્ર છો. સર્વ ઋષિઓ તેમજ દેવર્ષિ નારદ, અસિત, દેવલ અને વ્યાસ આપને શાશ્વત દિવ્ય પુરુષ, આદિદેવ, અજ અને વિભુ કહે છે અને આપ પણ મને એમ કહો છો.

**વિવેચન :** સર્વથી વિલક્ષણ ભગવાન્‌નો ઉત્તમ યોગપ્રભાવ, અને પોતાના અનન્ય ભક્તના અન્તરાત્મામાં રહેવા માટે વિભૈતિપણું જાણી વિસ્તારથી તે સાંભળવાની ઈચ્છાથી અર્જુન સાત શ્લોકથી (૧૭-૧૮) ભગવાન્‌ની સ્તુતિ કરી પ્રશ્ન કરે છે. આપ પરબ્રહ્મ એટલે વ્યાપક પુરુષોત્તમ છો, પરધામ અર્થાત્ પુરુષોત્તમાત્મક તેજોરૂપ છો, પરમ પવિત્ર એટલે સર્વથી ઉત્તમ પાવન કરનાર છો. આવું આપનું સ્વરૂપ છે તેમાં કાંઈ સન્દેહ નથી; કારણ કે ભૃગુ વિગેરે ઋષિઓ, પરમ ભાગવત દેવર્ષિ નારદ, ભગવદ્ધર્મરૂપ અસિત, દેવલ અને જ્ઞાનાવતાર વ્યાસજી પણ આપને શાશ્વત અર્થાત્ નિત્ય દિવ્ય પુરુષ એટલે પુરુષોત્તમ, 'આદિદેવ' એટલે મૈલરૂપ અવતારી, 'અજ' એટલે જન્મરહિત, અને 'વિભુ' એટલે સર્વશક્તિમાન કહે છે. અને આપ પણ મને ''હું દેવોનું તથા મહર્ષિઓનું આદિકારણ છું'' વિગેરે કહો છો, તેથી આપ પરબ્રહ્મ, પરમ ધામ, અને પરમ પવિત્ર છો તેમાં કાંઈ સન્દેહ નથી.

**સર્વમ્ એતદ્ ઋતં મન્યે યન્ માં વદસિ કેશવઃ ।**
**ન હિ તે ભગવુવ્યક્તિં વિદુર્દેવા ન દાનવાઃ ।।૧૪।।**

**શ્લોકાર્થ :** હે કેશવ! આપ મને જે કહો છો તે સર્વ હું સત્ય માનું છું, કારણ કે હે ભગવન્! આપની વ્યક્તિને દેવો કે દાનવો જાણતા નથી.

**વિવેચન :** હે ભગવન્! જ્ઞાન પણ સર્વ આપનું જ છે. ગુણ પણ આપે આપેલા જ બીજે હોય છે. તેથી દેવો અને દાનવો પણ આપના અનન્ય અસાધારણ યોગપ્રભાવને અથવા આપની ભિન્ન – ભિન્ન વિભૈંતિરૂપ વ્યક્તિને જાણતા નથી.

**સ્વયમેવાત્મનાऽऽત્માનં વેત્થ ત્વં પુરુષોત્તમ !।**
**ભૈંતભાવન ! ભૈંતેશ ! દેવદેવ ! જગત્પતે !।।૧૫।।**

**શ્લોકાર્થ :** હે પુરુષોત્તમ! હે ભૈંતભાવન! હે ભૈંતોના ઈશ! દેવોના દેવ! જગત્પતિ! આપ પોતે જ પોતાથી પોતાને જાણો છો.

**વિવેચન :** બીજું કોઈ દેવ અથવા દાનવ આપના સ્વરૂપને જાણતું નથી. માત્ર આપ પોતે જ પોતાથી આપના યથાર્થ સ્વરૂપને જાણો છો. બીજા જાણી શકતા નથી; કારણ કે આપ પુરુષોત્તમ છો. બ્રહ્માણ્ડપુરાણમાં પણ કહ્યું છે કે ‘‘આ પુરુષોત્તમ કોઈથી પણ જાણી શકાઓ તેવા નથી’’. પાછળ ‘‘જે મને અજ, અનાદિ, ભૈંતોના ઈશ જાણે છે’’ વિગેરે કહેલું છે તેનો આથી વિરોધ થતો નથી, કારણ કે જેઓ આપને તેમ જાણે છે તેઓ આપે તેઓને વેદનાત્મક શક્તિનું દાન કરેલું હોવાથી જાણે છે. તેથી જ આપે ત્યાં કહ્યું કે ‘‘હું તેઓને બુદ્ધિયોગ આપું છું’’. આપ તે પ્રમાણે બુદ્ધિયોગ આપો છો કારણ કે આપ ‘ભૈંતભાવન’ છો. ભૈંતો અથવા પ્રાણીઓને પોતાના ભાવથી યુક્ત કરે તે ભૈંતભાવન. ભૈંતોમાં આપ પોતાનો ભાવ મૈંકો છો, કારણ કે આપ ભૈંતેશ અથવા ભૈંતોના સ્વામી છો. વળી દેવોના પણ દેવ છો અર્થાત્ પૈંજ્યોના પણ પૈંજ્ય છો એટલે તેઓની પૈંજાથી સન્તુષ્ટ થઈ તેમ કરો છો. માત્ર દેવોના જ પૈંજ્ય છો એમ નહિ પણ જગતના પણ પતિ અર્થાત્ રક્ષક છો. તેથી દેવોની પેઠે જગતના અન્ય ભૈંતોને પણ એવો બુદ્ધિયોગ આપો છો.

**વક્તુમ્ અર્હસ્યશેષેણ દિવ્યા હ્યાત્મવિભૈંતયઃ ।**
**યાભિર્ વિભૈંતિભિર્ લોકાન્ ઈમાન્ ત્વં વ્યાપ્ય તિષ્ઠસિ ।।૧૬।।**

**શ્લોકાર્થ :** જે વિભૈંતિઓવડે આ લોકોને વ્યાપી આપ રહો છો તે આપની વિભૈંતિઓ દિવ્ય છે, તેથી તે સર્વ કહેવા આપ યોગ્ય છો.

**વિવેચન :** દેવો વિગેરેને પણ આપની વિભૈંતિઓનું જ્ઞાન નથી તેથી આપ જ જાણતા હોવાથી આપે જ કહેવી યોગ્ય છે. તેથી જે આપના અંશરૂપ સર્વને વશ રાખનારી વિભૈંતિઓથી આ ત્રણે લોક વ્યાપી આપ રહેલા છો તે આપની અસાધારણ દિવ્ય સર્વ વિભૈંતિઓ મને કહો.

**કથં વિદ્યામ્ અહં યોગિન્ ! ત્વાં સદા પરિચિન્તયન્ ।**
**કેષુ કેષુ ચ ભાવેષુ ચિન્ત્યોऽસિ ભગવન્ ! મયા ।।૧૭।।**

**શ્લોકાર્થ :** હે યોગિન્! આપનું સદા ચિન્તન કરતો હું આપને કેવી રીતે જાણી શકું ? હે ભગવન્ મારે આપનું ક્યા – ક્યા ભાવોમાં ચિન્તન કરવું.

**વિવેચન :** વિભૈંતિઓ શા માટે કહેવી તેનું કારણ કહે છે. ક્યા – ક્યા પદાર્થોમાં મારે આપનું ચિન્તન કરવું, તે વિભૈંતિઓ જાણવાથી જણાય.

**વિસ્તરેણાત્મનો યોગં વિભૈંતિં ચ જનાર્દન !।**
**ભૈંયઃ કથય તૃપ્તિર્હિ શૃણ્વતો નાસ્તિ મેऽમૃતમ્ ।।૧૮।।**

**શ્લોકાર્થ :** હે જનાર્દન! આપનો યોગ તથા વિભૈંતિ પુનઃ વિસ્તારથી કહો, કારણ કે અમૃતનું

શ્રવણ કરતાં મને તૃપ્તિ થતી નથી.

**વિવેચન :** પહેલાં આપે સંક્ષેપથી વિભૈંતિ તથા યોગ કહેલા છે; પરન્તુ પુનઃ તે વિસ્તારથી કહો, કારણ કે આપના વચનરૂપી અમૃતનું શ્રવણ કરતાં મને તૃપ્તિ થતી નથી.

**શ્રીભગવાન્ ઉવાચ**

**હન્ત તે કથયિષ્યામિ દિવ્યા હ્યાત્મવિભૈંતયઃ ।**

**પ્રાધાન્યતઃ કુરુશ્રેષ્ઠ ! નાસ્ત્યન્તો વિસ્તરસ્ય મે ।।૧૯।।**

**શ્લોકાર્થ :** હન્ત ! હે કુરુશ્રેષ્ઠ ! મારી દિવ્ય વિભૈંતિઓ મુખ્યતાથી તને કહું છું, કારણ કે મારી વિભૈંતિઓના વિસ્તારનો અન્ત નથી.

**વિવેચન :** અનુકમ્પા દર્શાવવા 'હન્ત !' કહે છે. હે કુરુશ્રેષ્ઠ ! મારી દિવ્ય વિભૈંતિઓ મુખ્યતાથી કહું છું, કારણ કે તેના વિસ્તારનો અન્ત જ નથી. વિભૈંતિ એટલે વિવિધરૂપે પોતાના અંશથી પ્રકૃતિમાં આવિર્ભાવ થવો તે, સર્વત્ર કોઈ – કોઈ અંશથી મારો આવિર્ભાવ થવો તે. સર્વત્ર કોઈ – કોઈ અંશથી મારો આવિર્ભાવ છે જ, કારણ કે હું સર્વનો નિયામક છું. તેથી સર્વત્ર મારી વિભૈંતિઓ હોવાથી તેના વિસ્તારનો અન્ત નથી, તેથી હું મુખ્ય = મુખ્ય વિભૈંતિઓ કહું છું.

**અહમ્ આત્મા ગુડાકેશ ! સર્વભૈંતાશયસ્થિતઃ ।**

**અહમ્ આદિશ્ચ મધ્યં ચ ભૈંતાનામ્ અન્ત એવ ચ ।।૨૦।।**

**શ્લોકાર્થ :** હે ગુડાકેશ ! સર્વ ભૈંતોના અન્તઃકરણમાં રહેલો હું આત્મા છું. હું ભૈંતોનો આદિ, મધ્ય, તેમજ અન્ત પણ છું.

**વિવેચન :** પ્રારમ્ભમાં પોતાનો યોગ કહે છે. 'હે ગુડાકેશ' સમ્બોધનથી એમ સૈંચવ્યું છે કે 'ગુડાકા' એટલે નિદ્રાનો 'ઈશ' થઈ, એટલે આળસ તજી ચિન્તન કરજે. પ્રાણીમાત્રના અન્તઃકરણમાં રહેલો આત્મા હું છું. શરીરભૈંત પૃથિવી વિગેરે ભૈંતોનો પણ આત્મા હું છું. તેમજ સર્વ ભૈંતોનો આદિ, મધ્ય તેમજ અન્ત પણ હું છું. તેથી સર્વના આત્મા તરીકે મારું ચિન્તન કરવું. અંશ અને અંશીમાં ભેદ નથી, એટલે તે જુદા પ્રકારના નથી એવા અભિપ્રાયથી આ કહેલ છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૨।૨।૧૬ તથા ૨।૬।૩૯ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે. તેમજ ૧૦ ક્ષેપક અધ્યાય ૩ – ૧૪ ઉપરનાં સુબોધિનીમાં પણ કરેલું છે.

**આદિત્યાનામ્ અહં વિષ્ણુર્ જ્યોતિષાં રવિરંશુમાન્ ।**

**મરીચિર્ મરુતામ્ અસ્મિ નક્ષત્રાણામ્ અહં શશી ।।૨૧।।**

**શ્લોકાર્થ :** આદિત્યોમાં હું વિષ્ણુ છું. જ્યોતિઓમાં હું અંશુમાન રવિ છું. મરુતોમાં હું મરીચિ છું, અને નક્ષત્રોનો હું ચન્દ્ર છું.

**વિવેચન :** બાર આદિત્યોમાં હું વિષ્ણુ આદિત્ય છું, અથવા 'આદિત્ય' એટલે દેવોમાં હું વિષ્ણુ અર્થાત્ વામન છું એવો કેટલાક અર્થ કરે છે. જ્યોતિઓમાં હું કિરણવાળો સૈંર્ય છું. મરુતોમાં હું મરીચિ છું અને નક્ષત્રોનો હું ચન્દ્ર છું.

આ શ્લોકથી આરમ્ભી ભગવાન્ પોતાની વિભૈંતિઓ કહે છે. આ અધ્યાયની સમાપ્તિ સુધી વિભૈંતિઓનું નિરૂપણ છે.

**વેદાનાં સામવેદોઽસ્મિ દેવાનામ્ અસ્મિ વાસવઃ ।**

**ઇન્દ્રિયાણાં મનશ્ચાસ્મિ ભૈંતાનામ્ અસ્મિ ચેતના ।।૨૨।।**

**શ્લોકાર્થ :** વેદોમાં હું સામવેદ છું. દેવોમાં હું ઇન્દ્ર છું. ઇન્દ્રિયોમાં હું મનુ છું. અને પ્રાણીઓમાં હું ચેતના છું.

**વિવેચન :** વેદોમાં હું ગાનાત્મક મધુર રસવાળો સામવેદ છું. દેવોમાં હું સો યજ્ઞ કરનાર, સર્વ ક્રિયાઓનો ભોક્તા, તથા રાજ્યભોક્તા ઇન્દ્ર છું. એકાદશ ઇન્દ્રિયો મધ્યે હું બીજી ઇન્દ્રિયોનું પ્રેરક મન છું. પ્રાણીઓમાં હું ચેતના અથવા જ્ઞાનશક્તિ છું.

**રુદ્રાણાં શંકરશ્ચાસ્મિ વિત્તેશો યક્ષરક્ષસામ્ ।**
**વસૈનાં પાવકશ્ચાસ્મિ મેરુઃ શિખરિણામ્ અહમ્ ।।૨૩।।**

**શ્લોકાર્થ :** રુદ્રોમાં હું શંકર છું. યક્ષ અને રાક્ષસો માં હું કુબેર છું. વસુઓમાં હું અગ્નિ છું. અને પર્વતોમાં હું મેરુ છું.

**વિવેચન :** એકાદશ રુદ્ર મધ્યે હું સર્વને સુખ આપનાર તથા ભક્તિ અને જ્ઞાન નો ઉપદેશ કરનાર શંકર છું. યક્ષ અને રાક્ષસો માં હું વિત્તેશ કુબેર છું. વસુઓમાં હું ભગવાન્‌ના મુખારવિન્દરૂપ અગ્નિ છું. પર્વતોમાં હું સુવર્ણમય મેરુ છું.

**પુરોધસાં ચ મુખ્યં માં વિદ્ધિ પાર્થ! બૃહસ્પતિમ્ ।**
**સેનાનીનામ્ અહં સ્કન્દઃ સરસામ્ અસ્મિ સાગરઃ ।।૨૪।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ! પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ મને જાણ. સેનાધિપતિઓમાં હું સ્કન્દ છું, અને જલાશયોમાં હું સાગર છું.

**વિવેચન :** હે પાર્થ! પુરોહિતોમાં મુખ્ય દેવોનો પુરોહિત બૃહસ્પતિ હું છું. સેનાધિપતિઓમાં હું દેવોનો સેનાધિપતિ સ્કન્દ છું અને સ્થિર જલાશયોમાં હું રત્નાકર સાગર છું.

**મહર્ષીણાં ભૃગુરહં ગિરામ્ અસ્મ્યેકમ્ અક્ષરમ્ ।**
**યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ સ્થાવરાણાં હિમાલયઃ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** મહર્ષિઓમાં હું ભૃગુ છું. વચનોમાં હું એકાક્ષર છું. યજ્ઞોમાં હું જપ યજ્ઞ છું. સ્થાવરોમાં હું હિમાલય છું.

**વિવેચન :** મહર્ષિઓમાં હું ભક્તિ ક્યા દેવની કરવી તેનો નિર્ધાર કરનાર ભૃગુ છું, વચન અથવા અક્ષરોમાં સર્વ અક્ષરોનું બીજ પ્રણવરૂપ ઓંકાર છું. યજ્ઞોમાં હું જપયજ્ઞ છું. અને સ્થાવરોમાં હું હિમાલય પર્વત છું.

**અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં દેવર્ષીણાં ચ નારદઃ ।**
**ગન્ધર્વાણાં ચિત્રરથઃ સિદ્ધાનાં કપિલો મુનિઃ ।।૨૬।।**

**શ્લોકાર્થ :** સર્વ વૃક્ષોમાં હું અશ્વત્થ છું. દેવર્ષિઓમાં હું નારદ છું. ગન્ધર્વોમાં હું ચિત્રરથ છું. સિદ્ધોમાં હું કપિલ મુનિ છું.

**વિવેચન :** સર્વ વૃક્ષોમાં હું વૈષ્ણવ સ્વરૂપ પૈંજ્ય અશ્વત્થ અથવા પીપળો છું. દેવર્ષિઓમાં હું મહાભાગવત્ નારદ છું. ગન્ધર્વોમાં હું ચિત્રરથ છું. અને સિદ્ધોમાં હું ભગવદવતાર અને સાંખ્યતત્ત્વના વક્તા કપિલ મુનિ છું.

**ઉચ્ચૈઃશ્રવસમ્ અશ્વાનાં વિદ્ધિ મામ્ અમૃતોદ્ભવમ્ ।**

**ઐરાવતં ગજેન્દ્રાણાં નરાણાં ચ નરાધિપમ્।।૨૭।।**

**શ્લોકાર્થ :** અશ્વોમાં મને અમૃત સાથે ઉત્પન્ન થએલો ઉચ્ચૈઃશ્રવા, ગજેન્દ્રોમાં ઐરાવત અને માણસોમાં રાજા જાણ.

**વિવેચન :** અશ્વોમાં હું અમૃત સાથે ઉત્પન્ન થએલો સાત મુખવાળો અગ્નિસ્વરૂપ ઉચ્ચૈઃશ્રવા છું. ઉત્તમ હાથીઓમાં હું ઐરાવત છું, અને માણસોમાં હું રાજા છું.

**આયુધાનામ્ અહં વજ્રમ્ ધેનૂનામ્ અસ્મિ કામધુક્।**
**પ્રજનશ્ચાસ્મિ કન્દર્પઃ સર્પાણામ્ અસ્મિ વાસુકિઃ ।।૨૮।।**

**શ્લોકાર્થ :** આયુધોમાં હું વજ્ર છું, ધેનુઓમાં હું કામધેનુ છું, કામોમાં હું પ્રજા ઉત્પન્ન કરનાર કામ છું, સર્પોમાં હું વાસુકિ છું.

**વિવેચન :** શસ્ત્રોમાં હું વજ્ર છું, ગાયોમાં હું કામધેનુ છું. કામોમાં ભગવદીય પ્રજાની ઉત્પત્તિના હેતુરૂપ કામ હું છું. સર્પોમાં હું વાસુકિ છું. સર્પો એક મુખવાળા હોય છે( રામાનુજ ).

**અનન્તશ્ચાસ્મિ નાગાનાં વરુણો યાદસામ્ અહમ્।**
**પિતૃણામ્ અર્યમા ચાસ્મિ યમઃ સંયમતામ્ અહમ્।।૨૯।।**

**શ્લોકાર્થ :** નાગોમાં હું અનન્ત છું, જલચરોમાં હું વરુણ છું, પિતૃઓમાં હું અર્યમા છું અને સંયમ કરનારમાં હું યમ છું.

**વિવેચન :** ઘણા મુખવાળા નાગોમાં હું અનન્ત અર્થાત્ શેષ છું, જલચરોમાં હું તેઓનો અધિષ્ઠાતા વરુણ છું. પિતૃઓમાં હું શ્રાદ્ધાન્નનો ભોગ કરનાર અર્યમા છું, અને સંયમ કરનારમાં હું યમ છું.

**પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનાં કાલઃ કલયતામ્ અહમ્।**
**મૃગાણાં ચ મૃગેન્દ્રોઽહં વૈનતેયશ્ચ પક્ષિણામ્।।૩૦।।**

**શ્લોકાર્થ :** દૈત્યોમાં હું પ્રહ્લાદ છું. ગણનારાઓમાં હું કાલ છું. પશુઓમાં હું સિંહ છું, અને પક્ષીઓમાં ગરુડ છું.

**વિવેચન :** દૈત્યોમાં હું મહાભાગવત દૈત્યકુલનો ઉદ્ધાર કરનાર પ્રહ્લાદ છું. પ્રાણીઓના આયુષ્ય વિગેરેની ગણના કરનાર સંવત્સર વિગેરેમાં હું કાલ છું. પશુઓમાં હું તેઓનો રાજા સિંહ છું અને પક્ષીઓમાં હું તેઓનો રાજા ગરુડ છું.

**પવનઃ પવતામ્ અસ્મિ રામઃ શસ્ત્રભૃતામ્ અહમ્।**
**ઝષાણાં મકરશ્ચાસ્મિ સ્રોતસામ્ અસ્મિ જાહ્નવી।।૩૧।।**

**શ્લોકાર્થ :** શુદ્ધિ કરનારમાં હું પવન છું, શસ્ત્રધારીઓમાં હું રામ છું. મત્સ્યોમાં હું મકર છું, વહેતા જલોમાં હું ગંગા છું.

**વિવેચન :** શુદ્ધિ કરનાર પદાર્થોમાં હું પવન છું. શસ્ત્ર ધારણ કરનારાઓમાં હું દશરથનો પુત્ર રામ છું, અથવા શસ્ત્ર ધારણ કરનારાઓમાં હું જમદગ્નિનો પુત્ર પરશુરામ છું. મત્સ્યોમાં હું મકર છું. વહેતા જલમાં હું ભગવત્પાદોદક ગંગા છું.

**સર્ગાણામ્ આદિરન્તશ્ચ મધ્યં ચૈવાહમ્ અર્જુન!।**
**અધ્યાત્મવિદ્યા વિદ્યાનાં વાદઃ પ્રવદતામ્ અહમ્।।૩૨।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન! સૃષ્ટિઓનો આદિ, અન્ત તથા મધ્ય પણ હું છું. વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા અને વાદ કરનારોના વાદ હું છું.

**વિવેચન :** પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા ત્રણે સૃષ્ટિનો આદિ, અન્ત અને મધ્ય હું છું. વિદ્યાઓમાં તત્ત્વનો નિર્ધાર કરનારી અધ્યાત્મવિદ્યા અને વાદ કરનારાઓનો તત્ત્વના સ્વરૂપના નિર્ણયાત્મક વાદ હું છું.

**અક્ષરાણામ્ અકારોઽસ્મિ દ્વન્દ્વઃ સામાસિકસ્ય ચ ।**
**અહમેવાક્ષયઃ કાલો ધાતાઽહં વિશ્વતોમુખઃ ।।૩૩।।**

**શ્લોકાર્થ :** અક્ષરોમાં હું અકાર છું, સમાસોમાં હું દ્વન્દ્વ છું. હું જ અક્ષય કાલ છું. સર્વત્ર મુખવાળો ધાતા હું છું.

**વિવેચન :** અક્ષરોમાં હું વાસુદેવવાચક 'અ' છું. શ્રુતિ પણ કહે છે કે ''અકાર સર્વવાણી છે''. સમાસોમાં ઉભય પદનું જેમાં પ્રાધાન્ય છે તેવો દ્વન્દ્વ સમાસ હું છું. દ્વન્દ્વ સિવાયના સમાસોમાં એક પદનું જ પ્રાધાન્ય હોય છે, પરન્તુ દ્વન્દ્વ સમાસમાં ઉભય પદનું પ્રાધાન્ય હોય છે. પ્રવાહરૂપ અક્ષય કાલ પણ હું જ છું. સર્વત્ર મુખવાળો સૃષ્ટિ ઉત્પન્ન કરનાર ધાતા એટલે બ્રહ્મા પણ હું છું.

**મૃત્યુઃ સર્વહરશ્ચાહમ્ ઉદ્ભવશ્ચ ભવિષ્યતામ્ ।**
**કીર્તિઃ શ્રીર્વાક્ ચ નારીણાં સ્મૃતિર્ મેધા ધૃતિઃ ક્ષમા ।।૩૪।।**

**શ્લોકાર્થ :** સર્વને હરનાર મૃત્યુ અને ભવિષ્યમાં થનાર પદાર્થોનો ઉદ્ભવ હું છું. સ્ત્રીઓમાં હું કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા છું.

**વિવેચન :** સર્વનો સંહાર કરનાર મૃત્યુ હું છું. ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પદાર્થોનો ઉદ્ભવ અર્થાત્ ઉત્પત્તિ હું છું. નારીઓમાં કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ, અને ક્ષમા એ સાત હું છું.

**બૃહત્સામ તથા સામ્નાં ગાયત્રી છન્દસામ્ અહમ્ ।**
**માસાનાં માર્ગશીર્ષોઽહમ્ ઋતૂનાં કુસુમાકરઃ ।।૩૫।।**

**શ્લોકાર્થ :** સામોમાં હું બૃહત્સામ છું. છન્દોમાં હું ગાયત્રી છું. માસોમાં હું માર્ગશીર્ષ છું. ઋતુઓમાં હું વસન્ત છું.

**વિવેચન :** સામોમાં હું બૃહત્સામ છું. આ સામથી સર્વેશ્વર તરીકે સ્તુતિ થતી હોવાથી આ સામ ઉત્તમ છે. વેદના છન્દોમાં હું ભગવત્સ્વરૂપનું પ્રતિપાદન કરનાર ગાયત્રી છું. માસોમાં હું માર્ગશીર્ષ માસ છું અને ઋતુઓમાં હું જડ પદાર્થોમાં પણ આનન્દ ઉત્પન્ન કરનારી અને વૃન્દાવનમાં નિત્ય રહેનારી વસન્ત ઋતુ છું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૧૯।૧ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**દ્યૂતં છલયતામ્ અસ્મિ તેજસ્તેજસ્વિનામ્ અહમ્ ।**
**જયોઽસ્મિ વ્યવસાયોઽસ્મિ સત્ત્વં સત્ત્વવતામ્ અહમ્ ।।૩૬।।**

**શ્લોકાર્થ :** છલનારાઓમાં હું દ્યૂત છું, તેજસ્વીઓનું હું તેજ છું. હું જય છું, હું વ્યવસાય છું, સત્ત્વવાળાઓમાં હું સત્ત્વ છું.

**વિવેચન :** વ્યવસાય અર્થાત્ ઉદ્યમ અથવા નિશ્ચય હું છું. સત્ત્વવાળાઓમાં એટલે

ધૈર્યવાળાઓમાં હું સત્ત્વ અર્થાત્ ધૈર્ય છું.

**વૃષ્ણીનાં વાસુદેવોઽસ્મિ પાંડવાનાં ધનઞ્જયઃ।**
**મુનીનામપ્યહં વ્યાસઃ કવીનામ્ ઉશનાકવિઃ।।૩૭।।**

**શ્લોકાર્થ:** વૃષ્ણિઓમાં હું વાસુદેવ છું. પાંડવોમાં હું ધનઞ્જય છું. મુનિઓમાં હું વ્યાસ છું, કવિઓમાં હું શુક્રાચાર્ય કવિ છું.

**વિવેચન:** વૃષ્ણિઓમાં હું વાસુદેવ છું. વસુદેવના ઘેર ધર્મમય ભગવાન્નો પ્રાદુર્ભાવ થએલો છે અને તે અન્યત્ર કેવલ પૈંર્ણ પુરુષોત્તમ છે. તેથી વાસુદેવની વિભૈંતિમાં ગણના કરેલી છે. અથવા વૃષ્ણિઓમાં વસુદેવના પુત્ર બલભદ્ર મારી વિભૈંતિ છે. પાંચ પાંડવો મધ્યે નારાયણના અંશ નરરૂપ ધનઞ્જય અર્થાત્ તું મારી વિભૈંતિ છે. મનન કરનાર મુનિઓમાં હું કૃષ્ણદ્વૈપાયન છું, અને કવિઓમાં હું ઉત્તમ કવિ શુક્રાચાર્ય છું.

**દણ્ડો દમયતામ્ અસ્મિ નીતિરસ્મિ જિગીષતામ્।**
**મૌનં ચૈવાસ્મિ ગુહ્યાનાં જ્ઞાનં જ્ઞાનવતામ્ અહમ્।।૩૮।।**

**શ્લોકાર્થ:** દમનારાઓનો દણ્ડ હું છું. વિજયની ઈચ્છાવાળાઓની નીતિ હું છું. ગુહ્ય પદાર્થોમાં હું મૌન છું. અને જ્ઞાનીઓનું જ્ઞાન હું છું.

**વિવેચન:** દમનારાઓનો સર્વના દોષને હરનાર દણ્ડ હું છું.

**યચ્ચાપિ સર્વભૈંતાનાં બીજં તદ્ અહમ્ અર્જુન!।**
**ન તદસ્તિ વિના યત્ સ્વાત્ મયા ભૈંતં ચરાચરમ્।।૩૯।।**

**શ્લોકાર્થ:** હે અર્જુન! સર્વભૈંતોનું જે કાંઈ બીજ છે તે હું છું. એવું કોઈ ચર અથવા અચર ભૈંત નથી જે મારા વિનાનું હોય.

**વિવેચન:** ચર અથવા અચર ભૈંતમાત્ર મારી, ઉપર કહેલી બે, પ્રકૃતિનું જ કાર્ય હોવાથી એવું કોઈ સમ્ભવતું નથી કે જે મારા વિનાનું હોય. તેથી સર્વત્ર હું છું.

**નાન્તોઽસ્તિ મમ દિવ્યાનાં વિભૈંતીનાં પરન્તપ!।**
**એષ તૈંદ્દેશતઃ પ્રોક્તો વિભૈંતેર્ વિસ્તરો મયા।।૪૦।।**

**શ્લોકાર્થ:** હે પરન્તપ! મારી દિવ્ય વિભૈંતિઓનો અન્ત નથી. આ તો વિભૈંતિનો વિસ્તારમેં ઉદ્દેશથી કહ્યો.

**વિવેચન:** ઉદ્દેશથી એટલે નામમાત્રથી અથવા સંક્ષેપથી મેં વિભૈંતિઓનો વિસ્તાર કહ્યો. મારી દિવ્ય વિભૈંતિઓ અનન્ત હોવાથી તે કહેતાં પાર આવે જ નહિ.

**યદ્-યદ્ વિભૈંતિમત્ સત્ત્વં શ્રીમદૈંર્જિતમેવ વા।**
**તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંઽશસમ્ભવમ્।।૪૧।।**

**શ્લોકાર્થ:** જે-જે વિભૈંતિવાળું, શોભાવાળું અથવા ઉત્કર્ષવાળું સત્ત્વ છે તે- તે મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થએલું તું જાણ.

**વિવેચન:** જે-જે સત્ત્વ અથવા પદાર્થ વિભૈંતિવાળો એટલે ઐશ્વર્યવાળો, શોભા અથવા સૌન્દર્યવાળો, અથવા ઉત્કર્ષવાળો છે તે-તે મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થયેલો છે એમ તું જાણ. જડ, જીવ અને અન્તર્યામી ત્રણેમાં મારા સત્, ચિત્, અને આનન્દ અંશોનો અનુક્રમે

આવિર્ભાવ હોવાથી જે – જે પદાર્થમાં ઐશ્વર્ય, સૌન્દર્ય અથવા ઉત્કર્ષ છે તે મારા ત્રણમાંથી એક અંશમાંથી ઉત્પન્ન થએલ છે. મારી વિભૈંતિનો અન્ત નથી, તેથી મારી વિભૈંતિ જાણવાનું આ સામાન્ય લક્ષણ કહ્યું.

**અથવા બહુનૈતેન કિં જ્ઞાતેન તવાર્જુન !।**
**વિષ્ટભ્યાહમ્ ઈદં કૃત્સ્નમ્ એકાંશેન સ્થિતો જગત્ ।।૪૨।।**

**શ્લોકાર્થ :** અથવા હે અર્જુન ! આ બહુ જ્ઞાનથી તને શું લાભ છે? હું એક અંશથી આ સર્વ જગતને વ્યાપીને રહેલો છું.

**વિવેચન :** ઉપર સર્વ વિભૈંતિઓ કહી તેનો યોગમાં ઉપસંહાર કરે છે. હે અર્જુન ! આ સર્વ જ્ઞાનથી તને શું લાભ થવાનો છે ? (તું બસ એટલું સમજી લે કે) હું પુરુષોત્તમ મારા એક અંશથી અર્થાત્ અક્ષરના મહિમાથી મારા અધ્યાત્મરૂપથી આ સર્વ સ્થૈંલ અને સૈંક્ષ્મ, ચેતન અને અચેતન જગતને વ્યાપી અથવા ધારણ કરી રહેલો છું. એ મારા યોગનું ઐશ્વર્ય જાણ. આવું મારું માહાત્મ્ય છે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'વિભૈંતિયોગો' નામ**
**દશમોऽધ્યાયઃ ।।૧૦।।**

# ।। અધ્યાય ૧૧ ।।
# વિશ્વરૂપદર્શનયોગ

**અર્જુન ઉવાચ**

**મદનુગ્રહાય પરમં ગુહ્યમ્ અધ્યાત્મસઞ્જ્ઞિતમ્ ।**
**યત્ ત્વયોક્તં વચસ્તેન મોહોઽયં વિગતો મમ ।।૧।।**

**શ્લોકાર્થ :** મારા પર અનુગ્રહ કરવા આપે જે પરમ ગુહ્ય અધ્યાત્મ વચન કહ્યાં તેથી મારો આ મોહ નષ્ટ થયો.

**વિવેચન :** ગયા અધ્યાયના અન્તે ભગવાને પોતાનો પરમ અસાધારણ યોગ કહ્યો, અને કહ્યું કે ''હું એક અંશથી આ સર્વ જગતને વ્યાપી રહેલો છું''. આવું ભગવાન્નું રૂપ સાંભળી તેના દર્શન કરવાની ઈચ્છા થવાથી ચાર શ્લોકથી ૧-૪ અર્જુન એ રૂપના દર્શનમાટે પ્રાર્થના કરે છે. આપે મારા ઉપર અનુગ્રહ કરવા પરમ ગુહ્ય અધ્યાત્મ વચનથી મને બોધ દીધો. તેનાથી મારો આપના ઐશ્વર્યના અજ્ઞાનરૂપ મોહ નષ્ટ થયો, અર્થાત્ આપના માહાત્મ્યનું ભાન કરાવનાર આપની વાણીનું મને શ્રવણ થયું, પરન્તુ આપના તેવા રૂપનું દર્શન થયું નથી.

**ભવાપ્યયૌ હિ ભૈંતાનાં શ્રુતૌ વિસ્તરશો મયા ।**
**ત્વત્તઃ કમલપત્રાક્ષ માહાત્મ્યમપિ ચાવ્યયમ્ ।।૨।।**

**શ્લોકાર્થ :** હે કમલપત્ર જેવા ચક્ષુવાળા ! આપથી ભૈંતોની ઉત્પત્તિ તથા લય તેમજ આપનું અવ્યય માહાત્મ્ય પણ મેં વિસ્તારથી સાંભળ્યાં.

**એવમ્ એતદ્ યથાઽઽત્થત્વમ્ આત્માનં પરમેશ્વર ! ।**
**દ્રષ્ટુમ્ ઈચ્છામિ તે રૂપમ્ ઐશ્વરં પુરુષોત્તમ ! ।।૩।।**

**શ્લોકાર્થ :** હે પરમેશ્વર ! આપનું સ્વરૂપ આપે જેવું કહ્યું તેવું જ છે. હે પુરુષોત્તમ ! હું આપના તે ઐશ્વર રૂપના દર્શન કરવા ઈચ્છું છું.

**વિવેચન :** આપના વચનમાં મને અવિશ્વાસ નથી. આપનું સ્વરૂપ આપે જેવું વર્ણવ્યું તેવું જ છે તેમાં મને અવિશ્વાસ નથી. આજ દર્શાવે છે કે મારો મોહ દૈંર થયો છે. હે પુરુષોત્તમ ! આપના તે ઐશ્વર રૂપ અર્થાત્ આપના ઐશ્વર્યવાળાં રૂપનું દર્શન કરવાની મારી ઈચ્છા છે.

**મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમ્ ઈતિ પ્રભો ! ।**
**યોગેશ્વર ! તતો મે ત્વં દર્શયાત્માનમ્ અવ્યયમ્ ।।૪।।**

**શ્લોકાર્થ :** હે પ્રભો ! હે યોગેશ્વર! જો તે મારાથી જોઈ શકાય તેવું આપ માનતા હો તો આપ મને આપના અવ્યય સ્વરૂપનાં દર્શન કરાવો.

**વિવેચન :** આ દર્શન જીવની કૃતિથી પ્રાપ્ત થાય તેવા નથી પરન્તુ ઈશ્વરની ઈચ્છા હોય તો જ થઈ શકે તેમ હોવાથી કહે છે કે હે પ્રભો! જો તે મારાથી જોઈ શકાય તેવું આપ માનતા હો તો મને આપનાં તે અવ્યય સ્વરૂપનાં દર્શન કરાવો.

**શ્રીભગવાન્ ઉવાચ**

**પશ્ય મે પાર્થ ! રૂપાણિ શતશોઽથ સહસ્રશઃ ।**

**નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ।।૫।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! નાના પ્રકારના, વિવિધ વર્ણ અને આકૃતિ વાળાં મારાં સેંકડો અને હજારો દિવ્ય રૂપો તું જો.

**વિવેચન :** અર્જુને એ પ્રમાણે પ્રાર્થના કરી તેથી પોતાનું અદ્‌ભુત અક્ષર સ્વરૂપ દર્શાવવા ભગવાન્ પ્રથમ ચાર (૫-૮) શ્લોકથી તેનાં દર્શન કરવામાટે અર્જુનને સાવધાન કરે છે. હે પાર્થ ! મારાં સેંકડો અને હજારો અર્થાત્ તારી ઈચ્છામાં આવે તેટલાં દિવ્ય રૂપો તું જો.

**પશ્યાદિત્યાન્ વસૈંન્ રુદ્રાન્ અશ્વિનૌ મરુતસ્ તથા ।**
**બહૂન્યદષ્ટપૈંર્વાણિ પશ્યાશ્ચર્યાણિ ભારત ! ।।૬।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! આદિત્યો, વસુઓ, રુદ્રો, બે અશ્વિનિકુમારો, મરુતો તથા પ્રથમ નહિ જોએલાં એવાં બહુ આશ્ચર્યો તું જો.

**વિવેચન :** એક જ સ્થાનમાં અન્યોન્ય વિરુદ્ધ ધર્મો જે રૂપમાં રહેલાં હોય તે આશ્ચર્યરૂપ છે. એવાં બહુ આશ્ચર્યો જો. બાર આદિત્યો, આઠ વસુઓ, અગીઆર રુદ્રો, બે અશ્વિનીકુમારો અને ઓગણપચાસ મરુતો તું જો.

**ઈહૈકસ્થં જગત્કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્ ।**
**મમ દેહે ગુડાકેશ ! યચ્ચાન્યદ્ દ્રષ્ટુમ્ ઈચ્છસિ ।।૭।।**

**શ્લોકાર્થ :** હે ગુડાકેશ ! મારા આ દેહમાં સ્થાવર-જંગમ સહિત સર્વ જગત્ એક સ્થળે રહેલું આજ જો, અને અન્ય જે જોવાની ઈચ્છા હોય તે જો.

**વિવેચન :** આ અર્થાત્ આ અક્ષર સ્વરૂપ મારા દેહમાં સ્થાવર-જંગમ સહિત સર્વ જગત્ એક જ સ્થળે રહેલું તુ આજ જો. અહીં જગતનું પ્રત્યક્ષ દર્શન કરવાનું કહેલું હોવાથી જગત્ સત્ય છે, મિથ્યા નથી એમ સિદ્ધ થાય છે. અન્ય જે કાંઈ જોવાની ઈચ્છા હોય તે પણ તું જો.

**ન તુ માં શકયસે દ્રષ્ટુમ્ અનેનૈવ સ્વચક્ષુષા ।**
**દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્ ।।૮।।**

**શ્લોકાર્થ :** પરન્તુ આ જ તારા ચક્ષુથી મારાં દર્શન કરવા તું સમર્થ નથી, તેથી તને દિવ્ય ચક્ષુ આપું છું. મારો ઐશ્વર યોગ તું જો.

**વિવેચન :** આ તારા પ્રાકૃત ચક્ષુઓ જે માત્ર પરિમિત વસ્તુનું જ ગ્રહણ કરી શકે તેવા છે તેનાથી મારાં અલૌકિક અક્ષર સ્વરૂપના દર્શન થઈ શકશે નહિ તેથી હું તને દિવ્ય ચક્ષુ આપું છું. તેથી તું મારો ઐશ્વર યોગ અર્થાત્ જેની અન્દર સર્વ વિરુદ્ધ ધર્મો આશ્રય કરી રહેલા છે તેવું રૂપ જો.

**સઞ્જય ઉવાચ**

**એવમ્ ઉક્ત્વા તતો રાજન્ ! મહાયોગેશ્વરો હરિઃ ।**
**દર્શયામાસ પાર્થાય પરમં રૂપમ્ ઐશ્વરમ્ ।।૯।।**

**શ્લોકાર્થ :** હે રાજન્ ! મહાયોગેશ્વર હરિએ એ પ્રમાણે કહીને ત્યાર પછી પાર્થને પરમ ઐશ્વર્યયુક્ત રૂપને દેખાડ્યું.

**અનેક-વકત્ર-નયનમ્ અનેકાદ્‌ભુતદર્શનમ્ ।**
**અનેકદિવ્યાભરણં દિવ્યાનેકોદ્યતાયુધમ્ ।।૧૦।।**

**દિવ્યમાલ્યામ્બરધરં દિવ્યગન્ધાનુલેપનમ્ ।**
**સર્વાશ્ચર્યમયં દેવમ્ અનન્તં વિશ્વતોમુખમ્ ।।૧૧।।**

**શ્લોકાર્થ :** અનેક મુખ અને નયનવાળું, અનેક અદ્‌ભુત દર્શનવાળું, અનેક દિવ્ય આભરણોવાળું, દિવ્ય અનેક આયુધો ધારણ કરેલું, દિવ્ય માલા અને વસ્ત્રો ધારણ કરેલું, દિવ્ય ગન્ધોના લેપવાળું, સર્વ આશ્ચર્યવાળું, પ્રકાશમાન, અનન્ત, સર્વત્ર મુખવાળું (પોતાનું પરમ ઐશ્વર રૂપ અર્જુનને દેખાડ્યું) ।।૧૦-૧૧।।

**વિવેચન :** હે રાજન્! સર્વકરણસમર્થ મહાયોગેશ્વર હરિએ એ પ્રમાણે કહી અર્જુનને પોતાનું પરમ ઐશ્વર રૂપ દેખાડ્યું. આ રૂપને અનેક મુખ અને નયન હતાં, તેમાં અનેક અદ્‌ભુત દેખાવો હતા. કિરીટ વિગેરે અનેક દિવ્ય આભરણો ધારણ કરેલાં હતાં, તેમ જ ભક્તોના તાપને દૈર કરનાર ગદા વિગેરે અનેક દિવ્ય આયુધો અને દિવ્ય માલા અને વસ્ત્રો ધારણ કરેલા હતાં, દિવ્ય ગન્ધોનો લેપ કરેલો હતો. તે રૂપ સર્વ આશ્ચર્યોવાળું હતું, અર્થાત્ તેમાં સર્વ પરસ્પર વિરુદ્ધ ધર્મો રહેલા હતા. તે પ્રકાશમાન અનન્ત અને સર્વત્ર મુખવાળું હતું.

દશમા શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧।૩।૪ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**દિવિ સૈંર્યસહસ્રસ્ય ભવેદ્ યુગપદુત્થિતા ।**
**યદિ ભાઃ સદશી સા સ્યાદ્ ભાસસ્તસ્ય મહાત્મનઃ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** જો આકાશમાં એક સાથે ઉદય પામેલા એક હજાર સૈંર્યનો પ્રકાશ ઉત્પન્ન થાય તો તે પ્રકાશ તે મહાત્માના પ્રકાશના જેવો થાય.

**વિવેચન :** આ અલૌકિક રૂપના પ્રકાશનું અદ્‌ભૈંત ઉપમાથી વર્ણન કરે છે. આકાશમાં જો એક હજાર સૈંર્ય એક સાથે ઉદય પામે તો તેમનો જે પ્રકાશ થાય તે એ મહાત્માના પ્રકાશ સમાન કદાચ થાય! અર્થાત્ તે મહાત્માના પ્રકાશ જેવો તે થાય નહિ, પરન્તુ તે મહાત્માના પ્રકાશનું ભાન તેનાથી કદાચ થઈ શકે.

**તત્રૈકસ્થં જગત્કૃત્સ્નં પ્રવિભક્તમ્ અનેકધા ।**
**અપશ્યદ્ દેવદેવસ્ય શરીરે પાંડવસ્તદા ।।૧૩।।**

**શ્લોકાર્થ :** તે સમયે પાંડવે દેવોના દેવના શરીરમાં એક સ્થળે રહેલું અને અનેક પ્રકારે વિભક્ત થએલું સમ્પૈંર્ણ જગત્ જોયું.

**વિવેચન :** પોતાનાં માહાત્મ્યના જ્ઞાન વિના ભક્તિ દઢ થઈ શકે તેમ નહિ હોવાથી ભગવાને કૃપાથી જ્યારે અર્જુનને પોતાનાં અક્ષરસ્વરૂપનાં દર્શન કરાવ્યાં ત્યારે અર્જુને ચેતન અને અચેતન ચૌદલોક સહિત અનેક પ્રકારે વિભક્ત થએલું સર્વ જગત્ દેવોના પણ દેવ શ્રીપુરુષોત્તમના શરીરમાં એક સ્થળે રહેલું જોયું. આવી જ રીતે શ્રીયશોદાજીએ મૃત્સ્નાભક્ષણના પ્રસંગમાં ભગવાન્‌ના મુખારવિન્દમાં સર્વ જગત્ જોયું હતું, પરન્તુ શ્રીયશોદાજીનો પ્રેમ પોતામાં દઢ થાય તે માટે ભગવાને તેમના માહાત્મ્યજ્ઞાનનું પોતાની વૈષ્ણવી માયાથી તરત જ તિરોધાન કર્યું હતું. એ શુદ્ધપુષ્ટિનું માહાત્મ્ય છે. અર્જુનનો શુદ્ધપુષ્ટિમાં અધિકાર નથી, પરન્તુ મર્યાદાપુષ્ટિમાં અધિકાર છે, તેથી ભગવાને કૃપા કરી તેને અક્ષરસ્વરૂપનાં દર્શન કરાવી પોતાના માહાત્મ્યનું ભાન કરાવ્યું, પરન્તુ શ્રીયશોદાજી પેઠે તેનો પ્રેમ દઢ કરવા તેના માહાત્મ્યનાં જ્ઞાનનું વૈષ્ણવી માયાથી તિરોધાન કર્યું નથી.

**તતઃ સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમા ધનઞ્જયઃ ।**
**પ્રણમ્ય શિરસા દેવં કૃતાઞ્જલિરભાષત ।।૧૪।।**

**શ્લોકાર્થ :** પછી વિસ્મય પામેલા અને રોમાઞ્ચિત થએલા અર્જુને મસ્તકથી દેવને પ્રણામ કરી, હાથ જોડી નીચે પ્રમાણે કહ્યું.

**વિવેચન :** દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થવાથી ભગવાન્‌નાં સ્વરૂપનાં દર્શન થવાથી વિસ્મય પામેલા એટલે આશ્ચર્યરસમાં નિમગ્ન થએલા અને રોમાઞ્ચિત થએલા અર્જુને દેવને મસ્તકથી પ્રણામ કરી હાથ જોડી નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરી.

**અર્જુન ઉવાચ**

**પશ્યામિ દેવાન્ તવ દેવ ! દેહે સર્વાંસ્તથા ભૈતવિશેષસંઘાન્ ।**
**બ્રહ્માણમીશં કમલાસનસ્થમ્ ઋષીંશ્ચ સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્।।૧૫।।**

**શ્લોકાર્થ :** હે દેવ ! આપના દેહમાં સર્વ દેવોને તથા ભૈતોના સમૈહોને, કમલાસન ઉપર બેઠેલા બ્રહ્માને, ઈશને, સર્વ ઋષિઓને, અને દિવ્ય સર્પોને હું જોઉં છું.

**વિવેચન :** અહીંથી સત્તર શ્લોકથી ૧૫ - ૩૧ અર્જુન ભગવાન્‌ની સ્તુતિ કરે છે. ભગવાન્‌ની સોળ કળાઓરૂપ સોળ શ્લોક, અને એક શ્લોક પ્રાર્થનાનો મળી કુલ સત્તર શ્લોકથી વિજ્ઞપ્તિ કરે છે.

**અનેક-બાહૂદર-વક્ત્ર-નેત્રમ્ પશ્યામિ ત્વાં સર્વતોઽનન્તરૂપમ્ ।**
**નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિં પશ્યામિ વિશ્વેશ્વર ! વિશ્વરૂપમ્।૧૬।**

**શ્લોકાર્થ :** હું આપને અનેક બાહુ, ઉદર, મુખ અને નેત્રવાળા અને સર્વતઃ અનન્ત રૂપવાળા જોઉં છું. હે વિશ્વેશ્વર ! આપનો અન્ત, મધ્ય અથવા આદિ હું જોતો નથી, અને વિશ્વરૂપ જોઉં છું.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈત્ર ૩।૨।૨૪ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**કિરીટિનં ગદિનં ચક્રિણં ચ તેજોરાશિં સર્વતોદીપ્તિમન્તમ્ ।**
**પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં સમન્તાદ્ દીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્।।૧૭।।**

**શ્લોકાર્થ :** કિરીટવાળા, ગદાવાળા, ચક્રવાળા, તેજના સમૈહરૂપ, સર્વતઃ પ્રકાશમાન, જેમની સામે દૃષ્ટિ થઈ ન શકે તેવા, સર્વ બાજુએ પ્રદીપ્ત અગ્નિ અને સૈર્યના જેવી કાન્તિવાળા તથા પ્રમાણ થઈ ન શકે તેવા હું આપને જોઉં છું.

**ત્વમક્ષરં પરમં વેદિતવ્યમ્ ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।**
**ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તા સનાતનસ્ ત્વં પુરુષોમતો મે ।।૧૮।।**

**શ્લોકાર્થ :** આપ અક્ષર છો, પરમ જાણવા યોગ્ય છો, આપ આ વિશ્વના પરમ નિધાન છો, શાશ્વત ધર્મનું રક્ષણ કરનાર અવ્યય છો. હું આપને સનાતન પુરુષ માનું છું.

**વિવેચન :** આપ અક્ષરસ્વરૂપ પરબ્રહ્મ છો. તેથી જ જ્ઞાનીઓને અને ભક્તોને જાણવાયોગ્ય છો. અહીં ભગવાન્‌ને 'અક્ષર' કહ્યા તેથી સર્વની ઉત્પત્તિ તેમનામાંથી છે એમ કહ્યું. હવે લયસ્વરૂપ કહે છે. આપ આ વિશ્વના પરમ નિધાન અથવા લયસ્થાન છો. હવે પાલકપણું કહે છે. આપ શાશ્વત ધર્મનું રક્ષણ કરનાર છો. ગુણાત્મક ન હોતાં અવ્યય એટલે અવિનાશી અથવા નિત્ય છો. હું આપને સનાતન પુરુષ અથવા પુરુષોત્તમ માનું છું. આપ પુરુષોત્તમ છો એવો મારો

નિશ્ચય છે.

**અનાદિ-મધ્યાન્તમ્ અનન્તવીર્યમ્ અનન્તબાહું શશિ-સૈર્ય-નેત્રમ્ ।**
**પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રમ્ સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્।૧૯।**

**શ્લોકાર્થ:** આદિ, મધ્ય, તથા અન્ત રહિત, અનન્ત વીર્યવાળા, અનન્ત બાહુવાળા, ચન્દ્ર અને સૈર્ય રૂપી નેત્રવાળા, પ્રદીપ્ત અગ્નિ જેમના મુખમાં છે તેવા અને પોતાના તેજથી આ વિશ્વને તપાવતા હું આપને જોઉં છું.

**દ્યાવા-પૃથિવ્યોરિદમન્તરં હિ વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ ।**
**દૃષ્ટ્વાદ્‌ભુતં રૂપમ્ ઉગ્રં તવેદમ્ લોકત્રયં પ્રવ્યથિતં મહાત્મન્ ! ।।૨૦।।**

**શ્લોકાર્થ:** આકાશ અને પૃથિવી નું આ અન્તર અને સર્વ દિશાઓ આપ એકલાએ વ્યાપેલ છે. હે મહાત્મન્ ! આપનું આ અદ્‌ભુત ઉગ્ર રૂપ જોઈને ત્રણે લોક બહુ વ્યથિત થએલા છે.

**વિવેચન:** યુદ્ધ જોવાની ઈચ્છાથી બ્રહ્મા વિગેરે દેવો, અસુરો, પિતૃઓ, સિદ્ધો, ગન્ધર્વો, યક્ષો, રાક્ષસો આવેલા. તેઓમાં પાંડવોને અનુકૈંલ, તેમનાથી પ્રતિકૈંલ અને તટસ્થ હતા. એ ત્રણે લોક આ ભગવાન્‌નું વિશ્વરૂપ જોઈ વ્યથા પામ્યા. ભગવાને પોતાનું ઐશ્વર્ય અર્જુનને દેખાડવા તેઓને પણ દિવ્ય દૃષ્ટિ આપેલી.( રામાનુજ )

**અમી હિ ત્વાં સુરસઙ્ઘા વિશન્તિ કેચિદ્ ભીતાઃ પ્રાઞ્જલયો ગૃણન્તિ ।**
**'સ્વસ્તી'ત્યુક્ત્વા મહર્ષિસિદ્ધસઙ્ઘાઃ સ્તુવન્તિ ત્વાં સ્તુતિભિઃ પુષ્કલાભિઃ।૨૧।**

**શ્લોકાર્થ:** આ દેવોનાં ટોળા આપમાં પ્રવેશ કરે છે. કેટલાકો ભય પામી હાથ જોડી સ્તુતિ કરે છે. મહર્ષિ અને સિદ્ધો નાં ટોળાંઓ 'સ્વસ્તિ' એમ કહી પુષ્કળ સ્તુતિથી આપનું સ્તવન કરે છે.

**રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યા વિશ્વેઽશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ ।**
**ગન્ધર્વ-યક્ષાસુર-સિદ્ધસઙ્ઘા વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે ।૨૨।**

**શ્લોકાર્થ:** રુદ્રો, આદિત્યો, વસુઓ અને સર્વે સાધ્યો, બે અશ્વિનીકુમારો, મરુતો, પિતૃઓ, ગન્ધર્વો, યક્ષો, અસુરો અને સિદ્ધોના સમૈંહો સર્વ વિસ્મિત થઈ આપનાં દર્શન કરે છે.

**રૂપં મહત્ તે બહુવક્ત્રનેત્રમ્ મહાબાહો ! બહુબાહૂરુપાદમ્ ।**
**બહૂદરં બહુદંષ્ટ્રાકરાલમ્ દૃષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાસ્તથાઽહમ્ ।।૨૩।।**

**શ્લોકાર્થ:** હે મહાબાહો ! અનેક મુખ અને નેત્રવાળા, અનેક બાહુ સાથળ અને ચરણવાળા, અનેક ઉદરવાળા, અને ઘણી દાઢોથી વિકરાળ આપનાં મોટાં રૂપને જોઈને લોકો તેમજ હું ખુબ વ્યથિત થયા છીએ.

**નભઃસ્પૃશં દીપ્તમ્ અનેકવર્ણં વ્યાત્તાનનં દીપ્તવિશાલનેત્રમ્ ।**
**દૃષ્ટ્વા હિ ત્વાં પ્રવ્યથિતાન્તરાત્મા ધૃતિં ન વિન્દામિ શમં ચ વિષ્ણો ।।૨૪।।**

**શ્લોકાર્થ:** હે વિષ્ણો ! આકાશનો સ્પર્શ કરતા, પ્રકાશમાન, અનેક રંગવાળા, પ્રસારેલ મુખોવાળા, પ્રદીપ્ત અને વિશાલ નેત્રોવાળા આપને જોઈને જેનો અન્તરાત્મા બહુ વ્યથિત થએલો છે એવો હું ધૈર્ય અથવા શાન્તિ પ્રાપ્ત કરી શકતો નથી.

**દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ દૃષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ ।**

**દિશો ન જાને ન લભે ચ શર્મ પ્રસીદ દેવેશ ! જગન્નિવાસ ! ।।૨૫।।**

**શ્લોકાર્થ :** દાઢોથી વિકરાળ અને કાલાગ્નિ જેવાં આપનાં મુખો જોઈને જ હું દિશાઓ જાણતો નથી અને મને શાન્તિ મળતી નથી. તેથી હે દેવેશ ! હે જગન્નિવાસ ! પ્રસન્ન થાઓ.

**વિવેચન :** આપનાં વિકરાળ અને કાલાગ્નિ જેવાં મુખો જોઈને જ હું દિશાઓ જાણતો નથી એટલે કઈ દિશામાં નાસવું તે મને સૈંઝ પડતી નથી, કોઈ દિશામાં નાસવાથી ભય દૈર થાય તેવું જણાતું નથી.

**અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ સર્વે સહૈવાવનિપાલસંઘૈઃ ।**
**ભીષ્મો દ્રોણઃ સૈંતપુત્રસ્તથાસૌ સહાસ્મદીયૈરપિ યોદ્ધમુખ્યૈઃ।।૨૬।।**
**વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ।**
**કેચિદ્ વિલગ્ના દશનાન્તરેષુ સન્દશ્યન્તે ચૈંર્ણિતૈરુત્તમાંગૈઃ।।૨૭।।**

**શ્લોકાર્થ :** અને આ ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રો તેમજ ભીષ્મ, દ્રોણ, અને સૈંતપુત્ર ભૈંપાલોના સમૈંહો સાથે અને આપણા પણ મુખ્ય યોદ્ધાઓ સાથે દાઢોથી વિકરાળ અને ભયાનક આપનાં મુખો પ્રતિ દોડીને આપમાં પ્રવેશ કરે છે. કેટલાકો ચુરેચુરા થએલા મસ્તકોવાળા આપના દાંતોની ફાટોમાં ચોંટેલા દેખાય છે.

**યથા નદીનાં બહવોઽમ્બુવેગાઃ સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ ।**
**તથા તવામી નરલોકવીરા વિશન્તિ વક્ત્રાણ્યભિવિ જ્વલન્તિ।।૨૮।।**

**શ્લોકાર્થ :** જેમ નદીઓના અનેક જલના પ્રવાહો સમુદ્રની જ તરફ વહે છે તેમ આ નરલોકના વીરપુરુષો આપનાં સર્વ બાજુએ જ્વલતાં મુખોમાં પ્રવેશ કરે છે.

**વિવેચન :** નદીઓના પ્રવાહો પોતાનાં લયસ્થાનરૂપ સમુદ્ર પ્રતિ વહી સમુદ્રમાં લય પામે છે તેવી રીતે આ વીરપુરુષો આપનાં જ્વલતાં મુખોમાં પ્રવેશ કરી લય પામે છે. લયનું અથવા નાશનું દૃષ્ટાન્ત ઉપર કહ્યું તેમાં નાશ પ્રકટ નહિ લાગવાથી નાશનો પ્રકાર વિશેષ સ્પષ્ટ કરવા બીજું દૃષ્ટાન્ત કહે છે.

**યથા પ્રદીપ્તં જ્વલનં પતંગાઃ વિશન્તિ નાશાય સમૃદ્ધવેગાઃ ।**
**તથૈવ નાશાય વિશન્તિ લોકાસ્તતવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ।૨૯।**

**શ્લોકાર્થ :** જેમ પતંગીઆઓ વધારે વેગવાળા થઈ પ્રજ્વલિત અગ્નિમાં પોતાના નાશ માટે પ્રવેશ કરે છે તેમજ લોકો પણ વધારે વેગવાળા થઈ આપના મુખોમાં પોતાના નાશ માટે પ્રવેશ કરે છે.

**લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તાત્ લોકાન્ સન્સમગ્રાન્ વદનૈર્જ્વલદ્ભિઃ ।**
**તેજોભિરાપૈર્યજગત્સમગ્રં ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ।।૩૦।।**

**શ્લોકાર્થ :** આપ જ્વલતાં મુખોથી ચારે તરફથી સર્વ લોકોને ગળતાં ચાટો છો. હે વિષ્ણુ ! આપનાં ઉગ્ર તેજો પોતાની કાન્તિથી સર્વ જગતને ભરી દઈ પ્રકાશે છે.

**આખ્યાહિ મે કો ભવાન્ ઉગ્રરૂપો નમોઽસ્તુ તે દેવવર ! પ્રસીદ ।**
**વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમાદ્યં ન હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્ ।।૩૧।।**

**શ્લોકાર્થ :** ઉગ્રરૂપવાળા આપ કોણ તે મને કહો. હે દેવવર ! આપને નમસ્કાર હો ! આપ પ્રસન્ન

થાઓ. આદ્ય પુરુષ આપને જાણવા ઈચ્છું છું, કારણ કે આપની પ્રવૃત્તિ હું જાણતો નથી.

**શ્રીભગવાન્ ઉવાચ**

**કાલોઽસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધો લોકાન્ સમાહર્તુમ્ સહ પ્રવૃત્તઃ ।**
**ઋતેઽપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે યેઽવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ ।।૩૨।।**

**શ્લોકાર્થ :** શ્રીભગવાન્ કહે છેઃ હું લોકોનો ક્ષય કરનાર વૃદ્ધિ પામેલો કાલ છું, લોકોનો સંહાર કરવા અહીં પ્રવૃત્ત થએલો છું. દરેક સૈન્યમાં જે યોદ્ધાઓ ઉભેલા છે તે સર્વે તારા વિના પણ રહેવાના નથી.

**વિવેચન :** એ પ્રમાણે અર્જુને પ્રાર્થના કરી ત્યારે ભગવાન્ તેને અહીંથી ત્રણ શ્લોકોથી ઉત્તર આપે છે. હું અક્ષર, કાલ, કર્મ અને સ્વભાવ એવા ચાર પ્રકારના ભેદથી કાલરૂપ પ્રકટ થયો છું. હું અક્ષર પણ છું. ચાટવું વિગેરે ગુણવાળો હોવાના ચિહ્નથી કાલરૂપ પણ મને જાણ. કાલરૂપ હોવાથી અસુરાવેશવાળા જીવોનું મૃત્યુ કરનાર છું; તેથી અસુરાવેશવાળા જીવોનો સંહાર કરવા અહીં પ્રવૃત્ત થએલો છું. આજ સપર્ષણભાવ છે, કારણ કે સપર્ષણવ્યૈહ સંહાર કરનાર છે. તારા વિના પણ એટલે તું કોઈને નહિ મારે તો પણ કાલરૂપ હું તેઓને ગળી જઈશ, અને તેઓનો તિરોભાવ થઈ જશે.

**તસ્માત્ ત્વમ્ ઉત્તિષ્ઠ યશો લભસ્વ જિત્વા શત્રૈન્ ભુંક્ષ્વ રાજ્યં સમૃદ્ધમ્ ।**
**મયૈવૈતે નિહતાઃ પૈર્વમેવ નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ ! ।।૩૩।।**

**શ્લોકાર્થ :** તેથી તું ઉઠ. યશ પ્રાપ્ત કર. શત્રુઓને જીતી સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ. પ્રથમથી જ મેં જ આમને મારેલા છે. હે સવ્યસાચિન્ ! તું નિમિત્તમાત્ર થા.

**વિવેચન :** હે સવ્યસાચિન્ ! એટલે ડાબા હાથથી બાણ ફેંકનાર ! આ સર્વે યોદ્ધાઓને કાલરૂપ મેં જ મારેલા છે. તારે માત્ર નિમિત્ત થઈ યશ પ્રાપ્ત કરવાનો છે, તેથી ઉઠ અને શત્રુઓને મારી સમૃદ્ધિવાળુ રાજ્ય ભોગવ.

આ શ્લોકનું અનુસંધાન ભાગ. ૧।૧૫।૧૩ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ કર્ણં તથાઽન્યાનપિ યોધવીરાન્ ! ।**
**મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા યુદ્ધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્ ।।૩૪।।**

**શ્લોકાર્થ :** દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તેમજ અન્ય વીર યોદ્ધાઓને મેં મારેલા છે તેમને તું હણ. વ્યથા પામ નહિ. યુદ્ધ કર. સંગ્રામમાં તું શત્રુઓને જીતીશ.

**વિવેચન :** ભીષ્મ-દ્રોણ વિગેરેને હું કેમ મારું ? એવી શંકા કર નહિ. આ સર્વ યોદ્ધાઓને મેં મારેલા જ છે. તેઓ કાલદષ્ટિથી અથવા પ્રારબ્ધ કર્મવડે જ જીવે છે. તેમને હણ, તું દુઃખી ન થતાં યુદ્ધ કર. તું શત્રુઓને સંગ્રામમાં જીતીશ.

**સઞ્જય ઉવાચ**

**એતત્ શ્રુત્વા વચનં કેશવસ્ય કૃતાઞ્જલિર્વેપમાનઃ કિરીટી ।**
**નમસ્કૃત્વા ભૈયઃ એવાહ કૃષ્ણં સગદ્ગદં ભીતભીતઃ પ્રણમ્ય ।।૩૫।।**

**શ્લોકાર્થ :** સઞ્જય કહે છેઃ કેશવનું આ વચન સાંભળીને, ઘણા જ ભયભીત થએલા અને ધ્રૈંજતા અર્જુને હાથ જોડી શ્રીકૃષ્ણને નમસ્કાર કરી તથા પ્રણામ કરી ગદ્ગદ કંઠે પુનઃ નીચે પ્રમાણે કહ્યું.

**અર્જુન ઉવાચ**

**સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા જગત્પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ ।**
**રક્ષાંસિ ભીતાનિ દિશો દ્રવન્તિ સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસંઘાઃ।૩૬।**

**શ્લોકાર્થ :** અર્જુન કહે છે : હે હૃષીકેશ ! આપની કીર્તિથી જગત્ હર્ષ પામે છે અને પ્રસન્ન થાય છે, રાક્ષસો ભય પામી દિશાઓમાં દોડે છે, અને સર્વ સિદ્ધોના સમૈહો નમન કરે છે તે યોગ્ય જ છે.

**વિવેચન :** અહીંથી ( ૩૬ થી ૪૬ ) અગીઆર શ્લોકથી અર્જુન ભગવાન્‌ની પ્રાર્થના કરે છે. આ ૩૬ મો શ્લોક રક્ષોઘ્નમન્ત્ર એટલે રાક્ષસોને મારવાનો મન્ત્ર છે. તે રક્ષોઘ્નમન્ત્ર શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

**કસ્માચ્ચ તે ન નમેરન્ મહાત્મન્ ગરીયસે બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે ।**
**અનન્ત દેવેશ જગન્નિવાસ ! ત્વમક્ષરં સદસત્તત્પરં યત્ ।।૩૭।।**

**શ્લોકાર્થ :** હે મહાત્મન્ ! બ્રહ્માથી પણ મોટા આદિકર્તા આપને ( તેઓ ) કેમ ન નમે ? હે અનન્ત ! હે દેવોના ઈશ ! હે જગન્નિવાસ ! આપ અક્ષર છો, સત્ છો, અસત્ છો અને જે 'પર' છે તે છો.

**વિવેચન :** આપ વિરુદ્ધ સર્વ ધર્મના આશ્રય હોવાથી સત્ છો, અને અસત્ પણ છો. જે પર કારણ એટલે પુરુષોત્તમ છે તે પણ આપ છો.

**ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણઃ ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્ ।**
**વેત્તાઽસિ વેદ્યં ચ પરં ચ ધામ ત્વયા તતં વિશ્વમનન્ત રૂપમ્।૩૮।**

**શ્લોકાર્થ :** આપ આદિદેવ છો, પુરાણ પુરુષ છો. આપ આ વિશ્વનું પરમ નિધાન છો. આપ વેત્તા છો, વેદ્ય છો, અને પરમ ધામ છો. હે અનન્તરૂપ ! વિશ્વ આપથી વ્યપાએલું છે.

**વિવેચન :** આપ આદિ દેવ છો અથવા દેવોના આદિ છો. આપ પુરાણ પુરુષ અથવા પુરુષોત્તમ છો. આ વિશ્વનું પરમ નિધાન અથવા લયસ્થાન પણ આપ છો. 'વેત્તા' એટલે જાણનાર તેમજ 'વેદ્ય' એટલે જાણવા યોગ્ય પદાર્થ પણ આપ છો, પર ધામ એટલે પુરુષોત્તમનું પર ધામ અક્ષર પણ આપ છો, અને આપના અનન્તરૂપથી આ વિશ્વ વ્યપાઈ રહેલું છે.

**વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાપઃ પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ ।**
**નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ પુનશ્ચ ભૈંયોઽપિ નમો નમસ્તે ।૩૯।**

**શ્લોકાર્થ :** આપ વાયુ છો, યમ છો, અગ્નિ છો, વરુણ છો, ચન્દ્ર છો, પ્રજાપતિ છો અને પ્રપિતામહ છો. આપને પુનઃ હજારો વાર નમસ્કાર હો, અને આપને ફરીથી પણ નમસ્કાર હો.

**વિવેચન :** 'વાયુ' એટલે સર્વને પ્રેરનાર, સર્વના પ્રાણરૂપ આપ છો. તેમજ 'યમ' એટલે સર્વને નિયમમાં રાખનાર, 'અગ્નિ' એટલે સર્વના આધાર, 'વરુણ' એટલે જલના અધિપતિ, સર્વ રસના પૈરક, 'ચન્દ્ર' એટલે સર્વને આનન્દ આપનાર, 'પ્રજાપતિ' એટલે શર્વને ( શંકરને ) ઉત્પન્ન કરનાર, અને 'પ્રપિતામહ' એટલે બ્રહ્માના પણ ઉત્પાદક આપ છો. તેથી સર્વરૂપ આધિદૈવિક સ્વરૂપ હોવાથી આપને હજારોવાર પુનઃ-પુનઃ નમસ્કાર હો.

**નમઃ પુરસ્તાદ્ અથ પૃષ્ઠતસ્તે નમોઽસ્તુ તે સર્વત એવ સર્વ ! ।**
**અનન્તવીર્યામિત વિક્રમસ્ત્વં સર્વં સમાપ્નોષિ તતોઽસિ સર્વઃ।।૪૦।।**

**શ્લોકાર્થ :** હે સર્વ ! આપને આગળથી તેમજ પાછળથી નમસ્કાર હો, અને આપને સર્વ તરફથી નમસ્કાર હો. હે અનન્ત વીર્યવાળા ! આપ અપરિમિત પરાક્રમવાળા છો. આપ સર્વને વ્યાપો છો તેથી સર્વરૂપ છો.

**વિવેચન :** હે સર્વ ! સર્વરૂપ ! આપને સર્વ બાજુએથી નમસ્કાર હો. આપને નમસ્કાર કરવા સિવાય બીજું કાંઈ કરવું શક્ય નથી. આપ એક હોવા છતાં સર્વરૂપવાળા હોવાથી અનન્ત વીર્યવાળા છો. આપનું પરાક્રમ પણ અપરિમિત અથવા નિઃસીમ છે. આપ સર્વને વ્યાપો છો અર્થાત્ જુદાં – જુદાં રૂપથી પદાર્થમાત્ર થઈ સર્વરૂપ થાઓ છો તેથી આપ સર્વરૂપ છો.

આ શ્લોકનું અનુસંધાન ભાગ. ૧૦।૧૦।૩૦ પરનાં સુબોધિનીમાં કરેલું છે.

**સખેતિ મત્વા પ્રસભં યદુક્તં હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ ।**
**અજાનતા મહિમાનં તવેદં મયા પ્રમાદાત્ પ્રણયેન વાઽપિ ।।૪૧।।**
**યચ્ચાવહાસાર્થમ્ અસત્કૃતોઽસિ વિહારશય્યાસનભોજનેષુ ।**
**એકોઽથવાપ્યચ્યુત તત્સમક્ષં તત્ક્ષામયે ત્વામ્ અહમપ્રમેયમ્ ।।૪૨।।**

**શ્લોકાર્થ :** હે અચ્યુત ! આપનો આ મહિમા નહિ જાણવાથી મેં આપને કેવળ સખા જાણી પ્રમાદને લીધે અથવા પ્રણયથી, વગર વિચારે, 'હે કૃષ્ણ !' 'હે યાદવ !' 'હે સખા !' એમ જે કહેલું છે; તથા વિહાર, શય્યા, આસન અને ભોજન માં એકાન્તમાં અથવા સખાઓની સમક્ષ વિનોદમાટે જે આપનો અનાદર કરેલો છે તેની અપ્રમેય આપની પાસે હું ક્ષમા યાચું છું.

**વિવેચન :** આપનાં અલૌકિક માહાત્મ્ય વિગેરે નહિ જાણવાથી મેં આપને સામાન્ય પુરુષ જાણી જે કાંઈ કહેલું છે તેની, તથા વિહાર-શય્યા વિગેરેમાં આપનો જે અનાદર કરેલો છે તેની હું ક્ષમા માગું છું.

**પિતાઽસિ લોકસ્ય ચરાચરસ્ય ત્વમસ્ય પૈંજ્યશ્ચ ગુરુર્ગરીયાન્ ।**
**ન ત્વત્સમોસ્ત્યભ્યધિકઃ કુતોઽન્યો લોકત્રયેઽપ્યપ્રતિમપ્રભાવ ! ।।૪૩।।**

**શ્લોકાર્થ :** હે અપ્રતિમ પ્રભાવવાળા ! આપ આ સ્થિર અને જંગમ લોકના પિતા છો, અને મોટા પૈંજ્ય ગુરુ છો; ત્રણ લોકમાં પણ આપની સમાન અન્ય નથી, તો આપથી અધિક તો હોય જ ક્યાંથી ?

**તસ્માત્ પ્રણમ્ય પ્રણિધાય કાયં પ્રસાદયે ત્વામ્ અહમીશમીડ્યમ્ ।**
**પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુઃ પ્રિયઃ પ્રિયાયાર્હસિ દેવ ! સોઢૈંમ્ ।।૪૪।।**

**શ્લોકાર્થ :** તેથી પ્રણામ કરી, કાયાથી દણ્ડવત્ પ્રણામ કરી, આપ સ્તુત્ય ઈશ્વરની હું, પ્રસન્નતા યાચું છું. હે દેવ ! જેમ પિતા પુત્રનો, મિત્ર મિત્રનો અપરાધ સહન કરે તેમ આપ પ્રિય મારા પ્રિયમાટે ( મારા અપરાધ ) સહન કરવા યોગ્ય છો.

**અદષ્ટપૈંર્વં હૃષિતોઽસ્મિ દષ્ટ્વા ભયેન ચ પ્રવ્યથિતં મનો મે ।**
**તદેવ મે દર્શય દેવ રૂપં પ્રસીદ દેવેશ ! જગન્નિવાસ ! ।।૪૫।।**

**શ્લોકાર્થ :** પ્રથમ નહિ જોયેલું જોઈને હું હર્ષ પામું છું, વળી મારું મન ભયથી વ્યથિત પણ થએલું છે. હે દેવ ! મને તેજ ( આપનું ) રૂપ દેખાડો. હે દેવેશ ! હે જગન્નિવાસ ! પ્રસન્ન થાઓ.

**વિવેચન :** એવી રીતે ક્ષમા માગી હવે ગુણાતીત પ્રભુની પ્રાર્થના કરે છે. આપનું આ પૈંર્વે નહિ જોએલું રૂપ જોવાથી હર્ષ થાય છે, પરન્તુ લોકોને ગ્રસન કરતા જોઈ મન ભયથી વ્યથિત પણ

થાય છે. વસ્તુતઃ આપ ગુણાતીત છો, તેથી મને ભક્તને આપના તે જ ગુણાતીત ચતુર્ભુજ રૂપનું દર્શન કરાવો, કારણ કે આપનું ચતુર્ભુજ રૂપ શાન્ત હોવાથી અમને તો તે જ ઉત્તમ છે. અહીં વિશ્વરૂપ કરતાં મર્યાદામય શુદ્ધ સત્ત્વાત્મક ચતુર્ભુજ રૂપ ઉત્તમ કહેલું હોવાથી અક્ષરબ્રહ્મના ઉપાસકો કરતાં શુદ્ધ સત્ત્વમય ચતુર્ભુજ રૂપના ઉપાસકો ઉત્તમ છે.

**કિરીટિનં ગદિનં ચક્રહસ્તમ્ ઈચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તથૈવ ।**
**તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૈર્તે ।।૪૬।।**

**શ્લોકાર્થ :** તેવા જ મુકુટવાળા, ગદાવાળા, તથા હસ્તમાં ચક્રવાળા, આપનાં દર્શન કરવા હું ઈચ્છુ છું. હે સહસ્રબાહુવાળા ! હે વિશ્વમૈર્તે ! તે જ ચતુર્ભુજ રૂપવાળા થાઓ.

**વિવેચન :** તે રૂપનું વર્ણન કરે છે. તેવા જ એટલે પૈર્વે મને જેવાં દર્શન થતાં હતાં તેવા જ મુકુટધારી, ગદાધારી, ચક્રપાણિ રૂપનાં આપના દર્શન કરવાની મારી ઈચ્છા છે. તેથી આપ તેવું જ ચતુર્ભુજ રૂપ ધારણ કરો. આ શ્લોકથી અર્જુનને ભગવાન્‌ના નિરન્તર ષડ્ગુણોથી અલપૃત ચતુર્ભુજ રૂપથી દર્શન થતાં હતાં એમ જણાય છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**મયા પ્રસન્નેન તવાર્જુનેદં રૂપં પરં દર્શિતમાત્મયોગાત્ ।**
**તેજોમયં વિશ્વમનન્તમાદ્યં યન્મે ત્વદન્યેન ન દષ્ટપૈર્વમ્ ।।૪૭।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! પ્રસન્ન થઈ મેં આત્મયોગથી આ તેજોમય વિશ્વરૂપ, અનન્ત, આદ્ય અને તારા સિવાય પૈર્વે કોઈએ જોએલું નહિ એવાં મારાં પર રૂપનું તને દર્શન કરાવ્યું.

**વિવેચન :** સ્વતઃ પ્રવૃત્તિ ઉત્પન્ન કરાવનાર અક્ષરસ્વરૂપનાં જ દર્શનથી પુષ્ટિમિશ્ર ભક્તને તેમાં ભયરહિત રુચિ ઉત્પન્ન થતી નથી. ક્ષર અને અક્ષરથી અતીત આનન્દરસના સમુદ્રરૂપી હરિના સ્વરૂપામૃતમાં નિમગ્ન થએલા ભક્તોને હરિનાં સ્વરૂપ વિના અન્યત્ર કોઈ સ્થળે રુચિ થતી નથી એમ જાણી ભગવાન્ અર્જુનને સાન્ત્વન કરતાં નીચે પ્રમાણે કહે છે :

સર્વના મૈંલરૂપ, ઉપનિષદોએ જેવા સ્વરૂપનું પ્રતિપાદન કરેલું છે તેવા દ્વિભુજવાળા, લાવણ્યસમુદ્ર, મહામનોરમ, ગુણાતીત, સર્વ વેદાન્તોથી વેદ્ય પરતત્ત્વ, પોતાના આશ્રિત ભક્તો પ્રતિ વાત્સલ્ય અને કરુણાના સમુદ્રરૂપ, અચિન્ત્ય ઐશ્વર્ય અને યોગવાળા મેં અંશી ભગવાન્ કૃષ્ણે તારા ઉપર પ્રસન્ન થઈ મારા ઐશ્વર્યના યોગથી આ તેજોમય વિશ્વરૂપ અનન્ત આદ્યરૂપનું તને દર્શન કરાવ્યું. અન્ય સ્વરૂપનાં દર્શન કરાવવાનું સામર્થ્ય દ્વિભુજવાળા સદાનન્દરૂપ શ્રીકૃષ્ણમાં જ છે એમ આથી સ્પષ્ટ થાય છે. શ્રીકૃષ્ણ મૈંળરૂપ અને અવતારી હોવાથી અન્ય રૂપોનાં દર્શન કરાવી શકે છે, તેથી જ કહેલું છે કે ''શ્રીકૃષ્ણનાં સ્વરૂપનું દર્શન કરાવવાનું અન્ય અવતારમાં સામર્થ્ય નથી'' અન્યના રૂપોનું દર્શન કરાવવાનું શ્રીકૃષ્ણમાં જ સામર્થ્ય છે.

**ન વેદયજ્ઞાધ્યયનૈર્ન દાનૈર્ ન ચ ક્રિયાભિર્ન તપોભિરુગ્રૈઃ ।**
**એવં રૂપઃ શક્ય અહં નૃલોકે દ્રષ્ટું ત્વદન્યેન કુરુપ્રવીર ! ।।૪૮।।**

**શ્લોકાર્થ :** હે કુરુપ્રવીર ! વેદો, યજ્ઞ, અધ્યયન, દાનો, ક્રિયાઓ થી અથવા ઉગ્ર તપોથી પણ નૃલોકમાં તારા વિના અન્યથા મારાં આ રૂપનાં દર્શન થવાં શક્ય નથી.

**વિવેચન :** મારા અનુગ્રહથી પ્રાપ્ય ભક્તિ વિના અન્ય કોઈ પણ સાધનથી મારાં આ રૂપનાં પણ દર્શન શક્ય નથી. કેવલ અક્ષર વિગેરે રૂપનાં તેઓના ઉપાસકોને વેદ–અધ્યયન વિગેરે સાધનોથી

દર્શન થાય, પરન્તુ હું પુરુષોત્તમ શ્રીકૃષ્ણ માત્ર અનન્ય ભક્તિથી જ પ્રાપ્ય હોવાથી વેદ વિગેરે સાધનોથી મારાં દર્શન થવાં શક્ય નથી. તારા ઉપર મારો અનુગ્રહ હોવાથી તને મારાં દર્શન થયાં, પરન્તુ અન્યને તેવા દર્શન થવાં શક્ય નથી. ભગવાન્‌નો અનુગ્રહ તે જ પુષ્ટિ એમ શ્રીમદ્‌ભાગવત્‌માં પણ કહેલું છે. ભાષ્યકાર શ્રીમદાચાર્યચરણ પણ કહે છે કે ''કૃતિથી સાધ્ય જ્ઞાન-ભક્તિ વગેરે સાધનોનો શાસ્ત્ર બોધ કરે છે, તેવાં શાસ્ત્રોમાં કહેલાં સાધનોથી મુક્તિ થાય તે મર્યાદા (માર્ગ) છે; પરન્તુ સાધનોથી રહિતને પણ ભગવાન્ પોતાનાં સ્વરૂપબળથી જ પોતાની પ્રાપ્તિ કરાવે તે પુષ્ટિ કહેવાય છે''. આ પ્રમેયમાર્ગનું શ્રીમદ્‌ભાગવત્‌ના છઠ્ઠા સ્કન્ધમાં અજામિલના આખ્યાનમાં ધર્મ અને વિષ્ણુ ના દૈંતોના સંવાદમાં નિરૂપણ થએલું છે, અને તેની ઉપપત્તિ 'ભક્તિહેતુનિર્ણય' વિગેરે ગ્રન્થોમાં દર્શાવેલી છે.

**મા તે વ્યથા મા ચ વિમૈંઢભાવો દષ્ટ્વા રૂપં ઘોરમીદૃઙ્ મમેદમ્ ।**
**વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનસ્ત્વં તદેવ મે રૂપમિદં પ્રપશ્ય ।।૪૯।।**

**શ્લોકાર્થ :** મારું આ આવું ઘોર રૂપ જોઈને તને વ્યથા અથવા વિમૈંઢતા ન થાઓ. તું ભયરહિત, પ્રસન્ન મનવાળો થઈ મારાં તે જ( પ્રથમનાં ) રૂપનાં પુનઃ દર્શન કર.

**સઞ્જય ઉવાચ**

**ઈત્યર્જુનં વાસુદેવસ્તથોક્ત્વા સ્વકં રૂપં દર્શયામાસ ભૈંયઃ ।**
**આશ્વાસયામાસ ચ ભીતમેનં ભૈંત્વા પુનઃ સૌમ્યવપુર્મહાત્મા ।।૫૦।।**

**શ્લોકાર્થ :** વાસુદેવે અર્જુનને એ પ્રમાણે કહી પુનઃ પોતાનું (પ્રથમનું) રૂપ દેખાડ્યું; અને તે મહાત્માએ પુનઃ સૌમ્ય વપુ ધારણ કરી બીધેલા અર્જુનને આશ્વાસન આપ્યું.

**વિવેચન :** ભગવાને અર્જુનને એ પ્રમાણે કહી પોતાનું ચતુર્ભુજ રૂપ દર્શાવ્યું; પરન્તુ એ રૂપવાળા પાસે પણ સારથિપણું કરાવવું યોગ્ય નથી એમ માની અર્જુનને નીચે ઉતરી સ્તુતિ કરવા તત્પર જોઈ મહાત્મા ભગવાને પુનઃ સૌમ્ય રૂપ ધારણ કરી અર્જુનને આશ્વાસન આપ્યું. ''સર્વેશ્વર, પરમપુરુષ, પરબ્રહ્મ, જગત્ ઉપર ઉપકાર કરવા મનુષ્ય દેહ ધારણ કરનાર વસુદેવના પુત્રનું પોતાનું રૂપ ચાર ભુજાવાળું જ હતું. કંસથી ભય પામેલ વસુદેવની પ્રાર્થનાથી તેમણે બે ભુજાઓનો ઉપસંહાર કરેલ, તે કંસના વધ પછી પ્રકટ કરેલી. દ્વેષી, શિશુપાલ પણ વસુદેવના ચાર ભુજાવાળા રૂપનું જ સદા ચિન્તન કરતો'' (રામાનુજ).

**અર્જુન ઉવાચ**

**દષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ! ।**
**ઈદાનીમ્ અસ્મિ સંવૃત્તઃ સચેતાઃ પ્રકૃતિં ગતઃ ।।૫૧।।**

**શ્લોકાર્થ :** હે જનાર્દન ! આ આપનું સૌમ્ય માનુષરૂપ જોઈને હું હમણાં સચેત થયો છું, અને પ્રકૃતિમાં આવ્યો છું.

**વિવેચન :** આ આપનું સૌમ્ય એટલે સુંદર માનુષ રૂપ જોઈ મારું ચિત્ત અને પ્રકૃતિ સ્વસ્થ થયાં છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**સુદુર્દર્શમિદં રૂપં દષ્ટવાનસિ યન્ મમ ।**
**દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંક્ષિણઃ ।।૫૨।।**

**શ્લોકાર્થ :** શ્રીભગવાન્ કહે છે : મારા જે રૂપના તેં દર્શન કર્યાં તેના દર્શન થવા અતિ કઠિન છે, દેવો પણ આ રૂપનાં દર્શનની નિત્ય અકાંક્ષા રાખે છે.

**વિવેચન :** જે મારાં અકળ વિશ્વરૂપનાં તને દર્શન થયાં તેનાં દર્શન થવાં બહુ દુર્લભ છે, કેમ કે દેવો પણ એનાં દર્શન કરવા નિરન્તર આકાંક્ષા રાખે છે; પરન્તુ તેઓમાં અનુગ્રહનું બીજ નહિ હોવાથી તેઓને પણ દર્શન થતાં નથી.

**નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા ।**
**શક્ય એવંવિધો દ્રષ્ટું દ્દષ્ટવાનસિ માં યથા ।।૫૩।।**

**શ્લોકાર્થ :** જેવાં મારાં તને દર્શન થયાં તેવા દર્શન વેદોથી, તપથી, દાનથી તથા યજ્ઞથી પણ થવાં શક્ય નથી.

**વિવેચન :** ''જેનું તે વરણ કરે છે તેનાથી જ તે પ્રાપ્ય છે'' વિગેરે વાક્યોથી ભગવાન્ માત્ર અનુગ્રહથી જ લભ્ય હોવાથી અનુગ્રહ વિના વેદો, તપ, યજ્ઞ વિગેરે સાધનોથી ભગવાન્‌ની પ્રાપ્તિ થતી નથી; તેથી મારા વરણથી તને મારાં જેવા દર્શન થયાં તેવાં વેદાદિ સાધનોથી પણ કોઈને થાય તેમ નથી.

આ શ્લોકનું અનુસન્ધાન ભાગ. ૨।૧।૫ તથા ૧૦।૫૫।૨૧ પરના સુબોધિનીમાં કરેલું છે. તેમજ બ્રહ્મસૈંત્ર ૧।૧।૧૧ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમ્ એવંવિધોઽર્જુન !।**
**જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ !।।૫૪।।**

**શ્લોકાર્થ :** પરન્તુ હે અર્જુન ! હે પરન્તપ ! અનન્ય ભક્તિથી જ એવા પ્રકારનો હું જ્ઞાન થવાને, દર્શન થવાને તથા તત્ત્વથી પ્રવેશ થવાને શક્ય છું.

**વિવેચન :** જેનું ભગવાન્ વરણ કરે તે જીવ અનન્ય ભક્તિથી ભગવાન્‌ને પ્રાપ્ત કરી શકે છે એમ કહે છે. હે અર્જુન ! હે પરન્તપ! જો કે મેં સર્વનો નિરોધ કરવા અવતાર ધારણ કરેલો છે તો પણ સર્વ લોકોને મારું યથાર્થ દર્શન થતું નથી. આસુર આવેશવાળા જીવો મને સાધારણ મનુષ્ય માને છે, પરન્તુ તેમને મારું તત્ત્વથી દર્શન થતું નથી. જેઓના ઉપર મારો અનુગ્રહ છે, જેઓનું મેં વરણ કરેલું છે તેઓ મારી અનન્ય ભક્તિથી મારું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેઓને મારું તત્ત્વથી દર્શન થાય છે અને તેઓનો મારામાં પ્રવેશ થાય છે. અહીં મુખ્ય સાધન અનન્ય ભક્તિ કહેલી છે. અન્ય એટલે ઐહિક અથવા પારલૌકિક ફલ માટેનો યત્ન જેમાં નથી તે અનન્યભક્તિ.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૩।૨।૨૪ ઉપરનાં તેમજ ૧।૧।૧૧ ઉપરનાં અણુભાષ્યમાં કરેલું છે.

**મત્કર્મકૃન્ મત્પરમો મદ્ભક્તઃ સંગવર્જિતઃ ।**
**નિર્વૈરઃ સર્વભૈંતેષુ યઃ સ મામેતિ પાંડવ !।।૫૫।।**

**શ્લોકાર્થ :** હે પાંડવ ! મારા માટે કર્મ કરનાર, મને પરાયણ, સંગરહિત, સર્વ પ્રાણીઓ પ્રતિ નિર્વૈર જે મારો ભક્ત હોય તે મને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** હે પાંડવ ! જે મારા માટે કર્મ કરે છે, અર્થાત્ જે ફલની કામનાથી કર્મ કરતો નથી, પરન્તુ ''હું પ્રભુનો સહજ દાસ છું'' એમ સમજી પ્રભુની સેવા વગેરે કાર્યો પ્રભુને માટે જ કરે છે, જે મને પરાયણ છે અર્થાત્ જેને હું જ પરમ અથવા સર્વસ્વ છું, જે પુત્ર-સ્ત્રી વિગેરે લૌકિક

અવૈષ્ણવના સંગરહિત છે. જે સર્વ પ્રાણીઓ પ્રતિ નિર્વૈર અથવા દ્વેષરહિત છે, એવો મારો ભક્ત મને પ્રાપ્ત કરે છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'વિશ્વરૂપદર્શનં' નામ**
**એકાદશોઽધ્યાયઃ ।।૧૧।।**

# ।। અધ્યાય ૧૨ ।।
# ભક્તિયોગ

**અર્જુન ઉવાચ**

**એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે ।**
**યે ચાપ્યક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ ।।૧।।**

**શ્લોકાર્થ :** એવી રીતે નિરન્તર યુક્ત થઈ જે ભક્તો આપની સર્વ પ્રકારે સેવા કરે છે અને જેઓ અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે તેઓમાં યોગવિત્તમ કોણ ?

**વિવેચન :** આઠમા અધ્યાયના શ્લોક ૧૧-૧૩ સુધીમાં અક્ષરની ઉપાસના કહી, વિશ્વરૂપનું પણ અક્ષર તરીકે નિરૂપણ કર્યું. વળી અક્ષર ભગવદ્ધામ છે તેથી ભગવાન્‌થી કાંઈક ભિન્ન છે એમ જણાય છે, તેથી ભગવાન્ અને ભગવદ્ધામરૂપ અક્ષર એ બેની ઉપાસના કરનારમાં કોણ શ્રેષ્ઠ છે એની જિજ્ઞાસા થવાથી અર્જુન પ્રશ્ન કરે છે. અધ્યાય ૧૧ શ્લોક ૫૫માં ભગવાને પોતાની સેવાનો પ્રકાર કહ્યો તે પ્રમાણે નિત્ય ભગવત્સેવામાં યુક્ત રહેનાર જે ભક્તો સૌમ્યરૂપ, ભક્તોને માટે શરીર ધારણ કરનાર, સર્વ વિભૈંતિઓનાં મૈંળરૂપ, નિરવધિ નિરતિશય સૌન્દર્ય સૌશીલ્ય સર્વજ્ઞત્વ સત્યસંકલ્પત્વ વિગેરે અનન્ત ગુણોના નિધિરૂપ, કેવલ આનન્દમય કર પાદ મુખ ઉદર વિગેરે અંગોવાળા, પોતાની માયાથી મનુષ્ય વિગ્રહ ધારણ કરેલા પરિપૈંર્ણ પુરુષોત્તમ આપની જ સેવા કરે છે, અને અન્ય દેવોની ઉપાસના કરતાં નથી, અને જે ભક્તો અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે, તે બે મધ્યે વિશેષ યોગ જાણનાર કોણ છે તે આપ કહો.

આ અધ્યાયના પહેલા ત્રણ શ્લોકોનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૪।૩।૧૭ ઉપરનાં અણુભાષ્યમાં કરેલું છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।**
**શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ।।૨।।**

**શ્લોકાર્થ :** જેઓ મારામાં મન રાખી, નિત્યયુક્ત રહી, ઉત્તમ શ્રદ્ધા રાખી મને સેવે છે તેઓને હું યુક્તતમ માનું છું.

**વિવેચન :** શ્રીભગવાન્ અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપે છે. સર્વના નિયન્તા, સકલ અલૌકિક ગુણોવાળા, સાક્ષાત્ મન્મથના પણ મન્મથ, પરમાનન્દ, રસાત્મક, સર્વના મૈંળભૈંત, સાક્ષાત્ પૈંર્ણ પુરુષોત્તમ એવા મારામાં જેઓ મન રાખી, માત્ર પ્રેમથી અથવા બીજા હરકોઈ સમ્બન્ધથી નિત્ય યુક્ત રહી ''આપણા ભજનીય પ્રિયતમ પ્રભુ આજ છે અન્ય કોઈ નથી'' એમ શ્રદ્ધા રાખી મારી સેવા કરે છે તેઓ એ બેમાં વિશેષ યોગ જાણનાર છે.

**યે ત્વક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે ।**
**સર્વત્રગમચિન્ત્યં ચ કૈંટસ્થમ્ અચલં ધ્રુવમ્ ।।૩।।**
**સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ ।**
**તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૈંતહિતેરતાઃ ।।૪।।**

**શ્લોકાર્થ :** પરન્તુ જેઓ ઇન્દ્રિયોને નિયમમાં રાખી, સર્વત્ર સમાન બુદ્ધિવાળા થઈ, સર્વ ભૈંતોના હિતમાં પ્રીતિવાળા થઈ, અનિર્દેશ્ય અવ્યક્ત સર્વવ્યાપક અચિન્ત્ય કૈંટસ્થ અચલ અને નિત્ય એવા અક્ષરની ઉપાસના કરે છે તેઓ મને જ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** 'તુ=પરન્તુ' શબ્દ ભેદ દર્શાવે છે. તેથી ભગવાન્‌ની ઉપાસના કરનારમાં ભેદ છે. અક્ષરમાં અને ભગવાન્‌માં ભેદ સ્પષ્ટ જ છે. અક્ષર અનિર્દેશ્ય એટલે વાણીથી નામ આપી શકાય નહિ તેવું છે, જ્યારે ભગવાન્‌નાં પોતાની ઇચ્છાથી અલૌકિક નામો હોય છે. અક્ષર અવ્યક્ત છે, જ્યારે ભગવાન્ વ્યક્ત છે. અક્ષર સર્વત્ર રહેલું છે, જ્યારે ભગવાન્ ભક્તોથી જ પ્રાપ્ય છે. અક્ષર અચિન્ત્ય છે જ્યારે ભગવાન્‌નું ભક્તોથી ચિન્તન થઈ શકે છે. અક્ષર કૈંટસ્થ હોવાથી સર્વને સમાન અથવા સાધારણ છે, ભગવાન્ અસાધારણ છે. અક્ષર અચલ એટલે સ્થિર છે, ભગવાન્ વિહાર કરે છે. અક્ષર ધ્રુવ અર્થાત્ સ્થિરરૂપ છે, ભગવાન્ તે ધામમાં રહેનાર ઈશ્વર છે. તેથી જેઓ અક્ષરની ઉપાસના કરે છે તેઓને બ્રહ્માનન્દની અથવા મારાં સ્થિર સ્વરૂપની જ પ્રાપ્તિ થાય છે.

**ક્લેશોઽધિકતરસ્તેષામ્ અવ્યક્તાસક્તચેતસામ્ ।**
**અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે ।।૫।।**

**શ્લોકાર્થ :** અવ્યક્તમાં આસક્ત ચિત્તવાળા તેઓને અધિક ક્લેશ થાય છે, કારણ કે દેહીઓને અવ્યક્ત ગતિ દુઃખથી પ્રાપ્ત થાય છે.

**વિવેચન :** અક્ષરના ઉપાસકોને પણ મારી પ્રાપ્તિ થાય છે, પરન્તુ તેઓને અવ્યક્ત રીતે જ પ્રાપ્તિ થાય છે, અને પ્રાપ્તિ થયા પછી પણ સુખનો અનુભવ થતો નથી એમ કહે છે. અક્ષરના ઉપાસકોને અધિક ક્લેશ થાય છે. અને દુઃખથી અવ્યક્ત ગતિ પ્રાપ્ત થાય છે. સર્વ ભૈંતોના હિતમાં પ્રીતિવાળા હોય તેવા જ અક્ષરના ઉપાસકોને આ ફલની પ્રાપ્તિ થાય છે. મારા અવ્યક્ત દેહરૂપ અક્ષરમાં જેઓનું ચિત્ત આસક્ત છે તેઓને તે અવ્યક્ત જ ગતિની પ્રાપ્તિ થાય, પરન્તુ તે દેહમાં રહેલા સાક્ષાત્ રસસ્વરૂપ આનન્દરૂપ પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. અવ્યક્ત ગતિની પ્રાપ્તિ થાય છે એટલે તેઓનાં સ્વરૂપની હાનિ થાય છે. મીઠું પાણીમાં નાખવાથી પાણીમાં તેનો લય થાય છે અને પાણી સાથે તેનું લયરૂપ ઐક્ય થાય છે તેમ અક્ષરના ઉપાસકોનું અક્ષર સાથે લયરૂપ ઐક્ય થાય છે. વળી અક્ષરની ઉપાસના કરતી વખતે એટલે સાધનદશામાં પણ તેઓને અધિક ક્લેશ થાય છે, કારણ કે નિર્વિશેષ અક્ષર સાથે અભેદની ભાવના કરવી એ ક્લેશ વિના થઈ શકે નહિ. અક્ષરની ઉપાસનામાં ક્લેશ બહુ છે અને ફલ પણ અવ્યક્ત ગતિ જ છે, તે પણ દુઃખથી પ્રાપ્ત થાય છે. આથી વિરુદ્ધ, ભગવાન્‌ની સેવા કરવામાં આરમ્ભથી અન્ત સુધી આનન્દ જ પ્રાપ્ત થાય છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧।૫।૧૮ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**યે તુ સર્વાણિ કર્માણિ મયિ સંન્યસ્ય મત્પરાઃ ।**
**અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે ।।૬।।**
**તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્ ।**
**ભવામિ ન ચિરત્ પાર્થ ! મય્યાવેશિતચેતસામ્ ।।૭।।**

**શ્લોકાર્થ :** પરન્તુ હે પાર્થ ! જેઓ સર્વ કર્મો મને અર્પણ કરી, મને પરાયણ રહી, અનન્ય જ

યોગથી મારું ધ્યાન ધરતાં મને જ ભજે છે તેવા મારામાં પરોવેલા ચિત્તવાળાઓનો હું અલ્પ સમયમાં જ મૃત્યુયુક્ત સંસારસાગરમાંથી ઉદ્ધાર કરનાર થાઉં છું.

**વિવેચન :** એ પ્રમાણે અક્ષરની ઉપાસના કરનારાઓનું ફલ કહી ભગવાન્‌ની ભક્તિ કરનારાઓ વિષે કહે છે. 'તુ=પરન્તુ' શબ્દ ભેદ દર્શાવે છે. હે પાર્થ ! જેઓ મને સ્વામીને સર્વ લૌકિક તથા વૈદિક કર્મો અર્પણ કરી, અન્યનું જેમાં ચિન્તન પણ ન હોય તેવા અનન્ય ભક્તિના યોગથી મારું ધ્યાન અને ભજન કરે છે અને જેઓનું ચિત્ત નિત્યપ્રિય પરમાત્મા મારામાં પરોવાએલું છે તેઓનો હું મૃત્યુયુક્ત સંસાર સાગરમાંથી અલ્પ સમયમાં જ ઉદ્ધાર કરું છું. અહીં ભગવાન્ ''તેષામ્ અહમ્=તેઓનો હું'' એમ કહે છે, તેથી તેઓના સમ્બન્ધવાળા જ ભગવાન્ છે અર્થાત્ આવા ભક્તોને ભગવાન્‌નો નિત્ય સમ્બન્ધ છે એમ સિદ્ધ થાય છે. સંસારમાં રહેલા જીવો માત્ર આવી રીતે ભગવાન્‌નું ભજન કરે તેથી તેઓનો ઉદ્ધાર કેમ થાય એવી શંકા કરવી નહિ, કારણ કે તેઓનું ચિત્ત ભગવાન્‌માં પરોવાએલું હોવાથી તેઓને સંસારનું કાંઈ બન્ધન રહેતું નથી. ''મારામાં જેઓની બુદ્ધિ રહેલી છે તેઓનો કામ કામામાટે કલ્પાતો નથી. શેકેલા અથવા ઉકાળેલા દાણા બીજ થઈ શકતા નથી'' એમ ભગવાને શ્રીમદ્ભાગવત્ ૧૦।૧૯।૨૬ માં કહેલું છે. તેથી જેમ શેકેલા અથવા ઉકાળેલા દાણા બી તરીકે ઉપયોગમાં આવી નવું વૃક્ષ અથવા છોડ ઉત્પન્ન કરી શકતાં નથી, તેમ જેઓનું ચિત્ત ભગવાન્‌માં પરોવાયેલું છે તેઓના કામ વિગેરે દોષ સાધારણ માણસોના કામ પેઠે કામની વૃદ્ધિ કરતા નથી, તેથી તેઓનો સંસારના સમ્બન્ધમાંથી અલ્પ સમયમાં જ ઉદ્ધાર થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

**મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય ।**
**નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥૮॥**

**શ્લોકાર્થ :** મારામાં જ મન રાખ. મારામાં બુદ્ધિનો પ્રવેશ કરાવ. હવે પછી તું મારામાં જ રહીશ એમાં સંશય નથી.

**વિવેચન :** એ પ્રમાણે મારા ભક્તોનો હું અલ્પ સમયમાં જ સંમારસાગરમાંથી ઉદ્ધાર કરું છું, તેથી હરકોઈ સમ્બન્ધથી પોતાને વિષે મન રાખનારને નિર્ગુણ બનાવનાર પ્રકટ સ્વરૂપ પુરુષોત્તમ પરમાત્મા મારામાં જ મન રાખ; તેમજ સંકલ્પ – વિકલ્પરૂપ બુદ્ધિનો પણ મારામાં જ પ્રવેશ કરાવ. આ પ્રમાણે કરવાથી તું મારામાં જ રહીશ, પરન્તુ અક્ષર વગેરે ધામમાં તારો લય થશે નહિ, અથવા તું મારામાં જ રહીશ એટલે તું મારી સેવામાટે સદા મારી સમીપમાં રહીશ એમાં કાંઈ સંશય નથી.

**અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્ ।**
**અભ્યાયોગેન તતો મામ્ ઈચ્છાપ્તું ધનઞ્જય ! ॥૯॥**

**શ્લોકાર્થ :** હે ધનઞ્જય ! જો તું મારામાં સ્થિર ચિત્ત રાખી ન શકે તો પછી અભ્યાસયોગથી મને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખ.

**વિવેચન :** જો એ પ્રમાણે મારામાં સ્થિર ચિત્ત રાખી ન શકે તો અન્ય ઉપાય કહું છું. ચિત્ત સ્થિર રાખવાનો અભ્યાસ કર, અથવા અભ્યાસથી તેને સ્થિર કરી મને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખ.

**અભ્યાસેડપ્યસમર્થોડસિ મત્કર્મપરમો ભવ ।**
**મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમ્ અવાપ્સ્યસિ ॥૧૦॥**

**શ્લોકાર્થ :** અભ્યાસમાં પણ અસમર્થ હો તો મારા માટે કર્મ કરનાર થા. મારા માટે કર્મ કરતાં પણ તને સિદ્ધિ પ્રાપ્ત થશે.

**વિવેચન :** ચિત્ત સ્થિર રાખવામાટે અભ્યાસ કરવાની પણ તારામાં શક્તિ ન હોય તો મારી સેવા વિગેરે કર્મ ફલની કામના વિના મારી પ્રીતિને અર્થે જ કર. આવી રીતે ફલની કામના વિના કેવળ મારા માટે જ કર્મ કરતાં પણ તને સિદ્ધિ પ્રાપ્ત થશે.

**અથૈતદપ્યશક્તોઽસિ કર્તું મદ્યોગમ્ આશ્રિતઃ ।**
**સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્ ।।૧૧।।**

**શ્લોકાર્થ :** વળી આ કરવાને પણ તું અશક્ત હો તો પછી મારા યોગનો આશ્રય કરી મનને વશ કરી સર્વ કર્મોનાં ફલનો ત્યાગ કર.

**વિવેચન :** મારી પ્રીતિ અર્થે કર્મ કરવા પણ તું અશક્ત હો તો પછી મારા યોગનો અર્થાત્ મારા અને તારા સેવ્ય-સેવક સમ્બન્ધનો આશ્રય કરી એટલે સેવ્ય-સેવક ભાવનું સ્મરણ રાખી ચિત્તને વશ કરી સર્વ કર્મોનાં ફલનો ત્યાગ કર. ઈશ્વરની આજ્ઞા પ્રમાણે આચાર્યે ઉપદેશ કરેલા માર્ગની રીતે, ફલની કામના રાખ્યા વિના, યથાશક્તિ સ્વધર્મનું આચરણ કરવાથી પણ અન્તે સુખ જ પ્રાપ્ત થાય છે એવો નિશ્ચય કરી પ્રભુનું શરણ રાખવાથી પણ કૃતાર્થ થવાય છે. આ સમ્બન્ધી વિશેષ વિસ્તારપૈંર્વક નિરૂપણ આગળ અધ્યાય ૧૮।૪૬ થી ૧૮।૫૪ સુધીથી (રામાનુજ) કરવામાં આવશે.

**શ્રેયો હિ જ્ઞાનમ્ અભ્યાસાજ્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે ।**
**ધ્યાનાત્ કર્મફલત્યાગઃ ત્યાગાત્ શાન્તિરનન્તરમ્ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** કારણ કે અભ્યાસ કરતાં જ્ઞાન વધારે સારું છે, જ્ઞાનથી ધ્યાન ઉત્તમ છે, અને ધ્યાનથી કર્મના ફલનો ત્યાગ ઉત્તમ છે. ત્યાગથી તરત જ શાન્તિ પ્રાપ્ત થાય છે.

**વિવેચન :** અભ્યાસ કરતાં ઉપદેશથી યુક્તિસહિત સર્વનું જ્ઞાન પ્રાપ્ત થાય તે સારું. તે જ્ઞાન કરતાં પણ ધ્યાન ઉત્તમ છે, અને ધ્યાનથી પણ સર્વ કર્મોનો ત્યાગ ઉત્તમ છે. સર્વ કર્મોનો ત્યાગ કરવાથી તરત જ શાન્તિ પ્રાપ્ત થાય છે. લાભ અથવા હાનિ માં, જય અથવા પરાજય માં ચિત્તની પ્રસન્નતા અથવા શાન્તિ રહે તે શાન્તિ. શાન્તિ પ્રાપ્ત થવાથી કૃતાર્થતા થાય છે, અથવા શાન્તિ એટલે ભગવાન્‌ની ભક્તિમાં સ્થિતિ થવી તે, અર્થાત્ ભગવદ્‌ભક્તિ. આ ભક્તિનાં જ સ્વરૂપનું શ્લોક ૧૩-૧૯ સુધી નિરૂપણ કરેલું છે.

**અદ્વેષ્ટા સર્વભૈંતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।**
**નિર્મમો નિરહપારઃ સમદુઃખસુખઃ ક્ષમી ।।૧૩।।**
**સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દઢનિશ્ચયઃ ।**
**મય્યર્પિત-મનો-બુદ્ધિર્ યો મદ્‌ભક્તઃ સ મે પ્રિયઃ ।।૧૪।।**

**શ્લોકાર્થ :** સર્વ પ્રાણીઓનો અદ્વેષી, મિત્ર, કરુણાવાળો, મમતારહિત, નિરહપારી, સુખ અને દુઃખમાં સમાન, ક્ષમાવાળો, નિત્ય સન્તુષ્ટ, યોગ આચરનાર, ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર, દઢ નિશ્ચયવાળો, જેણે મન અને બુદ્ધિ મારામાં પરોવેલાં છે તેવો મારો જે ભક્ત હોય તે મને પ્રિય છે.

**વિવેચન :** અહીંથી સાત શ્લોકથી (૧૩।૧૯) ભક્તના ૩૨ લક્ષણો ભગવાન્‌નો અનુગ્રહ

અથવા પુષ્ટિ સૈંચવનારાં છે તે કહે છે.
૧. પ્રાણીમાત્રનો દ્વેષ ન કરે
૨. પ્રાણીમાત્રનો મિત્ર અથવા ભક્તોનો મિત્ર
૩. પ્રાણીમાત્ર પ્રતિ કરુણાવાળો અથવા જેઓ ભક્ત નથી તેઓના પ્રતિ તેઓનું સંસાર સમ્બન્ધી દુ:ખ જોઈ કરુણાવાળો
૪. મમતારહિત
૫. પોતે ઉત્તમ છે એમ અહપાર રહિત
૬. સુખ અને દુ:ખ જેને સમાન છે તેવો
૭. દુષ્ટલોકો અપમાન કરે તો પણ તે સહન કરી ક્ષમા કરનાર
૮. નિરન્તર સન્તુષ્ટ રહેનાર, ભગવાન્‌ની સેવામાં ઉપયોગી જે દ્રવ્ય જેવી રીતે પ્રાપ્ત થાય તેનાથી સન્તોષમાં રહેનાર
૯. યોગ આચરનાર એટલે મારું સદા ચિન્તન કરનાર
૧૦. ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર
૧૧. ભગવાન્‌ની સેવામાં જ જેનો દઢ નિશ્ચય છે તેવો
૧૨. તે પણ માત્ર બહારથી જ એવો નિશ્ચય રાખનાર નહિ; પરન્તુ મન અને બુદ્ધિ પણ જેણે મારામાં જ પરોવેલાં છે, તેવો મારો જે ભક્ત છે તે મને પ્રિય છે.

''જે મારો ભક્ત'' એમ અહીં ભગવાને 'મારો ભક્ત' કહેલું હોવાથી અહીં પુષ્ટિ ભક્તના જ ગુણો કહેલા છે, કારણ કે ભગવાન્‌ને પ્રિય થવું તે તે કોઈ પોતાના પ્રયત્નથી કરી શકતું નથી. ભગવાન્ જેનું વરણ કરે તે જ ભગવાન્‌ને પ્રિય થઈ શકે. આ પુષ્ટિમાર્ગ પ્રવાહમાર્ગથી બહુ જ ભિન્ન છે. પ્રવાહમાર્ગ સાધારણ છે, સર્વ સામાન્ય જીવો પ્રવાહમાર્ગમાં છે, પરન્તુ ભક્તિ માત્ર ભગવાન્‌ના અનુગ્રહથી જ પ્રાપ્ય હોવાથી પુષ્ટિમાર્ગ તેથી બહુ જ વિલક્ષણ છે. ''ન તો હું વેદોથી કે ન તપથી'' એ શ્લોકમાં (અધ્યાય ૧૧।૫૩,૫૪) કહ્યા પ્રમાણે વેદમાર્ગ અથવા મર્યાદામાર્ગ થી પણ આ માર્ગ ઉત્તમ છે. આ સર્વ 'પુષ્ટિપ્રવાહ-મર્યાદાભેદ' ગ્રન્થમાં જોવું.

**યસ્માત્ નોદ્વિજતે લોકો લોકાત્ નોદ્વિજતે ચ યઃ।**
**હર્ષામર્ષભયોદ્વેગૈર્ મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ॥૧૫॥**

**શ્લોકાર્થ :** જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી અને જેને લોકથી ઉદ્વેગ થતો નથી અને જે હર્ષ, ક્રોધ, ભય, અને ખેદ થી મુક્ત છે તે મને પ્રિય છે.

**વિવેચન :**

૧૩. જે સદા સેવામાં પરાયણ હોવાથી તથા પ્રાણીમાત્રનો મિત્ર અને કરુણાવાળો હોવાથી જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી, અને તે પોતે લોકોને સંસારમાં મચી રહેલા જોઈને તેમનાથી ઉદ્વેગ પામતો નથી પરન્તુ સેવા વિગેરે પોતાના ધર્મમાં નિષ્ઠા રાખે છે, અને
૧૪. જેને પોતાની ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત થવાથી હર્ષ થતો નથી, ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત નહિ થવાથી ક્રોધ થતો નથી, કોઈ સ્થળેથી ભય અથવા ચિન્તા પ્રહ્લાદની પેઠે થતા નથી તેવો મારો ભક્ત મને પ્રિય છે.

**અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ।।૧૬।।**

**શ્લોકાર્થ :** અપેક્ષારહિત, પવિત્ર, ચતુર, ઉદાસીન, વ્યથારહિત અને સર્વ આરમ્ભનો જેણે પરિત્યાગ કરેલો છે તેવો મારો ભક્ત મને પ્રિય છે.

**વિવેચન :**

૧૫. મારી સેવાથી જેને સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય અથવા સાયુજ્ય મુક્તિની પણ જેને અપેક્ષા નથી એવો

૧૬. પવિત્ર આચારવાળો

૧૭. ભગવાન્‌ની સેવામાં તથા ભગવાન્‌ને શૃંગાર કરવામાં ચતુર

૧૮. સેવાથી ભિન્ન ભાર્યા-ગૃહ વગેરેમાં ઉદાસીન

૧૯. વ્યથારહિત એટલે ભાર્યા તથા અસત્ પુરુષો કાંઈ આક્ષેપ કરે તો વ્યથારહિત તે સહન કરનાર (''ભાર્યાદીનાં તથાડન્યેષામસતશ્ચાક્રમં સહેત્'' વિવેકધૈર્યાશ્રમ ૭)અને

૨૦. સર્વ આરમ્ભનો જેણે પરિત્યાગ કરેલો છે, અર્થાત્ આરબ્ધ કર્મનાં ફલની અપેક્ષા રાખી નથી, પ્રત્યુત ફલનો ત્યાગ જેણે કરેલો છે તેવો મારો ભક્ત મને પ્રિય છે.

**યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ ।**
**શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્ યઃ સ મે પ્રિયઃ ।।૧૭।।**

**શ્લોકાર્થ :** જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી અને આકાંક્ષા રાખતો નથી, અને જેણે શુભ અને અશુભનો પરિત્યાગ કરેલો છે તેવો જે ભક્તિવાળો છે તે મને પ્રિય છે.

**વિવેચન :**

૨૧. લૌકિક પદાર્થની પ્રાપ્તિ થવાથી જેને હર્ષ થતો નથી, તેમજ

૨૨. અપ્રિય પ્રસંગ પ્રાપ્ત થતાં જેને દ્વેષ થતો નથી

૨૩. ધન વિગેરેનો વ્યય થવા છતાં જે શોક કરતો નથી તેમજ

૨૪. તેની આકાૢ અથવા ઈચ્છા રાખતો નથી અને

૨૫. જેણે શુભ અને અશુભ સર્વ કર્મનાં ફલનો ત્યાગ કરેલો છે તેવો મારી ભક્તિ કરનાર મને પ્રિય છે.

**સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ ।**
**શીતોષ્ણ-સુખદુઃખેષુ સમઃ સંગ વિવર્જિતઃ ।।૧૮।।**

**શ્લોકાર્થ :** શત્રુ અને મિત્ર પ્રતિ તેમજ માન અને અપમાનમાં, ટાઢ અને તાપમાં, સુખ અને દુઃખમાં જે સમાન છે; જે સંગથી રહિત છે.

**વિવેચન :**

૨૬. જે શત્રુ અને મિત્ર પ્રતિ સમાન છે, તેમજ જેને માન અને અપમાન, ટાઢ અને તાપ, તથા સુખ અને દુઃખ સમાન છે;

૨૭. જે અભક્તના સંગથી રહિત છે.

**તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સન્તુષ્ટો યેન-કેનચિત્ ।**
**અનિકેતઃ સ્થિરમતિર્ ભક્તિમાન્ મે પ્રિયો નરઃ ।।૧૯।।**

**શ્લોકાર્થ :** જેને નિન્દા અને સ્તુતિ સમાન છે, જેણે વાણીને નિયમમાં રાખેલી છે, જે કાંઈ પ્રાપ્ત થાય તેથી જે સન્તોષ પામે છે, જે સ્થાન રહિત છે અને સ્થિર મતિવાળો છે તેવો ભક્તિવાળો મને પ્રિય છે.

**વિવેચન :**

૨૮. જેને પોતાની નિન્દા અથવા સ્તુતિ સમાન છે એટલે જેને પોતાની નિન્દા સાંભળવાથી દુઃખ થતું નથી તેમજ સ્તુતિ સાંભળી હર્ષ થતો નથી.

૨૯. જેણે વાણીને નિયમમાં રાખેલી છે

૩૦. જે કાંઈ પ્રાપ્ત થાય તેથી જે સન્તોષ માને છે અને તેથી ભગવાન્‌ની સેવા કરે છે

૩૧. જેને સ્થાન અથવા ઘરબાર નથી, અથવા જેની ઘરમાં આસક્તિ નથી, અને

૩૨. જેની મારામાં સ્થિર મતિ છે તેવો ભક્તિવાળો મને પ્રિય છે.

**યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।**
**શ્રદ્દધાના મત્પરમા ભક્તાસ્તેઽતીવ મે પ્રિયઃ ।।૨૦।।**

**શ્લોકાર્થ :** વળી જે ભક્તો શ્રદ્ધા રાખી મને પરમ જાણી આ ધર્મ્ય અમૃતનું કહ્યા પ્રમાણે સેવન કરે છે તેઓ મને બહુ પ્રિય છે.

**વિવેચન :** વળી જે દૈવી જીવો શ્રદ્ધા રાખી મને પરમ જાણે છે અર્થાત્ મારી ભક્તિમાં જ નિષ્ઠા રાખે છે, અને આ ધર્મ્ય એટલે સેવાધર્મ રૂપી અમૃતનું તને કહ્યું તે પ્રમાણે સેવન કરે છે, તેઓ મને બહુ જ પ્રિય છે. અહીં જે સેવન કરે છે એમ સામાન્યતાથી કહેલું હોવાથી ત્રૈવર્ણિકજ ભક્તિ કરી શકે તેમ નથી, પરન્તુ સર્વ વર્ણવાળા ભક્તિ કરી શકે છે.

એ પ્રમાણે આ અધ્યાયમાં અવ્યક્તની ઉપાસનાના માર્ગમાં દુઃખ છે, મર્યાદાથી પણ દુઃખ છે, પરન્તુ શ્રીકૃષ્ણની ભક્તિના માર્ગમાં પુષ્ટિ અથવા ભગવાન્‌ના અનુગ્રહથી સુખ જ છે એવો ઉપદેશ કરેલો છે. લોકોનો ઉદ્ધાર કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણે આ અધ્યાયમાં સર્વ સન્દેહો દૈર થાય તેવી રીતે ભક્તિયોગરૂપી અમૃતનાં વચનો અર્જુનને કહ્યાં છે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'ભક્તિયોગો' નામ**
**દ્વાદશોઽધ્યાયઃ ।।૧૨।।**

# ।। અધ્યાય ૧૩ ।।
# ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગ

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઇદં શરીરં કૌન્તેય! 'ક્ષેત્રમ્' ઇત્યભિધીયતે ।**
**એતદ્ યો વેત્તિ તં પ્રાહુઃ 'ક્ષેત્રજ્ઞઃ' ઇતિ તદ્વિદઃ ।।૧।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય! આ શરીર 'ક્ષેત્ર' કહેવાય છે. એ ક્ષેત્રને જે જાણે છે, તેને જાણનારાઓ તેને 'ક્ષેત્રજ્ઞ' કહે છે.

**વિવેચન :** શ્રીમદ્ભગવદ્ગીતામાં ૧૮ અધ્યાય છે. તેમાં પહેલા છ અધ્યાય સૈંત્રરૂપ છે. અધ્યાય ૭ થી ૧૨ સુધીના છ અધ્યાયો આ સૈંત્રની વૃત્તિરૂપ છે અને અધ્યાય ૧૩ થી અધ્યાય ૧૮ સુધીના છ અધ્યાયો ભાષ્યરૂપ છે. વૃત્તિરૂપ સાતમા અધ્યાયના આરમ્ભમાં 'પરા' અને 'અપરા' એમ બે પ્રકારની પ્રકૃતિ કહેલી છે. અહીં પ્રકૃતિ-પુરુષ વિગેરેનો ભગવાન્ વિસ્તારથી બોધ કરે છે. અહીં અર્જુનનો પ્રશ્ન નથી, પરન્તુ આ અધ્યાય ભાષ્યરૂપ હોવાથી પ્રશ્ન વિના જ ભગવાન્ ઉપદેશ કરે છે. અર્જુનના પ્રશ્ન તરીકે એક ક્ષેપક શ્લોક કેટલાક મૈંકે છે, પરન્તુ તે યોગ્ય નથી, કારણ કે આ અધ્યાય ભાષ્યરૂપ હોવાથી પ્રશ્ન અહીં સમ્ભવતો નથી, તેમજ ઘણી શ્રીમદ્ભગવદ્ગીતાની પ્રતોમાં એ શ્લોક નથી.

''જેમ પિણ્ડમાં તેમ બ્રહ્માણ્ડમાં'' એ નિયમ પ્રમાણે પ્રથમ જે જડ અનાત્મરૂપ પ્રકૃતિ કહેલી છે તેના પરિણામરૂપ આ શરીર પુરુષનું નિવાસસ્થાન હોવાથી 'ક્ષેત્ર' કહેવાય છે. પુરુષ આવા ક્ષેત્રરૂપ શરીરને પોતાથી ભિન્ન તરીકે ન જાણતો હોય તો તે માત્ર ક્ષેત્રી જ છે, પરન્તુ ક્ષેત્રજ્ઞ નથી. આવો જીવ સંસારી છે; પરન્તુ જે પુરુષ પોતાથી ભિન્ન તરીકે ક્ષેત્ર જાણે છે તે 'ક્ષેત્રજ્ઞ' કહેવાય છે. તે આ શરીરને પોતાથી ભિન્ન ક્ષેત્ર તરીકે જાણે છે અને પોતાને દ્રષ્ટા જાણે છે. જો કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નું જ્ઞાન સંસારદશામાં પણ હોય છે પરન્તુ તે દશામાં તેઓનું ભિન્ન તરીકે જ્ઞાન હોતું નથી, પરન્તુ એક જ તરીકે જ્ઞાન હોય છે. આમ છતાં ક્ષેત્ર ભોગ્ય છે, અને ભોક્તા પુરુષથી તે જુદું જ છે, એમ શવ( મડદાં ) ઉપરથી જણાય છે; કારણ કે ક્ષેત્ર અને પુરુષ એક જ છે એવું જ્ઞાન જ્યારે ઉભયનો સમ્બન્ધ હોય ત્યારે જ સમ્ભવી શકે; પરન્તુ ક્ષેત્ર અથવા પુરુષ એકલા હોય ત્યાં સમ્ભવી શકે નહિ. વેદ્ય શરીર અથવા ક્ષેત્ર વેત્તા પુરુષથી ભિન્ન છે, કારણ કે ઘટ અને ઘટ જોનાર ભિન્ન હોય છે એમ જોવામાં આવે છે. ''હું દેહ છું'' એવી પ્રતીતિ અતિમન્દ પુરુષોને જ હોય છે. ક્ષેત્ર અને પુરુષ ભિન્ન છે, એવું જ્ઞાન પોતાના આત્મરૂપ ક્ષેત્રજ્ઞને ભિન્ન તરીકે જાણનાર વિદ્વાનને જ હોય છે. સર્વને હોતું નથી.

**ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત!।**
**ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞયોર્ જ્ઞાનં યત્ તજ્ જ્ઞાનં મતં મમ ।।૨।।**

**શ્લોકાર્થ :** વળી હે ભારત! સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ પણ મને જાણ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નું જે જ્ઞાન છે તે મને સમ્મત છે.

**વિવેચન :** ક્ષેત્ર પુરુષથી ભિન્ન છે એવું જાણનાર ક્ષેત્રજ્ઞ પણ સર્વ ક્ષેત્રોમાં હું જ છું, કારણ કે

ક્ષેત્રી તરીકે સંસારનિમગ્ન જીવ ક્ષેત્રને પોતાથી ભિન્ન તરીકે જાણતો નથી, પણ જે કોઈ તેને પોતાથી ભિન્ન જાણે છે તે મારો અંશ તથા મારારૂપ હોવાથી હું જ છું એમ જાણ, કારણ કે તેનામાં મારા ગુણોનો આવિર્ભાવ થએલો છે. જીવમાં બ્રહ્મના ગુણો વિશેષતાથી હોવાથી તેને 'બ્રહ્મ' પણ કહે છે એમ બ્રહ્મસૈંત્ર ૨।૩।૨૯ થી પણ જણાય છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નું જ્ઞાન મને સમ્મત છે એમ કહી ભગવાન્ આ જ્ઞાન ઉત્તમ છે એવો ઉપદેશ કરે છે.

**તત્ ક્ષેત્રં યચ્ચ યાદક્ ચ યદ્ વિકારિ યતશ્ચ યત્।**
**સ ચ યો યત્ પ્રભાવશ્ચ તત્ સમાસેન મે શૃણુ।।૩।।**

**શ્લોકાર્થ :** તે ક્ષેત્ર જે ( દ્રવ્ય ) છે, જેવું છે, જે વિકારોવાળું છે, જેથી છે, અને જે સ્વભાવવાળું છે, તથા તે ( ક્ષેત્રજ્ઞ ) જે છે, અને જે પ્રભાવવાળો છે તે ટૈંકમાં મારી પાસેથી સાંભળ.

**વિવેચન :** ક્ષેત્ર જે દ્રવ્ય છે, જેવું છે એટલે જેનો આશ્રય છે, જે વિકારવાળું છે અર્થાત્ તેનામાં જે વિકારો છે, જેથી છે એટલે જે પ્રયોજનથી તેનો ઉદ્ભવ થએલો છે અને જે સ્વભાવવાળું છે તે મારી પાસેથી ટૈંકમાં સાંભળ. તેમજ તે ક્ષેત્રજ્ઞ જે છે, અર્થાત્ ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ અને તેનો જે પ્રભાવ છે તે મારી પાસેથી ટૈંકમાં સાંભળ.

**ઋષિભિર્ બહુધા ગીતં છન્દોભિર્ વિવિધૈઃ પૃથક્।**
**બ્રહ્મસૈંત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિર્ વિનિશ્ચિતૈઃ।।૪।।**

**શ્લોકાર્થ :** તે ઋષિઓએ બહુ પ્રકારે ગાએલું છે, તેમજ જુદા-જુદા વેદવાક્યોએ પણ જુદું ગાએલું છે, અને હેતુવાળા નિશ્ચિત બ્રહ્મસૈંત્રનાં પદોએ પણ ગાએલું છે.

**વિવેચન :** તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નાં સ્વરૂપને ઋષિઓએ બહુ પ્રકારે ગાએલું છે, તેમજ વેદના જુદા-જુદા છન્દોમાં તેનું જુદું-જુદું વર્ણન કરેલું છે. કોઈ છન્દમાં તેને ધ્યાન કરવા યોગ્ય, કોઈમાં ધારણા યોગ્ય, કોઈમાં વૈરાજરૂપ કહેલું છે. તેમજ વેદવ્યાસે રચેલાં યુક્તિવાળાં તથા પાકા નિશ્ચયવાળાં બ્રહ્મસૈંત્રોના અધિકરણોમાં પણ બહુ પ્રકારથી ગાએલું છે. આ સર્વના સારરૂપ તેનું યથાર્થ સ્વરૂપ હું તને ટૈંકમાં કહું છું તે સાંભળ.

**મહાભૈંતાન્યહપારો બુદ્ધિરવ્યકતમેવ ચ ।**
**ઈન્દ્રિયાણિ દશૈકં ચ પઞ્ચ ચેન્દ્રિયગોચરાઃ।।૫।।**
**ઈચ્છા દ્વેષઃ સુખં દુઃખં સઙ્ઘાતશ્ચેતના ધૃતિઃ।**
**એતત્ ક્ષેત્રં સમાસેન સવિકારમ્ ઉદાહૃતમ્।।૬।।**

**શ્લોકાર્થ :** મહાભૈંતો, અહપાર, બુદ્ધિ તથા અવ્યક્ત, અને દશ અને એક ઈન્દ્રિયો, તથા પાંચ ઈન્દ્રિયોના વિષયો, ઈચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સઙ્ઘાત, ચેતના અને ધૃતિ. આ વિકાર સહિત ક્ષેત્ર ટૈંકમાં કહ્યું.

**વિવેચન :** પૃથિવી, જલ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૈંતો ક્ષેત્ર છે. ક્ષેત્ર આ પંચમહાભૈંતરૂપી દ્રવ્ય છે. હવે ક્ષેત્ર જેવું છે અર્થાત્ જેઓનો આશ્રય છે તે કહે છે. અહપાર, બુદ્ધિ, અવ્યક્ત અર્થાત્ મહત્તત્વ, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય તથા એક મન મળી અગીઆર ઈન્દ્રિયો, તથા પાંચ ઈન્દ્રિયોના વિષયો તેનો આશ્રય કરી રહેલા છે.

હવે તેનાં વિકારો કહે છે. ઈચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ સઙ્ઘાત એટલે સર્વનું એકત્ર થવું તે; ચેતના એટલે વિવેક વિગેરેરૂપી પ્રાણોની વૃત્તિ, અને ધૃતિ અથવા ધૈર્ય એ તેના વિકારો

છે. ઈચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ એ ચાર જો કે આત્માના ધર્મો છે તો પણ ચિદંશરૂપ આત્મામાં ક્ષેત્રનાં સમ્બન્ધથી જ એ ધર્મો થતા હોવાથી તેઓનો આશ્રય પણ ક્ષેત્ર જ છે, અને તેઓ ક્ષેત્રના જ વિકાર છે, એમ કહેલું છે. સુખ અને દુઃખ નો ભોગ કરનાર, ભોગ અથવા મોક્ષને સાધનાર, ચિદંશભૈંત વસ્તુતઃ અવ્યક્ત પુરુષના આધાર તરીકે ઉત્પન્ન થયેલું પંચમહાભૈંતમય શરીર અહપાર વિગેરેનો આશ્રય છે. ઈચ્છા વિગેરે તેના વિકારો છે. ધર્મ, અર્થ કામ અને મોક્ષ રૂપી ચાર અર્થને તે પ્રાપ્ત કરાવનાર છે. મારી ભક્તિ થઈ શકે તે માટે મેં તારી ઈચ્છાથી તેનો ઉદ્ભવ કરાવેલો છે અને તેનો નશ્વર સ્વભાવ છે. તે ક્ષેત્ર સ્થૈંલ તથા સૈંક્ષ્મ દેહરૂપ છે. આ પ્રમાણે વિકાર સહિત ક્ષેત્ર તને ટૈંકમાં કહ્યું.

આ બે શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૩૫।૧૮ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**અમાનિત્વમ્ અદમ્ભિત્વમ્ અહિંસા ક્ષાન્તિરાર્જવમ્ ।**
**આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમ્ આત્મવિનિગ્રહઃ ।।૭।।**
**ઈન્દ્રિયાર્થેષુ વૈરાગ્યમ્ અનહપાર એવ ચ ।**
**જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ - દુઃખ-દોષાનુદર્શનમ્ ।।૮।।**
**અસક્તિર્ અનભિષ્વંગઃ પુત્ર-દાર-ગૃહાદિષુ ।**
**નિત્યં ચ સમચિત્તત્વમ્ ઈષ્ટાનિષ્ટોપપત્તિષુ ।।૯।।**
**મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી ।**
**વિવિક્ત-દેશસેવિત્વમ્ અરતિર્ જનસંસદિ ।।૧૦।।**
**અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્ ।**
**એતજ્ જ્ઞાનમ્ ઈતિ પ્રોક્તમ્ અજ્ઞાનં યદતોઽન્યથા ।।૧૧।।**

**શ્લોકાર્થ :** અમાનિપણું, અદમ્ભિપણું, અહિંસા, ક્ષમા, ઋજુતા, આચાર્યની સેવા, પવિત્રતા, સ્થૈર્ય, ચિત્તનો નિગ્રહ, ઈન્દ્રિયોના વિષયો પ્રતિ વૈરાગ્ય, અને વળી અહપારનો અભાવ; જન્મ મરણ જરા અને વ્યાધિ માં દુઃખ તથા દોષ નો વિચાર; પુત્ર પત્ની ગૃહ વિગેરેમાં આસક્તિનો તથા સંગનો અભાવ, ઈષ્ટ અથવા અનિષ્ટ ની પ્રાપ્તિમાં નિત્ય સમચિત્તપણું, તથા મારામાં અનન્ય યોગથી અવ્યભિચારિણી ભક્તિ, એકાન્ત પ્રદેશનું સેવન, લોકોની સભામાં અરતિ, નિત્ય અધ્યાત્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના અર્થનો વિચાર—આને જ્ઞાન કહે છે, આથી અન્યથા હોય તે અજ્ઞાન છે.

**વિવેચન :** હવે તે ક્ષેત્રમાં પોતાના આત્માના જ્ઞાનના ગુણો કહે છે. અહીંથી સાડાચાર શ્લોકથી (૭-૧૦।।) જ્ઞાનનાં ગુણો કહેલા છે, એટલે પાંચ શ્લોકથી (૭-૧૧।।) જ્ઞાનનો બોધ કરેલો છે.

- 'અમાનિપણું' એટલે પોતાના ગુણોની ઉત્તમતાનાં વર્ણનમાં આનન્દ ન માનવો તે.
- 'અદમ્ભિપણું' એટલે લોકને દેખાડવામાટે જ ધર્મ વિગેરેનું આચરણ ન કરવું તે.
- 'અહિંસા' એટલે બીજાઓને પીડા ન કરવી તે.
- 'ક્ષમા' એટલે દુષ્ટ વિગેરેના અપમાનનું સહન.
- 'ઋજુતા' એટલે નિષ્કપટપણુ. આચાર્યની સેવા.

– પવિત્રતા બાહ્ય અને અભ્યન્તર એમ બે પ્રકારની છે. માટી, જલ વિગેરેથી બાહ્ય પવિત્રતા સિદ્ધ થાય છે, અને ભગવાન્‌નું સ્મરણ કરવાથી અભ્યન્તર પવિત્રતા સિદ્ધ થાય છે.
– ક્લેશ વિગેરેમાં પણ ભગવત્પરાયણ રહેવું તે સ્થૈર્ય.
– 'આત્મા' એટલે ચિત્તનો નિગ્રહ. અથવા 'આત્મવિનિગ્રહ' એટલે શીત, ક્ષુધા વિગેરેના સહનથી દેહનો સંયમ.
– ઈન્દ્રિયોના વિષયો પ્રતિ વૈરાગ્ય,
– અહપારના અભાવ. મૈંલમાં 'એવ' શબ્દ છે તેથી આ ગુણ આવશ્યક છે એવો બોધ થાય છે.
– જન્મ મરણ વિગેરેમાં દુઃખ અને દોષ નો વિચાર; કારણ કે જન્મરહિત બ્રહ્મના અંશનો યોનિ અને મલ સાથે સમ્બન્ધ થવો તે જન્મ છે, અને તેને ભગવાન્‌નું વિસ્મરણ થાય તે મરણ છે. 'જરા' એટલે વૃદ્ધાવસ્થાથી શક્તિ ક્ષીણ થાય છે, અને વ્યાધિમાં ક્લેશ થાય છે, તેથી તેઓમાં દુઃખ તથા દોષ નો વિચાર થવો યોગ્ય છે.
– પુત્ર, પત્ની, ગૃહ વિગેરેમાં આસક્તિનો અભાવ, તથા તેમના સુખ – દુઃખથી પોતે સુખ દુઃખ માની લઈ તન્મય ન થવું એ તેઓના સંગનો અભાવ.
– ઈષ્ટ અથવા અનિષ્ટ પદાર્થની પ્રાપ્તિ થાય તો પણ ભગવદિચ્છાથી પ્રાપ્તિ થઈ તે ઉત્તમ જ છે એમ જાણી ચિત્તને સમ રાખવું તે ચિત્તની સમતા,
– અને સર્વ ગુણોના હૃદયરૂપ ઉત્તમગુણ મારામાં અવ્યભિચારિણી અનન્ય ભક્તિ.
– ભગવત્સેવામાં પ્રતિબન્ધક ન હોય તેવા વિવિક્ત એકાન્ત પ્રદેશનું સેવન.
– લોકોની સભામાં અર્થાત્ લૌકિક સભાઓમાં પ્રીતિનો અભાવ.
– નિત્ય અધ્યાત્મજ્ઞાન એટલે આત્માના સ્વરૂપનું નિત્ય જ્ઞાન. 'તત્ત્વજ્ઞાન' એટલે ભગવાન્ અથવા મોક્ષ, તેનું દર્શન અથવા વિચાર.
–આ ગુણો જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન છે એટલે આ ગુણો વિદ્યાનાં કાર્ય છે. આથી વિરુદ્ધ હોય તે અજ્ઞાન એટલે અવિદ્યાનું કાર્ય છે.

આ પ્રમાણે જ્ઞાનનો ઉપદેશ કરી હવે છ શ્લોકથી (૧૨।૧૭) 'જ્ઞેય'નો બોધ કરે છે.

**જ્ઞેયં યત્ તત્ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વાઽમૃતમશ્નુતે।**
**અનાદિમત્પરં બ્રહ્મ ન સત્ તન્ નાસદુચ્યતે।।૧૨।।**

**શ્લોકાર્થ :** જે જ્ઞેય છે તે કહું છું, તે જાણી મોક્ષ પ્રાપ્ત કરે છે. તે અનાદિ મત્પર બ્રહ્મ છે, તે સત્ અથવા અસત્ કહેવાતું નથી.

**વિવેચન :** હવે જ્ઞેય કહું છું. જ્ઞેયનું સ્વરૂપ જાણવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. જ્ઞાનીઓ શાસ્ત્રજ્ઞાનથી આજ ફલ પ્રાપ્ત કરે છે. જ્ઞેય અનાદિ મત્પર બ્રહ્મ છે. 'અનાદિમત્' એટલે આદિ રહિત, પર બ્રહ્મ જ્ઞેય છે. અનાદિમત્ પરબ્રહ્મ જ્ઞેય છે. અથવા 'અનાદિ' એટલે આદિરહિત. 'મત્પર' એટલે હું જેનાથી પર છું તેવું મારા ધામરૂપ અક્ષરબ્રહ્મ. તે શ્રીભાગવત્ ૬।૯।૩૬(૪) માં જણાવ્યા પ્રમાણે સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય હોવાથી સત્ અથવા અસત્ કહેવાતું નથી. તે સત્ છે કે અસત્ છે એવો નિશ્ચય પણ થઈ શકે તેમ નથી, અર્થાત્ તે બહુ દુર્જ્ઞેય છે.

**સર્વતઃ પાણિપાદં તત્ સર્વતોઽક્ષિશિરોમુખમ્।**
**સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમ્ આવૃત્ય તિષ્ઠતિ।।૧૩।।**

**શ્લોકાર્થ :** તે સર્વતઃ પાણિ અને પાદવાળું છે, સર્વતઃ અક્ષિ, શિરઃ અને મુખોવાળું છે, સર્વતઃ શ્રુતિવાળું છે, અને લોકમાં સર્વને ઢાંકી રહે છે.

**વિવેચન :** તે બ્રહ્મ સાકાર છે કે નિરાકાર છે તેવી શંકા થાય, તે માટે કહે છે કે તેને સર્વત્ર પાણિ અને પાદ છે. ''સર્વતઃ પાણિપાદાન્તમ્'' એવો પણ પાઠ છે. તેનો અર્થ ''તેને સર્વત્ર પાણિ અને પાદ નાં અન્ત છે'' એવો થાય છે. તેથી સર્વત્ર ગતિ અને ક્રિયામાટે તે સમર્થ છે. તેમજ તેને સર્વત્ર ચક્ષુઃ, શિર, અને મુખ છે તેથી તેને સર્વત્ર જ્ઞાન તથા ભોગ છે અને તે સર્વત્ર પ્રધાન છે. તે સર્વત્ર શ્રુતિ એટલે કર્ણવાળું છે અર્થાત્ તે સર્વત્ર શ્રવણ કરે છે. આ પ્રમાણે હોવા છતાં તે પરિચ્છિન્ન નથી પરન્તુ લોકમાં સર્વને ઢાંકી રહે છે અર્થાત્ વ્યાપક છે. આ ગુણો જગતની ઉત્પત્તિ પછી જ સ્પષ્ટ થાય છે, છતાં તેઓ નિત્ય છે એમ જણાવવા પહેલા કહેલા છે.

**સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવિવર્જિતમ્ ।**
**અસક્તં સર્વભૃચ્ચૈવ નિર્ગુણં ગુણભોક્તૃ ચ ।।૧૪।।**

**શ્લોકાર્થ :** તે સર્વ ઇન્દ્રિયોના ગુણોના આભાસવાળું અને સર્વ ઇન્દ્રિયોથી રહિત છે, આસક્તિરહિત તેમજ સર્વને ધારણ કરનાર છે. નિર્ગુણ તેમજ ગુણો નો ભોગ કરનાર.

**વિવેચન :** બ્રહ્મ અનન્ત અને અવ્યક્ત હોવાથી તેને સર્વત્ર પાણિ અને પાદ ના અન્ત, અક્ષિ, શિર, અને મુખ તથા શ્રુતિ છે, તેથી તે સર્વત્ર સર્વ કાર્ય કરે છે. શ્રુતિ પણ કહે છે કે ''તે પાણિ અને પાદ રહિત દોડનાર તથા ગ્રહણ કરનાર છે. તે ચક્ષુરહિત જુએ છે અને કર્ણરહિત શ્રવણ કરે છે''. અહીં બ્રહ્મને પ્રાકૃત ઇન્દ્રિયો નથી પરન્તુ સર્વ અપ્રાકૃત અર્થાત્ દિવ્ય ઇન્દ્રિયો છે એવો બોધ છે. તેવી જ રીતે આ શ્લોકમાં પણ કહે છે. બ્રહ્મ સર્વ ઇન્દ્રિયોના ગુણોના આભાસવાળું છે પરન્તુ પ્રાકૃત ઇન્દ્રિયમાત્રથી રહિત છે. તેવી જ રીતે બીજા વિરુદ્ધ ધર્મો બ્રહ્મમાં છે તે કહે છે. બ્રહ્મ આસક્તિરહિત છે છતાં સર્વને ધારણ કરનાર છે. બ્રહ્મ નિર્ગુણ છે છતાં ગુણોનો ભોગ કરનાર છે.

**બહિરન્તશ્ચ ભૈંતાનામ્ અચરં ચરમેવ ચ ।**
**સૈંક્ષ્મત્વાત્ તદવિજ્ઞેયં દૈંરસ્થં ચાન્તિકે ચ તત્ ।।૧૫।।**

**શ્લોકાર્થ :** તે ભૈંતોની બહાર તેમજ અન્દર છે, અચર તેમજ ચર છે, સૈંક્ષ્મ હોવાથી અવિજ્ઞેય છે, તે દૈંર રહેલું તેમજ સમીપમાં છે.

**વિવેચન :** બ્રહ્મ ભોગ કરનાર અથવા ભોક્તૃ હોય તો તે વ્યાપક હોઈ શકે નહિ એવી શંકા થાય, તે માટે કહે છે કે તે ભૈંતોની બહાર તેમજ અન્દર છે. સ્થિર તથા જંગમ ભૈંતોના ભોક્તા તરીકે તે ભૈંતોની બહાર છે. આત્મરૂપથી તે સર્વની અન્દર છે. એવી રીતે બ્રહ્મ ભૈંતોની અન્દર તથા બહાર હોય તો પણ ભૈંતોથી ભિન્ન હોવાથી વ્યાપક હોઈ શકે નહિ એવી શંકા દૈંર કરવા કહે છે કે તે અચર તેમજ ચર છે. 'અચર' એટલે સ્થાવર 'ચર' એટલે જંગમ. સ્થાવર તથા જંગમ સર્વ બ્રહ્મ જ છે. બ્રહ્મ સ્થાવર છે એવો ''હે સૌમ્ય, આ પૈંર્વે સત્ જ હતું'' શ્રુતિ બોધ કરે છે. ''હે શ્વેતકેતુ ! તે તું છે'' શ્રુતિ જંગમ જીવ પણ બ્રહ્મ છે એવો બોધ કરે છે. અહીં મૈંળમાં 'એવ ચ=તેમજ' છે, તેથી સ્થાવર બ્રહ્મ જંગમ છે, અને જંગમ જ બ્રહ્મ સ્થાવર છે એવો અર્થ થાય છે. તેથી તે વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે એમ દર્શાવેલું છે. બ્રહ્મ ભૈંતોથી ભિન્ન નથી, પરન્તુ સ્થાવર – જંગમ સર્વ ભૈંતો બ્રહ્મ જ છે. આમ હોવા છતાં બ્રહ્મનું સર્વને જ્ઞાન થતું નથી, કારણ કે

બ્રહ્મ સૈંક્ષ્મ હોવાથી અવિજ્ઞેય છે, તેથી પાછળ જ્ઞાનનાં ગુણો કહ્યા તે જેનામાં હોય તેને બ્રહ્મનું જ્ઞાન થાય છે. વળી બ્રહ્મ દૈંર છે તેમજ સમીપ પણ છે. અહીં પણ તે વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે એવો બોધ કરેલો છે. આ શ્લોકમાં બ્રહ્મના વિરુદ્ધ ધર્મો જણાવેલા છે. ''તે હાલે છે, તે હાલતું નથી; તે દૈંર છે, તે સમીપ છે; તે આ સર્વની અન્દર છે, તે સર્વની બહાર છે'' એ શ્રુતિ પણ આજ બોધ કરે છે.

**અવિભક્તં ચ ભૈંતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્ ।**
**ભૈંતભર્તૃ ચ તજ્જ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ ।।૧૬।।**

**શ્લોકાર્થ :** તે ભૈંતોમાં અવિભક્ત હોવા છતાં વિભક્ત હોય તેમ રહેલું છે. તે જ્ઞેય ભૈંતોનું પાલક, ગ્રાસ કરનાર, તેમજ ઉત્પાદક છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં બ્રહ્મ સર્વની અન્દર તથા બહાર, દૈંર તથા સમીપ રહેલું છે એમ કહેલું હોવાથી જુદા - જુદા અવયવોથી જુદે - જુદે સ્થળે રહેલું હશે એવી શંકા થાય તે દૈંર કરે છે. બ્રહ્મ સર્વ ભૈંતોમાં અવિભક્ત અથવા એક જ છે, છતાં વિભક્ત એટલે જુદું - જુદું હોય તેમ રહેલું છે, અર્થાત્ બ્રહ્મની અનન્ત મૈંર્તિઓ પણ એક જ છે તેમાં પરસ્પર ભેદ નથી, પરન્તુ પોતાની ઈચ્છાથી જ અમુક - અમુક સ્વરૂપથી જ પ્રકટ થતું હોવાથી જુદું - જુદું હોય તેમ રહેલું છે. બ્રહ્મ પાલક રૂપથી ભૈંતોનું પાલન કરનાર, સંહારક રૂપથી ભૈંતોનો ગ્રાસ કરનાર તેમજ પ્રજાપતિ રૂપથી ભૈંતોનું ઉત્પાદક છે.

**જ્યોતિષામપિ તજ્જ્યોતિઃ તમસઃ પરમુચ્યતે ।**
**જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય ધિષ્ઠિતમ્ ।।૧૭।।**

**શ્લોકાર્થ :** તે જ્યોતિઓનું પણ જ્યોતિઃ છે, તમઃથી પર કહેવાય છે. તે જ્ઞાન છે, જ્ઞેય છે, જ્ઞાનથી પ્રાપ્ય છે, અને સર્વના હૃદયમાં રહેલું છે.

**વિવેચન :** જ્યોતિઃ એટલે પ્રકાશ કરનાર, પ્રકાશક. રવિ, ચન્દ્ર વગેરે પ્રકાશ કરનારાઓનું પણ તે જ્યોતિઃ અથવા પ્રકાશક છે. તેથી મૈંલ પ્રકાશક તે જ છે. તે તમઃ પ્રકૃતિથી પર છે, તે જ્ઞાન એટલે જેનાથી જ્ઞાન પ્રાપ્ત થાય તે જ્ઞાનનાં સાધનરૂપ અમાનિપણું વિગેરે પાછળ ગુણો કહ્યા તે છે. વળી તે જ્ઞેય અથવા જાણવા યોગ્ય છે તથા જ્ઞાનથી પ્રાપ્ય પણ તે જ છે. વળી તે સર્વના હૃદયમાં રહેલું છે અર્થાત્ અન્તર્યામિ પણ તે છે

**ઈતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ ।**
**મદ્ભક્ત એતદ્ વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે ।।૧૮।।**

**શ્લોકાર્થ :** આ રીતે ક્ષેત્ર તથા જ્ઞાન અને જ્ઞેય તને ટૈંકમાં કહ્યાં. મારો ભક્ત આ જાણીને મારા ભાવમાટે યોગ્ય થાય છે.

**વિવેચન :** આ રીતે (૫ - ૬ શ્લોકથી) ક્ષેત્ર, (૭ - ૧૧ શ્લોકથી) જ્ઞાન, અને (૧૨ - ૧૭ શ્લોકથી) જ્ઞેય ટૈંકમાં કહ્યાં. આ સર્વનું જ્ઞાન પ્રાપ્ત કરી મારો ભક્ત મારા ભાવમાટે એટલે ઐશ્વર્ય વિગેરે મારા ગુણો પ્રાપ્ત કરવા યોગ્ય થાય છે.

**પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધ્યનાદી ઉભાવપિ ।**
**વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસમ્ભવાન્ ।।૧૯।।**

**શ્લોકાર્થ :** પ્રકૃતિ અને પુરુષ બન્નેને તું અનાદિ જાણ; અને વિકારો તેમજ ગુણો ને પણ તું

પ્રકૃતિમાંથી ઉત્પન્ન થએલા જાણ.

**વિવેચન :** પાછળ ત્રીજા શ્લોકમાં પુરુષ તત્ત્વ કહેવાની પ્રતિજ્ઞા કરેલી. પ્રકૃતિ અને આત્મા (પુરુષ) એ બે અત્યન્ત જુદા-જુદા સ્વભાવવાળા હોવા છતાં તેઓનાં કારણના સ્વરૂપથી એક છે. તેઓ આ સર્વ જગત્નાં કારણ છે એમ આ શ્લોકથી આરમ્ભી પાંચ શ્લોકોથી જણાવે છે.તે પૈકી આત્માથી જુદી પ્રકૃતિ એકદેશી સાંખ્યના મત પ્રમાણે પુરુષની પેઠે નિત્ય છે. ભગવદીય સાંખ્ય પ્રમાણે તો તે ભગવાન્ની એક શક્તિ છે. એકદેશી સાંખ્યશાસ્ત્ર તો ભગવાન્નું પ્રતિપાદન કરતું નથી. વળી આ સાંખ્યશાસ્ત્ર પ્રમાણે પુરુષને સંસાર પ્રાપ્ત થાય તે માટે તે પ્રકૃતિને વશ થાય છે, જ્યારે ભગવાન્ પ્રકૃતિને વશ રાખનાર છે. તેથી આ સાંખ્યશાસ્ત્રની પ્રવૃત્તિ અક્ષરસુધી જ છે.

(ભગવદીય સાંખ્યશાસ્ત્ર પ્રમાણે) પુરુષોત્તમ, અક્ષર, કાલ, પ્રકૃતિ અને પુરુષ એ પાંચ અનાદિ છે. આ શાસ્ત્ર પ્રમાણે કાલ, પ્રકૃતિ અને પુરુષ અનાદિ હોવાનું સ્પષ્ટ છે. પુરુષોત્તમ અને અક્ષર ને ગીતામાં અનાદિ કહેલાં છે તે આ શાસ્ત્રમાં કબુલ રાખેલ છે તેમજ શ્રીભાગવત ૩।૨૬।૪ માં આ શાસ્ત્રનું નિરૂપણ કરતાં પ્રકૃતિને 'દૈવી' કહેલી છે, એટલે તે ભગવાન્ની શક્તિ હોવાનું પણ આ શાસ્ત્રને માન્ય છે. આ શાસ્ત્રની પ્રવૃત્તિ આ સિદ્ધાન્ત પ્રમાણે થએલી હોઈ (શ્રીભાગવત્ ૩-૨૬) અધ્યાયમાં જણાવેલ સાંખ્ય પ્રાકૃતસાંખ્યના આધારવાળું નથી.

પ્રકૃતિ બે પ્રકારની છે, ૧.કાર્યરૂપ અને ૨.કારણરૂપ. કાર્યરૂપ પ્રકૃતિ તે અવિદ્યાવાળી જીવાત્માની ઉપાધિ, અને કારણરૂપ પ્રકૃતિ તે પરમાત્માની માયા. એવી જ રીતે પુરુષના પણ બે પ્રકાર છે. ૧.કારણ અને ૨.કાર્ય. કારણ પુરુષ તે અંશી મૈંલપુરુષ ભગવાન. ૨.કાર્યપુરુષ તે કારણરૂપના કાર્ય અંશો, જીવાત્માઓ. જીવાત્મા ભગવદિચ્છાથી પ્રાપ્ત થતી કાર્યરૂપ પ્રકૃતિનું સેવન કરે છે. આ ઉભય ભગવાન્ના અંશરૂપ છે. પ્રકૃતિ સ્વભાવથી સદ્રૈંપ છે, પુરુષ ચિદ્રૈંપ છે. ઉભય પોતાના કારણસ્વરૂપ ભગવાન્થી અનન્ય હોવાથી અનાદિ જ છે એમ જાણ. જીવના બન્ધના કારણરૂપ ઇચ્છા-દ્વેષ વિગેરે વિકારો તથા મોક્ષના કારણરૂપ સત્ત્વ વિગેરે ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થએલા છે એમ જાણ.

જ્યારે સર્ગ કરવાની પ્રભુની ઇચ્છા થાય છે ત્યારે ભગવાન્ના અંશરૂપ ભગવાન્ની માયાના અંશરૂપ, ગુણરૂપ પ્રકૃતિ મૈંલભૈંત અક્ષરના અંશ પુરુષ સાથે સંસૃષ્ટ થઈ મહત્ અહપાર વિગેરે રૂપ થાય છે. કાર્યરૂપ પ્રકૃતિ અવિદ્યાથી અધ્યસ્ત થઈ પોતાના ઇચ્છા-દ્વેષ વિગેરે વિકારોથી જીવાત્માના બન્ધરૂપ થાય છે, પરન્તુ તેનું અમાનિપણું વિગેરે જ્ઞાનસાધન ગુણો પાછળ કહ્યા તેનાથી જ્ઞાન પ્રાપ્ત થાય તો તે પોતાના વિકારોથી જીવાત્માને મોક્ષ પ્રાપ્ત કરાવે છે એવો અર્થ છે.

**કાર્ય-કારણ-કર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે ।**
**પુરુષઃ સુખ-દુઃખાનાં ભોક્તૃત્વે હેતુર્ ઉચ્યતે ।।૨૦।।**

**શ્લોકાર્થ :** કાર્યના કારણના કર્તાપણામાં પ્રકૃતિ હેતુ કહેવાય છે. સુખ તથા દુઃખ ના ભોક્તાપણામાં પુરુષ હેતુ કહેવાય છે.

**વિવેચન :** સૃષ્ટિમાં પુરુષ તથા પ્રકૃતિ થી કયા-કયા કાર્ય થાય છે તે કહે છે. બન્ધના કારણ

ઈચ્છા–દ્વેષ વિગેરે વિકારો અને મોક્ષના કારણ સત્ત્વ વિગેરે ગુણોના કર્તાપણામાં, અર્થાત્ બન્ધ અને મોક્ષ ના કારણરૂપ વિકારો ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ હેતુ કહેવાય છે. એટલે પુરુષથી અધિષ્ઠિત પ્રકૃતિ આ કારણ (આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ – કાર્યકરણ – ઉપસ્થ, ગુહ્ય, બુદ્ધિ, અહપાર, મન, શ્રોત્ર, ત્વચા, રસના, નેત્ર, ઘ્રાણ, વાક્, હસ્ત, પાદ) ઉત્પન્ન કરે છે. આ કારણો પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે એમ પાછલા શ્લોકમાં (૧૯) પણ કહેલું છે. તેમાં પુરુષ પ્રકૃતિને માત્ર ચેતવે છે.

સુખ અને દુઃખ ના ભોક્તાપણામાં પુરુષ હેતુ કહેવાય છે. પ્રકૃતિથી ઉત્પન્ન થએલા વિકાર તથા ગુણો થી પ્રાપ્ત થતું દુઃખ અથવા સુખ પ્રકૃતિ સાથે સંસૃષ્ટ થઈ પુરુષ ભોગવે છે. વિકાર અથવા ગુણો ની ઉત્પત્તિ તથા સુખ – દુઃખના ભોગ એ ઉભય વસ્તુતઃ ક્ષેત્ર અથવા દેહ ના જ ધર્મ છે, પરન્તુ વિકારો તથા ગુણો નું પર્યવસાન જડમાં હોવાથી તેમની ઉત્પત્તિમાં ક્ષેત્રનું પ્રાધાન્ય છે તેથી તેમને પ્રકૃતિથી ઉત્પન્ન થએલા કીધા છે, અને સુખ તથા દુઃખ ના ભોગનું પર્યવસાન ચેતનમાં હોવાથી તેમાં ચેતનનું પ્રાધાન્ય હોવાથી તેવા ભોગનો હેતુ પુરુષને કહેલો છે. વસ્તુતઃ પુરુષ અને પ્રકૃતિ ના સંયોગ વિના કાંઈ કાર્ય થતું નથી.

**પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુંક્તે પ્રકૃતિજાન્ ગુણાન્।**
**કારણં ગુણસંગોઽસ્ય સદસદ્–યોનિ–જન્મસુ ।।૨૧।।**

**શ્લોકાર્થ :** પ્રકૃતિમાં રહી પુરુષ પ્રકૃતિથી ઉત્પન્ન થએલા ગુણોનો ભોગ કરે છે. આનો ગુણનો સંગ સારી અથવા ખરાબ યોનિમાં જન્મનું કારણ છે.

**વિવેચન :** પુરુષ અને પ્રકૃતિ ના જુદાં – જુદાં કાર્ય કહી હવે પ્રકૃતિના પરિણામરૂપ ક્ષેત્રના સંસર્ગથી જ પુરુષ ભોક્તા થાય છે એમ કહે છે. પુરુષ પ્રકૃતિમાં એટલે પ્રકૃતિના પરિણામરૂપ ક્ષેત્રમાં રહી પ્રકૃતિથી ઉત્પન્ન થએલા સત્ત્વ વિગેરે ગુણોનો પ્રકૃતિના કાર્યરૂપ ઈન્દ્રિયોથી ભોગ કરે છે. જીવ આ પ્રમાણે ગુણોનો ભોગ કરે છે પણ અન્તર્યામી પેઠે ભોગ કર્યા વિના રહેતો નથી. આ પ્રમાણે પ્રકૃતિના સંસર્ગથી પુરુષના અક્ષરસ્વભાવનું તિરોધાન થાય છે, અને પ્રકૃતિના ગુણો સાથે તેને સંગ થવાથી તેનો સારી અથવા ખરાબ યોનિમાં જન્મ થાય છે. આવી રીતે પુરુષના સારી અથવા ખરામ યોનિમાં જન્મનું કારણ તેનો પ્રકૃતિ સાથેનો સંગ જ છે એમ જાણવું.

**ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ ।**
**પરમાત્મેતિ ચાઽપ્યુક્તો દેહેઽસ્મિન્ પુરુષઃ પરઃ ।।૨૨।।**

**શ્લોકાર્થ :** આ દેહમાં ઉપદ્રષ્ટા, અનુમન્તા, ભર્તા, ભોક્તા, મહેશ્વર તથા પરમાત્મા એમ પણ કહેવાતો બીજો પુરુષ છે.

**વિવેચન :** અહીં અન્તર્યામીનું નિરૂપણ કરેલું છે. ''બે સાથે રહેનાર મિત્ર પક્ષીઓ એક વૃક્ષ ઉપર રહે, તેમાંનો એક સ્વાદિષ્ટ પિપ્પલ(ફલ) ખાય, બીજો ખાધા વિના જોયા કરે છે'' શ્રુતિમાં કહેલા વૃક્ષરૂપી આ દેહમાં જીવથી અન્ય 'પરમાત્મા' 'પરપુરુષ' કહેવાતો બીજો પણ પુરુષ અન્તર્યામી છે. આ અન્તર્યામી અસંગ છે. જીવ સંગવાળો થાય છે, અન્તર્યામી સંગરહિત રહે છે, તેથી જ તે 'પરપુરુષ' 'પરમાત્મા' વિગેરે કહેવાય છે. તે ઉપદ્રષ્ટા અથવા સાક્ષી છે. ભોગનો તેને સંગ થતો નથી, પરન્તુ તે મુખ્ય ભોક્તા છે. તે અનુમન્તા અથવા અનુમતિ

આપનાર, 'ભર્તા' એટલે ધારણ કરનાર અથવા પાલક અને 'મહેશ્વર' અથવા નિયમમાં રાખનાર છે. તે આ દેહમાં જ હોવા છતાં તેને ભોગનો સંગ નહીં હોવાથી તે નિર્લેપ છે. પ્રાણ ધારણ કરનાર જીવ ભોગનો સંગી થવાથી તે લેપવાળો થાય છે, પણ આ અન્તર્યામી લેપરહિત રહે છે.

**ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ ।**
**સર્વથા વર્તમાનોઽપિ ન સ ભૈંયોઽભિજાયતે ।।૨૩।।**

**શ્લોકાર્થ :** જે આવી રીતે પુરુષને તથા ગુણો સાથે પ્રકૃતિને જાણે છે તે સર્વથા વર્તમાન હોવા છતાં પુનઃ જન્મતો નથી.

**વિવેચન :** આ રીતે વસ્તુતઃ અક્ષરના પ્રભાવવાળા, ક્ષેત્રજ્ઞ, બ્રહ્મના અંશરૂપ, ચેતન, જીવરૂપ તથા અન્તર્યામીરૂપ ઉભય પ્રકારના પુરુષને જે સ્વરૂપથી વિવિક્ત અથવા પ્રકૃતિના સંગરહિત નિર્ગુણ જાણે છે તથા ગુણો સાથે પ્રકૃતિ રહેલી છે એમ જે જાણે છે, તે સર્વથા દેહમાં હોવા છતાં અથવા સર્વથા ગુણો સાથે રહેલો હોવા છતાં પુનઃ જન્મતો નથી. તે ગુણપ્રવાહરૂપી સંસારમાં પુનઃ આવતો નથી, પરન્તુ મુક્તિ પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે.

**ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદ્ આત્માનમ્ આત્મના ।**
**અન્યે સાંખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે ।।૨૪।।**

**શ્લોકાર્થ :** કેટલાકો ધ્યાનથી આત્મામાં આત્માથી આત્માને જુએ છે; બીજાઓ સાંખ્ય-યોગથી અને બીજાઓ કર્મયોગથી જુએ છે.

**વિવેચન :** ઉપર જણાવ્યું તેમ માત્ર જ્ઞાનથી જ મુક્તિ થતી હોય તો બીજાં સાધનો નિરર્થક થઈ જાય એવી શંકા થવાથી અન્ય સાધનો અહીંથી બે શ્લોકથી (૨૪।૨૫) કહે છે. કેટલાક જ્ઞાનીઓ આત્મામાં એટલે પોતાના હૃદયમાં, આત્માથી એટલે મનવડે, આત્માને એટલે આત્મરૂપ ભગવાન્‌ને, ધ્યાનરૂપ સાધનથી જુએ છે. બીજાઓ સાંખ્ય-યોગ અર્થાત્ નિત્ય અને અનિત્ય વસ્તુઓના વિવેકરૂપ યોગથી એ પ્રમાણે જુએ છે. અથવા બીજાઓ સાંખ્યથી અર્થાત્ નિત્યાનિત્ય વસ્તુઓના વિવેકરૂપ સાધનથી આત્માને જુએ છે અને બીજા યોગથી એટલે ધારણા, ધ્યાન, સમાધિ વિગેરે આઠ અંગવાળા યોગરૂપ સાધનથી આત્માને જુએ છે. અને કેટલાક બીજા કર્મયોગથી એટલે નિષ્કામ કર્મ કરી આત્માને જુએ છે.

**અન્યે ત્વેવમ્ અજાનન્તઃ શ્રુત્વાઽન્યેભ્ય ઉપાસતે ।**
**તેઽપિ ચાતિતરુત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** બીજાઓ તો એમ નહિ જાણતાં અન્ય પાસેથી શ્રવણ કરી ઉપાસના કરે છે. શ્રુતિપરાયણ તેઓ પણ મૃત્યુને ચોક્કસ તરી જાય છે.

**વિવેચન :** અતિમન્દ અધિકારવાળા બીજાઓ તો પોતાને જ્ઞાન અથવા અનુભવ નહિ હોવા છતાં ગુરુ વિગેરે અન્યની પાસેથી શ્રવણ કરી આત્માની ઉપાસના કરે છે. આવી રીતે શ્રુતિમાં કહેલા પ્રકારથી શ્રદ્ધાથી ઉપાસના કરનાર પણ મૃત્યુ એટલે સંસારને તરી જાય છે અર્થાત્ મુક્ત થાય છે.

**યાવત્ સઞ્જાયતે કિઞ્ચિત્ સત્ત્વં સ્થાવર-જંગમમ્ ।**
**ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ-સંયોગાત્ તદ્ વિદ્ધિ ભરતર્ષભ ! ।।૨૬।।**

**શ્લોકાર્થ:** હે ભરતર્ષભ ! જે કાંઈ સ્થાવર અથવા જંગમ પદાર્થ ઉત્પન્ન થાય છે તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ ના સંયોગથી થાય છે એમ જાણ.

**વિવેચન :** પ્રકૃતિથી સંસૃષ્ટ થએલા આત્માથી એટલે પ્રકૃતિ અને પુરુષ ના સંયોગથી જ સ્થાવર અથવા જંગમ વસ્તુમાત્ર ઉત્પન્ન થાય છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો સંયોગ થાય ત્યારે જ વસ્તુની ઉત્પત્તિ થાય છે. કેવળ ક્ષેત્ર અથવા કેવલ ક્ષેત્રજ્ઞથી કોઈ વસ્તુની ઉત્પત્તિ થતી નથી.

**સમં સર્વેષુ ભૈંતેષુ તિષ્ઠન્તં પરમેશ્વરમ્ ।**
**વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ ।।૨૭।।**

**શ્લોકાર્થ :** સર્વ ભૈંતોમાં સમાન રહેતા અને વિનાશ થતાઓમાં વિનાશ ન થતા પરમેશ્વરને જે જુએ છે તે જુએ છે.

**વિવેચન :** સારી રીતે બોધ થઈ શકે તે માટે અહીંથી પુનઃ આત્મદર્શન કહે છે. આત્મા ત્રણ પ્રકારનો છે. ૧. અન્તર્યામી ૨. પુરુષ ૩. અવ્યક્ત. પ્રથમ અહીંથી બે શ્લોકથી (૨૭।૨૮) અન્તર્યામીના દર્શનથી શું ફલ થાય છે તે કહે છે. સર્વ ભૈંતોમાં સમાન રહેનાર પરમેશ્વર અન્તર્યામીને જે જુએ છે તથા વિનાશ થતાં પ્રકૃતિમાં કાર્યરૂપ શરીરોમાં વિનાશ નહિ પામનાર અને 'જ્ઞાતા' તરીકે સમાન આકારવાળા અન્તર્યામીને જે જુએ છે તે સત્ય જુએ છે.

**સમં પશ્યન્ હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્ ।**
**ન હિનસ્ત્યાત્મનાऽऽત્માનં તતો યાતિ પરાં ગતિમ્ ।।૨૮।।**

**શ્લોકાર્થ :** સર્વત્ર સારી રીતે રહેલા ઈશ્વરને સમ જોનાર આત્માથી આત્માને હણતો નથી. તેથી પરા ગતિ પામે છે.

**વિવેચન :** સર્વત્ર સારી રીતે રહેલા ઈશ્વર-અન્તર્યામીને સર્વત્ર સમાન જોનાર આત્માથી આત્માને હણતો નથી અર્થાત્ આત્માને અન્યથા જાણતો નથી, પરન્તુ આત્માને યથાર્થ જાણે છે. આત્માનું અન્યથા જ્ઞાન તે જ આત્માનું હનન છે. શ્રુતિ કહે છે કે ''અન્યથા હોનાર આત્માને અન્યથા જાણે છે તે આત્માપહારી ચોરે શું પાપ નથી કર્યું ?'' તેથી આત્માનું અન્યથાજ્ઞાન તે જ આત્મહનન છે. આત્માને સર્વત્ર સમાન જાણનાર આત્માને હણતો નથી, અર્થાત્ આત્માને યથાર્થ જાણે છે. તેથી આત્માને યથાર્થ જાણતો હોવાથી તે સચ્ચિદાનન્દ ભગવદ્ધામ અક્ષરરૂપ પરા ગતિને પ્રાપ્ત કરે છે.

**પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ ।**
**યઃ પશ્યતિ તથાऽऽત્માનમ્ અકર્તારં સ પશ્યતિ ।।૨૯।।**

**શ્લોકાર્થ :** સર્વ તરફ પ્રકૃતિથી જ કર્મો થાય છે એમ તથા આત્મા અકર્તા છે એમ જે જુએ છે તે જુએ છે.

**વિવેચન :** હવે દ્વિતીય પ્રકારના આત્મા-પુરુષના જ્ઞાનનું ફલ કહે છે. કર્મ સર્વશઃ પ્રકૃતિથી જ થાય છે અને આત્મા વસ્તુતઃ અકર્તા છે એમ જે જુએ છે તે સત્ય જુએ છે. કર્મ કરવામાં ચેષ્ટાની આવશ્યકતા છે. ચેષ્ટા પ્રકૃતિનો ગુણ છે. તેથી કર્મ કરવામાં અર્થાત્ કર્તૃત્વમાં ચેષ્ટા આવશ્યક હોવાથી કર્તૃત્વ પ્રકૃતિને અધીન છે. તેથી પ્રકૃતિથી કર્મો થાય છે. આવું કર્તૃત્વ કેવલ જીવસ્વરૂપ-માત્ર અણુકદવાળા ચિદ્રૈંપ આત્મામાં સમ્ભવતું નથી. આ પ્રાકૃત કર્તૃત્વ છે. પુરુષ શ્રીપુરુષોત્તમનો અંશ હોવાથી, અને શ્રીપુરુષોત્તમ મુખ્ય કર્તા હોવાથી પુરુષમાં

શ્રીપુરુષોત્તમભાવના અનુસન્ધાનથી જ કર્તૃત્વ સમ્ભવે, પરન્તુ સ્થૈલ તથા સૈંક્ષ્મ દેહની ઉપાધિવાળો પુરુષ જે કર્મ કરે છે તે વસ્તુતઃ પુરુષનું કર્મ નથી, પરન્તુ પ્રકૃતિનું છે. આ કર્તૃત્વ પણ પ્રાકૃત છે. તે પુરુષમાં નથી, પરન્તુ પ્રકૃતિમાં રહેલું છે, તેથી આત્મા પુરુષને ઉપાધિરહિત તથા અકર્તા તરીકે જે જુએ છે તે જ જુએ છે, બીજાઓ અન્ધ છે.

**યદા ભૈંતપૃથગ્ભાવમ્ એકસ્થમ્ અનુપશ્યતિ ।**
**તતએવ ચ વિસ્તારં બ્રહ્મ સમ્પદ્યતે તદા ।।૩૦।।**

**શ્લોકાર્થ :** જ્યારે ભૈંતોના પૃથગ્ભાવને એકમાં રહેલો જુએ છે અને તેમાં જ વિસ્તાર જુએ છે ત્યારે બ્રહ્મ પામે છે.

**વિવેચન :** હવે આત્માના તૃતીય પ્રકાર અવ્યક્ત અક્ષર બ્રહ્મના જ્ઞાનનું ફલ કહે છે. દેવો-મનુષ્યો વિગેરે ભૈંતોમાં રહેલા દેવત્વ, મનુષ્યત્વ, દીર્ઘત્વ, હ્રસ્વત્વ, સ્થૈલત્વ, કૃશત્વ વિગેરે જુદા - જુદા સર્વ ભાવોને અર્થાત્ જુદા - જુદા જણાતા સર્વ ભાવોને એક પ્રકૃતિમાં રહેલા તથા (તે સર્વને) સમષ્ટિપુરુષ અથવા અવ્યક્ત અક્ષરમાં રહેલા જુએ છે અને તેમાંથી જ પાછા તેઓ નીકળી વિસ્તાર પામે છે; એમ જુએ છે અને અનુભવ કરે છે ત્યારે અક્ષરબ્રહ્મ પામે છે અર્થાત્ અનવચ્છિન્ન અક્ષરાત્મા સાથે ઐક્ય પ્રાપ્ત કરે છે.

અહીં આત્માના ત્રણ પ્રકારનો બોધ કર્યો, તેનું દૃષ્ટાન્ત નીચે પ્રમાણે ઘટે છે. ક્ષુદ્ર અથવા છૈંટક - છૈંટક પ્રવાહ જેવા વ્યષ્ટિ અર્થાત્ જુદા - જુદા જીવાત્મા છે. સમષ્ટિસ્વરૂપ ગંગાના નીર પેઠે અનવચ્છિન્ન પ્રવાહ જેવું છે. ( અર્થાત્ જલ પેઠે સર્વ પુરુષ છે ) તેમની શક્તિ જેવું અક્ષર છે અને તેના દેવતા જેવા પરમેશ્વર હરિ છે. શ્રીમદાચાર્યચરણવિરચિત 'સિદ્ધાન્તમુક્તાવલિ' ગ્રન્થમાં પણ આ અર્થનું પ્રતિપાદન કરેલું છે.

**અનાદિત્વાત્ નિર્ગુણત્વાત્ પરમાત્માયમવ્યયઃ ।**
**શરીરસ્થોઽપિ કૌન્તેય ! ન કરોતિ ન લિપ્યતે ।।૩૧।।**

**શ્લોકાર્થ :** આ પરમાત્મા અનાદિ હોવાથી તથા નિર્ગુણ હોવાથી અવ્યય છે. હે કૌન્તેય ! તે શરીરમાં રહેલો હોવા છતાં કાંઈ કરતો નથી અને લેપાતો નથી.

**વિવેચન :** પુરુષને સ્વતઃ પ્રાકૃત સમ્બન્ધ નથી એમ કહે છે. આ પરમાત્મા એટલે પુરુષ અથવા જીવ અક્ષરરૂપ હોવાથી અનાદિ તથા નિર્ગુણ છે અને તેથી અવ્યય છે. માત્ર ભગવાન્ની ઈચ્છાથી જ તે ભગવાન્થી છુટો પડેલો છે, તેથી તે શરીરમાં રહેલો હોવા છતાં સ્વતઃ કાંઈ કરતો નથી તેમ કોઈ કાર્યથી લેપાતો નથી; પરન્તુ માત્ર અધ્યાસથી કર્તા હોય તેમ માને છે.

**યથા સર્વગતં સૌક્ષ્મ્યાત્ આકાશં નોપલિપ્યતે ।**
**સર્વત્રાવસ્થિતો દેહે તથાત્મા નોપલિપ્યતે ।।૩૨।।**

**શ્લોકાર્થ :** જેમ સર્વત્ર રહેલું આકાશ સૈંક્ષ્મ હોવાથી લેપાતું નથી તેમ દેહમાં સર્વત્ર રહેલો આત્મા લેપાતો નથી.

**વિવેચન :** પુરુષ નિર્ગુણુ હોવાથી કાંઈ કરતો ન હોય તો પણ દેહની સાથે તેનો નિત્ય સમ્બન્ધ હોવાથી દેહના સ્વભાવથી તે કેમ ન લેપાય ? તેવી શંકા થાય, તે દૈંર કરવા આકાશનું દૃષ્ટાન્ત આપે છે. જેમ આકાશ સર્વત્ર રહેલું છે છતાં સૈંક્ષ્મ હોવાથી કોઈ પદાર્થથી લેપાતું નથી, તેમજ આત્મા દેહમાં સર્વત્ર રહેલો હોવા છતાં સૈંક્ષ્મ પરમાણુના કદનો હોવાથી લેપાતો નથી. આત્મા

અણુ કદનો છે, છતાં તેનો ચૈતન્ય ગુણ સર્વ શરીરમાં પ્રસરી રહેતો હોવાથી આત્માને શરીરમાં સર્વત્ર રહેલો કહેલો છે. જેમ શરીરના એક અવયવમાં ચન્દન લગાડેલ હોય તો પણ તેની શીતલતા સર્વ શરીરમાં પ્રસરી રહે છે તેમ અણુપરિમાણ આત્મા માત્ર હૃદયમાં રહેલો હોવા છતાં તેનું ચૈતન્ય સર્વ શરીરમાં પ્રસરી રહે છે.

**યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમ્ ઈમં રવિઃ ।**
**ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ ભારત!।।૩૩।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! જેમ એક રવિ આ સર્વ લોકને પ્રકાશે છે તેમ ક્ષેત્રી સર્વ ક્ષેત્રને પ્રકાશે છે.

**વિવેચન :** આત્મા સર્વ દેહમાં કેવી રીતે વ્યાપી રહેલો છે તે સ્પષ્ટ કરવા આ બીજું દષ્ટાન્ત આપે છે. જેમ એક સૈંર્ય આ સર્વ લોકને પ્રકાશે છે તેમ ક્ષેત્રી સર્વ દેહને પ્રકાશે છે. ચૈતન્ય એ આત્માનો જ્ઞાનરૂપ ધર્મ છે, પ્રાકૃત ધર્મ નથી. અહીં પુરુષને 'ક્ષેત્રી' કહેલો છે. 'ક્ષેત્રજ્ઞ' કહેલો નથી. તેથી અજ્ઞાનાવસ્થામાં પુરુષ ક્ષેત્રજ્ઞ નથી, પરન્તુ ક્ષેત્રી જ છે. અને જ્યારે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી ભગવાન્‌ના ગુણો પ્રાપ્ત કરે છે ત્યારે તે 'ક્ષેત્રજ્ઞ' થાય છે એવો અહીં બોધ કરેલો છે એમ જાણવું.

**ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞયોરેવમ્ અન્તરં જ્ઞાનચક્ષુષા ।**
**ભૈંતપ્રકૃતિમોક્ષં ચ યે વિદુર્યાન્તિ તે પરમ્।।૩૪।।**

**શ્લોકાર્થ :** એવી રીતે જ્ઞાનચક્ષુથી ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો ભેદ તથા ભૈંતોનો પ્રકૃતિમાંથી મોક્ષ જેથી થાય તે જે જાણે છે તેઓ પરને પામે છે.

**વિવેચન :** એવી રીતે જ્ઞાનચક્ષુથી એટલે તત્ત્વજ્ઞાનની દષ્ટિથી જે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો ભેદ જાણે છે તથા ભૈંતોનો પ્રકૃતિમાંથી મોક્ષ અમાનિત્વ વિગેરે જે સાધનોથી થાય છે તે જે જાણે છે તે પર એટલે પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવનાર તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગો'નામ**
**ત્રયોદશોઽધ્યાયઃ ।।૧૩।।**

# ।। અધ્યાય ૧૪ ।।
# ગુણત્રયવિભાગયોગ

પુરુષ અનાદિ તથા નિર્ગુણ હોવાથી સ્વતઃ વિમલ છે, પરન્તુ પ્રકૃતિ અનાદિ હોવા છતાં ત્રણ ગુણવાળી હોવાથી મલિન છે. આ અધ્યાયમાં પ્રકૃતિના ત્રણ ગુણોના વિભાગપૈંર્વક પ્રકૃતિના સમ્બન્ધવાળા આ જગતમાં ગુણાતીત કોઈક જ હોય છે એમ કહેવામાં આવશે.

ગયા અધ્યાયમાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ ના સંયોગથી સ્થાવર જંગમ વસ્તુમાત્ર ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. આ ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો સંયોગ નિરીશ્વર સાંખ્યના મત પ્રમાણે સ્વતન્ત્રતાથી થતો નથી, પરન્તુ ભગવાન્‌ની ઈચ્છાથી જ થાય છે. પુરુષનો સારી અથવા ખરાબ યોનિમાં જન્મ થવાનું કારણ તેનો પ્રકૃતિના ગુણોનો સંગ જ છે એમ કહેલું છે, અને અન્તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો ભેદ તથા ભૈંતોનો પ્રકૃતિમાંથી મોક્ષ જેનાથી થાય છે તે જે જાણે તે પરને પામે છે એમ કહેલું છે. આ અધ્યાયમાં પ્રકૃતિના સત્ત્વ વિગેરે ગુણોથી આ વિચિત્ર જગત્ થાય છે એવો બોધ કરશે, પરન્તુ ગયા અધ્યાયના અન્તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો ભેદ વિગેરે જાણનાર પરને પ્રાપ્ત કરે છે એમ કહેલું તે પરનું વિવેચન બે શ્લોકો ( ૧-૨ ) થી કરે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**પરં ભૈંયઃ પ્રવક્ષ્યામિ જ્ઞાનાનાં જ્ઞાનમુત્તમમ્ ।**
**યજ્ જ્ઞાત્વા મુનયઃ સર્વે પરાં સિદ્ધિમ્ ઈતો ગતાઃ ।।૧।।**

**શ્લોકાર્થ :** જ્ઞાનોમાં ઉત્તમ જ્ઞાન 'પર' તને પુનઃ કહીશ. સર્વે મુનિઓ તે જાણીને અહીંથી પરા સિદ્ધિ પામેલા છે.

**વિવેચન :** ગયા અધ્યાયના અન્તે 'પર' પ્રાપ્ત કરે છે એમ કહ્યું તે 'પર' સર્વ જ્ઞાનોમાં ઉત્તમ જ્ઞાન છે, કારણ કે તે જેની શક્તિ તથા મહિમા અચિંત્ય છે એવા શ્રીપુરુષોત્તમનું યથાર્થ જ્ઞાન છે. તે હું તને પુનઃ વિસ્તારથી વિવેચન કરી કહીશ. સર્વે મુનિઓ પણ તે જાણીને અહીંથી એટલે આ ત્રિગુણાત્મક સૃષ્ટિમાંથી પરા સિદ્ધિ એટલે ગુણાતીત મુક્તિ પામેલા છે.

**ઈદં જ્ઞાનમ્ ઉપાશ્રિત્ય મમ સાધર્મ્યમ્ આગતાઃ ।**
**સર્ગેઽપિ નોપજાયન્તે પ્રલયે ન વ્યથન્તિ ચ ।।૨।।**

**શ્લોકાર્થ :** આ જ્ઞાનનો આશ્રય કરીને મારા સાધર્મ્યને પ્રાપ્ત થએલા સર્ગ સમયે પણ જન્મતા નથી અને પ્રલય સમયે વ્યથા પામતા નથી.

**વિવેચન :** આ જ્ઞાનનો આશ્રય કરીને મારા સમાન ઐશ્વર્ય વિગેરે છ ગુણોને પ્રાપ્ત થએલા સર્ગ સમયે જન્મતા નથી તેમજ પ્રલય સમયે વ્યથા પામતા નથી, પરન્તુ નિત્ય મારી સમીપમાં રહે છે.

**મમ યોનિઃ મહદ્ બ્રહ્મ તસ્મિન્ ગર્ભં દધામ્યહમ્ ।**
**સમ્ભવઃ સર્વભૈંતાનાં તતો ભવતિ ભારત ! ।।૩।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! મહદ્ બ્રહ્મ મારી યોનિ છે. તેમાં હું ગર્ભ મૈંકું છું. તેમાંથી સર્વ ભૈંતોની ઉત્પત્તિ થાય છે.

**વિવેચન :** એવી રીતે શ્રીપુરુષોત્તમ સમ્બન્ધી જ્ઞાનની પ્રશંસા કરી, અર્જુનમાં તે સાંભળવાની અભિલાષા ઉત્પન્ન કરી પોતાની અચિંત્ય શક્તિ, વૈભવ તથા લીલા દર્શાવે છે. પ્રથમ સર્ગની ઉત્પત્તિ કહે છે. ગુણાતીત મુનિઓ સર્ગ સમયે પણ જન્મતા નથી એમ પાછળ કહેલું હોવાથી સર્ગ પણ સગુણ છે. મહદ્ બ્રહ્મ એટલે બ્રહ્મના સદંશભૈંત પ્રકૃતિ મારી યોનિ છે. ગુણોના કારણરૂપ પ્રકૃતિ મારી યોનિ છે. તેમાં હું અક્ષરાત્મા પુરુષ બીજરૂપ ગર્ભ દૃષ્ટિથી મૈંકું છું. તેમાંથી સર્વ ભૈંતોની ઉત્પત્તિ થાય છે. સર્વ પ્રાણીમાત્ર મારી પ્રકૃતિ તથા પુરુષ ના સંસર્ગથી ઉત્પન્ન થાય છે. તે સંસર્ગ સ્વતન્ત્રતાથી થતો નથી, પરન્તુ મારી ઇચ્છાથી થાય છે એમ 'મારી' યોનિ છે એમ કહેલ છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૧।૪।૨૭ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત્ ૧૦।૫૭।૪૬ અને ૩।૨૮।૨૩ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**સર્વયોનિષુ કૌન્તેય ! મૈંર્તયઃ સમ્ભવન્તિ યાઃ ।।**
**તાસાં બ્રહ્મ મહદ્ યોનિઃ અહમ્ બીજપ્રદઃ પિતા ।।૪।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય ! સર્વ યોનિઓમાં જે મૈંર્તિઓ સમ્ભવે છે તેઓની મહદ્ બ્રહ્મ યોનિ છે અને હું બીજદાતા પિતા છું.

**વિવેચન :** એવી જ રીતે કાર્ય અવસ્થાવાળો ચિત્ તથા અચિત નો સર્ગ પણ મેં જ કરેલો છે એમ કહે છે. આ કાંઈ નવિન નથી, પરન્તુ લોકમાં સર્વત્ર એમ જ જોવામાં આવે છે. પિતા અને ક્ષેત્ર થી પ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે. જગતમાં સર્વ યોનિઓમાં જે - જે મૈંર્તિઓની ઉત્પત્તિ થાય છે તેમાં વસ્તુતઃ મહદ્ બ્રહ્મ યોનિ છે અને બીજ આપનાર પિતા હું છું. તેથી જ વિષ્ણુપુરાણ વિગેરે ગ્રન્થોમાં લક્ષ્મી અને નારાયણ વિગેરે સ્ત્રી તથા પુરુષ ના સ્વરૂપ ઉત્પત્તિ કરનાર કહેલાં છે.

આ શ્લોકનું અનુસંધાન બ્રહ્મસૈંત્ર ૧।૪।૨૭ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**સત્ત્વં રજસ્તમ ઇતિ ગુણાઃ પ્રકૃતિસમ્ભવાઃ ।**
**નિબધ્નન્તિ મહાબાહો ! દેહે દેહિનમ્ અવ્યયમ્ ।।૫।।**

**શ્લોકાર્થ :** હે મહાબાહો ! પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સત્ત્વ, રજસ્, અને તમસ્ એ ગુણો દેહમાં અવ્યય દેહીને બન્ધન કરે છે.

**વિવેચન :** સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ પ્રકૃતિના ગુણો છે. આ ગુણો આત્માના નથી, પરન્તુ પ્રકૃતિના છે અને દેહમાં રહેલા અવ્યય દેહી અર્થાત્ ચેતન પુરુષને બન્ધન કરે છે. દેહમાં અહંભાવ ઉત્પન્ન કરનાર પ્રકૃતિના ધર્મ જ પુરુષને બન્ધન કરે છે. પ્રકૃતિ ઉદ્ભૈંત થાય ત્યારે તે આ ગુણોરૂપ થાય છે. આ દેહમાં અહંભાવનું અભિમાન કરાવનાર ગુણો અણુપરિમાણવાળા જીવને તે અવ્યય હોવા છતાં બન્ધન કરે છે.

**તત્ર સત્ત્વં નિર્મલત્વાત્ પ્રકાશકમ્ અનામયમ્ ।**
**સુખસંગેન બધ્નાતિ જ્ઞાનસંગેન ચાનઘ ! ।।૬।।**

**શ્લોકાર્થ :** તેમાં સત્ત્વ નિર્મલ હોવાથી પ્રકાશક અને અનામય છે. હે અનઘ ! તે સુખના સંગથી તથા જ્ઞાનના સંગથી બન્ધન કરે છે.

**વિવેચન :** હવે અહીંથી અનુક્રમે ગુણોના લક્ષણ તથા તે કેવી રીતે બન્ધન કરે છે તે કહે છે.

પ્રથમ સત્ત્વગુણનું લક્ષણ કહે છે. 'સત્ત્વગુણ' નિર્મલ હોવાથી પ્રકાશક એટલે જ્ઞાન ઉત્પન્ન કરનાર તથા 'અનામય' એટલે નિરોગી રાખનાર છે. તે જીવને જ્ઞાનનો તથા સુખનો સંગ કરાવે છે અને જ્ઞાન તથા સુખ ના સંગથી બન્ધન કરાવે છે. જ્ઞાન અને સુખ નો સંગ થવાથી તેઓના લૌકિક તથા વૈદિક સાધનો કરવા પુરુષની પ્રવૃત્તિ થાય છે અને તેથી તેવા સાધનોના ફલરૂપ જ્ઞાન તથા સુખ નો અનુભવ કરવાયોગ્ય યોનિઓમાં તેનો જન્મ થાય છે. આવી રીતે સત્ત્વગુણ મર્યાદાદ્વારા પુરુષને બન્ધન કરાવે છે. આ સત્ત્વગુણ પણ પ્રાકૃત છે. ''હું સુખી છું'' તથા ''શબ્દ વિગેરેના જ્ઞાનવાળો છું'' એમ જ્ઞાન તથા સુખ નો સંગ ઉત્પન્ન કરાવી તે બન્ધન કરાવે છે.

**રજો રાગાત્મકં વિદ્ધિ તૃષ્ણા-સંગ-સમુદ્ભવમ્ ।**
**તન્ નિબધ્નાતિ કૌન્તેય! કર્મસંગેન દેહિનમ્ ।।૭।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય! તૃષ્ણા અને આસક્તિ થી ઉત્પન્ન થતા રજોગુણને રાગરૂપ જાણ. તે દેહીને કર્મના સંગથી બન્ધન કરે છે.

**વિવેચન :** અમુક પદાર્થમાટે આસક્તિ અને તે પ્રાપ્ત કરવાની તૃષ્ણાથી રજોગુણની ઉત્પત્તિ થાય છે. તે રાગરૂપ અર્થાત્ અનુરાગરૂપ છે. તે ગુણ જીવને પદાર્થની પ્રાપ્તિ કરવામાટે કર્મમાં પ્રેરે છે અને કર્મમાં આસક્તિ ઉત્પન્ન કરી બન્ધન કરે છે.

**તમસ્ ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્ ।**
**પ્રમાદાલસ્ય-નિદ્રાભિઃ તન્ નિબધ્નાતિ ભારત!।।૮।।**

**શ્લોકાર્થ :** હે ભારત! સર્વ દેહીઓને મોહ ઉત્પન્ન કરનાર તમોગુણને અજ્ઞાનથી ઉત્પન્ન થએલો જાણ. તે પ્રમાદ આલસ્ય અને નિદ્રા થી બન્ધન કરે છે.

**વિવેચન :** તમોગુણ વિરુદ્ધ જ્ઞાનથી અથવા અવિદ્યાથી ઉત્પન્ન થએલો છે, તે મોહ ઉત્પન્ન કરે છે અને પ્રમાદ, આલસ્ય તથા નિદ્રા થી બન્ધન કરે છે.

**સત્ત્વં સુખે સઞ્જયતિ રજઃ કર્મણિ ભારત!।**
**જ્ઞાનમાવૃત્ય તુ તમઃ પ્રમાદે સઞ્જયત્યુત ।।૯।।**

**શ્લોકાર્થ :** હે ભારત! સત્ત્વ ગુણ સુખમાં આસક્તિ કરાવે છે, રજો ગુણ કર્મમાં અને તમો ગુણ જ્ઞાનને ઢાંકી પ્રમાદમાં આસક્તિ કરાવે છે.

અહીં ત્રણે ગુણોના અનુક્રમે સ્વભાવ કહેલા છે.

**રજસ્ તમશ્ ચાભિભૈય સત્ત્વં ભવતિ ભારત!।**
**રજઃ સત્ત્વં તમશ્ચૈવ તમઃ સત્ત્વં રજસ્ તથા ।।૧૦।।**

**શ્લોકાર્થ :** હે ભારત! રજસ્ અને તમો ગુણનો અભિભવ કરી સત્ત્વ પ્રકટ થાય છે, સત્ત્વ અને તમો ગુણનો અભિભવ કરી રજોગુણ પ્રકટ થાય છે અને સત્ત્વ તથા રજો ગુણનો અભિભવ કરી તમોગુણ પ્રકટ થાય છે.

**વિવેચન :** અદષ્ટને લીધે ત્રણમાંથી બે ગુણોનો અભિભવ કરી એટલે બે ગુણોને ઢાંકી ત્રીજો ગુણ પ્રકટ થાય છે. આ ગુણ જે બીજાઓને ઢાંકી દઈ વૃદ્ધિ પામે છે તે પોતાનું કાર્ય કરી બન્ધન કરે છે.

આ શ્લોકનું અનુસન્ધાન ભાગ.૧૦।૨૪।૪ પરના સુબોધિનીમાં કરેલું છે.

સર્વદ્વારેષુ દેહેસ્મિન્ પ્રકાશ ઉપજાયતે ।
જ્ઞાનં યદા તદા વિદ્યાદ્ વિવૃદ્ધં સત્ત્વમ્ ઈત્યુત ।।૧૧।।

**શ્લોકાર્થ :** આ દેહમાં સર્વ દ્વારોમાં જ્યારે પ્રકાશ તથા જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે સત્ત્વ વૃદ્ધિ પામ્યું છે એમ જાણવું.

**વિવેચન :** એક ગુણ બીજા બેને ઢાંકી વૃદ્ધિ પામ્યો છે એમ શાથી જણાય ? એવી આકાઙ્ક્ષા થાય તે માટે ગુણના કાર્ય ઉપરથી અમુક ગુણ વૃદ્ધિ પામ્યો છે એમ જણાય છે એમ કહે છે. આ દેહમાં ઈન્દ્રિય વિગેરે દ્વારોમાં જ્યારે પ્રકાશ અને જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે, પ્રકાશ તથા જ્ઞાન સત્ત્વગુણનાં કાર્ય હોવાથી, સત્ત્વગુણની વૃદ્ધિ થઈ છે એમ જાણવું.

લોભઃ પ્રવૃત્તિરારમ્ભઃ કર્મણામ્ અશમઃ સ્પૃહા
રજસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે ભરતર્ષભ ! ।।૧૨।।

**શ્લોકાર્થ :** હે ભરતર્ષભ ! લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરમ્ભ, અશમ અને સ્પૃહા એ જ્યારે રજોગુણની વૃદ્ધિ થાય છે ત્યારે ઉત્પન્ન થાય છે.

**વિવેચન :** લોભ, 'પ્રવૃત્તિ' એટલે પ્રયોજન વિના પણ ચલસ્વભાવ, કર્મોનો આરમ્ભ અથવા કર્મો કરવા ઉદ્યોગ, 'અશમ' એટલે અશાન્તિ અને 'સ્પૃહા' એટલે હરકોઈ પદાર્થ પ્રાપ્ત કરવાની ઈચ્છા. આ સર્વ રજોગુણની વૃદ્ધિ થાય ત્યારે ઉત્પન્ન થાય છે. આ સર્વ રજોગુણનાં કાર્ય હોવાથી આમની ઉત્પત્તિ થાય ત્યારે રજોગુણની વૃદ્ધિ થઈ છે એમ જાણવું.

અપ્રકાશોઽપ્રવૃત્તિશ્ચ પ્રમાદો મોહ એવ ચ ।
તમસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે કુરુનન્દન ! ।।૧૩।।

**શ્લોકાર્થ :** હે કુરુનન્દન ! અપ્રકાશ, અપ્રવૃત્તિ, પ્રમાદ તથા મોહ એ જ્યારે તમોગુણની વૃદ્ધિ થાય ત્યારે ઉત્પન્ન થાય છે.

યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ પ્રલયં યાતિ દેહભૃત્ ।
તદોત્તમવિદાં લોકાન્ અમલાન્ પ્રતિપદ્યતે ।।૧૪।।

**શ્લોકાર્થ :** સત્ત્વગુણની વૃદ્ધિ હોય ત્યારે જો દેહધારી મૃત્યુ પામે તો ઉત્તમ જ્ઞાનીઓના શુદ્ધ લોકોને પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** હવે સત્ત્વ વિગેરે ગુણોની વૃદ્ધિ હોય ત્યારે મૃત્યુ થાય તો શું ફલ મળે છે તથા કેવી ગતિ થાય છે તે કહે છે. સત્ત્વગુણની વૃદ્ધિ હોય ત્યારે મૃત્યુ થાય તો, ઉત્તમ ઉપાય જાણનાર, યોગીઓના દેહ પ્રાપ્ત કરે છે, અર્થાત્ યોગીઓના ઉત્તમ કુલમાં તેનો જન્મ થાય છે. ત્યાં જન્મ થવાથી આત્માના યથાર્થ જ્ઞાનના સાધનરૂપ પુણ્ય કર્મોનો તે અધિકારી થાય છે અને ઉત્તમ લોક પ્રાપ્ત કરે છે.

રજસિ પ્રલયં ગત્વા કર્મસઙ્ગિષુ જાયતે ।
તથા પ્રલીનસ્ તમસિ મૈંઢયોનિષુ જાયતે ।।૧૫।।

**શ્લોકાર્થ :** રજોગુણની વૃદ્ધિમાં મૃત્યુ પામી કર્મસંગીઓમાં જન્મે છે, તેમજ તમોગુણની વૃદ્ધિમાં મૃત્યુ પામેલ મૈંઢયોનિમાં જન્મે છે.

**વિવેચન :** રજોગુણની વૃદ્ધિ હોય ત્યારે જે મરણ પામેલ હોય તે કર્મસંગીઓ અર્થાત્ કર્મમાં આસક્તિવાળા લોકોમાં જન્મે છે તેમજ તમોગુણની વૃદ્ધિમાં જે મરણ પામેલ હોય તે

'મૈંઢયોનિ' એટલે નીચ લોકમાં અથવા અસુરોમાં જન્મે છે.

**કર્મણઃ સુકૃતસ્યાહુઃ સાત્ત્વિકં નિર્મલં ફલમ્ ।**
**રજસસ્તુ ફલં દુઃખમ્ અજ્ઞાનં તમસઃ ફલમ્ ।।૧૬।।**

**શ્લોકાર્થ :** સુકૃત કર્મનું ફલ સાત્ત્વિક તથા નિર્મળ કહે છે, રાજસનું ફલ દુઃખ અને તામસનું ફલ અજ્ઞાન કહે છે.

**વિવેચન :** મરણ થયા પહેલાં આ લોકમાં સાત્ત્વિક વિગેરે કર્મનું શું ફલ થાય છે તે કહે છે. સત્ત્વગુણથી થતાં સુકૃત કર્મનું ફલ સાત્ત્વિક અને નિર્મલ હોય છે, તેમજ રજોગુણથી થતાં રાજસ કર્મનું ફલ દુઃખ અને તમોગુણ થી થતાં તામસ કર્મનું ફલ અજ્ઞાન હોય છે.

**સત્ત્વાત્ સઞ્જાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।**
**પ્રમાદમોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ચ ।।૧૭।।**

**શ્લોકાર્થ :** સત્ત્વથી જ્ઞાન થાય છે, તેમજ રજોગુણથી લોભ જ થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન થાય છે.

**વિવેચન :** સત્ત્વગુણથી વસ્તુનું યથાર્થ અપરોક્ષ જ્ઞાન થાય છે, રજોગુણથી સ્વર્ગ વિગેરે ફલોનો લોભ થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન થાય છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧।૨।૨૦, ૨।૫।૩૧, ૩।૨૬।૮, ૧૦।૨।૩૫ તથા ૧૦।૧૦।૮ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ ।**
**જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસાઃ ।।૧૮।।**

**શ્લોકાર્થ :** સત્ત્વમાં રહેલા ઉપર જાય છે, રાજસો મધ્યે રહે છે અને અધમ ગુણની વૃત્તિમાં રહેલા તામસો નીચે જાય છે.

**વિવેચન :** હવે ગુણોથી જુદી-જુદી ગતિ થાય છે તે કહે છે. સત્ત્વમાં રહેલા સાત્ત્વિકો ઉપર સત્યલોક વિગેરે લોકમાં અથવા મોક્ષપર્યન્ત જાય છે. રાજસોને લોભ હોવાથી મધ્યે મનુષ્ય લોકમાં રાજ્ય વિગેરેના સુખરૂપ ફલમાં રહે છે. અધમ ગુણ તમોગુણની વૃત્તિઓ પ્રમાદ-મોહ વિગેરેમાં રહેલા તામસ લોકો નીચે અર્થાત્ મધ્યથી પણ નીચે અતલ વિગેરે અસુરોના સ્થાનમાં જાય છે, અથવા તામસો નીચે નરકોમાં અથવા નીચયોનિમાં જાય છે.

**નાઽન્યં ગુણેભ્યઃ કર્તારં યદા દ્રષ્ટાઽનુપશ્યતિ ।**
**ગુણેભ્યશ્ચ પરં વેત્તિ મદ્ભાવં સોઽધિગચ્છતિ ।।૧૯।।**

**શ્લોકાર્થ :** જ્યારે દ્રષ્ટા ગુણોથી અન્ય કર્તાને જોતો નથી અને ગુણોથી પરને જાણે છે ત્યારે તે મારા ભાવને પામે છે.

**વિવેચન :** આવી રીતે ગુણના સંગથી સર્વ પ્રકારના ભેદ ઉત્પન્ન થાય છે તથા જીવોને બન્ધન પ્રાપ્ત થાય છે એમ દર્શાવી, હવે ગુણોના વિવેકથી ગુણથી પર થઈ બંધથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરે છે, એમ અહીંથી બે (૧૯,૨૦) શ્લોકથી કહે છે. જ્યારે દ્રષ્ટા ગુણથી અન્ય કોઈને કર્તા જોતો નથી, માત્ર ગુણો જ પોતાને અનુકૈળ કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે એમ જ્યારે જુએ છે, અને આત્મા ગુણોથી પર છે એમ જ્યારે જાણે છે ત્યારે તે મારા ભાવને એટલે બ્રહ્મના અક્ષર ભાવને અથવા અક્ષર બ્રહ્મને પ્રાપ્ત કરે છે. શ્રુતિ પણ ''બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે'' એમ કહે છે.

તેથી જ્યારે દ્રષ્ટાને બ્રહ્મનું એવું યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે તે અક્ષર બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

**ગુણાન્ એતાન્ અતીત્ય ત્રીન્ દેહી દેહસમુદ્ભવાન્।**
**જન્મ-મૃત્યુ-જરા-દુઃખૈર્ વિમુક્તોઽમૃતમશ્નુતે ।।૨૦।।**

**શ્લોકાર્થ :** દેહની જેમાંથી ઉત્પત્તિ થાય છે તેવા આ ત્રણ ગુણોનું અતિક્રમણ કરી જન્મ, મૃત્યુ, જરા તથા દુઃખ થી મુક્ત થઈ દેહી અમૃતનો ભોગ કરે છે.

**વિવેચન :** આ પ્રાકૃત દેહની જેમાંથી ઉત્પત્તિ થાય છે તેવા આ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણનું, મારો ભાવ પ્રાપ્ત થવાથી, અતિક્રમણ કરી, જન્મ મૃત્યુ જરા તથા દુઃખ થી મુક્ત થઈ દેહી 'અમૃત' એટલે મોક્ષ પ્રાપ્ત કરે છે. અથવા ત્રણ ગુણોનું અતિક્રમણ કરી પ્રાકૃત દેહથી થતાં જન્મ મૃત્યુ જરા તથા દુઃખથી મુક્ત થઈ દેહી એટલે અલૌકિક દેહ ધારણ કરનાર અમૃત અથવા બ્રહ્માનન્દ નો ભોગ કરે છે.

**અર્જુન ઉવાચ**

**કૈર્લિંગૈઃ ત્રીન્ ગુણાન્ એતાન્ અતીતો ભવતિ પ્રભો !।**
**કિમાચારઃ કથં ચૈતાન્ ત્રીન્ ગુણાન્ અતિવર્તતે ।।૨૧।।**

**શ્લોકાર્થ :** હે પ્રભો ! આ ત્રણ ગુણોનું અતિક્રમણ કરેલો ક્યા ચિહ્નોથી જણાય ? તે કેવા આચારવાળો હોય અને આ ત્રણ ગુણોનું કેવી રીતે અતિક્રમણ કરે છે ?

**વિવેચન :** આ ત્રણ ગુણોનું અમુક પુરુષે અતિક્રમણ કરેલું છે એમ ક્યા ચિહ્નોથી જણાય ? અતિક્રમણ જેણે કરેલું હોય તેનો આચાર કેવો હોય ? અને અતિક્રમણ કેવી રીતે એટલે ક્યા ઉપાયથી થાય ? જીજ્ઞાસા થવાથી અર્જુન આ પ્રમાણે પ્રશ્ન કરે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ મોહમેવ ચ પાંડવ !।**
**ન દ્વેષ્ટિ સમ્પ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાંક્ષતિ ।।૨૨।।**

**શ્લોકાર્થ :** હે પાંડવ ! જે પુરુષ પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ જો પ્રવૃત્ત થએલા હોય તો તેનો દ્વેષ કરતો નથી તથા પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ જો નિવૃત્ત થએલા હોય તો તેની આકાઙ્ક્ષા રાખતો નથી.

**ઉદાસીનવદ્ આસીનો ગુણૈર્ યો ન વિચાલ્યતે।**
**ગુણા વર્તન્ત ઈત્યેવ યોઽવતિષ્ઠતિ નેંગતે ।।૨૩।।**

**શ્લોકાર્થ :** જે ઉદાસીન પેઠે રહેલો ગુણોથી જરા પણ ચલતો નથી, ગુણો જ વર્તન કરે છે એમ જ જાણી જે રહે છે અને ( કાંઈ ) ચેષ્ટા કરતો નથી.

**સમદુઃખ-સુખઃ સ્વસ્થઃ સમલોષ્ઠાશ્મકાઞ્ચનઃ ।**
**તુલ્યપ્રિયાપ્રિયો ધીરઃ તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ ।।૨૪।।**

**શ્લોકાર્થ :** જેને સુખ તથા દુઃખ સમાન છે, જે સ્વસ્થ છે, જેને માટીનું ઢેફું, પથ્થર તથા કાઞ્ચન સમાન છે, જેને પ્રિય તથા અપ્રિય સમાન છે, જે ધીર છે, જેને પોતાની નિન્દા તથા સ્તુતિ સમાન છે.

**માનાપમાનયોસ્ તુલ્યઃ તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ।।૨૫।।**

**શ્લોકાર્થ :** જે માન તથા અપમાન માં પણ સમ છે, જેને મિત્ર તથા શત્રુપક્ષ સમાન છે, અને જેણે સર્વ આરમ્ભોનો સર્વથા ત્યાગ કરેલો છે તે 'ગુણાતીત' કહેવાય છે.

**વિવેચન :** આ ચાર (૨૨-૨૫) શ્લોકથી ભગવાન્ અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપતાં ગુણાતીતનું સ્વરૂપ, તેનો આચાર તથા ગુણાતીતપણાના લક્ષણ કહે છે. સત્ત્વગુણનું કાર્ય પ્રકાશ અથવા જ્ઞાન, રજોગુણનું કાર્ય પ્રવૃત્તિ અને તમોગુણનું કાર્ય મોહ ગણાય છે. ગુણોના આ કાર્યો જો પ્રવૃત્ત થએલા હોય તો પણ તેઓને ગુણોનાં જ કાર્ય જાણી જે તેઓનો દ્વેષ કરતો નથી, તેમજ નિવૃત્ત થયાં હોય તો તેઓની આકાઙ્ક્ષા અથવા ઈચ્છા રાખતો નથી, જે ગુણથી પર આત્માના જ અવલોકનથી તૃપ્તિ પામતો હોવાથી આત્માથી ભિન્ન ગુણોનાં કાર્ય વિગેરે સર્વ અનાત્મ પ્રતિ ઉદાસીન રહે છે અને ગુણોથી જેને દ્વેષ-આકાઙ્ક્ષા વિગેરે ઉત્પન્ન નહિ થવાથી ગુણોથી જે જરા પણ ચલતો નથી, ગુણોનાં પ્રકાશ વિગેરે સર્વ કાર્યોમાં ગુણોની જ પ્રવૃત્તિ છે એમ જાણી જે રહે છે અને ગુણ પ્રમાણે પોતે ચેષ્ટા કરતો નથી, જે પોતે સ્વસ્થ એટલે આત્મામાં જ રહેનાર હોવાથી સત્ત્વનું કાર્ય સુખ તથા રજોગુણનું કાર્ય દુઃખ વિગેરે જેને સમાન છે, જે ધીરપુરુષને પ્રિય તથા અપ્રિય તેમજ પોતાની નિન્દા તથા સ્તુતિ, માન તથા અપમાન, તેમજ મિત્ર તથા શત્રુ સમાન છે અને જેણે દેહના અભિમાનથી થતાં સર્વ કર્મોનો સારી રીતે ત્યાગ કરેલો છે, તે 'ગુણાતીત' કહેવાય છે. અહિં પણ સર્વત્ર સમભાવનું નિરૂપણ કરેલું છે. આ જ સમભાવનું પાછળ સાંખ્ય તથા યોગના સાર તરીકે નિરૂપણ કરેલું છે, તેનું અહીં સ્મરણ કરાવેલું છે (૨૨-૨૫).

**માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે ।**
**સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૈયાય કલ્પતે ।।૨૬।।**

**શ્લોકાર્થ :** અને જે મને અવ્યભિચારી ભક્તિયોગથી સેવે છે તે આ ગુણોનું અતિક્રમણ કરી બ્રહ્મભાવ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** એ પ્રમાણે જ્ઞાનમાર્ગીય ગુણાતીત લક્ષણ કહી ભક્તો કેવલ અનન્ય ભક્તિથી જ ગુણાતીત થાય છે એમ કહે છે. જે અવ્યભિચારી અર્થાત્ એકાન્તિક અનન્ય ભક્તિયોગથી મારી સેવા કરે છે તે આ ગુણોનું અતિક્રમણ કરી અક્ષરબ્રહ્મના ભાવને પ્રાપ્ત કરે છે. આવી રીતે અનન્ય ભક્તને બ્રહ્મભાવ અવાન્તર ફલ તરીકે પ્રાપ્ત થાય છે.

**બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્ અમૃતસ્યાવ્યયસ્ય ચ ।**
**શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ ।।૨૭।।**

**શ્લોકાર્થ :** કારણ કે અમૃત તથા અવ્યય બ્રહ્મની, શાશ્વત ધર્મની અને ઐકાન્તિક સુખની પ્રતિષ્ઠા હું છું.

**વિવેચન :** મારી અનન્ય ભક્તિ કરનારને અક્ષરબ્રહ્મ અવાન્તર ફલ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. કારણ કે અક્ષરબ્રહ્મ વિગેરે સર્વની પ્રતિષ્ઠા એટલે મૈંલસ્થાન હું છું. અમૃત અને અવ્યય એટલે વિકારરહિત અક્ષરબ્રહ્મની, શાશ્વત ધર્મની તથા ઐકાન્તિક સુખની પ્રતિષ્ઠા હું છું. એ સર્વનો એક જ આશ્રય હું હોવાથી હું એ સર્વથી પર છું. 'અમૃત' એટલે બ્રહ્માનન્દરૂપ મોક્ષની, તથા અવ્યય અક્ષરબ્રહ્મ જે મારું ધામ છે તેની પ્રતિષ્ઠા હું છું, તેમ જ શાશ્વત ધર્મ એટલે ભગવદ્ધર્મની અને ઐકાન્તિક સુખ એટલે અગણિત ભજનાનન્દ એ સર્વની પ્રતિષ્ઠા હું છું.

અહીં શ્રીકૃષ્ણે સાંખ્યનું પણ તાત્પર્ય ભગવાન્ પોતે છે એમ સ્પષ્ટ થાય તેવી રીતે સાંખ્યની વિવૃતિ કરેલી છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'ગુણત્રયવિભાગયોગો' નામ**
**ચતુર્દશોઽધ્યાયઃ ।।૧૪।।**

# ।। અધ્યાય ૧૫ ।।
# પુરુષોત્તમયોગ

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઊર્ધ્વમૈંલમ્ અધઃ શાખમ્ અશ્વત્થં પ્રાહુરવ્યયમ્।**
**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્।।૧।।**

**શ્લોકાર્થ :** શ્રીભગવાન્ કહે છે : (આ જગત્ને) ઊંચા મૈંલવાળો, નીચી શાખાવાળો, વેદના મન્ત્રો જેના પાંદડાં છે એવો અવ્યય અશ્વત્થ કહે છે. જે તેને જાણે છે તે વેદ જાણનાર છે.

**વિવેચન :** ગયા અધ્યાયમાં પુરુષને ગુણોના સંગથી પ્રકૃતિનો સમ્બન્ધ થવાથી આ વિચિત્ર જગત્ થાય છે, તથા આ પુરુષ અને પ્રકૃતિ નો સમ્બન્ધ પણ લીલામાટે ભગવાને જ કરેલો છે એમ સાંખ્યશાસ્ત્રનું નિરૂપણ કરી, પ્રસંગોપાત્ત ગુણોના વિભાગ વિગેરે કહી, અન્તે તે ગુણોની નિવૃત્તિ કરી વિરલ ભક્તિમાર્ગીય પુરુષો અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ કરે છે તેમ કહ્યું.

હવે અક્ષરબ્રહ્મના પણ આશ્રય શ્રીપુરુષોત્તમ ક્ષર અને અક્ષર થી અતીત છે, સર્વવેદાન્તોના તાત્પર્યરૂપ છે, ક્ષર તથા અક્ષર અને બદ્ધ તથા મુક્ત સર્વના મૈંલરૂપ હોવાથી સર્વ ધર્મોના આશ્રય તથા ઉત્તમ છે એમ કહેવાનો આરમ્ભ કરે છે. ગુણોથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે તેમાં પણ ચિત્ તથા અચિત્ તેમજ નામ અને રૂપ સર્વ ભગવાન્ના સત્ તથા ચિત્ અંશમાંથી ઉદ્ભૈંત થએલા હોવાથી ભગવત્સ્વરૂપ જ હોવા છતાં તે ભજનીય નથી, પરન્તુ સર્વના મૈંલભૈંત શ્રીપુરુષોત્તમ ભજનીય છે એવો બોધ કરવા, પ્રથમ પ્રપઞ્ચનું સ્વરૂપ અઢી શ્લોકથી કહે છે. અહીં આ જગત્ને અશ્વત્થ એટલે પીપળા સાથે સરખાવી જગત્નું સ્વરૂપ કહે છે.

આ જગત્ને અશ્વત્થ એટલે 'પીપળો' કહે છે. આ કેવો અશ્વત્થ છે ? ઊંચા મૈંલવાળો અર્થાત્ જેનું મૈંલ શ્રીપુરુષોત્તમ સર્વથી ઊંચું છે તેવો છે. શ્રીપુરુષોત્તમે આ જગત્ પોતાની ક્રીડામાટે નિર્માણ કરેલું હોવાથી શ્રીપુરુષોત્તમ પ્રપઞ્ચ અથવા જગત્ નું મૈંલ છે. અથવા બ્રહ્મપર્યન્ત જેનાં મૈંલ ઊંચાં છે તેવો મૈંલવાળો છે. અહીં ભગવાન્ને આ વિચિત્ર નામરૂપ પ્રપઞ્ચ અથવા જગત્ના મૈંલરૂપ કહેલા હોવાથી ભગવાન્ની મહત્તા દર્શાવેલી છે, તથા ભગવાન્ જ જગત્નું કારણ છે એવો બોધ કરેલો છે. વળી આ નીચી શાખાવાળો અશ્વત્થ છે. જીવ વિગેરે આ અશ્વત્થની શાખાઓ નીચી છે. આ અશ્વત્થ અવ્યય છે, કારણ કે ભગવાને પોતાની લીલામાટે ઉત્પન્ન કરેલો હોવાથી નિત્ય છે. એક અશ્વત્થ વૃક્ષને કોટિ ફલો હોય છે, દરેક ફલમાં અસંખ્યાત બીજો હોય છે, અને તેમાંના એક – એક બીજમાંથી બ્રહ્માણ્ડરૂપ વૃક્ષ પુનઃ થાય છે, અને એ વૃક્ષના પુનઃ ફલ થાય છે એ પ્રમાણે હોવાથી આ વૃક્ષનો અન્ત નથી. આ આદિ તથા અન્ત રહિત અશ્વત્થનું મૈંળ ભગવાન્ જ છે. આ વૃક્ષ પુનઃ – પુનઃ ફલતું હોવાથી જ ભગવાન્ કોઈ વાર પોતાના અંશથી તો કોઈ વાર તત્ત્વોમાંથી બ્રહ્માણ્ડનું નિર્માણ કરે છે એવો ઉપદેશ શાસ્ત્રોમાં છે. 'ઊંચા મૈંલવાળો' વિગેરે વિશેષણોથી આ અશ્વત્થની રચના વિચિત્ર છે તથા પરમકાષ્ઠાપન્ન વસ્તુ ભગવાને તે રચેલો હોવાથી તે ભગવાન્ના અંશરૂપ તથા ભગવદ્રૈંપ છે તેથી સનાતન અથવા નિત્ય છે એમ સૈંચવેલું છે. વેદના મન્ત્રો આ અશ્વત્થના પાંદડાં છે. જેમ વૃક્ષના

પાંદડાં પોતાની છાયાથી જીવનો તાપ હરી સુખ ઉત્પન્ન કરે છે, તેમ વેદના મન્ત્રો ભગવત્પ્રાપ્તિના ઉપાય દર્શાવી જીવોના તાપનું નિવારણ કરી તેઓને સુખ ઉત્પન્ન કરે છે. જે આવા પ્રપઞ્ચરૂપ આ અશ્વત્થને જે જાણે છે તે વેદ જાણનાર છે. આ પ્રપઞ્ચમાં એટલે જગત્માં અવિદ્યાવાળા જીવોની અહન્તા – મમતાથી કલ્પેલા કર્મ વિગેરેથી પુનઃ – પુનઃ પ્રાપ્ત થતા સંસારને દૂર કરવાના ઉપાયો વેદમાં કહેલા છે. તેથી પ્રપઞ્ચનું જ્ઞાન સંસારને દૂર કરવાના સાધનોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગી છે, તેથી જે પ્રપઞ્ચ અથવા જગત્ ને જાણે છે તે વેદને જાણે છે. પ્રપઞ્ચ અથવા જગત્ નું યથાર્થ જ્ઞાન થયા વિના વેદનું જ્ઞાન સમ્ભવતું નથી

**અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ ।**
**અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે ।।૨।।**

**શ્લોકાર્થ :** ગુણથી વૃદ્ધિ પામેલી અને વિષયરૂપી પ્રવાલવાળી તેની શાખાઓ નીચે તથા ઉપર પ્રસરેલી છે, અને મનુષ્યલોકમાં કર્મમાં પરિણમતા તેનાં મૂળો નીચે ફેલાઈ રહેલાં છે.

**વિવેચન :** ક્રીડારૂપ વૃક્ષનું પ્રથમ શ્લોકમાં નિરૂપણ કરી તેમાંથી જ સંસારની ઉત્પત્તિ થાય છે એમ કહે છે. તે અલૌકિક વૃક્ષની શાખાઓ નીચે તથા ઉપર પ્રસરેલી છે, વિવિધ જીવરૂપી શાખાઓ નીચે પ્રસરેલી છે અને લીલાવતારરૂપી શાખાઓ ઉપર પ્રસરેલી છે. આ શાખાઓ સત્ત્વ વિગેરે ગુણોથી સિંચન થઈ વૃદ્ધિ પામેલી છે, અને તેમાં રૂપ વિગેરે વિષયો પલ્લવરૂપે રહેલા છે. વળી નીચે મનુષ્ય લોકમાં તેના વાસનારૂપ મૂળો ફેલાઈ રહેલાં છે. જેમ વૃક્ષની જટામાંથી નવાં મૂળો થાય તેવાં વાસનારૂપી મૂળો નીચે આ મનુષ્ય લોકમાં ફેલાઈ રહેલાં છે. તે મૂળો કર્મમાં પરિણામ પામે છે, અર્થાત્ તેમાંથી કર્મ થયા કરે છે. જેવાં કર્મ કરે તેવા લોકની પ્રાપ્તિ થાય છે.

**ન રૂપમસ્યેહ તથોપલભ્યતે નાન્તો ન ચાદિર્ન ચ સમ્પ્રતિષ્ઠા ।**
**અશ્વત્થમ્ એનં સુવિરૂઢમૂલમ્ અસંગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા ।।૩।।**
**તતઃ પદં તત્ પરિમાર્ગિતવ્યં યસ્મિન્ ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।**
**તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ।।૪।।**

**શ્લોકાર્થ :** આનું તેવું રૂપ અહીં પ્રાપ્ત થતું નથી, તેમજ તેનો અન્ત, આદિ અથવા પ્રતિષ્ઠા જણાતાં નથી. આ બહુ દૃઢ મૂળવાળા અશ્વત્થને દૃઢ અસંગ શસ્ત્રથી છેદી, પછી જેમાં ગએલા પુનઃ પાછા ફરતા નથી તે પદ ''જે આદ્ય પુરુષમાંથી પુરાણી પ્રવૃત્તિ પ્રસરેલી છે તેને જ હું શરણ જાઉં છું'' એમ શોધવું ।।૩-૪।।

**વિવેચન :** વાસનારૂપ મૂળોથી સૃષ્ટિ કેવી રીતે થાય છે તે કહે છે. આ અશ્વત્થનું ભગવાન્ની અલૌકિક ક્રીડારૂપ સત્ય સ્વરૂપ અહીં પ્રાપ્ત થતું નથી, કર્મમાં આસક્તિવાળા જીવોને આ પ્રપઞ્ચનાં ભગવત્ક્રીડાત્મક અલૌકિક રૂપનું ભાન થતું નથી, તેમજ તેનો અન્ત, આદિ અથવા પ્રતિષ્ઠા અથવા સ્થિતિ પણ જણાતાં નથી. તેઓ આ જગત્ને અસત્ય અપ્રતિષ્ઠા તથા અનીશ્વર માને છે, અને કર્મમાં મચ્યા રહે છે. ત્યારે શું કરવું યોગ્ય છે ? જેના મૂળો બહુ દૃઢ થઈ ગએલાં છે તેવા આ સંસારરૂપી અશ્વત્થને અસંગ એટલે અનાસક્તિ અથવા વૈરાગ્યરૂપ દૃઢ શસ્ત્રથી છેદવો, અર્થાત્ સંસારમાં આસક્તિ ન રાખતાં, તેથી દૂર રહેવું. પછી શું કરવું ? પછી જે પદને પ્રાપ્ત થએલા ત્યાંથી પુનઃ પાછા ફરતા નથી તે પદને એટલે અક્ષરબ્રહ્મરૂપ ભગવદ્ધામને શોધવું. શા માટે ? તેને પ્રાપ્ત કરેલો કોઈ પુનઃ આ સંસારમાં આવતો નથી તેથી આ પદને

શોધવું. આ પદ કયા ઉપાયથી શોધી શકાય ? ''જે આદ્ય પુરુષમાંથી પુરાણી પ્રવૃત્તિ પ્રસરેલી છે તેને જ હું શરણે જાઉં છું'' એવી રીતે શરણ ભાવથી ભગવાન્‌ની ભક્તિ કરવાથી આ પદ પ્રાપ્ત થાય છે. આ પદ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન ભક્તિ છે. ભગવાન્‌ને શરણ જવાથી સર્વ દોષ દૂર થઈ જાય છે અને તેથી એ પદની તરત જ પ્રાપ્તિ થાય છે ।।૩-૪।।

**નિર્માનમોહા જિતસંગદોષા અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।**
**દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસઞ્જ્ઞૈર્ ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ ।।૫।।**

**શ્લોકાર્થ :** જે માન તથા મોહથી રહિત છે, જેમણે સંગના દોષો જીતેલા છે, તેઓ અધ્યાત્મમાં નિત્ય નિષ્ઠાવાળા છે, જેમની કામનાઓ દૂર થએલી છે, જેઓ સુખદુઃખરૂપી દ્વન્દ્વથી મુક્ત છે, તેવા અમૂઢ તે અવ્યય પદ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** માન તથા મોહ નો અભાવ, સંગદોષનો અભાવ, નિત્ય અધ્યાત્મજ્ઞાન, નિવૃત્તકામત્વ, સુખ-દુઃખ વિગેરે દ્વન્દ્વનો અભાવ હોય ત્યારે તે પદ પ્રાપ્ત થાય છે. આ દોષોનો અભાવ તથા ગુણો ભગવાન્‌ને શરણ જવાથી પ્રાપ્ત થાય છે, બીજા કોઈ સાધનથી પ્રાપ્ત થતા નથી. તેથી ભગવાન્‌ને શરણ જઈ ભક્તિ કરવી એ આ પદ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. આ પદ અવ્યય છે, આ 'વ્યાપીવૈકુણ્ઠ' અથવા 'બ્રહ્મ' નામનું પદ અક્ષર અવ્યય છે. તે એવી રીતે ભગવાન્‌ને શરણ જવાથી પ્રાપ્ત થાય છે.

**ન તદ્ ભાસયતે સૂર્યો ન શશાંકો ન પાવકઃ ।**
**યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ ।।૬।।**

**શ્લોકાર્થ :** તેને સૂર્ય, ચન્દ્ર અથવા અગ્નિ પ્રકાશતા નથી. જેને પ્રાપ્ત કરી પાછા આવતા નથી તે મારું ઉત્તમ ધામ છે.

**વિવેચન :** તે પદને સૂર્ય પ્રકાશતો નથી, તેમજ ચન્દ્ર અથવા અગ્નિ પણ પ્રકાશતા નથી, કારણ કે તે સ્વપ્રકાશ છે. વળી તે પદને પ્રાપ્ત કરી કોઈ સંસારમાં પાછો આવતો નથી, કારણ કે તે મારું ઉત્તમ ધામ છે. ''તે વિષ્ણુનું પરમ પદ છે''. વિગેરે શ્રુતિમાં પણ આ પદનું નિરૂપણ કરેલું છે. આ અક્ષરબ્રહ્માત્મક પદ મારું ઉત્તમ ધામ છે. આને સૂર્ય વિગેરે પ્રકાશતા નથી, પરન્તુ આ સૂર્ય વિગેરે સર્વને પ્રકાશે છે. આ મારું ધામ જ્યોતિરૂપ, નિરૂપમ મહિમાવાળું છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૧।૩।૨૩ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।**
**મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ ।।૭।।**

**શ્લોકાર્થ :** જીવલોકમાં જીવ થયેલો મારો જ સનાતન અંશ પ્રકૃતિમાં રહેલી મનસહિત છ ઇન્દ્રિયોને ખેંચે છે.

**વિવેચન :** મારો સચ્ચિદાનન્દરૂપ પુરુષોત્તમનો જ સનાતન અંશ જીવલોકમાં જીવ થએલો છે. સત્, ચિત્ અને આનન્દ એ ત્રણમાંથી માત્ર આનન્દનો તિરોભાવ થવાથી ચિદ્રૂપ જીવ ભગવાન્‌ની ઇચ્છાથી પોતાથી જાુદો પડે છે. આ જીવ પણ ભગવાન્‌નો અંશ હોવાથી વસ્તુતઃ નિત્યસ્વરૂપ જ હોવાથી સનાતન છે. આનો આનન્દ તિરોહિત થતાં અનાદિ કર્મરૂપ અવિદ્યાના આવેષ્ટનથી જીવલોકમાં જીવ થએલો તે પ્રકૃતિના અમુક પરિણામરૂપ, દેવ-મનુષ્ય વિગેરેના શરીરમાં રહેલી પાંચ જ્ઞાનેન્દ્રિય તથા મનને ખેંચે છે. કોઈ જીવો પ્રથમ કહેલા માર્ગથી અવિદ્યાથી

મુક્ત થઈ સ્વરૂપમાં રહે છે, પરન્તુ સંસારી જીવના જ્ઞાન, તથા ઐશ્વર્ય અતિ સપુચિત રહે છે અને તે પ્રકૃતિના પરિણામરૂપ શરીરોમાં રહેલી મનસહિત છ ઈન્દ્રિયોને ખેંચે છે અર્થાત્ કર્મને અનુકૈલ કરે છે.

આ જીવ પણ સર્વશક્તિમાન શ્રીપુરુષોતમનો અંશ જ છે. બ્રહ્મસૈંત્ર ૨।૩।૪૩ માં પણ જીવ બ્રહ્મનો અંશ છે એમ નિરૂપણ કરેલું છે. ભગવાન્‌ના સત્, ચિત્ અને આનન્દ એ ત્રણ મુખ્ય અંશો પૈકી જીવ ચિદ્રૈંપ છે. જીવમાં આનન્દ અંશનો તિરોભાવ થવાથી તેને બંધ તથા અનીશ્વરતા પ્રાપ્ત થાય છે. બ્રહ્મ નિરવયવ એટલે અવયવરહિત હોવાથી બ્રહ્મને અંશ કેમ સમ્ભવે ? એવી શંકા કરવી નહિ; કારણ કે બ્રહ્મ માત્ર વેદથી જ જાણી શકાય છે. લોકમાં બ્રહ્મ સાવયવ છે કે નિરવયવ છે એ જાણવાનું કાંઈ સાધન નથી બ્રહ્મનું જ્ઞાન માત્ર વેદથી જ થતું હોવાથી વેદમાં તેનું જેવું નિરૂપણ કરેલું હોય તેવું માનવું જોઈએ, પરન્તુ તેમ નહિ માનતાં વેદની શ્રુતિઓનો ઉપપ્લવ કરવો ઉચિત નથી. જેમ અગ્નિમાંથી તણખાઓ નીકળે છે તેમ ઈન્દ્રિરહિત સર્વતઃ પાણિ અને પાદ ના અન્તવાળા તથા સર્વતઃ અક્ષિ શિરઃ અને મુખ વાળા બ્રહ્મમાંથી જડ તથા જીવો નીકળેલા છે. સદંશમાંથી જડ નીકળે છે, ચિદંશમાંથી જીવ નીકળે છે. શ્રીપુરુષોત્તમની ઈચ્છાથી જીવમાં આનન્દાંશનો તિરોભાવ હોય છે અને જડમાં ચિત્ તથા આનન્દઅંશનો તિરોભાવ હોય છે આ પ્રમાણે હોવાથી જીવ બ્રહ્મનો અંશ જ છે.

જેમ અંશ હસ્ત વિગેરેને દુઃખ થવાથી અંશી શરીરને દુઃખ થાય છે, તેમ જીવ બ્રહ્મનો અંશ હોય તો જીવના દુઃખથી બ્રહ્મને પણ દુઃખ થવું જોઈએ એવી શંકા કરવી નહિ, કારણ કે જેમ અગ્નિ બીજાને તાપ કરે છે, પરન્તુ તેથી પોતાને તાપ થતો નથી, તેમ ઈશ્વરની ઈચ્છાથી આનન્દાંશનો તિરોભાવ થતાં જીવને બન્ધ વિગેરે પ્રાપ્ત થવાથી દુઃખ થવા છતાં ઈશ્વરને દુઃખ થતું નથી, તેથી જીવને દ્વૈત બુદ્ધિ હોવાથી તેને જ દુઃખ થાય છે. પરન્તુ બ્રહ્મને દુઃખ થતું નથી. અથવા સૈંર્ય વિગેરે પોતાનો પ્રકાશ ગમે ત્યાં પડે તો પણ તે પ્રકાશના દોષથી દોષિત થતા નથી, તેમ જ અંશ જીવને દુઃખ થવા છતાં અંશી બ્રહ્મને કાંઈ પણ દુઃખ થતું નથી. તેથી જ સ્મૃતિઓમાં પણ અંશ જીવને દુઃખનો સમ્બન્ધ છે, પરન્તુ જેમ કમલપત્રને પાણીનો સ્પર્શ થતો નથી તેમ અંશી બ્રહ્મને દુઃખ વિગેરેનો સમ્બન્ધ થતો નથી એમ કહે છે. તેથી જીવ બ્રહ્મનો અંશ જ છે, બ્રહ્મનો અંશ હોવાથી સજાતીય છે, પરન્તુ સર્વથા બ્રહ્મ જ નથી; કારણ કે અંશ, અંશીનો સજાતીય છે પણ અંશીથી ન્યૈંન શક્તિવાળો હોય છે. અંશીનો સજાતીય, પરન્તુ અંશીથી ન્યૈંન શક્તિવાળો હોય તે જ અંશ કહેવાય. શ્રુતિઓ પણ જીવને અણુ કહે છે તેથી જીવ બ્રહ્મનો અંશ જ છે.

જીવ અને બ્રહ્મ નો વિભાગ પણ અવિદ્યાથી કલ્પેલો નથી, પરન્તુ ''વિભક્તિવાળું અવિભક્ત'' વિગેરે શ્રુતિઓએ જ કહેલો હોવાથી સહજ છે અને ઈશ્વરે જ કરેલો છે. બ્રહ્મ અને જીવ નો વિભાગ અવિદ્યાથી કલ્પેલો છે એમ માનીએ તો તે વિભાગ પહેલાં તેને કલ્પનાર અવિદ્યાનું અસ્તિત્વ અવશ્ય હોવું જોઈએ. અવિદ્યાનો તે સમયે આધાર કોણ ? આધાર વિના અવિદ્યા રહી શકે જ નહિ, તેથી તેનો આધાર અવશ્ય હોવો જોઈએ. અવિદ્યા પોતાનો જ આશ્રય કરી તે સમયે રહેલી હોય છે એમ પણ કહેવાય નહિ, કારણ કે બ્રહ્મ અને અવિદ્યા એવા બે પદાર્થ તે સમયે હોવાથી અદ્વૈતનો ભંગ થાય. ત્યારે બ્રહ્મ જ અવિદ્યાનો આધાર હતું એમ માનો, તો બ્રહ્મમાં પણ અવિદ્યા હોવાથી બ્રહ્મ પણ સંસારી જીવ જેવું જ થઈ જાય. વળી

અવિદ્યા દૈર થતાં ભક્તિ થતી હોવાથી એક જીવને મુક્તિ થતાં જ અવિદ્યાનો ઉચ્છેદ થતો હોવાથી સર્વને તે સમયે જ મુક્તિ થવી જોઈએ, પરન્તુ તેમ પણ થતું નથી. તેથી બ્રહ્મ તથા જીવ નો ભેદ અવિદ્યાથી કલ્પેલો છે, એમ માનવાથી શાસ્ત્ર અપ્રમાણ થઈ જાય છે તથા સર્વનો વિપ્લવ થાય છે. તેથી આ ભેદ પણ સહજ ઈશ્વરે પોતાની ઇચ્છાથી કરેલો છે એમ જ માનવું ઉચિત છે. તેથી સર્વ શ્રુતિ અને સ્મૃતિઓ માં કહ્યા પ્રમાણે સર્વ જીવો ભગવાન્ બ્રહ્મના અંશ જ છે, સનાતન છે, અને ભગવાન્‌ની ઇચ્છાથી જ ભગવાન્‌થી વિભક્ત થએલા છે, એમ જ માનવું જોઈએ.

આ શ્લોકમાં સર્વ જીવોને સમષ્ટિના અભિપ્રાયથી 'જીવ' એમ એક વચનથી કહેલા છે. જીવલોકમાં એટલે જીવના ક્રીડનસ્થાન આ પ્રપઞ્ચ અથવા જગત્‌માં તે જીવ થઈ રહેલા છે તે દેહના જેવા આગન્તુક નથી, પરન્તુ સનાતન છે એટલે સદા જીવરૂપ જ છે, ભૌતિક સૃષ્ટિ પેઠે પાછળથી ઉત્પન્ન થએલા નથી.

આ પ્રપઞ્ચમાં જીવનું શું કાર્ય છે તે કહે છે. જીવ પ્રકૃતિમાં રહેલી પાંચ જ્ઞાનેન્દ્રિય તથા મન એ છને અર્થાત્ વાસનામય લિંગ શરીરને વિષય ભોગની ઉત્પત્તિમાટે ખેંચે છે. જેમ ખેડુત જમીન ખેડે છે તેમ જીવ લિંગ શરીરને વિષય ભોગની ઉત્પત્તિમાટે અનુકૈંલ કરે છે.

આ શ્લોકનું અનુસંધાન બ્રહ્મસૈંત્ર ૨।૩।૪૫ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।**
**ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ।।૮।।**

**શ્લોકાર્થ :** જ્યારે ઈશ્વર જે શરીર પ્રાપ્ત કરે છે તથા જેમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે જેમ વાયુ ગન્ધના સ્થાનમાંથી ગન્ધને લઈ જાય છે તેમ ત્યાં આમને લઈને જાય છે.

**વિવેચન :** ઇન્દ્રિયોના ઈશ્વર અર્થાત્ ઇન્દ્રિયોને ખેંચનાર જીવ જે શરીર પ્રાપ્ત કરે છે તથા જે શરીરનો ત્યાગ કરે છે ત્યારે તે ત્યાં પોતાની સાથે આમને એટલે મનસહિત છ ઇન્દ્રિયો અથવા લિંગ શરીરને લઈ જાય છે. ઇન્દ્રિયોને જીવ પોતાની સાથે સૈંક્ષ્મભૈંતો સાથે લઈ જાય છે. જેમ વાયુ કસ્તુરી વિગેરે ગન્ધના સ્થાનમાંથી સૈંક્ષ્મ અવયવો સાથે ગન્ધને લઈ જાય છે, તેમ જીવ સૈંક્ષ્મભૈંતો સાથે મનસહિત છ ઇન્દ્રિયોને જે શરીરમાં તે જાય છે ત્યાં તથા જે શરીરનો તે ત્યાગ કરે છે તેમાંથી પોતાની સાથે લઈને જાય છે.

બ્રહ્મસૈંત્ર ૨।૩।૧૯ તથા ૨૦ માં આ જ અર્થ કહેલો છે. આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧૦।૫૧।૪૪ ઉપરના સુબોધિની કરેલું છે.

**શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ ।**
**અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાન્ ઉપસેવતે ।।૯।।**

**શ્લોકાર્થ :** શ્રોત્ર, ચક્ષુઃ, સ્પર્શન, રસન, ઘ્રાણ અને મન નું અધિષ્ઠાન કરી આ વિષયોનું સેવન કરે છે.

**વિવેચન :** જીવ ઇન્દ્રિયોને શા માટે પોતાની સાથે લઈ જાય છે તે કહે છે. શ્રોત્ર વિગેરે છ ઇન્દ્રિયોનું અધિષ્ઠાન કરી આ જીવ વિષયોને સેવે છે; એટલે જીવ પ્રાકૃત અહપારના કાર્યને શ્રોત્ર વિગેરે ઇન્દ્રિયોના વિષયોની વૃત્તિને અનુકૈંલ કરી તે ઇન્દ્રિયોના વિષયોનો ભોગ કરે છે.

**ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્ ।**

**વિમૈંઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ।।૧૦।।**

**શ્લોકાર્થ :** ઉત્ક્રમણ કરતાં, સ્થિતિ કરતાં, ભોગ કરતાં અથવા ગુણોથી યુક્ત જીવને વિમૈંઢો જોતા નથી, પરન્તુ જ્ઞાનચક્ષુવાળા જૌંએ છે.

**વિવેચન :** ત્યારે એવો જીવ શરીરથી ભિન્ન કેમ દેખાતો નથી એવી શંકા થાય તેનો નિરાસ કરે છે. સત્ત્વ વિગેરે ગુણોવાળી પ્રકૃતિના અમુક પરિણામરૂપ મનુષ્ય વિગેરેના દેહ સાથે સંસૃષ્ટ થએલા જીવને તેવા કોઈ દેહમાંથી નીકળતાં, અથવા કોઈ દેહમાં સ્થિતિ કરતાં, તથા ઈશ્વરના ગુણો પ્રાપ્ત કરી તે ગુણોવાળો થઈ રહેલાને પણ વિમૈંઢો જોતા નથી. પ્રકૃતિવાળા મનુષ્ય વિગેરેના દેહના અભિમાનવાળા અર્થાત્ તેવા દેહને જ આત્મા માનનાર વિમૈંઢ લોકો જીવને દેહથી ભિન્ન જોતાં નથી, પરન્તુ દેહ અને આત્માના વિવેકરૂપ જ્ઞાન જેને છે તે જ્ઞાનદષ્ટિવાળાઓ તો જીવને તે હરકોઈ અવસ્થામાં હોય તો પણ દેહથી ભિન્ન જ જુએ છે.

**યતન્તો યોગિનશ્ચૈનં પશ્યુત્યાત્મન્યવસ્થિતમ્ ।**
**યતતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યુત્યચેતસઃ ।।૧૧।।**

**શ્લોકાર્થ :** યત્ન કરતા યોગીઓ પોતામાં રહેલા આને જુએ છે. જેમણે ચિત્તને વશ કરેલું નથી તેવા મન્દબુદ્ધિવાળા યત્ન કરવા છતાં આને જોતા નથી.

**વિવેચન :** યોગીઓ એટલે જેમણે ચિત્તનો નિરોધ કરેલો છે તેઓ યત્ન કરતા પોતાની અન્દર રહેલા આત્માને જોઈ શકે છે, પરન્તુ જેમણે ચિત્તનો નિરોધ કરેલો નથી તેવા મન્દબુદ્ધિવાળાઓ તો પ્રયત્ન કરવા છતાં આત્માને જોઈ શકતા નથી. આત્મા એવો દુર્જ્ઞેય છે કે આત્મા અને દેહ નો જેમને વિવેક હોય તેઓમાં પણ જેમણે ચિત્તનો નિરોધ કરેલો હોય તેઓ જ પ્રયત્ન કરવાથી તેને જોવાને યોગ્ય થાય છે.

**યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્ ।**
**યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્ તેજો વિદ્ધિ મામકમ્ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** જે સૈંર્યનું તેજ અખિલ જગત્‌ને પ્રકાશે છે, જે ચન્દ્ર તથા અગ્નિ માં તેજ છે તે તેજ મારું છે એમ જાણ.

**વિવેચન :** એવી રીતે ઇન્દ્રિય અને પદાર્થ ના સન્નિકર્ષના વિરોધી અન્ધકારને દૈંર કરી ઇન્દ્રિયોનો પોતાના પ્રકાશથી અનુગ્રહ કરનાર સૈંર્ય–ચન્દ્ર વિગેરે જ્યોતિઓની પણ જેને અપેક્ષા નથી તેવું સચ્ચિદાનન્દરૂપ મારું ધામ અક્ષર, કાલ, પ્રકૃતિનો અધ્યક્ષ પુરુષ, કેવલ ચિદ્રૈંપ આત્મા તથા જીવ થઈ રહેલો આત્મા એ સર્વ મારી વિભૈંતિ તથા મારા અંશ છે. આવો ઉપદેશ કરી, ભગવાન્ હવે પ્રથમ કહેલા આદિત્ય વિગેરેના પ્રકાશ વિગેરે અચિતના પરિણામો પણ મારી વિભૈંતિ છે એવો અહીંથી ચાર ( ૧૨ – ૧૫ ) શ્લોકથી ઉપદેશ કરે છે. આદિત્યનું તેજ જે આખા જગત્‌ને પ્રકાશે છે તે તથા ચન્દ્ર અને અગ્નિનાં તેજ તે પણ મારાં જ છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૧।૩।૨૩; ૩।૨।૩૪ ઉપરના અણુભાષ્યમાં અને શ્રીભાગવત ૨।૫।૧૧ ઉપરના સુબોધિનોમાં કરેલું છે.

**ગામાવિશ્ય ચ ભૈંતાનિ ધારયામ્યહમોજસા ।**
**પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૈંત્વા રસાત્મકઃ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** બલથી પૃથ્વીમાં પ્રવેશ કરી હું ભૈંતોને ધારણ કરું છું, અને રસરૂપ ચન્દ્ર થઈ સર્વ

ઓષધિઓનું પોષણ કરું છું.

**વિવેચન :** પૃથ્વીમાં જે ધારણશક્તિ છે અને ચન્દ્રમાં જે પોષણ શક્તિ છે તે પણ મારી છે એમ કહે છે.

**અહં વૈશ્વાનરો ભૈંત્વા પ્રાણિનાં દેહમ્ આશ્રિતઃ।**
**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્।।૧૪।।**

**શ્લોકાર્થ :** હું વૈશ્વાનર થઈ, પ્રાણીઓના દેહનો આશ્રય કરી પ્રાણ અને અપાન થી યુક્ત થઈ ચાર પ્રકારના અન્નનું પાચન કરું છું.

**વિવેચન :** વૈશ્વાનરની પાચનશક્તિ પણ મારી છે. તેથી ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને પેય એ ચાર પ્રકારના અન્નનું પાચન કરનાર પણ હું છું.

આ શ્લોકનું અનુસંધાન બ્રહ્મસૈંત્ર ૧।૨।૨૬ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો મત્તઃ સ્મૃતિર્ જ્ઞાનમ્ અપોહનં ચ।**
**વેદૈશ્ચ સર્વૈર્ અહમેવ વેદ્યો વેદાન્તકૃત્ વેદવિદેવ ચાહમ્।।૧૫।।**

**શ્લોકાર્થ :** મેં સર્વના હૃદયમાં પ્રવેશ કરેલો છે, મારાથી જ સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મરણ થાય છે. સર્વ વેદોથી વેદ્ય હું જ છું, તથા વેદાન્તનો કર્તા તેમજ વેદો જાણનાર હું જ છું.

**વિવેચન :** સૈંર્ય, ચન્દ્ર તથા અગ્નિ નો પ્રકાશ, વૈશ્વાનરની પાચક શક્તિ એ સર્વ મારાં છે. અર્થાત્ સૈંર્ય, ચન્દ્ર, અગ્નિ, વૈશ્વાનર એ સર્વ હું છું એમ પાછળ કહ્યું તેનું કારણ અહીં કહે છે. સૈંર્ય, ચન્દ્ર, અગ્નિ વૈશ્વાનર તથા સર્વ પ્રાણીમાત્રના હૃદયમાં મેં પ્રવેશ કરેલો છે. સર્વ પ્રવૃત્તિના કારણરૂપ જ્ઞાનનો જ્યાંથી ઉદય થાય છે, તેવા સર્વના હૃદયમાં સર્વના આત્મા તરીકે પ્રવેશ કરેલો છે. તેથી જ શ્રુતિ પણ ''અન્તઃપ્રવેશ કરેલા જનોના શાસ્તા'' વિગેરે કહે છે. મેં સર્વના હૃદયમાં પ્રવેશ કરેલો હોવાથી સર્વની સ્મૃતિ, જ્ઞાન અને અપોહન એટલે વિસ્મરણ પણ મારાથી જ થાય છે. પૈંર્વે અનુભવ કરેલા વિષયના માત્ર સંસ્કારથી ઉત્પન્ન થતું જ્ઞાન તે 'સ્મૃતિ'. ઈન્દ્રિય, અનુમાન, શાસ્ત્ર અને યોગ થી વસ્તુનો 'આ આવી છે' એવો થતો નિશ્ચય તે 'જ્ઞાન'. સ્મૃતિ તથા જ્ઞાન નું નષ્ટ થવું તે 'અપોહન' અથવા વિસ્મરણ. આ સર્વ મારાથી થાય છે, કારણ કે સર્વના આત્મા તરીકે સર્વ વેદોથી વેદ્ય હું જ છું. વેદમાં અગ્નિ, સોમ, વાયુ, ઈન્દ્ર વિગેરેનું વર્ણન કરેલું છે, પણ તે સર્વનો અન્તર્યામી હું હોવાથી તે સર્વ મારાં રૂપ જ હોવાથી તેઓનું વર્ણન કરનાર વેદ પણ મારું જ ગાન કરે છે.

વેદાન્ત એટલે ઉપનિષદ્માં સર્વનો નિષેધ કરી મારા આત્માનું જ નિરૂપણ કરેલું છે એવી શંકા કરવી નહિ, કારણ કે વેદાન્તમાં સર્વનો નિષેધ કરેલો છે એવી માત્ર જીવની કલ્પના જ છે. સર્વ વેદોના નિર્ણયના સિદ્ધાન્તરૂપ વેદાન્તોને મારા વિના અન્ય કોઈ જાણતો નથી. તેથી જ જીવે કલ્પેલા અધ્યારોપાપવાદનો નિરાશ કરી બ્રહ્મવાદ પ્રમાણે તત્ત્વનો નિશ્ચય કરાવવા મેં કૃષ્ણદ્વૈપાયનરૂપે વેદાન્તસૈંત્ર રચેલાં છે.

વળી જેમ રજ્જુમાં સર્પનો આરોપ થાય અને પછી રજ્જુનું ખરું જ્ઞાન થતાં તે આરોપ દૈંર થાય, તેવી રીતે બ્રહ્મમાં જગત્નો અધ્યારોપ થાય છે ને પછી તે આરોપ દૈંર થાય તેવી રીતે બ્રહ્મમાં જગત્નો અધ્યારોપ થાય છે ને પછી તે આરોપ દૈંર થાય છે, એવું વાદીઓ માને છે. ત્યાં પણ અધ્યારોપ અને તેનું દૈંર થવું એટલે અપોહન જીવે કલ્પેલા છે કે સત્ય છે ?

જીવે કલ્પેલા છે એમ કહે તો શ્રુતિઓનો વિરોધ આવે છે, કારણ કે શ્રુતિઓ જગત્‌ને સત્ય વર્ણવે છે. તે સત્ય છે એમ કહે તો અમને ઈષ્ટ જ છે. ભગવાને અધ્યારોપ અને અપોહન કરેલા છે એમ કહે તો પણ જગત્ અલીક કહી શકાય નહિ. તેથી જગત્ મિથ્યા છે એ માત્ર કલ્પના જ છે એમ નિશ્ચય થાય છે. અધ્યારોપ અને તેનું અપોહન માયાથી થાય છે. એમ કહે, તો બ્રહ્મવાદ પ્રમાણે માયા પણ ભગવાન્‌થી અન્ય તત્ત્વ નથી.

બ્રહ્મવાદ પ્રમાણે ક્ષર, અક્ષર અને અક્ષરાતીત એ ત્રણ સ્વરૂપથી ભગવાન્ રમણ કરે છે. ભગવાન્ સર્વશક્તિમાન છે. તે પોતાની આજ્ઞા પ્રમાણે વર્તનારી પોતે જ પોતાથી પૃથક્ કરેલી પોતાના સદંશરૂપ 'સ્વભાવ' 'કર્મ' વિગેરે નામવાળી પોતાની માયાને રમણમાટે પોતાના ચિદંશરૂપ ક્ષર સાથે યોજે છે, ત્યારે પ્રવાહસૃષ્ટિ થાય છે.

અક્ષર આત્માનું જ્ઞાન તથા તેના સાધનરૂપ શક્તિઓ ઉત્પન્ન કરાવી રમણ કરવામાટે ભગવાને મર્યાદા નિર્મેલી છે. ક્ષર અને અક્ષર થી અતીત પોતાના સ્વરૂપ પ્રપઞ્ચથી રમણ કરવામાટે સર્જેલા પોતાના પ્રતિબિમ્બરૂપ ભક્તો સાથે આત્મારામ ભગવાન્ નિત્ય રમણ કર્યા કરે છે, એ પુષ્ટિ છે. આવો વેદનો ભાવાર્થ વેદાન્ત રચનાર તથા વેદોને જાણનાર હું જ જાણું છું. બીજું કોઈ જાણતું નથી. તેથી સર્વ વેદાન્તોનો સાર તું મારી પાસેથી જાણ.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૬૦।૩૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।**
**ક્ષરઃ સર્વાણિ ભૈતાનિ કૈંટસ્થોઽક્ષર ઉચ્યતે ।।૧૬।।**

**શ્લોકાર્થ :** લોકમાં ક્ષર અને અક્ષર જ આ બે પુરુષો છે. સર્વ પ્રાણીઓ ક્ષર છે. કૈંટસ્થ અક્ષર કહેવાય છે.

**વિવેચન :** લોકમાં ક્ષર અને અક્ષર આ બે પુરુષ છે. આ ઉભય પુરુષ છે તેમાંથી કોઈ સ્ત્રીપ્રકૃતિવાળો અથવા જડ નથી, કારણ કે ઉભયને પુરુષ કહેલા છે. તેથી જેને ઘણે સ્થળે 'અવ્યક્ત' કહેલો છે, તે 'અક્ષર' સ્ત્રીરૂપ પ્રકૃતિ છે એમ કેટલાક વાદીઓ માને છે તેનો નિરાસ થાય છે.

મૈંલમાં 'એવ ચ = અને અક્ષર જ' શબ્દ છે, તેથી ક્ષર પણ અક્ષર જ છે. અર્થાત્ જે ક્ષરપુરુષ છે તે પણ સ્વરૂપથી અક્ષર જ છે. ક્ષર નથી, પરન્તુ તેનું ક્ષરપણું ભગવાન્‌ની ઈચ્છાથી પ્રકૃતિનો તેને સંસર્ગ થવાથી પ્રકૃતિના સંસર્ગરૂપ ઉપાધિથી થએલું છે, વાસ્તવિક નથી એમ સૈંચવેલું છે. આ અર્થ ભગવાન્ પોતે ''સર્વ પ્રાણીઓ ક્ષર છે, અને કૈંટસ્થ અક્ષર કહેવાય છે'' એમ કહે છે. બ્રહ્માથી તૃણ પર્યન્ત સર્વ જુદા-જુદા પ્રાણીઓ જેને જીવ કહે છે અને ભગવાન્‌ના સદંશરૂપ પ્રકૃતિ સાથે સંસૃષ્ટ હોવાથી જે ઉત્પત્તિ વિગેરે ક્રિયાના વિષય કહેવાય છે, તે 'ક્ષર' પુરુષ છે. અહીં અનન્ત પ્રાણીઓ હોવા છતાં સમષ્ટિના આશયથી એક વચન યોજેલું છે. 'કુટ' માં એટલે પ્રાણીઓના સમૈંહમાં રહેનાર કુટસ્થ શુદ્ધ, સચ્ચિદાનન્દરૂપ, ભગવદ્ધામ વિગેરે નામવાળો, ''આત્માનું શ્રવણ કરવું, મનન કરવું, નિદિધ્યાસન કરવું'' વિગેરે ઉપનિષા જ્ઞાનથી જેનો સાક્ષાત્કાર થાય છે, તે અક્ષર પુરુષ કહેવાય છે. આ પ્રાણીઓના સમૈંહમાં અન્તર્યામીરૂપે રહે છે. આ અક્ષર ભગવદ્ધામ હોવાથી ભગવદ્ધામના આશયથી એકવચન યોજેલું છે.

**ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।**

**યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ।।૧૭।।**

**શ્લોકાર્થ :** 'પરમાત્મા' એમ કહેવાતો ઉત્તમ પુરુષ તો અન્ય છે. તે અવ્યય ઈશ્વર ત્રણ લોકમાં પ્રવેશ કરી તેમને ધારણ કરે છે.

**વિવેચન :** સર્વથી ઉત્તમ, સર્વના આશ્રયરૂપ મુખ્ય સ્વરૂપનું હવે નિરૂપણ કરે છે. 'તુ = તો' શબ્દ પ્રથમ વર્ણવેલા ક્ષર તથા અક્ષર થી આનો ભેદ દર્શાવે છે. સર્વ કારણોના કારણરૂપ આ ઉત્તમ પુરુષ પૈર્વે વર્ણવેલા ક્ષર તથા અક્ષર થી ભિન્ન છે. આને 'પરમાત્મા' કહે છે. આ પરમ આત્મા છે. ગંગાપ્રવાહ અને ગંગા અધ્યાત્મ દેવતા જેવો અક્ષર અને પરમાત્મા નો ભેદ છે. અક્ષર ગંગાપ્રવાહ જેવો છે અને આ ઉત્તમ પુરુષ પરમાત્મા ગંગા અધ્યાત્મ દેવતા જેવા છે.

આ શ્રીપુરુષોત્તમ અદ્ભુત ઐશ્વર્યવાળા છે. ત્રણે લોકમાં પ્રવેશ કરી તેમને ધારણ કરે છે. છતાં તેમનામાં વિકૃતિ નથી, તે 'અવ્યય' એટલે વિકાર રહિત છે. વિકાર રહિતથી ત્રણ લોકનું ધારણ કેમ સમ્ભવે ? તે ઈશ્વર છે, કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સમર્થ છે, તેથી અવ્યય રહી ત્રણે લોકમાં પ્રવેશ કરી તેમને ધારણ કરે છે. સર્વ વિરુદ્ધ ધર્મોના આશ્રય છે.

નીચે પ્રમાણે ફલિત થાય છે. પ્રકૃતિનાં કાર્યો સર્વથી હલકાં છે. તેઓની સાથે સમ્બન્ધ રાખનાર તેઓ સાથે સંસૃષ્ટ થએલો આત્મા ક્ષર છે. તેઓના સમ્બન્ધ રહિત ઉત્કૃષ્ટ આત્મા અક્ષર છે. સર્વથી ઉત્તમ શ્રીપુરુષોત્તમ છે. પુરાણો પણ આવો જ ઉપદેશ કરે છે. ક્ષર બદ્ધ પુરુષ છે, અક્ષર બદ્ધ નથી, સ્વરૂપથી ક્ષર પણ અક્ષર જ છે. શ્રીમદ્ભાગવત પણ કહે છે કે ''મારી બદ્ધ અને મુકત એવી વ્યાખ્યા ગુણથી છે વાસ્તવિક નથી'' આનો અર્થ એવો છે કે ક્ષરરૂપથી આત્માને બદ્ધ કહે છે, અક્ષરરૂપથી મુક્ત કહે છે. આ 'બદ્ધ' એવી વ્યાખ્યા સત્ત્વ, રજઃ અને તમઃ ગુણોને લીધે છે. તેથી બદ્ધ એ વ્યાખ્યા વાસ્તવિક (તત્ત્વ-બ્રહ્મના સ્વરૂપના વિચારથી) નથી.

**યસ્માત્ ક્ષરમ્ અતીતોઽહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ ।**
**અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ।।૧૮।।**

**શ્લોકાર્થ :** હું ક્ષરથી અતીત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું તેથી લોકમાં તથા વેદમાં 'પુરુષોત્તમ' એમ પ્રસિદ્ધ છું.

**વિવેચન :** એવું પુરુષોત્તમપણું મારામાં જ છે એમ પોતે કહે છે. હું ક્ષરથી અતીત છું. અક્ષરથી પણ ઉત્તમ છું. તેથી લોક તથા વેદો માં 'પુરુષોત્તમ' તરીકે પ્રસિદ્ધ છું. ક્ષર અને અક્ષર એ ઉભય પુરુષોથી ઉત્તમ શ્રુતિઓ મારું પુરુષોત્તમત્વ દર્શાવે છે. ચૌદલોકમાં સર્વત્ર મારું માહાત્મ્ય જોવામાં આવતું હોવાથી લોકમાં પણ પુરુષોત્તમત્વ પ્રસિદ્ધ જ છે. તેથી હું જે દેખાઉં છું તે જ સચ્ચિદાનન્દ આકૃતિવાળો છું. સાધારણ મનુષ્ય તરીકે જે મારું દર્શન થાય તે માયાથી જ થાય છે. એવો નિશ્ચય છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧।૧૦।૨૦; ૧૦।૩।૯ તથા ૧૦।૨૯।૩૧ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**યો મામ્ એવમ્ અસમ્મૌઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।**
**સ સર્વવિદ્ ભજતિ માં સર્વભાવેન ભારત ! ।।૧૯।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! જે મોહરહિત પુરુષ મને એવી રીત પુરુષોત્તમ જાણે છે તે સર્વજ્ઞ મારું

સર્વ ભાવથી ભજન કરે છે.

**વિવેચન:** હું એવો સર્વથી ઉત્તમ શ્રીપુરુષોત્તમ હોવાથી ઉત્તમ જ્ઞાનવાળો સર્વજ્ઞ મારું અનન્યતાથી ભજન કરે છે એમ કહે છે. જે મોહથી રહિત પુરુષ મને એવી રીતે અજ, અનાદિ પુરુષોત્તમ જાણે છે, તે સર્વજ્ઞ મારું સર્વ ભાવથી ભજન કરે છે, મોહથી રહિત હોય તેને જ મારા પુરુષોત્તમત્વનું જ્ઞાન હોય છે, કારણ કે મોહ આસુર છે અને આસુરોને તેવું જ્ઞાન હોતું નથી. જે મોહરહિત પુરુષ મને અજ અનાદિ પુરુષોત્તમ જાણે છે તે સર્વજ્ઞ છે, કારણ કે મારા એકના જ્ઞાનથી તેને સર્વનું જ્ઞાન થાય છે. વળી તે સર્વાત્મભાવથી મારી સેવા કરે છે.

**ઇતિ ગુહ્યતમં શાસ્ત્રમ્ ઇદમ્ ઉક્તં મયાઽનઘ !।**
**એતદ્ બુદ્ધ્વા બુદ્ધિમાન્ સ્યાત્ કૃતકૃત્યશ્ચ ભારત !।।૨૦।।**

**શ્લોકાર્થ:** હે અનઘ! આવી રીતે આ ગુહ્યતમ શાસ્ત્ર મેં કહ્યું. હે ભારત! આ જાણીને બુદ્ધિમાન અને કૃતકૃત્ય થાય.

**વિવેચન:** હવે આ અધ્યાયના અર્થનો ઉપસંહાર કરે છે, હે અનઘ પાપરહિત, કુતર્કહીન અર્જુન! આ સર્વવેદાન્તના સારરૂપ સર્વથી ગુહ્ય 'પુરુષોત્તમયોગ' નામનું શાસ્ત્ર સર્વ વેદાન્તોથી વેદ્ય વેદાન્તકર્તા શ્રીપુરુષોત્તમે મેં તને કહ્યું, કારણ કે તું નિષ્પાપ હોવાથી આ ગુહ્યતમ શાસ્ત્ર જાણવા યોગ્ય છે. આ જાણીને હરકોઈ સામાન્ય માણસ પણ બુદ્ધિમાન, શાસ્ત્રતાત્પર્ય જાણનાર અને કૃતકૃત્ય થાય, તો ભરતકુલોત્પન્ન તું તેવો થાય એમાં આશ્ચર્ય જ શું ?

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'પુરુષોત્તમયોગો' નામ**
**પઞ્ચદશોઽધ્યાયઃ ।।૧૫।।**

# ।। અધ્યાય ૧૬ ।।
# દૈવાસુરસમ્પદ્વિભાગયોગ

**શ્રીભગવાન્ ઉવાચ**

**અભયં સત્ત્વ-સંશુદ્ધિર્ જ્ઞાનયોગ વ્યવસ્થિતિઃ।**
**દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્ તપ આર્જવમ્ ।।૧।।**
**અહિંસા સત્યમક્રોધઃ ત્યાગઃ શાન્તિર્ અપૈશુનમ્ ।**
**દયા ભૈંતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્ ।।૨।।**
**તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમ્ અદ્રોહો નાતિમાનિતા।**
**ભવન્તિ સંપદં દૈવીમ્ અભિજાતસ્ય ભારત ।।૩।।**

**શ્લોકાર્થ:** હે ભારત! ૧.અભય ૨.અન્તઃકરણની શુદ્ધિ ૩.જ્ઞાન તથા યોગ માં સ્થિતિ ૪.દાન ૫.દમ ૬.યજ્ઞ ૭.સ્વાધ્યાય ૮.તપઃ ૯.ઋજુતા ૧૦.અહિંસા ૧૧.સત્ય ૧૨.અક્રોધ ૧૩.ત્યાગ ૧૪.શાન્તિ ૧૫.'અપૈશુન્' એટલે કોઈની ચાડી ન કરવી તે ૧૬.પ્રાણીઓ પ્રતિ દયા ૧૭.'અલોલુપ્ત્વ' એટલે ભોગની ઈચ્છાથી મનનું ચાઞ્ચલ્ય ન કરવું તે. ૧૮.મૃદુતા ૧૯.લજ્જા ૨૦.ચપળતાનો અભાવ ૨૧.તેજઃ ૨૨.ક્ષમા ૨૩.ધૃતિ ૨૪.પવિત્રતા ૨૫.અદ્રોહ ૨૬.માનિત્વનો અભાવ—એ દૈવી સમ્પદ્માં જન્મેલાને હોય છે.

વિવેચન: ગયા અધ્યાયના અન્તમાં શ્રીપુરુષોત્તમની સર્વાત્મભાવથી સેવા કરનાર તથા શ્રીપુરુષોત્તમના જ્ઞાનવાળો બુદ્ધિમાન તથા કૃતકૃત્ય થાય છે એમ કહ્યું. સૃષ્ટિમાં બહુ લોકો બુદ્ધિવાળા દેખાય છે છતાં તેઓ આવા ઉત્તમ જ્ઞાન માટે યત્ન કેમ કરતા નહિ હોય એવી શંકા થાય, તે માટે 'મોહરહિત' શબ્દ પણ ગયા અધ્યાયના ૧૯ મા શ્લોકમાં યોજેલો છે. જે મોહરહિત હોય અર્થાત્ જે આસુરી જીવો ન હોય પરન્તુ દૈવી જીવો હોય તેઓને જ તેવું જ્ઞાન થઈ શકે છે. દૈવી સમ્પદ્ તથા આસુરી સમ્પદ્ કોને કહેવી, તેઓના શું કાર્ય વિગેરેનો આ અધ્યાયમાં બોધ કરે છે.

પ્રથમ ત્રણ શ્લોકથી દૈવી સમ્પદ્નો બોધ કરે છે. અભયથી આરમ્ભી ૨૬ ગુણો કહ્યા તે દૈવી સમ્પદ્માં જેઓનો જન્મ હોય તેઓમાં હોય છે. 'દૈવી' એટલે દેવના સમ્બન્ધવાળી. ભગવાન્ના વચન પ્રમાણે આચરણ કરવાની ટેવવાળા હોય તે દેવ. આવા દેવોની સમ્પદ્ એટલે દેવોના ભગવત્પ્રાપ્તિના સાધનરૂપ સામગ્રી, અથવા દેવોની સૃષ્ટિ. આ સૃષ્ટિ ભગવાન્ના વચનરૂપ ધર્મ પ્રમાણે આચરણ કરનારી જ હોય છે. આ સૃષ્ટિમાં જેઓ જન્મેલો હોય છે તેઓ 'દૈવીજીવ' કહેવાય છે, તેઓમાં આ છવ્વીસ ગુણો હોય છે.

**વિશેષ:**

૧ : અભયનો ભાવ અદ્વૈતભાવના તૈયાર થયે બને છે. જગત્માં ભગવાન્ સિવાય અન્ય પદાર્થ હોતો નથી. આવી ભાવના તૈયાર થતાં જ અભય વ્યવસ્થિતરૂપે અન્તર્ભાવમાં ઉદ્ભવે છે. આ ભાવ ભગવદ્રસ પ્રાપ્ત કરવામાં અતિ ઉપયોગી છે. એ કારણે અભયને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે.

૨ : અન્તઃકરણમાં વાસનાઓ રહે છે. વાસનાઓથી મલિનતા પ્રાપ્ત થાય છે. મલિનતા દૈંર કરવા બુદ્ધિયોગના સ્થિર અભ્યાસની જરૂર છે.

૩ : સાંખ્ય–યોગમાં બતાવેલી પ્રક્રિયા મુજબ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી લઈ ચિત્તમાં ભગવદ્ધ્યાન સુદૃઢ કરવા અભ્યાસ રાખવો જરૂરનો છે. આ સ્થિતિને નિભાવવામાટે ભગવદ્ મહાત્મ્યનું નિત્ય ચિન્તન જરૂરનું છે.

૪ : દાન સાત્ત્વિકભાવે હોવું જોઈએ. મમતા ત્યાગ કરવાનો માર્ગ દાનદ્વારા બની રહેતો હોવાથી ત્યાગ ભાવનાથી મમતાને ઓછી કરવાની સૈંચના છે.

૫ : ઈન્દ્રિયોનો સામાન્ય સ્વભાવ બહાર ભટકવાનો હોય છે. ઈન્દ્રિયો અયોગ્ય રસ ચાખવામાં આનન્દ માને છે. જીવનો ધર્મ ભગવદ્ધર્માભિમુખ થવાનો છે. તેમાંથી ઈન્દ્રિયો જીવને વિમુખ બનાવે છે. તેથી ઈન્દ્રિયોના દમનની જરૂર છે. ૪ કરતાં ૫ સિદ્ધ કરવામાં ખાસ કાળજી રાખવી.

૬ : યજ્ઞ અનેક પ્રકારના છે. કર્મકાણ્ડના નિયમે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. કલિયુગમાં એ પ્રકારની વ્યવસ્થા સચવાય નહિ તે સ્વાભાવિક છે. યજ્ઞમાં ‘યજ્’ ધાતુ છે. ‘યજ્’નો અર્થ સેવા થાય છે. ભગવત્સ્વરૂપ સેવા યજ્ઞ તરીકે ઓળખાય છે.

૭ : શ્રુતિ ( વેદ ) અને સ્મૃતિ ( શાસ્ત્ર ) નું ભાવપૈંર્વક અધ્યયન કરી ભગવદ્ ગુણગાનમાં પ્રવૃત્ત થવું. આ પ્રવૃત્તિ રહેતાં ચિત્ત ભગવન્મય બને છે.

૮ : કષ્ટ સહન કરવાને ‘તપ’ કહી શકાય. સ્વધર્મ પાલનમાં કષ્ટ સહન કરવાની ખાસ જરૂર છે. એ દ્વારા સહિષ્ણુતા અને ધૈર્ય કેળવાય છે. દેહ, પ્રાણ, ઈન્દ્રિયો અને મન નો નિરોધ થાય છે. દેહ પરની આસક્તિ ઓછી થાય છે. આટલા અને આવા એના ગુણો હોવાથી તપનું પ્રાધાન્ય લેવામાં આવ્યું છે.

૯ : આર્જવ એટલે સરલભાવ. નિખાલસતા સરલભાવથી આવે છે. એકબીજાના વ્યવહારમાં નિખાલસતા હોય નહિ તો કોઈ કોઈને કલેશ સહન કરવો પડે છે. શુદ્ધ ભાવ પ્રગટ કરવામાં સરલતાની ખાસ જરૂર છે. સરલતા ભગવદ્ભાવ ઉભો કરવામાં મદદગાર થાય છે. કોમલભાવો જ્યાં સુધી પ્રાપ્ત થતા નથી ત્યાં સુધી ચિત્તમાં વિષમતા રહે છે. વિષમતા દરેક જગાએ બાધક નીવડે છે.

૧૦ : હિંસા ન કરવી. આ ધર્મ ઉચ્ચ ભાવનાશીલ ખરો. આ ભાવના તૈયાર થતાં પ્રથમ અન્દરની વૃત્તિઓ નિયમબદ્ધ થવી જોઈએ. યમ અને દમ ના સાધનોવડે વૃત્તિઓને અંકુશમાં રાખી અન્ય જીવોને પોતાના સરખા માની લે ત્યારે હિંસામાં પ્રવૃત્તિ થતી નથી.

૧૧ : સત્ય બોલવું. સત્ય બોલવું એટલે યથાર્થ બોલવું.

૧૨ : અક્રોધ – આ લક્ષણ વિલક્ષણભાવસૈંચક છે. સ્વભાવથી અયોગ્યતા, અપકારિતા ઈત્યાદિ જણાય ત્યારે ક્રોધ થાય છે. જો સામો પક્ષ સબળ જણાય તો ક્રોધ દબાય છે. તેથી ત્યાં અક્રોધ હતો એમ કહેવાય નહીં. અક્રોધની ભાવના તૈયાર થતાં પહેલાં અન્તઃકરણમાં નિર્દુષ્ટ ભાવના તૈયાર થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. નિર્દુષ્ટ ભાવના ચિત્તની સમસ્થિતિ વિના બનતી નથી. સમસ્થિતિ થવામાં યમ અને દમ ની જરૂર છે તેમજ સાત્ત્વિક જ્ઞાનથી અન્તઃકરણને સ્વચ્છ અને પ્રેમાળ બનાવવાની જરૂર છે. આટલું જો તૈયાર

થાય તો જ અક્રોધ સ્વાભાવિક રીતે તે જીવ સાથે રહેશે. આ અક્રોધ એને શાન્તિના ભાવમાં લઈ જઈ જ્ઞાનની પરિપાટીમાં સહાયક થશે.

૧૩ : ત્યાગના બે પ્રકાર છે : ૧. સાંખ્ય સિદ્ધાન્તે સર્વત્યાગ ૨. યોગસિદ્ધાન્તે કર્મફલત્યાગ. સાંખ્ય સિદ્ધાન્તનો ત્યાગ સામાન્ય રીતે આધુનિક કાલમાં બની શક્તો નથી. એ હેતુથી યોગના સિદ્ધાન્તનો ત્યાગ વ્યવહારમાં નભી શકે ખરો. તાત્પર્ય કે મનથી ત્યાગ કરો અને કર્મમાંથી મમતા છોડો. નિષ્કામ કર્મ કરો, માત્ર બ્રહ્માર્પણ કરો અથવા ભગવત્પ્રીત્યર્થ કરો. એટલે કર્તાપણાનું અભિમાન છોડી દઈ ત્યાગભાવ પ્રકટ કરો.

૧૪. શાન્તિ. શાન્તિ નામનો શબ્દ સામાન્ય રીતે ચિત્તના ધર્મોમાટે વપરાય છે. ચિત્તના ભાવો ચઞ્ચળ હોય છે. ચઞ્ચળતા સર્વ પ્રકારના વિક્ષેપને ઉભા કરે છે. ચિત્તનો વિક્ષેપ વિષયને – ભગવત્સ્વરૂપને સમજાવી શક્તો નથી. ચિત્તને ચૈતન્ય સાથે અતિ નિકટ પ્રસંગ છે એટલે ચિત્ત જો સ્વસ્થ હોય તો જીવ ભગવદ્ભાવ સિદ્ધ કરી શકે.

૧૫ : અપૈશુન – વાસનામય વૃત્તિઓ અન્તઃકરણમાં નિવાસ કરીને રહે છે. આ વૃત્તિઓમાં જીવનો ભાવ પરકીય દોષ જોવા, દ્વેષ કરવો, નિન્દા કરવી, સહનશક્તિ ન કેળવવી અને સામાન્યતઃ અણગમો રહે એ હોય છે. આ બધા દોષોને પિશુનતા કહે છે. 'પિશુનતા' એટલે દુષ્ટભાવ. આ દુષ્ટભાવો દૈર કરવામાં યોગ્ય ભાવ કેળવી તે પ્રકારની વૃત્તિ બનાવવી તેને અપૈશુન કહે છે.

૧૬ : ભૈંતદયા. સર્વ પ્રાણીઓ તરફ દયાવૃત્તિ રાખવી. આ પ્રકારનો ગુણ, મનોભાવ ચિત્તને ભાવનામય બનાવવા સહાયક થાય છે. આ પ્રકારની વૃત્તિ જો ચાલુને ચાલુ રહે તો કેટલાએક ભગવદ્ભાવો પ્રગટ થાય છે. એ ભાવો ઉપકારક પણ બને છે. આ દયા હેતુરહિત હોવી જોઈએ. એટલે કે માત્ર પોતાને લાભ આપનાર જીવ પર જ દયા એવું નહિ પણ સર્વત્ર દયા.

૧૭ : અલોલુપતા. મન હંમેશાં લોલુપ હોય છે. તાત્પર્ય કે કોઈ ને કોઈ પદાર્થ પર એની આસક્તિ રહેવાની જ રહેવાની. આ આસક્તિ જીવનને બાધકરૂપ છે. આસક્તિ સંસારમાં ઘસડી જાય છે અને વાસનાઓ ઉભી કરે છે. તેથી ઈન્દ્રિયોના વિષયોમાં યોગ્ય કાબુ રાખવો જોઈએ. મન જ્યાં – જ્યાં જશે ત્યાં – ત્યાં ઈન્દ્રિયો પોતાનું કાર્ય કરશે. તેથી અલોલુપતા રાખવાથી ઈન્દ્રિયોના યોગ્ય કાર્યો થાય છે અને એ કાર્યો પરમાર્થના કામમાં મદદ કરે છે.

૧૮ : માર્દવ. કઠોરભાવના પોતાને તેમજ બીજાને અગવડતામાં લઈ જાય છે. ભગવદ્કાર્યમાં કઠોરતા હોવી જોઈએ નહિં. એટલે મૃદુતા હૃદયની કેળવવી. કોમળતાથી હૃદય સાત્ત્વિક બને છે. અને ભગવદ્ વિષયો સમજવા સુગમ પડે છે.

૧૯ : હ્રી – લજ્જા. આ એક ભાવ છે. આ ભાવ પ્રગટ કરવાની ખાસ જરૂર છે. લોક અને શાસ્ત્ર વિરુદ્ધ આચરણ ન કરવામાં લજ્જા સમાય છે. જેનામાં લજ્જા હશે તેનું વર્તન શુદ્ધ અને સરળ બનશે. નિર્લજ્જ માનવીને લોકનિન્દા અને દેવની અવકૃપા પ્રાપ્ત થાય છે.

૨૦ : અચાપલમ્. કેટલાક જીવોમાં ખોટી ચપળતાનો દોષ હોય છે. આ ચપળતાના અંગે ચિત્ત સદા વ્યગ્ર રહે છે. એકાગ્રતા વિના કોઈ જાતનો લાભ થતો નથી. જીવનની શરૂઆતથી માંડી ને અન્તપર્યન્ત એકાગ્રતા કેળવાય તો બધાં કાર્યો સફળ થાય. ચપળતાથી તો માત્ર

વ્યર્થ ચેષ્ટા જ થાય. પરિણામે કાંઈ પણ હાંસલ ન થાય.

૨૧ : તેજ. આ એક તત્ત્વ શક્તિ છે. ભગવાન્‌માંથી એનો પ્રાદુર્ભાવ થાય છે. આ શક્તિદ્વારા ભગવદ્‌વિષયને યથાર્થ સમજી શકાય છે. પ્રત્યેક ઈન્દ્રિયમાં આ તેજનું સ્ફુરણ છે એટલું જ નહિ પણ તે જ દેહમાં વિકાસ પામે છે. આ તેજ કોઈક જ જીવને પ્રાપ્ત થાય છે.

નં. ૨૨ : ક્ષમા. ક્ષમાવાન જીવમાં જ દયા હોઈ શકે. એની દયા વિરોધભાસ ઉભો કરે એવી ન હોવાથી એનો કોઈ વિરોધ કરતું નથી. તાત્પર્ય કે એનો કોઈ શત્રુ થાય નહિ. શત્રુભાવ ન હોય તેવા જીવમાં ભગવદ્‌ભાવ પ્રકટ થાય છે. અનન્યભાવદ્વારા આ ગુણ ઉભો થાય છે. અદ્વૈત ભાવના સિદ્ધ કરવામાં આ ગુણ મદદ કરે છે.

૨૩ : ધૃતિ. ધૃતિને ધૈર્ય નામથી ઓળખવામાં આવે છે. જેને ભય હોય તેનામાં ધૈર્ય બનવું સમ્ભવિત નથી. જ્યાં સુધી દેહ પર આસક્તિ હોય છે ત્યાં સુધી ભય હોય છે. દેહની આસક્તિ ઓછી થતાં – થતાં ધૈર્ય વધે છે. સહિષ્ણુતાનો ધર્મ પ્રગટ થાય છે. સહિષ્ણુતા આવતાં સંકટોને સહન કરે છે. સંકટો આત્મોન્નતિમાં જતાં અટકાવે છે. આત્મોન્નતિનો માર્ગ ધૈર્યદ્વારા ચોક્ખો થાય છે અને આ રીતે ભગવદ્‌ભાવ સિદ્ધ કરવા ધૈર્ય મદદરૂપ થાય છે.

૨૪ : શૌચ. શૌચ બે પ્રકારના છે. બહાર અને અંદર. એટલે શરીરશુદ્ધિ અને મનશુદ્ધિ. શૌચ એટલે પવિત્રતા, સ્વચ્છતા. તે અન્દર અને બહારથી હોવી જોઈએ. મન અને શરીર સાધનરૂપ છે. જીવની ઉત્કર્ષ ભાવનામાં આ બન્ને ઉપયોગી છે. આ બન્નેની શુદ્ધિદ્વારા જીવની ભાવનાઓ પવિત્ર બને છે. પવિત્ર ભાવનાદ્વારા વ્યવહાર પવિત્ર થાય છે. કોઈ પણ અન્યની સાથે દુષ્ટ વ્યવહાર બનતો નથી.

૨૫ : અપકાર કરવો એને દ્રોહ કહી શકાય.

૨૬ : નાતિમાનિતા. કેટલાએક જીવોનો સ્વાભાવિક મનોરથ બીજાની પાસેથી પોતાને માન મળવું જોઈએ તેના કરતાં વધુ માન મેળવવાનો હોય છે. આવા મનોરથને અતિમાનિતા કહેવામાં આવે છે. આ એક દોષ છે. જેનામાં આ દોષ હોય તેના તરફ લોકભાવ ઓછો થતો જાય છે. એટલે ત્યાં ભગવદ્‌ભાવ આવતો નથી. એ કારણે અતિમાનિતા ત્યજવી જરૂરની છે.

આ પ્રકારનાં ૨૬ લક્ષણો દૈવી સમ્પત્તિનાં બતાવ્યા છે. દૈવી સમ્પત્તિવાળો અર્જુન છે એવું સૈંચન આ શ્લોક કરે છે. આ ૨૬માંથી જેટલા ગુણો પ્રાપ્ત કરી શકાય તેટલાનો વિકાસ જીવે કરવો જરૂરી છે.

**દમ્ભો દર્પોऽભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ ।**
**અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ ! સમ્પદમ્ આસુરીમ્ ।।૪।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! દમ્ભ, દર્પ, અભિમાન, ક્રોધ તથા પારુષ્ય અને અજ્ઞાન એ આસુરી સમ્પદ્‌માં જન્મેલાને હોય છે.

**વિવેચન :** ૧. દમ્ભ એટલે અન્દરથી ધર્મ ન હોય તો પણ બહાર ધર્મનો ડોળ કરવો તે. ૨. દર્પ ૩. અભિમાન ૪. ક્રોધ તથા ૫. 'પારુષ્ય' એટલે કઠોરતા અને ૬. અજ્ઞાન એ આસુરી સમ્પદ્‌માં જન્મેલાને હોય છે. મૈંળમાં 'ચ' વારંવાર આવે છે, તેથી દૈવી સમ્પદ્‌ના જે ૨૬ ગુણો કહ્યા

તેઓથી વિરૂદ્ધ દુર્ગુણો પણ આ આસુરી જીવોમાં હોય છે એમ સૈંચવેલું છે. ભગવાન્‌ના વચનમાં માયાનો બોધ છે એમ કહેનાર અને ભગવાન્‌ના વચન પ્રમાણે આચરણ નહિ કરવાના સ્વભાવવાળા આસુર જીવો છે.

**વિશેષ :** આ શ્લોકોમાં આસુરી સમ્પત્તિ બતાવે છે. ગયા ત્રણ શ્લોકોમાં બતાવેલા દૈવી સમ્પત્તિના ભાવોથી વિરુદ્ધ જતા ભાવો આસુરી છે. ઉપરાંત બીજા છ છે. તે અહીં બતાવવા આવે છે. ૧. દમ્ભ ૨. દર્પ ૩. અભિમાન ૪. ક્રોધ ૫. પરુષતા ૬. અજ્ઞાન.

૧. દમ્ભ. દમ્ભમાં પાખણ્ડધર્મ આવે છે. પાખણ્ડ હોવાથી પાપનો એ ખણ્ડ (ભાગ) છે. તાત્પર્ય કે જેના હૃદયમાં પાપની ભાવના છે, એ પાખણ્ડ માર્ગમાં જ પ્રવર્તે છે અને તે દ્વારા બીજાને ઠગવા તજવીજ કરે છે.

૨. દર્પ. દર્પને ગર્વ નામથી ઓળખી શકાય. એમાં મદ તથા અન્યનું અનિષ્ટ કરવાની ભાવના રહે છે.

૩. અભિમાન. આ એક ભાવદોષ. આ ભાવદોષમાં જીવ પોતાની બધી વૃત્તિઓને મનમાં રાખવા તજવીજ કરે છે. યોગ્યતા અને અયોગ્યતા બન્ને તરફ એની કાળજી હોતી નથી. અભિમાની જીવ અન્ય ઉપર દોષ મૈંકી પોતે નિર્દોષ હોય એવો દેખાવ કરે છે. આ રીતે પોતાને તેમ જ અન્યને હાનિ ઉપજાવે છે.

૪. ક્રોધ. ક્રોધ મનોભાવ છે. આ મનોભાવ જેના પર દ્વેષ કરવામાં આવે તેના પર શસ્ત્રની માફક યોજવામાં આવે છે. એટલે જેના પર દ્વેષ હોય છે તેનું કોઈ ને કોઈ રીતે નુકશાન કરવું એવી પ્રવૃત્તિ ક્રોધમાં રહે છે. વિષમભાવ પ્રકટ કરવામાં દ્વેષ એ મુખ્ય પદાર્થ છે અને સહકારી ક્રોધ ઉભો થતાં જીવની પરિદશા ભ્રષ્ટ કરે છે. એ ભ્રષ્ટતા એટલે સુધી વધી જાય છે કે એનો કોઈ મિત્ર જ થતો નથી. એટલે યોગ્ય સલાહ ન મળવાથી એ (ક્રોધ) પદચ્યુત થાય છે.

૫. પરુષતા. આ વાણીનો વ્યાપાર છે. જે વાણી વાપરનાર છે તેણે જોવું જોઈએ કે જેના તરફ વાણી ઉચ્ચારાય તે જીવ પણ મારી સાથે – સાથે એક જ બ્રહ્મની સાથે સમ્બન્ધ કરનાર છે. એટલે બન્ને જીવભાવે સરખા છે. કઠોર વાણીનો ઉપયોગ કરી સામાના મનને દુભાવવું અને તેને હીનતાની નજરે જોવું, એ પ્રકારની સમ્પત્તિ એ આસુરી સમ્પત્તિ છે.

૬. અજ્ઞાન. ઉપર બતાવેલી પાંચ આસુરી સમ્પત્તિ છે. એ બધીનું મૈળ અજ્ઞાન છે. જ્યાં સુધી માણસની પાસે યોગ્ય, શુદ્ધ નિષ્કલંક, પ્રકાશમય ભાવો ઉત્પન્ન કરે એવું જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રાપ્ત કરેલું આસપાસનું વ્યાવહારિક જ્ઞાન, લૌકિક જ્ઞાન અથવા વૈદિક જ્ઞાન અજ્ઞાન જ છે.

**દૈવી સમ્પદ્ વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા।**
**મા શુચઃ સમ્પદં દૈવીમ્ અભિજાતોઽસિ પાંડવ!॥૫॥**

**શ્લોકાર્થ :** દૈવી સમ્પદ્ મોક્ષમાટે અને આસુરી બંધ માટે મનાએલી છે. હે પાંડવ! તું શોક કર મા. તું દૈવી સમ્પદ્‌માં જન્મેલો છે.

**વિવેચન :** ઉભય સમ્પદ્‌નાં કાર્ય કહે છે. દૈવી સમ્પદ્‌નું કાર્ય મોક્ષ છે. દૈવી સમ્પદ્ પુષ્ટિ અને મર્યાદા એ બે માર્ગથી મોક્ષ અપાવે છે. આસુરી સમ્પદ્‌નું કાર્ય બંધ છે, આસુરી

સમ્પદ્‌વાળાઓનો સર્વથા બંધ જ હોય છે. હે પાણ્ડુ પુત્ર અર્જુન ! તું શોક કર મા, કારણ કે તું દૈવી સમ્પદ્‌માં જન્મેલો છે. અર્જુનને પોતે કઈ સમ્પદ્‌માં જન્મેલો છે તે નહિ જાણવાથી શોક કરતો જોઈ ભગવાન્ તેને તે દૈવી સમ્પદ્‌માં જન્મેલો છે એમ કહી આશ્વાસન કરે છે.

**દ્વૌ ભૈંતસર્ગૌ લોકેઽસ્મિન્ દૈવ આસુર એવ ચ।**
**દૈવો વિસ્તરશઃ પ્રોક્ત આસુરં પાર્થ ! મે શૃણુ ।।૬।।**

**શ્લોકાર્થ :** આ લોકમાં દૈવ અને આસુર એ બે જ ભૈંતોની સૃષ્ટિ છે. હે પાર્થ ! દૈવી સૃષ્ટિ વિસ્તારથી કહી, હવે મારી પાસેથી આસુર સૃષ્ટિનું શ્રવણ કર.

**વિવેચન :** આ લોકમાં દૈવી અને આસુરી એવી બે પ્રકારની ભૈંતોની સૃષ્ટિ છે, તેમાં દૈવી સૃષ્ટિ મેં તને વિસ્તારથી કહી, હવે આસુરીનું શ્રવણ કર. દૈવી સૃષ્ટિના પણ બે પ્રકાર છેઃ ૧. મર્યાદા અને ૨. પુષ્ટિ. આસુરી સૃષ્ટિ એ પ્રવાહ સૃષ્ટિ છે. આ રીતે પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા એ સૃષ્ટિનના પ્રકાર છે. (ભક્તિમાર્ગસ્ય કથનાત્પુષ્ટિસ્તીતિ નિશ્ચયઃ, દ્વૌ ભૈંતસર્ગાવિત્યુક્તેઃ પ્રવાહોઽપિ વ્યવસ્થિતઃ, વેદસ્ય વિદ્યમાનત્વાન્મર્યાદાપિ વ્યવસ્થિતા——પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ. ૨।૩.)

આ શ્લોકનું અનુસન્ધાન ભાગવત ૩।૩।૨૦ પરના સુબોધિનીમાં કરેલું છે.

**પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ।**
**ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે ।।૭।।**

**શ્લોકાર્થ :** આસુરી જનો પ્રવૃત્તિ તથા નિવૃત્તિ ને જાણતા નથી. તેઓમાં શૌચ, આચાર તથા સત્ય હોતાં નથી.

**વિવેચન :** આસુરી સૃષ્ટિ સાથે સર્વ સમ્બન્ધનો ત્યાગ થઈ શકે તે માટે અહીંથી ૧૨ શ્લોકથી (૭-૧૮) આસુરી સૃષ્ટિનું વિસ્તારથી નિરૂપણ કરે છે. વેદમાં કહેલા પ્રવૃત્તિમાર્ગને તેમજ નિવૃત્તિમાર્ગને આસુરીજનો જાણતા નથી. વેદમાં કહેલા પ્રવૃત્તિમાર્ગમાં તેમજ નિવૃત્તિમાર્ગમાં પણ તેઓની રુચિ હોતી નથી. વેદમાં કહેલા કર્મમાં અગર શાસ્ત્રોમાં તેઓની પ્રતીતિ હોતી નથી, કારણ કે તેઓમાં પવિત્રતા, આચાર તેમજ સત્ય હોતાં નથી. માનસિક પવિત્રતા, કાયિક સદાચાર તેમનામાં હોતાં નથી તેમ જ તેઓની વાણીમાં પણ સત્ય હોતું નથી. આવી રીતે માનસિક, કાયિક તેમ જ વાચિક દોષો તેઓમાં હોય છે.

**અસત્યમ્ અપ્રતિષ્ઠં તે જગદાહુર્ અનીશ્વરમ્।**
**અપરસ્પરસમ્ભૈંતં કિમન્યત્ કામહૈતુકમ્ ।।૮।।**

**શ્લોકાર્થ :** તેઓ જગત્‌ને અસત્ય, અપ્રતિષ્ઠિત, અનીશ્વર, પ્રકૃતિ-પુરુષના સંયોગથી ઉત્પન્ન થએલું અને કામ જેનો હેતુ છે તેવું કહે છે. અને બીજું (કારણ) શું (છે એમ પૈંછે છે)

**વિવેચન :** ''હે સૌમ્ય ! આ પૈંર્વે સત્ જ હતું'' વિગેરે શ્રુતિ પ્રમાણો જગત્‌ને સત્ય કહે છે તો પણ આસુરી જીવો જગત્‌ને અસત્ય કહે છે. વળી તેને માયાથી અથવા પોતાના અજ્ઞાનથી કલ્પેલું માને છે. જગત્ અસત્ય હોય તો જગત્‌માં રહેલા વેદ, વેદમાં કહેલા સાધનો વિગેરે સર્વ અસત્ય થવાથી વ્યર્થ જ થાય; કારણ કે શશશૃંગ જેવા અસત્ય અર્થાત્ વસ્તુતઃ જેનું અસ્તિત્વ નથી તેવા પદાર્થથી કોઈ પણ પ્રકારનો વ્યવહાર થઈ શકે નહિ. વળી તેઓ જગત્‌ને અપ્રતિષ્ઠ એટલે જેની બ્રહ્મમાં પ્રતિષ્ઠા નથી એવું તથા અનીશ્વર એટલે સત્ય સંકલ્પ સર્વવ્યાપક

શ્રીપુરુષોત્તમ જેવા નિયન્તા વિનાનું કહે છે. મેં પાછળ કહ્યું છે કે ''હું સર્વનું ઉત્પત્તિસ્થાન છું, મારામાંથી સર્વ પ્રવર્તે છે'', પરન્તુ આસુરી જીવો તેથી વિરુદ્ધ જગત્‌ને અસત્ય, અપ્રતિષ્ઠ અને અનીશ્વર માને છે. વળી પ્રકૃતિરૂપ સ્ત્રી તથા ચિત્-પુરુષના સંયોગથી જ જગત્‌ને ઉત્પન્ન થએલું તેઓ માને છે. આવા સંયોગ વિના કોઈ ઉત્પન્ન થયેલું નથી એમ તેઓ કહે છે. તેથી આ સર્વ જગત્ કામહૈતુક છે અર્થાત્ જગત્‌ની ઉત્પત્તિનું કારણ પ્રકૃતિ-પુરુષનો કામ જ છે એમ તેઓ માને છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈત્ર ૧।૧।૩ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**એતાં દૃષ્ટિમ્ અવષ્ટભ્ય નષ્ટાત્માનોઽલ્પબુદ્ધયઃ।**
**પ્રભવત્યુગ્રકર્માણઃ ક્ષયાય જગતોઽહિતાઃ॥૯॥**

**શ્લોકાર્થ:** આ દૃષ્ટિને અવલમ્બી નષ્ટ આત્માવાળા, અલ્પબુદ્ધિવાળા, ઉગ્ર કર્મવાળા, જગત્‌ના શત્રુઓ જગત્‌ના ક્ષયમાટે ઉદ્ભવે છે.

**વિવેચન:** ''સર્વ જગત્ મિથ્યા છે'' એવી દૃષ્ટિનું અવલમ્બન કરી, ''અમો બ્રહ્મરૂપ છીએ, પરન્તુ અવિદ્યા સાથે સમ્બન્ધ થવાથી જીવો થએલા છીએ'' એવા મતવાળા હોવાથી નષ્ટ આત્માવાળા અર્થાત્ આત્માના યથાર્થ સ્વરૂપનું જેમને ભાન નથી તેવા અલ્પબુદ્ધિવાળા અને હિંસાપ્રધાન ઉગ્ર કર્મ કરનારા જગત્‌ના શત્રુઓ જગત્‌ના નાશમાટે ઉત્પન્ન થાય છે.

**કામમ્ આશ્રિત્ય દુષ્પૈરં દમ્ભ-માન-મદાન્વિતાઃ।**
**મોહાદ્-ગૃહીત્વાઽસદ્ગ્રાહાત્ પ્રવર્તન્તેઽશુચિવ્રતાઃ॥૧૦॥**

**શ્લોકાર્થ:** દુષ્પૈર કામનો આશ્રય કરી દમ્ભ, માન તથા મદવાળા થઈ અપવિત્ર આચરણવાળા મોહથી દુષ્ટ આગ્રહનું ગ્રહણ કરી પ્રવર્તે છે.

**વિવેચન:** દુઃખથી પણ પૈર્ણ થઈ શકે નહિ તેવા દુષ્પૈર કામનો આશ્રય કરી દમ્ભ, માન તથા મદમાં મચ્યા રહી અપવિત્ર વ્રત આચરનારા તેઓ મોહને લીધે દુષ્ટ આગ્રહ એટલે ક્ષુદ્ર દેવતાઓના મન્ત્ર વિગેરેનું ગ્રહણ કરી પ્રવર્તે છે. અર્થાત્ પોતાના સર્વ મનોરથ પૈર્ણ કરવામાં ક્ષુદ્ર દેવતાઓના મન્ત્રો સાધનરૂપ છે એમ જાણી તેવા મન્ત્રોનું સેવન કરે છે, અને અપેયનું પાન વિગેરે અપવિત્ર આચરણ કરી ક્ષુદ્ર દેવતાઓની આરાધના કરે છે.

**ચિન્તામ્ અપરિમેયાં ચ પ્રલયાન્તામ્ ઉપાશ્રિતાઃ।**
**કામોપભોગપરમા એતાવદ્ ઈતિ નિશ્ચિતાઃ॥૧૧॥**
**આશાપાશશતૈર્બદ્ધાઃ કામ-ક્રોધ-પરાયણાઃ।**
**ઈહન્તે કામભોગાર્થમ્ અન્યાયેનાર્થસઞ્ચયાન્॥૧૨॥**

**શ્લોકાર્થ:** અપરિમેય(અગણિત) તથા પ્રલય સમયે અન્ત આવે તેવી ચિન્તાને આશ્રય રાખનારા, કામના ઉપભોગને પરમ જાણનાર, કામોપભોગ જ ફલ છે એવો નિશ્ચય રાખનાર, આશાના સેંકડો બંધનોથી બંધાયેલા અને કામ તથા ક્રોધને પરાયણ તેઓ કામભોગમાટે અન્યાયથી અર્થ સઞ્ચયની ઈચ્છા રાખે છે.( ૧૧,૧૨ )

**વિવેચન:** તેઓ અપરિમેય અર્થાત્ મપાઈ શકે નહિ તેવી અને મરણ પર્યન્ત ટકી રહે તેવી ચિન્તા રાખે છે, કામ ભોગને જ પરમ ફલ અથવા પરમ પુરુષાર્થ જાણે છે, અને તેવો તેઓનો નિશ્ચય હોવાથી આશાના સેંકડો બંધનોથી તેઓ બંધાયેલા રહે છે અને ભોગ માટે ચોરી, લૈંટ,

હિંસા વિગેરે અન્યાયથી ધન પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે( ૧૧,૧૨ ).

**ઈદમદ્ય મયા લબ્ધમ્ ઈમં પ્રાપ્સ્યે મનોરથમ્ ।**
**ઈદમ્ અસ્તીદમપિ મે ભવિષ્યતિ પુનર્ ધનમ્ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** ''આજે મેં આ મેળવ્યું છે અને હવે આ મનોરથને પ્રાપ્ત કરીશ'' ( મારી ઈચ્છા પૈંર્ણ કરીશ ) ''અત્યારે મારી પાસે આટલું ધન છે''; ''ફરીથી પણ મારું ધન આટલું થશે ( હશે )''

**વિશેષ :** આ શ્લોક આ જીવોનો મનોરથ સમજાવે છે. આ પ્રકારના જીવ એવું માને છે કે આજે મને આટલું ( ધન ) પ્રાપ્ત થયું અને એ ધનવડે મારી કામના મેળવી લઈશ. વળી ભવિષ્યમાં પણ આ પ્રકારે મને ધન પ્રાપ્ત થયા કરશે અને તેનાથી હું બીજા પ્રકારની કામના સિદ્ધ કરીશ. આ રીતે એના વિચારોની પરમ્પરા ચાલ્યા કરે છે. કોઈનું પણ કલ્યાણ કરવાની એની પ્રવૃત્તિ હોતી નથી એટલું જ નહિ પણ અન્યનું દ્રવ્ય લૈંટી લઈ પાપમય વૃત્તિઓમાં જ રમવું એવી આસક્તિ આ વર્ગ ધરાવે છે.

**અસૌ મયા હતઃ શત્રુર્ હનિષ્યે ચાપરાનપિ ।**
**ઈશ્વરોઽહમ્ અહં ભોગી સિદ્ધોઽહં બલવાન્ સુખી ।।૧૪।।**

**શ્લોકાર્થ :** ''તે શત્રુ મારાથી હણાયો, બીજા શત્રુઓને પણ હું હણીશ, હું ઈશ્વર અને ઐશ્વર્ય ભોગવનાર અને હું સર્વ સિદ્ધિઓથી યુક્ત, બળવાન અને સુખી છું''.

**વિશેષ :** આ પ્રકારનો જીવ એવો વિચાર કરે છે કે આ માણસને તો મેં માર્યો અને બીજા શત્રુ છે તેમને તો હું મારીશ હું જ ઈશ્વર છું, ભોગી છું, સિદ્ધ છું, બળવાન છું અને સુખી પણ છું.

એ પોતાને ઈશ્વર, ભોગી, સિદ્ધ, બળવાન અને સુખી માને છે. તેમાં ખાસ એનું અભિમાન જ જણાય છે. કારણ ઈશ્વરના છ ધર્મોમાંથી એક પણ ધર્મ એની પાસે જણાતો નથી. ઈશ્વરના ધર્મો (અનન્ત) ઐશ્વર્ય, શ્રી, યશ, વીર્ય, જ્ઞાન, વૈરાગ્ય. જીવ પાસે આ છ ધર્મો ભાગ્યે જ હોઈ શકે. શ્રીનો ધર્મ હોઈ શકે. યશ કે વીર્યનો ધર્મ હોઈ શકે; પણ ઐશ્વર્ય, જ્ઞાન અને વૈરાગ્ય આવવાનો સમ્ભવ નથી. ઐશ્વર્ય વિના ભોગી થવાતું નથી. જ્ઞાન અને ઐશ્વર્ય વિના બળવાન્ થવાતું નથી. વૈરાગ્ય વિના સિદ્ધ થવાતું નથી. તેમજ વૈરાગ્ય, જ્ઞાન અને ઐશ્વર્ય વિના સુખી થવાતું નથી.

**આઢ્યોઽભિજનવાન્ અસ્મિ કોઽન્યોઽસ્તિ સદૃશો મયા ।**
**યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતાઃ ।।૧૫।।**

**શ્લોકાર્થ :** હું બહુ સમૃદ્ધિવાળો, ઊંચા અને માનનીય કુટુમ્બવાળો છું, મારા જેવો બીજો કોણ છે ? હું યજ્ઞ કરીશ, હું દાન કરીશ, હું હર્ષને પ્રાપ્ત કરીશ; આવા પ્રકારના અજ્ઞાનથી વધારે મોહ પામેલા આસુર પુરુષો છે.

**અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ ।**
**પ્રસક્તાઃ કામભોગેષુ પતન્તિ નરકેઽશુચૌ ।।૧૬।।**

**શ્લોકાર્થ :** અનેક સંકલ્પોથી ભ્રાન્ત થએલા, મોહજાલથી વીંટાએલા, કામ ભોગમાં આસક્ત થએલા આસુરી જીવ અપવિત્ર નરકમાં પડે છે.

**વિવેચન :** આસુરી જીવોની કામનાઓનું તથા તેઓને પ્રાપ્ત થતા ફલનું અહીં સુન્દર વર્ણન ૧૩-૧૫ શ્લોકમાં વર્ણન કર્યું. ઉપરોક્ત પ્રકારના તેઓના સંકલ્પ તથા કામનાઓ વિગેરે

હોવાથી ક્ષુદ્ર દેવોની આરાધનામાં તેઓનાં ચિત્ત વ્યાપ્ત છે. અને જેમ પક્ષીઓ જાળમાં સપડાય છે અને નીકળી શકતા નથી, તેમ તેઓ આ ભ્રાન્તિથી થએલી મોહની જાળથી વીંટાઈ જવાથી તેમાંથી નીકળી શકતા નથી. વળી, પક્ષીઓ જેમ પોતાનાં કુટુમ્બનું ભરણ-પોષણ કરવાની ચિન્તામાં રહે છે તેમ આ આસુરી જીવો કામભોગમાં આસક્ત હોવાથી આ જાળમાંથી નીકળી શકતા નથી અને વિવશ થઈ અપવિત્ર નરકમાં પડે છે.

**આત્મસમ્ભાવિતાઃ સ્તબ્ધા ધન-માન-મદાન્વિતાઃ।**
**યજન્તે નામયજ્ઞૈસ્ તે દમ્ભેનાઽવિધિપૈર્વકમ્ ।।૧૭।।**
**અહપારં બલં દર્પં કામં ક્રોધં ચ સંશ્રિતાઃ।**
**મામાત્મપરદેહેષુ પ્રદ્વિષન્તોઽભ્યસૈંયકાઃ ।।૧૮।।**

**શ્લોકાર્થ:** પોતાનાથી જ સમ્ભાવિત, સ્તબ્ધ, ધનના માન તથા મદવાળા, અહપાર, બલ, દર્પ, કામ અને ક્રોધ નો આશ્રય કરેલા, પોતાના અને બીજાના દેહોમાં રહેલાનો મારો દ્વેષ કરનાર અને અસૈંયા કરનાર તેઓ દમ્ભને લીધે નામના(કહેવા ખાતરના) યજ્ઞથી અવિધિપૈર્વક યજન કરે છે (૧૭-૧૮)

**વિવેચન:** પોતે જ પોતાને માન આપનાર અથવા આત્મપ્રશંસા કરનાર, 'સ્તબ્ધ' એટલે અનમ્ર અથવા મૈંઢ, ધનથી ઉત્પન્ન થતા માન એટલે મોટાઈ તથા મદવાળા, અહપાર વિગેરે દુર્ગુણોવાળા, સર્વના દેહમાં રહેલો હું ઈશ્વર છું તેનો દ્વેષ તથા ઈર્ષ્યા કરનારા, દમ્ભને લીધે માત્ર નામના જ યજ્ઞો કરે છે અને તે પણ વિધિપૈર્વક કરતા નથી.

આ અઢારમા શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૪।૪।૧૩ ઉપરના અણુભાષ્યમાં અને શ્રીભાગવત્ ૩।૨।૨૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**તાન્ અહં દ્વિષતઃ ક્રૈંરાન્ સંસારેષુ નરાધમાન્।**
**ક્ષિપામ્યજસ્રમ્ અશુભાન્ આસુરીષ્વેવ યોનિષુ ।।૧૯।।**

**શ્લોકાર્થ:** દ્વેષી, ક્રૈંર, મનુષ્યોમાં અધમ તથા દુષ્ટ તેઓને હું સંસારમાં વારંવાર આસુરી જ યોનિમાં નાખું છું.

**વિવેચન:** ભગવાન્ આવા આસુરી જીવોને શું ફલ આપે છે તે કહે છે. આવા દ્વેષી, ક્રૈંર, અધમ, દુષ્ટ, આસુરી જીવોને સંસારમાં પુનઃ-પુનઃ આસુરી યોનિમાં જ હું નાખું છું. આ જીવો સહજ આસુરભાવવાળા છે, માત્ર આસુર આવેશવાળા નથી.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૪।૪।૧૩ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**આસુરીં યોનિમ્ આપન્નાઃ મૈંઢાઃ જન્મનિ જન્મનિ।**
**મામ્ અપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાત્યધમાં ગતિમ્ ।।૨૦।।**

**શ્લોકાર્થ:** હે કૌન્તેય ! જન્મે-જન્મ આસુરી યોનિને પ્રાપ્ત થએલા મૈંઢો મને પ્રાપ્ત કર્યા વિના જ પછી અધમ ગતિને પામે છે.

**વિવેચન:** આવા મૈંઢને જન્મે-જન્મે આસુરી યોનિ પ્રાપ્ત થાય છે અને અન્તે તેથી પણ અધમ અન્ધતમઃરૂપ ગતિ પ્રાપ્ત થાય છે. તેઓને મારી પ્રાપ્તિ થતી જ નથી, દષ્ટિથી પણ મારો સમ્બન્ધ થતો નથી. મૈંલમાં 'એવ=જ' શબ્દ યોજેલો છે તેનો ''તેઓને મારી પ્રાપ્તિના સાધનરૂપ સારા માર્ગની પણ પ્રાપ્તિ થતી નથી તો મારી પ્રાપ્તિ તો ક્યાંથી જ થાય ? એવો

ભાવાર્થ છે. અથવા અવતારદશામાં જ્યારે પ્રાણીમાત્રને મારાં દર્શન થઈ શકે છે ત્યારે પણ તેઓને મારાં સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી મારું દર્શન થતું નથી એમ એ શબ્દ સૈંચવે છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈત્ર ૪।૪।૧૩ ના અણુભાષ્યમાં કરેલું છે.

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ ।**
**કામઃ ક્રોધસ્ તથા લોભઃ તસ્માદ્ એતત્ ત્રયં ત્યજેત્ ।।૨૧।।**

**શ્લોકાર્થ :** કામ, ક્રોધ અને લોભ, આ આત્માનો નાશ કરનાર ત્રણ પ્રકારનું નરકનું દ્વાર છે તેથી આ ત્રણને તજવાં.

**વિવેચન :** આવા આસુર ભાવથી આત્મનાશ થવાનું મૈંલ કારણ કહે છે. આ નરક પ્રાપ્ત કરાવનાર આસુરભાવનું દ્વાર ત્રણ પ્રકારનું છે, કામ, ક્રોધ અને લોભ. તેથી આ ત્રણનો ત્યાગ કરવો. આ ત્રણનો સંગ પણ તજવો.

**એતૈર્ વિમુક્તઃ કૌન્તેય ! તમોદ્વારૈસ્ ત્રિભિર્ નરઃ ।**
**આચરત્યાત્મનઃ શ્રેયઃ તતો યાતિ પરાં ગતિમ્ ।।૨૨।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય ! આ ત્રણ તમોદ્વારથી મુક્ત પુરુષ પોતાનું શ્રેયઃ આચરે છે અને પછી પરમ ગતિને પામે છે.

**વિવેચન :** આ ત્રણથી જે મુક્ત હોય તે પોતાનું શ્રેયઃ ભક્તિ વિગેરેનું આચરણ કરે છે, અને તેથી ઉત્તમ ગતિને પામે છે.

**યઃ શાસ્ત્રવિધિમ્ ઉત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।**
**ન સ સિદ્ધિમ્ અવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ।।૨૩।।**

**શ્લોકાર્થ :** જે શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી વર્તન કરે છે તે સિદ્ધિ, સુખ કે પરમ ગતિ પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન :** આસુરોના સંગથી જેઓ શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી નિષિદ્ધ કર્મ કરે છે તેઓને પોતાના મનથી ઇચ્છેલી સિદ્ધિ, મનનું સુખ અથવા પરમ ગતિ એટલે મોક્ષ પ્રાપ્ત થતાં નથી.

**તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।**
**જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમ્ ઈહાર્હસિ ।।૨૪।।**

**શ્લોકાર્થ :** તેથી કર્તવ્ય અને અકર્તવ્ય ની વ્યવસ્થા કરવામાં તારે શાસ્ત્રને પ્રમાણ ગણવું, અને શાસ્ત્રે વિહિત કરેલાં કર્મ જાણીને અહીં તારે કર્મ કરવું યોગ્ય છે.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'દૈવાસુરસમ્પદ્વિભાગયોગો' નામ**
**ષોડશોડધ્યાયઃ ।।૧૬।।**

# ।। અધ્યાય ૧૭ ।।
# શ્રદ્ધાત્રયવિભાગયોગ

**અર્જુન ઉવાચ**

**યે શાસ્ત્રવિધિમ્ ઉત્સૃજ્ય યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ।**
**તેષાં નિષ્ઠાં તુ કા કૃષ્ણ! સત્ત્વમાહો રજસ્તમઃ।।૧।।**

**શ્લોકાર્થ :** અર્જુન કહે છે : હે કૃષ્ણ! જેઓ શાસ્ત્ર વિધિનો ત્યાગ કરી શ્રદ્ધાવાળા રહી યજન કરે છે તેઓની નિષ્ઠા કેવી છે, સાત્ત્વિક, રાજસી કે તામસી ?

**વિવેચન :** ષોડશ અધ્યાયના અન્તમાં ૨૩મા શ્લોકમાં જે શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી વર્તન કરે છે તેને પ્રાપ્ત કરવા યોગ્ય તત્ત્વજ્ઞાનરૂપી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, એમ ભગવાને કહ્યું. આ સમ્બન્ધમાં અર્જુન પ્રશ્ન કરે છે કે જેઓ શાસ્ત્રમાં કહેલી વિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી કર્મ કરે છે તે જો શ્રદ્ધાપૈર્વક કરતા હોય તો તેઓની નિષ્ઠા સાત્ત્વિકી, રાજસી અથવા તામસી કેવી છે ?

**શ્રીભગવાન્ ઉવાચ**

**ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા।**
**સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શૃણુ।।૨।।**

**શ્લોકાર્થ :** શ્રીભગવાન્ કહે છે : દેહીઓની તેમના પ્રકૃત સ્વભાવથી ઉત્પન્ન થએલી તે શ્રદ્ધા સાત્ત્વિકી, રાજસી તથા તામસી એવા ત્રણ પ્રકારની હોય છે; તે શ્રવણ કર.

**વિવેચન :** ભગવાન્ અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપે છે. દેહી એટલે દેહનું જેઓને અભિમાન છે તેવા જીવોની તેઓના સ્વભાવથી ઉત્પન્ન થતી શ્રદ્ધા ત્રણ પ્રકારની છે. સત્વ, રજઃ અને તમઃ એ ત્રણ ગુણથી ઉત્પન્ન થતો સ્વભાવ માત્ર શાસ્ત્રીય વિજ્ઞાનથી અન્યથા થઈ શકે, પરન્તુ શાસ્ત્રવિધિનો ત્યાગ કરી વર્તન કરનાર આવા જીવોને તેવું વિજ્ઞાન હોતું નથી, તેથી તેઓની સ્વચ્છન્દ વર્તનમાં શ્રદ્ધા તેઓના પૈર્વના સ્વભાવથી જ ઉત્પન્ન થએલી હોય છે. આ શ્રદ્ધા સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની હોય છે તે મારી પાસેથી શ્રવણ કર.

**સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત!।**
**શ્રદ્ધામયોઽયં પુરુષો યો યત્ શ્રદ્ધઃ સ એવ સઃ।।૩।।**

**શ્લોકાર્થ :** હે ભારત! સત્ત્વને અનુરૂપ સર્વની શ્રદ્ધા હોય છે. આ પુરુષ શ્રદ્ધામય છે. જેની જેવી શ્રદ્ધા તેવો જ તે છે.

**વિવેચન :** શ્રદ્ધા અન્તઃકરણનો ધર્મ છે. તેથી શ્રદ્ધા 'સત્ત્વ' એટલે અન્તઃકરણને અનુરૂપ હોય છે. સર્વની શ્રદ્ધા પોતપોતાના અન્તઃકરણને અનુરૂપ હોય છે. અન્તઃકરણ પૈર્વના જેવા સંસ્કાર હોય તેવું હોય છે, અને જેવું અન્તઃકરણ હોય તેવી જ શ્રદ્ધા હોય છે. જેઓનું અન્તઃકરણ શાસ્ત્રના જ્ઞાનથી રહિત હોય છે, તેઓની શ્રદ્ધા પણ તેવી જ હોય છે. આ શ્રદ્ધાથી માત્ર શાસ્ત્રવિધિ પ્રમાણે વર્તન કરે, અથવા શાસ્ત્રવિધિનો ત્યાગ કરી વર્તન કરે. અર્થાત્ શસ્ત્રવિધિ પ્રમાણે અથવા શાસ્ત્રવિધિનો ત્યાગ કરી જે વર્તન કરવામાં આવે તેનું કારણ તેવી શ્રદ્ધા છે,

પરન્તુ શ્રદ્ધાથી દેવ તથા આસુર ભાવ જણાતો નથી. શ્રદ્ધાથી ગુણ જણાય છે અર્થાત્ જેની જે ગુણવાળી શ્રદ્ધા હોય તે તેવા ગુણના અન્તઃકરણવાળો છે એમ જણાય છે. આ પુરુષ શ્રદ્ધામય છે. જેની જેવા પ્રકારની શ્રદ્ધા તેવા ગુણવાળો તે છે એમ જાણવું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧।૭।૧૪; ૨।૯।૧૬; ૧૦।૪૩।૧૪; ૧૦।૮૪।૩૨ તથા ૧૧।૨।૪ ઉપરના શ્રીસુબોધિનીમાં કરેલું છે.

**યજન્તે સાત્ત્વિકા દેવાન્ યક્ષ-રક્ષાંસિ રાજસાઃ।**
**પ્રેતાન્ ભૈંતગણાંશ્ચાન્યે યજન્તે તામસા જનાઃ।।૪।।**

**શ્લોકાર્થ :** સાત્ત્વિકો દેવોનું યજન કરે છે, રાજસો યક્ષ તયા રાક્ષસો નું યજન કરે છે અને અન્ય તામસ જનો પ્રેતો તથા ભૈંતગણોનું યજન કરે છે.

**વિવેચન :** સાત્ત્વિકો એટલે સાત્ત્વિક શ્રદ્ધાવાળી જેઓની પ્રકૃતિ છે તેઓ દેવોનું યજન કરે છે. રાજસી શ્રદ્ધાવાળી પ્રકૃતિવાળા યક્ષ તથા રાક્ષસો નું યજન કરે છે અને તામસી શ્રદ્ધાવાળી પ્રકૃતિવાળા ભૈંત તથા પ્રેત નું યજન કરે છે.

**અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે યે તપો જનાઃ।**
**દમ્ભાહપાર-સંયુક્તાઃ કામ-રાગ-બલાન્વિતાઃ।।૫।।**
**કર્ષયન્તઃ શરીરસ્થં ભૈંતગ્રામમ્ અચેતસઃ।**
**માં ચૈવાન્તઃ શરીરસ્થં તાન્ વિદ્ધ્યાસુરનિશ્ચયાન્।।૬।।**

**શ્લોકાર્થ :** જે બુદ્ધિહીન લોકો દમ્ભ તથા અહપાર યુક્ત રહી કામ, રાગ તથા બળ વાળા હોઈ, શરીરમાં રહેલા ભૈંતગ્રામને તથા હૃદયમાં રહેલા મને પણ કૃશ કરતાં શાસ્ત્રમાં વિહિત ન હોય તેવું ઘોર તપ તપે છે તેઓને આસુર નિશ્ચયવાળા જાણ(૫,૬).

**વિવેચન :** શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી તથા શ્રદ્ધાપૈંર્વક કર્મ કરનારાઓમાં પણ આસુરી જીવો કેવા હોય છે તે કહે છે. દમ્ભ, અહપાર, કામ, રાગ વિગેરે દુર્ગુણમાં મચ્યા રહેલા જે બુદ્ધિહીન જ્ઞાનશૈંન્ય લોકો પોતાના શરીરમાં રહેલા પૃથ્વી વિગેરે ભૈંતોના સમૈંહને શાસ્ત્રમાં વિહિત ન હોય તેવાં ઘોર તપ કરી કૃશ કરે છે અને હૃદયમાં અન્તર્યામીરૂપે રહેલા મને પણ, મારી આજ્ઞાનો ભંગ કરી, પોતાથી દૈંર કરે છે તે લોકો નિશ્ચય આસુરી છે એમ જાણ.

આ છઠ્ઠા શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૨।૪।૧૭ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**આહારસ્ત્વપિ સર્વસ્ય ત્રિવિધો ભવતિ પ્રિયઃ।**
**યજ્ઞસ્ તપસ્ તથા દાનં તેષાં ભેદમ્ ઈમં શૃણુ।।૭।।**

**શ્લોકાર્થ :** વળી આહાર તેમજ યજ્ઞ, તપ તથા દાન સર્વને ત્રણ પ્રકારના પ્રિય હોય છે. તેઓનો આ ભેદ શ્રવણ કર.

**વિવેચન :** 'શાસ્ત્રીય' એટલે વૈદિક યજ્ઞ વિગેરેમાં પણ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણથી થતા ત્રણ પ્રકારના ભેદ છે તે દર્શાવે છે. આહાર તેમજ યજ્ઞ, તપ તથા દાન ત્રણ પ્રકારના હોય છે તેનો ભેદ સાંભળ.

**આયુઃ-સત્ત્વ-બલારોગ્ય – સુખ-પ્રીતિવિવર્ધનાઃ।**
**રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યા આહારાઃ સાત્ત્વિકપ્રિયાઃ।૮।**

**શ્લોકાર્થ :** આયુ સત્ત્વ બલ આરોગ્ય સુખ અને પ્રીતિ ની વૃદ્ધિ કરનારા રસવાળા સ્નિગ્ધ સ્થિર

અને રુચિકર આહારો સાત્ત્વિકોને પ્રિય હોય છે.

**વિવેચન :** 'આયુઃ' એટલે આયુષ્ય, 'સત્ત્વ' એટલે જ્ઞાન, બલ, આરોગ્ય, સુખ અને પ્રીતિ ની વૃદ્ધિ કરનારા મધુરરસવાળા, સ્નેહ( ઘી ) વાળા તથા સ્થિર પરિણામવાળા અને હૃદયને આનન્દ કરે તેવા રુચિકર આહારો સાત્ત્વિકોને પ્રિય હોય છે, કારણ કે આ આહાર સત્ત્વગુણની વૃદ્ધિ કરે છે અથવા આ આહારો સાત્ત્વિકોને પ્રિય એટલે સાત્ત્વિકોને સુખ કરનાર છે.

**કટ્વમ્લ-લવણાત્યુષ્ણ-તીક્ષ્ણ-રૂક્ષ-વિદાહિનઃ ।**
**આહારા રાજસસ્યેષ્ટા દુઃખ-શોકામયપ્રદાઃ ।।૯।।**

શ્લોકાર્થ : ઘણા તીખા ખાટા અને ખારા, બહુ ગરમ, તીક્ષ્ણ, લૈંખા તથા દાહકારક આહારો જે દુઃખ, શોક અને રોગ કરનાર હોય છે. તે રાજસોને ઈષ્ટ છે.

**યાતયામં ગતરસં પૈંતિ પર્યુષિતં ચ યત્ ।**
**ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્ ।।૧૦।।**

**શ્લોકાર્થ :** યામ(આસરે ત્રણ કલાક) પડી રહેલું, રસરહિત થએલું (લુખું), દુર્ગન્ધવાળું, વાસી, એઠું તથા અપવિત્ર ભોજન તામસોને પ્રિય હોય છે.

એ પ્રમાણે ત્રણ પ્રકારના આહાર કહી હવે ત્રણ પ્રકારના યજ્ઞ ત્રણ ( ૧૧ - ૧૩ )શ્લોકથી કહે છે :

**અફલાકાંક્ષિભિર્ યજ્ઞો વિધિદષ્ટો ય ઈજ્યતે ।**
**યષ્ટવ્યમેવેતિ મનઃ સમાધાય સ સાત્ત્વિકઃ ।।૧૧।।**

**શ્લોકાર્થ :** યજ્ઞ કરવો જ જોઈએ એવો મનમાં નિશ્ચય કરી, ફલની આકાંક્ષા નહિ રાખનારાઓ વિધિએ બોધ કરેલો જે યજ્ઞ કરે છે તે સાત્ત્વિક છે.

**અભિસન્ધાય તુ ફલં દમ્ભાર્થમપિ ચૈવ યત્ ।**
**ઈજ્યતે ભરતશ્રેષ્ઠ! તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** પરન્તુ હે ભરતશ્રેષ્ઠ ! ફલનું અનુસન્ધાન રાખી તેમજ દમ્ભને માટે જે યજ્ઞ કરાય છે તે યજ્ઞને રાજસ જાણ.

**વિધિહીનમ્ અસૃષ્ટાન્નં મન્ત્રહીનમ્ અદક્ષિણમ્ ।**
**શ્રદ્ધાવિરહિતં યજ્ઞં તામસં પરિચક્ષતે ।।૧૩।।**

**શ્લોકાર્થ :** વિધિરહિત, અન્નદાનરહિત, મન્ત્રરહિત, દક્ષિણારહિત તથા શ્રદ્ધારહિત યજ્ઞને તામસ કહે છે.

**વિવેચન :** યજ્ઞ પછી તપના સાત્ત્વિક વિગેરે ત્રણ ભેદ દર્શાવવાના છે. તે દરેક જાતનું તપ શારીર, વાચિક અને માનસ એમ ત્રણ પ્રકારનું હોવાથી પ્રથમ શારીર વિગેરે ત્રણ ભેદ ત્રણ શ્લોકથી ( ૧૪ - ૧૬ ) કહે છે, અને પછી સાત્ત્વિક વિગેરે ત્રણ ભેદ ત્રણ શ્લોકથી ( ૧૭ - ૧૯ ) કહે છે. આ રીતે તપના કુલ નવ પ્રકાર થાય છે.

**દેવ-દ્વિજ-ગુરુ-પ્રાજ્ઞ-પૈંજનં શૌચમ્ આર્જવમ્ ।**
**બ્રહ્મચર્યમ્ અહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ।।૧૪।।**

**શ્લોકાર્થ :** દેવ દ્વિજ ગુરુ તથા પ્રાજ્ઞ નું પૈંજન, શુદ્ધતા, ઋજુતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીર તપ કહેવાય છે.

**અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્ ।**
**સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે ॥૧૫॥**

**શ્લોકાર્થ :** ઉદ્વેગ ન કરે તેવું, સત્ય તથા પ્રિય અને હિત વચન તેમજ વેદનો અભ્યાસ એ વાચિક તપ કહેવાય છે.

**વિવેચન :** મૈંલમાં બીજી પંક્તિમાં 'ચ' છે તેથી વેદની સાથે સ્મૃતિનો પણ અભ્યાસ કરવાનો છે, અને 'ચ' પછી 'એવ'શબ્દ છે તે સ્મૃતિનો અભ્યાસ વેદના અવિરોધથી કરવાનો છે, એટલે વેદવાક્યથી વિરુદ્ધ ન હોય તેવી સ્મૃતિનો અભ્યાસ કરવાનો છે એમ સૈંચવે છે.

**મનઃપ્રસાદઃ સૌમ્યત્વં મૌનમ્ આત્મવિનિગ્રહઃ ।**
**ભાવસંશુદ્ધિરિત્યેતત્ તપો માનસમ્ ઉચ્યતે ॥૧૬॥**

**શ્લોકાર્થ :** મનની પ્રસન્નતા, સૌમ્યપણું, મૌન તથા મનનો નિગ્રહ અને ભાવની શુદ્ધતા એ 'માનસતપ' કહેવાય છે.

**શ્રદ્ધયા પરયા તપ્તં તપસ્ તત્ ત્રિવિધં નરૈઃ ।**
**અફલાકાંક્ષિભિર્ યુક્તૈઃ સાત્ત્વિકમ્ પરિચક્ષતે ॥૧૭॥**

**શ્લોકાર્થ :** ફલની આકાંક્ષા નહિ રાખનાર યુકત પુરુષોએ પરમ શ્રદ્ધાથી તપેલાં તે ત્રણ પ્રકારનાં તપને 'સાત્ત્વિક' કહે છે.

**સત્કાર-માન-પૈંજાર્થં તપો દમ્ભેન ચૈવ યત્ ।**
**ક્રિયતે તદિહ પ્રોક્તં રાજસં ચલમ્ અધ્રુવમ્ ॥૧૮॥**

**શ્લોકાર્થ :** સત્કાર માન અને પૈંજા માટે તેમજ દમ્ભથી અહિં જે ચલ અને અધ્રુવ તપ કરવામાં આવે છે તેને 'રાજસ' કહે છે.

**મૈંઢગ્રાહેણાત્મનો યત્ પીડયા ક્રિયતે તપઃ ।**
**પરસ્યોત્સાદનાર્થં વા તત્ તામસમ્ ઉદાહૃતમ્ ॥૧૯॥**

**શ્લોકાર્થ :** મૈંર્ખાઈ ભરેલા દુરાગ્રહથી પોતાને પીડા કરી અથવા પારકાનો વિનાશ કરવા જે તપ કરાય છે તેને 'તામસ' કહે છે.

**વિવેચન :** એ પ્રમાણે સાત્ત્વિક઼, રાજસ તથા તામસ એ ત્રણ પ્રકારનું તપ કહ્યું. આ દરેક પ્રકારના શારીર, વાચિક અને માનસ એવા ત્રણ પ્રકાર કહેલા છે. તેથી તપના નવ પ્રકાર કહ્યા. હવે ત્રણ શ્લોકથી ( ૨૦ - ૨૨ ) દાનના ત્રણ ભેદ કહે છે.

**દાતવ્યમ્ ઈતિ યદ્ દાનં દીયતેઽનુપકારિણે ।**
**દેશે કાલે ચ પાત્રે ચ તદ્ દાનં સાત્ત્વિકં સ્મૃતમ્ ॥૨૦॥**

**શ્લોકાર્થ :** દાન કરવું જ જોઈએ એમ ધારી જે દાન (ઉત્તમ) દેશમાં (ઉત્તમ) કાલમાં અનુપકારી પાત્રને ( દાન લેનાર મારો પ્રતિ ઉપકાર કરે તેવી ભાવના વિના ) દેવામાં આવે તે દાન 'સાત્ત્વિક઼' કહેલું છે.

**યત્તુ પ્રત્યુપકારાર્થં ફલમ્ ઉદ્દિશ્ય વા પુનઃ ।**
**દીયતે ચ પરિક્લિષ્ટં તદ્ દાનં રાજસં સ્મૃતમ્ ॥૨૧॥**

**શ્લોકાર્થ :** પરન્તુ પ્રત્યુપકાર માટે અથવા તો ફલના ઉદ્દેશથી જે ક્લેશથી દેવામાં આવે છે તે

દાન 'રાજસ' કહેલું છે.

**વિવેચન :** જેને દાન કરવામાં આવે છે તે આ દાનના બદલામાં ઉપકાર કરશે એવા હેતુથી અથવા દાન કરવાથી અમુક ફલ પ્રાપ્ત થશે એવા હેતુથી જે દાન કરે છે તેને પોતાનો હેતુ પાર પડશે કે નહિ એવી ચિંતા રહે છે. તેથી એ દાન ક્લેશપૈંર્વક કરે છે. આ દાનને 'રાજસ' કહે છે.

**અદેશકાલે યદ્ દાનમ્ અપાત્રેભ્યશ્ચ દીયતે ।**
**અસત્કૃતમ્ અવજ્ઞાતં તત્ તામસમ્ ઉદાહૃતમ્ ।।૨૨।।**

**શ્લોકાર્થ :** અયોગ્ય દેશ તથા કાલ માં અપાત્રને જે દાન સત્કાર વિના તિરસ્કારપૈંર્વક કરવામાં આવે તેને 'તામસ' કહે છે.

**'ૐ' 'તત્' 'સદ્' ઈતિ નિર્દેશો બ્રહ્મણઃ ત્રિવિધઃ સ્મૃતઃ ।**
**બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરા ।।૨૩।।**

**શ્લાકાર્થ :** 'ૐ', 'તત્' અને 'સત્' એ ત્રણ પ્રકારનો બ્રહ્મનો નિર્દેશ કહેલો છે, તેનાથી પૈંર્વે બ્રાહ્મણો, વેદો અને યજ્ઞો નિર્માએલા છે.

**વિવેચન :** શ્રૌતયજ્ઞ વિગેરે કરવામાં પણ દેશ તથા કાલ યોગ્ય ન હોય તો તે તામસ થઈ જાય તેમ કહેલ હોવાથી, દેશ તથા કાલ યોગ્ય ન હોય તો યોગ્ય દેશ તથા કાલ ની સમ્પત્તિ કેવી રીતે પ્રાપ્ત કરવી તે કહે છે. 'બ્રહ્મ' એટલે વેદ અથવા પુરુષોત્તમના નામનો વ્યપદેશ 'ૐ', 'તત્' અને 'સત્' એ ત્રણ પ્રકારનો છે. 'ૐ', 'તત્' અને 'સત્' એ ત્રણ શબ્દો વેદ અથવા પુરુષોત્તમ ને માટે શ્રુતિ વિગેરેમાં યોજેલો છે. તેથી યજ્ઞ વિગેરેમાં દેશ-કાલ વિગેરે સર્વ સમ્પત્તિઓ સિદ્ધ કરવા માટે વેદવાદીઓએ આ બ્રહ્મનું ત્રણ પ્રકારનું અભિધાન યોજેલું છે, અર્થાત્ આ ત્રણ બ્રહ્મના નામનો ઉચ્ચાર કરવાથી દેશ-કાલ વિગેરે સર્વ સમ્પત્તિઓ સિદ્ધ થાય છે. તેનાથી એટલે આ ત્રણ બ્રહ્મના નામના ઉચ્ચારથી પૈંર્વે સૃષ્ટિના સર્ગ પ્રસંગે બ્રાહ્મણો, વેદો તથા યજ્ઞો નિર્મેલા છે. ઉચ્ચાર કરનાર બ્રાહ્મણો, જેનો ઉચ્ચાર થવાનો છે તે વેદો અને ઉચ્ચાર થયા પછી કરવાના કાર્યરૂપ યજ્ઞો નિર્મેલા છે.

**તસ્માદ્ ઓમ્ ઈત્યુદાહૃત્ય યજ્ઞ-દાન-તપઃ-ક્રિયાઃ ।**
**પ્રવર્તન્તે વિધાનોક્તાઃ સતતં બ્રહ્મવાદિનામ્ ।।૨૪।।**

**શ્લોકાર્થ :** તેથી બ્રહ્મવાદીઓની શાસ્ત્રમાં કહેલી યજ્ઞ દાન તથા તપરૂપ ક્રિયાઓ નિરન્તર ૐ એવો ઉચ્ચાર કરીને પ્રવર્તે છે.

**વિવેચન :** 'ૐ', 'તત્' અને 'સત્' એ ત્રણ નામનો અન્વય કહેવા માટે પ્રથમ 'ૐ'ના અન્વયનો પ્રકાર કહે છે. 'ૐ'એ બ્રહ્મના અભિધાનનો ઉચ્ચાર કરી બ્રહ્મવાદીઓ શાસ્ત્રમાં કહેલી યજ્ઞ દાન તથા તપ રૂપ ક્રિયાઓ કરે છે.

**તદ્ ઈત્યનભિસન્ધાય ફલં યજ્ઞ-તપઃ-ક્રિયાઃ ।**
**દાન-ક્રિયાશ્ચ વિવિધાઃ ક્રિયન્તે મોક્ષકાંક્ષિભિઃ ।।૨૫।।**

**શ્લોકાર્થ :** ફલની ઈચ્છા વિના વિવિધ યજ્ઞ તથા તપ અને દાન ની ક્રિયાઓ મોક્ષની આકાંક્ષાવાળાઓ 'તત્' એવો ઉચ્ચાર કરી કરે છે.

**વિવેચન :** મોક્ષની આકાંક્ષા રાખનારાઓ યજ્ઞ તપ તથા દાન ની વિવિધ ક્રિયાઓ લૌકિક ફલની ઈચ્છા વિના 'તત્' એ બ્રહ્મના નામનો ઉચ્ચાર કરી કરે છે. અહીં 'તત્' નામનો અન્વય કહ્યો.

**સદ્ભાવે સાધુભાવે ચ સદ્ ઈત્યેતત્ પ્રયુજ્યતે ।**
**પ્રશસ્તે કર્મણિ તથા 'સત્'શબ્દઃ પાર્થ ! યુજ્યતે ।।૨૬।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! સદ્ભાવમાં તથા સાધુભાવમાં 'સત્' એ શબ્દ યોજાય છે, તેમજ પ્રશસ્ત કર્મમાં પણ 'સત્' શબ્દ યોજાય છે.

**વિવેચન :** હવે લોકમાં શબ્દની વ્યુત્પત્તિથી સિદ્ધ થતો 'સત્' શબ્દનો અન્વય દર્શાવે છે. જે છે તે 'સત્'. તેવા ભાવમાં 'સત્' શબ્દ યોજાય છે. અહીં 'ભાવ'નો અર્થ વસ્તુ થાય છે. જો 'ભાવ'નો અર્થ વસ્તુ ન કરીએ અને સત્તા કરીએ તો અનવસ્થા દોષ પ્રાપ્ત થાય. તેથી 'સદ્ભાવ' એટલે 'સત્' પદથી આવિર્ભૂત વસ્તુને 'સત્' કહે છે.

'સાધુભાવ'માં એટલે સાધુત્વ દર્શાવવામાં પણ 'સત્'નો પ્રયોગ થાય છે. તે જ પ્રમાણે પ્રશસ્ત કર્મ દર્શાવવા 'સત્' શબ્દનો પ્રયોગ થાય છે. સર્વત્ર રહેલ બ્રહ્મ સર્વ ( પદાર્થ માત્ર ) છે એવું શાસ્ત્રમાં કહેલ હોવાથી જ, આ સર્વ દર્શાવવા 'સત્' શબ્દ યોજાય છે.

**યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિ સદ્ ઈતિ ચોચ્યતે।**
**કર્મ ચૈવ તદર્થીયં સદ્ ઈત્યેવાભિધીયતે ।।૨૭।।**

**શ્લોકાર્થ :** યજ્ઞ, તપ તથા દાન માં સ્થિતિને 'સત્' એમ કહે છે, અને તે માટેના કર્મને પણ 'સત્' એમ જ કહે છે.

**વિવેચન :** યજ્ઞ, તપ તથા દાન માં સ્થિતિ હોય તેને પણ 'સત્' કહે છે. તેને માટે કર્મ કરવામાં આવે તે પણ 'સત્' કહેવાય છે, અર્થાત્ તે સર્વ કર્મ પણ ભગવદ્રૂપ જ છે.

**અશ્રદ્ધયા હુતં દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્ ।**
**અસદ્ ઈત્યુચ્યતે પાર્થ ! ન ચ તત્ પ્રેત્ય નો ઈહ ।।૨૮।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! અશ્રદ્ધાથી હોમેલું, દાન કરેલું, તપ કરેલું, તથા કાર્ય કરેલું 'અસત્' કહેવાય છે. તે પરલોકમાં તથા આલોકમાં ફળતું નથી.

**વિવેચન :** યજ્ઞ, દાન, હોમ, તપ વિગેરે જે કાંઈ કર્મ શાસ્ત્રીય શ્રદ્ધા વિના કરવામાં આવે તે 'અસત્' એટલે વ્યર્થ છે, કારણ કે તે આ લોકમાં અથવા પરલોકમાં પણ ફળતું નથી.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'શ્રદ્ધાત્રયવિભાગયોગો'નામ**
**સપ્તદશોઽધ્યાયઃ ।।૧૭।।**

# ।।અથ અષ્ટાદશોઽધ્યાયઃ।।
# મોક્ષસંન્યાસયોગ

**અર્જુન ઉવાચ**

**સંન્યાસસ્ય મહાબાહો! તત્ત્વમ્ ઈચ્છામિ વેદિતુમ્।**
**ત્યાગસ્ય ચ હૃષીકેશ! પૃથક્ કેશિનિષૈદન!।।૧।।**

**શ્લોકાર્થ :** અર્જુન કહે છેઃ હે મહાબાહો! હે હૃષીકેશ! હે કેશિનિષૈદન! હું સંન્યાસનું અને ત્યાગનું તત્ત્વ પૃથક્ જાણવા ઈચ્છું છું.

**વિવેચન :** ''સર્વ કર્મનો મનથી સંન્યાસ કરી'' (૫।૧૩) તથા ''કર્મના ફલ અને આસંગ નો ત્યાગ કરી'' (૪।૨૦) સ્થળે ''સંન્યાસ' તથા 'ત્યાગ' શબ્દો યોજેલા છે. આ ઉભયનો અર્થ એક જ છે અથવા તેઓના અર્થમાં કાંઈ ભેદ છે એ જાણવાની ઈચ્છાથી અર્જુન આ શ્લોક કહે છે. સંન્યાસ અને ત્યાગ ઉભયનું તત્ત્વ પૃથક્ એટલે વિવેકથી જાણવાની મારી ઈચ્છા છે તેથી કહો.

**શ્રીભગવાન્ ઉવાચ**

**કામ્યાનાં કર્મણાં ન્યાસં સંન્યાસં કવયો વિદુઃ।**
**સર્વકર્મફલત્યાગં પ્રાહુઃ ત્યાગં વિચક્ષણાઃ।।૨।।**

**શ્લોકાર્થ :** શ્રીભગવાન્ કહે છેઃ કામ્ય કર્મોના ત્યાગને કવિઓ 'સંન્યાસ' કહે છે. વિચક્ષણ પુરુષો સર્વ કર્મના ફલના ત્યાગને 'ત્યાગ' કહે છે.

**વિવેચન :** 'સંન્યાસ' અને 'ત્યાગ' શબ્દોના અર્થ એક જ હોવા છતાં જુદા-જુદા મત પ્રમાણે તેઓનો વિષય જુદો છે એમ ભગવાન્ ઉત્તર આપે છે. ''સ્વર્ગની કામનાવાળાએ જ્યોતિષ્ટોમ યજ્ઞ કરવો'' ''જે અશ્વમેધ યજ્ઞ કરે છે તે સર્વ પાપને તથા બ્રહ્મહત્યાને તરે છે'' વિગેરે કામ્ય કર્મો શાસ્ત્રમાં કહેલાં છે. વેદે વિહિત કરેલાં આવાં સર્વ કામ્ય કર્મોનો સ્વરૂપથી જ ત્યાગ કરવો અર્થાત્ આવાં કામ્ય કર્મો કરવાં જ નહિ, તેને કવિઓ એટલે યોગીઓ 'સંન્યાસ' કહે છે. તેથી પણ 'વિચક્ષણ' એટલે ચતુર પુરુષો નિપુણ ભક્તોને સ્વરૂપથી કર્મનો ત્યાગ ઈષ્ટ નથી, પરન્તુ નિત્ય, નૈમિત્તિક તથા કામ્ય સર્વ કર્મોનાં વેદ વિગેરે શાસ્ત્રોમાં કહેલા ફલના ત્યાગને તેઓ 'ત્યાગ' કહે છે. મોક્ષશાસ્ત્રમાં જ્યાં 'ત્યાગ' શબ્દ છે ત્યાં તેનો અર્થ ફલનો જ ત્યાગ કહેલો છે એમ તેઓ કહે છે. તેથી આમના મત પ્રમાણે સ્વરૂપથી કર્મનો ત્યાગ અર્થાત્ કર્મ જ ન કરવાં તે સંન્યાસ નથી, પરન્તુ સર્વ કર્મના ફલનો ત્યાગ કરવો એ જ ત્યાગ છે.

**ત્યાજ્યં દોષવદ્ ઈત્યેકે કર્મ પ્રાહુર્ મનીષિણઃ।**
**યજ્ઞ-દાન-તપઃ કર્મ ન ત્યાજ્યમ્ ઈતિ ચાપરે।।૩।।**

**શ્લોકાર્થ :** કેટલાક બુદ્ધિમાનો દોષવાળું કર્મ ત્યાજ્ય છે એમ કહે છે. બીજાઓ યજ્ઞ, દાન તથા તપ રૂપી કર્મનો ત્યાગ ન કરવો એમ કહે છે.

**વિવેચન :** કર્મમાં હિંસા વિગેરે દોષ હોવાથી કર્મ ત્યાજ્ય છે એમ કેટલાક બુદ્ધિમાનો સાંખ્યવાળાઓ કહે છે. અહીં પણ જે કર્મ દોષરહિત હોય તે ત્યાજ્ય નથી એવો ભાવાર્થ તથા

યુક્તિ હોવાથી આમને 'બુદ્ધિમાન્' કહેલા છે. બીજા બુદ્ધિમાન્ મીમાંસકો યજ્ઞ દાન તથા તપઃ વેદોએ વિહિત કરેલાં છે તે તથા તેઓના ફળનો પણ ત્યાગ કરવો ઉચિત નથી એમ કહે છે. આ લોકો વેદના કોઈ પણ અંશનો ત્યાગ કરતા નહિ હોવાથી તેમને બુદ્ધિમાન્માં ગણેલા છે. આ રીતે કર્મ ત્યાગ સમ્બન્ધી ચાર મત કહ્યા :

૧. કવિઓ કહે છે કે કામ્ય કર્મનો સ્વરૂપથી ત્યાગ કરવો. આ મત પ્રમાણે પણ કામ્ય સિવાયનાં કર્મ કરવાનાં રહ્યાં.
૨. વિચક્ષણ ભક્તો કહે છે કે સર્વ કર્મના ફલનો ત્યાગ કરવો. કર્મનો સ્વભાવથી ત્યાગ કરવો નહિ, પણ સર્વ કર્મના ફલનો ત્યાગ કરવો.
૩. દોષવાળાં કર્મનો ત્યાગ કરવો એમ સાંખ્યવાળાઓ કહે છે.
૪. કર્મ તથા કર્મફલ કોઈનો ત્યાગ કરવો નહિ એમ મીમાંસકો કહે છે.

**નિશ્ચયં શૃણુ મે તત્ર ત્યાગે ભરતસત્તમ ! ।**
**ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર ત્રિવિધઃ સમ્પ્રકીર્તિતઃ ।।૪।।**

**શ્લોકાર્થ :** હે ભરતસત્તમ ! તે ત્યાગ સમ્બન્ધમાં મારો નિશ્ચય સાંભળ. હે પુરુષવ્યાઘ્ર ! ત્યાગ ત્રણ પ્રકારના કહેલા છે.

**વિવેચન :** એ પ્રમાણે અન્યના મતોનો ઉપન્યાસ કરી ભગવાન્ આ સમ્બન્ધમાં પોતે કરેલો નિર્ણય કહે છે. હે પુરુષમાં વ્યાઘ્રરૂપ અર્જુન ! ત્યાગ ત્રણ પ્રકારનો છે, સાત્ત્વિક, રાજસ અને તામસ. આ શ્લોકમાં ભગવાન્ ત્યાગ સમ્બન્ધમાં પોતાનો નિશ્ચય તથા ત્રણ પ્રકારનો ત્યાગ કહેવાનું કહે છે.

અહીંથી બે શ્લોકથી ( ૫ - ૬ ) પ્રથમ ભગવાન્ ત્યાગ સમ્બન્ધમાં પોતાનો નિશ્ચય અર્જુનને કહે છે, અને પછી ત્રણ શ્લોકથી ( ૭ - ૯ ) ત્રણ પ્રકારનો ત્યાગ કહે છે.

**યજ્ઞ-દાન-તપઃ-કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્ ।**
**યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્ ।।૫।।**

**શ્લોકાર્થ :** યજ્ઞ, દાન તથા તપ રૂપી કર્મનો ત્યાગ ન કરવો. તે કરવાં જ યજ્ઞ, દાન તથા તપ બુદ્ધિમાનોને પાવન કરનાર જ છે.

**વિવેચન :** પ્રથમ ભગવાન્ મીમાંસકોના મતને એક અંશમાં અંગીકાર કરે છે. ''યજ્ઞ વિષ્ણુ છે'' શ્રુતિ પ્રમાણે યજ્ઞ ભગવત્સ્વરૂપ છે. યજ્ઞ, દાન તથા સ્વધર્મના આચરણરૂપ તપ એ ત્રણેનો ત્યાગ ન કરવો, પ્રત્યુત એ ત્રણે કરવાં જ. મુમુક્ષુઓએ પણ આ કર્મનો ત્યાગ ન કરવો, પરન્તુ મરણ પર્યન્ત સદા કર્મ કરવાં જ. આ કર્મ શા માટે કરવાં ? કારણ કે આ કર્મ બુદ્ધિમાનોને પણ પાવન કરનાર જ છે.

કર્મ દોષવાળાં છે તેથી કર્મનો ત્યાગ કરવો એમ જે બુદ્ધિમાનો કહે છે તેમને પણ આ કર્મ પાવન કરનાર જ છે. કર્મ દોષવાળાં નથી, પરન્તુ પાવન કરનાર જ છે. તેથી કર્મ કરવાં. આ સમ્બન્ધી નિર્ણય બ્રહ્મસૈત્રના તૃતીય અધ્યાયના તૃતીય પાદના પઞ્ચદશ અધિકરણમાં ( સૈત્ર ૪૨ માં ) કરેલો છે.

**એતાન્યપિ તુ કર્માણિ સંગં ત્યક્ત્વા ફલાનિ ચ ।**
**કર્તવ્યાનીતિ મે પાર્થ ! નિશ્ચિતં મતમુત્તમમ્ ।।૬।।**

**શ્લોકાર્થ :** પરન્તુ હે પાર્થ ! આ કર્મો પણ સંગ અને ફલ નો ત્યાગ કરી કરવાં એવો મારો નિશ્ચિત ઉત્તમ મત છે.

**વિવેચન :** પરન્તુ યજ્ઞ, દાન અને તપ પણ તેઓનો સંગ તથા તેઓના ફલનો ત્યાગ કરી કરવાં. ''હું કર્તા છું'' એવું અભિમાન ન રાખતાં ભગવાન્‌માં સર્વ કર્મનો ન્યાસ કરી, અર્થાત્ ''ભગવાન્ કર્તા છે હું તેને આધીન રહી તેમના કરાવવાથી આ કરું છું'' એમ વિચારી કર્મ કરવાથી તેનો સંગ થતો નથી, કર્મમાં મમત્વ રહેતું નથી અને કર્મના ફલનો પણ ત્યાગ થાય છે. આ પ્રમાણે પણ કર્મ કરવા અર્થાત્ સ્વરૂપથી કર્મનો ત્યાગ ન કરવો, પરન્તુ કર્મના ફલનો ત્યાગ કરવો એ મારો નિશ્ચિત ઉત્તમ મત છે. તેથી વિચક્ષણ ભક્તોનો મત તે જ મારો મત છે એમ કહે છે. આ સર્વ મતોમાં આ મત ઉત્તમ છે.

**નિયતસ્ય તુ સંન્યાસઃ કર્મણો નોપપદ્યતે ।**
**મોહાત્ તસ્ય પરિત્યાગઃ તામસઃ પરિકીર્તિતઃ ॥૭॥**

**શ્લાકાર્થ :** નિયત કર્મનો સંન્યાસ યોગ્ય નથી. મોહથી તેનો ત્યાગ કરે તે તામસ કહેવાય છે.

**વિવેચન :** હવે ત્રણ પ્રકારના ત્યાગ કહે છે. તેમાં અહીં તામસ ત્યાગ કહેલો છે. અહીં કવિઓનો મત બીજા શ્લોકમાં કહ્યો તે મત દુષ્ટ છે એમ પણ દર્શાવેલ છે. કામના તથા ફલ નો બોધ કરીને પણ જે નિયત એટલે નિયમપૈર્વક કરવાના કર્મ વેદે કહેલાં છે તેનો સ્વરૂપથી ત્યાગ ઉચિત નથી. વિદ્વાનો આવાં કર્મનો સ્વરૂપથી ત્યાગ કરવાનું કહે છે તે યોગ્ય નથી, છતાં તમોગુણના પરિણામરૂપ મોહથી તેનો જો ત્યાગ કરવામાં આવે તો મોહથી કરેલો તે ત્યાગ 'તામસ' કહેવાય છે. ''પ્રમાદ અને મોહ તમોગુણમાંથી થાય છે'' એ વાકય પ્રમાણે મોહ તમોગુણનું કાર્ય હોવાથી મોહથી થતો ત્યાગ 'તામસ' જ કહેવાય.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈત્ર ૩।૪।૭ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**દુઃખમ્ ઈત્યેવ યત્ કર્મ કાય-કલેશ-ભયાત્ ત્યજેત્ ।**
**સ કૃત્વા રાજસં ત્યાગં નૈવ ત્યાગફલં લભેત્ ॥૮॥**

**શ્લોકાર્થ :** કર્મ દુઃખરૂપ છે એમ જ વિચારી કાયાને ક્લેશ થવાના ભયથી તેનો ત્યાગ કરે તે રાજસ ત્યાગ કરીને ત્યાગનું ફલ પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન :** વેદે કહેલાં નિયત કર્મો પરમ્પરાથી મોક્ષ પ્રાપ્ત કરાવે છે તો પણ તે યજ્ઞાદિ કર્મો કરવામાટે પ્રથમ બહુ પ્રયાસ કરી દ્રવ્ય પ્રાપ્ત કરવું જોઈએ. દ્રવ્ય પ્રાપ્ત થયા પછી પણ ઘણા આયાસથી જ તે કર્મ થઈ શકે તેથી તે કર્મ દુઃખમય છે. કર્મ દુઃખમય હોવાથી સુખનું વિરોધી છે. કર્મ કરવામાં કાયાને પણ કષ્ટ થાય છે. આવા વિચારથી જે કર્મ કરે નહિ અથવા કર્મનો ત્યાગ કરે તે 'રાજસ' ત્યાગ છે. આવો ત્યાગ કરનારને ત્યાગનું ફલ જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

**કાર્યમ્ ઈત્યેવ યત્ કર્મ નિયતં ક્રિયતેઽર્જુન ! ।**
**સંગં ત્યક્ત્વા ફલં ચૈવ સ ત્યાગઃ સાત્ત્વિકો મતઃ ॥૯॥**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! કર્મ કરવું જ જોઈએ એવા જ વિચારથી જે નિયત કર્મ સંગ તથા ફલ નો ત્યાગ કરી કરવામાં આવે છે તે ત્યાગ સાત્ત્વિક મનાએલો છે.

**વિવેચન :** વિચક્ષણ ભક્તોનો ત્યાગ તે સાત્ત્વિક ત્યાગ છે એમ કહે છે. નિત્ય, નૈમિતિક, મહાયજ્ઞ વિગેરે વર્ણાશ્રમવિહિત સર્વ કર્મ કરવાં જ જેઈએ. એવા વિચારથી કર્મનો સંગ એટલે

કર્મમાં મમતા તથા કર્મના ફલને ત્યાગ કરી કરવામાં આવે છે તે ત્યાગ સાત્ત્વિક છે. એવી રીતે જ સર્વ કર્મનો ત્યાગ કરી, માત્ર પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણ નો જ આશ્રય કરવો તે ભગવાન્‌ની આજ્ઞાનાં પાલનરૂપ નિર્ગુણ ત્યાગ છે, અને આચાર્યશ્રીએ તેને ઉત્તમ માનેલ છે.

**ન દ્વેષ્ટ્યકુશલં કર્મ કુશલે નાનુષજ્જતે ।**
**ત્યાગી સત્ત્વસમાવિષ્ટો મેધાવી છિન્નસંશયઃ ।।૧૦।।**

**શ્લોકાર્થ :** સત્ત્વમાં સમ્યક્ આવેશવાળો, બુદ્ધિમાન્, જેના સંશયો દૂર થએલા છે તેવો ત્યાગી અકુશલ કર્મનો દ્વેષ કરતો નથી, અને કુશલમાં આસક્ત થતો નથી.

**વિવેચન :** અહિં સાત્ત્વિક ત્યાગ કરનારનાં લક્ષણો કહેલાં છે. આવા ત્યાગીએ કર્મના સંગનો તથા કર્મફલનો ત્યાગ કરેલો હોવાથી તે અકુશલ એટલે અનિષ્ટ ફલ આપનાર કર્મનો દ્વેષ કરતો નથી, તેમજ 'કુશલ' એટલે સ્વર્ગ વિગેરે ઈષ્ટ ફલ આપનાર કર્મમાં આસક્ત થતો નથી. તેથી કર્મમાં સંગ તથા તેના ફલનો ત્યાગ એ જ શાસ્ત્રીય ત્યાગ છે, સ્વરૂપથી કર્મનો ત્યાગ શાસ્ત્રીય ત્યાગ નથી.

**ન હિ દેહભૃતા શક્યં ત્યક્તું કર્માણ્યશેષતઃ ।**
**યસ્તુ કર્મફલત્યાગી સ ત્યાગીત્યભિધીયતે ।।૧૧।।**

**શ્લોકાર્થ :** દેહધારીથી સમ્પૈર્ણ રીતે કર્મોનો ત્યાગ શક્ય નથી, પરન્તુ જેણે કર્મના ફલનો ત્યાગ કરેલો છે તે 'ત્યાગી' એમ કહેવાય છે.

**વિવેચન :** દેહધારીથી સમ્પૈર્ણ રીતે કર્મોનો ત્યાગ શક્ય નથી, કારણ કે દેહ ટકાવવા માટે અશન, પાન તથા તે માટે ઉપયોગી સર્વ કર્મો તેણે અવશ્ય કરવાં જ પડે છે. તેટલાં જ માટે મહાયજ્ઞ વિગેરે કર્મો પણ તેનાથી તજી શકાય નહિ, પરન્તુ તે યજ્ઞ વિગેરે કર્મોનાં ફલનો જેણે ત્યાગ કરેલો છે, જેણે ''હું કર્તા છું, આ કર્મ મારું છે'' એવા પોતાનાં કર્તૃપણાનો તથા મમતાનો ત્યાગ કરેલો છે તે જ ''કેટલાક ત્યાગથી અમૃતત્વ ભોગવે છે'' વિગેરે સ્થળે કહેલો ત્યાગી છે.

**અનિષ્ટમ્ ઈષ્ટં મિશ્રં ચ ત્રિવિધં કર્મણઃ ફલમ્ ।**
**ભવત્યત્યાગિનાં પ્રેત્ય ન તુ સંન્યાસિનાં ક્વચિત્ ।।૧૨।।**

**શ્લોકાર્થ :** અત્યાગીઓને અનિષ્ટ, ઈષ્ટ અને મિશ્ર એ ત્રણ પ્રકારનું કર્મનું ફળ મરણ પછી પ્રાપ્ત થાય છે, પરન્તુ સંન્યાસીઓને કોઈ સમયે પ્રાપ્ત થતું નથી.

**વિવેચન :** શાસ્ત્રમાં જ્યાં કર્મ કરવાની વિધિ કહેલી છે ત્યાં તેનાં ફલનું પણ નિરૂપણ કરેલું છે. કર્મનો સ્વભાવ જ એવો છે કે પોતાનું ફલ પ્રાપ્ત કરાવે. આવા સ્વભાવનું કર્મ છે એમ જાણવા છતાં જો કર્મ કરવામાં આવે તો ક્ષેત્રમાં બીજ વાવી સિઞ્ચન કરવાથી ફલની પ્રાપ્તિ થયા વિના રહે નહિ, તેમ કર્મનાં ઈષ્ટ, અનિષ્ટ વિગેરે ફલ અવશ્ય પ્રાપ્ત થાય. આવાં કર્મનાં ફલ મોક્ષનાં વિરોધી હોવાથી મુમુક્ષુએ કર્મનો સર્વથા ત્યાગ જ કરવો ઉચિત છે એવી શંકા થાય તે આ શ્લોકથી ભગવાન્ દૈર કરે છે.

કર્મનું નરક વિગેરે અનિષ્ટ ફલ, સ્વર્ગ વિગેરે ઈષ્ટ તથા ધન, પુત્ર, પશુ, અન્ન વિગેરેની પ્રાપ્તિરૂપ મિશ્ર ફલ છે. આવાં ફલ જેઓ અત્યાગી છે, અર્થાત્ જેઓએ ઉપર વર્ણવેલો કર્મનો ત્યાગ કરેલો નથી તેવા કર્મીઓને જ મરણ પછી પ્રાપ્ત થાય છે, પરન્તુ જેઓ ત્યાગી છે, જેઓએ કર્તૃપણાનાં તથા મમતાનાં અભિમાનનો તથા કર્મનાં ફળનો ત્યાગ કરેલો છે

તેઓને મરણ પૈર્વે અથવા મરણ પછી કોઈ સમયે આ કર્મનાં ફળ પ્રાપ્ત થતાં નથી. જેઓએ કર્મનાં ફળનો ત્યાગ કરેલો છે, અને સર્વ કર્મ ભગવાન્‌ને અર્પણ કરેલાં છે તેઓને કર્મનું મોક્ષવિરોધી ફલ કદાપિ પ્રાપ્ત થતું નથી.

**પઞ્ચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે ।**
**સાંખ્યે કૃતાન્તે પ્રોક્તાનિ સિદ્ધયે સર્વકર્મણામ્ ।।૧૩।।**

**શ્લોકાર્થ :** હે મહાબાહો ! સર્વ કર્મની સિદ્ધિમાટે સાંખ્ય સિદ્ધાન્તમાં કહેલાં આ પાંચ કારણો મારી પાસેથી સાંભળ.

**વિવેચન :** અહિંથી કર્મમાત્રમાં ભગવાન્ જ કર્તા છે એવું અનુસન્ધાન રાખી જીવના કર્તૃત્વનો પરિહાર કેવી રીતે થાય તે દર્શાવે છે. આગલા (૧૪)શ્લોકમાં કહેલાં પાંચ કર્મના કારણો હોવા છતાં, કર્તૃત્વ પોતામાં છે એમ જીવ માની લે છે તેથી તેની નિન્દા થાય છે. જ્યારે કર્મમાત્રનું કારણ (સત્ત્વાદિ) ગુણો જ છે અથવા દૈવ અથવા હરિ છે એમ જાણે, ત્યારે જ જીવની કર્મમાંથી તથા કર્મફલમાંથી મમતા દૈર થાય છે. વસ્તુતઃ કર્તૃત્વ અન્તર્યામીમાં રહેલું છે, કારણ કે અન્તર્યામી સ્વતન્ત્ર છે અને સર્વને નિયમમાં રાખે છે. જીવ પરતન્ત્ર હોવાથી તેનું કર્તૃત્વ મુખ્ય નથી, પણ ગૌણ જ છે. તેથી વસ્તુતઃ કર્તા અન્તર્યામીરૂપ બ્રહ્મ જ છે, જીવ બ્રહ્મનો અંશ માત્ર હોવાથી તેનું કર્તૃત્વ ગૌણ છે. આવો સિદ્ધાન્ત ભગવાન્ કહેશે.

સાંખ્ય સિદ્ધાન્તમાં સર્વ કર્મની સિદ્ધિના પાંચ કારણો કહેલાં છે તે સાંભળ. સાંખ્યમાં વેદના અનુરોધથી સૈંત્ર કરેલાં છે. તે પ્રમાણે શરીર ઈન્દ્રિય, પ્રાણ અને જીવાત્મા ઉપકરણોવાળો અન્તર્યામી પરમાત્મા જ ઉત્તમ કર્તા છે. ''જે આત્મામાં રહી આત્માને નિયમમાં રાખે છે'' વગેરે શ્રુતિઓ સ્વતન્ત્રતાથી નિયમન કરનાર કેવલ પરમાત્મા જ છે એવો બોધ કરે છે. કર્મની સિદ્ધિના સાંખ્યમાં કહેલા પાંચ કારણો આગળ કહે છે.

**અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્ ।**
**વિવિધાશ્ચ પૃથક્ ચેષ્ટા દૈવં ચૈવાત્ર પઞ્ચમમ્ ।।૧૪।।**
**શરીર-વાઙ્-મનોભિર્યત્ કર્મ પ્રારભતે નરઃ ।**
**ન્યાય્યં વા વિપરીતં વા પઞ્ચૈતે તસ્ય હેતવઃ ।।૧૫।।**

**શ્લોકાર્થ :** માણસ શરીર વાણી તથા મન થી ન્યાય્ય અથવા વિપરીત જે કોઈ પણ કર્મનો પ્રારમ્ભ કરે છે તેના અધિષ્ઠાન, કર્તા જુદા - જુદા પ્રકારનું કરણ, વિવિધ ચેષ્ટાઓ અને પાંચમું દૈવ જ, એ પાંચ હેતુઓ હોય છે.

**વિવેચન :** શરીર, વાણી તથા મન થી કર્મ કરી શકાય છે. એ ત્રણેવડે માણસ ન્યાય્ય એટલે શાસ્ત્રીય અથવા વિહિત અને વિપરીત એટલે નિષિદ્ધ વિગેરે જે કાંઈ કર્મ કરે છે તેના પાંચ કારણો છે.

૧. 'અધિષ્ઠાન' એટલે શરીર પ્રથમ કારણ છે.
૨. 'કર્તા' એટલે અહપારવાળો જીવાત્મા.
૩. જુદા - જુદા પ્રકારનું કરણ એટલે મનસહિત ઈન્દ્રિયો જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો.
૪. વિવિધ જુદી - જુદી ચેષ્ટાઓ અથવા વૃત્તિઓ.
૫. દૈવ - દૈવનો અર્થ કેટલાક અદષ્ટ કરે છે. તે યોગ્ય નથી. અહીં 'દૈવ'નો અર્થ અન્તર્યામી છે.

કર્મમાત્રની સિદ્ધિમાટે મુખ્ય કારણ 'દૈવ' એટલે અન્તર્યામી છે. આ અન્તર્યામી સ્વરૂપ સર્વના હૃદયમાં રહેલું છે એમ ભગવાને જ પાછળ કહેલું છે. શ્રીમદાચાર્યચરણ પણ 'અન્તઃકરણપ્રબોધ'માં બોધ કરે છે કે દોષથી રહિત દૈવ વસ્તુ શ્રીકૃષ્ણથી જુદી નથી (''કૃષ્ણાત્પરં નાસ્તિ દૈવં વસ્તુ દોષવિવર્જિતમ્'')

કર્તુત્વનો નિર્ણય વેદાન્તસૈત્રમાં સારી રીતે કરેલો છે. બીજા અધ્યાયના તૃતીયપાદમાં આ સમ્બન્ધી નિર્ણય કરેલો છે. જીવાત્મા અન્તર્યામીને આધીન રહી કર્તા થાય છે, એવો ત્યાં નિર્ણય કરેલો છે. બ્રહ્મસૈત્ર ૨।૩।૪૦-૪૨.

**તત્રૈવં સતિ કર્તારમ્ આત્માનં કેવલં તુ યઃ।**
**પશ્યત્યકૃતબુદ્ધિત્વાત્ ન સ પશ્યતિ દુર્મતિઃ।।૧૬।।**

**શ્લોકાર્થ :** તે સમ્બન્ધમાં આમ હોવાથી, જે કેવલ આત્માને કર્તા જુએ છે તે દુર્બુદ્ધિ વિવેક બુદ્ધિ રહિત હોવાથી સત્ય જોતો નથી.

**વિવેચન :** કર્મનાં કારણ પાંચ હોવાથી પાંચ કર્તા ગણાય. તેમાં પણ મુખ્ય સ્વતન્ત્ર કર્તા અન્તર્યામી છે. પ્રકૃતિ અને પુરુષ નો સમ્બન્ધ કરાવનાર પરમાત્માની અનુમતિથી જ જીવ કર્તા થાય છે. તેનું કર્તૃત્વ પણ ગૌણ છે. આમ હોવા છતાં જે માત્ર જીવાત્માને જ કર્તા માને છે તે વિપરીત મતિવાળો છે, તેણે ગુરુદ્વારા વિવેક બુદ્ધિથી કર્તૃત્વ વિષે સત્ય નિર્ણય પ્રાપ્ત કર્યો નથી, તેને તે સમ્બન્ધી સત્ય જ્ઞાન નથી.

**યસ્ય નાહપૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે।**
**હત્વાપિ સ ઈમાન્ લોકાન્ ન હન્તિ ન નિબધ્યતે।।૧૭।।**

**શ્લોકાર્થ :** ''હું કર્તા છું'' એવો જેનો ભાવ નથી, જેની બુદ્ધિ લેપાતી નથી તે આ લોકોને હણવા છતાં હણતો નથી અને બન્ધન પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન :** મુખ્ય કર્તા પરમાત્મા જ કર્તા છે એવું અનુસન્ધાન રાખવાથી ''હું કર્તા છું'' એવું અભિમાન જેના મનમાં રહેતું નથી, અને કર્મફલની પ્રાપ્તિ વિગેરે માટે જેની બુદ્ધિ બગડતી નથી તે ભીષ્મ વિગેરેને તો શું, પરન્તુ આ લોકોને હણવા છતાં પણ હણતો નથી, અને તે કર્મથી તેને બંધ પ્રાપ્ત થતો નથી, અર્થાત્ તે કર્મનું ફલ તેને ભોગવવું પડતું નથી. જ્યારે નિષિદ્ધ કર્મ પણ આવી રીતે બન્ધન કરતું નથી તો વિહિત કર્મથી તેને બન્ધન કેમ જ થાય ? આ જ અર્થ પાછળ અધ્યાય ૫ શ્લોક ૧૦ માં કહેલ છે.

**જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના।**
**કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહઃ।।૧૮।।**

**શ્લોકાર્થ :** જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા ત્રણ પ્રકારની કર્મની વિધિ છે. કરણ કર્મ અને કર્તા ત્રણ પ્રકારનો કર્મસંગ્રહ છે.

**વિવેચન :** જ્ઞાન-જ્ઞેય એટલે કર્તવ્ય કર્મનાં સાધન અને 'પરિજ્ઞાતા' એટલે કર્તવ્ય કર્મને જાણનાર; અથવા 'જ્ઞાન' એટલે ફલનાં સ્વરૂપનાં જ્ઞાનપૈર્વક તે આત્માને એટલે ઈશ્વરને આધીન છે તેવું જ્ઞાન; 'જ્ઞેય' એટલે ફલનાં સાધનરૂપ કર્મ અને પરિજ્ઞાતા એટલે જ્ઞાન તથા જ્ઞેય નું સ્વરૂપ જાણનાર. એમ જ્ઞાન વિગેરેને લઈને થતી કર્મની પ્રેરણા ત્રણ પ્રકારની છે. વેદમાં પણ કર્મની વિધિ ત્રણ ગુણવાળી છે, તેથી જ વેદ ત્રૈગુણ્યવિષય છે એમ કહેલું છે. 'કરણ' એટલે

કર્મનાં સાધનભૈંત ઇન્દ્રિયો તથા દ્રવ્ય. 'કર્મ' એટલે યજ્ઞ વિગેરે ક્રિયા. 'કર્તા' એટલે યજ્ઞ વિગેરે ક્રિયા કરનાર. એમ ત્રણ પ્રકારનો કર્મસંગ્રહ છે.

**જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ ।**
**પ્રોચ્યતે ગુણસંખ્યાને યથાવત્ શ્રુણુ તાન્યપિ ।।૧૯।।**

**શ્લોકાર્થ :** ગુણોના ભેદથી જ્ઞાન, કર્મ અને કર્તા ને પણ સાંખ્યશાસ્ત્રમાં ત્રણ પ્રકારના કહેલાં છે, તે પણ બરાબર શ્રવણ કર.

**વિવેચન :** જેમાં કાર્યના ભેદથી ગુણોનું સંખ્યાન અથવા નિરૂપણ કરવામાં આવે છે તે 'ગુણસંખ્યાન' એટલે સાંખ્ય. શાસ્ત્રમાં સત્ત્વાદિ ત્રણ ગુણોના ભેદથી જ્ઞાન વિગેરેને પણ ત્રણ પ્રકારનાં કહેલાં છે.

**સર્વભૈંતેષુ યેનૈકં ભાવમ્ અવ્યયમ્ ઈક્ષતે ।**
**અવિભક્તં વિભક્તેષુ તજ્ જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્ ।।૨૦।।**

**શ્લોકાર્થ :** સર્વ વિભક્ત ભૈંતોમાં એક અવિભક્ત અવ્યય ભાવને જેનાથી જુએ છે તે જ્ઞાન સાત્ત્વિક જાણ.

**વિવેચન :** બ્રાહ્મણ, ક્ષત્રિય વિગેરે વર્ણો તથા બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય વિગેરે આશ્રમોમાં વિભક્ત થએલાં જુદા - જુદા કર્મના અધિકારવાળા અનેક પ્રાણીઓમાં સર્વમાં આત્મરૂપ એક જ ભાવ, જે વ્યય સ્વભાવવાળાં અનેક શરીરોમાં હોવા છતાં અવ્યય છે, જેને કર્મનાં ફલનો સંગ અથવા આસક્તિ નથી, અને જે સર્વ શરીરોમાં એક આકારવાળો જ છે તેને જે જ્ઞાનથી જુએ છે અર્થાત્ કર્મના અધિકાર સમયે એટલે કર્મ કરતી વખતે પણ જુએ છે તે જ્ઞાન સાત્ત્વિક જાણ.

**પૃથક્ત્વેન તુ યજ્ જ્ઞાનં નાનાભાવાન્ પૃથગ્વિધાન્ ।**
**વેત્તિ સર્વેષુ ભૈંતેષુ તજ્ જ્ઞાનં વિદ્ધિ રાજસમ્ ।।૨૧।।**

**શ્લોકાર્થ :** જે જ્ઞાન સર્વ ભૈંતોમાં રહેલા જુદા - જુદા પ્રકારના જુદા - જુદા ભાવોને જુદા તરીકે જાણે છે તે જ્ઞાન રાજસ જાણ.

**યત્તુ કૃત્સ્નવદ્ એકસ્મિન્ કાર્યે સક્તમ્ અહૈતુકમ્ ।**
**અતત્ત્વાર્થવદ્ અલ્પં ચ તત્ તામસમ્ ઉદાહૃતમ્ ।।૨૨।।**

**શ્લોકાર્થ :** પરન્તુ જે એક કાર્યમાં ( તે ) સર્વ હોય તેમ લાગેલું, નિષ્પ્રયોજન, તત્ત્વાર્થરહિત અને અલ્પ હોય તે તામસ કહેવાય છે.

**વિવેચન :** પરન્તુ જે પ્રેત અથવા ભૈંતના આરાધનરૂપ એક જ કાર્યમાં, જાણે તે સર્વ ફલ આપનાર હોય તેમ, લાગેલું હોય; તત્ત્વાર્થરહિત હોવાથી અહૈતુક અથવા નિષ્પ્રયોજન અને અલ્પ હોય તે જ્ઞાન તામસ છે.

અહીંથી ત્રણ શ્લોકથી( ૨૩ - ૨૫ ) અનુષ્ઠેય કર્મના સાત્ત્વિક વિગેરે ત્રણ ભેદો કહે છે.

**નિયતં સંગરહિતમ્ અરાગ-દ્વેષતઃ કૃતમ્ ।**
**અફલપ્રેપ્સુના કર્મ યત્ તત્ સાત્ત્વિકમ્ ઉચ્યતે ।।૨૩।।**

**શ્લોકાર્થ :** ફલની ઇચ્છા નહિ રાખનારે આસક્તિ વિના તથા રાગદ્વેષ વિના જે નિયત કર્મ કરેલું હોય તે સાત્ત્વિક કહેવાય છે.

**વિવેચન :** શ્રુતિમાં પોતાના વર્ણ તથા આશ્રમ નું જે 'નિયત' એટલે નિયમ પ્રમાણે કરવાનું કર્મ

કહેલું હોય, તેવું કર્મ ''હું કર્તા છું'' એવી આસક્તિ વિના તથા કર્મથી પ્રાપ્ત થવાના યશ તથા અપયશ પ્રતિ પ્રીતિ અથવા દ્વેષ વિના, ફલની ઇચ્છા નહિ રાખનાર પુરુષે કરેલું હોય, તે સાત્ત્વિક કહેવાય છે.

**યત્તુ કામેપ્સુના કર્મ સાહપારેણ વા પુનઃ ।**
**ક્રિયતે બહુલાયાસં તદ્ રાજસમ્ ઉદાહૃતમ્ ।।૨૪।।**

**શ્લોકાર્થ :** પરન્તુ ફલની ઇચ્છાથી અથવા તો અહપારસહિત જે બહુ શ્રમવાળું કર્મ કરવામાં આવે છે તે રાજસ કહેલું છે.

**વિવેચન :** ફલની ઇચ્છાથી અથવા ''હું આ કર્મનો કર્તા છું, આ મારું કર્મ છે'' એવા અહપારથી બહુ શ્રમવાળું જે કર્મ કરવામાં આવે તે રાજસ છે.

**અનુબન્ધં ક્ષયં હિંસામ્ અનવેક્ષ્ય ચ પૌરુષમ્ ।**
**મોહાદ્ આરભ્યતે કર્મ યત્ તત્ તામસમ્ ઉચ્યતે ।।૨૫।।**

**શ્લોકાર્થ :** અનુબન્ધ, ક્ષય, હિંસા તથા પૌરુષનો વિચાર કર્યા વિના મોહથી કર્મ આરમ્ભાય છે તે તામસ કહેવાય છે.

**વિવેચન :** 'અનુબન્ધ' એટલે કર્મ કર્યા પછી તેનું પ્રાપ્ત થતું શુભ અથવા અશુભ ફલ. આવા અનુબન્ધ વિગેરેનો વિચાર કર્યા વિના મોહથી જે કર્મ આરમ્ભાય તે તામસ.

**મુકતસંગોઽનહંવાદી ધૃત્યુત્સાહ-સમન્વિતઃ ।**
**સિદ્ધ્યસિદ્ધ્યોર્ નિર્વિકારઃ કર્તા સાત્ત્વિક ઉચ્યતે ।।૨૬।।**

**શ્લોકાર્થ :** સંગથી રહિત, અહપારરહિત, ધૃતી અને ઉત્સાહ વાળો, સિદ્ધિ તથા અસિદ્ધિ માં વિકારરહિત એવો કર્તા સાત્ત્વિક કહેવાય છે.

**વિવેચન :** અહીંથી ત્રણ શ્લોકથી ( ૨૬ - ૨૮ ) સત્ત્વ વિગેરે ગુણોના ભેદથી ત્રણ પ્રકારના કર્તાનું નિરૂપણ કરે છે.

જે કર્તા 'સંગ' એટલે આસક્તિ રહિત હોય, જેને ''હું કર્તા છું'' એવું અભિમાન ન હોય; જે ધૃતિ તથા ઉત્સાહ વાળો હોય, તથા કાર્યની સિદ્ધિ - અસિદ્ધિમાં વિકારરહિત હોય તે સાત્ત્વિક કહેવાય છે.

**રાગી કર્મફલપ્રેપ્સુઃ લુબ્ધો હિંસાત્મકોઽશુચિઃ ।**
**હર્ષ-શોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિતઃ ।।૨૭।।**

**શ્લોકાર્થ :** રાગવાળો, કર્મફળની ઇચ્છાવાળો, લોભી, હિંસા કરનાર, અપવિત્ર તથા હર્ષ અને શોક વાળો કર્તા રાજસ કહેવાય છે.

**વિવેચન :** 'રાગ' એટલે આસક્તિવાળો, ફલની ઇચ્છા રાખનાર, લોભી, પરને પીડવારૂપ હિંસા કરનાર, અશુદ્ધ અપવિત્ર રહેનાર તથા કર્મના સારાં ફલથી હર્ષ અને અનિષ્ટ ફલથી શોક કરનાર કર્તા રાજસ છે.

**અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃ શઠો નૈષ્કૃતિકોઽલસઃ ।**
**વિષાદી દીર્ઘસૈંત્રી ચ કર્તા તામસ ઉચ્યતે ।।૨૮।।**

**શ્લોકાર્થ :** અયુક્ત, પ્રાકૃત, સ્તબ્ધ, શઠ, વઞ્ચક, આળસુ, શોક કરનાર તથા દીર્ઘસૈંત્રી કર્તા તામસ કહેવાય છે.

**વિવેચન :** 'અયુક્ત' એટલે શાસ્ત્રીય કર્મ કરવાનો અધિકાર હોવા છતાં જે તેવાં કર્મ ન કરતો હોય તેવો, 'પ્રાકૃત' એટલે હલકાં કર્મ અથવા વિકર્મ કરનાર, 'સ્તબ્ધ' અટલે વિદ્યા નહિ જાણનાર અથવા કર્મના આરમ્ભમાં જ શિથિલ, 'શઠ' એટલે અભિચાર વિગેરે કર્મમાં રુચિવાળો, વઞ્ચક, આળસુ, વિષાદ કરનાર તથા કર્મમાં લંબાણ કરનાર કર્તા તામસ છે.

**બુદ્ધેર્ભેદં ધૃતેશ્ચૈવ ગુણતસ્ ત્રિવિધં શૃણુ ।**
**પ્રોચ્યમાનમ્ અશેષેણ પૃથક્ત્વેન ધનઞ્જય !।।૨૯।।**

**શ્લોકાર્થ :** હે ધનઞ્જય ! ગુણને લીધે બુદ્ધિના તેમજ ધૃતિના ત્રણ પ્રકારના ભેદ સમ્પૈર્ણ રીતે જુદા – જુદા કહું છું તે સાંભળ.

**વિવેચન :** કર્મના ત્રણ પ્રકારના ભેદ કહ્યા ( ૨૬ – ૨૮ ) તેથી જ્ઞાતાના પણ ત્રણ પ્રકારના ભેદ કહેવાયા. કર્મના ત્રણ પ્રકારના ભેદ કહ્યા ( ૨૩ – ૨૫ ) તેથી જ્ઞેયના પણ ભેદ કહેવાયા. હવે કરણના ભેદ કહેવા માટે નિશ્ચયાત્મક બુદ્ધિના તથા ધૃતિના ત્રણ પ્રકારના ભેદ કહેવાની અહીં પ્રતિજ્ઞા કરે છે. પછી ત્રણ શ્લોકથી ( ૩૦ – ૩૨ ) બુદ્ધિના અને ત્રણ શ્લોકથી ( ૩૩ – ૩૫ ) ધૃતિના ભેદો કહે છે.

**પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે ।**
**બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ ! સાત્ત્વિકી ।૩૦।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કાર્ય અને અકાર્ય, ભય અને અભય તથા બન્ધ અને મોક્ષ ને જે બુદ્ધિ જાણે છે તે સાત્ત્વિકી છે.

**વિવેચન :** 'પ્રવૃત્તિ' એટલે અભ્યુદયના સાધનરૂપ ધર્મ અને 'નિવૃત્તિ' એટલે મોક્ષના સાધનરૂપ ધર્મ વિગેરેને જે બુદ્ધિ યથાર્થ રીતે જાણે છે તે સાત્ત્વિકી છે. બુદ્ધિ મનથી પર હોવાથી તેને અહીં 'જાણનારી' કહેલી છે.

**યયા ધર્મમ્ અધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।**
**અયથાવત્ પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ ! રાજસી ।।૩૧।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! જેનાથી ધર્મ અને અધર્મ ને તથા કાર્ય અને અકાર્ય ને ખોટી રીતે જાણે તે બુદ્ધિ રાજસી છે.

**વિવેચન :** ધર્મ –અધર્મ, કાર્ય– અકાર્ય ને જે બુદ્ધિથી માણસ યથાર્થ રીતે જાણતો નથી એટલે જેવાં તે વસ્તુતઃ છે તેવાં જાણતો નથી, પરન્તુ બીજા પ્રકારનાં જાણે છે તે બુદ્ધિ રાજસી છે.

**અધર્મં ધર્મમ્ ઈતિ યા મન્યતે તમસાઽઽવૃતા ।**
**સર્વાર્થાન્ વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ ! તામસી ।।૩૨।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! અજ્ઞાનથી વીંટાએલી જે બુદ્ધિ અધર્મને ધર્મ અને સર્વ અર્થોને ઉલટા માને છે તે તામસી છે.

**ધૃત્યા યયા ધારયતે મનઃ–પ્રાણેન્દ્રિય–ક્રિયાઃ ।**
**યોગેનાવ્યભિચારિણ્યા ધૃતિઃ સા પાર્થ ! સાત્ત્વિકી ।।૩૩।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ! યોગથી અવ્યભિચારિણી ધૃતિથી જે મન, પ્રાણ તથા ઈન્દ્રિયો ની ક્રિયાઓને ધારણ કરે છે તે સાત્ત્વિકી ધૃતિ છે.

**વિવેચન :** 'ધૃતિ' એટલે દેહ વિગેરે ધારણ કરવાની ક્રિયા. સાત્ત્વિકી ધૃતિ કોને કહેવી તે અહીં કહેલું છે.

**યયા તુ ધર્મ-કામાર્થાન્ ધૃત્યા ધારયતેઽર્જુન !।**
**પ્રસંગેન ફલાકાંક્ષી ધૃતિઃ સા પાર્થ ! રાજસી ।।૩૪।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! જે ધૃતિથી ધર્મ કામ અને અર્થ નું ધારણ કરે છે અને પ્રસંગે ફલની આકાંક્ષા રાખે છે તે રાજસી ધૃતિ છે.

**વિવેચન :** જે ધૃતિથી ધર્મ અર્થ અને કામ એ ત્રિવર્ગને ધારણ કરે છે અને ''હું કર્તા છું'' એવી આસક્તિ રાખી ફલની આકાૂા રાખે છે તે રાજસી ધૃતિ છે.

**યયા સ્વપ્નં ભયં શોકં વિષાદં મદમેવ ચ ।**
**ન વિમુઞ્ચતિ દુર્મેધા ધૃતિઃ સા પાર્થ ! તામસી ।।૩૫।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! દુર્બુદ્ધિવાળો જેનાથી નિદ્રા, ભય, શોક, વિષાદ તથા મદ ને તજતો નથી તે ધૃતિ તામસી છે.

**સુખંત્વિદાનીં ત્રિવિધં શૃણુ મે ભરતર્ષભ !।**
**અભ્યાસાદ્ રમતે યત્ર દુઃખાન્તં ચ નિગચ્છતિ ।।૩૬।।**

**શ્લોકાર્થ :** હે ભરતર્ષભ ! હવે મારી પાસેથી ત્રણ પ્રકારનું સુખ સાંભળ, જેમાં અભ્યાસથી રમણ કરે છે અને દુઃખના અન્તને પામે છે.

**વિવેચન :** હવે ત્રણ પ્રકારનું સુખ કહેવાની પ્રતિજ્ઞા કરે છે. આ સુખનો દીર્ઘ સમય સુધી અભ્યાસ રાખવાથી તેમાં ઘણી રતિ પ્રાપ્ત કરે છે, અને સંસારના દુઃખના અન્તને પામે છે.

**યત્ તદ્ અગ્રે વિષમિવ પરિણામેઽમૃતોપમમ્ ।**
**તત્ સુખં સાત્ત્વિકં પ્રોક્તમ્ આત્મ-બુદ્ધિપ્રસાદજમ્ ।।૩૭।।**

**શ્લોકાર્થ :** જે આરમ્ભમાં વિષ જેવું અને પરિણામમાં અમૃતસમાન છે તેવું પોતાની બુદ્ધિની પ્રસન્નતાથી ઉત્પન્ન થતું સુખ સાત્ત્વિક કહેલું છે.

**વિવેચન :** જે 'આરમ્ભ'માં એટલે યોગના પ્રારમ્ભ સમયે– યોગ બહુ શ્રમથી જ સાધી શકાય તેવો હોવાથી તથા તે સમયે વિવિક્ત આત્માનાં સ્વરૂપનો અનુભવ નહિ હોવાથી –વિષ જેવું એટલે બહુ દુઃખરૂપ લાગે, પરન્તુ પરિણામમાં યોગ સિદ્ધ થાય ત્યારે આત્માના સ્વરૂપનો અવિર્ભાવ થવાથી અમૃત સમાન લાગે તેવું, પોતાની બુદ્ધિની પ્રસન્નતા એટલે રજોગુણ તથા તમોગુણ રહિત શુદ્ધતાથી ઉત્પન્ન થતું સુખ સાત્ત્વિક છે.

**વિષયેન્દ્રિય-સંયોગાદ્ યત્ તદ્ અગ્રેઽમૃતોપમમ્ ।**
**પરિણામે વિષમિવ તત્ સુખં રાજસં સ્મૃતમ્ ।।૩૮।।**

**શ્લોકાર્થ :** વિષય અને ઈન્દ્રિયોના સંયોગથી જે આરમ્ભમાં અમૃત જેવું અને પરિણામમાં વિષ જેવું થાય છે તે સુખ રાજસ કહેલું છે.

**વિવેચન :** રૂપ વિગેરે વિષયો અને ઈન્દ્રિયોના સંયોગથી ઉત્પન્ન થતું સુખ આરમ્ભમાં અમૃત જેવું લાગે છે, પરન્તુ પરિણામમાં વિષ જેવું હોય છે. તે સુખ રાજસ છે.

**યદ્ અગ્રે ચાનુબન્ધે ચ સુખં મોહનમ્ આત્મનઃ ।**

**નિદ્રાલસ્ય-પ્રમાદોત્થં તત્ તામસમ્ ઉદાહૃતમ્ ।।૩૯।।**

**શ્લોકાર્થ :** જે સુખ આરમ્ભમાં તથા અનુબન્ધમાં પોતાને મોહ કરનારું છે અને નિદ્રા, આલસ્ય તથા પ્રમાદ થી ઉત્પન્ન થએલું છે તે તામસ કહેલું છે.

**વિવેચન :** 'અનુબન્ધ'માં એટલે અનુભવ કરતી વખતે પાછળથી પરિણામમાં. આવી રીતે ત્રણ ગુણથી સર્વ ભેદ થાય છે.

**ન તદ્ અસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ ।**
**સત્ત્વં પ્રકૃતિજૈર્ મુક્તં યદેભિઃ સ્યાત્ ત્રિભિર્ ગુણૈઃ ।।૪૦।।**

**શ્લોકાર્થ :** પૃથ્વીપર અથવા સ્વર્ગમાં તથા દેવોમાં પણ એવું કોઈ સત્ત્વ નથી જે પ્રકૃતિથી થએલા આ ત્રણ ગુણોથી મુક્ત હોય.

**વિવેચન :** ભૈંતલ પરના પ્રાણીમાત્ર તેમજ સ્વર્ગના દેવો પણ સર્વ પ્રાકૃત ત્રિગુણમય જ છે.

**બ્રાહ્મણ-ક્ષત્રિય-વિશાં શૈંદ્રાણાં ચ પરન્તપ ! ।**
**કર્માણિ પ્રવિભક્તાનિ સ્વભાવપ્રભવૈર્ ગુણૈઃ ।।૪૧।।**

**શ્લોકાર્થ :** હે પરન્તપ ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો તથા શુદ્રો નાં કર્મોના વિભાગ પણ સ્વભાવથી ઉત્પન્ન થએલા ગુણોથી કરેલા છે.

**વિવેચન :** 'સંન્યાસ' શબ્દનો અર્થ મોક્ષના સાધનરૂપ ત્યાગ જ છે. 'ત્યાગ' એટલે કર્તૃત્વાભિમાનનો, કર્મમાં આસક્તિનો તથા ફલનો જ ત્યાગ છે, પરન્તુ કર્મનાં સ્વરૂપનો ત્યાગ નથી. ''હું કર્તા છું'' એવાં પોતાનાં કર્તૃત્વનો ત્યાગ, અન્તર્યામી સ્વરૂપ ભગવાન્ કર્તા છે એવું અનુસન્ધાન રાખવાથી થાય છે.

હવે કર્મના અધિકારીઓ બ્રાહ્મણ વિગેરેનાં કર્મોના, તેઓના સ્વભાવથી ઉત્પન્ન થએલા સત્ત્વ વિગેરે ગુણોથી વિભાગ કરેલા છે તે કહે છે. દરેકનાં પૈંર્વ કર્મના સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણો પ્રમાણે કર્મના વિભાવ કરેલા છે. બ્રાહ્મણો સાત્ત્વિક છે, ક્ષત્રિયો સાત્ત્વિકરાજસ છે. વૈશ્યો રાજસતામસ છે અને શુદ્રો તામસ છે. આ વિભાગનું કારણ પણ તેઓનાં પૈંર્વનાં કર્મ જ છે. આ ગુણોથી તેઓનાં કર્મના વિભાગ કરેલા છે.

**શમો દમસ્ તપઃશૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ ।**
**જ્ઞાનં વિજ્ઞાનમ્ આસ્તિક્યં બ્રહ્મકર્મસ્વભાવજમ્ ।।૪૨।।**

**શ્લોકાર્થ :** શમ, દમ, તપ, પવિત્રતા, ક્ષમા તથા સરલતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિક્ય એ સ્વભાવથી થએલાં બ્રાહ્મણનાં કર્મ છે.

**વિવેચન :** 'શમ' એટલે શાન્તિ અથવા ભગવાન્ પ્રતિ ચિત્તની વૃત્તિ; 'દમ' એટલે ઇન્દ્રિયોનો સંયમ, તપઃ, પવિત્રતા, ક્ષમા તેમજ સરલતા, શાસ્ત્રીય જ્ઞાન, 'વિજ્ઞાન' એટલે પરમાત્માનું જ્ઞાન અથવા અનુભવ અને 'આસ્તિક્ય' એ બ્રાહ્મણનાં સ્વભાવથી જ થએલાં એટલે સ્વાભાવિક કર્મ છે.

**શૌર્યં તેજો ધૃતિઃ દાક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્ ।**
**દાનમ્ ઈશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્ ।।૪૩।।**

**શ્લોકાર્થ :** શૌર્ય, તેજ, ધૈર્ય, ચાતુર્ય તથા યુદ્ધમાં પાછા ન હઠવું તે, દાન અને ઐશ્વર્ય એ ક્ષત્રિયનાં સ્વભાવથી થએલાં કર્મ છે.

**કૃષિ-ગોરક્ષ્ય-વાણિજ્યં વૈશ્યકર્મ સ્વભાવજમ્ ।**
**પરિચર્યાત્મકં કર્મ શૈંદ્રસ્યાપિ સ્વભાવજમ્ ।।૪૪।।**

**શ્લોકાર્થ :** ખેતી, ગોરક્ષા અને વેપાર એ સ્વભાવથી થએલાં વૈશ્યનાં કર્મ છે, અને પરિચર્યારૂપ શુદ્રનું પણ સ્વભાવથી થએલું કર્મ છે.

**વિવેચન :** વ્યાજના ધંધાનો સમાવેશ વેપારમાં થઈ જતો હોવાથી તે જુદો કહેલ નથી. શૈંદ્રોએ પરિચર્યા (સેવા) કરવાની કહી, તે પહેલા ત્રણ વર્ણોની સેવા સમજવી. એવી સેવા જો ભગવાન્‌ની કરવામાં આવે, તો તે વર્ણોને ઉત્તમ ફલ આપનારી થાય છે.

**સ્વે-સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ ।**
**સ્વકર્મનિરતઃ સિદ્ધિં તથા વિન્દતિ તત્ શ્રુણુ ।।૪૫।।**

**શ્લોકાર્થ :** પોત - પોતાના કર્મમાં આનન્દ માનનાર પુરુષ સંસિદ્ધિ પ્રાપ્ત કરે છે. પોતાનાં કર્મમાં આનન્દ માનનાર કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે સાંભળ.

**વિવેચન :** એ પ્રમાણે સર્વ વર્ણનાં સ્વાભાવિક કર્મો કહી તેનું પ્રયોજન કહે છે. પોત - પોતાનાં કર્મમાં આનન્દ માનનારને સંસિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી પરધર્મનું આચરણ યોગ્ય નથી. સ્વધર્મમાં આનન્દ માનનાર કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે સાંભળ.

**યતઃ પ્રવૃત્તિર્ ભૈંતાનાં યેન સર્વમ્ ઈદં તતમ્ ।**
**સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દતિ માનવઃ ।।૪૬।।**

**શ્લોકાર્થ :** જેમાંથી ભૈંતોની ઉત્પત્તિ થઈ છે અને જેણે આ સર્વ વ્યાપેલું છે તેનું પોતાનાં કર્મથી અર્ચન કરી મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** ભગવાન્‌નાં સ્વરૂપ અક્ષરબ્રહ્મમાંથી આ સર્વ ભૈંતોની ઉત્પત્તિ થએલી છે અને તે આ સર્વને વ્યાપીને રહેલું છે. તે અક્ષરબ્રહ્મનું પોતાનાં કર્મથી અર્ચન કરી મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

**શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।**
**સ્વભાવનિયતં કર્મ કુર્વન્ નાપ્નોતિ કિલ્બિષમ્ ।।૪૭।।**

**શ્લોકાર્થ :** સારી રીતે આચરેલા પરધર્મ કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. સ્વભાવથી નિયત કર્મ કરતાં માણસ પાપ પામતો નથી.

**વિવેચન :** સ્વધર્મનું આચરણ શ્રેષ્ઠ છે એમ દઢ કરે છે. પરધર્મ ગમે તેવી સારી રીતે આચરવામાં આવે તે કરતાં સ્વધર્મ હલકો હોય તો પણ વધારે સારો છે. બ્રાહ્મણ-ક્ષત્રિય વિગેરેના સ્વભાવ પ્રમાણે જે કર્મોના વિભાગ કરેલા છે તે પ્રમાણે સ્વભાવથી નિયત થયેલું પોતાનું કર્મ કરવાથી પાપ થતું નથી, પરન્તુ પોતાનું કર્મ નહિ કરવાથી પાપ થાય છે. કર્મનિષ્ઠા જ ઉત્તમ છે એવો તૃતીય અધ્યાયમાં બોધ કરેલો, તેનો અહિં પુનઃ ઉપદેશ વ્યાખ્યાનપૈંર્વક કરેલો છે.

**સહજં કર્મ કૌન્તેય! સદોષમપિ ન ત્યજેત્ ।**
**સર્વારમ્ભા હિ દોષેણ ધૈંમેનાગ્નિરિવાવૃતાઃ ।।૪૮।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય! દોષવાળાં પણ સહજ કર્મનો ત્યાગ ન કરવો, કારણ કે ધૈંમથી અગ્નિની પેઠે સર્વ આરમ્ભો દોષથી વીંટાએલા છે.

**વિવેચન :** સાંખ્યદષ્ટિથી તારા ક્ષત્રિય ધર્મમાં હિંસારૂપ દોષ માનતો હો તો પણ દોષવાળું પણ

સહજ કર્મ તજવું યોગ્ય નથી, કારણ કે પરધર્મમાં પણ દોષ તો છે જ. સર્વ ધર્મો દોષથી વીંટાએલા છે. તેથી સ્વાભાવિક અથવા સહજ કર્મ જે મેં વર્ણાશ્રમ સાથે જ સર્જેલું છે તે કરવું જ યોગ્ય છે. જ્ઞાનીઓએ પણ લોકસંગ્રહ માટે કર્મ કરવું એ જ ઉચિત છે.

અથવા 'દોષ' શબ્દનો અર્થ દુઃખ કરીએ. સર્વ જ્ઞાન અથવા કર્મ ના આરમ્ભો દુઃખવાળા છે. આરમ્ભ દુઃખથી જ ભરેલા છે. જેમ અગ્નિ આરમ્ભમાં ધૈંમથી વીંટાએલો હોય છે તેમ સર્વ કર્મના આરમ્ભો દુઃખવાળા હોય છે, પરન્તુ પાછળથી અગ્નિ ધૈંમરહિત પ્રકાશમાન થાય છે તેમ દુઃખમય પણ સ્વધર્મ અન્તે સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

**અસકતબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહઃ।**
**નૈષ્કર્મ્યસિદ્ધિં પરમાં સંન્યાસેનાધિગચ્છતિ।।૪૯।।**

**શ્લોકાર્થ:** સર્વત્ર આસક્તિરહિત બુદ્ધિવાળો, મનને જીતનાર તથા સ્પૃહારહિત માણસ સંન્યાસથી પરમ નૈષ્કર્મ્યસિદ્ધિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** પૈંર્વે કહેલા સાંખ્ય તથા યોગ ના એકાર્થનું પુનઃ સ્મરણ કરાવે છે. જેની 'બુદ્ધિ' એટલે ચિત્ત કોઈ સ્થળે આસક્ત થતું નથી, જેણે મનને જીતેલું છે અને જેને કોઈ કર્મનાં ફલની સ્પૃહા નથી તેવો પુરુષ સંન્યાસથી નૈષ્કર્મ્યરૂપ પરમસિદ્ધિ પ્રાપ્ત કરે છે. અહીં અનાસક્તિ કહી તે સાંખ્યનો અર્થ છે. તથા મનની જીત તથા સ્પૃહા નો અભાવ કહ્યો તે યોગના સારરૂપ છે.

**સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાઽઽપ્નોતિ નિબોધ મે।**
**સમાસેનૈવ કૌન્તેય! નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા।।૫૦।।**

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! સિદ્ધિને પામેલો જેવી રીતે બ્રહ્મ પ્રાપ્ત કરે છે તે રીત મારી પાસેથી સંક્ષેપથી જ જાણ, જે બ્રહ્મપ્રાપ્તિ જ્ઞાનની પરા નિષ્ઠા છે.

**વિવેચન:** નૈષ્કર્મ્ય રૂપ સિદ્ધિ જેણે પ્રાપ્ત કરેલી હોય તે જીવતાં જ અક્ષરબ્રહ્મને કેવી રીતે પ્રાપ્ત કરે છે તે સંક્ષેપથી કહું છું તે જાણી લે. અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ એ જ્ઞાનની પરા નિષ્ઠા છે.

**બુદ્ધ્યા વિશુદ્ધયા યુક્તો ધૃત્યાત્માનં નિયમ્ય ચ।**
**શબ્દાદીન્ વિષયાંસ્ત્યક્ત્વા રાગ-દ્વેષૌ વ્યુદસ્ય ચ।।૫૧।।**
**વિવિકતસેવી લઘ્વાશી યતવાક્-કાય-માનસઃ।**
**ધ્યાનયોગપરો નિત્યં વૈરાગ્યં સમુપાશ્રિતઃ।।૫૨।।**
**અહપારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્।**
**વિમુચ્ય નિર્મમઃ શાન્તો બ્રહ્મભૈંયાય કલ્પતે।।૫૩।।**

**શ્લોકાર્થ:** વિશુદ્ધ બુદ્ધિવાળો થઈ, ધૃતિથી આત્માનું નિયમન કરી, શબ્દ વિગેરે વિષયોનો ત્યાગ કરી, રાગ તથા દ્વેષ દૈંર કરી, એકાન્તનું સેવન કરનાર, અલ્પ આહારવાળો, જેણે વાણી કાયા અને મન ને વશ કરેલા છે તેવો, નિત્ય ધ્યાનયોગમાં તત્પર, વૈરાગ્યનો આશ્રય કરનાર, અહપાર, બલ, દર્પ, કામ, ક્રોધ અને પરિગ્રહનો ત્યાગ કરી મમતારહિત તથા શાન્ત રહેનાર બ્રહ્મભાવ માટે યોગ્ય થાય છે.

**વિવેચન:** કર્મમાં આસક્તિ, કર્તૃત્વનું અભિમાન તથા કર્મનાં ફલનો ત્યાગ કરવાથી વિશુદ્ધ બુદ્ધિવાળો થઈ, યોગથી અવ્યભિચારિણી થએલી ધૃતિવડે આત્માને નિયમમાં રાખી, શબ્દ વિગેરે ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરી, તથા રાગ અને દ્વેષ નો ત્યાગ કરી, એકાન્તમાં રહેનાર

વિગેરે ગુણવાળો બ્રહ્મભાવમાટે યોગ્ય થાય છે એટલે તેનામાં આનન્દ અંશનો આવિર્ભાવ થવાથી અક્ષરબ્રહ્મના ભાવ માટે યોગ્ય થાય છે, અર્થાત્ ''હું બ્રહ્મ છું'' એવો યથાર્થ અનુભવ કરે છે. ભગવાન્‌ના ગુણ, આનન્દનો તેનામાં આવિર્ભાવ થએલો હોવાથી તેને 'બ્રહ્મ' એમ કહે તે યોગ્ય છે. આ સમ્બન્ધી નિર્ણય બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયના ત્રીજા પાદના ૨૯ મા સૂત્રમાં કરેલો છે.

**બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ।**
**સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્‌ભક્તિં લભતે પરામ્।।૫૪।।**

**શ્લોકાર્થ :** બ્રહ્મભાવ પામેલો, પ્રસન્ન આત્માવાળો શોક કરતો નથી અને આકાંક્ષા રાખતો નથી. તે સર્વ ભૂતો પ્રતિ સમ હોઈ મારી પરા ભક્તિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** એવી રીતે જેણે બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલો છે તેવો પ્રસન્ન ચિત્તવાળો પુરુષ કોઈ બાબતનો શોક કરતો નથી તેમજ કોઈ પદાર્થની આકાંક્ષા રાખતો નથી; પરન્તુ સર્વ ભૂતો પ્રતિ સમાન હોઈ મારી પરા ભક્તિ પ્રાપ્ત કરે છે. અપેક્ષારહિત બ્રહ્મભાવ પામેલો તે શુકદેવજી પેઠે મારી ક્ષર અને અક્ષર થી પણ અતીત શ્રીપુરુષોત્તમની 'પરા' એટલે જ્ઞાનથી પણ અધિક ફલરૂપ ઉત્તમ નવ પ્રકારની પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત કરે છે. અહીં 'મારી ભક્તિ' એમ ભગવાને કહેલું હોવાથી સાંખ્ય વિગેરેથી અક્ષરબ્રહ્મ સાથે ઐક્ય પ્રાપ્ત કરવું એ પર પુરુષાર્થ નથી, પરન્તુ અક્ષરબ્રહ્મ તથા આત્મા ના યથાર્થ જ્ઞાનવાળા જીવન્મુક્ત જ્ઞાનીઓનો પણ પરમ પુરુષાર્થ શ્રીપુરુષોત્તમની ભક્તિ જ છે એવો ભગવાન્‌નો આશય છે. જો ભગવાન્‌નો આવો આશય ન હોત તો ''બ્રહ્મભાવ પામેલો મારી પરાભક્તિ પ્રાપ્ત કરે છે'' એમ કહેત નહિ.

અહીં કોઈ શંકા કરે કે ગયા શ્લોકમાં ( ૫૩ ) ''બ્રહ્મભાવ માટે યોગ્ય થાય છે'' એમ જ કહેલું હોવાથી બ્રહ્મભાવને યોગ્ય થએલો પુરુષ, પરન્તુ બ્રહ્મભાવ જેણે પ્રાપ્ત કરેલો નથી તે ભગવાન્‌ની પરા ભક્તિ પામે છે એમ કહેલું છે, અને પછી આગલા ( ૫૫ ) શ્લોકમાં ''ભક્તિથી ભગવાન્‌નું જ્ઞાન પ્રાપ્ત કરી પ્રવેશ કરે છે'' એમ કહેલું હોવાથી, ભક્તિ અક્ષરબ્રહ્મ સાથે ઐક્યનું સાધન છે અર્થાત્ ભગવાન્‌ની ભક્તિ માત્ર બ્રહ્મ સાથે ઐકય પ્રાપ્ત કરવાનાં સાધનરૂપ હોવાથી પરમ પુરુષાર્થ નથી, પરન્તુ અક્ષરબ્રહ્મ સાથે ઐક્ય જ પરમ પુરુષાર્થ છે.

આવી શંકા કરી શકાય તેમ નથી, કારણ કે આ શ્લોકમાં 'બ્રહ્મભૂતઃ' શબ્દ સ્પષ્ટ જ છે. 'બ્રહ્મભૂત' એટલે બ્રહ્મ થએલો અથવા બ્રહ્મભાવ પામેલો. તેથી બ્રહ્મભાવ પામેલો જ શ્રીભાગવત્ ૧।૭।૧૦માં જણાવ્યા પ્રમાણે ભગવાન્‌ની ભક્તિ પ્રાપ્ત કરે છે એમ સ્પષ્ટ કહેલું છે. બ્રહ્મ સાથે ઐક્ય થયા પછી ભગવાન્‌ની ભક્તિ કહેલી છે. આવી ભક્તિ પ્રાપ્ત થયા પછી તે ભક્તિવડે અક્ષરબ્રહ્મથી પણ અતીત શ્રીપુરુષોત્તમનું તત્ત્વથી જ્ઞાન થયા પછી તે પુરુષોત્તમનાં સ્વરૂપમાં જ પ્રવેશ કરે છે એમ આગલા ( ૫૫ ) શ્લોકમાં કહેલું છે, અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરે છે એમ કહેલ નથી. તેથી અક્ષરબ્રહ્મનાં જ્ઞાનરૂપ પ્રમાણમાર્ગ કરતાં શ્રીપુરુષોત્તમનો સમ્બન્ધ કરાવનાર પ્રમેયમાર્ગ અધિક જ છે. અક્ષરબ્રહ્મમાર્ગમાં અક્ષરબ્રહ્મની ઉપાસના કરવાની છે, ઉપાસના પછી શ્રવણ વિગેરેની સિદ્ધિમાટે જ્ઞાન પ્રાપ્ત કરતાં અન્તે અક્ષરબ્રહ્મ સાથે ઐક્ય પ્રાપ્ત થાય એ જ ફલ છે; પરન્તુ આ ભગવન્માર્ગમાં તો ભગવાન્ સમ્બન્ધી સ્વધર્મોનું આચરણ કરતાં શ્રીપુરુષોત્તમની ભક્તિ પ્રાપ્ત થાય છે. શ્રીપુરુષોત્તમની કૃપાથી અક્ષરબ્રહ્મભાવ

પ્રાપ્ત થયા પછી પણ શ્રીશુકદેવ, ઉદ્ધવ વિગેરે પેઠે તે શ્રવણ કીર્તન તથા સેવા વિગેરે કરે છે. આ આવી શ્રીપુરુષોત્તમની ભક્તિથી શ્રીપુરુષોત્તમમાં પ્રવેશ કરે છે. આમ હોવાથી ભક્તો યશોદાજીના ઉત્સંગમાં લાલિત શ્રીપુરુષોત્તમ ભગવાનૃની ભક્તિ કરે છે, સાંખ્ય જ્ઞાનીઓ અક્ષરબ્રહ્મની અને યોગીઓ પરમાત્માની ઉપાસના કરે છે. તેઓની મતિ અનુક્રમે ભક્તિ, જ્ઞાન તથા કર્મ માં રહેલી છે અર્થાત્ તેઓનાં માર્ગ અનુક્રમે ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ છે. ભક્તિમાર્ગના મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ એવા બે ભેદ છે. આ બે પ્રકારનું બ્રહ્મસૈંત્ર તૃતીય અધ્યાયના તૃતીય પાદના ૨૯ માં સૈંત્રના ભાષ્યમાં શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું છે.

**ભક્ત્યા મામ્ અભિજાનાતિ યાવાન્ યશ્ચાસ્મિ તત્ત્વતઃ।**
**તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્।।૫૫।।**

**શ્લોકાર્થ :** પછી હું તત્ત્વથી જેટલો અને જે છું તેમ મને ભક્તિથી જાણે છે. મને તત્ત્વથી જાણી પછી મારામાં પ્રવેશ કરે છે.

**વિવેચન :** હવે ભક્તિથી શું થાય છે તે કહે છે. મને એક નિર્ગુણ પુરુષોત્તમને તત્ત્વથી જેટલો અને જે હું છું એટલે હું જેવા ઐશ્વર્ય વિગેરે અનન્ત અલૌકિક ગુણવાળો, જેવા લીલાના પરિકરવાળો, પ્રાકૃત ગુણની સૃષ્ટિથી રહિત, બ્રહ્મ પરમાત્મા ભગવાન્ વિગેરે નામોથી ઓળખાતો છું, તેમ મને મારી નિર્ગુણ ભક્તિથી જાણે છે. આ ભક્તિનો વિષય હું શ્રીપુરુષોત્તમ નિર્ગુણ હોવાથી આ ભક્તિ પણ નિર્ગુણ છે. આવું મારું યથાર્થ જ્ઞાન થયા પછી મારામાં શ્રીપુરુષોત્તમમાં જ તે પ્રવેશ કરે છે. સેવાફલમાં પણ શ્રીમદાચાર્યચરણે સેવાનાં ફલો કહેલાં છે તેમાં શ્રીપુરુષોત્તમ સાથે સાયુજ્ય કહેલું છે. ત્યાં સેવાના ત્રણ ફલ કહેલાં છે. ૧. અલૌકિક સામર્થ્ય, ૨. સાયુજ્ય ૩. વૈકુણ્ઠ વિગેરેમાં સેવોપયોગી દેહ.

અથવા મૈંલમાં, ''જ્ઞાત્વા વિશતે'' છે તેનો પદચ્છેદ ''જ્ઞાત્વાઽઽવિશતે'' એમ કરવો. એનો અર્થ એવો થાય છે કે મારું શ્રીપુરુષોત્તમનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી મારા આવેશવાળો થાય છે. આ પ્રમાણે શ્રીશુકદેવમાં શ્રીપુરુષોત્તમનો આવેશ થએલો હોવાથી શ્રીભાગવત્ ૧૦।૧।૧૪ ઉપરના શ્રીસુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણે તેમને 'સભગવાન્' ભગવાન્ના આવેશવાળા કહેલા છે. તેથી બ્રહ્મભૈંત શુકદેવજીએ પણ શ્રીપુરુષોત્તમની ભક્તિથી તેમનું યથાર્થજ્ઞાન પ્રાપ્ત કરવાથી શ્રીપુરુષોત્તમનો તેમનામાં આવેશ થયો એટલે તેમણે શ્રીપુરુષોત્તમની લીલામાં પ્રવેશ કર્યો. તેથી જ ''શુક ભાવનાથી શ્રીગોકુલમાં રહી કહે છે'' એમ શ્રીભાગવત્ ૧૦।૨૬।૧૬ ઉપરના શ્રીસુબોધિનીમાં કહેલું છે. તે ગંગાના તીરે પરીક્ષિતને શ્રીભાગવત્ કહેતા હોવા છતાં આમ કહી એમ દર્શાવેલ છે કે અક્ષરમાર્ગથી ભગવાન્માર્ગ જુદો છે, અને ભગવાન્માર્ગમાં પ્રમાણ અને પ્રમેય પણ ભગવાન્ જ છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૩।૨।૧૧, ૩।૩।૨૭, ૩।૩।૨૯ તથા ૩।૩।૩૩ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત્ ૧।૨।૨૦ અને ૧૧।૨।૪૨ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ।**
**મત્પ્રસાદાદ્ અવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્।।૫૬।।**

**શ્લોકાર્થ :** મારો આશ્રય રાખી સદા સર્વ કર્મ કરનાર પણ મારા પ્રસાદથી શાશ્વત અવ્યય પદ

પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** કર્મમાં કર્તૃત્વનું અભિમાન તથા તેના ફલની આકાંક્ષા રાખ્યા વિના માત્ર મારો ભગવાન્નો જ આશ્રય રાખી અર્થાત્ ''અન્તર્યામી ભગવાન્ જ પ્રેરણા કરે છે તેની ઈચ્છાથી કરેલું કર્મ બંધક થતું નથી'' એમ મારો ભગવન્નો જ આશ્રય રાખી જે ભગવન્માર્ગીય પુરુષ સ્વકીય ધર્મરૂપ લૌકિક વૈદિક સર્વ કર્મો કરે છે તે પણ મારી કૃપાથી અક્ષરબ્રહ્મરૂપી નિત્ય અવ્યય પદ પ્રાપ્ત કરે છે. અહીં મૈંલમાં 'અવાપ્નોતિ' શબ્દ છે તેમાં 'અવ' ઉપસર્ગ છે, તેનો ભાવાર્થ એવો છે કે ભક્તિથી શ્રીપુરુષોત્તમનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે તો શ્રીપુરુષોત્તમનું સાયુજ્ય ફલ પ્રાપ્ત થાય છે, પરન્તુ તેમ નહિ કરતાં માત્ર મારો આશ્રય રાખીને જ કર્મો કરે તો અક્ષરબ્રહ્મરૂપી અવ્યય શાશ્વત પદ પ્રાપ્ત થાય છે.

**ચેતસા સર્વકર્માણિ મયિ સંન્યસ્ય મત્પરઃ ।**
**બુદ્ધિયોગમ્ ઉપાશ્રિત્ય મચ્ચિતઃ સતતં ભવ ।।૫૭।।**

**શ્લોકાર્થ :** ચિત્તથી સર્વ કર્મોનું મારામાં અનુસન્ધાન કરી, મને પરાયણ રહી, બુદ્ધિયોગનો આશ્રય કરી, સદા મારામાં ચિત્ત રાખનાર થા.

**વિવેચન :** તેથી તું પણ યોગ તથા ભક્તિ વાળાં ચિત્તથી સાક્ષાત્ મુખ્ય કર્તા મારામાં સર્વ કર્મોનું અનુસન્ધાન કરી, મને પરાયણ રહી, અર્થાત્ ''હું કર્તા નથી, પરન્તુ મારો અન્તર્યામી મુખ્ય કર્તા છે તે સર્વ કરે છે, હું તો તેને આધીન રહી તે પ્રેરે છે તેમ કરું છું'' એવા ભાવથી મને પરાયણ રહી, અથવા મારી આજ્ઞા પ્રમાણે વર્તન કરવાથી મને પરાયણ રહી, પાછળ સાંખ્ય તથા યોગ ના એકાર્થરૂપ જે બુદ્ધિયોગ કહેલો છે તેનું અવલમ્બન કરી નિરન્તર મારામાં ચિત્ત રાખ.

**મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્ તરિષ્યસિ ।**
**અથ ચેત્ ત્વમ્ અહપારાત્ ન શ્રોષ્યસિ વિનંક્ષ્યસિ ।।૫૮।।**

**શ્લોકાર્થ :** મારામાં ચિત્તવાળો તું સર્વ સપટો મારા પ્રસાદથી તરીશ પણ તું અહપારથી સાંભળીશ નહિ તો વિનાશ પામીશ.

**વિવેચન :** ભગવાન્માં ચિત્ત રાખવાથી શું થશે તે કહે છે. મારામાં તું ચિત્ત રાખીશ તો સર્વ સપટો તરીશ, પરન્તુ ''કર્મ કરવાથી અવશ્ય તેનાં ફલ ભોગવવાં પડશે તેથી કર્મ કરવું યોગ્ય નથી'' એમ વિચારી અહપારથી મારો આ ઉપદેશ સાંભળીશ. નહિ તો તારો પ્રાકૃત જીવ પેઠે વિનાશ થશે.

**યદ્ અહપારમ્ આશ્રિત્ય ન યોત્સ્ય ઈતિ મન્યસે ।**
**મિથ્યૈષ વ્યવસાયસ્તે પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ ।।૫૯।।**

**શ્લોકાર્થ :** અહપારનો આશ્રય કરી ''હું યુદ્ધ કરીશ નહિ'' એમ જે તું માને છે તે તારો નિશ્ચય મિથ્યા જ છે. પ્રકૃતિ તને યુદ્ધમાં યોજશે.

**વિવેચન :** ''હું યુદ્ધ કરીશ નહિ'' એવો તારો નિશ્ચય વ્યર્થ છે. કારણ કે મારી આજ્ઞા પ્રમાણે વર્તનારી ગૌણ સ્વભાવરૂપ પ્રકૃતિ તારી ઈચ્છા વિરૂદ્ધ પણ તને યુદ્ધમાં યોજશે.

**સ્વભાવજેન કૌન્તેય ! નિબદ્ધઃ સ્વેન કર્મણા ।**
**કર્તું નેચ્છસિ યન્ મોહાત્ કરિષ્યસ્યવશોઽપિ તત્ ।।૬૦।।**

**શ્લોકાર્થ :** હે કૌન્તેય ! સ્વભાવથી ઉત્પન્ન થએલાં પોતાનાં કર્મવડે બંધાએલો તું, મોહને લીધે જે કરવા ઈચ્છતો નથી તે પરવશ થઈને પણ કરીશ.

**વિવેચન :** ગયા શ્લોકમાં ( ૫૯ ) કહેલાં અર્થની જ ઉપપત્તિ કહે છે. પ્રકૃતિથી ઉત્પન્ન થએલાં, સ્વભાવથી ઉત્પન્ન થએલાં કર્મોથી તું બંધાએલો હોવાથી તારી ઈચ્છા હો કે ન હો તો પણ પ્રકૃતિને પરવશ થઈ તું યુદ્ધ કરવાનો જ. મોહથી યુદ્ધ ન કરવાની તારી ઈચ્છા છે, છતાં પ્રકૃતિને પરવશ થઈ તું યુદ્ધ કરીશ જ.

**ઈશ્વરઃ સર્વભૈંતાનાં હૃદ્દેશેઽર્જુન ! તિષ્ઠતિ ।**
**ભ્રામયન્ સર્વભૈંતાનિ યન્ત્રારૂઢાનિ માયયા ।।૬૧।।**

**શ્લોકાર્થ :** હે અર્જુન ! યન્ત્ર ઉપર ચઢાવેલાં સર્વ પ્રાણીઓને માયાથી ભમાવતા ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદય પ્રદેશમાં રહે છે.

**વિવેચન :** પ્રકૃતિ પણ મને અધીન રહીને મારી ઈચ્છાથી જ એ પ્રમાણે નહિ ઈચ્છતા પ્રાણીને કર્મમાં યોજે છે. તેથી પ્રાકૃત પ્રાણીઓના નિયન્તા તરીકે હું જ સર્વ પ્રાણીઓને તેઓનાં પ્રાકૃત કર્મ પ્રમાણે પ્રકૃતિને અધીન રાખી વર્તન કરાવું છું એમ કહે છે. સર્વને નિયમમાં રાખનાર ઈશ્વર વાસુદેવ હું જ મારી લીલામાટે ઊંચા તથા નીચા સરજેલાં અને પ્રકૃતિ સાથે સંસૃષ્ટ થએલા બ્રહ્માથી આરમ્ભી ઘાસના તણખલાં સુધીના સર્વ પ્રાણીઓના હૃદય પ્રદેશમાં રહું છું. હું સર્વનાં હૃદયમાં અન્તર્યામીરૂપથી રહેતો હોવા છતાં નિર્લેપ છું એમ દર્શાવવા 'ઈશ્વર' પદ યોજેલું છે, કારણ કે હું ઈશ્વર હોવાથી જ ઉપાધિવાળાં સ્થાન પ્રદેશમાં રહેવા છતાં મને ઉપાધિનો સ્પર્શ પણ થતો નથી. ત્યાં રહી હું સર્વ પ્રાણીઓને જાણે તેઓ યન્ત્ર ઉપર ચઢાવેલા હોય તેમ માયાથી ભ્રમણ કરાવું છું.

હું સર્વ પ્રાણીઓને મારી ઈચ્છા પ્રમાણે કર્મ કરવા પ્રેરું છું એ જ તેઓનું ભ્રમણ. અહીં દરેક પ્રાણીના દેહ, ઈન્દ્રિય વિગેરે યન્ત્ર છે. તેમાં રહેલાં દરેક પ્રાણીની તેના ગુણોના પ્રમાણે પ્રવૃત્તિ કરાવતો હું તેનાં હૃદયમાં રહું છું. જેમ સૈંત્રધાર કાષ્ઠના યન્ત્ર ઉપર ચઢાવેલા બનાવટી પ્રાણીઓને ફેરવે છે તેમ હું શરીરરૂપી યન્ત્રો ઉપર ચઢાવેલા સર્વ પ્રાણીઓને માયાથી ભ્રમણ કરાવતો તેઓનાં હૃદયમાં રહું છું.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૈંત્ર ૧।૨।૬ તથા ૧।૩।૨૫ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત ! ।।**
**તત્પ્રસાદાત્ પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ ।।૬૨।।**

**શ્લોકાર્થ :** હે ભારત ! સર્વ ભાવથી તેને જ શરણે જા. તેના પ્રસાદથી પરા શાન્તિ અને શાશ્વત સ્થાન તું પ્રાપ્ત કરીશ.

**વિવેચન :** એ પ્રમાણે ભગવાન્ પ્રાણી માત્રને પ્રેરનાર હોવાથી સર્વભાવથી સર્વનિયન્તા, સર્વેશ્વર, શરણ જવા યોગ્ય ભગવાન્‌ના જ શરણ જા. એમ નહિ કર તો પણ મારી પ્રેરેલી પ્રકૃતિ તને યુદ્ધ માં યોજશે જ. તેથી પ્રકૃતિને આધીન થઈ યુદ્ધ કરવું તે કરતાં મારી આજ્ઞાથી યુદ્ધ કરવું ઉત્તમ છે. આમ કરવાથી મારી કૃપાથી તને પરા શાન્તિ અને અક્ષરબ્રહ્મરૂપી શાશ્વત સ્થાન પ્રાપ્ત થશે. તેથી મારી આજ્ઞાથી સ્વધર્મનું આચરણ કરવું ઉત્તમ છે. એમ કરવાથી મારા

ભક્તને બન્ધન થતું નથી.

**ઈતિ તે જ્ઞાનમ્ આખ્યાતં ગુહ્યાદ્ ગુહ્યતરં મયા।**
**વિમૃશ્યૈતદ્ અશેષેણ યથેચ્છસિ તથા કુરુ।।૬૩।।**

**શ્લોકાર્થ :** આવી રીતે ગુહ્યથી પણ ગુહ્ય જ્ઞાન મેં તને કહ્યું. આનો સમ્પૈર્ણતાથી વિચાર કરી જે ઈચ્છામાં આવે તેમ કર.

**વિવેચન :** હવે સર્વ ગીતાના શાસ્ત્રાર્થનો ઉપસંહાર કરે છે. ગુહ્યથી પણ ગુહ્ય એટલે 'અતિગોપ્ય' આ સર્વશાસ્ત્રોનાં જ્ઞાનના સારરૂપ જ્ઞાન સર્વ વેદાન્તોના ઉત્તમ સિદ્ધાન્તનો સાર મેં તને કહ્યો. આનો સમ્પૈર્ણતાથી વિચાર કરી જેમ ઈચ્છામાં આવે તેમ કર.

**સર્વગુહ્યતમં ભૂૈયઃ શૃણુ મે પરમં વચઃ।**
**ઈષ્ટોઽસિ મે દૃઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્।।૬૪।।**

**શ્લોકાર્થ :** સર્વથી ગુહ્યતમ મારું પરમ વચન ફરીથી સાંભળ. તું મને બહુ જ પ્રિય છે તેથી તને હિત કહું છું.

**વિવેચન :** સર્વ શાસ્ત્રનો વિચાર કરી શાસ્ત્રાર્થ જાણવો બહુ કઠિન હોવાથી ભગવાન્ પોતે જ નિરતિશય કૃપા કરી અર્જુનનો અને તેના દ્વારા સર્વલોકોનો ઉદ્ધાર કરવાની ઈચ્છાથી પોતે જ શાસ્ત્રનો નિશ્ચિતાર્થ કહે છે. તું મને બહુ જ પ્રિય છે તેથી આ તારું હિત કરનાર પરમ ગુહ્ય વચન કહું છું એમ અર્જુનને આ ઉત્તમ ઉપદેશ આપવાનું પ્રયોજન કહ્યું, અને આગળના (૬૫-૬૬) શ્લોકમાં તે હિતકારી ઉપદેશ કહે છે. અહીં 'ફરીથી' અને ''સર્વથી ગુહ્યતમ'' શબ્દો યોજ્યા છે તેથી એમ જણાવેલું છે કે જો કે ભગવાને પોતે જ પુરુષોત્તમ છે એમ પહેલાં અર્જુનને કહેલું છે, છતાં પણ તે (પોતાના સારથી બનેલ હોઈ) મનુષ્ય જ છે, અને પુરુષોત્તમ તો બીજો જ કોઈ અન્તર્યામિરૂપ નિર્ગુણ હશે અને ભગવાને આ (શ્લોક ૬૧-૬૨) થી તેનું ભજન કરવાનો ઉપદેશ કરેલ છે એવો સન્દેહ કરવો યોગ્ય નથી.

**મન્મના ભવ મદ્‌ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।**
**મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે।।૬૫।।**

**શ્લોકાર્થ :** મારામાં મન રાખનાર થા, મારો ભક્ત થા, મને નમસ્કાર કર. તું મને પ્રિય છે. તેથી તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરું છું કે તું મને જ પામીશ.

**વિવેચન :** હે પાર્થ! સર્વ વેદાન્તોથી વેદ્ય, સ્વકીય ભક્તો પ્રતિ વાત્સલ્યતાના સાગરરૂપ તારો સારથી થઈ રહેલો હું ભગવાન્ છું, તેનામાં જ મન રાખ, મારી જ ભક્તિ કર, મારું જ યજન કર, મને જ નમસ્કાર કર. આમ કરવાથી તું મને જ પ્રાપ્ત કરીશ. મૈંલમાં 'મામેવ' માં જે 'એવ=જ' છે તેનો પ્રત્યેકની સાથે સમ્બન્ધ લેવાનો છે. 'એવ=જ' શબ્દ શ્રીકૃષ્ણચન્દ્રથી અન્ય સર્વ દેવોના ભજનનું નિવારણ કરે છે તેથી ''મારું જ ભજન વિગેરે કર, અન્ય કોઈ દેવનું કરીશ નહિ'' એવો અર્થ થાય છે. આમ કરવાથી મારી જ પ્રાપ્તિ થશે. તું મને પ્રિય હોવાથી તને આડે માર્ગે દોરું જ નહિ, તેથી જ તને આ સત્ય મુખ્ય ભક્તિમાર્ગનો ઉપદેશ કરું છું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૧।૨।૩૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ।**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ।।૬૬।।**

**શ્લોકાર્થ :** સર્વ ધર્મોનો પરિત્યાગ કરી મને એકલાને જ શરણ આવ. હું તારો સર્વ પાપોમાંથી મોક્ષ કરીશ. શોક કર નહિ.

**વિવેચન :** ગયા શ્લોકમાં ભગવાને અર્જુનને પોતામાં જ મન રાખવાનો, પોતાનું જ ભજન કરવાનો વિગેરે ઉપદેશ કર્યો. તે કેવી રીતે સિદ્ધ થાય એવી શંકા થવાથી તે સિદ્ધ કરવાનો પ્રકાર કહે છે. સર્વ ધર્મોનો પરિત્યાગ કરી મને એકલાને જ શરણ આવ. અહીં સર્વધર્મોનો પરિત્યાગ કરી ભગવાન્‌ને શરણ જવાનો ઉપદેશ કરેલો હોવાથી ભગવચ્છરણ તથા શરણને અનુકૈલ ધર્મોનો ત્યાગ કરવાનો નથી, પરન્તુ શરણથી વિરોધી સર્વધર્મોનો ત્યાગ કરવાનો ઉપદેશ છે, તેથી 'સર્વ' શબ્દનો અર્થ સર્વ વિરોધી સર્વધર્મો છે. આવાં ધર્મોનો ત્યાગ કરી ભગવાન્‌ને શરણે જવું અર્થાત્ શરણને અનુકૈલ, ગયા ( ૬૫ મા )શ્લોકમાં કહેલા, ધર્મો આચરવા. જો આવો અર્થ ન લઈએ, અને શરણને અનુકૈલ ધર્મોનો પણ 'સર્વ' શબ્દમાં સમાવેશ છે તેથી તેઓનો પણ ત્યાગ કરવાનો ઉપદેશ છે એવો અર્થ કરીએ, તો આ શ્લોકની ગયા ( ૬૫ મા ) શ્લોક સાથે સંગતિ થાય નહિ. ધર્મી ભગવાન્‌નો આશ્રય થાય ત્યારે ધર્મોનું આચરણ કરવું યોગ્ય નથી.

''મારામાં જ મન રાખ'' અધ્યાય ૧૨।૮ માં ભગવાન્‌માં જ મન રાખવાનો ઉપદેશ કરેલો છે. ત્યાં 'એવ=જ' શબ્દ હોવાથી અન્ય દેવોના ભજનનો નિષેધ કરેલો છે. તેથી અહીં પણ અન્ય દેવોના ભજનરૂપ સર્વધર્મોનો ત્યાગ કહેલો છે. અર્જુન મર્યાદામાર્ગીય, અન્ય દેવનું ભજન કરનાર હતો, તેને પુષ્ટિમાં પ્રવેશ કરાવવા અન્ય દેવના ભજનરૂપ ધર્મોનો ત્યાગ કરવાનો ઉપદેશ કરેલો છે. એમ કરવાથી તેને પાપની સમ્ભાવના થાય તે માટે ભગવાન્ પોતાનાં પુષ્ટિપુરુષોત્તમત્વનો આવિર્ભાવ કરી ''હું તારો સર્વ પાપોમાંથી મોક્ષ કરીશ'' એમ કહે છે. અહીં મૈંલમાં 'મોચયિષ્યામિ' એમ ન કહેતાં 'મોક્ષયિષ્યામિ' એમ કહેલ હોવાથી સકલ ધર્મની મર્યાદામાં જેનું ચિત્ત લાગેલું છે તેવા અર્જુનનો પોતાના આશ્રિત જનોનું પોષણ કરનાર ભગવાને નિરતિશય અનુગ્રહરૂપ માર્ગમાં સ્વીકાર કરી તેને અન્ય દેવના ભજનથી મુક્ત કરેલો છે એમ સમજાય છે.

ગયા શ્લોકમાં તથા આ શ્લોકમાં કરેલો ઉપદેશ ઉત્તમોત્તમ છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના સારરૂપ આ શ્લોક છે. ભગવાને અહીં સુધી અર્જુનને ઉપદેશ કરેલો છે. અહીંથી પાંચ શ્લોકથી ( ૬૭ - ૭૧ ) ભગવાન્ ઉપદેશની ઉત્તમતા કહે છે, પછી એક શ્લોકથી ( ૭૨ ) અર્જુનને તેનો મોહ નષ્ટ થયો કે નહીં એમ પૈંછે છે અને તેનો અર્જુન એક શ્લોકથી ( ૭૩ ) ઉત્તર આપે છે. પછી પાંચ શ્લોકથી ( ૭૪ - ૭૮ ) સઞ્જય ઉપસંહાર કરે છે. વસ્તુતઃ ભગવાને અર્જુનને કરેલો ઉત્તમ ઉપદેશની આ શ્લોકથી ( ૬૬ ) સમાપ્તિ થાય છે. તેથી આ શ્લોકમાં કરેલો ઉપદેશ ભગવદ્‌ગીતાના સારરૂપ છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૩૬।૨૨ તથા ૧૧।૨।૩૪ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**ઇદં તે નાતપસ્કાય નાભકતાય કદાચન ।**
**ન ચાશુશ્રૈંષવે વાચ્યં ન ચ માં યોઽભ્યસૈંયતિ ।।૬૭।।**

**શ્લોકાર્થ :** આ ગીતાનો ઉપદેશ તારે કોઈ દિવસ તપ નહિ કરનારને, ભક્તિરહિતને, શ્રવણ કરવાની ઇચ્છા ન હોય તેને તથા જે મારી અસૈંયા કરતો હોય તેને કહેવું નહિ.

**વિવેચન :** એવી રીતે ગીતાનો શાસ્ત્રાર્થ સમ્પૂર્ણ કહી હવે સમ્પ્રદાયની પ્રવૃત્તિ માટે નિયમન કરે છે. આ શાસ્ત્રાર્થના કોણ–કોણ અધિકારી નથી તે અહીં કહેલું છે. તપ નહિ કરનાર એટલે સ્વાચાર હીનને, મારી ભક્તિ રહિતને, શ્રવણ કરવાની ઇચ્છા વિનાનાને અને હું પુરુષોત્તમ ઉપર દોષારોપણ કરી મારી અસૈંયા કરનારને આ શાસ્ત્રાર્થ તારે કદાપિ કહેવો નહિ.

**ય ઇમં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ ।**
**ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્યસંશયઃ ।।૬૮।।**

**શ્લોકાર્થ :** જે આ પરમ ગુહ્ય મારા ભક્તોને કહેશે તે મારામાં પરા ભક્તિ પ્રાપ્ત કરી મને જ નિઃસંશય પ્રાપ્ત કરશે.

**વિવેચન :** આવા દોષો રહિત માત્ર મારા ભક્તો જ છે તેથી મારા ભક્તોને જ આ શાસ્ત્રાર્થ કહેવા યોગ્ય છે. તેમને જે આ શાસ્ત્રાર્થ કહે તેને શું ફલ પ્રાપ્ત થાય તે અહીં કહેલું છે.

**ન ચ તસ્માન્ મનુષ્યેષુ કશ્ચિન્ મે પ્રિયકૃત્તમઃ ।**
**ભવિતા ન ચ મે તસ્માદ્ અન્યઃ પ્રિયતરો ભુવિ ।।૬૯।।**

**શ્લોકાર્થ :** ભૈંતળ ઉપર મનુષ્યોમાં કોઈ પણ તેનાથી મારું વિશેષ પ્રિય કરનાર નથી, અને તેનાથી અન્ય કોઈ મને વિશેષ પ્રિય થનાર પણ નથી.

**અધ્યેષ્યતે ચ ય ઇમં ધર્મ્યં સંવાદમાવયોઃ ।**
**જ્ઞાનયજ્ઞેન તેનાહમિષ્ટઃ સ્યામિતિ મે મતિઃ ।।૭૦।।**

**શ્લોકાર્થ :** જે આ આપણા ધર્મ્ય સંવાદનું અધ્યયન કરશે તેણે મને જ્ઞાનયજ્ઞથી પૈંજેલો છે એવી મારી મતિ છે.

**વિવેચન :** અર્થ જાણ્યા વિના માત્ર પાઠ કરવાથી શું ફલ થાય તે અહીં કહેલું છે.

**શ્રદ્ધાવાન્ અનસૈંયશ્ચ શૃણુયાદપિ યો નરઃ ।**
**સોઽપિ મુક્તઃ શુભાન્ લોકાન્ પ્રાપ્નુયાત્ પુણ્યકર્મણામ્ ।।૭૧।।**

**શ્લોકાર્થ :** શ્રદ્ધાવાળો તથા અસૈંયારહિત જે નર આ સંવાદનું માત્ર શ્રવણ કરશે તે પણ મુકત થઈ પુણ્ય કર્મવાળાઓના શુભ લોકને પામશે.

**કચ્ચિદ્ એતત્ શ્રુતં પાર્થ ! ત્વયૈકાગ્રેણ ચેતસા ।**
**કચ્ચિદ્ અજ્ઞાનસમ્મોહઃ પ્રણષ્ટસ્તે ધનઞ્જય ! ।।૭૨।।**

**શ્લોકાર્થ :** હે પાર્થ ! તે એકાગ્ર ચિત્તથી આ સાંભળ્યું કે ? હે ધનઞ્જય ! તારા અજ્ઞાનથી થએલા મોહનો નાશ થયો કે ?

**વિવેચન :** જે આ સંવાદનું શ્રવણ કરે તે સંસારમાંથી મુક્ત થઈ શુભ લોક પ્રાપ્ત કરે છે એમ પાછલા શ્લોકમાં કહ્યું, પરન્તુ અર્જુને સાક્ષાત્ ભગવાન્ પાસેથી આ સંવાદનુ શ્રવણ કર્યું છતાં તેને તેવું ફલ પ્રાપ્ત થયું નથી, કારણ કે તે પાછો યુદ્ધ કરવા પ્રવૃત થએલો છે એવી શંકા દૈંર થાય તે માટે ભગવાન્ અર્જુનને આ પ્રશ્નો કરે છે.

**અર્જુન ઉવાચ**

**નષ્ટો મોહઃ સ્મૃતિર્ લબ્ધા ત્વત્પ્રસાદાત્ મયાચ્યુત ! ।**
**સ્થિતોઽસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ ।।૭૩।।**

**શ્લોકાર્થ :** હે અચ્યુત ! આપના પ્રસાદથી મારો મોહ નાશ પામ્યો, મને સ્મૃતિ થઈ અને હું સન્દેહરહિત થયો. આપના વચન પ્રમાણે ચાલીશ.

**વિવેચન :** આત્મા અને અનાત્મા ના અવિવેકરૂપ વિપરીત જ્ઞાન અથવા મોહ નો નાશ થયો. આપના પ્રસાદથી સમ્પૂર્ણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું. પ્રકૃતિના કાર્યો અનાત્મા છે. તેમાં આત્માના અભિમાનરૂપ મોહનો નાશ થયો. ચિદ્ અને અચિદ્ સર્વ વસ્તુ પરમ પુરુષત્વરૂપથી બ્રહ્માત્મક છે, તે તેવી નથી એવી મતિરૂપ મોહ દૂર થયો. ભગવદર્થ જે નિત્ય વિગેરે કર્મો કરવામાં આવે તે ભગવાન્‌ની પ્રાપ્તિ કરવામાં ઉપાય ભૂત છે તેને બંધક માનવારૂપ સર્વ મોહનો નાશ થઈ ગયો. આત્મા પ્રાકૃત સ્વભાવરહિત કેવલ જ્ઞાતા છે એનું જ્ઞાન અને આત્મા તથા અક્ષરબ્રહ્મના ઐકયનું જ્ઞાન અને તેથી પણ ઉત્તમ અલૌકિક ગુણોના સમૂહવાળા પ્રભુ પુરુષોત્તમ છે તેમની પ્રાપ્તિ માત્ર તેમના અનુગ્રહથી જ થાય છે અને તે પુરુષોત્તમ આપ પ્રભુ વાસુદેવ છો, આ સર્વ સ્મૃતિરૂપ જ્ઞાન આપના પ્રસાદથી મને પ્રાપ્ત થયું છે. સાંખ્યના ઉપદેશથી મારા સર્વ મોહનો નાશ થયો છે. યોગના ઉપદેશથી મને સ્મૃતિની પ્રાપ્તિ થઈ છે. તેથી મારા સર્વ સન્દેહો દૂર થયા છે. હવે હું આપની આજ્ઞા પ્રમાણે ચાલીશ.

**સઞ્જય ઉવાચ**

**ઈત્યહં વાસુદેવસ્ય પાર્થસ્ય ચ મહાત્મનઃ ।**
**સંવાદમ્ ઈમમશ્રૌષમ્ અદ્‌ભુતં રોમહર્ષણમ્ ।।૭૪।।**

**શ્લોકાર્થ :** આવી રીતે વાસુદેવનો અને મહાત્મા પાર્થનો આ અદ્ભુત રૂંવાડાં ઉભાં કરે તેવો સંવાદ મેં સાંભળ્યો.

**વ્યાસપ્રસાદાત્ શ્રુતવાન્ એતદ્ ગુહ્યમ્ અહં પરમ્ ।**
**યોગં યોગેશ્વરાત્ કૃષ્ણાત્ સાક્ષાત્ કથયતઃ સ્વયમ્ ।।૭૫।।**

**શ્લોકાર્થ :** આ પરમ ગુહ્ય યોગ સાક્ષાત્ યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતે કહેતા હતા તે મેં વ્યાસના પ્રસાદથી સાંભળ્યો.

**વિવેચન :** આ સંવાદ મેં વ્યાસના પ્રસાદથી સાંભળ્યો. ભગવાન્ વાસુદેવે જેમ વિશ્વરૂપનું દર્શન કરવા અર્જુનને દિવ્ય ચક્ષુઓ આપ્યાં હતાં, તેમ વ્યાસજીએ મને દિવ્ય ચક્ષુઓ અને કર્ણ આપેલાં હોવાથી સાક્ષાત્ ભગવાન્ શ્રીકૃષ્ણ કહેતા હતા તે જ પરમ ગુહ્ય યોગ મેં સાંભળ્યો. તેથી સાક્ષાત્ શ્રીકૃષ્ણનાં જ વચનામૃતનું સઞ્જયને શ્રવણ થએલું છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા માહાત્મ્યમાં પણ ભગવાન્‌ના મુખારવિન્દમાંથી જ ભગવદ્‌ગીતા નીકળેલી છે એમ કહેલું છે, તેમજ શ્રીમદાચાર્યચરણ પણ નિબન્ધમાં ગીતાને 'શ્રીકૃષ્ણવાકયો' જ કહે છે.

**રાજન્ ! સંસ્મૃત્ય સંસ્મૃત્ય સંવાદમ્ ઈમમદ્‌ભુતમ્ ।**
**કેશવાર્જુનયોઃ પુણ્યં હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ ।।૭૬।।**

**શ્લોકાર્થ :** હે રાજન્ ! કેશવ અને અર્જુન નો આ અદ્‌ભુત પુણ્ય સંવાદ સંભારી – સંભારી હું વારંવાર હર્ષ પામું છું.

**તચ્ચ સંસ્મૃત્ય સંસ્મૃત્ય રૂપમ્ અત્યદ્‌ભુતં હરેઃ ।**
**વિસ્મયો મે મહાન્ રાજન્ ! હૃષ્યામિ ચ પુનઃ પુનઃ ।।૭૭।।**

**શ્લોકાર્થ :** હે રાજન્ ! હરિનું તે અતિશય અદ્‌ભુત રૂપ સંભારી – સંભારી મને મોટો વિસ્મય થાય

છે, અને પુનઃ – પુનઃ હર્ષ થાય છે.

**વિવેચન :** સર્વ ધર્મના આશ્રય વિભુ નિરુપમ મહિમાવાળા, સર્વ દુઃખ હરનાર, દુષ્ટનો સંહાર કરનાર હરિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું પરમ અદ્‌ભુત, અક્ષર, અનેક ધર્મના આશ્રયરૂપ કાલ અને માયા થી પણ પહોંચાય નહિ તેવું નિરુપમ મહિમાવાળું પાછળ વર્ણવ્યું તે વિશ્વરૂપ સંભારી–સંભારી હું બહુ વિસ્મય પામું છું અને હર્ષ પામું છું. આથી એમ સૈંચવ્યું છે કે દૈવી જીવોને જ આવો હર્ષ થાય છે, બીજાઓને થતો નથી.

**યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।**
**તત્ર શ્રીર્વિજયો ભૈંતિઃ ધ્રુવા નીતિર્ મતિર્ મમ ।।૭૮।।**

**શ્લોકાર્થ :** જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધર પાર્થ છે ત્યાં શ્રી, વિજય, ભૈંતિ અને અચલ નીતિ છે એવી મારી મતિ છે.

**વિવેચન :** યુદ્ધમાં કોણ જીતશે તે બાબતનો મને કોઈ પ્રકારનો સંશય નથી. જ્યાં શ્રીકૃષ્ણ અને ધનુર્ધર પાર્થ છે ત્યાં જ વિજય થવાનો.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**કૃષ્ણાર્જુનસંવાદે 'મોક્ષ–સંન્યાસયોગો'નામ**
**અષ્ટાદશોઽધ્યાયઃ ।।૧૮।।**